## :: અનુક્રમણિકા ::


| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| | | | **વીસસ્થાનકની આરાધના સિદ્ધપદ રાજા હસ્તિપાલ** | |
| ૧. | ૨૩ | ૪૧ | સિદ્ધપદની મહાકિંમત હૈયે કેમ વસે ? | ૨ |
| ૨. | ૨૩ | ૪૨ | રાજા હસ્તિપાળની કથા | ૬ |
| ૩. | ૨૩ | ૪૩ | મંત્રીને મહર્ષિનો ઉપદેશ | ૧૫ |
| ૪. | ૨૩ | ૪૪ | મંત્રીનો રાજાનો હવાલો | ૨૪ |
| ૫. | ૨૩ | ૪૪ | દાન એ સંપત્તિ પર વણિકનું દૃષ્ટાન્ત | ૨૭ |
| ૬. | ૨૩ | ૪૬ | હસ્તિપાલ રાજાને ગુરુયોગ | ૩૭ |
| ૭. | ૨૩ | ૪૭ | સિદ્ધપદની આરાધનાના પ્રકારો | ૪૮ |
| ૮. | ૨૪ | ૧ | સાધના બે પ્રકારે | ૬૧ |
| ૯. | ૨૪ | ૭ | સંયમની બે સાવધાની શી ? | ૯૭ |
| ૧૦. | ૨૪ | ૮ | સિદ્ધપદની આરાધનામાં ત્રણ પ્રકાર | ૧૦૫ |
| ૧૧. | ૨૪ | ૧૦ | સુખ સગવડ પર ધુમ પાપ કેમ ? | ૧૧૬ |
| ૧૨. | ૨૪ | ૧૨ | ધર્મનો અર્થી | ૧૩૧ |
| ૧૩. | ૨૪ | ૧૩ | આભડમંત્રીની ઉદારતા | ૧૩૭ |
| | | | **રાગદ્વેષ કરાવે કલેશ** | |
| ૧૪. | ૨૪ | ૨૦ | **અતિશય રાગસંક્લેશના ભયંકર પરિણામ** | ૧૫૧ |
| ૧૫. | ૨૪ | ૨૧ | પવિત્ર વિચારસરણીનો ઉપાય | ૧૫૭ |
| ૧૬. | ૨૪ | ૨૨ | અંતરમાં સમક્તિની પરીક્ષા | ૧૬૭ |
| ૧૭. | ૨૪ | ૨૩ | કાર્તિક શેઠને પાપાશ્રવનો ખ્યાલ | ૧૭૧ |
| ૧૮. | ૨૪ | ૨૪ | ઉપસર્ગોમાં પૂર્વની ભૂલોની અસર ભૂંસાઈ... | ૧૭૬ |
| ૧૯. | ૨૪ | ૨૬ | આયુષ્ય બે પ્રકારે | ૧૮૯ |
| ૨૦. | ૨૪ | ૨૭ | રાગના સંક્લેશમાં પીડા શી રીતે ? | ૧૯૫ |
| ૨૧. | ૨૪ | ૨૭ | માનની ભૂખમાં નિંદા અને આળનાં પાપ | ૨૦૩ |
| ૨૨. | ૨૪ | ૨૮ | ગંગદત્તની કથા | ૨૦૮ |
| ૨૩. | ૨૪ | ૩૦ | નિયમનો પ્રભાવ અનેરો છે | ૨૧૮ |
| ૨૪. | ૨૪ | ૩૨ | ધનદત્તની તત્ત્વ સમજ | ૨૩૮ |
| ૨૫. | ૨૪ | ૩૪ | શેઠની વહારે ભૂત | ૨૫૨ |
| ૨૬. | ૨૪ | ૩૫ | મનોરમાનું ધર્મ તેજ | ૨૬૨ |
| ૨૭. | ૨૪ | ૩૬ | ધનદત્તને વૈરાગ્ય | ૨૭૨ |
| ૨૮. | ૨૪ | ૩૭ | વાનરનું દૃષ્ટાન્ત | ૨૭૫ |
| ૨૯. | ૨૪ | ૧૫ | **અહિંસાદિ યમ (ધર્મ)ની પ્રાથમિક કક્ષા** | ૨૮૦ |
| ૩૦. | ૨૪ | ૧૭ | શોકમાંથી કેવી રીતે વિરાગ ? | ૨૯૦ |
| ૩૧. | ૨૪ | ૧૯ | આસ્તિક એટલે શું ? | ૩૦૬ |

# ● વીસસ્થાનકની આરાધના : સિદ્ધપદ રાજા હસ્તિપાલ ●

**માનવભવ કિંમતી કેમ :-**

**અનંત અનંત કાળથી કામ-ક્રોધ-લોભાદિ મલિન વૃત્તિઓથી ખરડાયેલ આત્માને નિર્મળ કરવા માટે આ માનવભવમાં અરિહંત આદિ વીસસ્થાનકની આરાધના એ મહાસ્નાન છે.**

આ આરાધનાથી આત્માને નવરાવ્યા કરો તેમ તેમ એ મલિન વૃત્તિઓનો મેલ દૂર થતો જાય. માનવભવમાં આ ખૂબ શકય છે, માટે માનવભવનાં જ્ઞાનીઓએ ઊંચા મૂલ્ય આંક્યાં છે માનવભવ કેમ બહુ કિંમતી ? તો કે એમાં ૨૦ સ્થાનકની આરાધના સારી રીતે થઈ શકે છે, અને એ આરાધનાથી આત્માના અનંત અનંત કાળની પાપી વૃત્તિઓના મેલ ધોવાતા જાય છે. અરિહંત સિદ્ધ પ્રવચન વગેરે પદો જ એવાં છે કે એની આરાધના કરતાં કરતાં મલિન વૃત્તિઓને દબાઈ જવું પડે.

એટલે જ આ સમજી રાખવાનું છે કે જ્યારે મલિન વૃત્તિઓ અનેક પ્રકારની છે, દા.ત. કામ-ક્રોધ-લોભનીવૃત્તિ, રાગ-દ્વેષ-મોહની વૃત્તિ, મદ-માયા-ઈર્ષ્યાનીવૃત્તિ, આહાર-વિષય-પરિગ્રહની સંજ્ઞા-લગન, હિંસા-જૂઠ-ચોરીના ભાવ, ક્ષુદ્રતા-હરામિતા-તામસીપણું... વગેરે વગેરે અનેકાનેક પ્રકારની મલિન પ્રવૃત્તિઓ આત્મામાં જામી પડી છે, તો પછી એ બધીને દૂર કરવા એ દરેકની સામે અલગ અલગ આરાધના જોઈએ; જેમકે,

કામની સામે બ્રહ્મચર્યની આરાધના,
ક્રોધની સામે ક્ષમા-મૈત્રીની આરાધના,
લોભની સામે સંતોષ અને ત્યાગવૃત્તિની આરાધના.

વીસસ્થાનકની આરાધનામાં આ સ્થાનકોનું આલંબન એવું છે કે, એ આ બધી આરાધનાને સુલભ બનાવે છે. માટે વીસસ્થાનકની આરાધના કરતાં એમાં બ્રહ્મચર્યાદિની આરાધનાને અંશે પણ સમાવવી જોઈએ, તો જ પેલી અનેકાનેક મલિનવૃત્તિઓ કપાતી ભૂંસાતી જાય. એટલે જ સમજાશે કે વીસસ્થાનકના માત્ર ૨૦-૨૦ ઉપવાસ કરી આપવાની કે વધારામાં માત્ર જાપ કાયોત્સર્ગ-ખમાસમણાં કરી આપવાથી આરાધના પૂર્ણ ન થાય. એટલામાત્રથી પેલી અનેકાનેક પ્રકારની



મલિન-તામસી વૃત્તિઓનું પ્રક્ષાલન ન થાય. એ માટે તો એ ઉપવાસાદિ આરાધના ઉપરાંત ક્ષમાદિને સુલભ કરે એવી વીસસ્થાનકના તે તે પદની અનેક પ્રકારે આરાધના જોઈએ. અરિહંતપદની આરાધનામાં જોયું છે કે તે પદના આરાધક દેવપાલ પહેલાં નોકરપણામાં, પછી રાજાપણામાં, અને અંતે મુનિપણામાં કેવી કેવી આરાધના કરી ગયા, અને કેવી કેવી મલિ વૃત્તિઓને દબાવતા ગયા ! હવે સિદ્ધપદની આરાધનાઓ વિચારવી છે.

**પહેલી આરાધના મહા મૂલ્યાંકન અને અથાગ પ્રીતિ :-**

સિદ્ધપદની આરાધનામાં પણ અરિહંતપદની આરાધનાની જેમ પાયામાં પહેલી વસ્તુ આ જોઈએ કે એ પદનું બહુ ઊંચુ મૂલ્ય હૈયે વસી જાય, અને એના પર અથાગ પ્રેમ અત્યંત પ્રીતિ ઊભરાય.

તત્ત્વાર્થ મહાશાસ્ત્રમાં જિનનામકર્મ અર્થાત્ તીર્થંકર બનાવનારું પુણ્યકર્મ બાંધવાના ઉપાયમાં અરિહંત સિદ્ધ-પ્રવચન-આચાર્ય-સ્થવિર-ઉપાધ્યાય-સાધુ એ સાત પરનાં વાત્સલ્યને પ્રેમને ઉપાય તરીકે બતાવ્યો છે.

આ વાત્સલ્ય એ એવો પાયાનો ઉપાય છે કે એમાં ઘણું ઘણું સમાય; એની પાછળ ઘણી ઘણી આરાધનાઓ ઊભી થાય. અરિહંતપદની આરાધનામાં એ જોયું છે. હવે સિદ્ધપદની આરાધનામાં પણ સિદ્ધપદનાં વાત્સલ્ય ઉપર અનેક આરાધના ઊભી કરવાની છે. અલબત આ વાત્સલ્યને જાગવા માટે સિદ્ધપદની બહું ઊંચી કિંમત મન પર વસી જવી જોઈએ. બાળકને મન માતાની બહુ ઊંચી કિંમત છે, તો માતા પર એને અથાગ પ્રેમ રહે છે. પૈસાના લોભીયાને પૈસાની બહુ કિંમત છે, તો પૈસા બહુ વહાલા લાગે છે, એના પર અથાગ પ્રીતિ રહે છે, એવી કે ભૂખ-તરસ-થાક અને ટોણાં-ટપકાં-અપમાન વેઠીને પણ પૈસા કમાઈ લેવાનું મળે તો એમાં હોંશ-ઉત્સાહ સાથે ખડે પગે રહેવાય છે.

બસ, આ વાત છે કે હૈયામાં જેનું બહુ મૂલ્ય આંક્યું એના પર અપાર પ્રેમ-પ્રીતિ-વહાલ રહે છે. આ હિસાબે અરિહંતપદની જેમ સિદ્ધપદ પર અથાગ વહાલ-વાત્સલ્ય લાવવું હોય તો એની મહા કિંમત હૈયે વસી જવી જોઈએ. ત્યારે સવાલ આ થાય કે,-

**સિદ્ધપદની મહાકિંમત હૈયે કેમ વસે ?**

એ માટે આ વિચારણા જોઈએ કે,

'અહો ! મારા જીવની કેવી દુર્દશા છે કે એને જગતના અતિ તુચ્છ તણખલાની કિંમત છે, ને અમૂલ્ય સિદ્ધપદની કિંમત નથી ! કેમ જાણે સહેજ દાંત ખોતરવા કામ લાગે એ તણખલું તો કિંમતી, ને સિદ્ધપદ શું કિંમતી ? પણ મારી

મૂઢતા કેવી કે એને આ સિદ્ધ પદના મહાલાભનું ભાન નથી કે,-'

સિદ્ધપદ અર્થાત્ સિદ્ધ અવસ્થા, એટલે કે સર્વ ઉપાધિથી રહિત અવસ્થા. કોઈ જ કર્મ નહિ, શરીર નહિ, કર્મના ઉદયની વિટંબણા નહિ, ભૂખ નહિ, તરસ નહિ, માનાપમાન નહિ, આબરૂ-બેઆબરૂ નહિ, હરખ-ખેદ નહિ, કશી તૃષ્ણા જ નહિ, કશા વિકલ્પો કરનારું મન જ નહિ, ઈષ્ટ-અનિષ્ટ વિષયોની શાતા-અશાતા ભોગવનારી ઈન્દ્રિયો જ નહિ; પછી દુઃખ શું ? વિટંબણા શી ? રિબામણ શી ? સતામણી શી ?

**જીવને સતામણી હોય તો (૧) કર્મ-શરીર-મન-ઈન્દ્રિયો વગેરે ઉપાધિઓની જ સતામણી છે, અને (૨) માન-અપમાન, શાતા-અશાતા-હરખ-ખેદ, રાગ-દ્વેષ વગેરેની લાગણીઓની સતામણ છે.**

**સિદ્ધ અવસ્થામાં એ કશી ઉપાધિ કે લાગણી જ નહિ, પછી સતામણી શી ?**

ઘેલો જીવ, જ્યાં સતામણી-વિટંબણા-રિબામણ ભારે છે ત્યાં સુક માને છે ! એની કિંમત આંકે છે ! જ્યાં એમાંનું કશું નથી એવી પરમ આનંદમય સિદ્ધ અવસ્થાને કિંમતમાં લેખતો નથી ! કેવી ઘેલછા આ ? ડહાપણથી વિચારાય તો દેખાય કે જ્યાં સુધી સિદ્ધ અવસ્થા પ્રગટ નથી થઈ ત્યાં સુધી આ ઉપાધિઓ ને લાગણીઓ મને કેવી સતાવી રહી છે ! સવારથી રાત સુધી જોઉં તો મારા જીવનમાં શું ચાલી રહ્યું છે ?

**દિવસભરની સતામણીઓ :-**

જુઓ, સવારે ઊઠ્યા ત્યાં શરીરને પાયખાને લઈ ચાલો, ઊંઘમાંથી જાગવાની દસ મિનિટ પહેલાં શરીર તો હતું જ તો કેમ એને ત્યારે હાજત નહિ ? આમાં શરીરથી અલગ આત્મતત્ત્વની સાબિતી છે. શરીર-ઉપાધિનો વળગાડ જેને છે એ આત્મા આરામમાં હતો નિદ્રામાં બેભાન હતો, તેથી એની જ્ઞાનશક્તિ આવરાઈ ગઈ હતી એટલે બીજું કશું ય જ્ઞાન નહિ, તો 'મારે સંડાસ જવું છે.' એ પણ જ્ઞાન શાનું થાય ? શરીર તો જાગતું શું, કે ઊંઘતું શું, એક સરખું છે. પછી એને ઊંઘમાં હાજત કેમ નહિ ? ને જાગ્રત અવસ્થામાં કેમ ? ખાનપાન, વિષયરંગ, પરિગ્રહની વગેરેની સંજ્ઞા ગમે ત્યારે ગમે તે ઊઠે છે એ શરીરનો ધર્મ નહિ. શરીરની ખાસિયત નહિ, કેમકે શરીર તો એનું એ ઊભું જ છે, તો ક્ષણ પહેલાં આહારસંજ્ઞા નહિ ને ક્ષણ પછી એને કેમ એ ? શરીરમાં ક્ષણમાં શો ફરક પડી ગયો ? વળી કાંક યાદ આવ્યું, કે દા.ત. ઝટ ઊઘરાણી લઈ આવવાની છે, તો આહાર-સંજ્ઞા દબાઈ જઈ પરિગ્રહસંજ્ઞા ઊઠે છે આ ફરક પડવા પાછળ શરીરમાં શો ફરક પડી ગયો હતો કે ક્ષણમાં એક સંજ્ઞા દબાઈ બીજી સંજ્ઞા જાગી ? કહેવું જ પડે કે,

**સંજ્ઞા શરીરની નહિ પણ આત્માની ખાસિયત છે.**

આત્માની ઈચ્છાનુસાર એ જાગે તેમ તેમ શરીર પાસેથી એ પ્રમાણે કામ લે છે.



બસ, આત્માને ઉપાધિઓ છે, માટે એની સતામણીઓ છે. શરીર છે માટે જાગ્યો કે એના અંગેની સતામણી શરૂ થઈ. ઊંઘમાં શરીર ઉપાધિઓ ઊભી હતી, પરંતુ એનો આત્માને મન પર ભાર નહોતો, તેથી એના અંગે સંજ્ઞાઓની સતામણી નહોતી. જાગે ત્યારે મમતા ઊભી થાય છે,- 'મારું શરીર, મારી આંખ, મારા કાન, મારા પૈસા, મારું ઘર, મારું કુટુંબ,...' વગેરે વગેરે. આ શરીર વગેરની મમતા-વળગાડ જ એવો છે કે એની સતામણીઓ શરૂ થઈ જાય છે. શરીરને પાયખાને લઈ જા, એને નવરાવ-ધોવરાવ, એને કપડાં બદલાવ, એને નાસ્તા-પાણી કરાવ. આંખને સારું સારું જોવરાવ, કાનને અણગમતું કોઈ સંભળાવે તો એના પર ગુસ્સો કર, ત્યાંથી ખસી જઈ જે કાનને મીઠું મીઠું સંભળાવતું હોય, એની પાસે વધુ બેસ...'

આ બધું શું છે ? શરીર, આંખ, કાન વગેરે ઉપાધિઓ આત્માને સતાવે છે. જુઓ આંધળાને આંખ નથી, તો આંખ અંગેની એને કશી સતામણી નથી. એને કપડું ધોળું આપો કે સારા રંગવાળું આપો, પાણી પિત્તળના ગ્લાસમાં આપો કે સોનાના ગ્લાસમાં આપો, ચમકતા પવાલામાં આપો કે સાવ ઝાંખા પવાલામાં આપો, આંધળાને કશી સતામણી નથી, કશા એના પર રાગ-દ્વેષ-કરવાના હોતા નથી. પાણી પી લીધું, પત્યું. આંખની ઉપાધિવાળો આ રાગ-દ્વેષથી બચે ? ના.

**ભૂતના વળગાડ જેવી ઉપાધિ જેટલી વધારે એટલી જીવને સતામણી વધુ.**

જીવ જાગ્યો ત્યારથી ઊંઘે નહિ ત્યાં સુધી જપે નહિ; જનમ્યો ત્યારથી મરે નહિ ત્યાં સુધી જપે નહિ જેમ ભૂતનો વળગાડ જ્યાં સુધી, ત્યાં સુધી એ જીવને જપવા દે નહિ; એમ આ ભૂત જેવી કાયા ઈન્દ્રિયો, કુટુંબ, કંચન, ઘર-દુકાન, માલ-સરસામાન વગેરે ઉપાધિઓ જીવને સતાવ્યા જ કરે છે. છતાં ખૂબી કેવી છે કે અજ્ઞાન મૂઢ જીવને એ સતામણીઓ સતામણીરૂપ લાગતી નથી ! વહાલી લાગે છે ! કામાધ પતિની કેવી દુર્દશા હોય છે ? પત્ની એને વારેવારે 'આ કરો, તે કરો, આ લાવો, તે લાવો,'-એમ સતાવ્યા કરે પરંતુ એ લંપટને કશું સતામણીરૂપ લાગતું જ નથી, વહાલું લાગે છે. મનને થાય છે 'વાહ મારી પત્નીનું કામ; એનો કેટલો બધો પ્રેમ ! એને ગમતું એ મને ગમતું.' એમ માની હોંશે હોંશે એ કામ ઉપાડી લે છે. પાડોશીને એવી સતામણી દેખાય કે આની પત્ની આને ખોટી સતાવી રહી છે, પરંતુ આ મૂઢ એમ માનવા તૈયાર નથી.

એમ જ્ઞાનીને દેખાય છે કે આ ઉપાધિઓ જીવને સતાવી રહી છે, પરંતુ મૂઢ-મૂર્ખ જીવ એને સતામણીરૂપે માનવા તૈયાર નથી. બાકી પેલા આંધળાના દૃષ્ટાન્તથી સ્પષ્ટ છે કે એને આંખની ઉપાધિ નથી, તો એને એવી સતામણી નથી

કે 'લાલ લેવા જા, પીળું પડતું મૂકજે... જો આ લાલ આવ્યું રાજી રાજી થા; જો આ કાળું આવ્યું, નારાજ થા.' ના, આ કશો વલોપાત નહિ; શાન્તિ રહે છે.

**એમ, ઉપાધિ ઓછી એટલી સતામણી વલોપાત ઓછો સિદ્ધ ભગવાનને કશી સતામણી નહિ. ઉપાધિઓના લીધે જ સંસારી જીવની દુર્દશાનો પાર નથી.**

એટલી બધી કાયા-માયાની ઉપાધિઓનો એને વળગાડ છે કે જાગીને જપે નહિ ત્યાં સુધી એને એ ઉપાધિઓની સતામણી છે. દિવસભરમાં વિચારી જુઓ કે કાયા-માયા, ઘર-દુકાન, મીલ-સામાના, દીકરા-દીકરી, પત્ની-પત્નીના સગા, વગેરે વગેરે કેટલાની વેઠ જીવ કરે છે ? કેટલા એ જીવને સતાવ્યા જ કરે છે ? એક કાયાને નવરાવ્યા પછી કેશ ને તેલ અને પટિયાં, કપડાં, અમુક જાતના મોજાં ને બુટ,... કેટલી વેઠ ? ઘરની એકેક ચીજ કેટલી સેવા માગે ? એનાથી સુખ મળે છે એ મામુલી અને અલ્પ ક્ષણનું, પણ જીવને એની સેવા-સંભાળની સતામણી ભારે અને લાંબો સમય રહે છે.

કહો તો ખરા, માલ-મિલકત-પરિવારનાં સુખ માનતા પહેલાં આવી ઉપાધિઓનો અને એની સેવાનો કંટાળો નથી આવતો ? ક્ષણિક વિષયસુખ કે અભિમાનના સુખ ખાતર જ દિવસનો અને જિંદગીનો મોટો ભાગ ઉપાધિઓની સેવા-સંભાળમાં ને ? કંટાળો ન આવે ?

એમ, જીવને માથે હરખ-ખેદ, ભય-શોક, રાગ-દ્વેષ, ઈર્ષ્યા-અસૂર્યા, હાસ્ય-દીનતા, માન-અપમાન, વગેરે લાગણીઓનો મારો કેટલો બધો રહે છે ? એક જ દિવસની આની નોંધ કરતા રહીને સરવૈયું કાઢો, ને પછી એ સરવૈયા તરફ નજર નાખો તો ચોંકી ઊઠશો કે 'અધધધ મારા બાપ ! આટલી બધી લાગણીઓની મને સતામણી ?' ઘડી ઘડીમાં અને ક્ષણ-ક્ષણમાં આ ભાવો ફરે છે; પણ મૂઢ જીવને આની સતામણી જ લાગતી નથી. તેથી એ ભાવો એ લાગણીઓ વિના-સંકોચ કર્યે જાય છે. પરિણામ શું ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"** **વર્ષ-૨૩,અંક-૪૨,તા.૬-૭-૧૯૭૫**

**ઉપાધિમય લાગણીથી સંસારીને અહીં ય દુઃખી થવાનું; ને પરલોકે ભવચક્રમાં દુઃખી હાલતે ભટકતા રહેવાનું.**

**સિદ્ધને અનંત સુખ કેમ ?**

સિદ્ધ ભગવાને કશી ઉપાધિ જ રાખી નથી, કશી લાગણી જ કરવાનું રાખ્યું નથી; તેથી એમને એની કશી સતામણી નથી માટે એમને અખૂટ-અતૂટ અનંત



આનંદમાં ભંડાર ભર્યા છે.

વીસસ્થાનકમાંનાં બીજા સિદ્ધપદની આરાધના કરવી હોય, તો પહેલાં સિદ્ધનું આ સ્વરૂપ સમજો, ધ્યાન પર લો, એની સામે જાતની એ ઉપાધિઓ અને લાઘણીઓથી થતી વિટંબણા સતામણી ઓળખો, એની પાછળ કરતા હિંસા-જુઠ-માયા-અનીતિ વગેરે ભરચક પાપો વિચારો, અને એ ઉપાધિઓ, લાગણીઓ તથા હિંસાદિ પાપોથી ભડકો. એની સામે નિરુપાધિક, શાંત-પ્રશાંત નિષ્પાપ સિદ્ધપદની આરાધનાનો આટલો મૂળ પાયો એ પાયો રચાય પછી એના પર સિદ્ધપદની વિવિધ આરાધના કરાય.

**રાજા હસ્તિપાળની કથા**

સિદ્ધપદની આરાધના ભવ્ય રીતે અનેક પ્રકારે કરાય તો એ તીર્થંકર પદ પમાડી સિદ્ધ બનાવે છે. એના પર હસ્તિપાલ રાજાની નાની કથા આવે છે.

આ ભરતક્ષેત્રમાં સાકેતપુર પાટણ નામનું નગર છે. રાજધાનીનું નગર હોઈ એ ઈન્દ્રપુરી જેવું મનોહર છે, અને અનેક બજારો, હવેલીઓ કૂવા-તળાવ-ઉદ્યાનો ક્રીડાસ્થાનો વગેરેથી સમૃદ્ધ છે. ત્યાં રાજા હસ્તિપાલ નામનો રાજા રાજ્ય કરે છે. રાજા ઈન્દ્ર જેવા ઐશ્વર્યવાળો છે. સૂર્ય જેવો પ્રતાપી છે, અને સમુદ્રની જેમ ગુણરત્નોનો રત્નાકર છે. પર દુઃખભંજન હોવાથી રાજા લોકપ્રિય છે.

**લોકપ્રિયતાની આ ચાવી,-પર દુઃખભંજન બનો.**

કારણ એ છે, કે જીવમાત્રને દુઃખ ગમતું નથી. તેથી એનું દુઃખ જો કોઈ નિવારે, તો એ દુઃખ નિવારનારો વહાલો હેમ લાગે એમાં નવાઈ નથી. મુસાફરી કરતાં કાંટો વાગ્યો, પોતાના હાથે એ કાંટો નીકળતો નથી ને જો કોઈ રસ્તે જતો પ્રવાસી એ કાંટો કાઢી આપે તો કેવો વહાલો લાગે છે એ દેખાય છે ને ? એનો ઉપકાર માનવાનું મન થાય છે, 'ભાઈ ! સારું કર્યું તમે મારો કાંટો કાઢી આપ્યો,' એમ એનો ગુણ ગવાય છે. તેમજ અવસરે 'લ્યો આવો ને આ નાસ્તો છે, આપણે જરા નાસ્તો કરીએ.' એમ કરી પોતાની પાસેનું ભાતું ખવડાવી ઉપકારનો બદલો વાળવાનું મન થાય છે. શો બહુ મોટો ઉપકાર એણે કરી નાખ્યો છે ? પરંતુ રસ્તા વચ્ચે પગમાં કાંટાને લીધે અટકી પડાયું હતું. તે કટોકટી હતી. એ આણે કાંટો હટાવી પ્રવાસ ખુલ્લો કરી આપ્યો એ સમજુને મન કટોકટી પરનો ઉપકાર મહાન લાગે છે.

**માતાપિતાનો ઉપકાર :-**

આજની નવી પ્રજા જો માતાપિતાના ઉપકાર આ દષ્ટિથી જુએ કે એમણે મારી નાની વયમાં જે ઉપકાર કર્યા છે,-ખવરાવવાના, પીવરાવવાના, નવરાવવા-ધોવરાવવાના, કપડુલતું વગેરે આપવાના, એ ઉપકાર મારી કટોકટી સમયના હતા.

કેમકે એમના વિના એ બધાં કામ અટકી પડેલા હતાં. મારી જાતે કશું ગજું નહોતું. એ સ્થિતિમાં માતાપિતાએ બધી વાતે સારસંભાળ કરેલી. હું ભૂખ્યો થયો, તરસ્યો થયો, ટાઢ વાઈ, પેટમાં દુખ્યું, પડી ગયો, વગેરે વગેરે કેટલાય દુઃખ રોજના ઊભા થયેલાં, એ એકે એક દુઃખ માતાપિતાએ ખવરાવી, પીવરાવી, ઓઢાડી, દવા-આરામ આપી...નિવાર્યું. મારી જાતે તો એમાંનું કશું દુઃખ નિવારવાનું ગજું જ નહોતું. એવી કટોકટીમાં એમણે મારી એ નાની વયમાં ઢગલાબંધ દુઃખો ટાળ્યા ત્યારે, એક જો કાંટો કાઢી આપનારનો ઉપકાર મનાય છે, રસ્તે ભૂખ્યા થવા પાસે કશું નથી, ને કોઈએ ખવરાવ્યું, તો એનો ઉપકાર મનાય છે. તો પછી મારી કટોકટીમાં અનેક વાતે ઢગલાબંધ દુઃખો ટાળનારા માતાપિતાના કેટલા ઉપકાર મારે માનવા જોઈએ ?' આ જો વિચારાય, યાદ કરાય, તો માતાપિતા પરમ ઉપકારી લાગે, પરમપ્રિય લાગે.

આટલું જ છે ? ના, એથી ય વિશેષ આપણે બાલ્ય વયે સાવ બુધ્ધુ. જડભરત જેવા તે માતાપિતા આપણે કેટલીય વાતનાં શિક્ષણ આપતા ગયા, હોશિયાર બનાવતા ગયા, એ ઉપકાર કેટલો બધો ! એથીય વિશેષ એ જુઓ કે આપણે નાની વયમાં સંસ્કાર વિનાના તે એમણે આપણને વિનય, જીવદયા, સત્યા, અ-સ્તેય (ચોરી ત્યાગ) ભ્રાતૃપ્રેમ, પરોપકાર, સેવા, ગંભીરતા, લાલચ, ત્યાગ વગેરે વગેરે કેટલાય ગુણોના સંસ્કાર આપ્યા, એ તો વળી કેટલો બધો મહાન ઉપકાર !

વિચારી જુઓ, માતા પિતાએ એકાદ પણ સંસ્કાર ન આપ્યો હોત, દા.ત. સત્ય ન શિખવાડ્યું હોત, તો આપણે કેવા જૂઠાબોલા થાત ? અ-સ્તેયનો પાઠ ભણાવ્યો હોત નહિ. તો આપણે કેવા ચોટ્ટા બેઈમાન અને અનીતિખોર થાત ? ત્યારે પ્રામાણિક નીતિમાન ઈમાનદાર બનાવી એમણે કેવો મહાન ઉપકાર કર્યો ?

એક ભાઈ વાત કરતા હતા કે છોકરાને બી.કોમ. બનાવી એક મિલમાં નોકરીએ લગાડ્યો. છોકરાને શીખવી રાખ્યું કે મિલની એક કાગળની કરચ કે પેન્સિલનો ટૂકડો પણ ઘરે લાવીશ નહિ આપણે અન્યાયનું ન ખપે. છોકરો વિનયી આજ્ઞાંકિત, તે એ પ્રમાણે બરાબર પાલન કરવા લાગ્યો.

એક વાર મેનેજર પૂછે, 'આ બીજાઓ મિલમાંથી કાગળો, પેન્સિલો વગેરે લઈ જાય છે, ને તમે કેમ નથી લઈ જતા ?'

આ કહે, 'મારા ફાધરે ના પાડી છે મિલની સ્ટેશનરી મિલના કામ માટે આપવામાં આવે છે. તે ઘરે કેમ લઈ જવાય ?'

મેનેજરના મન ઉપર સારી છાપ પડી ગઈ. બીજા એક પ્રસંગે આ છોકરાએ મિલના કામે બહારગામ ફરી આવી પ્રવાસખર્ચનો આંકડો મૂક્યો, એ બહુ નાનો.



અને મિલના બીજા કારકુને એવા જ પ્રવાસમાં પોતાના ખર્ચનો આંકડો મૂકેલો તે મોટી રકમનો.

મેનેજર આને કહે, 'આ તમારા આંકડાને મારે બીજાઓના આંકડા સાથે શેઠની આગળ કેવી રીતે રજુ કરવો ? એમાં બીજાઓનું કેવું દેખાય ?'

આ યુવાન કહે, 'પણ મારાથી ખોટો આંકડો કેમ બનાવાય ? અનીતિનું મારાથી ન લેવાય.'

મેનેજરે આની આવી આવી પ્રામાણિકતા જોઈ એને સ્ટોર ખાતામાં ઊંચો હોદ્દો અપાવ્યો.

ભાઈની પોતાના બી.કોમ. છોકરાની આ વાત પર વિચાર કરો કે 'વાહ ! આ જીવનમાં પણ નીતિ-ઈમાનદારી-પ્રામાણિકતા કેવી ફળે છે ! માતાપિતાનું સંતાનને સંસકારદાન એ એના પર કેટલો મહાન ઉપકાર કરે છે !'

વાત આ છે કે આજના છોકરા જો આ વિચારે કે 'પોતાની કટોકટીની નાની અબુઝ વયમાં પોતાને માતાપિતાએ આવા નીતિ-સત્ય-દયા-પ્રભુભક્તિ-ગુરુસેવા વગેરેના સુસંસ્કારો આપી આપીને કેટકેટલા અસીમ ઉપકાર કર્યા છે !' -આવું જો છોકરા વિચારે, તો એ માતાપિતા પ્રત્યે બેવફા ન નીવડે, બાયડીના મોહમાં માતાપિતાને છેહ દઈ જુદા રહેવાનું ન કરે; કે ભેગા રહેતાં પણ માતાપિતાને કલેશ ન કરાવે. ઊલટું એમ જ વિચારે કે,-

**માતાપિતા પ્રત્યે સુપુત્રની વિચારણા :-**

'અહો ! મારા માતાપિતાએ મારી કટોકટીની વયમાં મારાં રોજ ને રોજ ભૂખ-તરસ-ટાઢ-ગરમી-રોગ-અકસ્મામત વગેરેનાં કેટકેટલાં દુઃખ ટાળ્યાં ! વળી મને કેટલીય વાતે શિક્ષણ દીધાં ! એથી ય કિંમતી એવા કેવા ગુણના સંસ્કાર મારામાં નાખ્યા ! મારા પર આવા માતાપિતાના ઉપકાર અથાગ-અપરંપાર છે. એમનો બદલો તો શે વાળી શકું ? પરંતુ કમમાં કમ એમને છેહ ન દઉં, એમને કલેશ ન કરાવું, એમને ત્રાસ ન આપું, એમને અપમાન-તિરસ્કાર ન કરું; કિન્તુ એમને હું કેવી રીતે શાતા આપું ! શાંતિ આપું ! કયાં કયાં એમનો વિનય, આમન્યાભાવ, સેવા-ભક્તિ-બહુમાન કરું !'

આવી વારંવાર વિચારણામાં રહેતો છોકરો માતા-પિતાને ભરપૂર શાતા-શાંતિ આપવા સાથે એમની કેવી કેવી સેવા-ભક્તિ કરે ? લોકમાં-આડોશ પાડોશમાં માતાપિતાની કેવી પ્રશંસા કરે ? આ કૃતજ્ઞતા છે, ને કૃતજ્ઞતા એ પાયાનો ગુણ છે. જેનામાં કૃતજ્ઞતા નહિ, એ હરામી.

આજે આ માતાપિતાના ઉપકારને સમજવાના પાઠ અને કૃતજ્ઞતા દાખવવાના

પાઠ કોણ ભણાવે છે ? નિશાળમાં કોલેજમાં આના પાઠ ખરા ? જો એ નહિ, તો બીજી વાતનાં શિક્ષણ કેવાં ઝેરી નીવડે ? કારણ ? એ શિક્ષણ પામીને ડીગ્રીધર થઈ સારું કમાતો થવાનો, સારાં માનપાન મેળવવાનો, ને હૈયે માતાપિતાના અથાગ ઉપકાર અને કૃતજ્ઞતા વસેલા નથી, એટલે અભિમાનમાં છકી જશે, પૈસાનો લાલચુ અને પત્નીનો લંપટ બનશે. પછી માતાપિતા એને કચકચિયા જુનવાણી, અને પોતાના યથેચ્છ વિલાસમાં આડે આવનારા લાગી, એમને દુશ્મન દેખશે ! એમને છેહ દેનારો બોલો આ બધું શાતા ઉપર ? શિક્ષણે જ એને પગભર કર્યો એના ઉપર ને ? તો એ માતાપિતાના ઉપકાર સમજવાના પાઠ વિનાનું શિક્ષણ ઝેરી નીવડ્યું કે નહિ ? શિક્ષણ ઝેરી કદાચ ન કહો, પણ એનું પરિણામ તો ઝેરી ખરું કે નહિ ?

વાત આ ચાલતી હતી કે એક કાંટો કાઢનાર પણ ઉપકારી લાગે છે વહાલોહેમ લાગે છે. એનો અર્થ એ, કે જીવને દુઃખ અપ્રિય છે, તેથી એનું દુઃખ ટળે એ ગમે છે, દુઃખ ટાળનારો પ્રિય લાગે છે તો પછી પર દુઃખભંજન એટલે કે બીજાનાં દુઃખ ભાંગનારો એ એમને કેવો પ્રિય લાગે ? લોકમાં કેવો પ્રિય બને ?

રાજા હસ્તિપાલ પર દુઃખભંજન હોવાથી બહુ લોકપ્રિય હતો. ઉપરાંત ન્યાયપ્રિય પણ હતો એથી કોઈની શરમમાં કે પોતે કોઈ મદ યા લોભમાં તણાતો નહિ. માણસ ન્યાય ગુમાવી અન્યાય તરફ કેમ તણાય છે ?

**અન્યાયના કારણ :-**

માણસ કોઈની શરમમાં પડે છે, દાક્ષિણ્યમાં તણાય છે, એટલે અન્યાય કરવાનું મન થાય છે. માતાને એક દીકરો સારું કમાતો હોય અગર પોતાની સેવા સારી કરતો હોય, તો એવા પ્રસંગે એ એનું તાણી બીજા દીકરાને અન્યાય કરવા પ્રેરાય છે. વંકચૂલ ચોર પૂર્વે રાજકુમાર હતાં, પરંતુ એના બાપે નાના દીકરાનો પક્ષ કરીને આને અન્યાય કર્યો તેથી આ ત્યાંથી નીકળી જઈ ચોર-બહારવટિયો બનેલો. અન્યાય કરનારને વિચાર નથી હોતો કે આનું પરિણામ શું આવશે ? અન્યાયથી એક તો પોતાનું દિલ કાળું કરવાનું, ને બીજું સામાને કષાયમાં કે દુર્ધ્યાનમાં ચડાવી પાપ રસ્તે ધકેલવાનું બને છે. ત્યારે માણસ પોતાની કોઈ સ્વાર્થ-લાલચ કોઈના તરફથી પોષાય છે, અથવા કોઈના પર ખૂબ પ્રેમ છે, માટે સહેજે એનો પક્ષ કરી બીજાની પ્રત્યે અન્યાય કરવા પ્રેરાય છે.

એટલે ન્યાયી બનવું હોય એણે સ્વાર્થની માયા, લાલચ કે આંધળા પ્રેમમાં ન તણાઈ જવાય, એ ખાસ ધ્યાન રાખવું પડે સ્વાર્થની માયા એ જ મોટું પાપ છે, એના પર વળી અન્યાય કરવો એ બીજું મોટું પાપ વહોરવાનું થાય. સમજવાની જરૂર છે કે ગમે તેટલી સ્વાર્થની માયા-તૃષ્ણા કરાય પરંતુ સરવાળે મીંડું છે; કેમકે



બધી ય સ્વાર્થની સંપત્તિ કે માનપાન મરતાં અહીંની અહીં મૂકીને જ જવાનું છે; પરલોકમાં એ કાંઈ ઉપયોગમાં ન આવે. અરે ! અહીં પણ કર્મ વિફર્યે રવાના થાય ! સીતાજી રામની સાથે વનવાસ ભોગવી અયોધ્યામાં આવ્યા, ત્યારે રાજ્યસંપત્તિ અને માનસન્માન સારા ઊંચા હતા, પરંતુ એ આ જીવનમાં પણ કયાં ટકયા ? એમની વનમાં હકાલપટ્ટી થઈ ત્યારે એ બધું જ ગયું ને ? જો પેલા સંપત્તિ-સન્માનના સ્વાર્થની ભારે માયા-મમતા હૈયે રાખી હોત, તો એ જતાં કેટલો કલેશ-કલ્પાંત કરવો પડત ? કદાચ હૃદયઘાતથી યા આપઘાતથી મૃત્યુ થાત. દુનિયામાં આવું બનતું કેટલે ય ઠેકાણે દેખાય છે, પરંતુ સીતાજીએ એવું કશું ન કર્યું. કારણ કે એમને એવી સ્વાર્થમાયા નહોતી.

માટે જ જ્ઞાની ભગવંતો કહે છે 'સંપત્તિમાં છકી ન જાઓ સંપત્તિ-સન્માનના ભુખારવા ન બનો. નહિતર એની ખાતર જરૂર લાગી તો અન્યાય કરવાનું મન થશે.' આજના કાળે આ દેખાય છે ને કે સંપત્તિના મોહમાં કેટલી અનીતિ-અન્યાય ચાલે છે ! અને એમાં હૃદય કેટલું કાળું કરવું પડે છે !

**અન્યાય કરાવનાર એક સંપત્તિમોહ અને બીજું તત્ત્વ વિષયલંપટતા છે.**

સારું સારું ખાવાપીવાની, ને સારું સારું ભોગવવાની લંપટતા હોય છે તો એની પાછળ પણ અનીતિ અન્યાય થાય છે. એ લંપટતાની લોથમાં ઘરનો વડેરો પોતો ઘી-તરબોળ વગેરે ભોજન કરે, ને કુટુંબને સામાન્ય ભોજન કરાવે; એવું બીજા ભોગવટામાં ય કરે; તો આ અન્યાય નથી ? ત્યાં પછી નાનડિયાને શું લાગે ? પરંતુ પેલા વિષયલંપટ વડેરાને એ કયાં જોવું છે ? ત્યારે આ અન્યાય સમજનાર શાણો વડેરો તો એથી બચવા પોતે સામાન્ય લે, અને આશ્રિતોને વિશેષ આપે, તો એ કેવો સરસ આદર-પ્રેમ-આબરૂ પામે ? જીવનમાં શું કમાઈ લેવા જેવું ? ગોઝારા વિષયોની લંપટતા અને અન્યાય ? કે વિષયવૈરાગ્ય-વિષયત્યાગ અને ન્યાય સંપન્નતા ? કમાવા જેવું શું ?

રાજા હસ્તિપાળ ન્યાયપ્રિય હતો. ન્યાયને સાચવવા માટે અન્યાયોપાર્જિત સુખ-સગવડ-સન્માન અને ગમતા નહિ કેમકે એવી એને વિષયલંપટતા નહિ, કે સ્વાર્થની માયા નહિ. એ સિદ્ધપદના આરાધક બની તીર્થંકરપણાનું પુણ્ય ઉપાર્જવાના છે, એની આ ભૂમિકા છે કે પરદુઃખભંજન, ન્યાયપ્રિયતા અને સ્વાર્થ-અંકુશ મુકવો, વિષયલંપટતાને ડામવી, દબાવવી.

**મંત્રી ચૈત્ર ચંપામાં : અતિભવ્ય મંદિર :-**

રાજા હસ્તિપાલને ચૈત્ર નામે મંત્રી હતો. એ બહુ શાણો અને ધાર્મિક વૃત્તિવાળો હતો. એક વાર એને રાજ્યના કામે ચંપા નગરીમાં જવાનું થયું. ત્યારે

ચંપાનગરીની જાહોજલાલી ભારે હતી. નગરીમાં મોટી હવેલીઓ, મોટા બજારો, વગેરે સાથે અનેક દેવમંદિરો હતા. એમાં વચ્ચે ત્રૈલોકય સુંદર નામે ત્રિભુવનપતિ શ્રી વાસુપૂજ્ય સ્વામીનો એક ભવ્ય જિનપ્રસાદ હતો. મંત્રી નગરની શોભા જોતો જોતો આ ભવ્ય મંદિર જોઈ લલચાયો, અને પ્રભુનાં દર્શન-વંદનાર્થે અંદર પેઠો. અક્કલ કામ ન કરે એવી અંદરની રોનક જોઈ રંગમંડપ-ગૂઢમંડપ-તોરણો-ભવ્ય ઘુમ્મટો-થાંભલા વગેરે પર કોતરણીઓ, એમાં રત્નજડિત શોભા, આરસની દિવાલો પર પ્રભુનાં કલ્યાણકોના તથા બીજા જીવન-પ્રસંગોના કોતરેલાં ચિત્રો, એ વળી વિવિધ રંગો સુવર્ણ અને મણિઓથી ઝાકઝમાળ ઝળકી રહેલા એવું જ ઘુમ્મટોમાં કળાત્મક ચિત્રકામ. જાણે ઈન્દ્રનો દિવ્ય આવાસ જોઈ લ્યો ! અરે ! એથી ય વિશેષ રોનકવાળો; ઈન્દ્રનો આવાસ આકર્ષણ કરાવી નજર ઠેરાવે, પણ તે રાગ-મોહને ઉત્તેજિત કરનારો. ત્યારે અહીં તો રોનક જોતાં અને ખૂબ ભાવ ઝરતાં ચિત્રો જોતાં વૈરાગ્ય-ધર્મભાવના અને તીર્થંકર ભગવાન પર બહુમાન ઊછળે, દિલ ગદ્ગદ થઈ જાય; મોહમૂઢ પણ જીવ મોહથી ઊભગે; યોગદૃષ્ટિ પણ સમ્યગ્દૃષ્ટિ બની જાય.

તીર્થંકર ભગવાન અને મહાપુરુષોનાં અત્યંત આકર્ષક અને ભાવવાહી જીવંતશા ચિત્રોની બલિહારી છે. એનું દર્શન હૃદયમાં સંવેગ-વૈરાગ્ય અને પ્રભુભક્તિના ભાવ ઊછળતા કરી દે છે. એવું એકલી કોરી કોરી આરસની દિવાલો કે કોતરણીવાળા થાંભલા ઘુમટો નથી કરી શકતા. કેટલાક કહે છે,-

**પ્ર.**- શું આરસ પર ચિત્રકામ ? એથી તો આરસ ઢંકાઈ જાય ?

**ઉ.**- આવું કહેનારને એ ખબર નથી કે પહેલું તો એ સમજો કે આરસ જોવા માટે નહિ, પણ ટકાવ માટે છે. તો એના પર ભવ્ય સોનેરી મણિજડિત ચિત્રકામ હોય તેથી કાંઈ એ ઓછો ટકતો નથી. ત્યારે એવા ભવ્ય ચિત્રકામથી ભવ્યતા કેઈ ગુણ વધી જાય છે. એટલું ખાસ ધ્યાનમાં રહે કે,-

**જિનમંદિરો વગેરે ધર્મસ્થાનો કોરી કળાનાં પ્રદર્શન માટે નથી કિન્તુ શુભ ભાવોને ઉલ્લસિત કરવા માટે છે.**

**ચિત્રકામ અને કોરુ કલાત્મક કામ વચ્ચે તફાવત :-**

એવા સંવેગ-વૈરાગ્ય-જિનભક્તિ-બહુમાન વગેરે શુભ ભાવોને જગાવવાનું ને ઊછળતા કરવાનું કામ જે ભવ્ય રોનકદાર ચિત્રકામ કરી શકે એ એકલી કોતરણી વગેરેનું કળાત્મક કામ ન કરી શકે. દા.ત. જુઓને કે સંગમ દેવતાના રૌદ્ર ભયાનક વિકરાળ ચહેરા અને ક્રૂર ઉપસર્ગની સામે ભગવાન મહાવીર સ્વામીની પ્રશાંતમુદ્રા, તથા અડોલ ધર્મધ્યાનને ચિત્રમાં ઊતાર્યા હોય તો એ જોતાં પ્રભુ ઉપર આફરીન થઈ જવાનું થાય કે નહિ ? ઉપશમભાવ સૌમ્યતા અને ક્ષમાભાવના મનોરથ જાગે



ને ? એવું એવા ચિત્રકામ વિનાના કોરા કળાત્મક કામથી શે જાગે ?

એમ, એકબાજુ શાન્તિનાથ ભગવાનના ચક્રવર્તીપણાનો રાજ્યસભામાં દરબારી ઠાઠ અને બીજી બાજુ એમના મુનિજીવનનો ત્યાગમય ધ્યાનમય અને દેવાંગનાઓના ગીત-નૃત્યાદિના ઉપસર્ગ સામે પ્રચંડ વૈરાગ્ય તથા ઉદાસીનભાવનો ઠાઠ ચિત્રમાં ઉતાર્યો હોય, તો એ જે શુભ અધ્યવસાય અને સંવેગ-વૈરાગ્યના ભાવ જગાવે એ કોરું કળાત્મક કામ શી રીતે જગાવી શકે ?

એમ એક બાજુ શાલિભદ્ર અને ધન્નાના ૩૨ અપ્સરાની સ્ત્રીઓથી અનેક પ્રકારના મેવા મિઠાઈ સરબતો વગેરેથી કરાતી ભક્તિ ચિત્રમાં ઉપસાવી હોય, અને બીજી બાજુ એમના મુનિજીવનમાં ઘોર ત્યાગ-તપસ્યાથી સુકાબંધ હાડપિંજરશા થઈ ગયેલ શરીર ચિત્રમાં ઉતર્યા હોય, તો એ જે ભાવોલ્લાસ ઊછળતા કરે એ કોરા કળાત્મક ઘુમટ કે ઉપાશ્રયની કોરી દિવાલો યા સિલિંગ શી રીતે કરી શકે ?

ચિત્ર કેટલું સચોટ કામ કરે છે એનો એક પ્રસંગ કહું. એક સ્થાને ગુરુમૂર્તિ-પ્રતિષ્ઠાના ઓચ્છવની રચનાઓમાં એક રચના ખંધકમુનિને થયેલ ઉપસર્ગની હતી. આર્ટિસ્ટે અમારા માર્ગદર્શન પ્રમાણે બરાબર આબેહુબ રચના કરેલી. ખંધકમુનિની રાજાના હુકમથી આવેલા મારાઓ ચામડી ઉતારી રહ્યા છે. મારા ભારે બિહામણા મોંઢાના અને લઠ્ઠેબાજ શ્યામ શરીરવાળા બનાવેલા ! હાથમાં ખંજર લઈ મુનિની ચામડી ઉખેડી રહ્યા છે. ચામડી થોડી ઉઝરડેલી હાથ પગ છાતી પર લટકી રહી છે. એ પણ લોહીયાળ. શરીર પરથી પણ લોહી ટપકી રહ્યું છે. આ બધાની વચ્ચે ખંધક મહર્ષિના મુખારવિંદ ઉપર ભારે પ્રશાંતતા દેખાઈ રહી છે. આ રચના અને બીજી રચનાઓનાં દર્શનાર્થે લોકો ખૂબ ઉમટેલા. એ જોઈ જોઈ લોકો ગદ્ગદ થઈ જતાં,- 'અહો ! મહાત્માની આવી ભયંકર નરકશી પીડા છતાં કેવી ગજબની સમતા અને સહિષ્ણુતા !' એક ભાઈ વાત કરે કે મને તો આ જોઈને ઘરે ગયો અને તાવ આવી ગયો, એ વિચારથી કે 'હાય બાપ ! આવું શી રીતે સહન થાય ? આત્માએ કેવી રીતે સહન કર્યું !'

ચિત્રનો આ મહિમા છે. આજે દુનિયા ચિત્રમય બની ગઈ છે. જ્યાં જુઓ ત્યાં ચિત્ર. જાહેરાતોમાં ચિત્ર, બાળકની ચોપડીઓમાં ચિત્ર, માલના બારદાન (રેપર) પર ચિત્ર, છાપાઓ-સામાયિકો ચિત્રભર્યા; સિનેમા એટલે તો ચિત્રપટ જ. આમાં જ્યાં લોકમાનસ ચિત્રો પર આવર્જિત હોય ત્યાં ચિત્રો વિનાની દિવાલો, ઘુમટ કે પાઠશાળાના ધાર્મિક પુસ્તક આજના માનસને શી રીતે આવર્જી શકે ?

ચિત્રોનો પ્રચાર આજનો નથી. ભગવાન પાર્શ્વકુમાર માટે આવે છે ને કે એકવાર ઉદ્યાનમાં ગયા ત્યાં વિશ્રાન્તિ ઘર હતું એમાં નેમનાથ પ્રભુ રાજુલને

પરણવા ગયેલા તે ઠેઠ રાજુલની હવેલી નજીકથી રથ પાછો વળાવી લે છે, એનું ચિત્ર હતું. એ જોઈ પાર્શ્વકુમાર ચારિત્ર લેવાનું નક્કી કરે છે, અને ત્યારથી વર્ષભર વર્ષીદાન દેતા રહી વર્ષના અંતે સંસાર ત્યજી દઈ વ્રત-ચારિત્ર લે છે. બોલો છો ને,

**'નેમી-રાજી ચિત્ર-વિરાજી, વિલોકિત વ્રત લીએ.'**

કેટલાક આમાં 'ચિત્ત વિરાજી' બોલે છે, કદાચ એમ સમજી બોલતા હશે કે 'વિરાજી' એટલે વિરાગી. પણ એ અર્થ નથી, 'વિરાજી' એટલે વિરાજિત, બિરાજતા. તે ચિત્તમાં નહિ, પણ ચિત્રમાં બિરાજમાન એવા નેમિનાથ-રાજીમતી. એ ચિત્ર વિલોકિત એટલે પાર્શ્વકુમાર વડે જોવાયેલું અને તેથી પ્રભુ વ્રત લે છે આમાં પણ **'વિલોકિત'** ને બદલે **'વિલોકત'** હોય તો ઉપરના વાક્યની સાથે બરાબર બેસે.

**જિનવર જાયા, સુર હુલરાયા, હુઆ રમણી પ્રિયે;**
**નેમિ-રાજી ચિત્ર વિરાજી વિલોકત વ્રત લીએ.'**

અર્થાત્ જિનવર પાર્શ્વકુમાર જનમ્યા, દેવોએ હુલરાવ્યા, રમણી પ્રભાવતીના પ્રિય બન્યા, અને ચિત્રમાં બિરાજેલ નેમનાથ-રાજીમતીને વિલોકત જોતાં વ્રત લે છે.

આ શું દેખાડે છે ? ઉદ્યાનનું વિશ્રાન્તિ ઘર પર ચિત્રથી અલંકૃત હતું; અને એ ચિત્ર ભગવાન પાર્શ્વકુમાર જેવાને ય વ્રત-ચારિત્ર લેવામાં નિમિત્ત બની ગયું. તો પછી ઉપાશ્રયની દિવાલો આવાં ચિત્રોથી શોભાતી હોય, તો એ ભવ્યાત્માઓને કેવી કેવી શુભભાવનાઓ અને કેવા કેવા શુભ ભાવો તથા ધર્મપ્રેરણાનું નિમિત્ત બને ? કોરી કોતરણીની કળા આ શું કરી શખે ?

નાલંદામાં એક બુદ્ધમંદિરમાં દિવાલો ઉપર ગૈતમબુદ્ધની દયાના જીવન પ્રસંગોના મોટાં ચિત્રો જોવા વરસે દહાડે લાખો લોકો આવતા હશે. એમાં થોડાને તો એમ થાય ને કે 'અહો ! ગૌતમબુદ્ધ કેવા દયાળુ ! દુનિયાનાં દુઃખ જોઈ કેવા વિરાગી બન્યા ! લોકોને આ ભાવ કોણ કરાવ ? કોરી કોતરણીની કળા ? કે ચિત્રો ?'

આજે 'મંદિરો કળાત્મક કળાત્મક જોઈએ, મંદિરમાં ચિત્રો નહિ, તીર્થપટો નહિ,' એમ કહેનારને ખબર નથી કે મંદિરાદિ ધર્મસ્થાન એ કળાનો રાજીપો પેદા કરવાનાં ધામ નથી, પરંતુ શુભ ભાવો અને પ્રશસ્ત ભાવનાઓ ઉત્પન્ન કરવાનાં ધામ છે. તે આજે એકલી કોતરણી-કળાથી ન બને, પણ કળાત્મક ચિત્રોથી બને.' આ ખબર નહિ, પછી ઇતર લોકો અને પરદેશી ફોરેનરો વખાણ કરે છે ને કે 'કેવી સરસ કળા !' એટલે ખુશી થાય છે 'ચાલો આપણી કળાની પ્રશંસા થાય છે પણ આમાં જૈનધર્મનું એ પરદેશી શું લઈ ગયા ?'

**જૈનધર્મનું શું વખાણવા લાયક ?**

શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ 'સમરાઈચ્ચ કહા.' શાસ્ત્રમાં કહે છે,



**पसंसियव्वाइं जिणवयणाइं । पसंसियव्वाइं नाण-दसण-चरणाइं ॥**

વખાણવાયોગ્ય જિનેશ્વર ભગવાનના વચનો છે.

પ્રશંસાવાયોગ્ય સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર છે.

એકલી કોતરણી અને શિલ્પકળાના વખાણમાં જિનવચનની પ્રશંસા કયાં આવી ? જ્ઞાન, દર્શન કે ચારિત્રની પ્રશંસા કયાં આવી ? 'અહો વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર ભગવાનનાં કેવા ટંકશાળી વચન ! કેવા સરસ એના કહેલાં ત્રિકાલાબાધ્ય તત્ત્વ ! જૈન ધર્મમાં કેવું સુંદર યથાર્થ મોક્ષમાર્ગનું પ્રતિપાદન ! કેવું સૂક્ષ્મ જીવવિજ્ઞાન અને કર્મવિજ્ઞાન ! કેવું મજેનું એનું સમ્યગ્દર્શનનું અને સમ્યકત્વના ૬૭ વ્યવહારનું સ્વરૂપ ! કેવા સુંદર સંવેગ-વૈરાગ્ય અને ઉપશમરસને પ્રગટાવતા મનોહર જિનબિંબો તથા જિનમંદિરો ને જૈન તીર્થો ! જૈનધર્મની કેવી અલૌકિક દ્રવ્ય-ભાવદયાની વાતો ! કેવી અદ્ભુત દાન-શીલ-તપ-ભાવનાની સાવધાની વાતો ! કેવાં અલૌકિક બાહ્ય-આભ્યન્તર તપના પ્રકારોનું પ્રતિપાદન ! કષ-છેદ-તાપની પરીક્ષામાં અણીશુદ્ધ પાર ઊતરનાર, અને પરસ્પર અવિરોદ-અવિસંવાદવાળા કેવા વિશ્વશ્રેષ્ઠ જિનાગમ ! કેવા નિષ્પાપ જૈન સાધુ-સાધ્વી ! જૈનધર્મમાં કેવું અનન્ય અને યથાર્થ પરમાત્મ સ્વરૂપ !'

જૈનધર્મનું આ બધું વખાણવા લાયક છે. એમાંથી કળા-શિલ્પના જ વખાણ કરતાં કઈ વસ્તુ વખાણવામાં આવી ?

ફરથી યાદ રાખો કે,

**ધર્મસ્થાનો અને ઉત્સવ-વરઘોડા-ઉપધાન-ઉજમણાં વગેરે ધાર્મિક પ્રસંગો શુભ ભાવનાનો અને નિર્મળભાવોને જગાવવા-પોષવા-વધારવા માટે છે; ખાલી શિલ્પ-સંગીત વગેરે કળાનાં પ્રદર્શન માટે નહિ.**

જો આ ધ્યાનમાં રહે તો જિનમંદિરો ઉપાશ્રયો ધર્મશાળાઓ વિશ્રામગૃહો વગેરેને એ ઉદ્દેશ સરે એવા બનાવાય. ઉત્સવ એવા ઉજવાય. વરઘોડા એવા કઢાય.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૩,અંક-૪૩,તા.૧૨-૭-૧૯૭૫**

હસ્તિપાલ રાજાનો ચૈત્ર મંત્રી ચંપા નગરીમાં 'ત્રૈલોકયલુંદર' નામનું ભગવાન શ્રી વાસુપૂજ્ય સ્વામીનું વિશાળકાય મંદિર આવું જોઈ રહ્યો છે. મંદિરની અંદરની એકેક શોભા જોતાં જોતાં એનાં દિલમાં ભાવોલ્લાસ ઊભરાય છે; એની છોળો ઊછળે છે. મંત્રીની રોમ રાજી વિકસ્વર થઈ જાય છે. એનાં મનને એમ થાય છે કે 'અહો ! પાપ ભરેલી પૃથ્વી ઉપર આ કેવું અલૌકિક પવિત્ર દર્શન કેવા મારા

અહોભાગ્ય કે મને પરમાત્માના આવાં દિવ્યશા દર્શન મળ્યાં આ અનુમોદનામાં એની આંખે પાણી આવે છે.

મંત્રી ખૂબ ભાવભીનો થઈ પરમાત્માનાં દર્શન-વંદન-સ્તવના કરી બહાર નીકળે છે, ત્યાં નગરમાં ધર્મધુરંધર શ્રી ધર્મઘોષ મુનિવર પરિવાર સાથે પધારેલા છે. મહાત્મા શાંતરસમાં ઝીલતા છે. મહાન સંયમી છે, બહુશ્રુત છે. એમને જોઈને મંત્રીનું મન પ્રસન્ન થઈ ગયું. એમને વંદના કરી, મુનિઓને વંદના કરી, ને મંત્રી મહર્ષિની આગળ હાથ જોડીને બેઠો. મહર્ષિ એને ધર્મનો બોધ આપતાં કહે છે,-

**મંત્રીને મહર્ષિનો ઉપદેશ : આત્મભાન વિના ?**

'મહાનુભાવ ! આ સંસારમાં જીવ પોતાના આત્માનું ભાન ભૂલીને ચારે ગતિમાં અનંત અનંત કાળથી રખડ્યા કરે છે. પોતાના આત્માનું ભાન જ નથી એટલે એના અક્ષય અવ્યાબાધ આનંદનું ભાન તો હોય જ શાનું ? તેથી એ આનંદને વિસારી જીવ તુચ્છ ઇન્દ્રિયોના નાશવંત વિષયસુખમાં રાચી રહ્યો છે, અને એ નાશવંત વિષય-આનંદને પરવશ થયેલો એ એ નિમિત્તે જીવોની હિંસા કરે છે. એ વિષયસુખની ગૃદ્ધિ અને જીવહિંસાએ અનંત જન્મ-મરણ કરતો આવ્યો છે, અનંતીવાર દુઃખમાં રીબાતો આવ્યો છે, એમ અનેકવિધ કર્મની વિટંબણા ભોગવતો આવ્યો છે.

'હે ભાગ્યવાન ! જે ભવ્યાત્માને આ જન્મ-મરણની ઘટમાળાનો થાક લાગ્યો છે, અને કર્મની જાલિમ વિટંબણાનો કંટાળો આવે છે, એ જીવ વિષયસુખ પર ઘૃણાવાળો બને છે, અને એ સુખ ખાતર જીવોની જે હિંસા કરવી પડે છે એ જીવો પ્રત્યે દયાભાવ ઊભો કરે છે.'

હે નરોત્તમ ! સંસારમાં જીવો ૧૪ પ્રકારે હોય છે. એકેન્દ્રિય જીવો પ્રત્યેક અને સાધારણ, તથા બેઇન્દ્રિય, ત્રીન્દ્રિય તથા ચઉરિન્દ્રિય, એ વિકલેન્દ્રિય જીવો, તેમજ સંજ્ઞી પંચેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય, એમ સાત પ્રકારના જીવો પર્યટતા અને અપર્યાપ્તા બે રીતે, એમ કુલ ચૌદ પ્રકારના જીવો હોય છે. જીવોની કાંઈ એ કાયમી અવસ્થા નહિ પરંતુ પલટાની અવસ્થા હોય છે. તેથી એકેકો જીવ ચૌદે પ્રકારની અવસ્થાઓમાં જન્મ-મરણ, જન્મ-મરણ કરતો કરતો ભમ્યા કરે છે, અને કર્મની પરવશતાથી પારાવાર દુઃખોની વિટંબણા પામે છે. જ્યાં સુધી પોતાના આત્માનું ભાન જ ન આવે, ત્યાં સુધી આ ભવભ્રમણથી એ શે બચે ? જીવો પ્રત્ય દયાળુ અને વિષયો પ્રત્યે વિરકત શાનો બને ?

'એ તો હે નરવીર ! જેને ભવભ્રમણ એ પોતાની નાલેશી લાગી એના ઉપર કંટાળો આવ્યો છે, એ પહેલા નંબરમાં જીવો પર દયાભાવવાળા અને પરોપકારી બને છે. વિષયસુખોની પાછળ એ જીવોની ક્રૂર કતલ છે, જીવોનો કચ્ચરઘાણ છે, માટે એવા જીવસંહાર પર ઊભા થતા વિષયસુખ એને અકારા લાગે છે, ગોઝારા લાગે છે. 'અરેરે ! આ વિષયોના આનંદ કેવા લોહિયાળ કે એની ખાતર જીવોને બિચારાને રેંસી નાખવા પર એ ઊભા થાય !'

'હે પુણ્યશાળી ! મૂળમાં જીવો પ્રત્યે દયાભાવની જરૂર છે. જેમ જેમ દયાભાવ વધતો જાય, તેમ તેમ વિષયો પ્રત્યે વૈરાગ્યનો ભાવ વધતો જાય, તેમ તેમ આત્માની કક્ષા ઉન્ન થતી આવે છે.

**આ મનુષ્ય ભવ આત્માની કક્ષા ઉન્નત કરવા માટે જ છે. તે દયામય અને વૈરાગ્યમય ધર્મથી જ બને.**

જૈન ધર્મનાં અનુષ્ઠાનો જુઓ તો એમાં જીવદયા અને વિષય-વૈરાગ્ય ઠામઠામ વણાયેલ દેખાશે.

ધર્મઘોષ મુનિ મંત્રીને કહી રહ્યા છે કે આ સંસારની કર્મવિટંબણાઓ જીવ પર જે વરસી રહી છે એનો જેને થાક લાગ્યો છે, અને એમાંથી છૂટવા ઇચ્છે છે એના માટે શુદ્ધ ધર્મ જ એક તારણહાર છે, શુદ્ધ ધર્મ મહાન પુણ્યના યોગે જ મળે છે. આવું પુણ્ય મળ્યાની કદર જોઈએ. કદર આ ધર્મ મળ્યો છે તો એની સુંદર આરાધના કરી લેવી.' ધર્મમાં ઉત્કૃષ્ટ ધર્મ દયાધર્મ છે. એનું કારણ એ છે કે જીવોને પોતાના પ્રાણથી અધિક કશું વહાલું નથી તેથી એના પ્રાણની રક્ષામાં એ અત્યંત આનંદ માને છે. જેણે એક જીવની રક્ષા કરી એણે વિશ્વના સર્વ જીવોની રક્ષા કરી. જેણે એક જીવને હણ્યો એણે ત્રિભુવનને હણ્યું. મનના પરિણામની આ વાત છે. જીવની દયા કરે છે એ એને સંસારમાં ઉત્કૃષ્ટ સુખ આપી રહ્યો છે. કેમકે જીવને સૌથી વધુ પ્રિય સુખ પોતાના પ્રાણની રક્ષામાં લાગે છે. જીવને આવું સુખ આપતાં એના ફળરૂપે પોતે સુખનો અધિકારી બને એમાં નવાઈ નથી. કહે છે ને કે 'ઠાર્યા તેવા ઠરીએ, ને બાળ્યા તેવા બળીએ.'

**સર્વ જીવ સમભાવ : બહિરાત્મા-અંતરઆત્મા :-**

માટે જ સમજુ આત્મા 'આત્મવત્ સર્વભૂતેષુ' બીજા જીવો પ્રત્યે પોતાના જીવ જેવી દૃષ્ટિ રાખે છે, જીવોને પોતાના જીવ જેવા ગણે છે. પોતાને કષ્ટ-દુઃખ નથી ગમતું, તો બીજાને પણ નથી ગમતું. માટે બીજાને મારે કષ્ટ-દુઃખ નહિ આપવું જોઈએ. આ વૃત્તિ જાગ્રત રહે છે, પછી ભલે સૂક્ષ્મ એકેન્દ્રિય જેવા જીવ હોય, એને ય હું દુઃખ ન પમાડું.

આ વૃત્તિ જેને નથી એ બીજા જીવોનાં દુઃખને જોતો નથી, માત્ર પોતાના ખાનપાન-વિષય-પરિગ્રહ વગેરે બાહ્ય સ્વાર્થને જ જુએ છે. તેથી એવા આત્મા

બાહ્યાત્મા છે, બહિરાત્મા છે. ત્યારે જેને જીવો પ્રત્યે સ્વાત્મ-સમભાવ છે, અને બીજાને દુઃખ એટલે પોતાને જ દુઃખ એવી સમજ રહે છે, એ અંતરાત્મા છે એ સૂક્ષ્મ પણ જીવોની દયા-અહિંસા પાળવા દ્વારા પોતાના આત્માને અંતરાત્મભાવમાં આગળ વધતાં વધતાં પરમાત્મભાવ સુધી પહોંચી જાય છે. જીવ શિવ બને છે. જીવમાત્ર આંતર સ્વરૂપમાં શિવરૂપ જ છે, માત્ર કર્મ અને વાસનાઓનાં બંધન એના શિવભાવ યાને પરમાત્મદશા પ્રગટ થવા દેતા નથી. પુરાણમાં કહ્યું છે,

**यत्र जीवः शिवस्तत्र, न भेदः शिवजीवयोः ।**
**न हिंस्यात् सर्वभूतानि शिवभक्ति समुत्सुकः ॥**

જ્યાં જીવ છે ત્યાં શિવ છે. જીવ અને શિવ વચ્ચે કોઈ ભેદ નથી. શિવની ભક્તિના ઉત્સુકે સર્વ જીવોની અર્થાત્ કોઈ પણ જીવની હિંસા નહિ કરવી જોઈએ.

આમ સંપૂર્ણ દયા-અહિંસા દ્વારા જીવ શિવ (=પરમાત્મા) બને છે ત્યારે બાકીના કર્મો તો ભોગવાઈને ક્ષય થતાં એ ઉપર લોકાન્તે સિદ્ધશિલા પર કાયમને માટે સિદ્ધસ્વરૂપે સ્થિર થાય છે. એવા આજ સુધીમાં અનંતાનંત આત્માઓ ત્યાં સિદ્ધરૂપે બિરાજમાન છે. જ્યોતિમાં જ્યોતિ ભળી જાય એમ ૪૫ લાખ યોજનની સિદ્ધશિલા પર આ અનંતા સિદ્ધ ભગવંતો સમાયેલા છે. એ અરૂપી હોવાથી કોઈ કોઈને બાધા કરતું નથી.

એ સિદ્ધભગવંતો અનંત સુખમાં મહાલે છે. એ સુખ લેશપણ દુઃખમાં મિશ્રણ વિનાનું, અને વિષયોની પરાધીનતાથી રહિત એવું આત્માના ઘરનું સહજ સુખ હોય છે. તેથી એ પ્રગટ થયેલું કદી જાય નહિ એવું શાશ્વતુ, અને પ્રમાણમાં જગતના સર્વજીવોના સુખ કરતાં અનંતગુણ હોય છે.

**સંસારના સુખ કેવાં ? :-**

(૧) સંસારનાં સુખ વિષયોને આધીન હોઈ વિષયનો સંયોગ હોય તો જ સુખ લાગે. આમ વિષયાધીન સુખ હોવાથી જીવને વિષયોની ગુલામી કરવી પડે છે, એની પાછળ રાતદિવસ ઝંખના-ચિંતા સંતાપ કરવા પડે છે.

(૨) વિષયો પાછા શુભ કર્મને પરાધીન હોઈષ જીવની ઈચ્છા ધારણા મુજબ કાંઈ ઈષ્ટ વિષયોની પ્રાપ્તિ થાય નહિ. શુભ કર્મના ઉદય પ્રમાણે જ એ મળે, ઉદય પ્રમાણે જ સચવાય, અને ઉદય પ્રમાણે જ ભોગવી શકાય. ત્યારે જીવને બધી વાતે કર્મ કાંઈ અનુકૂળ હોય નહિ, તેથી સુખના લાલચુ જીવને તો સુખની લાલચમાં ઈષ્ટ વિષયોની પ્રાપ્તિ-સંરક્ષણ-ઉપભોગની ઈચ્છા-ઝંખના-આતુરતા કરી કરીને મરવાનું; કર્મની બધું ધાર્યું થાય નહિ.

(૩) વળી વિષયો નાશવંત એટલે જીવની ધારણા ગમે તેટલી કાયમી સુખની



હોય, પરંતુ વિષયના નાશે વિષયજન્ય સુખ નષ્ટ થઈ જવાનુ પછી જીવને ભાગે શોક-ઉદ્વેગનું દુઃખ જ રહે.

મુનિ કહે છે,-

'ત્યારે સિદ્ધ ભગવાનને આ કોઈ વિષય-પરવશતા જ નહિ; એમને આત્માનું સહજ સુખ, અને તે પણ અનંતુ પ્રગટ હોય છે, ને તે ય કાયમ માટે ! કયાંથી લાવવું આ સંસારમાં ? આત્મામાત્રને સ્વરૂપમાં આ અનંતસુખ છે, પરંતુ એ ગુપ્ત ઢંકાયેલું પડ્યું છે.'

એ સિદ્ધ-અવસ્થાનું સુખ પ્રગટ કરવા માટે સિદ્ધ ભગવાનની ઉપાસના જોઈએ. એ ઉપાસનામાં મુખ્યપણે સિદ્ધ ભગવાનનું ખૂબ ખૂબ ધ્યાન કરતા રહેવું જોઈએ, એ કેવું કે ક્રમશઃ પોતાનો આત્મા સિદ્ધ જેવો ભાસે. અર્થાત્ સિદ્ધ ભગવાનનું અભેદભાવે ધ્યાન થાય. એક ક્ષણ પણ એવું સિદ્ધ પરમાત્માનું ધ્યાન આત્માની કેઈ કર્મશૃંખલાઓ તોડી નાખે છે.

**વિષના વ્યાધિવાળાને અમૃતનું એક બિંદુ પણ નિર્વિષ કરી નાખે છે, એમ સિદ્ધ ભગવાનનું ક્ષણવાર પણ લયલીન ધ્યાન કર્મોના ગંજ બળી નાખે છે, અને દુષ્કૃત્યોની કેઈ વાસનાના ફુરચા ઉરાડે છે.**

જો આ ધ્યાન વારંવાર થાય તો તો કેટલા કર્મના ગંજ સાફ અને કેટલી કુવાસનાઓ સાફ થાય, એનું માપ શે મપાય ? એમ કરતાં કરતાં તો સિદ્ધ ભગવાનનું ધ્યાન એકતાન લાગી જવાથી સમસ્ત વાસનાઓનો અને કર્મોનો વિધ્વંસ થઈ જાય અને આત્મા પરમાત્મા બની જાય.

ધર્મઘોષ મુનિની વાણી સાંભળી ચૈત્ર મંત્રી ખૂબ પ્રભાવિત થઈ ગયો. એ પૂછે છે,- 'ભગવાન ! વાત તો મજેની કરી. તો પછી શું ઘરસંસાર એમ જ ચલાવ્યે જતાં સિદ્ધ ભગવાનનું ધ્યાન કરીને પરમાત્મા થઈ શકાય ?'

ગુરુ કહે છે, 'જુઓ મહાનુભાવ ! એમ સિદ્ધ ભગવાનનું ધ્યાન લાગવું સહેલું નથી. જીવનમાં અત્યાર સુધી અજ્ઞાનપણે જે પાપો ચાલ્યા આવ્યાં એ હજી એટલા જ પ્રમાણમાં અને એટલા જ રસથી ચાલુ રાખવા છે, તેમજ પાપો કરવાની છૂટ ઊભી રાખી એના કશા ત્યાગની પ્રતિજ્ઞા-વ્રત-નિયમ નથી કરવા, તો સિદ્ધ ભગવાનનું નિર્મળ ધ્યાન જ શી રીતે લાગી શકે ? સિદ્ધ ભગવાન તો સર્વ પાપોથી મુક્ત છે, સર્વ વાસનાઓથી રહિત છે તેથી એમનું ધ્યાન એટલે સમસ્ત પાપો-પાપવાસનાઓથી રહિતનું ધ્યાન શું આવું ધ્યાન, આપણે પાપોમાં અને પાપછૂટમાં ગળાબૂડ ડૂબેલા રહ્યે શકય છે ?'

મંત્રી પૂછે છે,-

**પ્ર.**- તો પ્રભુ ! એકલું સમ્યક્ત્વ ધરનાર જીવોના જીવનમાં હિંસાદિ પાપો, ક્રોધાદિ કષાયનાં પાપો તથા વિષયાસકિતનાં પાપ તો ઊભાં હોય છે, તો એ આત્માઓ સમ્યક્ત્વના બળ ઉપર શું સિદ્ધભગવાનનું ધ્યાન નથી કરી શકતા ?

ઉ.- કરી શકે છે પરંતુ એ જોવા જેવું છે કે એવા સમકિતીને સમ્યક્ત્વ પામવા પૂર્વે જે રીતે પાપો ઊભા હતા એ રીતે હવે સમ્યકત્વ પામ્યા પછી નથી ઊભા. કારણ એ છે કે પહેલું તો સમ્યક્ત્વના બળ ઉપર પાપ પ્રત્યે એવી ઘૃણા અને હેયબુદ્ધિ ઊભી થઈ છે, કે એ સરાસર ત્યાજ્ય જ લાગે છે. તેથી પાપોનો પહેલા જેવો આંતરિક રસ રહ્યો નથી. કદાચ પૂછશો,-

**પ્ર.**- જો પાપો હેય જ લાગે છે, ને પાપોનો રસ નથી તો પાપો આચરે છે શું કામ ?

ઉ.- એને પાપોમાં એટલી બધી જ્વલંત હેયબુદ્ધિ ત્યાજ્ય બુદ્ધિ છે, અને પાપોનો રસ એવો મરી પરવાર્યો છે કે એનું ચાલે તો એ એને સેવે જ નહિ. પરંતુ એવા નિકાચિત કર્મનો ઉદય છે કે જે એને ગળિયો બનાવી દઇ પાપસેવન કરાવે છે. કહો કે **મિથ્યાત્વ કપાયે પાપ ખરાબ લાગવા છતાં, નિકાચિત ચારિત્રમોહનીય કર્મ બળજબરીથી એની પાસે પાપ કરાવે છે.**

**પાપમાં રસ-નિર્ભીકતા રખાવનાર કર્મ મિથ્યાત્વ મોહનીય કર્મ છે, અને પાપસેવન કરાવનાર કર્મ ચારિત્ર મોહનીય કર્મ છે.**

મિથ્યાત્વ મોહનીય કર્મને કચરી નાખ્યું હોય તો પાપ હવે ઉપાદેય અર્થાત્ આદરવા જેવા ન લગો, સરાસર હેય=ત્યાજ્ય લાગે તેથી એનો હવે રસ નિર્ભીક રાજીપો મરી જાય. પછી તો એ ચારિત્ર મોહનીય કર્મને ય પાપત્યાગના વ્રત-નિયમ અને પાપ પરના સંયમથી કચરવા પુરુષાર્થ કરે. પરંતુ જેને એ ચારિત્ર મોહનીય કર્મ નિકાચિત કોટિનું હોય, અર્થાત્ તીવ્ર ચિકણા બંધનવાળું હોય, એ જીવને એ કર્મ પાપત્યાગના વ્રતનિયમનો પુરુષાર્થ કરવા જ ન દે, અને પાપસેવનમાં ડૂબ્યો રાખે, પાપમાંથી ઊઠવા જ ન દે.

આ નિકાચિત કર્મ લકવા જેવી બિમારીના જેવું છે. લકવાવાળો જુએ છે કે આ સામેથી સામેથી સાપ કે વીંછી આવ્યો, ને અંતરથી ઘણું સમજે છે કે અહીંથી ઊઠી ભાગવું જોઈએ, નહિતર મરીશ' છતાં એ ઊઠી શકતો નથી. લકવા જેવો વ્યાધિ એને ઊઠવા જ નથી દેતો; એટલે એને બળતરાનો પાર નથી. એમ નિકાચિત કર્મ એને પાપમાંથી ઊઠવા જ નથી દેતું, પાપત્યાગ નથી કરવા દેતું. પરંતુ સમ્યક્ત્વના પ્રકાશમાં એને દેખાય છે કે પાપરૂપી સાપ પોતાને ડસી નાખશે અને એક જ મોત નહિ પણ અનેક દુઃખદ જન્મ-મૃત્યુ આપશે, તેથી એને ભારે બળતરા રહે છે.

એટલે જ સમજવા જેવું છે કે જો અંતરમાં ખરેખર સમ્યક્ત્વનો પ્રકાશ



ઝળહળતો હોય તો પાપસેવનમાં બળતરાનો પાર ન હોય. અને પોતાનું ચાલે તો પાપને દૂર જ ફગાવી દે. પાપત્યાગની પ્રતિજ્ઞા જ કરી લે, પાપથી વિરમણ-વિરતિમાં જ આવી જાય. માટે તો મહાપાધ્યાય યશોવિજયજી મહારાજે કહ્યું,-

**'તાણી આણે રે સમકિત વિરતિને'**

સમ્યક્ત્વ વિરતિને તાણી લાવે. સમ્યક્ત્વ આવ્યે આવો વિવેક ઊભો થઈ ગયો છે કે આશ્રવ પાપ હોય, અને સંવર-ધર્મ ઉપાદેય. તેથી પાપો પ્રત્યે ઘૃણા ઊભા થઈ ગઈ છે. પછી એનો પહેલાની માફક રસ રહે નહિ. જો પાપનો રસ નથી, પાપની ઘૃણા છે, તો એ શું કામ પાપમાં પડ્યો રહે ? પાપના ત્યાગની પ્રતિજ્ઞામાં અર્થાત્ વિરતિમાં આવી જાય; સિવાય કે એને નિકાચિત કર્મ નડતા હોય. આવા નિકાચિત કર્મ બહુ થોડા માટે તો દાખલો આપ્યો કે,

**'શ્રેણિક સરખા રે અવિરતિ થોડલા. જેહને નિકાચિત કર્મ.'**

જેમને નિકાચિત કર્મ નડે છે એવા શ્રેણિક સરખા અવિરતિધર થોડા એનો અર્થ એ કે એવા નિકાચિત નહિ એટલે કે અનિકાચિત કર્મવાળા ઘણા. જેને એ કર્મ પુરુષાર્થથી તૂટી શકે, ને એ વિરતિમાં આવી શકે. આ પુરુષાર્થને સમકિત જગાડી આપે છે. સમ્યક્ત્વથી પુરુષાર્થ એ કે સમ્યક્ત્વના બળે અંતરમાં આતશ જાગી,- 'આ ભવમાં ભટકાવનારાં પાપોને કેમ ફગાવી દઉં !' આ આતશ જાગ્યા પછી તો એ સમકિતી જીવ ઝાલ્યો ન રહે; પરંતુ શું કરે ? નિકાચિત કર્મના ઉદયથી જકડાયેલો પાપત્યાગનો વીર્યોલ્લાસ જગાવી શકતો નથી.

**સમ્યક્ત્વનું પારખું :-**

આ ઉપરથી જાત માટે એમ નથી માની લેવાનું કે મારે પણ નિકાચિત મોહનીયકર્મના ઉદયની જકડામણ છે, એટલે પાપત્યાગનો વીર્યોલ્લાસ જગાવી શકતો નથી.' -આવું નથી માન લેવાનું. કેમકે શ્રેણિક સરખા નિકાચિત કર્મવાળા જીવ થોડા એ થોડા નંબર લગાવવો છે ? પહેલું તો એ તપાસવાની જરૂર છે કે જાતમાં મૂળમાં સમ્યક્ત્વ છે ? એની તપાસ એ રીતે થાય કે અંતરમાં આરંભ-સમારંભની હિંસા પરિગ્રહ વગેરે તથા ક્રોધાદિ કષાયો તેમજ રૂપાદિ વિષયો ભયાનક લાગ્યા છે ? સદંતર ત્યાજ્ય લાગ્યા એના પર તિરસ્કાર-બળતરા થાય છે ? અને એને છોડવા હૈયામાં આ આતશ જાગી છે કે 'કેમ આ ભવમાં ભટકાવનારા પાપોને ફગાવી દઉં ?'

મૂળ પાયામાં જો પાપો પ્રત્યે આ હેયબુદ્ધિ ભય, ઘૃણા, તિરસ્કાર-બળતરા અને આતશ ન પ્રવર્તતા હોય તો સમ્યક્ત્વ જ કયાં ? જો એ નહિ તો પછી કર્મને દોષ કેમ દેવાય કે મારાં કર્મ જ એવાં છે કે મને પાપત્યાગનો વીર્યોલ્લાસ નથી

જાગવા દેતા ? અલ્યા ભાઈ ! આમ કર્મને દોષ દેતા પહેલાં એ તો જો કે તને પાપમાં બળતરા અને છોડવા માટે આતશ જ કયાં જાગી છે ? એ જાગી હોય તો તું ઝાલ્યો શાનો રહે ?

**સમ્યક્ત્વનું આ પારખું કે પાપમાં બળતરા અને પાપ છોડવાની આતશ રહે. લકવાવાળાને સાપ જોતાં જે બળતરા-ભય, એવો સમકિતીને પાપ જોતાં.**

સાપ ડસી ખાય એમ ભય લાગ્યા પછી કોણ રાહ જુએ છે કે 'મારે ભાગવા આડે કર્મ નડે છે ? કર્મ નડતા હોય તો મારે ભાગવાનો વીર્યોલ્લાસ ન થઈ શકે ?' એવું તો માત્ર લકવાવાળો વિચારે કે શું કરું ? સાપ ભયાનક છે, કરડશે તો હું મરી જઈશ, હાય ! પણ ભાગવાની હાલત મારી શક્તિ નથી. કેવા મારાં પાપનો ઉદય કે લકવામાં જકડાઈ ગયો છું !' લકવાવાળો તો આમ વિચારે; પણ સાજો સારો આમ વિચારે ખરો ? કે કર્મના ઉદયની તપાસ કર્યા વિના સાપ જોતાં જ ભાગે ?

સનત્કુમાર-જંબુકુમાર-શાલિભદ્ર-ધનાજી-ધન્નો-ગજસુકુમાળ વગેરે વગેરે ભોગની અદ્ભુત પુણ્યાઈવાળા શું કર્મની રાહ જોવા બેઠા ? 'મારે કર્મ નિકાચિત હશે એટલે ભોગમાં ગળાડૂબ ફસાઈ પડ્યો છું' શું આવું જોવા બેઠા ? કે અંતરમાં ત્યાગની આતશ જાગતાં જ ઝટ ઊઠીને ત્યાગના માર્ગે ચાલી નીકળ્યા ?

વાત આ છે કે મૂળ પાયામાં પહેલાં તો પાપ પ્રત્યે ઘૃણા-તિરસ્કાર-બળતરા અને ભય-આતશ જગાડવાનો પુરુષાર્થ કરો. સતત આ ભાવો હૃદયમાં રમતા કરો. સમ્યકત્વ આ કરાવે છે.

ધર્મઘોષ મુનિ ચૈત્ર મંત્રીને એ બતાવે છે કે ઘરવાસમાં રહેલો જો આ ભાવોમાં રમતો હોય, તો હવે એને પાપોનું એવું આકર્ષણ નથી, એવી આંધળી રક્તતા નથી, તેથી સહેજે સિદ્ધ ભગવાનના નિષ્પાપ સ્વરૂપ તરફ આકર્ષણ એટલે એ સિદ્ધ ભગવાનનું કંઈક ધ્યાન કરી શકે. પરંતુ હજી એણે પાપોનો ત્યાગ નથી કર્યો. પાપ પ્રવૃત્તિ કોઈ જાતના વ્રત-નિયમના અભાવે નિરંકુશ-અમર્યાદિત ચાલે છે તેથી એનું મન એની ઘટમાળમાં લગભગ પરોવાયેલું ને બંધાયેલું રહે છે તેથી સિદ્ધ ભગવાનનું એકાગ્રપણે ધ્યાન કરવામાં મન શી રીતે જામી શકે ? એટલા જ માટે હે મહાનુભાવ ! આ જરૂરી છે કે પહેલા નંબરમાં તો જીવનમાં સમસ્ત પાપોનો ત્યાગ કરી દેવામાં આવે, સર્વવિરતિ સ્વીકારી લેવામાં આવે અને એ શક્ય ન હોય ત્યાં સુધી પાપોનો અંશે પણ ત્યાગ કરવામાં આવે, તે પ્રતિજ્ઞાબદ્ધ બની ત્યાગ લઈ લેવાય; અર્થાત્ દેશવિરતિ સ્વીકારી લેવાય. જેટલા અંશે પાપોનો ત્યાગ થયો, એટલા અંશે મન પરનો પાપોનો ભાર ઓછો, પાપ પ્રવૃત્તિ ઓછી, તેથી મનને સિદ્ધ ભગવાનનાં ચિંતનમાં ધ્યાનમાં એટલા અંશે ઠરવાનું મળે.





બીજું એ પણ છે કે પાપો અને વિષયોનો થોડો પણ પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ થાય, એ ત્યાગ હોંશથી જેમ જેમ પાળતો જાય તેમ તેમ આત્મામાં એનો સ્વાદ વધે છે, ને એ સ્વાદ સર્વત્યાગી સિદ્ધભગવાનની નિર્વિકાર સ્થિતિનું કંઈક અંશે સંવેદન કરાવે છે. આવા સંવેદન પૂર્વકનું સિદ્ધ ભગવાનનું ધ્યાન અંતરમાં સંવેદનાત્મક ધ્યાનરૂપ બને છે, ભાવભીનું ધ્યાન બને છે. જો આ સંવેદન ન હોય તો ધ્યાન કોરું, રુક્ષ અને ઉપર છલકું બને છે.

આ એક મહત્ત્વનો મુદ્દો છે કે,-

**સંવેદનાત્મક ધ્યાન કેમ બને ? :-**

**જેનું ધ્યાન કરવું હોય એના ખાસ ગુણનો અંશે પણ જીવનમાં અભ્યાસ કરી એનું આંતર સંવેદન કરો તો એ ઉચ્ચ ગુણસંપન્નનું ધ્યાન ભાવભીનું સંવેદનાત્મક બને.**

દા.ત. વીતરાગ અરિહંત પરમાત્માનું ધ્યાન કરવું છે, તો એમના વીતરાગતાગુણના અંશરૂપે અમુક અમુક વસ્તુના રાગને તિલાંજલિ આપવાનું અને એ રાગના ત્યાગનો અંતરમાં ભરપૂર આનંદપૂર્વક ભાવભીનું સંવેદન-અનુભવ થાય; એના ઉપર પછી વીતરાગ ભગવાનનું ધ્યાન કરાય, તે આ રીતે કે અરિહંત ભગવાનને રત્નમય સિંહાસન પર બિરાજમાન ધારીએ; બે બાજુ ચામર વીંજાતા હાલતા-ચાલતા દેખાય, માથે ત્રણ છત્ર, ઉપર લીલું કલાર વિશાળ અશોક વૃક્ષ દેખાય, અને અરિહંત પ્રભુની આંખોમાં મધ્યસ્થ કીકી પર દૃષ્ટિ કેન્દ્રિત કરી એમાં વીતરાગતાનું ધ્યાન કરાય.

વીતરાગતાના ધ્યાન માટે એ વિચારાય કે પ્રભુની સામે મોટી અપ્સરાઓ નાચે, પણ પ્રભુને કશો રાગ નથી, વિકાર નથી, સામે ઈન્દ્રો પૂજતા આવો કે ગોશાળા જેવા ઉપદ્રવ કરતા આવો પ્રભુને કશા રાગદ્વેષ નથી, કશો વિકાર નથી. પ્રભુની કાયા પર વરમાળા આવો કે શસ્ત્રપ્રહાર આવે, પ્રભુને કશો જ વિકાર નથી આંખમાં એવી વીતરાગતા જોયા કરવાની.

આ ધ્યાન સંવેદનાત્મક થાય, ભાવભીનું થાય, એ માટે આપણાં જીવનમાં કોઈ પ્રિય વસ્તુનો કે વ્યક્તિનો રાગ છોડ્યો હોય, અને એ છોડ્યા પછી આપણને એ રાગ-વિહ્વળતા ગયાનો પરમ આનંદ અનુભવાય, ત્યારે આપણને વીતરાગનું ધ્યાન ભાવભીનું થાય, અંશે પણ સંવેદનાત્મક થાય.

અમે 'નમો આયરિયાણં'થી આચાર્યનું ધ્યાન કરવું છે, તો આચાર્યને પાટ

પર બિરાજેલા અને પર્ષદાને જ્ઞાનાચારાદિ પંચાચારનો ઉપદેશ આપી પંચાચારનો લોકમાં પ્રચાર કરતા ધારવાના. હવે એ ધ્યાન ભાવભીનું કરવા માટે આપણે પોતે પંચાચારના કોઈ પણ એક આચારને બીજા કોઈ મનુષ્યમાં ઉતારવાનો ને એ ઊતરેલો જોઈ પરમ આનંદ અનુભવવાનો. એ કરીએ ત્યારે ખ્યાલ આવે કે આચાર્ય પંચાચાર પ્રચારે એ કેટલું ઉત્તમોત્તમ કાર્ય ! કેવું સુખદ કેવું પરમ આનંદદાયી કર્તવ્ય ! એમ આચાર્યનું ધ્યાન ભાવભીનું થાય.

'નમો લોએ સવ્વસાહૂણં' પદ લઈ સાધુનું ધ્યાન ધરવું છે, તો સાધુને કાઉસ્સગ્ગમાં ઊભેલા કે બીજી કોઈ સાધના કરતા ધારવાના. એમનામાં ક્ષમા-મૃદુતાદિ તથા તપ-સંયમ અને અહિંસા-બ્રહ્મચર્ય આદિ પાંચ મહાવ્રત પાળતા ચિંતવવાના આ ધ્યાન સંવેદનાત્મક કરવા માટે આપણા જીવનમાં આમાંના કોઈ ગુણને અંશે પણ ઉતારી આનંદ અનુભવવાનો દા.ત. ક્રોધના નિમિત્તભૂત કોઈ માણસ પર ક્ષમા રાખ્યાનો આનંદ અનુભવાય કે 'હાશ ! ક્ષમા રાખી તો કેટલું સારું થયું !' એમ ભોગનું નિમિત્ત હાજર છતાં અંશે પણ બ્રહ્મચર્ય પળ્યું એમાં વિકાર-વિહ્વળતા અટકી એનો અપાર આનંદ અનુભવાય. આ પરથી 'સાધુ ભગવંતને સમસ્ત ક્ષમાદિગુણો પાળવામાં કેવો પરમ આનંદ !' એનું ભાવભીનું ધ્યાન-ચિંતન થાય.

બસ, આ હિસાબે સિદ્ધ ભગવાનનું ધ્યાન કરવાનું છે. માટે જીવનમાં ક્રમમાં કમ શ્રાવકના વ્રતો લઈ અટેલા પાપત્યાગ-વિષયત્યાગ કરવાના; આગળ વધતાં મહાવ્રતોમાં આવી સર્વપાપ ત્યાગના અને આનંદમય અનુભવ કરવાના.

**મંત્રી વ્રતો લે છે :-**

ધર્મઘોષ મુનિરાજે ચૈત્ર મંત્રીને સિદ્ધ ભગવાનનું સ્વરૂપ બતાવી એ સિદ્ધ ભગવાનનું ધ્યાન કરતાં સિદ્ધ બનાય એ કહ્યું; અને એ ધ્યાન ધરવા માટે જીવનમાં સમ્યક્ત્વ અને શ્રાવકોનાં વ્રતોની અને આગળ મહાવ્રતોની જરૂર બતાવી. મંત્રીએ એ સાંભળી ખૂબ આનંદ અનુભવ્યો અને જોયું કે 'જન્મ-મરણની જંજાળ અને કર્મની વિટંબણામાંથી છૂટવા માટે સિદ્ધનું ધ્યાન જરૂરી છે, ને માટે વ્રતો-મહાવ્રતોની જરૂર છે.' તેથી પોતે ત્યાં ગુરુની પાસે સમ્યક્ત્વ સહિત બાર વ્રત સ્વીકારી લે છે. પછી ગુરુને વંદના કરી ખૂબ ઉપકાર માનીને ત્યાંથી બહાર નીકળી રાજ્યનું કામ પતાવી પાછો પોતાના રાજ્ય તરફ આવે છે.

મંત્રી પોતાની જાતને બહુ ધન્ય માને છે કે અહો ! મારું જીવન કેવું ધન્ય બની ગયું ! કેવા મહાન ઉપકારી ગુરુ મળી ગયા ! ઘરેથી નીકળ્યો ત્યારે આ કલ્પના નહોતી, પરંતુ પરમાત્માનો અનુપમ ઉપકાર કે ત્યાગી અને વિદ્વાન સાધુ



મહાત્મા મળી ગયા; એમની પાસેથી આત્માના ઉદ્ધારનો આ મહાન પ્રકાશ મળ્યો, જીવનને અજવાળનારી સમકિત સહિત વ્રતોની સમૃદ્ધિ મળી ! આખે રસ્તે આના વિચાર અને આ મહાન સુકૃત પામ્યાની અનુમોદના ચાલી.

**મંત્રીનો રાજાને હવાલો :-**

મંત્રીએ પોતાના રાજા હસ્તિપાલ પાસે જઈ પ્રણામ કરી કાર્ય પતાવ્યાનો અહેવાલ આપ્યો ત્યાં રાજા પૂછે છે,-

'મંત્રીશ્વર ! તમે ચંપા નગરીમાં સુંદર જોવા લાયક શું દીઠું ?'

મંત્રી કહે, 'નામદાર ! ત્યાં ત્રૈલોકયસુંદર નામનો ભવ્ય જિનપ્રાસાદ એક અનેરી જોવા જેવી ચીજ છે' એમ કહીને એનું વર્ણન કરી બતાવે છે; અને પછી પોતાને ભેટેલા ગુરુ ધર્મઘોષ મહર્ષિનું વર્ણન કરીને ગુરુએ આપેલો ઉપદેશ સંભળાવે છે.

રાજા હસ્તિપાલ એ સાંભળીને ગદ્ગદ થઈ જાય છે, કહે છે, 'મંત્રીશ્વર ! તમે કેટલા બધા ભાગ્યશાળી કે તમને આવા સુંદર તીર્થતુલ્ય જિનમંદિરની ફરસના મળી, મહાન ગુરુની ઉપાસના મળી ! અને એઓશ્રીના શ્રીમુખેથી આટલો સુંદર ઉપદેશ મળ્યો ! મને લાગે છે કે મોટું રાજ્ય મળ્યામાં જે ભાગ્યશાળીપણું નથી એ તમે આ જે પામ્યા એમાં છે છ ખંડનું સામ્રાજ્ય પણ કોઈ મોટી સંપત્તિ નથી, એવી આ દેવાધિદેવ સદ્ગુરુ અને ધર્મ મળે એ સંપત્તિ છે.'

વાત પણ આ સાચી છે કે

**દુન્યવી સંપત્તિ આત્માને બરબાદ કરનારી બને છે, જ્યારે આ દેવ-ગુરુ વગેરે આત્મિક સંપત્તિ આત્માને આબાદ કરનારી થાય છે.**

**પેલી સંપત્તિ માત્ર એક જન્મની મૃત્યુએ પહોંચાડનારી અને તે ય પુણ્યને ખુટાડનારી; ત્યારે આ આત્મસંપત્તિ અક્ષય-અજર-અમરતાએ પહોંચાડનારી અને પુણ્ય વધારનારી.**

દેવદર્શન-પૂજન-ભક્તિ ગુણગાન, ગુરુસમાગમ-વંદન-ઉપદેશશ્રવણ-વ્રતનિયમ-તપસ્યા-શીલસદાચાર-સંય, સત્ય-દયા-શાસ્ત્ર, સ્વાધ્યાય-જાપ-ધ્યાન...વગેરે વગેરે ક્ષમા-સહિષ્ણુતા-ઉદારતા, મૈત્રી-પ્રમોદ ઇત્યાદિ ઇત્યાદિ એ આત્માની સંપત્તિ છે, સમૃદ્ધિ છે. એના મહાન મૂલ્ય અંકાય; એને બહુ કિંમતી લેખાય, તો એની સામે દુન્યવી જડ સંપત્તિરૂપ મોટાં સામ્રાજ્ય ખજાના-પરિવાર-સત્તાસન્માન વગેરે વિસાતમાં ન લાગે આ પામ્યાની લેશમાત્ર વડાઈ મન પર ન આવે આ તો બધો વળગાડ વેઠ અન વિટંબણા લાગે.

રાજાને ચૈત્રમંત્રી પાસેથી મહાન તીર્થસમા ત્રૈલોકય સુંદરપ્રાસાદનું રોચક

વર્ણન સાંભવીને તથા ગુરુ ધર્મઘોષ મુનિરાજ અને એમની અમૂલ્ય વાણીનો અહેવાલ સાંભળીને એ આત્મસંપત્તિ સામે પોતાનું રાજ્ય અને રસાલો તુચ્છ લાગે છે. મંત્રીની ઉપબૃંહણા પ્રશંસા-અનુમોદના કરવા સાથે મનમાં કોડ કરે છે કે 'ક્યારે અહીં ગુરુમહારાજ પધારે અને હું એમનાં પાવન દર્શન પામું. એમને વંદન કરી પાવન થાઉં ! એમના શ્રીમુખેથી વીતરાગની વાણી સાંભળું !'

પામર લોકોને મનગમતી દુન્યવી સંપત્તિ મળી એટલે જિંદગીભરની નિરાંત લાગે છે, ને મોતની ચિંતા ય નથી રહેતી કેમ જાણે અમર સંપત્તિ ને અમર સુખ મળી ગયાં ! દયા-દાન-તપ-જપ-સંયમ પરમાત્મભક્તિ અને સાધુસેવા વગેરે આત્મસંપત્તિ કમાઈ લેવાની કશી પરવા જ નહિ. જડ સંપત્તિમાંથી ક્યારે ય માથું ઊંચું કરવાની વાત નહિ. આસ્તિકતાનું અહીં માપ નીકળે છે.

**આસ્તિકતાનું માપ :-**

આસ્તિક એટલે આત્માનું અસ્તિત્વ માનનારો, આત્માનું અસ્તિત્વ માન્યું એટલે પોતાની કાયા કરતા પોતાના આત્મા પર જ મુખ્ય દૃષ્ટિ. ત્યારે આત્મા પર મુખ્ય દ્રષ્ટિ રહી એટલે દેખાય કે આ પૈસાટકા-માલમિલકત વગેરે કાંઈ આત્માની સંપત્તિ નથી. એ તો કાયાને લગતી સંપત્તિ છે; કેમકે એ કાયાની સુખાકારિકા અને કાયાનાં સન્માનમાં ઉપયોગી બને છે, કાયાનું કલ્યાણ કરે છે. આત્માનું કલ્યાણ શું કરે ? કહેશો,-

**પ્ર.**- એ પૈસાટકા વગેરે આત્માને સુખ તો લગાડે છે ને ?

**ઉ.**- આત્માને સુખ લાગે છે એ અજ્ઞાનતાને લીધે. અજ્ઞાનતા આ, કે આત્માને પોતાના માટે તો દુન્યવી સુખસામગ્રીમાં પોતાનું પૂર્વનું પુણ્યધન ખર્ચાઈ જાય છે, ને નવાં પાપનાં ઢેર ભેગા થાય છે. આવા પુણ્ય વેચી પાપ ખરીદવાના વેપલામાં શી રીતે આત્માને સુખ લગાડ્યું ? ને સુખ લાગવામાં શી રીતે સજ્ઞાન દશા કહેવાય ?

કોણ ડાહ્યો માણસ,- 'કોઈની પાસેથી હજાર રૂપિયા ઉધાર લાવી એને લાખ રૂપિયા દેવાનું લખી આપવાનું હોય,'- તો એ હજાર લાવી એના પર ખાનપાન-રંગરાગ કરવામાં સુખ માને ? 'ચાલો ને હમણાં તો હજાર રૂપિયાથી મજાહ મળે છે, પછી લાખ દેવા પડશે તો વાંધો નહિ એવું હજારના રંગરાગમાં સુખ માનવાનું શું ડાહ્યો માણસ કરે ? શું હજારથી સુખ નથી. મળતું ? મળે છે પણ,

**ડાહ્યા માણસને લાખ રૂપિયાનું દેવું ચડે એવા હજાર રૂા. ના રંગરાગમાં સુખ માનવાની ઘેલછા નથી થતી. એમ, આત્મા પુણ્ય વટાવાઈ પાપસંચય થાય એવી દુન્યવી સંપત્તિ અને કાયા-ઈન્દ્રિયોની તુષ્ટિ-પુષ્ટિમાં સુખ શી રીતે માને ?**



માટે જ આત્માને કાયાદિથી અલગ માનનાર તથા આત્મા એટલે પોતાની જાત સમજનાર આસ્તિકને પૈસાટકા-માલમિલકત વગેરે સંપત્તિ પોતાના આત્માની નહિ. પણ કાયાની સંપત્તિ લાગે. પોતાના આત્માની સંપત્તિરૂપે તો દેવાધિદેવની પ્રાપ્તિ, ગુરુનો સમાગમ અને અનેકવિધ દાન-શીલ-તપના સુકૃતો તથા દયા-ક્ષમા-સહિષ્ણુતા વગેરે સદ્‌ગુણો લાગે. આ

**આત્મિક સંપત્તિથી પરલોકના લાભની વાત પછી, પણ અહીંય જે ખરેખરી હુંફ-શાન્તિ-પ્રફુલ્લિતતા મળે છે એ દુન્યવી સંપત્તિથી નહિ.**

**દેવાધિદેવથી અહીં પણ શાંતિ શી રીતે ? :-**

દેવાધિદેવને માથે રાખ્યા એને અહીંનાં દુઃખમાં ય શાન્તિ રહે છે. એ વિચારથી કે,-

(૧) મારા દેવાધિદેવને ચારિત્ર સાધતાં જાલિમ દુઃખ આવ્યા તો ય એમણે એ સહર્ષ વધાવી લઈ મહાશાન્તિ રાખેલી. તો મારે મારાં દુઃખ શી વિસાતમાં છે ?

(૨) દેવાધિદેવ દુઃખમાં પૂર્વનો અશુભકર્મ કચરો સાફ થઈ રહ્યાનું સમજી જરાય ખેદ કર્યો નહિ, પણ સંતોષ માન્યો, તો મારા દુઃખમાં બીજું શું માનવાનું હોય ? અને શાનો ખેદ કરી શાન્તિ-સંતોષ ગુમાવવાના હોય ?

(૩) 'પૂર્વે દેવાધિદેવને ભજવામાં કમી રાખેલી તેથી આ દુઃખ જોવાનું આવ્યું; તો હવે અહીં સારું થયું કે દેવાધિદેવ મળી ગયા છે ! માટે નકામી દુઃખની પોક મૂકવાને બદલે દેવાધિદેવને જ વિશેષ ભજું. એમનું જ સ્મરણ-પૂજન કરું...'

દેવાધિદેવ માથે રાખ્યા હોય એને આવા આવા વિચારથી દુન્યવી દુઃખમાં હુંફ-શાંતિ-પ્રસન્નતા રહે છે. ત્યારે, જેણે દેવાધિદેવ માથે રાખ્યા જ નથી, એ દુઃખમાં તો શું, પણ સંપત્તિમાં ય શાંતિનો અનુભવ ક્યાંથી કરી શકે ? કેમકે એને સંપત્તિ અંગેની અનેક પ્રકારની ચિંતાઓ મગજને ડહોળી રહી હોય છે. આમ દેવાધિદેવનાં શરણ અને આલંબનરૂપ આત્મિક સંપત્તિ જે ધરાવે છે, એને અહીં પણ શાંતિ હુંફ-પ્રસન્નતા રહે છે.

**ગુરુયોગ - જિનવાણી - દાન એ સંપત્તિ :-**

એવી રીતે સદ્‌ગુરુયોગરૂપી આત્મસંપત્તિ જેની પાસે છે, અને એ મળ્યાનો ખરો આનંદ છે, એને અંતરનો વાતવિસામો અને સાચું માર્ગદર્શન મળતું રહેવાથી દિલ જે પ્રશાંત-પ્રફુલ્લિત રહે છે, એવું સાંસારિક પરિવારમાં નહિ.

એમ, જિનવાણી-તત્ત્વબોધ વગેરે સંપત્તિ મળ્યામાં જે મસ્ત છે, એને એ મળ્યાથી દુન્યવી સંપત્તિ પૈસાટકા-માલમિલકત વગેરે તો તુચ્છ-અતિતુચ્છ લાગે છે. એના ગમનાગમનમાં બહુ વિશેષતા લાગતી નથી; એ બાહ્ય સંપત્તિની માત્ર આ

ભવસ્થાયિતા જોઈ એનાથી એને હુંફ નથી પરંતુ પરલોકગામી જિનવાણી-તત્ત્વબોધ મળ્યાથી હૈયે હુંફ અને ખુમારી છે કે 'ફિકર નહિ, આ ખરું ઝવેરાત મળ્યું છે, તો મારે પરલોકની સલામતી છે.' દુન્યવી માટીની સંપત્તિ ઉપર શી રીતે આ ખુમારી લઈ શકાય ?

એમ દાન દીધું તો આત્માને માનનારો જીવ એ દાનને સાચી સંપત્તિરૂપ માની એના પર હુંફ અનુભવે છે કે 'ચાલો મારા આત્મા માટે આટલી સુકૃત કમાઈ થઈ.' દાન દીધું એટલે તો એટલા પૈસા ગયા; તો કમાઈ શાની ? પણ કહો કમાઈ દાનરૂપી સંપત્તિની.

આના પર એક વણિકનું દૃષ્ટાન્ત છે.

**દાન એ સંપત્તિ પર વણિકનું દૃષ્ટાન્ત :-**

બાદશાહ આગળ એક બ્રાહ્મણ આવી પૈસા માગે છે. બાદશાહ પૂછે છે, 'શા માટે પૈસા જોઈએ છે ?'

બ્રાહ્મણ કહે, 'અડસઠ તીર્થ કરવા છે.'

'જન્મ પાવન થાય, ભગવાનને ત્યાં વાસ મળે.'

બાદશાહે રકમ અપાવી, પછી પૂછે છે, 'પણ મારે તો આ જંજાળ મૂકી તીર્થ કરવાની મુશ્કેલી તો મારે ભગવાનને ત્યાં વાસ શી રીતે મળે ?'

બ્રાહ્મ કહે, 'આપ સત્યવાદીનાં દર્શન કરો, તો મહાલાભ થાય.'

બાદશાહે સભામાં પૂછ્યું, 'આમાં સત્યવાદી કોણ છે ?'

સભામાંથી કોઈ નથી બોલતું, એટલે દિવાનને પૂછ્યું, 'કેમ તમે તો સત્યવાદી ખરા ને ?'

દિવાન કહે, 'માફ રાખો સાહેબ ! સત્ય બોલીને દિવાનગીરી ન થાય.'

'ખજાનચી ! તમે સત્યવાદી નહિ ?'

'ક્ષમા કરજો સાબ ! જીવન સત્ય પર નભાવવું કઠિન છે.'

શું ? સત્ય પર જીવન નભાવવું કઠિન છે ? કહે 'હાજી, આજે સાચાની દુનિયા નથી.' તો પછી આ કાવ કેવો ? સારો વિકાસયુગ ? કે ગોઝારો અધઃપતનનો યુગ ? જે કાવમાં જીવન સત્ય પર ચલાવવું કઠિન એ જુઠ પર ચલાવવું જે કાળમાં સહેલું એ કાળ કેવો ભયાનક ? પછી આવા આજના કાળની વિજ્ઞાનની શોધો અને વૈજ્ઞાનિક સગવડોને શી સારી માનવાની ?

ઊંડા ઊતરીને વિચારશો તો દેખાશે કે આજે અસત્ય કેમ સસ્તું થઈ ગયું છે ? તો કે બહુ વૈજ્ઞાનિક સગવડો અને એના પર વધી પડેલા વિષય-વિલાસના લીધે જ અસત્ય સસ્તુ બની ગયું છે. કેમકે બહુ સગવડો અને વિલાસ-સાધનોના



લીધે માણસ વિશેષ લોભી અને લંપટ થઈ ગયો. આજે દેખાય છે શ્રીમંતને બહુ સગવડો અને વિલાસ સાધનો મળે છે, તો એના લોભને અવધિ નથી, એની લંપટતા હદ બહારની છે. ત્યારે ગરીબને એટલો લોભ-લંપટતા નથી.

**વિજ્ઞાને લોભ લંપટતા વધારી :-**

આ આજનું ચિત્ર છે. એ સૂચવે છે કે આજની વૈજ્ઞાનિક સગવડો અને વિલાસી સાધનોએ લોભ-લંપટતા વધારી દીધી છે, માણસ પાસે બે પૈસા વધે એટલે ફર્નીચર વગેરે આધુનિક સગવડો વસાવવાનું અને આધુનિક વાહનમાં દોડવાનું મન થાય છે, પછી એમાં લીન એવો બની જાય છે કે ધર્મ-પરોપકાર કશું યાદ ન આવે. આ લોભ અને લંપટતા શાના પર વધી ? એકલા પૈસા પર નહિ, કિન્તુ વૈજ્ઞાનિક સાધન-સગવડો પણ મળે છે એના પર. પૂર્વે પૈસા તો હતા, પરંતુ આવા લોભ નહોતા, કેમકે વૈજ્ઞાનિક સગવડો નહોતી. બસ ત્યારે,

**લોભ-લંપટતા વધે ત્યાં અસત્ય-અનીતિ સહેલાઈથી આવે.**

જીવનમાં તપાસજો તો દેખાશે કે જ્યાં અસત્યનો ને અનીતિનો ઉપયોગ થાય છે ત્યાં કોઈ ને કોઈ લોભ હશે. કોઈ ને કોઈ લંપટતા હશે એમાં અસત્યથી જીવવાનું સહેલું થઈ ગયું. એટલે મૂળ પાયામાં વૈજ્ઞાનિક સગવડોએ દાટ વાળ્યો છે. એણે લોભ-લંપટતા વધારી દઈ માણસને અસત્યવાદી બનાવી મૂક્યો. એવી વૈજ્ઞાનિક સગવડો માણસ માટે શ્રાપરૂપ ? કે આશીર્વાદરૂપ ?

એ તો આધુનિક સગવડોને શ્રાપરૂપ સમજી એનો લોભ-લંપટતા ઓછી કરાય, તો સત્યવાદિતા સરળ બને. અસત્ય શું કામ બોલે ? લોભ-લંપટતા હોય તો ને ?

બાદશાહને સેનાપતિ-ફોજદાર-નગરશેઠ...વગેરે બધાનો આ જ જવાબ હતો.

બાદશાહ નિરાશ થઈ મહેલ પર આવ્યો. બેગમ પૂછે,- 'કેમ નિરાશ ?'

બાદશાહ કહે, 'સત્યવાદીનું દર્શન નથી મળતું.' કહીને બધી વાત કરી.

બેગમ કહે, 'એ શી મોટી વાત છે ? મારે એક શ્રીમંત વાણિયણ સખી છે, એના પતિ સત્યવાદી છે એનાં દર્શન કરાવું.'

બેગમે વાણિયણને બોલાવી વાત કરી, એણે જઈ પોતાના પતિને બાદશાહ પાસે મોકલ્યો.

**સત્યવાદી વણિકનાં દર્શન :-**

બાદશાહ વણિકને આવકારી પાસે બેસાડી એની સત્યવાદિતા જાણવા પૂછે છે, 'તમારી પાસે કેટલી સંપત્તિ ?'

વણિક કહે,- 'દસ હજાર રૂપિયા.'

'તમારી ઉંમર કેટલી ?'

વાણિયો જવાબ દે છે, 'ત્રણ વરસની.'

'તમારે કેટલા છોકરાને વારસો આપવાનો ?'

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૩,અંક-૪૫,તા.૨૬-૭-૧૯૭૫**

વણિક બોલ્યો, 'એની મને ચોક્કસ ખબર નથી.'

હવે બાદશાહ આ ઉત્તરોથી તંગ થઈ ગયો. બાજી ઊઠીને બેગમને કહે, 'દેખ તારો આ સત્યવાદી ! તું કહેતી હતી કે આ શ્રીમંત છે, ને આ કહે છે મારી પાસે દસ હજાર રૂપિયાની જ સંપત્તિ છે. વળી આ નજરે ત્રેપન વરસના જેવો દેખાય છે ને કહે છે હું ત્રણ વરસનો છું. તમે પોતાને કેટલા છોકરાને વારસો આપવાનો એ તો અભણને ય ખબર હોય; ને આ કહે છે મને એની ચોક્કસ ખબર નથી. આ બધું કેવું હડહડતું જૂઠું ? આને તું સત્યાવાદી કહે છે ?'

બેગમ કહે 'જરા ધીરા પડો આવું નજરે દેખાતું ફેરફાર બોલે છે, તો એની પાછળ કોઈ રહસ્ય હશે પૂછો તો ખરા કે એ કેવી રીતે ?'

ડાહ્યા માણસનું કર્તવ્ય છે કે જ્યાં સારા માણસની બોલ-ચાલ દેખાવમાં મગજને બેસતી ન દેખાય ત્યારે તરત જજમેન્ટ આપતાં પહેલાં પૂછવું-વિચારવું જોઈએ કે એમ કેમ છે ? માનો કે એવો બોલ આવ્યો કે 'ગધેડું તળાવમાં પડ્યું ને બળી ઊઠ્યું.' તો હવે શું આને તરત જૂઠ કહી દેવાનું ? પાણીમાં તો ઠરે કે બળે ? પણ ખુલાસો પૂછો તો જવાબ મળે કે 'ગધેડા પર ચૂનાનું છાલકું હતું. તે તળાવમાં પડતાં ચૂનો ભીનો થઈ ફદફદી ઊઠ્યો અને ગધેડો એથી બળી ઊઠ્યો.'

ડાહ્યા માણસનો બોલ કે ચાલ દેખીતા ઊંધા દેખાય, એના પર તોલ બાંધતાં પહેલાં પૂછવું જોઈએ કે એમ કેમ ?

જ્ઞાની ભગવંતો કહે છે 'સંસારનું સુખ એ સુખ નહિ, પણ દુઃખ છે,' ને તમને દેખાય છે કે 'પૈસા મળ્યા તો સુખ, બંગલો બનાવ્યો તો સુખ; પકવાન્ન ખાધાં તો સુખ, મોટરમાં ચાલ્યા તો સુખ, આમાં દુઃખ શાનું ?' આવું તમને દેખાય તો જ્ઞાનીને પૂછવું જોઈએ કે 'સુખ એ દુઃખ કેવી રીતે ?' શું એ જાણ્યા વિના જ્ઞાનીએ અસત્યવાદી કહેવાય ? ત્યાં જ્ઞાની સમજાવે કે,-

'જો ભાઈ ! ખરજવા ઉપર ખણવામાં આનંદ તો આવે છે, પરંતુ એને સુખરૂપ કહેવાય ? ના; કેમ ના ? એટલા માટે કે એની પાછળ ખરજવાનું દર્દ છે, ને ખણવાથી દર્દ વધે છે. બસ, એ જ રીતે,'



**ખરજવાની દર્દની જેમ સંસારના સુખની પાછળ વિષયતૃષ્ણાનું દર્દ કામ કરી રહ્યું છે, દર્દ વધી રહ્યું છે, તેથી ખણવાનો આનંદ જે દુઃખરૂપ, એમ સંસારસુખ દુઃખરૂપ છે. માટે એમાં કારણભૂત વિષયતૃષ્ણાના દર્દને હટાવો.**

જ્ઞાની પાસેથી આ ખુલાસો મેળવાય તો લાગે કે 'સંસારસુખ એ દુઃખરૂપ છે' એવું કહેનાર જ્ઞાની અસત્ય નહિ, પણ સત્ય જ કહે છે.

બેગમ બાદશાહને કહે છે, 'શેઠને જરા ખુલાસો તો પૂછો કે કેમ એમ ઉત્તર દે છે ? પછી સાચા ખોટાનો તોલ બાંધો.'

ત્યારે બાદશાહ પૂછે છે 'કેમ શેઠ ! આમ બોલો છો ? તમે નજરે ત્રેપન વરસના જેવા દેખાઓ છો ને ત્રણ વરસના કેવી રીતે ?'

વણિક કહે 'નામદાર હું ત્રણ જ વરસથી ધર્મ પામ્યો છું. એટલે એ જ મારી ખરી જિંદગી છે. બાકીની જિંદગી તો ધર્મ વિના એળે ગુમાવાઈ ગઈ. એને મારી ઉંમરમાં શું ગણું ?'

**એ તો મૂર્ખ માણસ હોય તે ગુમાઈ ગયેલા રૂપિયાને પોતાની મૂડી ગણે, એમ ધર્મ વિના વેડફી નાખેલ વારસાને ઉંમરમાં ગણે.**

હા, રૂપિયાને માલમાં ઘાલ્યા હોય તો એ મૂડીમાં ગણાય. એમાં ધર્મમાં ગાળેલા વરસ ઉંમરમાં ગણાય. એ રીતે મારી ઉંમર ત્રણ વરસની છે.

બાદશાહ સાંભળીને સ્તબ્ધ થઈ ગયો. પૂછે છે, 'તો તમારે કેટલા છોકરાને વારસો આપવાનો એની તમને ચોક્કસ ખબર નહિ, એ કેમ ?'

વણિક કહે 'નામદાર ! એ તો દીવા જેવું સ્પષ્ટ છે કે વારસો મારે અંતે આપવાનો; ને એ વખતે મારે કેટલા છોકરા રહે છે એની ચોક્કસ ખબર અત્યારે શી રીતે હોય ? કેમકે વચગાળે બે મરી ગયા કે જન્મી ગયા તો હાલના આંકડા પર કહું તો જુઠો પડું; કારણ, વારસો અત્યાર કરતાં ઓછા કે વધારેનો દેવો પડે.'

બાદશાહ આ જવાબ સાંભળીને પણ **સજડ** થઈ ગયો. વળી પૂછે છે, 'તમારી સંપત્તિ તો લાખની બોલાય છે, તો તમે તો દસ હજારની જ કહી તો એ કેવી રીતે ?'

વણિક કહે, 'આપે મારી સંપત્તિ પૂછી, તો મારી એટલે મારા આત્માની; ને એ તો જે મેં દાન કર્યું એજ ગણાય. સંઘરેલી સંપત્તિમાંથી તો કાલે ઓછા ય થઈ જાય; ને અંતકાળે તો એ મારે અવશ્ય મૂકીને જવાનું એમાં શંકા જ નહિ. તો એને મારી સંપત્તિ શી રીતે ગણું ? પરલોકમાં ન એ સાથે આવે કે ન એના બદલામાં કશી સંપત્તિ મળે. એ તો અહીં દાન કર્યું હોય તો એનું પુણ્ય સાથે આવી પરલોકે અઢળક સંપત્તિ અપાવે. માટે દાન એ જ મારી સંપત્તિ કહેવાય તે હું ત્રણ

વરસથી ધર્મ પામ્યો એમાં મેં દસ હજાર રૂપિયા દાનમાં આપ્યા છે એટલાનું સુકૃત કર્યું છે તેથી એટલી મારી સંપત્તિ ગણું છું.'

કોઈને કોઈએ પાંચ હજાર ધીર્યા હોય, પણ પાછળથી એમ લાગી ગયું કે પેલો રૂપિયા નિશ્ચિત પાછા વાળે એવો નથી, તો પોતે કયાં એને પોતાની સંપત્તિ ગણે છે ? એમ અહીંનો પરિગ્રહ પરલોકે નિશ્ચિત આવી મળવાનો નથી, તો એને શી રીતે આપણી સંપત્તિ ગણવી ? બસ, સુકૃતમાં દસ હજાર નાખ્યા છે એ નિશ્ચિત વધીને મળવાના માટે એને મારી સંપત્તિ કહું, તો એ સત્યવચન છે.'

બાદશાહ આ સાંભળીને પણ સ્તબ્ધ થઈ ગયો. કહે છે, 'શેઠ ! તમે ખરેખરા સત્યવાદી છો. આવા તમારા જેવા સત્યવાદીને તો પાપનો પાકો ભય હોય, પરલોકનો ભય હોય, તેથી એ કયાંય અસત્ય બોલે જ શાના ? આજ તમારાં દર્શનથી હું પાવન થઈ ગયો છું. વળી અવસરે અવસરે દર્શન આપતાં રહેજો. તમારો આભાર માનું છું.' વાત આ હતી કે,

**દાન સુકૃત એ આત્માની સાચી સંપત્તિ છે.**

**સિદ્ધરાજ અને સાજન :-**

માટે તો રાજા સિદ્ધરાજ જયસિંહે, પોતાની ખંડિયા રાજાઓ પાસેથી ઉઘરાવેલ સાડા બાર કરોડ રૂપિયા એના મંત્રી સાજને ગીરનાર પરના જીર્ણોદ્ધારમાં ખરચી નાખ્યા ત્યારે, એ સુકૃતને સાચી સંપત્તિ માની વધાવી લીધું, અને રૂપિયા જતા કર્યા.

બન્યું એવું કે સાજન મંત્રી ૧૨॥ કરોડ રૂપિયા સૌરાષ્ટ્રમાંથી ખંડણીમાં ભેગા કરી પાછો વળતાં ગીરનાર યાત્રાએ ગયો. ત્યાં મંદિરો જીર્ણ શીર્ણ દેખી આ રકમથી બાર મહિનામાં ઉદ્ધાર કરાવ્યો. સાથે એ તૈયારી રાખી કે એટલી રકમની લોન ઊભી કરી. જુનાગઢ પાસેના વણથલી ગામમાં સંઘ પાસે વાત મૂકતાં એક શ્રાવક એવો મળી આવ્યો કે જેણે પોતાના ધનમાંથી એટલું ધન લઈ જવા કહ્યું, ત્યાં સાજને કહ્યું કે 'હમણાં તો નહિ, પણ જરૂર પડશે ત્યારે મંગાવી લઈશ.'

અહીં સિદ્ધરાજને કાનભંભેરણી થવાથી શંકા પડી કે સાજન ખંડણીની રકમ દબાવી બેઠો, તેથી પોતે ભાળ મળતાં ધૂંઆપૂંઆ જુનાગઢ આવ્યો અને સાજનને ગરમ થઈ પૂછે છે, 'પૈસા કયાં ?'

સાજન કહે, 'તૈયાર છે. થેલીઓની થેલીઓ ભરેલી છે.' આપને કોણે કહ્યું કે રકમની ગેરવ્યવસ્થા થઈ છે ? જરાય શંકા ન રાખશો. આ તો સાજન છે. એક પાઈની પણ આઘાપાછી ન થાય. રકમ તૈયાર છે. પણ આપશ્રી આટલે પધાર્યા છો તો ગીરનાર પર પરમાત્માનાં દર્શન કરી લો. પધારો.



સિદ્ધરાજને આ સાંભળી કલેજે ઠંડક થઈ કે, 'હાશ ! ચાલો વાંધો નથી, રકમ વ્યવસ્થિત છે.' એને હવે ટાંટિયામાં જોર આવ્યું.

**સંસારી જીવની કેવી કંગાળ દશા છે ! એને માટીની સંપત્તિ સલામત તો પોતે સલામત. ને એ જો બિનસલામત તો પોતે બિનસલામત, એવું લાગે છે.**

એને ખબર નથી કે એક દિવસ તો પોતાને એનો વિયોગ તો થવાનો જ છે. પછી સલામતી શી રીતે રહેશે ?' બસ એક જ ધૂન કે 'પૈસા એટલે પ્રાણ, પૈસા એટલે સર્વસ્વ.' એટલે પૈસા મળતાં ટાંટિયા જોરદાર ઊપડે, એ ન મળતાં કે ખોવાઈ જતાં ટાંટિયા ભાંગી જાય !

આ પરતી ધર્મસંપત્તિ-ગુણસંપત્તિ-સુકૃતસંપત્તિને સંપત્તિ માનનારે આ જોવું જોઈએ કે 'મારે આની કમાઈ થતાં ટાંટિયામાં જોર આવે છે ? ને આ કોઈ ગુમાવવામાં ટાંટિયા ઢીલા થઈ જાય છે ?'

દા.ત. કયાંક ગુસ્સો થઈ જવાનો પ્રસંગ ઊભો થઈ ગયો, પણ ગમે તે કારણે એ ન કરી શક્યા અને ખામોશ રહી ગઈ. તો આમાં ઈચ્છા કે અનિચ્છાએ ક્ષમારૂપી સંપત્તિની કમાઈ થઈ. તો હવે ટાંટિયામાં જોર આવે છે ખરું કે 'હાશ ! મન તો ગુસ્સો કરી ક્ષમાની તક ગુમાવવાનું હતું, પરંતુ બહુ સારુ થયું કરી એ ન શક્યો; ને ક્ષમાની કમાઈ થઈ ! ફિકર નહિ, સંયોગ-પરિસ્થિતિ ખામોશ રખાવીને, લાભમાં ઊતરી !' આવું કાંઈક થાય ? થવું જોઈએ એવું બીજે આત્મસંપત્તિના લાભમાં થાય. તો એ ટાંટિયામાં જોર આવ્યું ગણાય.

અત્યારે તો રાજા સિદ્ધરાજ માટીની સંપત્તિ પર મોહિત છે. એટલે જ્યાં સાજન પાસેથી જાણવા મળે છે કે ખંડણીની રકમ થેલીઓમાં તૈયાર પડી છે, ત્યાં એના ટાંટિયામાં જોર આવે છે. હવે જ્યાં સાજન ગીરનાર પર પરમાત્માનાં દર્શન કરી લેવાનું કહે છે ત્યાં 'ચાલો જઈએ' કહી હોંશે હોંશે પહાડ ચડી જાય છે. ઉપર પહોંચતા જાય છે. જ્યાં જરા દૂરથી સફેદ દૂધ જેવા શિખરબંધ મંદિરો નજરે ચડ્યા, ત્યાં એ જોતાં જ એના દિલમાં આનંદનો ચમકારો ઊભો થઈ જાય છે. 'અહો ! કેટલાં સુંદર મંદિરો ! જાણે દેવનાં વિમાન નીચે ઊતરી પડ્યા ! અહો મારાં સદ્ભાગ્ય કે પરમાત્માના આટલા બધા સુંદર મંદિરો જોવા મળ્યા ! જીવનમાં એક ભવ્ય લહાવો મળ્યો.'

**અજૈન સિદ્ધરાજ કેમ ગીરનાર યાત્રાએ ? :-**

અલબત સિદ્ધરાજ જૈન નથી, શિવભક્ત છે. છતાં એટલું જાણે છે કે 'જૈનો વીતરાગ ભગવાનને અર્થાત્ રાગાદિ સકલ દોષોથી રહિત પ્રભુને પરમાત્મા માને છે, પછી એમાં વ્યક્તિનો બહુ સવાલ નથી કે 'આ અમુક ઋષભદેવ છે ને ?'

ના, ગમે તે વ્યક્તિ હોય, પરંતુ એ અમુક જ વ્યક્તિ તરીકે માન્ય નહિ, કિન્તુ સમસ્ત રાગાદિ દોષોથી રહિત વીતરાગ પરમાત્મા તરીકે માન્ય-પૂજ્ય-આરાધ્ય છે.'

સિદ્ધરાજને આ ખબર હોવાથી પરમાત્માના આટલા બધા ભવ્ય જિનમંદિરો જોતાં એ પાણી પાણી થઈ જાય છે. તાજા જ જીર્ણોદ્ધાર પામેલા છે ને ? એ જોતાં રાજાનાં હૈયે હરખ માતો નથી. હરખથી ગદ્ગદ થતો એ સાજનને પૂછે છે,

**'સાજન ! કઈ ધન્ય માતાના દીકરાએ આ બનાવ્યા ?'**

**પ્ર.**- બનાવનાર વ્યક્તિનું નામ ન પૂછતાં એની માતાનું નામ કેમ પૂછે છે ?

ઉ.- એ જ ખૂબી છે. સિદ્ધરાજ માતાના અથાગ ઉપકાર અને વાત્સલ્ય પર અનેરો માતૃભક્ત છે. એને મન 'માતા એટલે શી વાત !'- એવો માતા પ્રત્યે ખૂબ જ આદરભાવ છે. કશું સારું બની આવવામાં જાતની વડાઈ નહિ, પણ માતાની વડાઈ સમજે છે. 'માતા કેવી સારી કે એના પેટે જન્મ લીધાથી મારે આવું સારું બની આવ્યું ! મારાથી આ સારું કામ થયું ! વાહ રે ધન્ય મારી મા !'

ધર્માત્માને પરમાત્મા તરફ આવો ઝુકાવ હોય છે. એટલે જ સારું થવામાં એ પરમાત્માનો પાડ માને છે, પરમાત્માની વડાઈ માને છે. આવું એને વારે વારે થયા કરે છે કે 'વાહ ! પરમાત્માને ધન્યવાદ કે એમની કૃપાથી આ સારું બની આવ્યું.' આ નિયમ છે,-

**તમને હૈયે કોણ ખૂબ માન્ય છે, કોની શ્રેષ્ઠ વડાઈ લાગે છે, એનું માપ આના પરથી નીકળે કે કશું સારું બની આવવામાં એનો યશ એનું માન કોને આપો છો.**

સારું બનવાની પાછળ જેને માન આપો એ તમારે મન મહત્ત્વની વ્યક્તિ. જો જાતને જ માન આપવાનું થાય છે તો જાતની જ વડાઈ હૈયે વસી ગણાય. બીજાને માન આપો તો બીજાની વડાઈ કહેવાય. સિદ્ધરાજ માતાને વડાઈ આપે છે એ સૂચવે છે કે એને મન જાત પર એવું નહિ એટલું માતા પર માન છે. વિચારજો, સિદ્ધરાજ એક મોટો સમ્રાટ રાજા છે. એની હાથ નીચે કેટલાય બધા ખંડિયા રાજાઓ છે. છતાં એ મોટી ઠકરાઈ મળવામાં જાતની વડાઇ નહિ, પણ માતાની વિશેષતા લાગે છે. તેથી સૂચિત થાય છે કે એ માતાનો પરમ ભકત છે. આટલી બધી જાતે ઊભી કરેલી સત્તા-ઠકુરાઈ છતાં અને ઉંમર પણ મોટી થેયલી છતાં માતા પર ભારે આદરભાવ રહેવો એ આ કળીકાળમાં એક મોંઘેરી વસ્તુ છે.

**આજે માતૃભક્તિ કેવી ? :-**

આજે દેખાય છે ને કે સહેજ ડીગ્રી મળતાં, ને રૂપાળી ડીગ્રીવાળી કન્યા મળતાં છોકરા **છકી** જાય છે, માબાપથી જુદા થાય છે. અગર સાથે રહે છે તો ય માતાએ એનું મન સાચવવું પડે, એણે માતાનું મન સાચવવાનું નહિ. જાણે બધી



હોંશિયારી પોતાનામાં, ને માતા તો **બુધ્ધુ** ! માતા પર બહુમાન જ નહિ, તે એને સવારે ઊઠી માતાને પગે પડતાં શરમ આવે ! ઘેલછા લાગે છે ! અભિમાનનું પૂતળું, તે કશું કરવા, કારવવામાં માતાને પૂછવાનું જ નહિ; જાત જ આપમતિએ સૂઝયું તેકરી લેવાનું અથવા મોહનું પૂતળું તે ઘરવાળીને પૂછીને એ કહે તેમ કરવાનું; માતાને કશું પૂછવા-કરવાનું નહિ ! કારણ ? પહેલેથી એવી માતૃભક્તિ ઊભી કરી નથી, પોષી નથી.

આમાં થોડો વાંક માતાપિતાનો છે. તે એ કે, છોકરો ઊગીને ઊભો થાય છે ત્યારથી માંડીને માતાએ એના પિતાની વડાઈ ન ગાયા કરી કે જો આ તારા બાપુજીની મહેરબાની છે કે આપણને આટલા બધા સારા રાખે છે. એમનો તારા પર બહુ ઉપકાર છે. એમના તો પગ ધોઈ ચરણજળ માથે ચડાવીએ...' વગેરે વગેરે વારે વારે બચ્ચાને કહેવાનું રાખ્યું નથી. એમ પુત્રને પિતાએ એ શિખવાડવાનું રાખ્યું નથી કે 'જો આ તારી બા આપણું કેટલું બધું સાચવે છે કરે છે ! તારા પર એનું કેટલું બધું હેત છે ! એના હૈયે તું જન્મ્યો ત્યારથી તારી કેટલી બધી ચિંતા-કાળજી ! તું હોશિયાર શાનો થઈ રહ્યો છે ! ચોવીસે કલાક તારી માતા તારી સંભાળ રાખ્યા કરતી આવી છે માટે. એના જેવું કોઈ તારું ઉપકારી નથી...' વગેરે વગેરે શિક્ષણ પિતા આપ્યા કરતો નથી. પછી પરિણામ આ જ આવે ને કે પુત્ર મોટો થયે, જરા પગભર થયો કે એને મન માતા-પિતાનું કશું મૂલ્ય જ નહિ, બધે જાતની જ વડાઈ લાગે છે.

**મહા ઉપકારી માતાપિતા અને દેવ-ગુરુને બદલે જાતની જ વડાઈ લાગે એ કેવું ગોઝારું જીવન ! ગોઝારું જ્ઞાન !**

પછી ભલે ને કદાચ કોઈ સુકૃત કર્યું, પરંતુ જો એમાં ઉપકારી પ્રત્યે કૃતજ્ઞભાવ નથી, ને જાતની વડાઈ જાતના અભિમાનમાં નસકોરાં ફુલી જાય છે, તો જીવન ગોઝારું છે. સારું સુકૃત પણ જાતના અભિમાનને પોષવામાં જાય છે. ત્યારે આ જીવ સંસારમાં કેમ બહુ ભમતો રહ્યો છે ? વારે ને વારે જાતનું અભિમાન પોષી પોષીનેસ્તો. પૂછો,-

**પ્ર.**- નરકનો જીવ તો ગરીબડો થઈ પરમાધામી વગેરેનો કારમો માર ખાયા કરે છે, તેથી એને જાતનું અભિમાન રહે નહિ, તેથી એ વહેલો તરી જાય ને ?

ઉ.- ભૂલો છો, એને ય જાતનું અભિમાન છે, એટલે એના મનને માર ખાતાં એમ થાય છે કે 'આ હું શું કરું, લાચાર છું આ મને માર્યા કરે છે ને હું કશું કરી શકતો નથી. પણ હમણાં જો મારું ચાલે ને, તો આના બાર વગાડી નાખું. એ મને શું સમજે છે ?' આ ભાવ અભિમાન અને દ્વેષના ઘરનો છે.

જાતના અભિમાનમાં સુકૃત પણ અભિમાનને પોષનારા બને છે. ત્યારે જો ઉપકારી વડાઈ માની એમને માન આપવાનું હોયતો સુકૃતમાં તો શું પણ સાંસારિક કામમાં પણ કૃતજ્ઞતા પોષાય, યોગ્યને સન્માન આપવાનું થાય, નમ્રતા પોષાય, અને એ બધું ગુણપોષક બને.

એટલે જ સુયોગ્ય આત્માઓ વારે ને વારે દેવગુરુનો ઉપકાર માને છે કે 'મારું શું ગજું કે આ કરી શકું ? શું ગજું કે સારો રહી શકું ? એ તો દેવગુરુને ધન્યવાદ છે કે એમના પ્રભાવે સારું કરી શકું છું, સારો બની શકું છું. સાધુને 'સ્વામી ! શાતા છે જી ?' પૂછો ત્યારે એ શું કહે છે ? 'દેવ ગુરુ પસાયે' કેમ વારુ ? થોડી સુખશાતા રહે એ પણ દેવગુરુના પ્રભાવે જ બને છે.

સિદ્ધરાજના મનને 'સારું થવામાં માતાની જ વડાઈ લાગે છે; તેથી સાજનને પૂછે છે, કઈ ધન્ય માતાના દીકરાએ આ ભવ્ય મંદિર બનાવ્યા ?'

સાજન કહે છે, 'સાહેબ ! મીનળદેવી ધન્ય માતાના દીકરાએ આ બનાવ્યા છે.'

સિદ્ધરાજની માતા મીનળદેવી છે, તેથી સિદ્ધરાજ આ સાંભળી ચોંકી ઊઠે છે, ને પૂછે છે 'એટલે શું મેં આ બનાવ્યા ?'

મંત્રી કહે,- 'હા જી, આપે જ આ બનાવેલ છે.'

સિદ્ધરાજ પૂછે,- 'શી વાત કરો છો ? હું તો આ અંગે કશું જાણતો જ નથી. મેં આ બનાવરાવવા કશી યોજના ય કરી નથી, તેમ કોઈને આ કરવા કહ્યું નથી. હું કંજુસ આ શાનો કરાવું ? પછી કેમ કહો છો કે આ મેં કરાવ્યા ?'

**સાજનનો ખુલાસો :-**

સાજન ખૂબ શાંત ચિત્તે પણ ગંભીરતાથી કહે છે,- 'જુઓ મહારાજ ! આપની ખંડણીના સાડા બાર કરોડ રૂપિયા આવેલા, તે અહીં હું દર્શનાર્થે આવતાં મંદિરો જીર્ણ શીર્ણ જોઈ મનને થયું કે આનાં જીર્ણોદ્ધારનું જંગી કામ કોણ સામાન્ય માણસ કરાવી શકવાનો હતો ? આ તો સદ્ધરનું કામ. તેથી તરત ડબલ-ચોબલ માણસો કામે લગાડી દઈ આ જીર્ણોદ્ધાર ખંડણીના દ્રવ્યથી કરાવી લીધો. છતાં એટલી રકમની મારા હિસાબ અને જોખમની લોનની સગવડ પણ મેં કરી લીધી છે. હવે જો પરમાત્માની ભક્તિના સુકૃતની સાચી સંપત્તિ આપને જોઈતી હોય તો આ સામે જ મોજુદ છે; તે ૧૨॥ કરોડ રૂપિયાની માટીની સંપત્તિ જોઈતી હોય તો નીચે પધારો એ મળી જશે !'

રાજા સિદ્ધરાજ વિચારમાં પડી ગયો કે 'શું કરવું ? આ કહે છે 'રૂપિયા ય નીચે તૈયાર છે, અને પરમાત્માના મંદિરોનું સુકૃત પણ અહીં હાજર છે. શું પસંદ કરવું ?'



સિદ્ધરાજ કંજુસ છે. પૈસાનો ખૂબ પ્રેમી છે, છતાં વિવેકી છે, ને માણસને વિવેક સીધું સુઝાડી દે છે. એટલે કહેવાય છે કે સમકિતી આત્મા વિષયોમાં ખૂંચેલો છતાં વિવેકી હોવાથી એને હેય-ઉપાદેયનાં મોટા અંતરનું ભાન છે. તેથી એ ભાન એ વિવેક એને સીધું સૂઝાડે છે; પછી ભલે અમલ બધો ન કરી શકે; છતાં અવસરે વિવેક મુજબ એ કરવા તૈયાર થઈ જાય છે;

**સિદ્ધરાજની સુકૃત સંપત્તિની વિચારણા :-**

સિદ્ધરાજને આ વિવેક સ્ફુરે છે કે 'સાડા બાર કરોડ રૂપિયાનું ધન લઈ તો જઈ શકું છું; પરંતુ એ માટીની સંપત્તિ કેટલી ટકવાની ? ને એનાથી શા સારાં કામ થવાના ? જઈને એ સંપત્તિ ભંડારમાં કેદ પૂરાશે; તેમ એ ય મારાં મૃત્યુ બાદ મારે લેશ પણ કામની નહિ. હું જવાનો ને એ અહીં જ રહેવાની. ઊલટું આ માયાનાં પાપ મારી સાથે લાગવાનાં.'

'ત્યારે, પરમાત્માનાં આ મંદિર-ઉદ્ધારના સુકૃતરૂપી સંપત્તિ મારા પરલોકને સદ્ધર બનાવશે, એનાં પુણ્યની સંપત્તિ મારી સાથે લાગશે. તો એ જ કાં ન વધાવી લઉં ? માટીનું ધન ભોગવવા અહીં જીવીને હવે કેટલું જીવવાનો છું ?'

'તેમ, માટીનું ધન ખજાનામાં પડ્યું મારે બીજા કશા કામમાં તો નહિ આવે, માત્ર અભિમાન અને મૂર્ચ્છાનું પાપ પોષવામાં કામ લાગશે.'

'એનાં કરતાં આ સુકૃત-સંપત્તિની જ માયા-મમતા કાં ન ઊભી કરી લઉં ? જેથી અંતકાળે હુંફ તો રહે કે ચાલો, ફિકર નહિ, સાડા બાર કરોડના ખર્ચથી ઊભી થયેલ પરમાત્મભક્તિનાં સુકૃતની સંપત્તિ મારી પાસે છે, જે મને આગળ પર ખૂબ ઓથ આપનારી છે. ખજાને પડેલા માટીના ધન ઉપર અંતકાળે આ હુંફ કયાંથી આવવાની ? હુંફ આપવાની અને તાકાત નથી. ઊલટું દિલને વેદના થશે કે 'હાય ! આટલી બધી સંપત્તિ છતાં મારે મરવાનું ? એ મૂકીને મરવાનું ?'

બસ, આ વિચાર, આ વિવેક કરીને સિદ્ધરાજે મંત્રીને કહી દીધું કે 'સાજન ! મારે આ મંદિરોના સુકૃતની સંપત્તિ જોઈએ છે, માટીના ધનની સંપત્તિ નહિ.'

**સાજનનો ઉપકાર માને છે :-**

પછી સાજનની પીઠ થાબડતાં કહે છે, 'સાજન ! સાજન ! તને ધન્યવાદ ઘટે છે કે આવડું મોટું સાહસ કરીને પરમાત્માનાં મંદિરોનાં આ જીર્ણોદ્ધાર કરાવ્યા ! ને એ પરમાત્મ-ભક્તિનું સુકૃત મને અર્પી દે છે ! તારો હું કેટલો ઉપકાર માનું ! મારી જાતે, મારા કૃપણ સ્વભાવને કારણે, આ ન કરી શક્ત. મને જો પૂછવા આવ્યો હોત કે સાડા બાર કરોડ રૂપિયા જેવી જંગી રકમથી આ જીર્ણોદ્ધાર કરાવવાનો લાભ લેવો છે ? તો હું ના જ કહેત. ત્યારે મને પૂછ્યા વગર આ કરીને હવે તું

મને આ અતુલ અવર્ણનીય સુકૃતનો લાભ અપાવે છે, એ તારો કેટલો બધો અઢળક ઉપકાર ! આજ સુધી આ તારા જેવો મને કોઈ કલ્યાણ મિત્ર મળ્યો નથી. ભારે શાબાશી ઘટે છે તને !'

સાજન સાંભળીને ખૂબ પ્રસન્ન થયો, રાજાને હાથ જોડીને કહે છે, 'મહારાજ ! ત્યારે હું ય કેટલા ધન્યવાદ આપું આપને ? આટલી મોટી રકમની મૂર્ચ્છા મૂકી દીધી આપે ! એકલે પંડે આપે આટલું મોટું સુકૃત કર્યું ! ખરેખર આપે માતાનું નાન રોશન કર્યું. આવી દેવી જેવી માતાના દીકરો આવો દેવ જેવો જ હોય. ચિરંજીવો આપ, ને માતાને યશ અપાવનાર આવાં મહાન સુકૃતો કરતા રહો એવી પ્રભુ પ્રત્યે મારી પ્રાર્થના છે.'

**માટીની સંપત્તિના ભોગે આત્મસંપત્તિ કમાઓ :-**

આ પ્રસંગમાંથી આપણે આ વિવેક લેવાનો છે કે સાચી સંપત્તિ આત્માને પરલોક હિતકારી થઈ શકે એ દયા-દાન-પરમાત્મભક્તિ, ત્યાગ-તપ-સંયમ વગેરે જ છે, પણ નહિ કે નાશવંત પૈસાટકા-માલમિલકત-મોજવિલાસ...વગેરે. તેથી જ્યાં જ્યાં ને જ્યારે જ્યારે શક્યતા હોય ત્યાં ત્યાં ને ત્યારે ત્યારે આના ભોગે પમ આત્માની સાચી સંપત્તિ કમાઈ લેવા સજાગ રહેવાનું.

રાજા હસ્તિપાળ એ વિચારી રહ્યા છે કે 'ચૈત્ર મંત્રીએ ખરો લહાવો લીધો ! એને ચંપા નગરીમાં ગુરુ ધર્મઘોષમુનિ પાસેથી સાચી આત્મસંપત્તિનો બોધ સુંદર મળ્યો ! મારાં પણ ભાગ્ય કયારે જાગે કે ગુરુ મહારાજ અત્રે પધારે, ને એમના શ્રીમુખે મને આવો તત્ત્વબોધ મળે !'

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૩,અંક-૪૬,તા.૨-૮-૧૯૭૫**

**હસ્તિપાલ રાજાને ગુરુયોગ :-**

રાજાને મોટું રાજ્ય-ખજાના-પરિવાર વગેરેને બદલે દયા-દાન વગેરે સંપત્તિરૂપ લાગ્યાથી આ કોડ થયા. ને એના સારા નસીબે ગુરુ ધર્મઘોષમુનિ સપરિવાર ત્યાં પધાર્યા. ઉદ્યાનપાલકે રાજાને ગુરુના આગમનની વધામણી આપતાં રાજા ખૂબ જ આનંદિત થયો, માળીને સારું વધામણીદાન આપ્યું, અને પોતે પરિવાર સાથે ગુરુની પાસે ગયો.

રાજા હસ્તિપાળ મુનિઓને વંદના કરી ગુરુની ઉપાસના અર્થે બેઠા, ત્યાં ગુરુએ સપર્ષદાને ઉદ્દેશીને ઉપદેશ આપ્યો કે,



**રાજાને મુનિનો ઉપદેશ :-**

**કર્મ અને મોહની વિટંબણાને લીધે સુખ અલ્પ, દુઃખનો દરિયો :-**

''હે મહાનુભાવો ! આ સંસારમાં જીવ સુખનો અર્થી અને દુઃખનો દ્વેષી છતાં સુખના બદલે દુઃખ દેખવા પામે છે, કદાચ સુખ મળે તો ય એ સુખ મધના બિંદુ જેટલું અતિ અલ્પ, અને દુઃખના દરિયા જોવા મળે છે. એનું કારણ કર્મની અને મોહની વિટંબણા છે. જ્યાંસુધી આ વિટંબણાનો અંત ન આવે ત્યાંસુધી એ દુઃખના દરિયાનો પાર પામી, સાચાં સુખને અનંત-અવ્યાબાધ-શાશ્વત સુખને શી રીતે પામી શકે ? જીવના પોતાના આત્મામાં અનંત સુખ ભર્યું પડ્યું છે. પરંતુ કર્મસત્તાએ એને આવરી દીધું છે. આ કર્મજાળને તોડી-ફોડી નિર્મૂળ કરી દેવામાં આવે, તો જીવ એ સિદ્ધ અવસ્થા પામી અનંત-અવ્યાબાધ-શાશ્વત સુખનો ભોક્તા બને. એ અવસ્થા ન પામે ત્યાં સુધી જીવ કર્મના પનારે પડ્યો સંસારની ચાર ગતિઓની ૮૪ લાખ યોનિઓમાં અશરણા નિરાધારપણે દુઃખની ભઠ્ઠીમાં શેકાતો ભટક્યા કરે છે.''

**કર્મ આપ્યાં દુઃખ પર મોહમૂઢતાથી ગુણાકાર :-**

વિષમતા તો એ છે કે કર્મે આપ્યાં દુઃખ ઉપર પોતાની અજ્ઞાન મોહમૂઢ દશાને લીધે દુઃખના ગુણાકાર કરે છે. એને પોતાના આત્માનું ને આત્માના શુદ્ધ જ્ઞાનમય સુખમય સ્વરૂપનું ભાન નથી, ને એ જડ માટીની કાયાને પોતાની જાત માની લે છે, આત્માની ભાવશત્રુભૂત ઇન્દ્રિયોની તુષ્ટિપુષ્ટિ કરવામાં રાત દિ' મચ્યો રહે છે. એમ કરવામાં અનેકાનેક પ્રકારના હિંસા-જૂઠ-ચોરી વગેરે દુષ્કૃત્યો અને કામ-ક્રોધ-લોભાદિ કષાયો સેવે રાખે છે જે એના આત્માને કર્મની જાળથી જકડી દુર્ગતિઓમાં અનેક પ્રકારની અપાર વેદનાઓથી રીબાવે છે. તેથી જો એથી છુટવું હોય તો મોહ અજ્ઞાનની વિટંબણાનો અંત લાવવો જોઈએ.

**મોહ-વિટંબણાનો અંત ધર્મથી :-**

મોહ અને અજ્ઞાનની વિટંબણાનો અંત લાવવા માટે એકમાત્ર ઉપાય ધર્મ છે. એ ધર્મ એકમાત્ર સમ્યગ્દર્શન જ્ઞાનથી સહિત શુદ્ધ ચારિત્રધર્મ છે. સર્વ પ્રકારના પાપવ્યાપારના ત્યાગથી એ સધાય. જેની એવા સર્વત્યાગની શક્તિ ન હોય, એને એ શક્તિએ પહોંચવા માટે દેશવિરતિ-દેશચારિત્ર ધર્મ છે. એ સાધતાં સાધતાં સર્વપાપત્યાગના ચારિત્રધર્મની શક્તિ વીર્યોલ્લાસ પ્રગટ થાય.

આ ચારિત્રધર્મની કઠોર તપ સાથે સાધના કરતાં કરતાં જીવ એનાથી પરિણત થતો જાય છે, તેમ તેમ એની મોહ-અજ્ઞાનની વિટંબણાઓનો અંત આવતો જાય છે, કર્મની શૃંખલાઓ તુટતી જાય છે, અને ક્રમશઃ પરાકાષ્ઠાએ એ વીતરાગ સર્વજ્ઞ

બને છે, અને શેષ કર્મોનો સંપૂર્ણ ક્ષય થઈ જતાં એ સિદ્ધ-બુદ્ધ-મુક્ત-નિરંજન-નિરાકાર બની લોકોની સિદ્ધશિલાની ઉપર શાશ્વત કાળ માટે સ્થિર થાય છે.

**મોક્ષમાં અનંતસુખ કેમ ? :-**

એ સિદ્ધ-અવસ્થામાં અનંત સુખ પ્રગટ થાય છે. સંસારના સુખ કરતાં એ સુખ અનંતગણું હોય છે. કેમકે એ આત્માનું સ્વભાવભૂત સુખ છે. એમાં વિષયોની પરાધીનતા નથી કે વિષયોનો સંપર્ક હોય તો જ સુખ લાગે. ના, વિષયોની કોઈ અપેક્ષા જ નહિ. જેમ પાણીમાં તો સાકર નાખો તો જ મિઠાશ આવે, પરંતુ સાકરમાં મિઠાશ સહજ હોય છે; એમ સંસારસુખ ઈષ્ટ વિષયો મળે તો જ લાગે, પરંતુ સિદ્ધાવસ્થામાં આત્માનું સુખ સહજ સ્વરૂપનું હોય છે.

વળી આ મોક્ષના સુખમાં દુઃખનું લેશ પણ મિશ્રણ નથી, કેમકે દુઃખકારક શરીર-કર્મ-ઈન્દ્રિયો વગેરે કશી ઉપાધિ ત્યાં નથી. એટલે ત્યાં દુઃખની બાધા વિનાનું અવ્યાબાધ સુખ છે.

**મોક્ષ સુખનો કદી નાશ કેમ નહિ ? :-**

તેમ, એ સુખ સહજ-સ્વાભાવિક, આત્મ-સ્વરૂપે હોય છે, તેથી એ પ્રગટ થયેલું, હવે કદાપિ જતું રહેતું નથી. સુખને આવરનાર કર્મ હવે છે નહિ, અને નવાં કર્મને આવવાનાં ત્યાં કોઈ કારણ નથી. અજ્ઞાન-મોહ-કષાયો અને દુન્યવી દોડધામ કર્મને લાવનારાં કારણો હતાં, એ તો એમણે દૂર ફગાવી દીધાં છે. હવે શરીર-ઈન્દ્રિયો અને મન જ નહિ, પછી એને ઈષ્ટ-અનિષ્ટ લાગવાનું શું ? ઈષ્ટ-અનિષ્ટ વિષયો ય શાના હોય ? એ નહિ તો શાનો મોહ કરે ? શું કામ અજ્ઞાન હોય ? કોની ખાતર કષાયો અને દોડધામ કરે ?

**કષાયો અને પાપની દોડધામ ઈષ્ટ-અનિષ્ટ વિષયોની ખાતર કરાય છે.**

વિષયોની ગુલામી છોડી દેવાય; તો એ કશું કરવાનું રહે નહિ. પછી કર્મના બંધને જકડવાનું ય ન થાય, અને અનંત ભવોમાં ભટકવાનું ય ન થાય. જીવ જો સમજે તો એને લાગે કે 'આ હું વિષયોને ઈષ્ટ-અનિષ્ટ લેખું છું. આ ગમતા ને આ અણગમતા...એમ કરું છું, એ મારી વિટંબણા છે; કેમકે એક તો એ મારી ઈચ્છા મુજબ હંમેશા પ્રવર્તતા પામી જઈ અનિષ્ટ બને છે, અને અનિષ્ટ જાય એવી ઈચ્છા છતાં એ માથે લાગ્યા રહે છે. તેમજ ઈષ્ટ-અનિષ્ટ કરવામાં કર્મનાં બંધનોએ જકડાવું પડે છે, જેનાં ફળમાં ઠેઠ નરકગતિ સુધીનાં કારમા દુઃખ આવે છે, જનમ-મરણના ચક્રમાં અનાથ-અશરણપણે ભમવું પડે છે. આ બધી હોળી સમજનાર વિષયોના રાગ-દ્વેષ છે. એ જીવની વિટંબણા નહિ તો બીજું શું ?

**વિષયોના રાગ જેવી જીવની બીજી વિટંબણા નથી.**



સુજ્ઞ જીવને વિષયરાગ જાગતાં એમ અફસોસી થાય કે 'હાય ! આ મારે રાગ કરવાની વિટંબણા શી કે જેના ઉપર મોટી આપદાઓ અને મારી નાલેશી ખડી થાય ? જગતમાં આ વિષમય વિષયોનો ઘેરાવો ન હોત તો હું કેટલો સુખી હોત ? કેટલો સ્વતંત્ર હોત ? આજ જગતમાં તો વિષયો રહેવાના છે. હું એના પર રાગ ન કરું તો મને કોઈ દુઃખ નહિ. ત્યારે આ રાગ કરીને હું વિષયોની કેવી વિટંબણા-ગુલામી ભોગવી રહ્યો છું !' આમ હૃદયરુદનભરી અફસોસી પર એ શક્ય એટલી વિષયાસક્તિ-વિષયરાગ ઘટાડતો આવે, એ માટે વિષયોનો ત્યાગ કરતો ચાલે.

**મૂળ વાત આ, કે વિષયો અને વિષયરાગ વિટંબણા લાગે :-**

પૈસા-ટકા, માલ-મિલકત, સ્ત્રી-પરિવાર રૂડાં ખાન-પાન-કપડા-દાગીના, માન-સન્માન વગેરે વિષયો અને એનો રાગ-વિટંબણારૂપ લાગવો જોઈએ. તો એનો સાચો ત્યાગ કરાતો આવે.

**અભયકુમાર રાજ્યને વિટંબણા સમજે છે :-**

અભયકુમારને પિતા શ્રેણિક રાજ્યગાદી સંભાળી લેવા આગ્રહ કરે છે, ને અભયકુમાર ભગવાન શ્રીમહાવીર સ્વામીને પૂછી સમજી લે છે કે 'જો હું રાજા બનું તો મને ચારિત્ર ન મળે.' પછી એણે તારવણી કાઢી કે **તો તો આ રાજશાહી ઠાઠ મને નરકના દરવાજા જ દેખાડે.** તો પછી આવી રાજ્ય વિટંબણા મારે શા સારુ જોઈએ ? ને હવે આયુષ્યનો ભરોસો કેટલો ?

બસ, અભયકુમારે પિતા શ્રેણિકને જણાવી દીધું કે 'મહાવીર ભગવાનનો સેવક હું ને મહાવીર ભગવાનો સેવક તમારો હું પુત્ર થઈને રાજ્યવૈભવ સત્તા લઈ નરકે જાઉં એવું તમે ઈચ્છો છો ? આ વૈભવ સત્તા તો એક મહાવિટંબણા છે. માટે મને આ વિટંબણાથી છૂટવા ચારિત્રમાર્ગે જવાની રજા આપો, આશીર્વાદ આપો, કે 'તું ચારિત્ર પાળી અનંત જન્મોથી ચાલી આવતી કર્મવિટંબણાનો અંત લાવી મોક્ષ પામ.'

પિતા મહારાજ શ્રેણિક બાપ છે, સાપ નહિ. એ પોતાના માટે પણ આ સમજે છે કે 'હું કર્મ અને વિષયોની વિટંબણા ભોગવી રહ્યો છું, ને તેથી નરકમાં જવાનો છું. તો પછી શા સારુ મારે વિટંબણામાંથી છુટવા માગતા પુત્ર અભયકુમારને આ વિટંબણામાં જકડી રાખવો જોઈએ ?' તરત પોતે રજા આપી દઈ અભયકુમારને વરઘોડો કાઢી પ્રભુ પાસે લઈ જાય છે, ચારિત્ર અપાવે છે, ને અભયકુમાર મુનિ બની જે ઉદ્દેશથી ચારિત્ર લીધું છે એને બરાબર ખ્યાલમાં રાખી અહિંસા-સંયમ-તપના પરાક્રમ દ્વારા સૂક્ષ્મ પણ વિષયરાગાદિ સમસ્ત વિટંબણાનો અંત લાવે છે, અંતે કેવળજ્ઞાન પામી સર્વ કર્મનો ક્ષય કરી સિદ્ધ-બુદ્ધ-મુક્ત થાય છે.

**મન પર વિષયોની વિટંબણાનો ત્રાસ લાગવો જોઈએ.**

**સીતાજીને** એ લાગેલો, તેથી દિવ્ય કર્યા પછી એમનો જયજયકાર થયો, અને હવે નિરાંતે માનવંતી સ્થિતિમાં રાજશાહી સુખ ભોગવવાનો અવસર આવ્યો છે, ત્યારે વિષય વિટંબણાના ત્રાસથી એમણે એ વધાવી ન લેતાં સર્વત્યાગ કરી સંયમમાર્ગ અપનાવ્યો; વહાલસોયા બે પુત્ર અને પુત્રવધુઓના મોહ પણ મૂકી દીધા. સંયમમાર્ગની કઠોર સાધના કરી, અંતરને અર્હદ્‌ભક્તિ, તપ અને જ્ઞાનધ્યાનથી અજવાળ્યું. અંતે એ કાળ કરી બારમા દેવલોકના અચ્યુતેન્દ્ર બન્યા. અસંખ્ય વરસો સુધી અસંખ્ય જિનેશ્વર ભગવંતોને મેરુશિખર પર જન્મોત્સવના અભિષેક કરશે.

**વિષય વિટંબણાનો ત્રાસ લાગે તો જ પ્રભુ સાથે મિલન :-**

મૂળ વાત વિષયોની વિટંબણાનો મન પર ત્રાસ લાગે એટલે પરમાત્મા સાથે મનનું જોડાણ થાય, પરમાત્માની આજ્ઞાનું પાલન કરવારૂપ પરમાત્માની શ્રેષ્ઠ ભક્તિ થાય. પછી એનાં ફળમાં અસંખ્ય જિનેશ્વર દેવો જન્મ પામ્યે એમનો પહેલો જન્માભિષેક કરવાની ભક્તિ કરવાનું મળે એમાં નવાઈ શી ? એટલું જ શા માટે ? મોક્ષ પામીને પરમાત્માની આત્મ જ્યોતમાં પોતાના આત્માની જ્યોત મિલાવી દેવાની સર્વોત્કૃષ્ટ ભક્તિ પ્રાપ્ત થાય.

**આનંદ-કામદેવ** આદિ શ્રાવકોએ ભગવાનને પામીને પરમાત્માની જ્યોતમાં પોતાની આત્મજ્યોત મિલાવવાની તૈયારી કરી. મહાઋદ્ધિમંત છતાં વિષયોને વિટંબણારૂપ સમજી હૈયે પરમાત્માને અને એમની આજ્ઞાને વસાવ્યા; ને કાયામાં શ્રાવકના બાર વ્રત ઉતાર્યા; શ્રાવકની ૧૧ પ્રતિમારૂપ સાધના ઊતારી. ત્યાંથી દેવલોકમાં જઈ હવે પછી એ મહાવિદેહ ક્ષેત્રમાં જન્મી વિષય વિટંબણાનો ત્યાગ કરી ચારિત્ર પાળીને મોક્ષે જશે; સિદ્ધ બનશે.

પર્ષદા સાથે રાજા હસ્તિપાલને ધર્મઘોષ મુનિએ કહી દીધા છે કે એ સિદ્ધ અવસ્થા પામવા માટે સાધુધર્મ અને શ્રાવકધર્મ છે. સાધુધર્મ સ્વીકારવાની તાકાત ન હોય તો શ્રાવકધર્મ સ્વીકારી એનું એવું પાલન કરતા જવાય કે જેથી સાધુધર્મની તાકાત પ્રગટ તથી આવે. પરંતુ શું સાધુધર્મ કે શું શ્રાવકધર્મ, બંનેનું પાલન કરતી વખતે લક્ષ્ય સિદ્ધ અવસ્થાનું રાખવાનું છે. સિદ્ધ અવસ્થા પામવા યોગ્ય લક્ષ્ય તરીકે હોય એટલે ધ્યાન રહે કે 'મારે સિદ્ધ થવું છે એટલે શરીરથી મુક્ત, ને શરીરની માયાથી મુક્ત, થવાનું છે. તો બોલો એ સર્વેસર્વા મુક્તિ ક્યારે મળે ? પહેલાં થોડી થોડી પણ શરીરમાયાથી મુક્ત થતો જાઉં, અર્થાત્ શરીરની માયાને ઓછી ઓછી કરતો ચાલુ એ માટે શરીરની માયાથી થતાં યથેચ્છ આહાર-વિહાર અને વિષયભોગને કમ કરતો ચાલું.'



**યથેચ્છ આહારાદિ છતે અંતરથી અલિપ્ત કેમ ન રહેવાય ? :-**

**પ્ર.-** એ યથેચ્છ આહારાદિને ઓછા ન કરે તો પણ શું અંતરથી શરીરની માયા-મમતાને દૂર ન રાખી શકે ?

ઉ.- ત્યાં આ વિચારો કે જો અંતરમાં શરીરમાયા નથી તો પછી શા માટે ફાવે તેમ આહારાદિની પ્રવૃત્તિ રાખે છે ? દા.ત. માણસના અંતરમાં વેશ્યા પ્રત્યે આસકિત-આકર્ષણ ન હોય, તો વેશ્યા પાસે જાય ખરો ? અને જો જાય અને યથેચ્છ વેશ્યાગમન કરતો હોય તો શું એમ કહી શકાય કે એને દિલની અંદર વેશ્યા પ્રત્યે માયા-મમતા-આસકિત નથી ? ના, અંતરમાં આસકિત બેઠી હોય ત્યારે જ એ વૈશ્યાગમનમાં યથેચ્છ પ્રવર્તે પરંતુ જો એના બદલે અંતરમાં વેશ્યા પ્રત્યે પાકી ઘૃણા હોય તો જ એ વેશ્યાગમનમાં ન પ્રવર્તે.

બસ, એમ અહીં શરીરને વેશ્યા જેવું સમજવાનું છે. શરીર એ વેશ્યા એટલા માટે કે એ, જેમ વેશ્યા વેશ્યાસક્તનું ધન ખેંચે છે, ને ધન ખાલી થયે એનો ત્યાગ કરી દે છે, એમ શરીર અહીં રંગરાગમાં આત્માનું પુણ્યધન ચૂસે છે, ને પુણ્યધન ખાલી થયે આત્માનો ત્યાગ કરી દે છે. આવી શરીરવેશ્યા પર અંતરમાં માયા-મમતા ન હોય, ઘૃણા હોય, તો એને યથેચ્છ આહારદિના રંગરાગ શું કામ કરાવે ? અને જો કરાવે છે તો અંતરમાં શરીરવેશ્યા પ્રત્યે ઘૃણા કયાં રહી ?

**વિના વેશ્યાસકિત વેશ્યાના રંગરાગ નહિ. એમ વિના શરીરાસક્તિ આહારાદિમાં શરીરના યથેચ્છ રંગરાગ નહિ.**

બસ, શરીરાસક્તિથી તદ્દન મુક્ત એવી સિદ્ધ અવસ્થા પ્રગટ કરવી છે, તો એની તૈયારીરૂપે થોડી થોડી પણ શરીરાસક્તિ ઓછી કરતા રહેવું પડે ને ? અને એ માટે એના પોષક યથેચ્છ આહારાદિના રંગરાગ પ્રતિજ્ઞાપૂર્વક ઓછા ઓછા કરતા ચાલવું પડે ને ? કહે છે,

**ત્યાગના ભાવ કેમ નહિ ? :-**

**પ્ર.-** પણ એના ત્યાગની બાધા લેવાના ભાવ જ નથી જાગતા ને ?

ઉ.- કારણ તપાસો કે કેમ ત્યાગ-વ્રત-નિયમ-તપસ્યાના ભાવ નથી જાગતા ? પોતાના આત્માની સિદ્ધ અવસ્થા ઊભી કરવાની તમન્ના છે ખરી ? **'સેવક અરજ કરે છે રાજ ! શિવસુખ અમને આપો,'** એ બોલવા પાછળ દિલમાં કોઈ ભાવ છે ખરો ? કે ખાલી પોપટપાઠ છે ? મોક્ષ જોઈએ છે, સિદ્ધ બનવું છે, એવો જો તલસાટ હોય, તો એમાં જરૂર સમજાય એવું છે કે મોક્ષમાં તો કોઈ રંગરાગ નથી, ને એવી સ્થિતિ મારે જોઈએ છે તો કોઈ રંગરાગ નથી, ને એવી સ્થિતિ મારે જોઈએ છે તો રંગરાગના થોડા થોડા પણ ત્યાગના ભાવ કેમ ન જાગે ? રંગરાગ

એ તો ઝેર છે, આત્માની શુદ્ધ-બુદ્ધ-મુક્ત ચેતનાને જાગવા જ ન દે ?

એમ, સિદ્ધ અવસ્થામાં કોઈ જ કષાયો ક્રોધ-માન-માયા-લોભ, હાસ્ય-રતિ-અરતિ વગેરેની લાગણી જ નથી, તો જો સિદ્ધાવસ્થા ઊભી કરવાનું લક્ષ છે. તમન્ના છે, તો એવી લાગણીઓ ઓછી કરવાનો પ્રયત્ન જોઈએ જ. વાત-વાતમાં આ લક્ષ રહે કે પ્રસંગ ગુસ્સાનો છે પણ ગુસ્સો ન કરું. પ્રસંગ અભિમાન બતાવવાનો છે પણ ન બતાવું. પ્રસંગ રાગથી ખેંચવાનો છે, પણ ત્યાગ કરું. એમ પ્રસંગ પ્રસંગમાં હાસ્ય-રતિ-અરતિ વગેરે રોકતા રહેવાનું.

મુખ્ય વાત મૂળ પાયાની આ છે કે આપણને આપણા આત્માની સિદ્ધ અવસ્થા પ્રગટ કરવાની તમન્ના જોઈએ, આપણને એમ ચોંટ લાગી જવી જોઈએ કે આ મારે સંસાર-અવસ્થાની શી વેઠ ? આ શરીરમાં કેદ પૂરાવું શું ? શરીર ભૂખ્યું થાય, તરસ્યું થાય, શરીરની ઇન્દ્રિયોને જોવાની ને સાંભળવાની, ચાખવાની ને સ્પર્શવાની વગેરે વગેરે ખણજો ઊભી થાય, એ મારે તોષવાની ને પોષવાની વેઠ શી ? શરીરને એક અવસ્થામાં જપ નહિ; તે એમાં પહેલાં આનંદ ને પછી કંટાળો-દુઃખ. ઊભું રહેતા થાક્યું તો બેસાડ્યું એટલે આનંદ થયો. પણ પાછું બેઠું રહેતાં થાક્યું કંટાળ્યું તો સુવાડ્યું ત્યાં આનંદ; પણ કેટલો ટાઈમ ? બે ચાર છ આઠ કલાક પાછું કંટાળ્યું તે એને બેઠું કર્યું; ને ઉઠાડીને ચલાવ્યું. મન ફોરું થયું. પણ ચાલતાં ય પાછું થાક્યું. આમ શરીરને ઘડી ઘડીમાં અવસ્થા બદલવા જોઈએ છે. તો મારે એવી વેઠ જ કર્યા કરવાની ?

**જીવને સંસાર અવસ્થામાં કેટલી વાતોની વેઠ ?**

મનને એમ થાય કે,- 'અરે ! શરીર, એના અવયવો, ઇન્દ્રિયો, સગાવહાલા, પૈસા-ટકા, મકાન, દુકાન, ધંધો, નોકરી...' વગેરે કેટલી ઉપાધિ જીવને વળગી છે ! આ બધું ય એક જનમનું; છતાં એ બધાની કેટકેટલી વેઠ મારે કરવી પડે છે ? પાછું આમાનું કશું સ્થાયી એક સ્વરૂપનું નહિ; એની તુષ્ટિ પુષ્ટિ સરભરા ગમે તેટલી કરો તો ય બધું પલટાતું તે જીવને એ પલટાતા ભાવોમાં અત્યારસુધી કરેલી વેઠ જાણે રદબાતલ, તે ફરી ને ફરી નવી નવી વેઠ કર્યા જ કરવાની ! વેઠનો અંત જ ન મળે. ત્યારે ઉપાધિઓથી ભરેલી સંસાર અવસ્થા મારા જીવે કયાં સુધી ચલાવવાની ?'

આમ, સંસાર અવસ્થા પર ખરેખરો કંટાળો આવી જાય, મન એના પર વૈરાગ્યભાવવાળું બની જાય, હૈયે એની ચોંટ લાગી જાય, તો સિદ્ધ અવસ્થાની સાચી ઇચ્છા જાગે, તમન્ના જાગે, તાલાવેલી થાય 'કયારે એ સુખદ સિદ્ધ-અવસ્થા હું પ્રગટ કરું !' એવી તાલાવેલીમાં એ દેખાય કે 'સિદ્ધ-અવસ્થા એટલે કે મોક્ષ



એમાં શરીર નથી, ઇન્દ્રિયો નથી, વિષયોના આકર્ષણ નથી, કષયો નથી, હર્ષ નહિ, ખેદ નહિ, ભય નહિ, શોક નહિ, હાસ્ય નહિ, પીવું નહિ...તો પછી એવી સિદ્ધ અવસ્થા પ્રગટ કરવા માટે મારે એ બધાની વેઠ ઓછી ઓછી કર્યા વિના કેમ ચાલે ?'

આપણે આસ્તિક છીએ ? શરીરથી તદ્દન નિરાળા આપણા આત્માને માનનારા છીએ ? તો પછી એ આપણા આત્માને વળગેલી શરીર વગેરે ઉપાધિઓ વિટંબણારૂપ ન લાગે ? ભલે ને કરોડો રૂપિયા મળ્યા હોય. અરે ! છ ખંડનું સામ્રાજ્ય મળ્યું હોય કે મોટાં દેવવિમાન અને ઇન્દ્રપણું મળ્યું હોય, છતાં એ ઉપાધિરૂપ અને વેઠ કરાવનાર વિટંબણારૂપ કેમ ન લાગે ? કેમ એ હૈયે ખટકે નહિ ? એ જો ન ખટકે, તો આપણે આપણા આત્માને માન્યો શી રીતે કહેવાય ? આપણને આસ્તિક શી રીતે ? એ વિના દેવાધિદેવ મળ્યાનો, જિનશાસન મળ્યાનો અને ધર્મ મળ્યાનો આનંદ શી રીતે ?

ધર્મઘોષ મહર્ષિ રાજા હસ્તિપાલને બે સમજાવી રહ્યા છો કે આત્માની સિદ્ધ-અવસ્થા પ્રગટ કરવી હોય, તો શ્રાવકધર્મ અને સાધુધર્મની ઊંચી ઊંચી આરાધના કરતા ચાલો. તે પણ સિદ્ધ-અવસ્થા પ્રગટ કરવાના ઉદ્દેશથી હોં, જેથી એના અંશરૂપે ઉપાધિઓ અને એની વેઠ-વિટંબણા ઓછી ઓછી કરતા રહેવાય, ને એ જેમ જેમ ઘટતી આવે તેમ તેમ આત્માનો આનંદ વધતો આવે.

**શ્રાવકના વ્રતનિયમો ઉપાધિ-વેઠ-વિટંબણા ઓછી કરવા કરવા માટે જ છે. ઉપાધિ-વેઠ-વિટંબણા ઘટતી આવવામાં આનંદની વૃદ્ધિ થતી જાય.**

શ્રાવકનાં વ્રતો પણ શું કરે છે ? સંસાર અને સંસારના વિષયોની ઉપાધિ-વેઠ-વિટંબણા ઓછી ઓછી કરાવે છે, અને વ્રતધારી શ્રાવકને એનો આનંદ હોય છે. એ જો હોય તો પછી વધુ ઉપાધિવાળા એને સુખી ન લાગે; એને જોઈને પોતે કરમાઈ ન જાય માનો કે પોતે લાખ રૂપિયાનો પરિગ્રહ રાખ્યો, લાખથી વધુ ન રાખવાનું વ્રત લીધું; પછી કોઈ દસ લાખવાળાને જોઈ એના મનમાં એમ નહિ થાય કે 'આ ભાગ્યશાળી, આપણે એવા ભાગ્યશાળી નહિ.' આમ મન કરમાય નહિ. ઊલટું એમ થાય કે 'આને બિચારાને દસ લાખની મોટી વિટંબણા, ત્યારે મારે માત્ર લાખની જ વિટંબણા.'

**દુન્યવી ઉપાધિઓ સારું શરીર-પૈસા ટકા-પરિવાર બધું જ વિટંબણારૂપ લાગે તો જ સિદ્ધ-અવસ્થાના સુખદ મીઠા મનોરથ થાય.**

ધર્મઘોષમુનિએ રાજા હસ્તિપાલને સિદ્ધ અવસ્થાનું સ્વરૂપ અને એનાં સુખ બતાવ્યાં, અને કહ્યું કે 'એ માટે સિદ્ધ પરમાત્માની આરાધના કરો.'

રાજા પૂછે છે,- ભગવન્ સિદ્ધ ભગવાન તો નિરંજન નિરાકાર છે. એમની આરાધના ભક્તિ શી રીતે કરવી ?

મહામુનિ કહે છે, 'વાત સાચી, સિદ્ધ પરમાત્મા નિરાકાર છે, પરંતુ એમની પ્રતિમા એ એમનું જ પ્રતીક છે. તેથી સિદ્ધપ્રતિમાની ભક્તિ-આરાધના કરીએ એ સિદ્ધ પરમાત્માની જ ઉપાસના છે, સિદ્ધપદની જ ઉપાસના છે.'

**(૧) સિદ્ધપદની ઉપાસના માટે સિદ્ધ ભગવાનની પ્રતિમાનાં દર્શન-વંદન-પૂજન કરો.**

**અરિહંતનું બિંબ એ સિદ્ધનું ! :-**

અષ્ટ પ્રાતિહાર્યનાં પ્રતીક વિનાનાં અરિહંત પરમાત્માનાં બિંબ એ સિદ્ધ અવસ્થાના બિંબ છે. અરિહંત ભગવાન જ્યારે સિદ્ધ થયા, અર્થાત્ બાકીના ચાર અઘાતી કર્મનો ક્ષય કરી મોક્ષ પામ્યા ત્યારે કાં તો કાયોત્સર્ગ મુદ્રાએ અથવા તો પર્યંકાસન-પદ્માસને રહીને મોક્ષ પામ્યા. તેથી આ બે અવસ્થાની ભગવાનની મૂર્તિ હોય છે. એ સિદ્ધ અવસ્થાની મૂર્તિ છે. એની આસપાસ પરિકર હોય; અર્થાત્ અષ્ટ પ્રાતિહાર્યનાં પ્રતીક હોય, એ અરિહંત-અવસ્થાની મૂર્તિ છે. પ્રશ્ન થાય,-

**પ્ર.**- તો પછી આજે તો મોટા ભાગના પ્રતિમાજી પરિકર વિનાના જોવા મળે છે, તો શું એમને સિદ્ધ તરીકે જ મનાય-પૂજાય ? અરિહંત તરીકે નહિ ?

ઉ.- ના, એવું નથી. એ પ્રતિમાની આસપાસ અષ્ટ પ્રાતિહાર્યની કલ્પના કરીને એમને અરિહંત તરીકે માની-પૂજી શકાય. એટલું ધ્યાનમાં રહે કે,

**ભગવાનની મૂર્તિ એ માત્ર મૂર્તિ નથી, પણ ખરેખર ભગવાન પોતે જ છે.**

એ રીતે એમને દેખવા-માનવાના છે. એટલે હવે જ્યારે એમને ભગવાન તરીકે દેખીએ ત્યારે, જો આપણે સિદ્ધભગવાન નહિ કિન્તુ અરિહંત ભગવાન તરીકે દેખવાના છે તો, પછી તો કલ્પનાથી એમની આસપાસ અષ્ટ પ્રાતિહાર્ય પણ જોવાના છે.

એટલે ?

મંદિરમાં ગયા, ભગવાનને જોયા, એની સાથે કલ્પનાથી ભગવાનના માથે **લીલુંકલાર** અશોકવૃક્ષ, એની નીચે ભગવાનના શિર પર ત્રણ છત્ર, ભગવાનના



મુખની પાછળ ચકમકાટ **ભૂમંડળ,** પ્રભુની બે બાજુ હાલતા ચાલતા સફેદ બાસ્તા જેવા ચામર, નીચે રત્નમય સિંહાસન ઉપર દેવદુંદુભિ, દેવતાઈ બંસરીની મધુર ધ્વનિ, આકાશમાંથી ઝરમર ઝરમર વરસતી સુગંધિદાર પુષ્પોની વૃષ્ટિ,-આ આઠ પ્રાતિહાર્ય પણ જોવાના. ભાવ-અરિહંત ભગવાન તરીકે દર્શન કરવા તો આઠ પ્રાતિહાર્ય સહિત જ પ્રભુને હોય, જોવાય. કારણ એ કે,

**પ્રાતિહાર્યની શોભા કયાં સુધી ? :-**

ભગવાન કેવળજ્ઞાન પામી તીર્થંકર નામકર્મના ઉદયવાળા બને છે. તેથી ત્યારેથી ભાવથી અરિહંત બને છે. ત્યારથી તે ઠેઠ મોક્ષ પામવાના પૂર્વ સમય સુધી ભગવાનની સેવામાં સદા પ્રાતિહાર્યની શોભા હોય છે. સમવસરણ ઉપર પ્રભુ બિરાજમાન હોય ત્યારે આઠે ય પ્રાતિહાર્યની શોભા હોય છે, ને પ્રભુ વિહારમાં ચાલતા હોય ત્યારે અશોકવૃક્ષ નહિ, એમની દેશના વખતના સૂરમાં સૂર પૂરનારી દિવ્યધ્વનિ નહિ સમવસરણ પર ચાલુ વરસતી પુષ્ટવૃષ્ટિ નહિ, બાકી પ્રભુના ચાલવા વખતે ઊંચે આકાશમાં સિંહાસન ચાલે, દેવદુંદુભિ બજે, પ્રભુના માથે છત્ર ચાલે, મુખ પાછળ ભામંડળ હોય, અને પ્રભુની બંન બાજુ ચામર વિંજાતા હોય.

**અરિહંતનો મુખ્ય અર્થ :-**

આમ ભાવ અરિહંતપણાની સ્થિતિ જીવનના અંત સુધી હોય; કેમકે જિનનામકર્મનો ઉદય ત્યાં સુધી છે. તેથી પ્રાતિહાર્યની શોભા પણ અંત સુધી રહે. અરિહંત શબ્દનો મુખ્ય અર્થ પણ એ છે કે જેમ 'રટ' એટલે રટવું, તો રટંત એટલે રટનાર, એમ 'અરિહ' એટલે યોગ્ય હોવું, તેથી અરિહંત એટલે યોગ્ય હોનાર. શેને યોગ્ય ? તો કે પ્રતિહાર્યની શોભાને યોગ્ય. તેથી પ્રભુ કેવળજ્ઞાન પામી ભાવ અરિહંત બને ત્યારથી માંડીને પ્રાતિહાર્યની શોભાવાળા હોય, તે ઠેઠ જીવનના અંતે મોક્ષ પામે તેના પૂર્વ સમય સુધી અરિહંતપણાનું તીર્થંકર નામકર્મ ભોગવાતું રહે ત્યાં સુધી પ્રાતિહાર્યની શોભા રહે.

**અરિહંત દર્શન :-**

માટે પ્રભુની મૂર્તિ ભલે પરિકર વિનાની, પરંતુ જો આપણે એમને અરિહંત ભગવાન તરીકે જોવા છે, તો કલ્પનાથી અષ્ટ પ્રાતિહાર્યની શોભા સાથે જ જોવાના તો જ પ્રભુને અરિહંત તરીકે જોયા કહેવાય. પ્રાતિહાર્ય વિના જોઈએ તો એમને સિદ્ધ ભગવાન તરીકે જોયા કહેવાય.

આ સમજી જ રાખવાનું કે ભાવ-અરિહંત અર્થાત્ જીવંત તીર્થંકર તરીકે વિચરતા ભગવાન પ્રાતિહાર્યની શોભા વિનાના હોય જ નહિ. માટે પ્રભુપ્રિતમાનાં દર્શન-પૂજન-સ્તવન કરતી વખતે પ્રભુને અષ્ટ પ્રાતિહાર્યની શોભાવાળા જ દેખાવાના.

પ્રભુ જાણે સમવસરણ પર બિરાજમાન છે. માથે છત્ર અને ઉપર લીલુંકલાર અશોકવૃક્ષ છે, મુખ પાછળ ભામંડળ ઝગમગે છે, બે બાજુ સફેદ ચામર વિંજાઈ રહ્યા છે...

ત્યારે જો પ્રભુને સિદ્ધ ભગવાન તરીકે જોવા-ચિંતવવા છે, તો પ્રાતિહાર્ય વિનાના શુદ્ધ-બુદ્ધ-મુક્ત જ્યોતિસ્વરૂપ દેખવાના ચિંતવવાના.

હસ્તિપાલ રાજાને મુનિ આ કહી રહ્યા છે કે સિદ્ધ ભગવાનની ઉપાસના કરવા માટે એમની પ્રતિમાનાં ખૂબ દર્શન કરવાં, વંદન-નમસ્કાર કરવા, પૂજા-ભક્તિ-સત્કાર આચરવા, એમનાં સ્તવન-ગુણગાન કરવા અને વારંવાર એમનું ધ્યાન-ચિંતન કરવું.

**(૨) સિદ્ધપદની બીજી ઉપાસના : સિદ્ધનું ધ્યાન :-**

સિદ્ધ ભગવાનનું ધ્યાન કરવા માટે એમને શુદ્ધ જ્યોતિસ્વરૂપે મનમાં લાવવાના. આપણી અર્ધ-મીંચેલી આંખ સામે શુદ્ધ સ્ફટિક જેવા, જ્યોતિના પુંજ જેવા, સિદ્ધ ભગવાન છે ! એમને કશો કર્મનો લેપ નથી, કશું હલનચલન નથી, કોઈ વર્ણ-ગંધ-રસ-સ્પર્શ નથી. એ અનંતજ્ઞાન, અનંત સુખમાં ઝીલી રહ્યા છે, નિરંજન-નિર્વિકાર છે; નિશ્ચિત-નિર્વિકલ્પ છે એમને કોઈ બંધન નથી, કોઈ રાગાદિ વિકાર નથી. કોઈ જ ચિંતા-વિચાર-વિમાસણા નથી. એ દુન્યવી સુખ-દુ:ખ-હર્ષ-ખેદ, માન-અપમાન, યશ-અપયશ, વગેરે સર્વ દ્વન્દ્વોથી મુક્ત છે. અનંત જ્ઞાનથી ત્રિકાળના સમસ્ત જગતને અર્થાત્ સમસ્ત જડ-ચેતનને જોઈ રહ્યા છે; સઘળી ય આધિ-વ્યાધિ-ઉપાધિથી રહિત હોવાથી એમને કેવળજ્ઞાન વડે જતમાં ગમે તે દેખાય, એની એમને કશી અસર નથી. એટલે જ એ લેશમાત્ર રાગ-દ્વેષ કરતા નથી.

**પોતાના આત્મામાં સિદ્ધસ્વરૂપ ચિંતવવું :-**

સિદ્ધ ભગવાનનું આવું ચિંતન કરીને ધ્યાન કરીએ ત્યારે આપણા આત્માનું પણ મૂળ સ્વરૂપ તો આવું જ છે, એ ચિંતવવાનું. 'કર્મનાં આવરણ નીચે મારો આત્મા પર આવો જ શુદ્ધ જ્યોતિસ્વરૂપ, નિરંજન-નિર્વિકાર-નિરુપાધિક-નિર્વિકલ્પ, અજર-અમર, વીતરાગ, સર્વજ્ઞ અનંત સુખભર્યો છે. આપણા આત્મામાં એ સ્વરૂપ અખંડ પડેલું છે. એથી વિચારવું કે તો પછી શા સારુ મારે કર્મજનિત વિકૃત ભાવોથી લહેવાઈ જવું ? એને મહત્ત્વ જ શા માટે આપું ? કર્મના આવરણ ઊખેડી નાખ્યા પછી એ બધું અદૃશ્ય થઈ જવાનું છે. તેથી એની કિંમત શી ?'

**પોતાના સિદ્ધસ્વરૂપનાં ધ્યાનની અસર :-**

વારંવાર 'હું આવો સિદ્ધસ્વરૂપી આત્મા છું, શુદ્ધ જ્યોતિર્મય છું, મારે કર્મ નથી, શરીર નથી, ઇન્દ્રિયો નથી; ને જો શરીર જ નથી તો શરીરને લગતા સગા-



વહાલા ય નથી, અને પૈસાટકા-માલમિલકત-માનસન્માન વગેરે કશું મારે નથી. હું અરૂપી શુદ્ધ આત્મા; મારે રાગ નહિ, દ્વેષ નહિ, કોઈ જ વિકાર કચરા નહિ. હું નિર્વિકાર વીતરાગ...'

આમ વારંવાર આંખ મીંચીને અંદરમાં પોતાના સિદ્ધ સ્વરૂપનું ચિંતન કરાય, ધ્યાન કરાય, તો એની મન પર એટલી બધી સુંદર અસર પડે છે કે પછી મન ખોટા રાગ-દ્વેષ-મોહ-ઈર્ષ્યા-અસૂયા-વેર-ઝેર વગેરે કરવા ઉત્સાહી નથી રહેતું. દુન્યવી વિષયો અને માલ-મિલકત તરફ એવું નથી મોહી પડતું, મનને એનું એવું મહત્ત્વ જ નથી લાગતું. સ્ત્રીઓ તરફ કશું આકર્ષણ જ નહિ રહે. ચામડાના ખેલ બાલિશ લાગશે. રૂપરંગની કશી કિંમત જ નહિ લાગે. 'કયાં મારું મહાન અરૂપી જ્ઞાનઝળકતું સ્વરૂપ ? અને કયાં જડના પલટાઈ બિભત્સ બનતા રૂપરંગ ?' આવું પોતાના આત્માના શુદ્ધ સ્વરૂપનું ગૌરવ ઊભું થશે.

**સિદ્ધના આવાં ધ્યાનથી બ્રહ્મચર્ય દૃઢ બને છે.**

**સિદ્ધ સ્વરૂપની સંપત્તિની જાહોજલાલી :-**

આવી પોતાના આત્માની શુદ્ધ સ્વરૂપની જાહોજલાલી મનમાં બેસાડવા માટે સિદ્ધ ભગવાનનું આલંબન રાખવાનું છે, એમનાં કર્મમુક્ત અને અનંતજ્ઞાન, અનંત સુખમય શુદ્ધ સ્વરૂપની જાહોજલાલીનું વારંવાર ચિંતન કરવાનું છે, ધ્યાન કરવાનું છે. ધર્મઘોષ મહાત્મા રાજાને કહે છે,-

## ● સિદ્ધપદની આરાધનાના પ્રકારો ●

'હે ભાગ્યવાન ! સિદ્ધ પરમાત્માની ઉપાસના કરવા માટે'

(૧) એમના શુદ્ધ સ્વરૂપનું ધ્યાન કરો; અને

(૨) એ બરાબર ચાલે એ માટે સિદ્ધ ભગવાનની મૂર્તિનાં દર્શન-વંદન-પૂજન-સ્તવન કરતા રહો; તેમજ

(૩) અવસર મળ્યે સિદ્ધ થયેલાની ભૂમિ સ્પર્શો, તીર્થો જુહારો

(૪) વળી સિદ્ધ ભગવાનની આરાધના નિમિત્તે ત્યાગ કરો, તપસ્યા કરો, 'નમો સિદ્ધાણં' નો જાપ કરો, એની એમે ય રટણા કરતા રહો 'નમો સિદ્ધાણં' રટણ ચાલ્યા જ કરે.

(૫) એક ઉપાય ઉપાસનાનો આ પણ છે કે જગતના જીવો સિદ્ધ પરમાત્મા તરફ આકર્ષાય એવા પ્રભાવક ઉત્સવાદિ કરો.

(૬) સિદ્ધ ભગવાનની મૂર્તિઓ-મંદિરો-ચિત્રકામ વગેરે પણ કરાવો. ટૂંકમાં, **જે આત્મા સિદ્ધ ભગવાનની રટણામય બને એવી સિદ્ધનું ધ્યાન અને દ્રવ્ય-**

**ભાવ પૂજાની પ્રવૃત્તિઓ અને આયોજનો કરતા રહે છે. એ આત્મા અંતે ઘાતી કર્મક્ષય કરી, અનંતાનંત સુખવાળી ત્રિજગન્નાથની સંપદા પામે છે.**

રાજા હસ્તિપાળ મહામુનિના શ્રીમુખેથી આવી અમૃતવર્ષામય વાણી સાંભળી ખૂબ જ પ્રસન્ન અને પ્રોત્સાહિત થયો, ને વિચારે છે કે ધન્ય છે આ જૈન ધર્મને કે જેમાં આવી અલૌકિક વાતોનો પ્રકાશ ભર્યો છે. તો હું પણ આ ધર્મને અંગીકાર કરું. ગુરુને એ કહે છે,-

**રાજા ગુરુનો ઉપકાર માને છે :-**

ભગવંત ! આપે આજે મારા જેવા રાંક પર આ પ્રકાશ આપીને મારા આંતર ચક્ષુ ખોલી નાખવાની એટલી બધી મહાન કૃપા કરી છે કે એનો બદલો વાળી શકું એમ નથી. આપ કેવા મહાન દયાળુ ! કેવા મહાન નિઃસ્વાર્થ ઉપકારી ! આ ઉપકાર બીજો કોણ કરી શકે ? અને આ પ્રકાશ મળવાની સામે લાખો કરોડોનું ધન મળે એ શી વિસાતમાં હતું ? કેમકે એ ધન જરૂર પડ્યે આ એક જન્મનું ય પૂરું લીલું ન વાળે, ત્યારે આ પ્રકાશ જન્મ જન્મને અજવાળી શકે છે. પ્રભુ ! મને આપે જ્યારે તસ્દી લઈને આટલો બધો સિદ્ધ પરમાત્માની મહાનતાનો પ્રકાશ આપવાનો ઉપકાર કર્યો છે, તો હું એને સાર્થક કરું, એ ઉપકારને એળે ન જવા દઉં. મને આપ જૈનધર્મની દીક્ષા અને સિદ્ધ પરમાત્માની આરાધના કરવાનું વ્રત આપો.

**રાજા સિદ્ધની આરાધનાનું વ્રત લે છે :-**

ગુરુએ એને જૈન ધર્મની દીક્ષા રૂપે સમ્યક્ત્વ અને સિદ્ધપદની આરાધનાનું વ્રત આપ્યું. પછી ગુરુનો અથાગ ઉપકાર ચિંતવતો અને 'આજનો દિવસ કોઈ અનંતકાળમાં નહિ મળ્યો હોય એવો મહાન અલૌકિક મળ્યો !' એની ધન્યતા અનુભવતો રાજા પોતાના સ્થાને પહોંચ્યો.

**સિદ્ધની વિવિધ આરાધનાઓ :-**

રાજા હસ્તિપાળ હવે (૧) નિરંતર બહુમાન પૂર્વક અને સ્થિર ચિત્તથી 'નમો સિદ્ધાણં' પદ દ્વારા સિદ્ધ ભગવાનનું ધ્યાન કરે છે, (૨) સિદ્ધના ગુણોનું ચિંતન કરે છે. (૩) સિદ્ધની મૂર્તિનાં દર્શન-પૂજન કરે છે. (૪) અવસર પામીને એ મંત્રીની સાથે સમેતશિખર શત્રુંજય વગેરે સિદ્ધની પવિત્ર તીર્થ ભૂમિઓની યાત્રા કરવા જાય છે, એની ફરસના અને પૂજા-ભક્તિ-સ્તવન કરતાં અપૂર્વ આલ્હાદ અનુભવતા પોતાના આત્માને નિર્મળ કરે છે. વળી (૫) ત્યાં ઔચિત્યદાન-પ્રભાવના પણ એવી કરે છે કે જૈન ધર્મની વાહવાહ બોલાય છે.

(૬) રાજા ઘરે આવીને ગુરુએ બતાવેલી બીજી આરાધનાઓ કરવામાં અઢળક દ્રવ્ય વ્યય કરે છે. (૭) તનનો ભોગ આપી અનેક પ્રકારે સિદ્ધપદની સાધનાઓ



કરે છે. બધું કરતાં 'નમો સિદ્ધાણં' ની રમણતા એવી ચાલુ છે કે હવે એનો સંસાર પર વૈરાગ્ય વૃદ્ધિગત થતો જાય છે.

**સિદ્ધપદ ગમ્યું એને સંસાર શું ગમે ?**

**તીર્થંકર નામકર્મ ઉપાર્જે છે :-**

એવા ચડતા વૈરાગ્ય અને સિદ્ધના સતત ધ્યાન સાથે સિદ્ધપદની નિર્મળ આરાધના કરતાં કરતાં પરિણામ એ આવ્યું કે એના ઉત્કટ ભાવમાં સિદ્ધ સુખનાં નિધાનરૂપ તીર્થંકર નામકર્મનું એણે ઉત્કૃષ્ટ પુણ્ય ઉપાર્જ્યું.

જુઓ એને પોતાને ખબર નથી પડતી કે મેં તીર્થંકરપણાનું પુણ્ય ઉપાર્જ્યું છે. કિન્તુ હકીકત એ છે જો તમે નિરાશંસભાવે સિદ્ધપદની એવી ઉચ્ચ આરાધના કરો એટલે ઓટોમેટિક (આપોઆપ) તીર્થંકરપણાનું પુણ્ય ઊભું થઈ જાય છે. આરાધના કરતી વખતે હું તીર્થંકર બનું એવી પણ વારંવાર વિચારણા નહિ, કેમકે,

**આરાધના કરતી વખતે ફળની આશંસા-વિચારણા રાખવામાં ફળ આરાધના જોસવાળી ન થાય, ને જોરદાર ન થાય.**

કારણ એમ કે આશંસા રાખવા જતા મન ફળ પર વધુ કેન્દ્રિત થાય છે ને તેથી સાધના-આરાધના ઉપર મનનું એટલું જોરદાર કેન્દ્રીકરણ થતું નથી. જો એ નહિ, તો આરાધના એવી જોરદાર નહિ; પછી ફળ પણ જોરદાર ક્યાંથી ઊભું થાય ? આરાધના કરો છો તો મનને એમાં સર્વે સર્વા કેન્દ્રિત કરી દો. મન ન તો બીજી આરાધનામાં પણ જાય કે ન ફળમાં જાય. એવી રીતે મન ફળ સુદ્ધાં બીજે બધેથી ઉઠાવી લઈ એકલું આરાધનામાં જ સ્થપાય ત્યારે એ પૂરું પૂરું એમાં કેન્દ્રિત થાય.

**ફળ સુધ્ધામાંથી મન ઊઠી આરાધનામાં આવા સર્વેસર્વા કેન્દ્રિત થયેલા મનવાળી આરાધના ભવ્યાતિભવ્ય ફળ આપે.**

એટલે જ 'શ્રી યોગદૃષ્ટિ-સમુચ્ચય' નામના શાસ્ત્રમાં વિશુદ્ધ સાધનાનાં ૩ લક્ષણ બતાવ્યાં, એમાં એક લક્ષણ એ બતાવ્યું કે ફળનો વિચાર નહિ.'

**વિશુદ્ધ સાધનાનાં ૩ લક્ષણ આ,-**

(૧) સાધનામાં અત્યન્ત ઉપાદેયબુદ્ધિ-કર્તવ્યબુદ્ધિ,

(૨) આહારાદિ ૧૦ સંજ્ઞાઓની અટકાયત,

(૩) ફળનો વિચાર નહિ, પૌદ્ગલિક ફળની આશંસા નહિ.

આ છે તેનો શ્લોક :-

**'उपादेयधियात्यन्तं संज्ञाविष्कम्भणान्वितम् ।**
**फलाभिसन्धिरहितं संशुद्धं ह्येतदीदशम् ॥'**

એક નવકાર સ્મરણની પણ શુદ્ધ આરાધના કરવી છે ? પાંચ મિનિટના

દેવદર્શનની પણ શુદ્ધ આરાધના કરવી છે ? તો આ ત્રણ લક્ષણ સાથે રાખો. તો જ એ વિશુદ્ધ નવકાર-સ્મરણ, વિશુદ્ધ દેવદર્શન થશે. નહિતર અશુદ્ધ એટલે ગોલમાલવાળી ભેળસેળિયા આરાધના થવાની. ગોલમાલવાળી આરાધનાનું ફળ પણ ગોલમાલવાળું જ ને ?

**ભેળસેળિયા આરાધનાનું ફળ પણ ભેળસેળિયું જ ને ?**

મહાન આત્માઓ નબળું, પોચું ભેળસેળિયું ફળ નહિ, પણ નક્કર કોટિનાં ફળ કેમ પામી ગયા ? કહો, એમની નાની પણ આરાધના નબળી પોચી ભેળસેળિયા નહિ, કિન્તુ આ ત્રણ લક્ષણવાળી નક્કર આરાધના હતી. અરિહંતપદના આરાધક દેવપાળની આરાધના જોઈ ગયા ને ? કેવી હતી એ ? આ ત્રણે લક્ષણવાળી, જેને શૂળીનું સિંહાસન થયું એવા અડગ બ્રહ્મચર્યવાળા સુદર્શન શેઠને પૂર્વ ભવમાં એ જ ઘરમાં નોકરપણે માત્ર 'નમો અરિહંતાણં' પદની આરાધના કેવી હતી ? આ ત્રણ લક્ષણવાળી તેથી કેવું નક્કર ફળ પામ્યા ! ત્યારે ત્રણ ક્ષણમાં જુઓ પહેલું તો આ જોઈએ,-

**(૧) સાધનામાં અત્યન્ત કર્તવ્યબુદ્ધિ-ઉપાદેયબુદ્ધિ.**

એટલે ? જે સાધના હાથમાં લીધી એ અત્યન્ત ઉપાદેય લાગે, અત્યન્ત આદરવા યોગ્ય લાગે. મનને એમ થાય કે 'હું પાપતી ખર્ચ ભરેલો પામર અપવિત્ર જીવ. મારે આ આરાધના ખાસ જોઈએ, જેથી મારાં પાપ ઓછા થાય, ને હું કાંઇક પવિત્ર બનું. આના વિના મારો ઉદ્ધાર કયાં છે ? દુન્યવી મોટા નિધાન કે સમ્રાટપણાની પ્રાપ્તિ ય આરા આત્માને પાપથી ખરડનારી ને ભવમાં રુલાવનારી. ત્યારે આ આરાધના પાપના વિધ્વંસ કરી મારા આત્માને પવિત્ર બનાવી મારાં ભવમાં ભ્રમણને કાપનારી એટલે આના વિના મારે કેમ ચાલે ? આ આરાધના તો મારે ખાસ જોઈએ. એ ખાસ આદરણીય. અહાહા ! જીવનમાં કરવા જેવું કાંઈ હોય તો આવી આરાધના જ છે...'

આમ મનને સચોટ લાગે એ એના પર અત્યંત ઉપાદેય-બુદ્ધિ થઈ. સવાલ થાય,-

**પ્ર.**- એમ તો બીજી પણ ધર્મ-આરાધના કર્તવ્ય તો છે જ; તો પછી આ આરાધના વખતે બીજી આરાધનામાં મન જતાં આ આરાધનાને અશુદ્ધ થનારી કેમ કહી ? ગોલમાલવાળી કેમ કહી ?

**ઉ.**- ભલે બીજી આરાધના પણ ઉપાદેય તો છે જ કિન્તુ આ આરાધના વખતે મન બીજીમાં ગયું, તો આ આરાધનામાં અત્યન્ત ઉપાદેયબુદ્ધિ ન રહી. દા.ત. પ્રભુનાં દર્શન કરતી વખતે મનમાં એમ આવ્યું કે 'મારે પછી પ્રભુની પૂજા



કરવાની છે,' તો એ દર્શનની આરાધના અત્યન્ત કર્તવ્યબુદ્ધિથી ન થઈ કહેવાય. વર્તમાન સમયે એ અત્યન્ત કર્તવ્યબુદ્ધિથી લાગી હોત તો મન બીજું બધું ભૂલીને આમાં જ લયલીન બન્યું રહેત. ના, પણ 'આ ય કર્તવ્ય પેલું ય કર્તવ્ય, 'એમ શંભુમેળો કરવા જતાં એકેયમાં અત્યંત કર્તવ્યતાન લાગી.'

માણસ જમવા બેઠો, તો ત્યાં ખાવું-પીવું બંને કરે છે, પરંતુ ખાતી વખતે પીવાનું નહિ, ને પીતી વખતે ખાવાનું નહિ એમ દર્શનમાં જો મન છે, તો એ વખતે એ પૂજનમાં ન જાય, ને પૂજનમાં મન છે, તો એ વખતે દર્શનમાં ન જવું જોઈએ. પૂજન કરતી વખતે મનમાં એ ન લવાય કે પહેલાં આંગીના દર્શનમાં બહુ આનંદ આવ્યો.' આવું લાવે તો એનો અર્થ એ કે મન પૂજનમાંથી ઊંચકાયું અને દર્શનમાં ગયું. પૂજન એ કર્તવ્ય માનીને કરે છે, પરંતુ અત્યન્ત કર્તવ્ય માનીને કરે તો તો મન એમાંથી જરાય ઊંચકાય નહિ.

વાત આ છે,-

**જે આરાધનામાં બેઠા એ અત્યન્ત ઉપાદેય લાગી મન એમાં દૃઢ જામી જવું જોઈએ.**

દેવપાલને નોકરપણામાં જંગલમાં ઢોરાં ચારવા લઈ જતાં તૂટેલી ભેખડ વચ્ચે રહેલ ઋષભદેવ ભગવાનની પ્રતિમા મળી. બસ, હવેથી આ પ્રભુનાં નિત્યદર્શન-પૂજા-દર્શન-ભક્તિનું કર્તવ્ય એટલું ઊંચી કોટિનું લાગ્યું કે રોજના દર્શન વિના પાણી પણ ન પીવાનો નિયમ કરી રોજે રોજ દર્શન-પૂજનમાં એ બીજું બધું ભૂલીને લીન બની જતો. ત્યાં એને ખાવાનું પીવાનું વગેરે કશું યાદ નહોતું આવતું, અરે ! દેવદર્શનાદિ આગળ બીજું કશું મહત્ત્વનું જ લાગતું નહોતું. માટે તો જ્યારે સાત દિવસની ભારે વર્ષા હેલિમાં માથાભારે ચડેલા પાણીના પૂરમાં એ ઘરેથી બહાર નીકળી શક્યો નહિ, ત્યારે પણ એના મનમાં એમ ન આવ્યું કે 'આ મેં સંકલ્પ કયાં કર્યો, દર્શન વિના ખાવું નહિ, એવો નિયમ કયાં કર્યો ? આ મારે દિવસ પર દિવસ ભૂખ્યા ને તરસ્યા રહેવું પડ્યું.' ના આવો કશો ખેદ નહિ, કેમ નહિ ? કહો, એણે ઊંચું કર્તવ્ય એણે ખાવું-પીવું વગેરેને નહિ, પણ દેવદર્શન પૂજનને માન્યું હતું. એટલે જ અત્યારે બે વસ્તુ બંધ હોવાનું સામે છે, ખાનપાન બંધ છે, ને દેવદર્શન-પૂજન બંધ છે. પણ અત્યંત કર્તવ્ય દર્શન પૂજન લાગ્યાં છે તેથી બેમાં એને અફસોસી ખાનપાન બંધની નહિ, પણ દેવદર્શન-પૂજન બંધની થાય છે. તેથી એમ દુઃખ નથી લાગતું કે 'અરેરેરે ! મારે ભૂખ્યે તરસ્યે દહાડા કાઢવા પડે છે !' પણ દુઃખ એ લાગે છે કે 'અરેરેરે ! મારે દેવદર્શન-પૂજન વિના વાંઝિયા દહાડા જઈ રહ્યા છે !'

માટે તો દેવપાલ આઠમે દહાડે જ્યારે વરસાદ બંધ પડી ઉઘાડ નીકળતાં દેવદર્શન પામ્યો ત્યારે એ એ જ રોયો કે 'પ્રભુ ! હું તારો અપરાધી છું. તારી ભક્તિ વિનાના મેં સાત સાત દિવસ વાંઝિયા કાઢ્યા !' શું આ ? દેવદર્શન-પૂજનમાં અત્યંત કર્તવ્યબુદ્ધિ, ઉચ્ચ કર્તવ્યપણાનો ખ્યાલ. આ ખ્યાલ કેટલી હદનો ? ત્યાં ચક્રેશ્વરી દેવી આવીને અર્હદ્ભક્તિના બદલામાં જોઈએ તો માગી લેવાનું કહે છે, મોટું રાજ્ય જોઈએ તો રાજ્ય; ત્યારે આ કહે છે. ઐરાવણ હાથી વેચીને મારે ગધેડો ખરીદવો નથી. તારે આપવું હોય તો મને અખંડ ભક્તિ આપ. અર્થાત્ એને ભક્તિની પ્રાપ્તિ જેવી ત્રિભુવનનાં રાજ્યની પણ પ્રાપ્તિ કર્તવ્ય લાગતી નથી.

**ત્યારે, આ અત્યંત કર્તવ્યના ખ્યાલ સાથે કરાતી અરિહંતની ભક્તિનું ફળ શું મળ્યું ? અરિહંતપણાના પુણ્યનું ઉપાર્જન.**

સાધના કરો, ધર્મની આરાધના કરો, પણ તે અત્યન્ત કર્તવ્યબુદ્ધિથી કરો. ઉચ્ચ ઉપાદેયબુદ્ધિથી કરો; પછી ભલે ને સાધના નાનકડી નવકારસ્મરણ શું નવકારના મંત્ર પહેલા પદની સાધના હો, અત્યંત કર્તવ્ય લાગી મન એમાં એકાકાર કરો.

સુદર્શન શેઠનો જીવ પૂર્વ ભવમાં એ જ ઘરે ઢોરાં ચારનારો નોકર હતો. એને જંગલમાં મહર્ષિના મુખેથી માત્ર એક જ વાર 'નમો અરિહંતાણં' પદ સાંભળવા મળેલું. પરંતુ પછીથી એને અત્યંત ઉપાદેય માનીને રટવા લાગ્યો; રટણા એવી કે એ પદના જેવું આદરણીય એને બીજુ કશું લાગતું નથી. ઢોરાં સીમમાં ચર્યા કરે ને એ કલાકો સુધી ઝાડ નીચે પડ્યો પડ્યો આ રટણા કર્યા કરતો. આનું ફળ કેવું આવ્યું ? એકવાર ઊંચી ભેખડ પરથી નીચે નદીના પૂરમાં ઝંપલાવતાં એના પેટમાં લાકડાનો ખૂટો પેટ ફાડીને ઘૂસી ગયો, તો એ વખતે ય એને હાયવોય કર્તવ્ય નહિ, પણ 'નમો અરિહંતાણં' પદની રટણા જ કર્તવ્ય લાગે છે. તે શરીરની ઘોર પીડાને ભૂલી આ પદમાં લીન બની ગયો, ને મરીન એ જ શેઠના પુત્ર સુદર્શન તરીકે જન્મ્યો, જ્યાં સદાચાર અને અહિંસા પરમ કર્તવ્ય લાગ્યા. એવાં કર્તવ્ય લાગ્યા કે એ સદાચારની આગળ ભારે કરગરતી રાણીના ભોગ કશી વિસાતમાં નહિ, લેશ પણ આદરણીય નહિ. અહિંસાનું કર્તવ્ય એવું ઉચ્ચ આદરણીય લાગ્યું કે એ ખોઈને શૂળીની સજામાંથી પોતાના પ્રાણની રક્ષા કરવાનું કર્તવ્ય લાગ્યું નહિ.

**મહાન આત્માઓ તે, જે નાની પણ સાધના અત્યન્ત ઉપાદેય માનીને આરાધી ગયા, ને તેથી જ એના ઉચ્ચ ફળ પામી ગયા.**

**અત્યન્ત કર્તવ્યબુદ્ધિથી અનાસક્ત ભાવ શી રીતે ? :-**



ભરત ચક્રવર્તી આરિસાભવનમાં આંગળી પરથી એક વીંટી નીકળી પડતાં આંગળી બુઠ્ઠી-ફિક્કી જોઈને વૈરાગ્ય પર ચડી ગયા, તો એ વૈરાગ્યભાવના અત્યન્ત કર્તવ્ય માનીને એવી વધારતા ગયા, કે ત્યાં પછી એની સામે છ ખંડની સત્તા અને વૈભવને ય વિસાતમાં લેખ્યા નહિ. યાવત્ પોતાની કાયાની મમતાને ય ફગાવી દઈ એ અનાસક્ત ભાવની પરાકાષ્ઠાએ પહોંચ્યા વીતરાગ સર્વજ્ઞ બન્યા.

**પ્ર.**- સાધનાની આસક્તિ ઊભી છે, તો અનાસક્ત કેવી રીતે બન્યા ?

ઉ.- સાધનાનાં કર્તવ્યને પરમ ઉચ્ચ માની આગળ વધો તો એની સામે આખું જગત ફિક્કું લાગશે, જગતના પદાર્થ યાવત્ કાયા પરની ય આસકિત ઊઠી જશે. એ ઊઠી જતાં સાધનાના કર્તવ્યમાં લીનતા વધી જશે. પછી આ મારે ઉચ્ચ એકમાત્ર કર્તવ્ય એવો ખ્યાલ પણ બાજુએ રહી જઈ આત્મા સાધનામય બની જશે. ચંદન-સુવાસમય એમ આત્મા સાધનામય; એટલી બધી સાધના આત્મસાત્ થઈ જશે ત્યાં પછી જેમ ચંદનને 'મારે સુવાસ કર્તવ્ય' એમ કરવાનું રહેતું નથી, એવી રીતે આત્માને 'મારે સાધના એ કર્તવ્ય' એવો ખ્યાલ કરવાનો રહેતો નથી. એ તો આત્મા અને સાધના એકમેક બની જાય છે. આત્મા જ સાધનામય. પછી ત્યાં આત્માને સાધનાની આસક્તિ શી કરવાની રહે કે 'મારી સાધના, મારે સાધના એ જ કર્તવ્ય.'

ક્ષમામય બની ગયેલા મહાત્માને 'મારે ક્ષમા તો કર્તવ્ય.' એમ યાદ કરવાનું રહેતું નથી. એમનો આત્મા જ ક્ષમામય બની ગયો છે. ક્ષમાની ભાવનાને વરસો સુધી ઉચ્ચ અત્યન્ત કર્તવ્યબુદ્ધિથી કેળવી કેળવીને ગુસ્સાની વૃત્તિને જ એવી કચરી ઘાલી છે કે હવે ગુસ્સાના પ્રસંગે ગુસ્સો ઊઠવા જ પામતો નથી, આત્મસાત્ કરેલી ક્ષમા જ બની રહે છે. ત્યાં હવે 'મારે ક્ષમા જ કરવા જેવી છે' એ વિચારવાનું જ શાનું રહે ?

આ વતા છે,-સાધનાને એવું અત્યન્ત કર્તવ્ય માનીને સાધતા જાઓ કે એની સામે કશું જ માલવાળું ન લાગે, એટલે પછી સાધના જ માલવાળી લાગે. મન સાધનામાં લીન અને સાધનામય બનવા લાગશે. જીવ ક્ષમાદિ સાધનાના સ્વભાવવાળો બની જશે.

બાળ શ્રીપાળકુમારનું રાજ્ય બથાવી પડેલા કાકા અજિતસેનને હવે શ્રીપાળ મોટી ઉંમરના થઈને આવી રાજ્ય સોંપી દેવા કહે છે; પણ કાકા ન માની એની સામે યુદ્ધમાં ઊતરે છે; ને હારી જઈ હવે વૈરાગ્ય પામી ત્યાં યુદ્ધભૂમિ પર જ ચારિત્ર અંગીકાર કરી સાધુવેશ બનાવી ધ્યાનમાં ઊભા રહે છે.

ત્યાં શ્રીપાળ એકદમ દોડતા આવી કહે છે, 'કાકાજી ! આ શું કરો ?

રીસાશો નહિ, જાઓ રાજ્ય સુખેથી ભોગવો. મારે તો પૃથ્વી મોટી પડી છે, ગમે ત્યાં રાજ્ય બનાવી લઈશ.'

અહીં જોવાનું છે કે કાકા અજિતસેને હવે મુનિ બની સર્વત્યાગને કેવું અત્યન્ત કર્તવ્ય માન્યું છે કે હવે એની સામે મોટું રાજ્યપાટ પણ લેખામાં રાખ્યું નથી, રાજ્યમમતા કરવા જેવી રાખી જ નથી. 'જીવને જગતમાં ભમતા બધું મળે છે, પરંતુ સર્વ ત્યાગ કરવાનો કયાં મળે છે ? તે જો અહીં કરવા મળ્યો છે, તો એમાં મારાં ભાગ્યની અવધિ નથી. મારે આ અત્યન્ત દુર્લભ સર્વત્યાગમય ચારિત્ર જ આદરણીય-આરાધ્ય રહો.' -આ અત્યન્ત કર્તવ્યબુદ્ધિ પૂર્વક ચારિત્રના ભાવમાં આગળ વધ્યા તો એ અજિતસેન રાજર્ષિ અવધિજ્ઞાન પામી ગયા. મનને સર્વત્યાગમય ચારિત્ર અત્યન્ત કર્તવ્ય અત્યન્ત આદરણીય-આરાધ્ય-ઉપાદેય લાગ્યા કરતું ન હોત તો જટિલ અવધિજ્ઞાનાવરણ કર્મ શાનાં તૂટે ? ને અવધિજ્ઞાન શાનું થાય ?

સીતાજી બારમાં દેવલોકના ઈન્દ્ર અચ્યુતેન્દ્ર બન્યા છે એ બનવામાં કારણભૂત એમની સંયમ અને તપની સાધના હતી, પરંતુ જેવી તેવી સાધના નહિ, કિન્તુ સાથે એમાં અત્યન્ત કર્તવ્યતાનો ધીકતો ખ્યાલ જીવંત હતો. નહિતર એવી અત્યન્ત કર્તવ્ય નહિ લાગતી. કિન્તુ સામાન્યરૂપે કર્તવ્ય લાગતી સંયમ-તપની સાધના શું ઈન્દ્રપણાનું પુણ્ય ઊભું કરી આપે ? એમાં તો પૂર્વના ભોગ-વૈભવની છાયા દિલ પર ઊભી રહી જાય. કેમકે આ સાધના જ્યારે પરમ કર્તવ્ય નથી લાગતી, તો એનો અર્થ એ કે 'પૂર્વની સ્થિતિ પણ એ કાળે કર્તવ્ય હતી' એવું મનમાં બેઠું છે. અથવા 'વર્તમાનમાં પણ જેની સર્વત્યાગની શક્તિ નથી, ને ઘરવાસમાં બેઠા છે એમને ભોગ-વૈભવ કર્તવ્ય છે,' આવું મનને ભાસે છે.

એ તો જો આ સાધના પરમ કર્તવ્ય અત્યન્ત કર્તવ્ય લાગે તો એની સામે પોતાનું પૂર્વે ભોગ-વૈભવમાં મહાલવાનું, કે બીજાઓનું વર્તમાનમાં ભોગ-વૈભવ મહાલવાનું એ તદ્દન અકર્તવ્ય લાગે, મૂર્ખતા અને અજ્ઞાન બાલિશ ચેષ્ટા લાગે.

**ધર્મમાં અત્યન્ત કર્તવ્યબુદ્ધિ હોવાનું ફળ આ, કે પાપના વિચાર-વાણી-વર્તાવ તદ્દન મૂર્ખતાભર્યા લાગે, બાલિશ ચેષ્ટા ને સનેપાતની ચેષ્ટા લાગે, લેશ પણ કર્તવ્ય ન લાગે.**

સાધના વિશુદ્ધ થવી જોઈએ એ માટે પહેલી વાત આ થઈ કે એમાં અત્યન્ત ઉપાદેયબુદ્ધિ પરમ કર્તવ્યતાની બુદ્ધિ જોઈએ. હવે બીજા લક્ષણની વાત.

**(૨) સાધના વખતે સંજ્ઞાની અટકાયત :-**

કોઈપણ દેવદર્શનાદિ ધર્મસાધના કરતા હોઈએ એ વખતે આહાર-વિષય-પરિગ્રહાદિની સંજ્ઞા ન ઊઠવી જોઈએ. ઊઠતી જ અટકાવી જોઈએ. દેવદર્શન પૂજન



કરતાં મનને એમ ન થવું જોઈએ કે 'ભૂખ લાગી છે. અહીંથી જઈને ઝટ જમી લઈશ' આ આહારસંજ્ઞાનું તોફાન છે. એને ઊઠતી જ અટકાવવી જોઈએ, એમ વિચારીને કે 'આ મહા પવિત્ર દર્શન-પૂજનની પ્રવૃત્તિમાં આવા હલકા વિચારના ગંદવાડ ન ઘલાય.'

એમ વિષયસંજ્ઞાનો વિચાર ઊઠે કે દા.ત. 'મારે કપડાં મેલા થઈ ગયાં છે, ધોબીને આપવાનાં છે...' 'પેલી સ્ત્રી રૂપાળી છે,' તો એને મન દબાવી એમ વિચારાય કે 'માંડ પરમાત્માની સેવામાં આવ્યો, ત્યાં જડની આ લોથ શી ?... પવિત્ર મંદિરમાં પરસ્ત્રીનાં રૂપ જોવાનું આ ગલીચ કામ કરું ?... વિષયો ગોઝારા છે, ઈન્દ્રિયો છાકટી છે. કમમાં કમ મંદિરમાં કે જ્યાં એ ગોઝારા વિષયોની સંજ્ઞાથી બચી શુદ્ધ થવાનું છે. ત્યાં મંદિરમાં જ અશુદ્ધ-અપવિત્ર થવાનું ? આત્માની દુશ્મનભૂત ઈન્દ્રિયોને મંદિરમાં ય લબાડ બનવા દેવાની ? તો પછી છૂટવાનો આરો કયાં ?...' આમ વિચારી ઈન્દ્રિયો પર પાકું નિયંત્રણ મૂકી વિષયોરૂપી ભંગીને મનમાં ય નહિ અડાડવાના.

એવી પરિગ્રહસંજ્ઞા, ભયસંજ્ઞા, ક્રોધસંજ્ઞા, માનસંજ્ઞા વગેરે એક પણ સંજ્ઞાનો વિચાર સાધના વખતે નહિ ઊઠવા દેવાનો. જો સંજ્ઞાની એમ અટકાયત ન થાય તો એ લાખ રૂપિયાની સાધનાને ડહોળી નાખી રાખ જેવી કરી નાખે. સાધનામાં રૂપિયા ગમે તેટલા ખર્ચે, કે તપ ગમે તેટલા કરે, યા ધર્મક્રિયામાં શરીર કેટલું ય જોડે, પણ જો દિલમાં આહારાદિ સંજ્ઞાનો ભાવ ઊઠે છે, તો,

**દિલ સંજ્ઞામાં ગયું, એ સાધનામાં કયાંથી જોડાય ? દિલ વિનાની સાધનાની કિંમત કેટલી ?**

આહાર આદિની સંજ્ઞાના વિચાર આટલા માટે ભયંકર છે કે (૧) એ દિલને પકડી સાધનામાંથી ઉઠાવી લે છે. (૨) વળી દિલમાં સંજ્ઞાના વિષયની મિઠાશ લાગવાથી સાધનામાં મિઠાશ નહિ લાગે.

**માટે આહારાદિ સંજ્ઞાઓ ઝેર છે. એ સાધનાની મીઠાં ચેતનાને નષ્ટ કરી દે છે.**

ક્રોધની સંજ્ઞા એ પણ ઝેર; માન-મદની સંજ્ઞા એ પણ ઝેર. પ્રભુનાં ગમે તેટલા ઉચ્ચ દર્શન-પૂજનની સાધનામાં લાગ્યા, પરંતુ એ વખતે જો ત્યાં કોઈની પર ગુસ્સો ઊઠ્યો, યા કોઈની સામે અભિમાન ઊછળ્યું કે 'આના કરતાં હું મોટો શ્રીમંત, વધું ભણેલો હોશિયાર,' તો ત્યાં પ્રભુ પ્રત્યેનો નમ્રભાવ અને પ્રભુચરણે લયલીનતા ઊડવાની. નમ્રતા-લીનતાની ચેતના એ વખતે મૂર્ચ્છિત કેમ ? સંજ્ઞાનાં ઝેર આગળ એ ટકે શાની ?

અનુભવ છે ને ? કહો ને ઘણો ય. દર્શન-ચૈત્ય-વંદનામાં કોઈ આડે આવે ત્યાં મન કયાં પ્રભુમાં ઝાલ્યું રહે છે ? એ નો ઝટ પેલા પર ગુસ્સાના ભાવમાં લપેટાઈ જાય છે. આવા અનુભળોનો પાર નથી તો વિચારો, આવાં આવાં હજારો પણ દર્શન-પૂજન-ચૈત્યવંદન કેટલો લાભ આપશે ? હજારો દર્શન-પૂજન-ચૈત્યવંદન પછી ય હજી આ સ્થિતિ, તો વિશુદ્ધ દર્શનાદિ-સાધના કયારે થવાની ? લાગે છે ખરું કે જિંદગીના છેવાડે ય થવાની ? ના, હજી સુધી આ ડિંડવાણું ચાલે ત્યાં એ ક્રોધાદિ કષાયો અને સંજ્ઞાનો તો ખૂબ અભ્યાસ પડી ગયા પછી એ શે અટકે ?

**સંજ્ઞાઓ સાધનાનો ઘાણ બગાડે :-**

એકલી દર્શન-પૂજનની સાધનામાં જ આવું છે એમ નથી, બીજી પણ જાપ-સામાયિક દાન-શીલ-વ્રત-નિયમ-તપ વગેરેની સાધનામાં પણ આહારાદિ કે કષાયાદિની સંજ્ઞા ઘુસી જઈ સાધનાનો ઘાણ બગાડે છે. દા.ત. જાપ કરવા બેઠા, પણ વચ્ચે મનમાં એમ જો આવ્યું કે આ માળા પૂરી કરીને તરત જ સૂઈ જવું છે, તો એ નિદ્રાની સંજ્ઞા જાપને લુલિયો-માંદલો ઉત્સાહ વિનાનો બનાવશે. એ તો મનને જો એમ થાય કે,-

'અહો ! કેવી મારે આ ધન્ય ઘડી કે સંસારનાં પાપકાર્ય છોડી અને નિદ્રાના વ્યર્થ જતા માનવસમયના બિગાડાને છોડી પરમ પવિત્ર આ પરમાત્માના નામના જાપનું સુંદર કામ હાથમાં આવ્યું !' તો જાપમાં ઉછરંગ રહે. નિદ્રામાં માનવસમયરૂપી સુવર્ણરસ રાખમાં ઢળી જતો દેખાય, અને જાપમાં એ અઢળક પુણ્યસુવર્ણ બનાવતો જણાય, તો જ નિદ્રાની સંજ્ઞા ઊઠતાં એના પર તિરસ્કાર છૂટે, ને ઝટ એને અટકાવાય.

તિથિને દિવસે શીલ પાળતાં મનને જો એમ આવ્યું કે 'વાંધો નથી, કાલે તિથિ નથી...' તો એમાં વિષયની મિઠાશ આવી. એ વિષયસંજ્ઞા પેલા શીલનો સ્વાદ મારી નાખશે મનને વિષયની મિઠાશ આવે પછી શીલની મિઠાશ કયાં ઊભી રહે.

**શીલની મિઠાશની વિચારણા એ,**

કે મનને એમ થાય કે 'અહો ! અનંત અનંત કાળના વિષયગુલામ-વિષયલંપટ મારા જીવને આજે કેવી ધન્ય ઘડી કે વિષયગુલામી હેઠી મૂકવાની તક મળી ! મોટા દેવતાઈ શક્તિવાળા દેવતાને પણ આ તક નહિ. વાહ ! તીર્થંકર ભગવંતો એ સ્વયં આ શીલ-બ્રહ્મચર્ય આચરીને જગતને આ જ કલ્યાણકર બતાવ્યું; અને એમના માર્ગે મોટા રાજા-મહારાજા શેઠ-સાહુકારોએ પણ આ જ અપનાવ્યું. કેવું સુંદર અને માનવભવને શોભે એવું શીલ !'

ઉત્તમ આત્માઓએ અપ્સરા જેવી પત્ની મળ્યા છતાં શીલ-બ્રહ્મચર્યનાં પાલન



શી રીતે કર્યા હશે ? કસોટીના પ્રસંગે લલચાવનારી કરગરતી રૂપાળી પરસ્ત્રી સામે આવવા છતાં શીલનાં સંરક્ષણ શી રીતે કર્યા હશે ? આવી જ વિચારણા રાખી શીલની મિઠાશ અનુભવવા પર, અને અ-શીલ કુશીલને બિભત્સ પશુરમત સમજી એના પ્રત્યે ભારે ઘૃણા-સૂગ કરવા પર.

**સુખસાધનો ભોગવવા જેવા કેમ નહિ ? :-**

મનમાંથી એવું કાઢી નાખો કે 'અહીં ભોગવટાના સંયોગ-સાધન મળ્યાં છે એ વિષયરંગ ઉડાવી લેવા માટે.' ના, મનમાં વારંવાર આ ભાવના કર્યા કરો કે 'આ સંયોગ-સાધન તો મને મૂર્ખ બનાવવા માટે, અને હું મૂર્ખ બની ભૂલું એ માટે મળ્યા છે. કોઈ અનંત કાળે મળેલી વૈરાગ્ય અને વિષયવિમુખ પવિત્ર આત્મભાવમાં રમતા રહેવાની સોનેરી તક ગુમાવી મને વિષયોમાં રગદોળીને ફેર અનંતા ભવફેરામાં પટકવા માટે આ સુખસાધન મળ્યાં છે પરંતુ હું પરમાત્માનાં શાસનનો પ્રકાશ પામી તથા અનંતા બ્રહ્મચારી તીર્થંકરદેવો અને અનંતા મુનિઓનું આલંબન પામી હવે શાનો ભૂલું ? શાનો મૂર્ખ બનું ? વિષયો મારા ભાવદુશ્મન છે. એની સામે તો બળવાખોર બન્યો રહું વિષયચેષ્ટાઓ ! તમને વહાલા કરે, તમારી ચાપલુસી કરે એ બીજા, હું નહિ.'

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૪,અંક-૧,તા.૬-૯-૧૯૭૫**

આ સમજ જીવતી-જાગતી જોઈએ. પારધીએ પાથરેલા મજેના અનાજના દાણાને સમજદાર પંખીઓ કેવા સમજે ? ખાવા જેવા નહિ, પણ પારધિની જાળમાં ફસાવનારા સમજે. એમ વિષયો સારા ભોગવવા યોગ્ય નહિ, કિન્તુ કર્મસત્તાની અને અનંત ભવભ્રમણની જાળમાં ફસાવનારા દેખવા જોઈએ.

**માંસાહારી મ્લેચ્છને ત્યાં બકરાને સારાં સારાં ખાનપાન અને બકરીઓના સંયોગ મળતા હોય એને કેવા કહેશો ? મોજ ઉડાવવા જેવા ?**

ના, કેમકે એમ મોજ ઉડાવી લષ્ટપુષ્ટ થાય એ અંતે ક્રૂર રીતે જીવતા કપાઈ મરવા માટે થવાનું છે. એટલે એ વિષયસંયોગો બકરાને એક દિવસ કપાવી નાખનારા કહેવાય.

બસ, આપણને મળેલા વિષયસંયોગોને આવા દેખવા જોઈએ. પછી મનને એમ નહિ થાય કે 'આ મળ્યા છે તો એ કેમ ન ભોગવી લેવા ? આ ભોગવવા માટે મળ્યા છે, એવું નહિ થાય. મનને એમ થયા કરશે કે,

**મીઠા વિષયો મ્લેચ્છના બકરાને તો એક જ ભવમાં કપાવનારા, પણ મને**

**ભવોભવ દુર્ગતિનાં દુઃખ અને દુઃખદ મૃત્યુ દેનાર છે.**

'મારો આ જન્મ તો કસોટીનો સમય છે. રૂડાં મેવા-મીઠાઈ, રૂડાં સંગીત વાજિંત્ર, રૂડાં કપડાં લત્તા દાગીના, મજેના અત્તર સુગંધીદાર પદાર્થ, સુંવાળા સ્પર્શવાળા જડ-ચેતન, બધું સામે આવશે, પણ મારે લોભાવાનું નથી. આ મારો પરીક્ષાકાળ છે. એમાં લોભાયો તો નપાસ થવાનો, અને એની સજામાં ભવોની કેદ.'

આ સમાજ, આ જાગૃતિ, અને એમાં ન ફસાવાની પૂરી સાવધાની જોઈએ. અનીતિખોર વેપારીને ફસાવવા છૂપી પોલીસ છટકું ગોઠવે છે. એક માણસને મોટી ખરીદી કરવા મોકલે છે. એમાં જો એ વેપારી લોભાયો અને માલ વેચવાનો સોદો કર્યો તો પછી દશા કઈ ? 'આ જા, ફસા જા'ની જ ને ? ત્યાં જો એ પહેલેથી સમજી જઈ અનીતિમય સોદો ન કરે તો બચે, નહિતર તો કદાચ જેલભેગા ય થવું પડે.

જ્ઞાનીઓએ આપણને આ ઓળખ કરાવી છે,-

**મીઠા વિષયો એ કર્મસત્તાનું ગોઠવેલું છટકું છે.**

નો એના ભોગવટાના સોદામાં ઊતર્યા તો કર્મસત્તા જાણે કહે છે 'આ જા કર્મબેડીમાં ફસા જા.'

આ ઓળખ ચોવીસ કલાક જાગતી રહે, કમમાં કમ ધર્મસાધનાના અવસરે જાગતી રહે, તો સાધના વખતે પાપી વિષયસંજ્ઞા-કષાયસંજ્ઞાને ઊઠવા ન દેવાય, ઊઠતી જ અટકાવાય. **સંજ્ઞાથી સાધનાને અભડાવાય નહિ.**

સાધના કરવા માટે ઊંચી કર્તવ્યબુદ્ધિ તો રાખી, એને તરણતારણ માની અનુપમ કર્તવ્ય તરીકે લેખી, અને સાધના અત્યંત ઉમળકાભેર કરવા લાગ્યા, આ જો ઉચ્ચ કર્તવ્યતાનો ખ્યાલ હોય તો મનમાં વિષય-સંજ્ઞા-કષાયસંજ્ઞા ઊઠવા જતાં મનને ઝટ થશે કે આ કયાં કર્તવ્ય જ છે ? શા માટે અત્યારે ઉચ્ચ કર્તવ્ય બજાવવા વખતે સંજ્ઞાનાં પાપને સેવું ?

**કષાયસંજ્ઞા પણ વિષયસંજ્ઞા જેવી જ ભૂંડી છે.**

ઉત્તમકોટિના આત્મહિતને કરનારી ધર્મસાધના કરવા ગયા ત્યાં પણ કષાયસંજ્ઞા ઊઠી આવે છે. દાન દેવા બેઠા, ને સામો જરા વધારે માગે છે ત્યાં ગુસ્સો ચડી જાય છે. હૈયામાં ગુસ્સો, આંખમાં ગુસ્સો, બોલમાં ગુસ્સો. શું છે પણ ? કહે છે,

**પ્ર.-અજુગતું માગે તો ગુસ્સો ન થાય ?**

ઉ.-અલ્યા ભાઈ ! તું દેવા બેઠો છે એ શા માટે ? તારી લક્ષ્મી પરનો લોભ ઓછો કરવા માટે જ ને ? તો જો લોભકષાય દબાવવા જેવો છે, તો શું ક્રોધકષાય દબાવવા જેવો નથી ?



**કામ એક કષાયને દાબવાનું કરવું, ને સાથે બીજા કષાયને પોષવાનું કરવાનું ?**

**દાન કરતાં કષાય કેમ રોકાય ? :-**

ઘરમાંથી કચરો કાઢતાં બહારનાં વંટોળથી બીજી બાજુ બારીમાંથી નવો કચરો આવે એમ હોય તો કચરો કાઢનાર ડાહ્યો માણસ એ બારી ખુલ્લી કરે ? કે ઊલટું ખુલ્લી હોય તો બંધ કરે ? એમ અહીં લોભ કષાય કાઢવો ને ક્રોધકષાય ઘાલવો ? સામો અજુગતું માગે છે એ જો એની નાલાયકી ગણે છે, તો તું દાતાર થઈને ક્રોધ કરે એ તારી મોટી નાલાયકી નથી ? શું એમ માને છે કે 'હું દેનારો એટલે ગુસ્સો કરવાને હકદાર, અને સામો લેનારો એ વધુ માગવાને હકદાર નહિ ?'

દાન દે છે એટલે શું સામા પર પાડ ચડાવવા દે છે ? કે તાબરા આત્મા પર પાડ ચડાવવા દે છે ? તારા આત્માનું ભલું કરવા દે છે ? તારા પોતાના માટે જો દાન દેતો હોય તો સામાના અધિક માગવા પર એને નાલાયક શું કામ માને ? પણ વાત આ છે કે દાનથી સામા ઉપર પાડ ચડાવવો છે એટલે પોતે જાણે ઉપકાર કરનારો ગવર્નર, ન્તે રોફ રોષ કરવાને હકદાર છે કેવું અજ્ઞાન !

સામો અજુગતુ માગે તો પણ ગુસ્સો શા માટે કરવો ? શાંતિથી એને કહી શકાય છે કે 'જો ભાઈ ! હું દઉં છું એ મારી ચડતી ભાવના પ્રમાણે બરાબર છે. મારી ભાવનાને તું પાડી ન નાખીશ, દઉં એટલી મારી ભાવનાને રહેવા દે. મારે ખરચાનાં બીજાં પણ કામ છે, જેમાં મારે દેવાનું છે.' આવું કહેવાય, પણ ગુસ્સો કરવાની જરૂર નહિ.

વાત આ યાદ રાખવાની,-'સુકૃતસાધના જેવી પવિત્ર ક્રિયાને કષાયસંજ્ઞાથી અભડાવાની નહિ.'

એટલા જ માટે સાધના કરતાં હોંશાતોંશી, ઈર્ષ્યા વધુ માન ખાટવાની લાલસા માયાકપટ વગેરેને નહિ ઊઠવા દેવાના.

'ગિરિરાજની યાત્રાએ કોઈ ચડે છે, એના કરતાં હું આગળ ચડી જઉં,' એ હોંશાતોંશી છે. 'અમુક માણસે જિનભક્તિ ઉત્સવ કર્યો એના કરતાં હું એવો સરસ કરું કે એના ઉત્સવ કરતાં મારો ચડિયાતો દેખાય,' એ હોંશાતોંશી...એમ પોતે જ્ઞાન ભણે, તપ કરે, પરંતુ બીજાને અધિક જ્ઞાન ચડતું હોય, બીજો અધિક તપસ્યા કરતો હોય, એની બળતરા કરે, એ ઈર્ષ્યા. હૈયાની આ બળતરા અવસરે દેખાઈ દે છે. જેના માટે બળતરા છે એ વ્યક્તિનું ઘસાતું બોલશે, અથવા ખુદ એની સાથેના વ્યવહારમાં છણછણ-તોછડાઈ અતડાઈ કરશે.

જીવની આ કેવી કંગાળ દશા છે કે સાધના આત્મહિતની કરે છે, પરંતુ સાથે હોંશાતોંશીના મદથી, કે ઈર્ષ્યાના દ્વેષથી સ્વાત્માનું હિત હણી નાખે છે.

**સંજ્ઞાને રોકવા આ એક જોરદાર વિચાર છે.**

**સાધના કરું છું એટલે તો અમૃતના પાણી પીઉં છું. પરંતુ મનની અડિયલતા એવી છે કે એમાં હોંશાતોંશી-ઈર્ષ્યા વગેરે ગટરનું પાણી મિક્સ કરવા જોઈએ છે !**

**સાધના બે પ્રકારે, (૧) દ્રવ્યથી સાધના બાહ્ય ક્રિયારૂપ, અને (૨) ભાવથી સાધના અભ્યન્તર મનના સાધનાયોગ્ય પરિણામરૂપ.**

એ ભાવથી સાધના બહુ જરૂરી; એ વિના દ્રવ્યથી સાધના એવું ફળ ન આપે. ત્યારે જો ભાવથી પણ સાધના કરવી છે, તો તેમાં તો મનનો એવો શુભ પરિણામ ઊભો કરવાનો છે, દા.ત. બહારથી ધન દેવારૂપ દાન કર્યું, તો અંદરથી મનને એટલા દીધેલાની મૂર્ચ્છા છૂટવી જોઈએ, અર્થાત એટલા ત્યાગનો પરિણામ ઊભો થવો જોઈએ.

તેમજ જેવા પાત્રમાં દાન, એને યોગ્ય મનનો ભાવ બનવો જોઈએ. દા.ત. પ્રભુભક્તિના કોઈ કાર્યમાં ઉદારતાથી ખર્ચ્યું, તો ત્યાં મનમાં એટલી લક્ષ્મીની મૂર્ચ્છાના ત્યાગના ભાવ સાથે પરમાત્મા ઉપરની ઉછળતી ભક્તિ, અત્યંત બહુમાન અને અનન્ય પ્રીતિનો ભાવ ધીકતો રહેવો જોઈએ. ત્યારે એ સાધના બાહ્ય-આભ્યન્તર દ્રવય અને ભાવ બંને રીતે ઉત્તમ કોટિની થઈ કહેવાય. આવું બીજા ત્યાગ, તપ, ચૈત્યવંદન, સામાયિકાદિ સાધનામાં પણ બાહ્ય ક્રિયાની સાથે આભ્યન્તર મનમાં તેને યોગ્ય શુભ ભાવ જાગતા રહેવા જોઈએ.

મુખ્ય વાત આ, કે મનમાં સાધનાને યોગ્ય શુભ પરિણામ ખાસ અત્યંત જરૂરી, હવે સાધના વખતે મનમાં જો હોંશાતોંશીનો ભાવ લવાય તો એ માનકષાયનો ભાવ આવ્યો કહેવાય. ઈર્ષ્યાનો ભાવ લાવ્યા, તો એ ક્રોધકષાય આવ્યો કહેવાય. એમ દા. ત. ચૈત્યવંદનમાં આમ તો દહેરામાં પોતે એકલો હોત તો તો સ્તવન ધીમા અવાજે બોલત, પણ બીજો કોઈ સ્તવન બોલે છે, તો એ બીજાના ચાલતા સ્તવનના અવાજને ઢાંકી દેવા મોટા અવાજે સ્તવન શરૂ કરાય, કેમ જાણે પોતાને પ્રભુ ઉપર બહુ ઊલટ-ઊછરંગ આવી ગયો છે ! તો એમાં દ્વેષ-મદ અને માયા-કષાયનો ભાવ આવ્યો ગણાય. એમ સારું બોલી સારું કરીને જશ ખાટવાનો ભાવ રહે, તો એ લોભ કષાયનો ભાવ આવ્યો.

આમ સાધના ખતે આ આ ભાવ આવવાથી શું થયું ? અમૃતપાણીમાં ગટરનાં પાણીનું મિશ્રણ ! અર્થાત્ સાધનાના હિસાબે તો મનમાં એને યોગ્ય પવિત્ર શુભ ભાવ, અને આ કષાયસંજ્ઞાના હિસાબે મલિન ભાવ, કે ગંદુ મિશ્રણ ! આ કોણ કરે છે ? આપણે પોતે જ.



**આપણું કોણ બગાડે છે ? આપણો આત્મા જ.**

આત્મા જ ભાનભૂલો બની કષાયના અશુભ ભાવને મનમાં ઘાલે છે. આપણને કોઈ ફોર્સ નથી પાડતું કે 'તું ક્રોધ કર, હોંશાતોંશી કર, ઈર્ષ્યા કર...' વગેરે અહીં પૂછો,-

**પ્ર.**- સામો અનાડીવેડા કરતો હોય. દા.ત. આપણા પ્રભુદર્શનની વચમાં ધરાર થાંભલાની જેમ ઊભો રહેતો હોય, તો આપણને સહેજે ગુસ્સો આવે, એ એણે કરાયો ન કહેવાય ? એ વચમાં ઠોયાની જેમ ઊભો ત્યારે તો ગુસ્સો થયો; નહિતર ક્યાં આપણે ગુસ્સે કરવાના હતા ?

ઉ.- આ ભ્રમણા છે કે સામાએ ગુસ્સો કરાવ્યો. ખરેખર તો આપણે ગુસ્સો કરવો હતો તેથી કર્યો એમાં સામાએ કે સામાના અડિયલપણાએ ગુસ્સો કરવા ફોર્સ નથી પાડ્યો. જીવનમાં એવા પ્રસંગો પણ બને છે કે માણસ પ્રતિકૂળ વર્તના ઉપર પણ ગુસ્સો નથી કરતો. દા.ત. પ્રેમાળ પત્ની વાંકુચૂંકુ બોલે-ચાલે, તો પતિ ગુસ્સો નથી કરતો. બહુ ખટાવનાર શેઠ એવું કાંક પ્રતિકૂળ વર્તે તો ગુસ્સો નથી કરાતો. દુકાન પર પોલિસ ઈન્સ્પેકટરની રેડ પડી ને એ ગમે તેમ દબડાવે કરે, તો ય વેપારી ગુસ્સો નથી કરતો. ગુસ્સો ન આવે ? પણ કેમ ગુસ્સો નહિ ? પોતાને કરવો નથી માટે નહિ. અલબત્ત એની પાછળ અત્યંત પ્રેમ, લોભ, ભય ગેરે કારણ કામ કરે છે. પત્ની પર બહુ પ્રેમ છે માટે ગુસ્સો નહિ. શેઠ પાસેથી પૈસા ખાટવાનો લોભ છે તેથી ગુસ્સો નહિ. પોલિસ ઈન્સ્પેકટર તરફથી ભય છે કે આપણા ગુસ્સામાં એ ઊંધું વેતરણ કરી નાખે, તેથી ગુસ્સો નહિ. આમ ખરું જોતાં એ હકીકત છે કે સામો ગુસ્સાનો ફોર્સ નથી કરતો, પરંતુ પોતે સમજીને જ ગુસ્સો નથી ઊઠવા દેતો સારાંશ.

**આપણે જો ધરાર ગુસ્સો નથી કરવો તો ગુસ્સો નથી ઊઠતો.**

**સાધર્મિક પર ગુસ્સો કેમ અટકાવાય ? :-**

**પ્રેમ-લોભ-ભયની વિચારણાથી.**

એમ અહીં પણ દર્શનની આડે ઊભો રહેનાર આપણને ગુસ્સાનો ફોર્સ નથી કરતો કે 'કર ગુસ્સો.' કિન્તુ આપણે ગુસ્સો કરવો છે માટે ગુસ્સો ઊઠે છે.

**ધર્મમાં અંતરાય કરનાર પર ગુસ્સો કેમ અટકે ? :-**

અહીં જો પેલાની જેમ કાંઈ પ્રેમ, લોભ, ભયનો ભાવ લાવીએ તો ગુસ્સો કરવાનું મન નહિ થાય. દા.ત. 'સાધર્મિક સગપણસમું અવર ન સગપણ કોય.' એ સમજી સામા સાધર્મિકને આપણો ખરેખરો સગો માની એના પર અનહદ પ્રેમ ઊભરાતું રાખીએ તો પછી એના પર ગુસ્સો નહિ થાય.

અથવા જેમ પત્ની ઉપર અત્યંત પ્રેમ હોય અને એ પતિને કહે, 'તમને બાબો ગમે તેમ બોલે ચાલે પણ એના પર ગુસ્સો નહિ કરવાનો,' તો પતિ એના અત્યંત પ્રેમની ખાતર એનું માની લઈ બાબાના અડિયલ વર્તાવ પર ગુસ્સો નથી કરાતો; એમ પરમાત્મા પર આપણને અત્યંત પ્રેમ હોય તો એમનું આપણને ફરમાન છે કે 'સાધર્મિકની ભૂલ પર ગુસ્સો ન કરવો.' એટલે પ્રભુના પ્રેમની ખાતર એ માની લઈ સાધર્મિકના એવા વર્તાવ પર ગુસ્સો નહિ કરીએ.

અથવા સાધના દ્વારા શુભ ભાવ કમાવવાનો અને આત્માને પવિત્ર બનાવવાનો લોભ હોય, તો દેખાશે કે ગુસ્સો કરવામાં તો આપણી શુભ ભાવ અને પવિત્રતાની કમાઈ પર જ ફટકો પડશે, માટે એ કમાઈના લોભ ખાતર ગુસ્સો નહિ કરીએ.

અથવા ગુસ્સો કરવામાં કર્મદંડનો ભય હોય કે ભલે વાંક સામાનો, પણ હું જો ગુસ્સો કરું તો કર્મ મને દંડી નાખે કર્મસત્તા કાંઈ એ જોતી નથી કે 'તારો તો વાંક નહોતો, પણ બીજાના અડિયલપણાના નિમિત્તને લઈને તે ગુસ્સો કર્યો તેથી તારો ગુનો નહિ' ના, કર્મસત્તાનો આ હિસાબ નથી.

**કર્મસત્તાનો તો એક જ હિસાબ છે.**

કે તમે ભલે બીજાના ચડાવ્યા મિથ્યાત્વ સેવો, અવિરતિ એટલે કે વિષયોની આસક્તિમાં પડો, બીજાનાં વાંકે તમે ગુસ્સો-મદ-માયા કરો, બીજાના પ્રેમ કે શરમની ખાતર ખોટાં કામ કરો, આરંભ-સમારંભ કરો, જૂઠ બોલો, પાપમય યોજના ઘડો, બીજાના શિખવ્યા ખોટા વિચાર કરો...આ બધું તમારો ગુનો છે.

મિથ્યાત્વ કષાય આદિ ભલે બીજાના નિમિત્તે સેવ્યું, પણ તમે સેવ્યું માટે તમે ગુનેગાર. ત્યાં પાપકર્મો તમારા આત્મા પર ચોંટી જ જાય, ને એ ભવિષ્યમાં તમને સારી રીતે પીડા-વેદના-ત્રાસ આપ્યા જ કરે.

ત્યારે બીજાના વાંકે ગુસ્સો વગેરે સેવી દંડ આપણે લેવો એ કેવી મૂર્ખાઈ ? આમ જો ભય હોય કે 'દર્શનની આડે સામો અડિયલ થઈને ઊભો, પણ હું ગુસ્સો કરું તો મને પાપકર્મો ચોંટે !' તો એ ભયના માર્યા ગુસ્સો નહિ થાય.

આમ, પ્રેમ, લોભ કે ભયને લીધે આપણે ગુસ્સો અટકાવી શકીએ છીએ. એનો અર્થ એ, કે આપણે પ્રેમ-લોભ-ભયવશ જો મન પર લઈએ કે 'ધરાર મારે ગુસ્સો નથી કરવો તો આપણને કાંઈ સામો ગુસ્સો કરવા કશો ફોર્સ નથી પાડતો; ને આપણે ગુસ્સો કરવો નથી પછી ગુસ્સો શાનો થાય ?', આવું જો સમજી રાખીએ તો ગુસ્સાને અટકાવી શકાય.

વાત આ છે કે,



**સાધનાથી**

(૧) પુણ્યાનુબંધથી પુણ્ય ઊભું થાય છે,

(૨) પાપકર્મોનો ક્ષય-નિર્જરા થાય છે,

(૩) હૈયાના ભાવ પવિત્ર બને છે,

(૪) જિનાજ્ઞાપાલનનો ઉચ્ચ લાભ મળે છે,

(૫) એટલો સમય હિંસાદિ પાપ પ્રવૃત્તિથી અને વિષયવિલાસથી બચાય છે,

(૬) તારણહાર પરમાત્મા આદિની ભક્તિનો લાભ મળે છે,

(૭) અમૂલ્ય અને અતિ દુર્લભ માનવ-પુરુષાર્થ શક્તિ લેખે લાગે છે,

(૮) બીજાને ધર્મ માટે આપણે આલંબનરૂપ બનીએ છીએ, એમ શાસન પરંપરા આગળ ધપે છે....

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૪,અંક-૨,તા.૨૦-૯-૧૯૭૫**

ધર્મની સાધનાથી આવા આવા અનેક અનુપમ લાભ છે, પરંતુ જો એમાં કષાયસંજ્ઞા ઊઠવા દઈએ, તો એ લાભોમાં કટિંગ થાય છે, એના પર કાપ પડે છે. ને ઊલટાં નુકસાન ઊભા થાય છે, તો સાધના વખતે એવી ક્રોધાદિ કષાયોની સંજ્ઞા પોષીને શી વડાઈ ?

**સાધનાનો રૂડો ધંધો માંડી કષાયનો અવળો વેપલો કરવો એ મહા મૂર્ખતા છે.**

**સાધના વખતે કષાય રોકવા શું શું વિચારવું ? :-**

(૧) સાધના કરીને પુણ્યાનુંબંધી પુણ્ય લેવું છે, પરંતુ એની વચમાં જાણી બૂઝીને કર્તવ્ય માની કષાય સેવાય તો એ પાપાનુબંધી પાપ આપશે; ને પેલી સાધનાના જોસને મોળું પાડી પુણ્ય કમાઈમાં કતરામણ કરશે.

(૨) સાધનાથી પાપક્ષયનો લાભ મળે છે. પણ કષાય કરવા જતાં એ કામ અટકી ઊલટું નવાં પાપ વધશે પાપ ક્ષયના વેપાર વખતે પાપ કમાઈ ?

(૩) એમ, સાધના કરીને શુભ ભાવની કમાઈ કરવી છે ત્યાં કષાય કરવા જતાં એમાં કતરામણ અને અશુભ ભાવની કમાઈ થશે. દિલ પવિત્ર કરવા જતા કાળુમેશ થશે.

(૪) સાધનાથી જિનાજ્ઞાપાલનનો ઉચ્ચ લાભ મળે પણ કષાય કરવા જતાં જિનાજ્ઞાભંગનું મહાપાપ વહોરવાનું થાય. કેવી મૂઢતા ! આમ દુનિયાદારીમાં તો જિનાજ્ઞાનું પાલન કરી શકતો નથી, સાધનામાં એ પાલન મળે છે, ત્યાં પાછી જિનાજ્ઞાભંગની લોથ ઘાલવાની ?

(૫) 'આવ્યો છું સાધનામાં જોડાઈ એટલો સમય પાપથી બચવા; ત્યાં જો કષાય સેવીશ તો પાછો પાપમાં પડીશ.' 'ઘરના દાઝયા વનમાં ગયા, તો વનમાં લાગી આગ' જેવું થશે. ઉચ્ચ માનવ અવતારનો કિંમતી સમય અહોભાગ્યે સાધનામાં લેખે લગાડવા મળ્યો એને વળી કષાયની આગમાં કયાં બાળું ?' આ વિચાર હોય તો કષાયસંજ્ઞાને અટકાવવાનું થાય.

(૬) સાધનામાં દાન પરમાત્મભક્તિ, સાધુભક્તિ, સંઘભક્તિ, તપ દ્વારા કાયાની સફળતા, શીલ-વ્રત દ્વારા મનની પવિત્રતા ઈત્યાદિના અનુપમ લાભ મળે છે, ત્યારે કષાય કરવા જતાં પરમાત્માની કે ગુરુની સન્મુખ જ ઉદ્ધતાઈ, અને મનની કલુષિતતા થાય છે. આવો ભક્તિ વખતે વિટંબણાનો વેપાર શા માટે ?

(૭) સાધનામાં અતિ દુર્લભ અહીં મળેલી માનવ પુરુષાર્થ શક્તિ લેખે લાગે છે. આરાધનાનો મળેલો અતિદુર્લભ પુરુષાર્થ કાળ સફળ થાય છે. ત્યારે કષાય કરવા જતાં એ મહામોંઘેરા પુરુષાર્થકાળ પુરુષાર્થશક્તિ વેડફાઈ જાય છે. એટલું જ નહિ, પણ આત્માને મહા-નુકસાનમાં ઉતારે છે. વિચાર આ જોઈએ કે 'પંચસૂત્ર' શાસ્ત્ર કહે છે તેમ,

**'को मम कालो किमेअस्स उचियं ।'**

**આ મને કયો અવસર મળ્યો છે, ને એને ઉચિત શું છે ?**

**માનવભવનો અવસર અત્યંત દુર્લભ વિશિષ્ટ પુરુષાર્થશક્તિનો મળ્યો છે, અને એને ઉચિત એ શક્તિને પરમાત્મભક્તિ અને ઉપશમ ભાવમાં લગાવવી છે.**

તો પછી સાધના દ્વારા પરમાત્મભક્તિ અને ઉપશમ ભાવ કેળવવાનું મળ્યું છે, એમાં પુરુષાર્થ-શક્તિ કામે લગાડી દેવાનું મળ્યું છે, ત્યાં કષાયનો પુરુષાર્થ કરી પુરુષાર્થ-શક્તિને અવળે માર્ગે કાં ચડાવવી ? માનવ-અવસરને પશુ-અવસર શા સારું બનાવવો ? આમે ય સાંસારિક પ્રવૃત્તિમાં તો કષાયોથી બચી શકતો નથી, પરંતુ પવિત્ર સાધના-પ્રવૃત્તિ વખતે તો કષાયથી બચું ? જો સાધના વખતે ય કષાયથી બચવું નથી, કષાયને ઝેર લેખવા નથી, અને એને ઝેર લેખી ઉપશમભાવ કેળવો નથી, તો પછી જીવનમાં ઉપશમભાવ કેળવવાનો અવસર કયારે ?

**જગતની વચ્ચે રહેતાં કષાયનાં નિમિત્ત તો મળતા રહેવાના પછી જીવનમાં ઉપશમ કેળવવાનો અવસર ક્યારે ?**

**ઠેઠ અંતકાળે પણ કષાયનાં નિમિત્ત સુલભ.**

જરાક કોઈ ધબધબ કરતું આવ્યું, કે મોટેથી બોલવા માંડ્યું, એ નહિ ખમાતાં ક્રોધનું નિમિત્ત બનશે. અંતકાળે કોઈ કહેશે 'તમે વલોપાત કરો છો, નવકારમાં મન નથી રાખતા ?' તો ઝટ અંતરમાં અભિમાન ઊછળશે, - 'શું હું નવકાર નથી



ગણતો ?' શરીરે પીડા ઓછી છતાં કહેવાશે 'મને ખૂબ જ પીડા છે.' આ માયા કષાયનો રંગ. એમ અંતકાળે છોકરાને ભલામણ કરવાનું મન થશે 'ભાઈ બાબુ ! તારી બાને સાચવજે,' શું આ ? પત્ની પર મમતા, લોભકષાય.

જગતમાં કષાયનાં નિમિત્ત કયં નથી ? આખા જીવનમાં ક્યારે નથી ? હવે જો જ્યારે જ્યારે નિમિત્ત મળે ત્યારે ત્યારે કષાય-ક્રોધ માન માયા લોભ સેવી જ લેવાના હોય તો પછી ઉપશમભાવ કેળવવાનો કોઈ અવસર રહે ?

એટલું ખૂબ ધ્યાનમાં રાખવા જેવું છે કે 'અહીં ઉપશમભાવ કેળવી લેવાની અમૂલ્ય પુરુષાર્થશક્તિ મળી છે. વળી અતિ દુર્લભ છે એ, સંસારમાં વારે વારે એ ન મળે. અહીં જો એ મળી છે, તો કમમાં કમ ધર્મસાધના વખતે તો એ શક્તિને બંઠ ન જવા દઈ ઉપશમ ભાવમાં એ શક્તિને કામે લગાડું. પણ કષાયમાં શક્તિને વેડફી ન નાખું.'

(૮) સાધના વખતે ક્રોધ-લોભ-હાસ્યાદિ કષાય કરીને બીજાને ખોટું આલંબન અપાય છે. બાળ ગભરુ જીવને એમ લાગે કે આ કષાય કરે છે તો આપણે પણ કષાય કરાય. આમ પરંપરા ખોટી ચાલે. એના બદલે જો આપણે એ અટકાવીએ તો બીજાને એ જોઈ એમ થાય અથવા બીજાને આપણે કહી શકીએ કે 'સાધનામાં કષાય ન કરાય,' અને એમ શાસનની વિશુદ્ધ સાધનાની પરંપરા આગળ ચાલે.

વિચારજો સાધના વખતે કષાયસંજ્ઞાને પોષવા જતાં કેટલાં બધાં નુકસાન ? માટે સાધના વખતે કષાયસંજ્ઞાને અટકાવવાનું કહ્યું.

આ પ્રસંગે સાધનાના જે આઠ લાભ બતાવ્યા એ પકરથી સમજી રાખવા જેવું છયે કે જેની પાસે સાધના નથી એ આમાનું શું કમાઈ શકે ? આજે બનાવટી નિશ્ચયધર્મ માનનારા બિચારા નિશ્ચયમૂઢ છે, તેથી સાધનાના આ અપૂર્વ લાભ સમજતા નથી. એટલે જ જાતે તારણહાર સાધાનાઓને બાજુએ મૂકી બીજાઓને પણ ખોટો ઉપદેશ આપીને સાધનાથી વંચિત રાખે છે. સાધનાથી વંચિત એટલે આ બધા લાભોથી વંચિત જ ને ? મનને માની લેવું કે

**'અમે તો આત્મતત્ત્વનો શુદ્ધ રીતે વિચાર કરીએ છીએ, એથી નિશ્ચયધર્મને સાધનારા છીએ,' એવું મન-મનામણું એ જુદી વાત છે.**

**અને અનંત અનંત કાળથી અનેક પ્રકારના મલિન ભાવોથી વ્યાપ્ત આત્માને એના એ મલિન ભાવ બાહ્ય ચોકકસ શુભ ઉપાયોથી હટાવતા જવું એ જુદી વસ્તુ છે.**

**નિશ્ચયવાદીનો શુષ્ક વિચાર :-**

જેમ કે ત્યાગ અને તપસ્યા કરતા ચાલો તો તો અનાદિની આહારસંજ્ઞા - રસસંજ્ઞાની મલિન વૃત્તિ કપાતી આવે. પણ ના એ બધા બાહ્ય ત્યાગ-તપ નકામા

માની સારી રીતે રસગુલ્લા અને ઘી કેળાનાં ભોજન બે વાર ત્રણ વાર ચાર વાર ઉડાવ્યે રાખ્યા તો શું અનાદિની કોટે વળગેલી આહારસંજ્ઞા મોળી પડવાને અવકાશ રહે ? પછી ભલે ને આત્મતત્ત્વનો કોરો શુષ્ક વિચાર કરતા રહ્યા કે 'મારો આત્મા સત્-ચિદાનંદઘન છે, એને કશું ખાવાપીવાનું નથી, પુદ્ગલ પુદ્ગલને ખાય છે. કાયા પુદ્ગલ છે, એ આહાર પુદ્ગલને ખાય છે,-'આવું રટતા રહ્યા ને બીજી બાજુ કશાય ત્યાગ-તપ વિના આહારસંજ્ઞાને પોષ્યે ગયા, તો એ આત્મતત્ત્વના લુખ્ખા વિચારથી શું કશું વળે ? પહેલા કહી આવ્યા એ આઠ જાતના મહાન લાભ શી રીતે મળે ? આહારસંજ્ઞા શે કપાય ?

આત્મતત્ત્વની વિચારણા એ એક સાધના છે પરંતુ એ કરવા સાથે આહારાદિ સંજ્ઞાને યથેચ્છ કામ કરતી રહેવા દેવી હોય, તો એ સાધનામાં ભલીવાર શો રહે ? પૂછો,

**બાહ્ય પ્રવૃત્તિ અંદરનો ભાવ કેમ બગાડે ? :-**

**પ્ર.**- આત્માનો વિચાર તો અંદરનો ભાવ છે, એને બાહ્ય આહારાદિની પ્રવૃત્તિ શી રીતે બગાડે ?

**ઉ.**- બગાડે આ રીતે કે આહારાદિની પ્રવૃત્તિ શું મડદાએ કરી, કે જીવંત આત્માએ કરી ? આત્માના કશા જ ભાવ વિના શું કાયા એમ જ પોતાની મેળે આહાર-વિષય વગેરેમાં પ્રવૃત્ત થઈ ? થયો ? જમવા બેઠા ત્યાં અંદરમાં 'હું' આહાર લઉં, પૂરીની સાથે પાણીને બદલે દૂધ લઉં 'આવો મનથી ભેદ પાડ્યા વિના દૂધ-પુરીનો સંયોગ કાયાએ શી રીતે કર્યો ? દૂધનો કટોરો ને પાણીનો કટોરો બેય પાસપાસે હતા, તો હાથે પૂરીનો કટકો દૂધમાં કેમ ઝબોળ્યો ? પાણીના કટોરામાં કેમ ન ઝબોળ્યો ? એ શું એકલા હાથ એ એકલી કાયાનું કામ છે ? એમ હોય તો મડદું કે મડદાનો હાથ કેમ કોળિયા ઉઠાવી ખાવા ન માંડે ? કહેવું જ પડે કે આત્મા જ હાથ કે કાયા દ્વારા એ કોળિયા ઉઠાવે છે, આત્મા જ મોંમાં મૂકે છે, મોં દ્વારા આત્મા જ ચાવે છે, ને આત્મા જ ગળે ઉતારે છે. ચાવતાં ચાવતાં કદાચ હાર્ટફેલ થયું, દેહમાંથી આત્મા નીકળી ગયો, તો પછી એ ચાવવાનું ય બંધ અને ગળે ઉતારવાનું ય બંધ આત્મા વિના એકલી કાયા-હાથ-મોંની શી ગુંજાયશ કે કોળિયો ઉપાડવા-ચાવવા-ગળવાનું કરી શકે ?

**ચોક્કસ આત્મપ્રયત્ન ભાવ વિના ન બની શકે ? :-**

હવે જ્યારે આત્માનો પ્રયત્ન-પુરુષાર્થ એમાં કામ કરે છે, તો પછી સવાલ આ છે કે શું આત્મા કશો ભાવ રાખ્યા વિના જ એ પુરુષાર્થ કરે છે ? ના, અંદરમાં તેવા તેવા ભાવ કામ કરે જ છે. દા. ત. પાણીને બદલે દૂધનું આકર્ષણ



છે, રાગ-આસક્તિનો ભાવ છે માટે તો પૂરી ઉઠાવી હાથ દૂધ તરફ લંબાવાનો પુરુષાર્થ થાય છે, પાણી તરફ નહિ. પૂરી-દૂધ-શાક, મગની દાળ, વગેરેને અલગ અલગ રાખી એના કોળિયા ફરતા ફરતી ઉઠાવવાનો ચોક્કસ પ્રયત્ન-પુરુષાર્થ શૂન્ય મનથી નહિ, પણ સમજપૂર્વક જ થાય છે. અંદરમાં એવી આસક્તિનો ભાવ છે. માટે તો બધું જ મિશ્રણ કરી પી જવાનું નથી કરતું. આ પરથી સમજી શકાશે કે બાહ્ય પ્રવૃત્તિને અંદરના ભાવ સાથે કેટલો ગાઢ સંબંધ છે. અને એથી જ બાહ્ય ખરાબ પ્રવૃત્તિ અંદરના ભાગ બગાડે એ પણ સમજાય એવું છે.અલબત્ત, જે મહાત્માને અંદરમાં એવી આસક્તિનો ભાવ નથી, એ બધું ભેગું ભેળવીને ખાઈ જાય છે.

બસ, વાત આ છે કે સરાગીને આહારાદિમાં પ્રવૃત્તિ અંદરના ભાવપૂર્વક થાય છે એ હકીકત છે. તેથી યથેચ્છ ખાનપાનાદિ પ્રવૃત્તિમાં આહારસંજ્ઞા-રસસંજ્ઞા-વિષયસંના ભાવ સારી રીતે પોષાતા રહે છે; અને જેટલા પ્રમાણમાં ત્યાગ-તપ-વ્રત નિયમ આચરતો રહે છે, એટલા પ્રમાણમાં આહારસંજ્ઞા વિષયસંજ્ઞા ઓછી પોષાય છે. ત્યારે, જો કશા ત્યાગ-તપ નથી, વ્રત-નિયમ નથી, ને યથેચ્છ આહાર પ્રવૃત્તિ છે, વિષય સેવન છે. તો એની સંજ્ઞા અંદરમાં સારી રીતે પોષાતી રહે એમાં શી નવાઈ ? પછી દેવદર્શનાદિની આત્મતત્ત્વ વિચારની સાધના વખતે ય પેટમાં કૂકડા બોલતાં અંદરખાને એ સંજ્ઞાના ભાવ કેમ દખલ નહિ કરે ?

**માત્ર નિશ્ચયધર્મ માનનારો અહીં જ ભૂલે છે** કે બાહ્ય યથેચ્છ ખાનપાન અને યથેચ્છ વિષય સેવન તથા મનમાન્યા આરંભ-સમારંભ-પરિગ્રહની પ્રવૃત્તિ અંદરખાનુ આહારાદિની સંજ્ઞાના ભાવ વિના જ થવાનું માને છે. એ પ્રવૃત્તિઓ સંજ્ઞાના ભાવ વિના જ થવાનું માને છે. એ પ્રવૃત્તિઓ સંજ્ઞાના મલિન ભાવપૂર્વક જ થાય છે, એવું જો માનતો હોત તો તો સંજ્ઞાના મલિન ભાવ ન પોષાય એ માટે એ બાહ્ય ખાન-પાનાદિની પ્રવૃત્તિ પર અંકુશ મૂકવાનો ઉપદેશ કરત; એ અંકુશ લાવનારા ત્યાગ-તપ-વ્રત નિયમ તથા બાહ્ય ધર્મક્રિયાઓનો પૂરજોશથી ઉપદેશ કરત. પૂછતા નહિ,-

**બાહ્ય ધર્મક્રિયાથી સંજ્ઞા અટકે ? :-**

**પ્ર.**- શું બાહ્ય ધર્મક્રિયાથી સંજ્ઞાઓ કાબૂમાં આવે ?

**ઉ.**- હા, પહેલાં કહ્યું છે તેમ કમમાં કમ એ બાહ્ય ક્રિયા વખતે આહાર-વિષય-પરિગ્રહસંજ્ઞા અને આરંભ-સમારંભની પ્રવૃત્તિ અટકે છે એટલે એટલો વખત આહારાદિની સંને અમલી બનવાનું નથી મળતું. જે નિશ્ચયધર્મવાદીને બાહ્ય ધર્મ ક્રિયા જ, તેમજ ત્યાગ-તપ-વ્રત-નિયમ જ નથી, અને યથેચ્છ ખાનપાનાદિ પ્રવૃત્તિ ચાલુ છે, એને પાપસંજ્ઞાઓ દબવાને અવકાશ જ ક્યાં ?

અલબત્ત ધર્મસાધના કરનારમાં આ ડહાપણ જોઈએ કે 'આહારસંજ્ઞા-

વિષયસંજ્ઞા-પરિગ્રહસંજ્ઞા અને કષાયસંજ્ઞાનું પોષણ સાધના વિનાના કાળમાં તો ઘણું ચાલી રહ્યું છે, પરંતુ કમમાં કમ સાધના વખતે તો સંજ્ઞાઓને અટકાવું ? કેમકે

**ધર્મસાધના એ સુકૃત કમાઈની જેમ એટલો કાળ આહારાદિ સંજ્ઞાના પાપથી બચવાને માટે પણ સોનેરી અવસર છે.**

ડહાપણથી વિચારાય કે 'આમ તો સાંસારિક જીવનમાં આ પાપસંજ્ઞાઓને કેટલી અટકાવી શકું છું ? પ્રસંગે પ્રસંગે ગુસ્સો થઈ આવે છે, અહંત્વ અડી જાય છે, નાની માયાવૃત્તિ પણ રમાય છે, લોભ-મમતા-રાગ તો જાણે કોટે વળગેલા ! એનાં નિમિત્તો સામે મળતા જ રહે છે, ને એમાં ક્રોધસંજ્ઞા-કામસંજ્ઞા-માનસંજ્ઞા વગેરે પોષાતી જ રહે છે. પરંતુ હવે જ્યારે રૂડી સાધનામાં જોડાયો છું ત્યારે તો કમમાં કમ અત્યારે તો સંજ્ઞાથી બચું ? કષાયસંજ્ઞાને અટકાવું ? સંજ્ઞાના અનુકૂળ વિચાર પણ ન કરું ?' સાધનાથી મોક્ષ સાધવો છે, પણ કષાયની મુક્તિ વિના મુક્તિ મોક્ષ ક્યાં મળવાનો હતો ? માટે પવિત્ર સાધનાને ભંગી જેવી વિષયકષાયની સંજ્ઞાથી અભડાવાય નહિ. એને સંજ્ઞાનો સ્પર્શ ન કરાવાય.'

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૪,અંક-૩,તા.૨૭-૯-૧૯૭૫**

**વિશુદ્ધ સાધના માટે ત્રણ ચીજ જરૂરી :-**

(૧) પહેલું જરૂરી અત્યંત કર્તવ્યબુદ્ધિ;

(૨) બીજું જરૂરી સંજ્ઞાઓની અટકાયત; એમ

(૩) ત્રીજું જરૂરી આ કે (i) પૌદ્ગલિક ફળની આશંસા ન રખાય, અને (ii) સાધના વખતે ફળની વિચારણા ન કરાય.

**સાધનામાં દુન્યવી ફળની કેવી ખતરનાક :-**

ઉત્તમ આત્મહિત માટે સાધના કરતા હોઈએ, ત્યાં દુન્યવી લાભના ફળની આશંસા ન રખાય. કેમકે એ રાખવામાં દુન્યવી વસ્તુની આસક્તિ પોષાય છે; ને એથી સાધના દ્વારા આત્મામાં વિરક્ત ભાવ પોષાવાનું તો દૂર રહ્યું, પણ આ આશંસાથી તીવ્ર રાગભાવનું પોષણ થાય છે. માટે તો પાપ નિયાણાં કરવાની શાસ્ત્રે ના પાડી. નિયાણું કરનાર તીવ્ર પૌદ્ગલિક ફળની આશંસા કરનારના ગુચા નીકળી ગયા જુઓ. ત્રિપૃષ્ઠ વાસુદેવ પૂર્વે કરેલ ભગીરથ તપ-સંયમની સાધનાના ફળમાં અગાધ બળ માગીને આવેલા, તો એ વિષય રાગમાં ભારે ફસાયા, ને મરીને સાતમી નરકે ગયા ! વિચારો તીર્થંકરનો જીવ છે, એ સાતમીએ પહોંચ્યો ત્યારે દિલ કેટલું બધું અનહદ પાપી અને પાપ કેટલાં બકધાં કર્યા હશે ? કોણે આ



કરાવ્યું ? પૂર્વની આશંસાએ-નિયાણાએ. ત્યારે માનવું પડે ને કે પૂર્વની પ્રખર તપ-સંયમની સાધનામાં બળરાગે તપરાગ-સંયમરાગને ફિક્કા પાડી નાખ્યા ? વાત આ છે, કે

**ધર્મસાધનાથી દુન્યવી ફળની આશંસાથી વિષયરાગ પોષવા જતાં ધર્મ-રાગ સાવ મોળો પડી વિષયરાગ જોરદાર થઈ જાય છે.**

ધર્મ કરીએ છીએ પણ આપણા મનની સ્થિતિ આપણે તપાસીએ તો પત્તો લાગે કે મનનો વિશેષ ઝોક ધર્મ તરફ છે કે સંસારસુખ અને સુખના વિષયો તરફ ? આનું માપ એ પરથી નીકળે કે

**પૈસાના અંતે ધર્મ જોઈએ છે ? કે**

**ધર્મના અંતે પૈસા જોઈએ છે ?**

સંસારી જીવ છે, ઘરબાર લઈને બેઠો છે, એટલે આજીવિકા-જીવનવ્યવહાર નભાવવા ખાતર પૈસાની જરૂર પડે છે, તેથી પૈસાની ઇચ્છા રહે છે. પરંતુ એ જોવું જોઈએ કે 'મારે પૈસા મેળવીને શું કરવું છે ? સુખપૂર્વક ઘર ચાલે તો હું દેવદર્શનાદિ ધર્મ સારી રીતે કરી શકું,' એમ ચિત્તમાં મુખ્યપણે ધર્મની તમન્ના છે ? ધર્મની રમણતા છે ? કે પૈસા મળે એટલે દુન્યવી લહેર-સુખ-વિલાસ સારી રીતે કરી શકું. એવી તમન્ના છે ?

જો ધર્મની જ તાલાવેલી મુખ્ય છે, તો એ પૈસાને અંતે ધર્મની તમન્ના થઈ, પૈસા ય છેવટે ધર્મસાધના સારી રીતે કરવા માટે ઇચ્છયા; એમાં મનનો ઝોક ધર્મ તરફ રહ્યો. ત્યાં પૈસા ઇચ્છવા છતાં ચિત્ત એટલું નહિ બગડે, પરંતુ

જો ધર્મ કરીને પૈસા જોઈએ છે, ધર્મને અંતે પૈસા જોઈએ છે, તે દુન્યવી સુખવિલાસ અને એમાં આનંદમંગળ કરવા માટે, નિરાંતે ખાઈ-પી મોજ કરવા માટે, તો તો ચિત્તમાં મુખ્યપણે દુન્યવી વિષયો-વિષયસુખોની જ તમન્ના-આશંસા રહી; ને એમાં ચિત્ત સારી રીતે બગડ્યું કહેવાય. એમાં મનનો કોક ધર્મ કરવા તરફ થયેલો દેખાય ખરો, 'લાવ, શંખેશ્વર દાદાની આંગી રચાઉં, આયંબિલની ઓળી કરું, પજુસણમાં બોલી બોલી લક્ષ્મીદેવીનું-રત્નરાશિનું સ્વપ્ન કે ઘોડિયાપારણું લઉં,' એમ ધર્મ પર મન વળ્યું દેખાય, પરંતુ એમ કરીને ય અંતે તો લક્ષ્મીનો ઢગલો વેપારમાં બોલબોલા, ઘરે પત્ની કે બાબો, વગેરે વગેરે કાંક જોઈએ છે, તે આનંદમંગળ કરવા છે, તો મનનો ઝોક સરવાળે તો એ દુન્યવી વિષય ને વિષયસુખ તરફ જ રહ્યો ને એ ખતરનાક છે.

ધર્મ એ અમૃત છે. મગજમાં ધર્મ ઘાલ્યો એટલે અમૃત ઘાલ્યું. એ મનને સજીવન કરે છે, ચેતનાવાળું કરે છે; પરંતુ એના પર સરવાળે દુન્યવી વિષયો-

વિષયસુખો ઘાલ્યા, તો એ ઝેર ઘાલ્યું કહેવાય. ને એ મનને નિશ્ચેષ્ટ-બેભાન કરે છે. ચેતના ગઈ. મોહની મૂર્ચ્છા લાગી ગઈ. એ એના જેવું થયું કે સારુ માલદાર ભોજન કરીને સારી તાજગી તો મેળવી, પણ પછી એવા સ્થાને આરામ કરવા પડ્યા કે ત્યાં સાપ આવીને ડસી ગયો, ને રામ રમી ગયા કવિ પોતાના આત્માને વિષયોની હેવા છોડવા સમજાવે છે, -

**જિમ કોઈક નર જાન લઈને, આયો કન્યા-રાગે,**
**સરસ આહાર નિદ્રભર પોઢ્યો, કરડ્યો વિષયા નાગે,**
**જીવડા ! વિષમ વિષયની હેવા, તજી કાં ન જાગે ?**

અર્થાત્ જેમ કોઈક માણસ ક્યાંક સારી કન્યા પરણવાની ઉમેદથી જાન લઈને આવ્યો, અને ત્યાં સસરાએ સ્વાગતમાં ધરેલા મજેના રસદાર જમણ જમ્યો. પછી ઉતારો બહાર બગીચા પાસેના બંગલામાં હોઈ સસરાએ કહેલું કે 'આમાં નીચેની પાછલા ભાગની બંધ ઓરડીમાં જતા કરતા નહિ કેમકે કોઈકવાર ત્યાં સાપ આવી જાય છે,' પરંતુ જમી કરીને વરરાજા બંગલો જોવા નીકળ્યો, ને જોતાં જોતાં આ રૂમ આગળ જાળિયામાંથી ઉનાળાના દિવસે ઠંડી પવનની લહેર આવતી જોઈ લલચાયો, રૂમ ખોલી અંદર ખાટલા પર અઢેલીને બેસે છે, મનને એમ કે 'એટલામાં શાનો સાપ આવે છે ? ને ? ને દૂરથી આવતો દેખાશે તો અહીંથી ઊઠીને રૂમનું બારણું બંધ કરી અંદર ચાલ્યા જતાં ક્યાં વાર લાગવાની છે ?'

ગરમીની મોસમમાં પાછળ ઝાડીમાંથી આવતી ઠંડા પવનની લહેરમાં વરભાયડાને મઝા તો આવી, પરંતુ માદક જમણ સારી રીતે પેટ ભરીને જમેલો, તે ઝોકું આવી ગયું. ભવિતવ્યતાનો યોગ એવો કે બરાબર એ વખતે જ એક સાપ આવી ગયો, ને આના ખાટલે લટકતા પગને જોરદાર ડસીને ચાલ્યો ગયો. હવે જીવતા રહેવાનો કોઈ કલાસ ? ના, પ્રાણ નીકળી ગયા તો હવે ભાઈને કન્યા પરણવાનો કોઈ અવકાશ ? ના, કન્યા કન્યાને ઘેર રહી, ભાઈ ગયા પરલોક.

બસ, આ રીતે જીવ મનુષ્ય જનમમાં આવ્યો તે શિવસુંદરીને પરણવા માટે. કેમકે જગતના અનેકાનેક જાતના જનમોમાં માત્ર એક જ માનવજનમ એવો છે કે જ્યાંથી મોક્ષે જવા છે, જ્યાં શિવસુંદરી સાથે લગ્ન થઈ શકે છે. એ માટે જીવે ધર્મસાધનાના અનેક અંગોરૂપી જાનૈયા સાથે લઈ પ્રયાણ આરંભ્યું; પરંતુ સર્વજ્ઞ તીર્થંકર ભગવાનને ના પાડેલા વિષયોરૂપી પ્રમાદના સ્થાનમાં મન ઘાલ્યું, એની આશંસા-તમન્ના કરી, તો પરિણામ એ આવ્યું કે જીવની શુદ્ધ ચેતના જ નષ્ટ થઈ ગઈ. વિશુદ્ધ ધર્મસાધનાના પ્રતાપે શિવસુંદરી પરણવાની તક હતી, પરંતુ વિષયસંગથી મનમાં વિષય-કષાયની પરિણતિરૂપી ઝેર પડ્યું, હવે વીતરાગ અવસ્થાય



ક્યાં આવે ? ને મોક્ષ પણ શી રીતે પામે ? શિવસુંદરી પરણવાની મળેલી મોંઘેરી તક ગઈ, ને જીવ ચડી ગયો ભવના ફેરામાં.

ધર્મ સાધીને જો પૌદ્ગલિક ફળની આશંસા-ઉત્કટ ઇચ્છા કરવી છે તો ધર્મ ગમે તેટલો ઊંચો સાધ્યો, પરંતુ એ ઝેર પડેલા દૂધપાક જેવો થયો. ખાવામાં મીઠો સ્વાદિષ્ટ દૂધપાક, ધૂળપાક નહિ, લુખ્ખો ખીચડંપાક નહિ, પરંતુ પરિણામ કેવું ? લુખ્ખી ખીચડી ખાવામાં ભલે દૂધપાક જેવી મઝા નહિ, છતાં જીવન ઊભું, ત્યારે ઝેરી દૂધપાકમાં મઝા ગમે તેટલી પરંતુ થોડીવારમાં જ જીવન નષ્ટ. તો શું આ દૂધપાક-જમણ સારું ?

**પ્ર.-** ભલેને દુન્યવી સુખોની લાલચે જ ધર્મ કરતો હોય, પરંતુ ધર્મ નહિ કરનાર કરતાં તો સારો ને ? આમે ય હૈયે આશંસા તો છે જ, વધારામાં ધર્મ કરે છે એ સારું નહિ ?

**ઉ.-** સારું એટલા પૂરતું કે એમાં કદાચ આશંસા છોડે ને શુદ્ધ ધર્મમાં આવે. બાકી તો શું લુખ્ખું ખીચડું ખાય યા કાંઈજ ન ખાતાં ભૂખ્યો રહે એના કરતાં ઝેરવાળો દૂધપાક ખાય એ સારો ? તો પછી દુન્યવી ફળની આશંસાથી ધર્મ કરાય તે સારો શી રીતે ? એમાં તો મોટું નુકસાન એ છે, કે નરી દુન્યવી વિષય-સુખોની આશંસાથી ધર્મ કરવા જતાં ધર્મથી એ સુખો સારા પ્રમાણમાં અને મફત જેવામાં મળવાની આશા હોઈને એ વિષય-સુખો ઉપર તીવ્ર આશંસા-રાગ-મોહ થાય છે. એના આત્મામાં ઊંડા અને ચિકણા સંસ્કાર પડે છે. એ ભવાંતર માટે ખતરનાક નીવડે છે.

**પ્ર.-** તો શું સાથે ધર્મ પણ કરતો હોવાથી ધર્મના પણ સંસ્કાર ન પડે ? એ એને ભવાંતરમાં ઊંચો ન લાવે ?

**ઉ.-** ના, ધર્મના સંસ્કાર પડવા જેવું એણે રાખ્યું નથી. વિષયસુખો માટે જ ધર્મ કરે છે, ધર્મ કરીને એને કશું આત્મકલ્યાણ જોઈતું જ નથી, એને તો માત્ર વિષય-સુખો જ જોઈએ છે, એટલે ધર્મ તરીકે ધર્મ ઉપર એને કશો રાગ નથી, પ્રેમ-બહુમાન નથી, પછી એના સંસ્કાર શી રીતે પડે ?

**જે વસ્તુ પર રાગ જ નહિ, એના સંસ્કાર શી રીતે પડે ?**

ખાલી માલ લેવા ખાતર વેપારી સાથે સંબંધ રાખ્યો હોય, તો પછીથી ક્યાં એને યાદ કરાય છે પુત્ર બાપની સેવા જો એટલા માટે જ કરતો હોય કે બાપ પૈસા આપે, તો પૈસા મળવાની આશા નહિ રહે ત્યારે અગર પૈસા મળી ગયા પછી એ બાપની શું કામ સેવા કરે ? બાપ તરીકે બાપ ઉપર એને પ્રેમ-બહુમાન જ ક્યાં છે ? એ તો બાપ પૈસા આપે છે કે આપશે માટે જ બાપને વળગ્યો રહી બાપની સેવા

કરે છે; ત્યાં નકરો પ્રેમ પૈસા ઉપર જ છે. એમ અહીં ધર્મની ય સેવા વિષયસુખો ખાતર કરે છે એટલે ધર્મ તરીકે ધર્મ ઉપર એને કશો પ્રેમ નથી. પછી ધારેલા વિષયસુખ મળી જતાં એ શું કામ ધર્મને સંભાળે ? વધારામાં, યાદ રાખો કે,

**ધર્મથી એકલા વિષયસુખો મેળવવાની તીવ્ર લાલસામાં વિષયસુખો ઉપર તીવ્ર રાગ કર્યો છે. માટે એના ચિકણા ઊંડા સંસ્કાર ઊભા થઈ એ એને પરલોકમાં એવો ખૂબ વિષયાસક્ત બનાવે છે કે ત્યાં ધર્મની સૂઝ જ નહિ આવે.**

**બ્રહ્મદત્ત ચક્રીને પૂર્વના સંયમરાગનો લેશ નહિ :-**

સુભૂમ-બ્રહ્મદત્ત ચક્રવર્તી-વાસુદેવોને શું થયું ? પૂર્વે ધર્મ સાધીને તીવ્ર પૌદ્ગલિક આશંસા કરીને આવ્યા, એટલે એ સુખો મળતાં એમાં જ લયલીન થઈ ગયા, ધર્મની લેશ પણ યાદ નહિ; કોઈ યાદ કરો તો ય એના પર પ્રેમ જ નહિ, બ્રહ્મદત્ત ચક્રવર્તીને પૂર્વના ભાઈ અહીં મુનિ બનેલાએ ધર્મનો ઉપદેશ પણ કર્યો અને પોતાને ય જાતિસ્મરણ જ્ઞાનથી પૂર્વ ભવનું તપ-સંયમ યાદ પણ આવ્યું છે, છતાં અહીં ધર્મ પર પ્રેમ થતો નથી ? સુખની જ તીવ્ર આસક્તિ અને લંપટતા છે, એટલે ઉપરથી મુનિને કહે છે 'આ સંયમમાં શું કૂચે મરો છો ? મૂકી દો આ, અને આવો તમને રાજ્ય આપું, ખજાનો આપું, રમણીઓ આપું, છે આમાં કશી ધર્મલેશ્યા ? કશો ધર્મપ્રેમ પણ છે ? ના,

કેમકે પૂર્વ ભવે મુનિ એવા એમને સનત્કુમાર ચક્રવર્તી અને એની પટ્ટરાણી વંદન કરવા આવેલા, ત્યારે વંદન કરતી પટ્ટરાણીનો કેશ કલાપ નીચો પડતાં એનો એમને સ્પર્શ થતાં મન વિહ્વળ બન્યું ને ત્યાં એમણે તપ-સંયમના પ્રભાવે એવા ચક્રવર્તીનાં સુખનું નિયાણું કર્યું, એ મળવાની તીવ્ર આશંસા કરી, અને ભાઈ મુનિએ એવા તુચ્છ નાશવંત અને આત્મવિનાશકારી સુખની ખાતર અનતં કલ્યાણકર તપ-સંયમને વેચી ન નાખવા ઘણું સમજાવ્યા છતાં એ એકના બે ન થયા. શુદ્ધ ધર્મના રાગને વિષયસુખોના ઉત્કટ બનેલા રાગે બાળી નાખ્યો બસ, હવે એ બ્રહ્મદત્ત ચક્રવર્તી થતા એ વિષયસુખો મળ્યાં એટલે એનો જ રાગ અનહદ વ્યાપી ગયો. ધર્મનો રાગ જાગે જ ક્યાંથી

મૂઢ જીવને ભાન નથી રહેતું કે

**શુદ્ધ ધર્મ કરવાનો છે તે ધર્મરાગથી વિષયસુખના રાગને બાળી નાખવા માટે.**

ત્યાં એના બદલે ધર્મી વિષયસુખ ખરીદવા જતા વિષયસુખનો રાગ એગો ભભૂકી ઊઠે છે કે એ ધર્મના શુદ્ધ રાગને બાળી નાખે છે. પછી ભવાંતરે કે અહીં પણ વિષયસુખો મળી જતાં ધર્મનો રાગ ક્યાંથી જાગવાનો ત્યારે જો અહીં ધર્મનો રાગ ઊભો કરવા અને ધર્મને સાધી સાધી એ રાગને પુષ્ટ કરવા જે ધર્મ-શાસન



મળ્યું છે એ પામીને ય ધર્મને જો વિષયસુખો માટે સાધવામાં આવે, અને એથી એ સુખોના રાગ દ્વારા ધર્મરાગને જ બાળી નાખવામાં આવે તો તો એ કેવી મૂર્ખતાભરી દુર્દશા ? ભવાંતરે સુખો મળે ધર્મનો રાગ ન મળે; ધર્મરાગ નહિ એટલે ધર્મનું નામ નહિ, ને પાપોનો પાર નહિ ? પછી પાપિષ્ઠ અને કષાયી જીવન જીવવામાં શું બાકી રહે ? બ્રહ્મદત્ત એવું જ જીવન જીવી સાતમી નરકમાં જઈ પડ્યો.

**ત્રિપુષ્ઠ વાસુદેવ** એ શ્રી મહાવીર ભગવાનનો જીવ એને શું થયું ? આ જ વિષય-સુખોનો આંધળો રાગ અને અભિમાન આદિ કષાયોનો આવેશ; આ બંને એ એને ધર્મરાગના ન થવા દીધો, પરિણામ ? મરીને સાતમી નરકમાં પતન ! પૂર્વ જન્મમાં છતાં કેમ અહીં ધર્મને રાગ નહિ ? આ જ કારણ, કે ધર્મને વિષયરાગવેશ વેચી નાખેલો; ધર્મથી વિષય જ માગી લીધેલ,

**વિષયસુખના રાગની ભયાનકતા જુઓ, કે એ ધર્મ સાધતાં પહેલેથી હોય તો ય ભૂંડો, ને પાછળથી જાગે તો ય ભૂંડો :-**

વિષયસુખ ખાતર જ ધર્મ સેવે, એને તો સરવાળે એ સુખો જ જોઈએ છે, પણ ધર્મ નહિ; તેથી પહેલેથી જ સાધનભૂત જ ધર્મ સાધીને સુખો ખાતર વેચી રહ્યો છે; પરંતુ જે પહેલાં તો આત્માના કલ્યાણ ખાતર ધર્મ સેવે છે, એ પણ જો પાછળથી બુદ્ધિ ફરી ગઈ અને વિષયરાગ ભભૂકી ઊઠ્યો વિષય-આશંસા જાગી ઊઠી, ને એટલે જ સાધેલા ધર્મને વિષયો ખાતર વેચી દે છે કે 'ધર્મથી જો કાંઈ મનમાન્યું મળતું હોય તો મને આ વિષયો જ મળો' તો એ પણ ધર્મને વેચી રહ્યો છે. કેમકે હવે એણે શુદ્ધ ધર્મબુદ્ધિને ફગાવી દીધી, ને વિષયરાગની બુદ્ધિ જોરદાર કરી દીધી, એટલે પછી પરલોકમાં ધર્મરાગ ક્યાંથી આવે ?

સમજી રાખો,

**ધર્મનો રાગ મોહનીય કર્મના ક્ષયો પશમથી જાગે છે, ને એ એવો નાજુક છે, કે જ્યાં સુધી પ્રયત્ન દ્વારા એને ટકાવી રાખો ત્યાં સુધી જ એ ટકે.**

પરંતુ એ જ્યાં એ પ્રયત્ન ગુમાવ્યો કે આત્માના ખજાને પડેલા મોહનીય કર્મ હવે ઝટ વિપાક-ઉદયમાં આવી જાય. ક્ષયોપશમ બંધ પડી જાય, અને ધર્મરાગ મટી જઈ વિષયરાગ પાછો ચડી બેસે.

મોહ અને ક્ષયોપશમ સામસામે મલ્લ જેવા છે.

બળવાન મલ્લને સામા મલ્લે પછાડી એની છાતી પર સામો મલ્લ ચડી બેઠો, અને પ્રયત્નપૂર્વક એને હવે જરાય ચસકવા દેતો નથી, ત્યાં સુધી એ બળવાન મલ્લ દબાયેલો રહેવાનો પરંતુ જ્યાં ચડી બેઠેલા મલ્લનો પ્રયત્ન મોળો પડ્યો કે તરત પેલો આને છાતી પરથી ફગાવી દઈ ઊભો થઈ જવાનો. પછી કદાચ એ

પેલા મોળા પડેલાને પછાડી નીચે પટકીને એની છાતી પર ચડી બેસશે.

બસ, બળવાન પણ ધર્મરાગ ઊભો કરી વિષયરાગને નીચે પછાડીને દબાવ્યો તો ખરો, પરંતુ જો પછી એનો પ્રયત્ન મોળો પડ્યો તો વિષયરાગ ઊભો થઈ જઈ ધર્મરાગને પછાડી કે ભગાડી દેશે. સીલકમાં પડેલા અને નવા ઊભા કરેલા વિષયરાગના મોહનીય કર્મ જોરદાર ઉદયમાં ચાલવાના. ત્યાં ધર્મરાગ ક્યાંય લોપ થઈ ગયો હશે.

**વિશ્વભુતિની વૈરાગ્ય ભાવના :-**

ત્રિપુષ્ઠ વાસુદેવનો પૂર્વ જન્મમાં આવું બનેલું. પૂર્વજન્મે એ વિશ્વભૂતિ રાજકુમાર, મોટા કાકા રાજાનો પરમભક્ત પરમ વિનયી, પણ એકવાર એમના તરફથી સહેજ માયાભરી રમત જોઈ વૈરાગ્ય પામી ગયો. એના મનને થયું કે

'અરે ! જેમના પર હું તદ્દન સરળ દિલથી વિનય ભક્તિભાવ રાખુ છું, એમના તરફથી મારી સામે માયા-કપટની રમત ? તો પછી આ સંસારમાં કોનો અને કઈ વસ્તુનો ભરોસો ?

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ''　　　વર્ષ-૨૪,અંક-૪,તા.૪-૧૦-૧૯૭૫**

**જેનું શરણ લઈએ એ જ આપણો દ્રોહ કરે, તો એને વળગ્યા રહેવામાં શો સાર ?**

**એના કરતાં જે ધર્મના શરણે ગયા પછી એ ધર્મ તરફથી કદી વિશ્વાસઘાત થાય જ નહિ, એ ધર્મને વળગવું શું ખોટું ?**

દગાખોર ગામમાં પડ્યા રહેવા કરવા કરતાં વિશ્વાસપાત્ર ગામમાં જઈ વસવું સારૂં.'

એમ વિચારીને વિશ્વભૂતિ રાજકુમારે આખા સંસારને દગાખોર લેખી એનો ત્યાગ કર્યો અને ચારિત્રધર્મનું શરણું લીધું. જુઓ આમાં શુદ્ધ ધર્મરાગ છે. ચારિત્ર લીધા પછી પણ એ જુએ છે કે,

'હજી દગાખોર આ કાયા અને એની દગાખોર સુખશીલતા ઊભી જ છે, માટે એને પોષવાનું બંધ કરી વિશ્વાસપાત્ર તપધર્મનો માર્ગ જ અપનાવા દે.' કાયા ગમે તેટલી પોષી અને સુખશીલતા રાખી, પરંતુ એક દિ' એ દગો દેશે, રોગીષ્ઠ-દુબળી-ઘરડી જર્જરિત થશે, અને અંતે મારા આત્માની હકાલપટ્ટી કરશે. તે એવો એના દગાનો ભોગ બનવું પડે એ પહેલાં જ તપધર્મનું શરણું લઉં; અને મારા આત્માની નક્કર સલામતી ઊભી કરી લઉં. પછી કાયા એના સ્વભાવ મુજબ



રોગિષ્ઠ થાય, દુબળી પડે, ઘરડી જર્જરિત થાય. કે યાવત લાકડાં ભેગી થાય, તો ય મારે ચિંતા નહિ. - આ વિચાર પર વિશ્વભૂતિ મુનિએ ચારિત્ર લીધા પછી ઘોર તપ આચરવા માંડ્યા; તે એવા કે ઠેઠ માસખમણો સુધીના તપ તપીને કાયાને હાડપિંજર-શી કરી નાખી. પૂછો, -

**પ્ર.**- આમ કાયાને ઘસી નાખતાં જીવ કેમ ચાલે ? સંકોચ ન થાય ?

ઉ.- ના, પાસે એક સૂત્ર હોય કે

**'આમ અચાનક રોગ આવે ને કાયાને એ ઉતારી નાખે એના કરતાં એને તપથી ઉતારી નાખવી શું ખોટી ?**

**કાયાને રોગ શું ઘસી નાખતા હતા, હું જ કાયાને તપથી ઘસી નાખું.**

આ ડહાપણનો હિસાબ રાખ્યો હોય, પછી કાયા પર એવી મમતા શાની રહે ? વિશ્વભૂતિ મુનિએ આ હિસાબ રાખેલો પછી ઘોર તપથી કાયાને ઘસી નાખવામાં સંકોચ શાનો રહે ? એ તો ઊલટું રાજી થતા હતા કે કાયાની સમૃદ્ધિ તો આમેય નાશવંત છે, એના કરતાં અવિનાશી તપ સમમૃદ્ધિ જો ભરચક કમાવાની અને વધાર્યે જવાની મળે છે, તો એ મારે ધન્ય અવસર ધન્ય ઘડી છે.

તપથી કાયા જેટલી દુબળી પડે એટલો ખરેખરો તપવૈભવ વધુ કમાયો માનું.

બોલો, આવો જ હિસાબ રાખ્યો હોય ત્યાં કોઈ પણ દુન્યવી વિષય-સુખની લાલસા ઊભી જ ક્યાં રહે કે જે ભોગવવા કાયાનાં જતન કરાય ? કાયા કેમ સાચવીએ છીએ ? માત્ર લાંબુ જીવાય માટે નહિ, પણ કાયાથી સારાં ખાનપાન આરામ કરી શકાય માટે. જો આ આશંસા નીકળી જાય, તો તો પછી લાંબુ જીવીને ય કરવું છે શું ? ધર્મની આરાધના જ ને ? તો તપની આવી નક્કર આરાધના અને તે પણ હાજરના સોદાની. એટલે કે તપનું પચ્ચકખાણ કર્યું ત્યાં જ તરતમાં કર્મના ભૂક્કા થયા, ને તરતમાં જડ કાયાની માયા અને મીઠાં ખાનપાનની માયા તૂટી,-આવી આરાધના કમાઈ લેવામાં શો વિલંબ કરવો ? અને આના બદલે ભવિષ્યમાં આનાથી વધારે નક્કર આરાધના કયા ધર્મના વાયદે રાખવી ?

વિશ્વભૂતિ મહામુનિએ એવી કોઈ વાયદાની આરાધનાના ભરોસે ન રહેતાં તપનો હાજરના સોદાનો હિસાબ રાખ્યો. તે ય નિરાશંસભાવે અર્થાત્ કોઈપણ જાતની વિષયસુખની આશંસા-અભિલાષા રાખ્યા વિના એવી માસખમણ સુધીની તપસ્યાઓ સાધ્યે રાખી કે એથી એમના આત્મામાં અલૌકિક બળની લબ્ધિ ઊભી થઈ ગઈ. અલબત્ત એની એમને પોતાને કશી વિશેષતા નથી લાગતી, છતાં **નિરાસંશભાવના શુદ્ધ તપની એ તાકાત છે કે અચિંત્ય લબ્ધિઓ ઊભી કરી દે.**

આ હિસાબે એમના આત્મામાં લબ્ધિ ઊભી થઈ ગઈ છે.

**નંદીષેણ મહામુનિ** પણ આ માનવકાયાનો આત્મકલ્યાણ સાધી લેવાનો લહાવો સમજી તેમજ કામવાસનાનો નિર્મૂળ નાશ કરવા માટે ઘોર તપ તપવા મંડ્યા. તો એથી એમને પણ કેવી લબ્ધિઓ ઊભી થઈ ગઈ ? એનો પડઘો પાછળથી થયેલો આપણને જાણવા મળે છે કે જ્યાં એ અજાણપણે વેશ્યાને ત્યાં ગોચરીએ ચડી ગયા અને ધર્મલાભ બોલ્યા ત્યાં પેલી કટાક્ષનો બોલ કાઢે છે. 'અહીં ધર્મલાભને શું કરીએ ? અહીં તો અર્થલાભ જોઈએ.' ત્યાં મુનિ કહે છે, -

'અર્થલાભ તો ભવમાં ભટકાવનાર છે, ત્યારે ધર્મ લાભ ભવ પાર કરાવનાર છે, તેથી અમે ધર્મલાભ કહીએ છીએ. પણ એમ ન સમજીશ કે મુનિઓ બિચારા અર્થલાભ કરાવી શકતા નથી એટલે શું કરે, ધર્મલાભ જ કહેવો પડે ને ? આવું ન સમજીશ મુનિઓ અર્થ-પૈસાનો લાભ પણ કરાવી તો શકે છે. લે જો,' એમ કહી જમીન પરથી તણખલું લઈ આંખે લગાડી આંખના સહેજ મેલવાળું કરી ઉછાળ્યું, ત્યાં વેશ્યાના ચોકમાં સાડા બાર ક્રોડે મેલવાળું કરી ઉછાળ્યું, ત્યાં વેશ્યાના ચોકમાં સાડા બાર ક્રોડે સોનૈયા વરસ્યા. બોલો આ કેવી લબ્ધિ ! એનો ઉપયોગ કરે તો શરીરના મેલમાંથી ક્રોઢો સોનૈયા વરસાવી શકે !! છે આ તાકાત દુનિયાની કોઈ ચીજમાં ? જો જો કોઈ મંત્ર નથી ભણ્યા, નથી યાદ કર્યો, માત્ર આત્મામાં ઉત્પન્ન થયેલી લબ્ધિનું આ કાર્ય છે.

**તપથી ઉત્પન્ન આત્મલબ્ધિની અચિંત્ય તાકાત છે.**

આંખના મેલથી સોનૈયા વરસાવવાથી પણ મોટી લબ્ધિ જુઓ. સોનૈયા વરસવા પર વેશ્યા લોભાણી, અને મુનિને પાડવા હાવભાવ મોહક કાકલુદી ભરી વિનંતી કરી મુનિના પગ પકડ્યા. મુનિને નિકાચિત ભોગાવલિ કર્મનો ઉદય આવ્યો, એટલે પહેલા તો વિકાર થતા ત્યાગ-તપથી ટકી રહેલા, પણ હવે અહીં મુનિ ટકી શક્યા નહિ, મુનિપણાનો ભેખ ઉતારી ત્યાં જ બેસી જાય છે. પરંતુ વેશ્યાને કહી દે છે 'એક શરતે કે રોજ દસ જણને પ્રતિબોધ કરી ચારિત્ર માર્ગે ચડાવી પછી ભોજન કરીશ.' એમ તો એમ સહી, એમ કરી વેશ્યા કબૂલ થાય છે. કેમકે એ હવે સમજી ગઈ છે કે 'જેનામાં શરીરના મેલથી સોનૈયા વરસાવવાની તાકાત છે, એ આવી તાકાત પણ ધરાવી શકતા હોય.'

બસ, ચાલ્યું કામ. રોજ દસ જણને પ્રતિબોધ કરે છે. વેશ્યાને ત્યાં આવેલાને ય સંસારત્યાગ માટે ઊભા કરી દે છે આ કેવી દેશનાલબ્ધિ કોને પ્રતિબોધ ? વેશ્યાને ત્યાં આવેલાને ? યા રસ્તે જનારને ? સહેલું કામ છે આ ? પેલા કાંઈ ધર્મની જિજ્ઞાસાથી નથી આવ્યા તમે તો અહીં વ્યાખ્યાનમાં ધર્મની જિજ્ઞાસાથી આવો છો, અને અમે ધર્મનો ઉપદેશ દઈએ છીએ. છતાં સંસાર છોડી ચારિત્ર



લેવાની વાત ક્યાં ? રાત્રિભોજન-ત્યાગ, અભક્ષ્યત્યાગ, કે રોજ જિનપૂજા, યા પર્વતિથિએ આયંબિલ-એકાસણા જેવો એક સામાન્ય નિયમ પણ કરાવી શકતા નથી. ત્યારે આ નંદીષેણ ધર્મની જિજ્ઞાસા વગર આવેલાને આખા સંસારમાંથી ઊભો કરી દે છે, ચારિત્રમાર્ગે ચડાવી દે છે ! તે એક જ નહિ, રોજ દસને ઊભા ! તો કેવી એ ઉપદેશ શક્તિ ? કેવી એ દેશના-લબ્ધિ ? હજી સોનૈયા વરસાવવા સહેલા, કેમકે જડનું પરિવર્તન છે. પરંતુ સાધુ બનાવવા મહાકઠિન કારણ એમાં આત્માનું પરિવર્તન કરવાનું હોય હૃદય ફેરવીનાખવાનું હોય છે. વેશ્યા ગમન કરવાની વૃત્તિથી આવેલા કે સંસારવાસનાથી ભરેલા રસ્તે જનારનું હૃદય પલટાવવું એ કેટલી બધી ઊંચી કોટિનું પરિવર્તન ! શું એ સહેલું છે ?

**સોનૈયા બનાવવા સહેલા, સાધુ બનાવવા કઠિન. કારણ, જડનું પરિવર્તન સહેલું, માણસના વિષયલંપટ કે કષાયગ્રસ્ત દિલનું પરિવર્તન કરાવવું કઠિન છે.**

માટે તો અહીં અમારું તમારા પર એટલું ઊપજતું નથી. શ્રાવકપણાના આચાર કે સામાન્ય વ્રતનિયમ યા ક્ષમાદિ ગુણ લેવા તળે આપમેળે ઊભા થઈ જાવો એવા પ્રોત્સાહિત તમને અમે કરી શકતા નથી. જો તમારાં મન એવા વિષયલંપટ ન હોત તો આટલી સામાન્ય વાત સ્વીકારવા શું કામ ઉત્સાહિત ન થાઓ ? શું તમને અમે ભગવાનની જે વાણી સંભળાવીએ છીએ, એના પર શ્રદ્ધા નથી થતી ? ભગવાનનું કહેલું સાચું નથી લાગતું ? સાચું તો લાગે છે, 'પવિત્ર ધર્મ-આચાર અનુષ્ઠાન અને વ્રત-નિયમ-સદ્‌ગુણો કર્તવ્ય છે, એ ન કરીએ તો ભવસાગરમાં આટલે ઊંચે આવ્યા પછી નીચે ડૂબી જવાય' એમ તો મનને લાગે છે. તો પછી કેમ એ ધર્મ સ્વીકારી લેતા નથી ? ત્યારે તમે કહેવાના, -

પ્ર.- લેવાની શક્તિ જોઈએ ને ?

ઉ.- અરે ! શક્તિ તો છે, કેમકે હમણાં જો કોઈ કહે કે 'રોજ મંદિરે પૂજા કરવા આવે, યા આંબેલ કરવા આવે એને સો રૂપિયાની પ્રભાવના આપવાની છે,' તો શક્તિ નથી કહેનારા કેટલા જણ પૂજા કરવા ને આયંબિલ કરવા ન આવે ? એટલે શક્તિ નથીનું બહાનું છે. શક્તિ તો છે, પરંતુ કહો, વિષયલંપટતા આડે આવે છે. મનને એમ થાય છે કે દુનિયાના વિષયોમાં મજેનું રમવાનું મુકી ક્યાં લુખ્ખું ખાવા જઈએ ? કે ક્યાં રાતે ખાવાનું બંધ કરીએ ?

**વિષયલંપટતા જ મારે છે. એ ન સામાન્ય પણ વ્રત-નિયમ કરવા દે, કે ન પૂજા-સામાયિક-પ્રતિક્રમણ કરવા દે.**

વિષયલંપટ દિલને ભયાનક તરીકે ઓળખી લો, ને એવું દિલ પલટી નાંખો. એને વિષયલંપટને બદલે ધર્મભૂખ્યું ને જિનાજ્ઞાપાલનલંપટ બનાવી દો, તો કામ

સહેલું છે. બાકી આ ભયાનક વિષયલંપટ મનને નહિ ઓળખો કે 'વ્રતનિયમની શક્તિ છતાં મનની આ લંપટતાના કારણે જ વ્રતનિયમ નથી થતા,-આવી ઓળખ નહિ કરો. અને શક્તિ નથીનું બહાનું કાઢ્યા કરશો, તો ઠગાશો. આ જૈનશાસન પામ્યા એ સોનેરી તક હાથમાં આવી, એને મોહના અંધાપાથી ગુમાવવાનું થશે; કર્મસત્તા માથે ચડી બેસશે; આત્મા પર અથાગ કર્મના થોક ઊભા થશે.

**કર્મ બાંધવા કેવા એ આપણી ઈચ્છા પર છે. પરંતુ બાંધ્યા પછી ભોગવવા કે નહિ એમાં ઈચ્છા કામ નહિ લાગે.**

ત્યારે બાંધેલી કર્મસત્તાની ક્રૂરતા જાણો છો ?

આપણું ધાર્યું કંઈ નહિ થાય, જરૂર પડ્યે કદાચ અહીં જ કર્મસત્તા લકવો લગાડી દેશે, ટી.બી., કેન્સર જેવા જીવલેણ દરદથી જકડશે, અને પરલોકમાં ઠેઠ નિગોદ જેવામાં પટકી દેશે. ક્યાં અહીંનું માનવપણું ? ને ક્યાં પેલી એકેન્દ્રિયપણાની સ્થિતિ ? કેવી ધર્મસત્તાની જોહુકમી ને ક્રૂરતા ! કર્મ બાંધવામાં હજી આપણી ઈચ્છા કામ લાગે છે. આપણે અશુભકર્મ બાંધવાની ઈચ્છા નથી, તો એ માટે જો આપણે અશુભભાવ ન કરીએ, મન-વચન-કાયાથી દુષ્કૃત્ય ન કરીએ તો અશુભકર્મ ન બંધાય એમાં આપણે સ્વતંત્ર. પરંતુ કર્મ ભોગવવામાં આપણી ઈચ્છા નથી કામ લાગતી કે આપણે અશુભકર્મ નથી ભોગવવા તો બાંધી મૂકેલા કર્મ આપણને છોડે. હજી બાંધતાં વિચાર થઈ શકે કર્મ બાંધવાનાં કારણો ન સેવે, તો કાંઈ કર્મ આત્માને ચોંટી નથી પડતા.

**જીવ સાવધાન હોય ત્યાં કર્મનું કાંઈ ચાલે નહિ, પરંતુ કર્મ બંધાઈ ગયા પછી જીવનું કાંઈ ચાલે નહિ, કર્મનું જ ચાલે.**

એ કર્મ જેવું હોય એ પ્રમાણે જીવને પીડે જ. ત્યાં કર્મનું જ ધાર્યું થાય. મોટા દેવ જેવા જીવને પણ એકેન્દ્રીય પૃથ્વીકાય અપકાય કે વનસ્પિતકાયમાં પટકી શકે.

ત્યારે વિચારો કે કર્મનો બંધ પડતી વખતે આપણે ગફલતમાં રહ્યા, વિષયલંપટતાને લીધે વ્રત-નિયમ વગેરેથી આઘા રહ્યા અને વિષયોમાં રાચ્યા-માચ્યા, તો જ્ઞાની સિવાય કોને ખબર કેવા કર્મ બંધાઈ જવાના ? નથી ને નરક-નિગોદનાં કર્મ બંધાઈ ગયા તો પછી એ જીવને પૂછવા રહે ખરો કે હું તને દેવગતિમાં લઈ જાઉં ? કે નરકમાં લઈ જાઉં ? કે નિગોદમાં લઈ જાઉં ? અહીં દુન્યવી સારો મોટો હોદ્દો હોય કે હોશિયારી-વિદ્વત્તા-પ્રોફેસરપણું હોય, તો ય કર્મ એની શરમ રાખે ? જીવનું સહવાનું ગજું વિચારે ખરા ? કશું જ નહિ, એ જો કર્મ જીવને ભયંકર નરકમાં ય પટકી દે, યા દુઃખમય અને બુદ્ધિહીન નિગોદમાં ય ઝીકી દેતાં વાર ન લગાડે.

**શ્રેણિક પર કર્મનો જુલ્મ :-**



જુઓ, રાજા શ્રેણિકે પૂર્વ ભવનાં એવા કર્મ બાંધી મૂક્યા હતા, તો કર્મે એના પુત્ર કોણિક પાસે એને જેલમાં નખાવ્યો. ત્યાં કર્મે કશી શરમ ન રાખી. પૂર્વે શ્રેણિકે નહીં નરકનું આયુષ્ય બાંધી મૂક્યું હતું, તો પછીથી પોતે મહાવીર ભગવાનનો ભક્ત થવા છતાં તેમજ ક્ષાયિક સમ્યક્ત્વ અને તીર્થંકરપણાનું પુણ્ય ઉપાર્જન કરવા છતાં કર્મે નરકમાં પટકાવાનું અટક્યું નહિ. પ્રભુ પાસેથી પોતાને નરકમાં જવાની ખબર પડતાં પ્રભુને ઘણું વિનવ્યા કે ભગવંત મારું નરક-ગમન અટકાવો, છતાં પણ પ્રભુએ એક જ વાત કરી કે કર્મ બાંધવામાં વિચાર કરી શકાય, પણ બાંધેલા ભોગવવામાં વિચાર નહિ ચાલી શકે એ તો કર્મ એના સ્વભાવ મુજબ જીવને પીડે જ.

બોલો, શ્રેણિક મગધ દેશના સમ્રાટ રાજા હતા. ક્ષાયિક સમક્તિ અને તીર્થંકર નામકર્મ ઉપાર્જી ચૂકેલા હતા, તેમજ ભગવાન મહાવીર પરમાત્માની એમને ઓથ હતી, છતાં એમને કર્મે જેલમાં ય ઝીક્યા,અને પછી નરકમાં ય પટક્યા, તો આપણાં કર્મ ઉપર આપણું કાંઈ ચાલવાનું છે ? દિલમાં વિષયલંપટતા છે, ને બહાનું કાઢ્યું કે મારી શક્તિ નથી એટલે ચારિત્ર કે બીજાં વ્રત-નિયમ નથી લેતો,' યા 'સમય નથી એટલે પૂજા-સામાયિક-પ્રતિક્રમણ નથી કરતો,' તો એ બહાનુ અમારી સામે તો ચાલશે, અમે તમને કાંઈ સજા નહિ કરીએ, પરંતુ બહાનુ કર્મની સામે ચાલશે ખરૂં ? વિષયલંપટતા અને કષાયાવેશથી ઊભા થયેલ એ કર્મ સજા કર્યા વિના રહેશે ? નહિ ને ? માટે હજી ચેતો.

સારું સારું ખાવા પીવા જોઈએ છે, સારું સારું પહેરવા, ઓઢવા, ભોગવવા રાખવા જોઈએ છે, સારા પૈસા, સારી મઝા, સારી આરામી જોઈએ છે, તે પણ બધું હકપૂર્વક, હક માનીને; તો એ વિષયલંપટતા છે. એનાં કટુ ફળ શાસ્ત્રથી જાણવા ય મળ્યાં, છતાં એ લંપટતા મૂકવી નથી, ઓછી ય કરવી નથી, ત્યારે કહેવું પડે કે,

**જડનું પરિવર્તન કરવું સહેલું છે, પણ માણસના દિલને સારું પરિવર્તન કરવું કઠણ છે.**

ત્યારે વેશ્યાના સંગમાં બેઠેલા નંદીષેણ રોજ દસ વિષયલંપટોના દિલનું પરિવર્તન કરતા હતા ને એને ઠેઠ ચારિત્રમાર્ગ સુધી ચડાવી દેતા હતા, તો નંદીષેણની આ કેવી વિશેષતા એ સમજાય છે ? એમની કઈ તાકાત ? એમની વાણીનો કેવો પ્રભાવ ? ગજબ જ ને ? એ શી રીતે આવ્યો ? કહો, પૂર્વે સાધુ અવસ્થામાં નિરાશંસભાવે જે ઘોર તપ કરેલા, એનાથી આવી અલૌકિક લબ્ધિ એમના આત્મામાં ઊભી થઈ ગયેલી, એથી એમની વાણીનો ય અદ્ભુત પ્રભાવ પડતો.

**ધર્મ સાધનામાં નિરાશંસભાવ એ શુદ્ધ ધર્મ પ્રત્યે વફાદારી છે :-**

શું તપ કે શું ચારિત્ર યા કોઈપણ ધર્મસાધના, એમાં દુન્યવી ફળની આશંસા બિલકુલ ન રાખો. તો જ એ સાધના નીરાશસંભાવે થવાથી વિશુદ્ધ સાધના બને; એમાં કોઈ દુન્યવી ફળને વફાદાર નહિ, પણ ધર્મને વફાદાર રહ્યા, અને એનાં ફળ અલૌકિક આવે. આ પરથી એ ફલિત થાય છે કે,-

**ધર્મનાં ઊંચાં ફળ માત્ર ધર્મને વફાદાર રહો તો જ મળે છે.**

**ધર્મ કરીને ધર્મ જ માગો.**

માત્ર ધર્મને વફાદાર એટલે દુન્યવી સુખ-સગવડને કે દુન્યવી માન-સન્માનને વફાદાર નહિ. માત્ર પત્નીને વફાદાર એટલે કોઈ પણ પરસ્ત્રીને વફાદાર નહિ, એમાં આસક્ત નહિ. એમ અહીં ધર્મમાં જ આસક્ત, દુન્યવી ફળમાં આસક્ત નહિ. ધર્મ કરીને શું જોઈએ છે ? પૈસાટકા માનપાન કશું જ નહિ, અધિકાધિક ધર્મ જોઈએ છે, જેથી પાપમાત્ર ટળી જાય, નિષ્પાપ જીવન બની જાય, ને અંતે ભવની કેદમાંથી મુક્તિ મળે.

આના બદલે જો દુન્યવી સુખ-સંપત્તિ-સન્માન માટે જ ધર્મ કરો છે, તો ત્યાં ધર્મની સુખ વફાદારી ગઈ, પેલી વસ્તુની વફાદારી આવી. એમાં ધર્મનું બળ એવું નહિ રહે; તેથી ધર્મના ઊંચા ફળ નહિ આવે.

**પ્ર.**- માણસ ધર્મ અને દુન્યવી સુખ બંનેને વફાદાર બંનેનો પ્રેમી હોય એવું ન બને ?

**ઉ.**- દુરાચારી માણસ સ્વસ્ત્રી અને પરસ્ત્રી બંનેને વફાદાર હોય ખરો ? બંનેનો પ્રેમી હોય ? પરસ્ત્રી લંપટ છે એટલે એનો જ પ્રેમી છે. હૈયાનાં હેત અને ધનના ઢગલા ત્યાં વરસાવે છે, સ્વસ્ત્રી આગળ નહિ સ્વસ્ત્રીનું થોડું સાચવતો હોય તો એ ઘર સંભાળે માટે. કદાચ હીરાના દાગીના ય એને આપે, પણ ત્યાં તો સમજે છે કે એ કયાં ખરચાઈ જવાના છે, ઘરમાં મૂડી તરીકે રહેવાના છે. બાકી મનમાન્યું ખરચવા માટે કાંઈ સ્વસ્ત્રીને ન આપે. એ તો જઈને પરસ્ત્રી આગળ ઢગલો કરવાનો. પ્રેમ વફાદારી ત્યાં છે. એમ જેને દુન્યવી સુખસંપત્તિ જ જોઈએ છે, અરે ! ધર્મ કરી ધર્મની વેચીને એ જ જોઈએ છે, એને ધર્મ પ્રત્યે પ્રેમ વફાદારી શી ?

**ધર્મની શુદ્ધ સાધના ધર્મની વફાદારીવાળી હોય. માટે એમાં પૌદ્ગલિક આશંસા ન જોઈએ.**

**રોહિણી આદિ તપમાં સૌભાગ્યાદિની આશંસા સરવાળે ધર્મ માટે :-**

**પ્ર.**- તો પછી રોહિણી તપ સૌભાગ્ય તપ વગેરે શુદ્ધ સાધના કેમ ? એમાં તો સૌભાગ્યદિની આશંસા-ઇચ્છા છે.



ઉ.- રોહિણી આદિ તપમાં સૌભાગ્યાદિની આશંસા હોય છે ખરી, પણ તે વિષયસુખ મળ્યા કરવાની લાલસાથી નહિ. એમ સૌભાગ્યાદિ ઇચ્છે છે તે ધર્મ વેચીને નહિ, અર્થાત્ એમાં એવું મન નથી કે 'મારે ધર્મના બદલામાં સૌભાગ્યાદિ જ જોઈએ,' ધર્મથી મળતું હોય તો આ જ મળો. આવું મન નથી, ધર્મ તો જોઈએ જ છે માટે તો આ સૌભાગ્યાદિ પણ એટલા જ માટે ઇચ્છે છે કે જો સૌભાગ્ય વગેરે લૂંટાઈ જાય તો ચિત્તને અસમાધિ-વ્યાકુળતા-બાર્તધ્યાન થવાથી ફોગટ કર્મ બંધાય અને દેવદર્શનાદિ ધર્મ સાધના સ્વસ્થ ચિત્તથી ન થઈ શકે. એટલે એને સૌભાગ્યાદિ ઇચ્છવામાં સરવાળે તો ધર્મ જ જોઈએ છે.

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૪,અંક-૫,તા.૧૧-૧૦-૧૯૭૫

બીજું એ પણ છે કે એને ધર્મ ઉપર એટલી બધી શ્રદ્ધા છે કે એનું મન કહે છે કે આ જગતમાં જે કાંઈ સારું થાય તે ધર્મથી જ થાય બીજાથી નહિ. સમકિતના ૬૭ વ્યવહારમાં વચનશુદ્ધિ આ જ છે કે,

**'જિનભક્તે જે નવિ થયું રે, તે બીજાથી નવિ થાય રે'**

આ વચનશુદ્ધિ એટલે બોલવાનો પ્રસંગ આવે તો આવું જ બોલે; 'જે કામ જિનભક્તિથી ન થયું, એ બીજા કશાથી નહિ થાય.' જિનભક્તિનો, જિનેશ્વર દેવનો અને ધર્મનો એ પ્રભાવ છે કે અચિંત્ય કાર્ય સિદ્ધ થઈ જાય. એવી તાકાત બીજાની નહિ.

આ વચનશુદ્ધિ, એટલે આવું જ વચન-ઉચ્ચારણ. એ બધું ભગવાનની ભક્તિ દ્વારા ભગવાનના પ્રતાપે જ થતું સમજનારો પછી કદી એવું ન બોલે કે ભગવાન તો વીતરાગ છે. એ કશું કરે નહિ, પૈસા ટકા તો મહેનત કબરીએ તો મળે. આત્માનું ભલું ભગવાનથી નહિ, પણ આપણા પુરુષાર્થથી થાય... આવું એ ન બોલે. કેમકે એ સમજે છે કે મૂળમાં જિનેશ્વર ભગવાન જ એવા પ્રભાવવંતા છે કે એમને જ સેવવાથી અચિંત્ય સિદ્ધિ થાય, દુન્યવી સુખ-સગવડે ય મળે અને આત્માનું હિત યાવત્ મોક્ષ સુધીનું હિત સધાય. પૂછો,-

**બજાર વિના પ્રભુથી જ પૈસા મળે ? -**

**પ્ર.**- તો પછી પૈસા માટે બજારમાં શું કામ જાય ? ભગવાન પર ભરોસો રાખીને જ બેસે ને ?

ઉ.- એને ભગવાન પર ભરોસો જ છે કે સારું થાય એ એમના જ પ્રભાવે થાય. અહીં જે ધંધો કરવાનો પ્રયત્ન છે તે તો માત્ર ઢાંકણું ખોલવાનો પ્રયત્ન છે.

બાઈઓ રસોઈ કરીને વ્યાખ્યાનમાં આવે છે, હવે એને ઘરે જઈ ખાવા-ખવરાવવાનું કરવું હોય તો માત્ર રસોઈના વાસણનાં ઢાંકણાં ખોલવાનો જ પ્રયત્ન કરવાનો રહે. ઢાંકણાં ખોલ્યા વિના ભોજન ન થાય છતાં ત્યાં એમ ન કહેવાય કે ભોજન મળે છે તે ઢાંકણું ખોલવાથી મળે છે. તપેલામાં રસોઈ જ ન કરી મૂકી હોય તો સત્તર ઢાંકણું ખોલે કશું ન મળે એ તો પૂર્વે રસોઈ કરેલી હોય તો જ મળે. એમ અહીં પૂર્વે રસોઈ કરેલી હોય તો જ મળે. એમ અહીં પૂર્વે પ્રભુને સેવ્યા. ભજ્યા હોય ને એથી પુણ્ય ઊભું થયું હોય તો ઢાંકણું ખોલવા જેવી નોકરી કે ધંધો વગેરે બજારની મહેનતે પૈસા મળે સિલિકમાં એ પુણ્ય જ ન હોય તો મહેનતે ય પૈસા ન મળે. અહીં એવો પ્રશ્ન થાય,

**પ્ર.**- તો પણ પૈસા તો પુણ્યથી મળ્યા ને ? એ મળવામાં ભગવાનનો પ્રભાવ શો ?

**ચેકથી પૈસા મળે તે આપનાર શેઠ જ કહેવાય, ચેક નહિ :-**

ઉ.- ભગવાનનો પ્રભાવ આ, કે પુણ્યનો ચેક-ચિઠ્ઠી જેવું છે. નોકરે શેઠને સેવ્યા એટલે શેઠે એને ચેક-ચિઠ્ઠી લખી આપ્યા જે લઈ બેંકમાં કે શરાફ યા મુનિમ પાસે લઈ જતાં પૈસા મળે છે. આ પૈસા કોણે આપ્યા ? ચેકે કે ચિઠ્ઠીએ આપ્યા ? કે શેઠે આપ્યા ? શેઠે જ આપ્યા કહેવાય એમ નહીં પૂર્વે ભગવાનને ભજ્યા એટલે પુણ્યની ચિઠ્ઠી ઊભી થઈ એનાથી પૈસા સુખ મળ્યાં એ પુણ્યના પસાયે નહિ, પણ ભગવાનના જ પસાયે મળ્યા ગણાય. ત્યારે પૂછો, -

**પ્ર.**- જો ભગવાનનો જ પસાય હોય તો ભગવાનને ભ્યા વિના ભગવાન એમ ને એમ જ સુખ ન આપી દે ?

ઉ.- ના, જુઓ અગ્નિનો સ્વભાવ ગરમી આપવાનો છે, રસોઈ પકાવવાનો છે, પરંતુ તે અગ્નિથી દૂર રહ્યે નહિ, કિન્તુ અગ્નિને વિધિપૂર્વક સેવાય તો ગરમી મળે છે. એમ અહીં ભગવાન સુખે આપવાના સ્વભાવવાળા ખરા, પરંતુ એમને વિધિપૂર્વક સેવાય તો સુખ મળે તો જ પુણ્ય ઊભું થાય. એટલે,

**અગ્નિના મૂળભૂત ગરમીના સ્વભાવની જેમ ભગવાનનો મૂળ સ્વભાવ સુખ આપવાનો, પણ સવો તો.**

**ચિંતામણિનો સ્વભાવ છે, ઈષ્ટ આપવાનો; પરંતુ તે એને વિધિપૂર્વક સેવો તો જ આપે.**

એ ઈષ્ટ ચિંતામણિએ ન આપ્યું, પણ ચિંતામણિની સાધનાએ કે સાધનાના આપણા પુણ્યાર્થે આપ્યું' એવું ન કહેવાય. 'ગરમીનું દાન કે પાક અગ્નિએ ન કર્યો, પરંતુ માણસની અગ્નિસેવાએ યા અગ્નિ સેવવાના પુરુષાર્થે કર્યો એમ ન કહેવાય,



બસ, એવી રીતે સુખ સદ્‌ગતિ અરિહંતે ન આપ્યા પરંતુ માણસથી સાધનાએ, સાધનાના પુરુષાર્થે, યા સાધનાજન્ય પુણ્યે આપ્યો એમ ન કહેવાય.

એ તો જેમ ચિંતામણીએ જ ઈષ્ટ આપ્યું. ગરમીનું દાન કે પાક અગ્નિએ જ કર્યા, એમ સુખ-સદ્‌ગતિ વગેરે અરિહંત જ આપે છે, એમ કહેવાય. એમ જ માનવું જોઈએ માટે તો 'નમુત્થુણં' સૂત્રમાં ભગવાનને 'અભયદાતા'-ચક્ષુદાતા-વગેરે કહીને સ્તવ્યા, સ્તવનોમાં 'હે સુખાકારી ! સેવકને સુખ દીજિએ,' 'તારક તું ભવિજીવને.'... 'તિહુઅણ ભવિયણ જનમન વંછિય પૂરણ !'... 'જગચિંતામણિ જગનાદ' 'વિસદર વિસનિન્નાસં'... વગેરે વગેરે સ્તુતિ કરવામાં આવે છે, એમાં સીધું ભગવાનને જ સુખ કરનારા, સુખ દેનારા, તારનારા, મનવાંછિત પૂરનારા, જગતના ચિંતામણિ, વિષધર સર્પનું વિષ નષ્ટ કરનારા માનીને જસંબોધ્યા-પ્રાર્થ્યા-સ્તવ્યા. આ કોઈ ઔપચારિક ભાષા નથી, અસત્ય કથન નથી; નહિતર કહેનાર, મૃષાભાષી ઠરે ! કિન્તુ મુખ્ય ભાષા જ છે, સત્ય કથન છે. એટલે માનવું જ પડે છે.

**હકીકતમાં અરિહંત ભગવાન સહજ રૂપે સુખાકારી-હિતકારી ઈષ્ટદાતા છે, જેમ ધ્રુવનો તારો.**

દરિયામાં નાવિકને અંધારી રાતે ધારી દિશામાં નાવડું ચાલ્યે જાય એમાં ધ્રુવનો તારો ઉપકારી ગણા છે ને ? શી રીતે ? ધ્રુવનો તારો પોતે કશું કરે છે ? જે કરે છે એ નાવિકની દૃષ્ટિ કરે છે, નાવિકનો પુરુષાર્થકરે છે, નાવિકની સાવચેતી કરે છે, આ કશું ન હોય, અર્થાત્ નાવિક ધ્રુવના તારાને બરાબર દૃષ્ટિમાં ન રાખે, હલેસાં ન મારે, ભળતી દિશાએ ન હંકારવાની સાવચેતી ન રાખે, તો સીધું આગળ આગળ પ્રયાણ થાય ? ન જ થાય છતાં ધ્રુવના તારાને કેટલો બધો ઉપકારી-હિતકારી-સુખકારી ગણે છે ? અને ખરેખર ધ્રુવનો તારો ઉપકારી-હિતકારી-સુખકારી છે પણ ખરો ને ? કારણ ? તારો કશું કરે છે ? ભલે એ તો છે ત્યાંનો ત્યાં જ છે, છતાં એના વિના નાવિકની દૃષ્ટિ, એનો પુરુષાર્થ, એની સાવચેતી બધું જ એળે ! એ કશું કામ ન કરે. ધ્રુવના તારા ઉપર જ એ બધું સફળ. માટે એ તારો મૂળમાં ઉપકારી-હિતકારી-સુખકારી.

બસ, એ પ્રમાણે અરિહંત પરમાત્મા મૂળમાં હિતકારી-ઉપકારી-સુખકારી છે. ભલે એ આપણને કશું કરતા ન દેખાય છતાં

**જેમ ધ્રુવના તારા ઉપર જ નાવિકની દૃષ્ટિ પુરુષાર્થ-સાવચેતી સફળ, એમ અરિહંત પ્રભુ ઉપર જ ભક્તનાં દર્શન-પૂજન-સ્મરણ વગેરે સફળ માટે ધ્રુવ તારાની જેમ પ્રભુ અનન્ય ઉપકારી.**

આ દિલમાં ઉંડાણથી ખૂબ જ ચાવવું જોઈશે. પ્રભુ આપણા માટે કશું કરતા

નહિ દેખાય; પ્રભુ તો છે ત્યાં ને ત્યાં જ છે, છતાં એમના વિનાના અર્થાત્ એમને મૂકીને બીજાનાં દર્શન, સ્મરણ, પૂજન-ધ્યાન-પ્રાર્થના-ગુણગાન બધાં એળે, મહત્ત્વનું ફળ નિપજાવી શકે નહિ. એ તો એમના ઉપર જ દૃષ્ટિ-દર્શન સફળ નીવડે, એમનું જ સ્મરણ એમનાં જ પૂજનનો પુરુષાર્થ ને એમનાં જ ગુણગાન ઊંચા ફળ લાવી શકે. માટે મૂળમાં અરિહંત જ હિતકારી-ઉપકારી-સુખકારી ગણાય. ગણાય શું ? હકીકતમાં અરિહંત જ ખરેખર ઉપકારી-સુખકારી-હિતકારી છે.

કૂવામાં પડેલાને જો કૂવાના થાળા પર ગાંઠેલા અને અંદરમાં લટકતા દોરડાનો આશરો મળે છે, તો જ એ એને વળગી ઉપર ઉપર ચડવાની મહેનત કરી શકે છે. તો કૂવાની બહાર નીકળી શકે છે. આમાં દોરડું કશું કરે છે ? એ તો છે ત્યાંનું ત્યાં જ છે. ઉપર આવી જવાનું કામ તો એ પડેલા માણસની દૃષ્ટિ અને હાથપગની હીલચાલની મહેનત કરે છે. છતાં એ શું કહે છે ? આવું જ કાંઈક કે 'ભાઈ ! દોરડું ન હોત તો તો મારા બાર જ વાગી ગયા હતા ? કૂવાની માંહી પડ્યો રહ્યો અંતે ભૂખ્યો ને તરસ્યો મરી જાત. એ તો દોરડાની બલિહારી, દોરડાના જ રૂડા પ્રતાપ કે એના જ આધારે હું બહાર આવી શક્યો. દોરડું જ મારું તારણહાર મારું જીવનદાતા મને હિતકારી-ઉપકારી-સુખકારી.

બસ,

**કૂવામાં પડેલાને દોરડાની જેમ ભવ્ય જીવને અરિહંત ભગવાન તારણહાર-જીવનદાતા, ઉપકારી-સુખકારી-હિતકારી છે.**

એમનાં જ આલંબને દર્શન-પૂજન-સ્મરણ-ગુણગાન સફળ થાય છે. એ જો આલંબનભૂત ન હોય, તો દર્શનાદિ બધું એળે જાય.

સમક્તિી આત્માને આ શ્રદ્ધા છે, કે શું સાંસારિક સુખ-સગવડ કે શું આત્મિક ગુણ-ઉન્નતિ યાવત મોક્ષ પ્રાપ્તિ, એ બધામાં મૂળ ઉપકાર અરિહંત પ્રભુનો જ છે, પ્રભુનાં આલંબનનો જ છે. માટે મારે સૌભાગ્ય પણ જોઈતું હોય આરોગ્ય જોઈતું હોય કે બીજું કાંઈ સમાધિ-સાધન ધન આદિ પણ જોઈતું હોય, તો તે અરિહંત પ્રભુનાં આલંબને જ મળે, એમણે કહેલાં સૌભાગ્યાદિ તપ વગેરેથી જ મળે. માટે મારે ઈષ્ટ સિદ્ધિ અર્થે બહાર ફાંફા મારવાનું શું કામ છે ? અરિહંત પ્રભુને જ વળગું, એમનાં જ દર્શન-પૂજન આદિ કે તપ-શીલ-દાન વગેરે કરું. અંતે તો એ પ્રભુ જ તારણહાર છે.

**સમકિતી અને વિષયરંગીની આશંસામાં ફરક :-**

જુઓ સમકિતી આત્માની આ ભાવના, અને એકલો વિષયરંગી-પુદ્ગલરંગી આત્મા જે ભાવના કરે, આ બેમાં બહુ મોટો ફરક છે.



પુદ્ગલરંગી આત્માને તો એકલો પુદ્ગલનો રાગ છે, અને એકલા દુન્યવી સુખ સગવડ સન્માન જોઈએ છે, પણ ધર્મ નહિ. ધર્મ કરતો દેખાય તે પણ ધર્મ વેચીને દુન્યવી સુખ-સગવડ-સન્માન જ ખરીદવા છે એટલા માટે. એ પણ પછી સારો ધર્મ કરી શકે એટલા માટે નહિ કિન્તુ મોજ-આનંદ-વડાઈ માટે. સુભૂમ બ્રહ્મદત્ત ત્રિપૃષ્ઠ વાસુદેવ વગેરેએ પૂર્વ ભવે આ કરેલું. ધર્મને આ ઉદ્દેશથી વેચી નાખેલો. આ જ તોષ કે 'કરેલા-ધર્મના પ્રતાપે દુન્યવી સુખ-સમૃદ્ધિ બળ-વડાઈ મળે એટલે બસ, આગળ ધર્મની કોઈ અપેક્ષા જ ન રાખી.

ત્યારે સમકિતી ધર્મરંગી આત્માની સ્થિતિ આ છે, કે એ સૌભાગ્યાદિ અર્થે રોહિણી તપ વગેરે કરે છે એમાં ધર્મ વેચવાની વાત નથી. 'એ સૌભાગ્યાદિ દુન્યવી ઈષ્ટ વસ્તુ મળી જાય એટલે બસ,' એવું એને નથી; પણ ધર્મની અપેક્ષા છે. ધર્મ જોઈએ છે.

ધર્મી જીવ હોય, ભૂખે મરતો હોય, ને એને એમ થાય કે 'લાવ વિશેષ ધર્મ કરું ને આજીવિકા મળે' તો એમાં હેતુ આ છે કે આજીવિકા મળવાથી અસમાધિ ન થાય, ચિત્તને સમાધિ રહે. સમાધિ એ ધર્મ છે, આકુળતા-વ્યાકુળતા, એ થાય છે એટલે સમાધિ ઈચ્છી, એ ધર્મ ઈચ્છ્યો. ધર્મને ઊભો રાખ્યો, ધર્મની અપેક્ષા ઊભી રાખી.

એમ ધર્મ શ્રીમંતની સ્થિતિ બગડવા પામતી હોય, અને એના મનને એમ થાય કે, બગડી જશે, તો પછી અત્યારે ધર્મ ખાતાઓમાં છૂટે હાથે દેતો રહું છું એ બંધ પડી જશે, માટે લાવ વિશેષ ધર્મ કરું જેથી સ્થિતિ બગડે નહિ ચાલુ સ્થિતિ રહે, તેથી ધર્મ ખાતાઓમાં દેવાનું ચાલુ રહે, અને સુકૃત કમાઈ તથા ધર્મક્ષેત્રોનું પોષણ થતા રહે.' આવી અભલ્રીષાથી વિશેષ ધર્મ કરે એમાં ધર્મની અપેક્ષા ઊભી છે; વિશેષ ધર્મ કરું ને સ્થિતિ કાયમ રહે એમ ઈચ્છવામાં હેતુ સુકૃત કમાઈ અને ધર્મ ખાતાઓનાં પોષણનો છે. મનનો ઝોક મુખ્યતાએ ધર્મ પર છે.

સારાંશ, પુદ્ગલરંગી અને ધર્મરંગી બંને જણા દુન્યવી ચીજ-વસ્તુ માટે ધર્મ કરતા દેખાય, પણ બંને વચ્ચે આ મોટો ફરક છે કે પહેલાને સરવાળે ધર્મની અપેક્ષા નથી, વિષયસુખની જ અપેક્ષા છે; ત્યારે બીજાને ધર્મની જ અપેક્ષા ઊભી છે.

પુદ્ગલરંગીને દુન્યવી સુખ-સાધન મળ્યા એટલે બસ, એને ધર્મ કરીને ય એ જ જોઈએ છે, ધર્મ નહિ. ત્યારે.

**ધર્મરંગી જીવન ધર્મ કરીને ય કદાચ કોઈ દુન્યવી સાધનાની જરૂર હોય તો ય (૧) તે ધર્મ ટકાવવા માટે, અને (૨) મોક્ષ સુધીનાં સુખ ધર્મથી જ મળે છે. એવી જોરદાર શ્રદ્ધાથી જ્યાં ને ત્યાં ધર્મનું જ શરણ લેવું છે માટે.**

કહો, ધર્મરંગીનું આખું હૃદય જ જુદું છે. ધર્મને જ મુખ્ય કરનારું છે. માટે જ દુન્યવી કાર્યમાં એ પહેલાં ધર્મને યાદ કરે છે, ધર્મમંગળ કરે છે. એથી એને પાપ નિયાણું ન કહેવાય, વિષક્રિયા ન કહેવાય.

દા.ત. મુસાફરી કરતાં જંગલમાં રસ્તો ભૂલ્યા, મુંઝવણ થાય કે આ કેડી લેવી ? કે પેલી કેડી ? પછી ત્યાં વિચારે કે 'ચાલો ભગવાનનું નામ લો, નવકાર-મંત્ર ગણો, એથી સારું થાય;' ને એમ કર્યું, તો આ શું કર્યું એણે ? રસ્તો બરાબર હાથે લાગે માટે નવકાર ગણ્યા, તો શું આને વિષક્રિયા કહેવી ? એના મનને એમ થાય, કે 'જો મારી શંખેશ્વર દાદા પર શ્રદ્ધા હોય તો મને માર્ગ જડો' તો આ શું એણે પાપ-નિયાણું કર્યું ? ના, આમાં એને ધર્મ વેચી નથી નાખવો, ધર્મ તો ઊભો જ રાખવો છે.

સીતાને દિવ્ય કરવા અગ્નિપ્રવેશ કરવાનો આવ્યો, એણે સંકલ્પ કર્યો કે 'જો મારા દિલમાં પતિ રામચંદ્રજી સિવાય બીજા કોઈ પુરુષને ન ઘાલ્યા હોય તો અગ્નિ મને ક્ષેમકુશળ પેલે પાર નીકળી જવા દેજે.' દિલમાં પતિ સિવાય બીજા કોઈને ન ઘાલ્યા એ શીલધર્મ કહેવાય. શીલધર્મના પ્રભાવે અગ્નિ પાર કરવાનું ઈચ્છ્યું તો શું એમાં પાપનિયાણું થયું ? ના, કેમકે એમાં તો એની ધર્મશ્રદ્ધા જ આગળ તરવરી રહી છે. એને કોઈ શીલધર્મ વેચીને અગ્નિપાર કરવાનું ફળ નથી જોઈતું. ધર્મ તો ઊભો જ રાખવો છે. ધર્મના પ્રભાવે સારું થાયજ એવી એની બળવાન ધર્મશ્રદ્ધા છે.

**નિર્નામિકાએ નિયાણું કર્યું છતાં ભવભ્રમણ કેમ નહિ ? :-**

ભગવાન ઋષભદેવ સ્વામીનો જીવ પૂર્વે એક ભવમાં લલિતાંગદેવ છે, અને એ પોતાની સ્વયંપ્રભા દેવી કાળધર્મ પામી જઈને નિર્નામિકા નામની બ્રાહ્મણ કન્યા થયેલી અને ત્યાં ધર્મ પામી એણે અણસણ કરેલું, તે પાછી દેવલોકમાં સ્વયંપ્રભા દેવી તરીકે જન્મે એ માટે લલિતાંગદેવે એની પાસે જઈ પૂર્વની ઓળખ કરાવી નિયાણું કરવા કહ્યું કે 'તું સંકલ્પ કર કે આ અણસણના પ્રભો હું સ્વયંપ્રભા દેવી થાઉં, તો ત્યાં નિર્નામિકાએ એક કર્યું, તો શું આ એણે પાપનિયાણું કર્યું ? ના, જો એ પાપનિયાણું હોત તો તો પછી ભલે એક વાર મનનું ઇચ્છિત ફળત, પણ એમાં ભારે વિષયરક્ત બની આગળ પર દુર્ગતિના ભવોમાં ભટકી મરત; જેમ ત્રિપૃષ્ઠ વાસુદેવ વગેરે પાપનિયાણું કરનારા પછીથી દુર્ગતિના રવાડે ચડી ગયા. તિર્યંચગતિના ભવોની પરંપરામાં ફસાઈ ગયા. કિન્તુ અહીં તો નિર્નામિકાને સ્વયંપ્રભાદેવી થયા પછી એવું કાંઈ બન્યું નથી ઊલટું એ તો શ્રી ઋષભદેવ ભગવાનના જીવની હારોહાર સદ્ગતિના અવતાર અને આરાધના પામતી પામતી અંતે ભગવાનના ભવમાં શ્રેયાંસકુમાર બની પ્રભુને વર્ષીતપનું પારણું કરાવે છે.



**ઋષભપ્રભુને શ્રેયાંસથી જ કેમ પારણું ?**

એટલા જ માટે કે પ્રભુ શ્રી ઋષભદેવ ભગવાને દીક્ષા લીધી ત્યારે લોક 'ચારિત્રધર્મ શું' એ સમજતા નહોતા, તેમજ એ વખતે કોઈ ભિખારી જ નહિ એટલે અન્નનું દાન કરવાનું પણ સમજતા નહિ. તેથી જ પ્રભુને ૧૩ માસ થઈ ગયા છતાં ભિક્ષા દેનાર કોઈ નીકળ્યું નહિ. એમાં શ્રેયાંસે પ્રભુને જોતાં પૂર્વજન્મનું સ્મરણ થવાથી એમાં જોયું કે પોતે ચરિત્ર લીધેલું ત્યારે લોકોએ આવી આવી રીતે ભિક્ષા વહોરાવેલી એ પરથી પોતાને મુનિ યોગ્ય ભિક્ષા દેવાનો ખ્યાલ આવી ગયો. સાથે એ પણ જોયું કે પોતે ચારિત્ર પાળી અનુત્તર વિમાનમાં દેવ થયેલ અને ત્યાંથી અહીં આવ્યો. આમ યાદ આવ્યાથી ત્યાં જ પોતે પ્રભુને નિમંત્રી પ્રાસુક શેરડીરસ હાજર હતો તે વહોરાવ્યો.

આમાં એ વિચારો કે શ્રેયાંસના જીવ સ્વયંપ્રભાના ફરીથી અવતાર પછી ભાવ અને ભવ ઉત્તરોત્તર ચડતા ગયા તે ઠેઠ અનુત્તરવાસી દેવ સુધી ઊંચે ચડી પછી શ્રેયાંસ થયા, એ બધું શું પાપનિયાણા પર વિષક્રિયા પર બની શકે ? ના, માટે કહેવું જોઈએ કે નિર્નામિકાના અવતારે અનશન ધર્મના પ્રતાપે સ્વર્ગમાં સ્વયંપ્રભાદેવી થવાનું ઈચ્છ્યું છતાં એની એ અનશનની કે પૂર્વની ધર્મક્રિયા એ વિષક્રિયા નહોતી, તેમજ એ જે ઈચ્છ્યું એ પાપનિયાણું નહોતું.

**પ્ર.-** નિર્નામિકાને કેમ વિષક્રિયા કે પાપનિયાણું નહિ ?

ઉ.- કારણ આ જ કે એણે ધર્મ વેચ્યો નહોતો. એણે એવું ઈચ્છ્યું નહોતું કે 'મારે ધર્મથી કાંઈ પણ મળતું હોય તો આ સ્વયંપ્રભાદેવીપણું જ જોઈએ. આ જો ન મળે તો ધર્મ ફોક. કરેલ ધર્મ નકામો ગયો.' આવું એણે ઈચ્છ્યું નહોતું. પાપનિયાણાવાળા તો આવું ઈચ્છે છે. 'ધારેલું દુન્યવી સુખ એ જ ધર્મનું ફળ. ને જો એ દુન્યવી સુખ ન મળતું હોય તો કરેલા ધર્મનો કશો અર્થ રહ્યો નહિ. ધર્મ નકામો ગયો' એમ એના દિલનો ઝોક બધો જ દુન્યવી સુખ પર જાય છે. નિર્નામિકાની એ સ્થિતિ નહોતી. એણે અત્યંત ગરીબી અવસ્થામાં મુનિ પાસેથી ધર્મ સાંભળીને વિચાર્યું.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૪,અંક-૬,તા.૧૮-૧૦-૧૯૭૫**

**'આમ શરીરસુખની આશાથી પાપ-લાલસાઓમાં કુટાવું એના કરતાં ધર્મ કરો સારો, જેથી આત્માનું તો કલ્યાણ થાય.'**

બસ, આ રીતે વિચારીને એણે શ્રાવકના વ્રત વગેરે ધર્મ સ્વીકારેલો. પછી તપ ઉપર ચડેલી. એમાં બીજી વાર મુનિ આવ્યા તો હવે એણે એમની પાસેથી

અનશન સ્વીકારી લીધેલું. આ બધામાં એણે કેવળ આત્મહિતના ઉદ્દેશથી શુદ્ધ ધર્મ સાધવા તરીકે ધર્મ જ આરાધેલો. હવે સ્વયંપ્રભાદેવી બનવાનો આશંસા કરવામાં આવે છે તે એ દેવીપણા અને સ્વર્ગસુખની કિંમત મોટી માનીને અને ધર્મની કિંમત ઉતારી દઈને નહિ. એને કાંઈ દેવીપણાના વિષયસુખની લાલસા નથી. પરંતુ એને એ ઈચ્છા છે કે **'લલિતાંગ એક ઉત્તમ આત્મા છે એ અનુભવ પોતે કરેલો છે, તો એવા ઉત્તમ આત્મા સાથે ફરી સંયોગ મળતો હોય તો સારું.'**

**ઉત્તમ આત્માના યોગમાં ઉત્તમતા મળે.**

નિર્નામિકાના હૈયામાં આ ભાવ હતો અને આગળ આગળના ભવે એ પોષાયો હતો, તેથી જ ઋષભદેવ પ્રભુના પૂર્વના ત્રીજે ભવે પ્રભુ ચક્રવર્તી હતા, ત્યાં આ નિર્નામિકા-સ્વયંપ્રભાનો જીવ એમના ખાસ સારથિ તરીકે બની રહેલો; અને ચક્રવર્તીએ દીક્ષા લીધી તો એણે પણ એમના શિષ્ય તરીકે દીક્ષા લીધેલી. કેમ વારૂ ? એટલા જ માટે કે 'ઉત્તમનો યોગ બન્યો રાખવામાં ઉત્તમતા મળે,' એ સંસ્કાર ચાલી આવતો હતો એની સાથે વિષય-લાલસા નહિ, પણ ધર્મભાવના જ સંકળાયેલી હતી.

આમ આગળ-પાછળનો વિચાર કરતાં સમજાય એવું છે કે નિર્નામિકાનો, અનશનના પ્રભાવે સ્વયં-પ્રભાદેવી બનવાનો સંકલ્પ એ પાપનિયાણું નહોતું. એમાં ધર્મભાવના ઊભી હતી. પાપનિયાણાવાળાને ધર્મભાવના નહિ; ને હોય તો તે નષ્ટ, ત્યાં તો વિષયસુખની વાસના ઝગમગતી હોય છે. માટે જ.

**એવી વિષય-વાસના જ રાખીને ધર્મ કરે એ વિષક્રિયા થાય છે.**

સમકિતી આત્મા દ્વારા સૌભાગ્યાદિ અર્થે તપ કરાય છે. એમાં વિષયવાસના નથી, ધર્મભાવના છે, અસમાધિનું પાપ ન થાય એવી શુભભાવના ઊભી છે. એટલે એને વિષક્રિયા ન કહેવાય. જો જો, ધર્મભાવના ઊભી છે માટે તો આત્મકલ્યાણ અર્થે બીજી ધર્મસાધના કેટલીય કરે છે. અરે ! સૌભાગ્યાદિ ઈચ્છે છે એની પાછળ પણ પરિણામે ધર્મ બરાબર સધાતો રહે એ અંદરખાને બેઠું છે. એકલી વિષય-લાલસાથી ધર્મ કરનારને આ કશું નહિ. આત્મકલ્યાણની એને કશી પડી નથી.

**ધર્મની વિશુદ્ધ સાધના કરવા માટે (૧) એમાં અત્યંત કર્તવ્યબુદ્ધિ. (૨) આહારાદિ સંજ્ઞાઓની અટકાયત, અને (૩) ફળની આશંસાનો અભાવ જોઈએ.**

આમાં ત્રીજી વાતની વિચારણા ચાલી એનો એક અર્થ આ જોયો કે ધર્મ કરતાં પૌદ્ગલિક ફળ યાને દુન્યવી સુખ-સમૃદ્ધિ આદિની આશંસા ન રાખવી જોઈએ. હવે બીજો અર્થ વિચારીએ.

**'સાધનાકાળમાં ફલાશંસા નહિ'નો બીજો અર્થ**



ફળની આશંસા એટલે કે આત્મિક ફળની વિચારણા, એ ધર્મસાધના શરૂ કરતા પહેલાં ઉદ્દેશ તરીકે રહે, પણ સાધના ચાલુ હોય તે વખતે ન કરવી.

સાધના વખતે સાધનાનો જ વિચાર રહે તો જ એ સાધના તન્મયતાવાળી જોરદાર થાય, પણ વચમાં વચમાં જો સાધ્ય-ફળની વિચારણા ઘુસે તો સાધનાનું જોર મોળું પડ. દા.ત. નવકારની માળા ગણતાં નવકારના પરમ પવિત્ર અક્ષર પર ધ્યાન રહે યા પંચપરમેષ્ઠી અને એમના નમસ્કારનું ધ્યાન રહે, તો તો એ જોરદાર સાધના બની શકે. પણ જો એ જાપની વચમાં વચમાં 'મારે આનાથી મોક્ષ જોઈએ છે, મોક્ષ ઓઈએ છે,' આનાથી મારા કર્મ નષ્ટ થાઓ, કર્મ નષ્ટ થાઓ' આવી કોઈક ફળની વિચારણા લાવ્યા કરે તો પેલી જાપની સાધના જોરદાર નહિ રહી શકે. જાપની જોરદાર સાધના માટે જાપમાં જ તન્મયતા જોઈએ, ને એનું નામ પ્રણિધાન. પ્રણિધાનવાળી સાધના જ ફળ લઈ આવે. પ્રણિધાનમાં સાધ્યની રટણા ન કરાય. અહીં પૂછો,-

**પ્ર.-** તો શું સાધના કરીને સાધ્ય મોક્ષ કે કર્મ-ક્ષય વગેરે આત્મિક ફળ ન ઈચ્છાય ?

**ઉ.-** જરૂર એની ઈચ્છા રખાય, પરંતુ ક્યાં કયારે ? સાધના કરતા પહેલાં અને પછી, પણ નહિ કે સાધના કરાતી હોય તે વખતે પૌદ્ગલિક ફળની ઈચ્છાની તો સદંતર મનાઈ; પરંતુ આત્મહિતકર ફળની ઈચ્છાની સદંતર મનાઈ નહિ, એ ઈચ્છા રાખવી એ દોષરૂપ નહિ; કિન્તુ એનો વિચાર ક્યાં લાવ્યા કરવાનો એ જોવાનું છે. સાધના શરૂ કરતા પહેલાં એ ઉદ્દેશ મનમાં લાવ્યા ને ફિકસ કર્યો, ચોક્કસ કરી રાખ્યો એ બરાબર; કિન્તુ સાધના ચાલી રહી છે એની વચમાં એ ફળનો વિચાર નહિ લાવ્યા કરવાનો.

**સાધનાની વચમાં ફળનો વિચાર કેમ બાધક ? :-**

જુઓ, સમ્યગ્જ્ઞાની-શાસ્ત્રાધ્યયનની સાધના શરૂ કરતા પહેલાં તો મનમાં આવે એ ઠીક છે કે 'હું સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરું તો એથી મારે કર્મક્ષય થાય, મારે સમ્યગ્જ્ઞાનથી સમ્યક્ક્રિયા થાય;' પરંતુ સમ્યગ્જ્ઞાનની સાધના ચાલતી હોય તે વખતે અર્થાત્ સૂત્ર ગોખતાં ગોખતાં કે શાસ્ત્ર વાંચતાં વાંચતાં મનમાં જો આ લાવ્યા કરે કે 'આનાથી મારે કર્મક્ષય થાઓ મારે સમ્યક્ક્રિયા પ્રાપ્ત થાઓ,' તો પેલું સૂત્ર ગોખવાનું કે શાસ્ત્ર વાંચવાનું એકાકારપણે ક્યાંથી થઈ શકે ? એમાં તો ગોખવા લીધેલ પદના રટણની પદના ધ્યાનની સળંગ ધારા જ તૂટી જાય.

દા.ત. ગોખતો હોય કે 'ભુવણ પઈવં વીરં'..., ત્યાં 'મારે આથી કર્મક્ષય થાઓ' એવું મનમાં લાવે તો પદરટણની સળંગ ધારા નહિ ચાલે. શાસ્ત્રવાંચનમાં

ય એવું. એમાંય વચમાં કર્મક્ષયાદિ ફળનો વિચાર લાવે, તો વાંચવા લીધેલ પાઠ પર ધ્યાન સળંગ નહિ ચાલી શકે. એ તો ગોખતી કે વાંચતી વખતે માત્ર એનો જ વિચાર હોય તો જ એમાં એકાકારતા આવે. ત્યારે પૂછો,

પ્ર.- મહાન ફળના વિચાર વિના સાધનામાં જોમ શી રીતે રહે ?

**ઉ.- સાધનામાં જોમ સાધનાના સુંદર સ્વરૂપનાં આકર્ષણ પર મન ગદ્‌ગદ પણ એકાકાર થવાથી રહે.**

સાધનાના સ્વરૂપની સુંદરતા હૈયે વસી હોય તો મનને એમ થાય કે 'અહો ! જીવનનું આ કેટલું સુંદર કર્તવ્ય ! મારા કેવાં અહોભાગ્ય કે મને આ સાધના મળી !' હૈયાના આ ઉમદા ભાવ ઉપર સાધનામાં મન ગદ્‌ગદપણે ઓતપ્રોત થઈ જાય.

**આકર્ષણ કેમ થાય ? :-**

**નાગકેતુએ** (૧) જિનેશ્વર ભગવાને ફરમાવેલા અઠ્ઠમ તપની માત્ર ભાવના કર્યા પર પણ આવો જન્મ પામ્યાનું અલૌકિક ફળ દેખ્યું હતું, તેમજ (૨) અહીં અઠ્ઠમ કર્યાનું. અજબ ફળ ધરણેન્દ્ર-આગમન વગેરે અનુભવ્યું હતું. એટલે એ તપ ફરમાવનાર ભગવાન શ્રી જિનેશ્વરદેવ ઉપર અત્યંત ભક્તિરાગ ઊભો થઈ ગયો હતો. એમાં વળી (૩) ભગવાનનું જીવન જાણ્યું, તથા (૪) આ ભગવાનના ધરણેન્દ્ર જેવા મોટા ઇન્દ્ર પણ સેવક છે એ જોયું; તેમજ (૫) ભગવાનના કહેલા નવ તત્ત્વ અને મોક્ષ માર્ગને લોકોત્તર જોઈ એને બતાવનાર એકમાત્ર ભગવાન શ્રી જિનેશ્વરદેવને જાણ્યા, એટલે તો આ ભગવાન પર અજબ આકર્ષણ સાથે અદ્‌ભુત ભક્તિભાવ વધી ગયો. પછી ભગવાનની ત્રિકાળ પૂજા-ભક્તિ-ઉપાસના અત્યંત ગદ્‌ગદ અને લયલીન થઈને કરે એમાં શી નવાઈ ! ભૂલશો નહિ,

**સાધનામાં અત્યંત ગદ્‌ગદતા અને લયલીનતા જરૂરી છે. એથી ગુણસ્થાનક વધે.**

નાગકેતુને ભગવાનની પૂજા-ઉપાસના કરતી વખતે શાનો ખ્યાલ છે ? ફળ કર્મક્ષય અને મોક્ષનો ? 'મારે આનાથી કર્મક્ષય ફળ થાએ, મોક્ષફળ થાઓ' શું મનમાં વચમાં વચમાં એ લાવ્યા કરે છે ? ના, ઉપાસનાના વિષયભૂત ભગવાનને અને સુંદર ઉપાસના-ભક્તિને મનમાં એવી વસાવી છે, અને એ બંનેની ભવ્યતા-સુંદરતાએ એમના હૈયાને એવું પકડી રાખ્યું છે કે ત્યાં ફળના કે બીજા ત્રીજા વિચાર કરવાની જગા જ નથી. બસ, એકજ વાત છે કેવા લોકોત્તર આ દેવાધિદેવ ! કેવી અદ્‌ભુત આ પૂજા-ભક્તિ-દર્શન !!

આનો પ્રભાવ જુઓ કેવો પડ્યો ?

એકવાર પ્રભુની પુષ્પપૂજા કરી રહ્યા હતા, કરંડિયામાંથી પુષ્પ લઈ લઈને



પ્રભુની શોભા વધારવા પ્રભુની પાછળ પિછવાઈમાં ને આગળ ગલીચામાં ગોઠવી રહ્યા હતા, એમાં કરંડિયામાં છૂપાઈ રહેલા સાપે એમના હાથ પર ડંસ માર્યો. શરીરે ઝણઝણાટી થઈ.

**નાગકેતુને સાપ ડસતાં હવે શાનો વિચાર ?**

(૧) શરીરના દરદનો હાયનો ? ના, તો તો ચિત્ત એમાં જવાથી એ ભગવાન ઉપરથી કે એમની પૂજા ઉપરથી ઉંચકાઈ જ જાય, અને જડ કાયાના રાગમાં જ તણાઈ જાય. પછી ત્યાં કેવળક્ષાન શું, વીતરાગતા શું, જ્વલંત વૈરાગ્ય પણ ન આવે કે ન રહેવા દે.

(૨) ત્યારે જો ચિત્ત ફળના વિચારમાં જાય કે 'આ તો મરવા જેવી સ્થિતિ આવી ત્યાં હવે અરેરેરે ! કર્મક્ષય અને મોક્ષ શી રીતે થવાના !' તો શું સાધના જામે ? ના, આવા વિચારમાં દીનતા હાયવોય રહેવાથી તો ઊંચે ચડાવનારા અનાસકતભાવ તરફ આગળ વધવાનું ન બને.

(૩) તો શું ફળનો એવો વિચાર આવ્યો હશે કે 'ચાલો સાપ ડસ્યો ને વેદના ઊપડી ? ફિકર નહિ, તો એથી કાર્યક્ષય થશે.' ના, આવો પણ વિચાર નહિ, કેમકે એમાં અલબત્ત પાપવિચાર નથી, પરંતુ ફળની આસક્તિ હોઈ એમાં કાંઈ અનાસકતભાવ તરફ ઝડપી પ્રયાણ ન થાય.

માટે કહો, વિચાર એ સાધનાનો, અને સાધનાના વિષયભૂત ભગવાન જિનેશ્વરદેવનો રાખેલો હશે કે જેમાં કાયા પર ઉપદ્રવ છે એમાં ચિત્ત ન જાય. માટે પૂજામાં ભક્તિમાં અને ભગવાનમાં મન વધુ જોમથી વધુ તન્મયતાથી અને ઉછળતા ભાવોલ્લાસથી લગાવ્યું એનું પરિણામ ? જડ કાયા-માયા પરથી આસક્તિભાવ તો ઊઠી ગયો, અને વધારામાં વીતતરાગ ભગવાન સાથે તન્મયતા-એકાકારતા એવી વધી ગઈ કે પોતાની ને વીતરાગ પ્રભુની વચ્ચેનું અંતર કપાઈ ગયું. હવે ભગવાન ઉપર પણ આસક્તિ-મમતા કરવાની ન રહી, પણ પોતે વીતરાગમાં એકાકાર થઈ ગયા. ત્યારે અનાસક્ત યોગમાં ચડ્યા પછી વીતરાગતા આવતાં શી વાર ? ત્યાં જ નાગકેતુ વીતરાગ બની કેળવજ્ઞાન પામી ગયા.

સારાંશ, નાગકેતુ પુષ્પપૂજા કરતાં વચમાં સાપ ડસવા પર કેવળજ્ઞાન પામી ગયા.

સારાંશ, નાગકેતુ પુષ્પપૂજા કરતાં વચમાં સાપ ડસવા પર કેવળજ્ઞાન કેમ પામ્યા એનો માર્મિક વિચાર કરીએ તો સમજાય કે વીતરાગ પ્રભુની સાધનામાં ફળના પણ વિચારમાં નહિ, કિન્તુ સાધનામાં જ એવા વધુ તન્મય થયા કે સાધનાના વિષયભૂત વીતરાગ ભગવાનમાં મન વધુ ને વધુ નીકટ થવા માંડ્યું તે ઠેઠ મન

વીતરાગ સાથે એકમેક થઈ ગયું. સાધના વખતે જો ફળનો વિચાર કરવા બેસે, તો આ એકાકારતા ક્યાંથી આવે ?

**યોગવ્યાઘાત એ સ્થિરતા ન આવવા દે : સંઘાચારભાષ્ય :-**

અહીં એક મુદ્દો વિચારવા મળે છે. શાસ્ત્રે કહ્યું છે કે કોઈપણ ધર્મયોગ સાધો ત્યારે એ યોગમાં વ્યાઘાત ન થવો જોઈએ, યોગ અખંડ સાધવો જોઈએ. દા.ત. ચૈત્યવંદનયોગ કશા જ વ્યાઘાત વિના સાધવા માટે જિનમંદિરમાં સાચવવાની ૧૦ ત્રિકમાં એક ત્રિક ત્રણ દિશાત્યાગનું કહ્યું. અર્થાત્ ચૈત્યવંદન શરૂ કરતા પહેલાં મનમાં ત્રણ દિશાનો ત્યાગ નક્કી કરો. 'આખા ચૈત્યવંદનના પ્રારંભથી પૂર્ણાહુતિ સુધીમાં એકમાત્ર ભગવાનની દિશા તરફ જ આંખ રાખીશ, અને બાકીની ત્રણે દિશામાં આંખ પણ નહિ લઈ જઉં.' આ નક્કી કરવાનું.

આ શા માટે ? તો સંઘાચારભાષ્યમાં આનો હેતુ આપ્યો કે **જો બીજી દિશામાં આંખ લઈ જાઓ તો યોગવ્યાઘાત થાય.** અર્થાત્ મન ચૈત્યવંદન એટલે કે ભગવાનની વંદનાના યોગમથી ખસી બહારમાં જાય. તેથી આ વંદનાનો યોગ હણાય, ભગ્ન થાય.

હવે જુઓ આ વસ્તુ ફળના વિચાર અંગે વિચારી શકાય. વંદનાયોગ કે બીજો કોઈ ધર્મયોગ સાધતી વખતે મન જો ફળના વિચારમાં લઈ જાય. તો મન એટલું એ વંદનાદિ ધર્મયોગમાંથી ખસી જાય, યોગ વ્યાઘાત થાય. એમ પૂછતા નહિ,-

**પ્ર.**- ફળનો વિચાર ન કરે તો ફળ કેવી રીતે આવે ?

**ઉ.**- સાધનાની પરાકાષ્ઠાએ સાધ્યફળ સંકળાયેલું જ છે, આવીને ઊભું રહેવાનું. ત્યાં ફળના વિચારની અપેક્ષા નથી. ઉલટું ફળનો વિચાર કરતા રહેતાં સાધનાનો જોરદાર વિચાર નથી જામતો. તેથી સાધના જોરદાર નથી જામતી. યોગવ્યાઘાત જેવું જાય છે. વળી (૨) સાધના કરતા રહો એટલે એની સાથોસાથ આંતરિક વિશુદ્ધ આત્મપરિણતિ ઊભી થતી જ આવે છે એ મહાન ફળ છે ત્યાં કાંઈ ફળનો વિચાર કરવા બેસવાનું નથી હોતું.

દા.ત. દાન કરતા રહો એટલે અંતરમાં દાન-પરિણતિ ઘડાતી આવે. 'મારે દાનપરિણતિ જોઈએ છે,' એવો કોરો વિચાર કરવાથી કાંઈ ન વળે. તું દાન દેતો જા જેમ જેમ દાન દેતો જઈશ તેમ તેમ સહેજે દાનપરિણતિ ઘડાતી આવશે. એમ ક્ષમા-અહિંસાની પ્રવૃત્તિ કરતો જા, મનમાં ક્ષમા-અહિંસાની પ્રવૃત્તિ કરતો જા, મનમાં ક્ષમા-અહિંસાની પરિણતિ વધતી રહેશે.

વાત આ સૂક્ષ્મતાથી વિચારવાની છે, ગંભીરતાથી વિચારવાની છે, કેમકે



આવો પ્રશ્ન સહેજે ઊઠે કે,

**પ્ર.**- શું સાધના વખતે સાધ્યનો વિચાર નહિ રાખવો ? સાધ્યનો વિચાર ન હોય તો ખબર શી પડે કે સાધનાની ગાડી ક્યાં ચાલી રહી છે ? સાધ્ય તરફ ? કે ગમે ત્યાં ?

**ઉ.**- આ પ્રશ્ન અયોગ્ય નથી. પરંતુ સાધ્યનો એટલે કે 'સાધના કરીને શું ફળ મેળવવું છે' એનો વિચાર સાધના શરૂ કરતાં પહેલાં જ કરી જ લેવાનો છે. એટલે એ વિચારીને મનને નક્કી થઈ ગયું કે 'મારે સાધના કરીને આ જોઈએ છે,' અર્થાત મનને સાધ્યનું લક્ષ બંધાઈ ગયું, દા.ત. 'દેવદર્શન-પૂજન-શીલ-વ્રત-તપસયા વગેરે કરીને મારે કર્મક્ષય-પાપક્ષય કરવો છે,' એ લક્ષ્ય બંધાઈ ગયું, એટલે પછી

(૧) એ સાવધાની સહેજે આવી જાય કે 'સાધનામાં આવુ ન થાય, આમ ન બોલાય, આમ ન આચરાય કે ન વિચારાય, જેથી કર્મક્ષયના બદલે કર્મબંધન વધી જાય.'

(૨) એમ એ પણ સાવધાની ખરી કે સાધનાથી જ્યારે કર્મક્ષયનો જ લાભ જોઈએ છે, તો પછી બીજા ભળતા લાભની ઈચ્છા-આશંસા મનમાં ન ઘુસે, કોઈ માનપાન, કોઈ કીર્તિ કે કંચન વગેરેની કામના ન ઊઠે.

(૩) એમ પણ સાવધાની ખરી કે જો કર્મક્ષયનો લાભ જોઈએ છે, તો તે વસ્તુ સાધનામાં સુંવાળા રહીને નહિ બને. અર્થાત્ તન-મન-ધનનો ખાસો ભોગ આપ્યા વિના નહિ બને, અને એમ સાધનામાં ઉછળતા ભાવોલ્લાસ અને તન્મયતા વિના નહિ બને. માટે સાધના વખતે એ રાખવાની તકેદારી રહેશે.

સાધના કરતાં સાધ્યનો વિચાર જોઈએ. એનો અર્થ આ છે કે સાધના શરૂ કરતી વખતે સાધ્યનું લક્ષ હોય એટલે સાધના વખતે પણ સાવધાની રહ. સાધના અંગે જો સાધ્યનો વિચાર ન હોય તો સાધનાની ક્રિયાગતાનુગતિક થઈ જાય, સંમૂર્ચ્છિમ ક્રિયા બની જાય. સવારે ઊઠ્યા 'ચાલો દહેરે દર્શન કરી આવવાના' તે દર્શન કરી આવ્યા. 'દર્શન શા માટે ? દર્શન કરીને શું જોઈએ છે ?' એનો કશો વિચાર ન હોય તો દર્શન રાબેતા મુજબ ગતાનુગતિ થવાની. દર્ઢશનનું ઊંચું લક્ષ્ય ધ્યાનમાં નથી એટલે કદાચ મનને એમ રહેશે કે 'દર્શન કરી આવીએ એટલે દાતણ કરી શકાય, ખાવાનું ખુલ્લું કરવા માટે ? પણ દર્શનનું ઊંચું ફળ લક્ષમાં ન હોય એટલે આમાં અટવાઈ જવાય.

આમ, દેવદર્શનાદિ સાધના સંમૂર્ચ્છિમ ક્રિયા ન બને, કે આવા ખાવાનું ખુલ્લું કરવા જેવા ફળ માટે કે ચાર માણસમાં ધર્મી તરીકેનની વાહવાહ મેળવવા જેવા તુચ્છ ફળ માટે દર્શન ન થાય. એટલા સારું કર્મક્ષય આદિ ઊંચા લક્ષ્યનું ધ્યાન

રેહવું જોઈએ.

બસ સાધના શરૂ કરતા પહેલાં સાધ્યના વિચાર જરૂર જોઈએ પરંતુ હવે સાધના શરૂ કરી દીધી. એ વખતે વચમાં વચમાં સાધ્ય (ફળ)ની આશંસા નથી કરવાની. આપણી વિચારણા આ ચાલે છે કે સાધના વિશુદ્ધ કરવી હોય તો સાધના કરતાં કરતાં ફળની આશંસા મનમાં નહિ લાવવાની, દા.ત. દેવદર્શન કરવા માંડ્યા ત્યાં વચમાં વચમાં મનમાં એ ન લવાય કે 'મારે કર્મક્ષય કરવો છે. મારે મોક્ષ જોઈએ છે.' ત્યાં તો વીતરાગ પરમાત્માના જ વિચારમાં ઓતપ્રોત થઈ જવું જોઈએ. પ્રભુની મધ્યસ્થ કીકી એટલે કે વીતરાગતાભરી ચક્ષુ અને મુદ્રા તરફ નજર રાખીને વાત કરાય, કે

**આશંસા વિનાની દર્શન સાધના કેવી હોય ? : વીતરાગ સાથે વાત :-**

'મારા પ્રભુ ! તમે કેવી અદ્ભુત વીતરાગદશા રાખી કે જગતના ગમે તેવાં પ્રલોભન માન-સન્માન સામે આવ્યા છતાં મારા શુદ્ધ આત્માને એની સાથે કશી લેણદેણ નહિ,' એમ રાગ-આસક્તિ-મમતા વિનાની દૃષ્ટિ રાખી. એવી રીતે સામે કદાચ દુશ્મન આવ્યા, દુષ્ટો આવ્યાં, નિંદક આવ્યા, છતાં એની પ્રત્યે લેશમાત્ર દ્વેષ-અરુચિ-તિરસ્કાર ન રાખ્યા. કેમકે સમજી લીધું છે કે આ બધા બિચારા મારા આત્માના શુદ્ધ સ્વરૂપને કશું બગાડી શકતા નથી, પછી શા સારું એના પર દ્વેષ કરવાનો હોય ?

પ્રભુ ! ધન્ય તમારી વીતરાગદશા ! ધન્ય તમારો ઉદાસીનભાવ ! મારે પણ એ જ પ્રાપ્ત હો. જગતના ભાવ મારી સામે આવતાં મારે શા સારું ઊંચાનીચા થવાનું હોય ? એ મારા આત્માનું શું સુધારી આપે છે ? કે શું બગાડી નાખે છે ? મારું સુધરે છે મારા ક્ષમા-વૈરાગ્ય-દયા આદિ ભાવોથી, મારું બગડે છે મારા રાગ-દ્વેષ અનેક કષાયોના ભાવથી. ભાવ મારા કર્યાથી થાય છે, હું જાતે ન કરું તો ન જ થાય. પ્રભુ ! તમારી વીતરાગ મુદ્રા મને બુરા-હલકા ભાવથી બચવા અને સારા ભાવ કરવામાં સહાયક થાઓ.'

રોજ દેવદર્શન કરતાં આ રીતે પ્રભુની સાથે વાત કરીએ પ્રભુને પ્રાર્થના કરીએ. તો એની કદાચ ઝડપી નહિ તો ય ધીમી ધીમી પણ અસર થાય.

એમ વીતરાગ પરમાત્માનાં દર્શન કરતાં એ પ્રભુના ઉચ્ચ કોટિના સાધના જીવનનો વિચાર ચાલે કે એમણે કેવા કેવા પ્રલોભક કે વિકટ સંયોગોમાં પણ કેટલી બધી ઉચ્ચ સાધનાઓ કરી !' એનો વિચાર ચાલે; અથવા પ્રભુએ જગત ઉપર કેવો કેવો ઉપકાર કર્યો છે, 'મારા ઉપર પણ આ પ્રભુનો કેવો કેવો મહાન ઉપકાર છે,' એનો વિચાર ચાલે.



દેવદર્શનની સાધના વખતે આ બધી વિચારણા ચાલે તો દર્શનમાં ઓતપ્રોતતા આવી જાય. પરંતુ જો આમાં વચમાં વચમાં ફળની આશંસા લાવે કે 'મારે દર્શનથી કર્મક્ષય થાઓ !' તો દર્શન સાધના જોરદાર શી રીતે બને ? પહેલાં કહ્યું તેમ સાધના ઓતપ્રોતતા ને ઉછળતા ભાવોલ્લાસવાળી શી રીતે બને ?

**અર્ણિકાપુત્ર આચાર્ય :-**

જુઓ, અર્ણિકાપુત્ર આચાર્ય 'તમને ગંગા પાર કરતાં કેવળજ્ઞાન થશે.' એવા કેવળજ્ઞાની પુષ્પ ચુલા સાધ્વીના વચનથી ગંગા પાર કરવા નીકળેલા, અને હોડકામાં ગંગા પાર કરી રહ્યા છે. એમાં પૂર્વના વૈરી દેવતાએ વૈર વાળવા પાણીનું તોફાઈ ઉપાડી નાવડાને ડોલમડોલ કર્યું, ને એમાં બેઠેલા લોકોને એવા ભ્રમિત કર્યા કે 'આ મુંડિત માથાવાળા નાવડામાં બેસવાથી, અપશુકન થતાં આ ઉપદ્રવ થયો છે તે છૂટે તો ઉપદ્રવ મટે. નહીંતર આ એકના પાપે બધા મરીશું.' ભ્રાંત લોકોએ આચાર્યને ઉપાડી નદીમાં ઉછાળ્યા. એ ઊંચે ઉછળી નીચે પડતાં નીચેથી દેવતાએ ભાલાની અણી ઉપર એમને લીધા. ભાલાની અણી શરીરની આરપાર જતાં આચાર્ય ભાલામાં પરોવાયા.

**અર્ણિકાપુત્રને સાધના કાળે શાનો વિચાર ? :-**

પૂર્વે અહીં જોવા જેવું છે કે અર્ણિકાપુત્ર આચાર્યને શાનો વિચાર આવે ? પોતે કેવળજ્ઞાનીના વચનથી કેવળજ્ઞાન પામવા ગંગા પાર કરી રહ્યા હતા. એમાં આ ઉપસર્ગ આવ્યો. તો એ વખતે એ શું વિચારે ? કેવળજ્ઞાનરૂપી ફળનો વિ:ચાર કરે ? કે સંયમની સાધનાનો ? કેવળજ્ઞાનીએ તો મને કેવળજ્ઞાન પામવાનું કહ્યું હતું, અને અહીં તો આ પીડા આવી અને મોત સામે આવીને ઊભું છે. આવો વિચાર સહજ નથી ? પરંતુ ના, આચાર્ય મહારાજ પોતાની સંયમ સાધના વિચારવામાં મગ્ન છે.

સંયમ-સાધનામાં એક બાજુ ક્ષમાદિ ધર્મને લેશ પણ ટક્કર નથી લાવવા દેતાની ને અખંડિત પૂર્ણ ક્ષમા નિર્લોભતા આદિ અણિશુદ્ધ સાચવવાના છે; ? અને બીજી બાજુ સકલસત્ત્વ હિતાશય અર્થાત પોતાના હાથે એક પણ જીવનું અહિત ન થાય એ ભાવ સાચવવાનો છે. આસંયમ સાધના છે. ક્રોધાદિ કષાયો પર સંયમન અને પર અહિતકરણ પર સંયમન સાધુ થયા પછી કોઈ પણ અવસ્થામાં આન ભુલાય, ન ચુકાય, એ ખાસ ધ્યાન રાખવાનું છએએનું નામ સંયમ સાધનાનાનું લક્ષ્ય.

**સંયમમાં લક્ષને બરાબર જાગતું રાખવા માટે પ્રલોભક અનુકૂળ પ્રસંગોમાં કે દુ:ખદ પ્રતિકૂળ પ્રસંગોમાં તોવળી સંયમની વિશેષતા સાવધાની જોઈએ.**

એ રાખવામાં આવે તો જ આ ઉભય સંયમન બરાબર સચવાય. હવે જો

ત્યાં વચમાં વચમાં મને આ સંમયનનું ફળ મળશે ને ? કેવળજ્ઞાન મોક્ષ મળશે ને ? મારે એ જોઈએ છે.' એવો ફળનો વિચાર ફળની આશંસા લાવવામાં આવે તોએ વખતે સાધનાનું જોર કેવી રીતે રહે ? ને જોરદાર સાધના વિના એવા ઉચ્ચ ફળ નીપજે પણ શી રીતે ?

**પ્રલોભક સંયોગનું દૃષ્ટાન્ત :-**

દા.ત. પ્રલોભક સંયોગ એવો આવ્યો કે દેવતા સાધુને કહે કે 'મહારાજ સાહેબ ! તમે મોટા ત્યાગી તપસ્વી છો. એટલે મારે તમારું ભવ્ય ચમત્કારિક માન-સન્માન કરવું છે જેથી લોકો તમારા ત્યાગ તપની અનુમોદના કરે,' એમ કહીને એ મોટું માન-સન્માન કરે. ત્યાં જો મુનિ ફળનો આ વિચાર કરે કે 'ચાલો ધર્મભાવના થશે ને ? તો આ ઠીક છે; તો આ વિચાર કરવા જતાં પોતાની ક્ષમા નિરહંકાર વગેરે સંયમ સાધના જોરદાર શી રીતે બરે ? ઉલટું ત્યાં તો મનમાં લેશ અહંકાર અને માનાકાંક્ષા સન્માનનો લોભ આવી જવા સંભવ રહે. એમ લોભ આ રીતે કે ચાલો, દેવતાને આપણે કહેતા નથી કે તું મારું માન-સન્માન કર. એ એની મેળે કરે છે. તો એમાં ખોટું નથી, એવો. માન-સન્માનનો રાગ થાય પછી આમાં ક્ષમાદિ ધર્મ જાળવવારૂપ સંયમ જોરદાર શે બને ?

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૪,અંક-૭,તા.૨૫-૧૦-૧૯૭૫**

**સંયમની બે સાવધાની શી ? :-**

(૧) એ તો આવા પ્રલોભક અનુકુળ પ્રસંગમાં વિશેષ સાવધાન બની જાય કે 'જીવ ! સાવધાન રહેજે. આમાં લુંટાવાનો ભય છે. લેશપણ અભિમાન કે સન્માનનો રાગ આવી જતાં તારા નિરહંકાર-નિર્લોભતા લૂંટાઈ જશે, તારી પાસેપૂર્વના મહાપુરુષોના કે તીર્થંકર ભગવાનના ત્યાગ અને તપની સામે શા એવા ત્યાગ અને તપ છે જેના પર અહંકાર કરવાનો હોય ? ભલો લોક એને બહુમાને, પણ તારે શેના બહુ માનવાના હોય ? તારે તો તારા ત્યાગ તપને પૂર્વજોના હીરા જેવા ત્યાગ તપની સામે તુચ્છ તણખલાની કિંમતના લેખવાના હોય. માટે લોકોના કે મોટા દેવતાના સર્ટિફિકેટ પર જરાય ન મુંઝાઈશ જરાય એમાં ન દોરવાતાં હું કાંઈ જ નથી, મારે કોઈજ એવી સાધના નથી, એ ભાવ બરાબર જાળવજે.'

(૨) એમ બીજી સાવધાની માન-સન્માનના રાગ એટલે કેલોભ કષાય પર પાકા સંયમની જોઈએ. મનને એમ થાય 'મારે પોતાને એ માન-સન્માન સાથે કોઈ લેવા દેવા નથી. સાધનાનું ફળ ઊંચા ઊંચા વિશુદ્ધ અધ્યવસાય છે; ને તે રાગાદીને



રોકેતો જ બની શકે. 'બાહ્ય સન્માન કાંઈ મારામાં ત્યાગ તપનું જોમ વધારતા નથી; બલ્કે જો એમાં મન જાય, અને અહંત્વ લેશ પણ આવે, તો ત્યાગ-તપની લગન ઓછી થવાથી કે એટલી જ ઊભી રહેવાથી આગળ વધતાં અટકાવશે. માટે માન-સન્માન પર લેશ પણ મન ન લઈ જતાં, મારા ત્યાગ-તપને જોરદાર બનાવું.

ક્ષમાદિ ધર્મની વિશુદ્ધ અને પ્રબળ સાધના માટે આ સાવધાની જોઈએ,-

**'મહાપુરુષોને મહા સન્માન મળ્યા છતાં એમણે આ ક્ષમાદિની સાધના પર જ લક્ષ રાખ્યું છે.**

આ તો અનુકૂળ પ્રસંગ પર ક્ષમાદિ ધર્મની સાધનાની વાત, એમ સકલસત્ત્વ-હિતાશયની સાધના માટે પણ પૂરી સાવધાની જોઈએ.

**'સકલસત્ત્વ હિતાશય' માટે અનુકૂળ પ્રસંગમાં સાવધાનીઃ-**

શી સાવધાની ? આ, કે દા.ત. મુનિ લાંબેથી વિહાર કરીને આવ્યા અને ગોચરી ઠંડીગારને બદલે ગરમાગરમ મળી ગઈ; હવે જો સાવધાની ન હોય તો મનને એમ થાય કે 'હાશ ! આજ આશા નહોતી પણ સદ્ભાગ્યે ગોચરી ગરમાગરમ મળી ગઈ !' આમાં શું કર્યું ? ગરમાગરમની ખુશીમાં એ ગરમ બનવામાં જે અગિનકાય હિંસા થયેલી, તેમાં હિંસામાં આડકતરી રીતે ખુશીમાં એ ગરમ બનવામાં જે અગ્નિકાય જીવની હિંસા થયેલી, તેમાં હિંસામાં આડકતરી રીતે ખુશી અનુમોદના પહોંચી. અહીં પ્રશ્ન થાય.

**સાધુને નિર્દોષ ભિક્ષામાં ગૃહસ્થની હિંસાની અનુમોદના નહિ ?**

**પ્ર.**- તો એમ તો ગોચરી મળી ગયાનો આનંદ થાય,એમાં પણ શું એ બાહ્યમાં થયેલી હિંસામાં અનુમોદન થઈ ?

ઉ.- આમાં ફરક છે. સાધુજીવનની દૃષ્ટિએ **'એગભત્તં ચ ભોયણં,'**- દિવસમાં સાધુને એકવાર ભોજન હોય, એ જિનાજ્ઞા મુજબ અને **'મોકખ સાહણ હેઉસ્સ સાહુ દેહસ્સ ધારણા'** અર્થાત્ મોક્ષની સાધનાના હેતુભુત મુનિ-દેહના ટકાવ માટે જિનેશ્વર ભગવાને નિરવદ્ય-નિષ્પાપ વૃત્તિ કહી છે.' એ શાસ્ત્ર-વચનને અનુસારે ભિક્ષા મળ્યાનો આનંદ હોય તો તે મોક્ષમાર્ગ દર્શનજ્ઞાન ચારિત્રનું પાલન થતું રહે એ માટે છે ! એ રત્નત્રયી પાલન દેહના ટકાવ પર આધારિત છે. એટલે આહાર તે પણ નિર્દોષ આહાર જે લેવાય છે એ મોક્ષમાર્ગ જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધના માટે લેવાય છે. એમાં રાગ મોક્ષમાર્ગનો છે, ને એ પ્રશસ્ત રાગ છે. માટે

**મુનિને નિર્દોષ આહાર મળ્યાનો આનંદ એ દેહ ટકીને સંયમવૃદ્ધિ થવાનો આનંદ છે.**

તેથી એ આહાર બનાવવામાં ગૃહસ્થે પોતાના માટે કરેલી હિંસાની અનુમોદના

નથી થતી.

પરંતુ અહીં 'ગોચરી ગરમાગરમ સારી મળી' એવો જે આનંદ છે એ રસનેન્દ્રિયની તૃપ્તિનો આનંદ છે. એમાં ઇન્દ્રિયના ગમતા વિષયોનો રાગ છે. અસંયમનો રાગ છે, અપ્રશસ્ત રાગ છે. જેથી વિષય તૈયાર થવામાં થયેલી અગ્નિકાયાદિ જીવોની હિંસાનો આનંદ અનુમોદન સુધી પહોંચે છે.

બસ, વિવેક આ છે, મુનિને મન આહાર ન મળે તપોવૃદ્ધિ અને મળે તો સંયમવૃદ્ધિ ! એટલે આહાર મળવામાં સારો ઇંદ્રિયવિષય મળ્યાનો આનંદ નથી,પણ સંયમસાધના મળ્યાનો આનંદ છે. ત્યારે ગરમાગરમ મળ્યાનો આનંદ એ મનગમતો ઇન્દ્રિય વિષય મળ્યાનો આનંદ છે.

**વિષયનો આનંદ માનવામાં વિષયના ઉત્પાદનમાં થયેલા પાપની અનુમોદના લાગે છે.**

દા.ત. વેપારી ચોરીનો માલ ખરીદી ખુશી માનતો હોય તો એને ચોરીનાં પાપની અનુમોદના લાગે છે.

માટે તો ચોરના માલનો સંઘરનાર પણ ગુનેગાર ગણાય છે.મકાનમાલિક ભાડવાતણ વેશ્યાના પાપની અનુમોદના લાગે છે.

કસાઈને ધંધો ચલાવવા પૈસા ધીરી એની પાસેથી સારું વ્યાજ મળવા પર શાહુકાર આનંદ માનતો હોય તો એને કસાઈના ધંધાની અનુમોદના લાગે છે.

**મનની ચોર વૃત્તિ કેવી છૂપાઈ હોય ? :-**

એજ પ્રમાણે મુનિને આહાર ગરમાગર મળ્યાનો આનંદ થાય એમાં ગરમાગરમ બનવામાં થયેલી હિંસાની અનુમોદના ગર્ભિત છે વિચાર કરીએ તો સમજાય કે અનુભવ પણ થાય છે કે એમાં મનમાં ઊંડે ઊંડે એવું આવી જાય છે કે 'ઠીક ગૃહસ્થે વસ્તુ બનાવીને આપણે તરત પહોંચી ગયા અને ગરમાગરમ મળી ગઈ !' આમાં ખુશી ક્યાં પહોંચી ? બનાવવા પર. આ મનની અંદરની ચોરી વૃત્તિ છે.

વિષયનો આનંદ માણવામાં વિષયની બનાવટના પાપ-દોષનો આનંદ સમાયેલો છે. જ્યારે ઇન્દ્રિયોને ગમતું મળ્યાનો નહિ કિન્તુ માત્ર ધર્મનું સાધન મળ્યાના આનંદમાં એ નથી. નિર્દોષ આહારને માત્ર મોક્ષમાર્ગ સંયમની સાધનાર્થે જરૂરી દેહટકાવ માટે જ લે છે, તેથી એમાં ઇન્દ્રિયોની તુષ્ટિ પુષ્ટિનો સવાલ જ નથી, એ હેતુ જ નથી તેમજ આહાર લે છે તે પણ નિર્દોષ, અર્થાત્ સાધુ માટે (૧) નહિ બનાવેલો, (૨) નહિ ખરીદેલો (૩) નહિ રાખી મૂકેલો.... વગેરે વગેરે રીતે દોષરહિત તેથી ગૃહસ્થે પોતાના નિમિત્તે આરંભ-સમારંભ કર્યા એમાં સાધુની અનુમોદના નથી. જો ઇન્દ્રિયોને અનુકુળ મળ્યા તરફ દૃષ્ટિ હોત, તો એ દૃષ્ટિ



વસ્તુની ઠીક બનાવટ પર ગઈ હોત, ને એમાં અનુમોદના લાગત.

**મુનિ સકલ સત્ત્વ હિતાશયવાળા જ હોય.** 'સત્ત્વ' એટલે જીવ. સર્વજીવના હિતના આશયવાળા અર્થાત્ કોઈ પણ જીવનું પોતાનાથી અહિત ન થઈ જાય એની તકેદારીવાળા હોય, તેથી વસ્તુ સારી ગરમાગરમ આવી,' પવન સારો ઠંડો આવ્યો,' વગેરે લેશ પણ ખુશીનો વિચાર મનમાં ન લાવે, કેમકે એમાં એ વસ્તુ બનાવવામાં જીવોનો જે કચ્ચરઘાણ નીકળ્યો એમાં રાજીપો લાગવાનું જાુએ છે. જીવો પ્રત્યે છલોછલ દયાભાવ ભરેલા હૃદયવાળા મુનિ એવો રાજીપો કેમ નભાવી શકે ?

અર્ણિકાપુત્ર આચાર્ય પણ ચારિત્રની વિશુદ્ધ સાધનાવાળા એટલે કે સકલજીવ-હિતશયવાળા છે, જીવો પ્રત્યે ભારોભાર દયાવાળા છે; પોતાના નિમિત્તે ક્યાંય પણ કોઈ જીવનું અહિત ન થાય એ તકેદારીવાળા છે, અને અહીં પ્રસંગ એવો જાુએ છે કે ઉપદ્રવકારી દેવતાએ પોતાનું શરીર ભલે વિંધ્યું છે. એમાં આ શરીર એ બિચારા જીવને હિંસાનું પાપ કરવામાં નિમિત્ત બની એનું અહિત કરી રહ્યું છે. તેમ વળી આ શરીરનું લોહી નીચે પડી પાણીની અસંખ્ય જીવોનો નાશ કરી રહ્યું છે.' એટલે સકલ જીવહિતથી તકેદારીવાળા આચાર્યને આ દુઃખનો વિષય છે ને એથી આવા શરીર વગેરે પર શો રાગ ? એમ એ બધા પરથી રાગદશા આસક્તિભાવ ઊઠી જાય છે તે પરાકાષ્ઠાએ એવીતરાગ દશાએ પહોંચી કેવળજ્ઞાન પામી ત્યાંજ આયુષ્ય પૂર્ણ થઈ જતાં મોક્ષ પામે છે.

અહીં આ જોવાનું છે કે જે આ સકલજીવ હિતાશય રૂપ સંયમની સાધનાની જ્વલંત તકેદારી વખતે જો ફળનો વિચાર લાવ્યા હોત કે મને તો કેવળજ્ઞાની સાધ્વીએ ગંગા પાર કરતાં કેવળજ્ઞાન મળવાનું કહ્યું હતું ને અહીં તો આ જીવલેણ ઉપદ્રવ આવી મળ્યો, તો કેવળજ્ઞાન ક્યારે ? આવી જો ફળની ગડમથલમાં ચિત્ત અટવાયું હોત તો પેલી સકલ જીવ હિતની ધીખતી તકેદારીમાં ચિત્ત ક્યાંથી લાગ્યું રહ્યું હોત ?

**ઉપદ્રવ વખતે તો સંયમ-સાધનાને ખરેખરો અવસર છે.**

એવા અવસરે સંમય સાધનામાં જ ચિત્ત બરાબર લગાડી દેવું જોઈએ ત્યાં ફળની ગડમથલ મનમાં ન ઘલાય; માટે કહ્યું, 'સાધના ફળની ગડમથલ વિનાની હોય તો એ વિશુદ્ધ સાધના બને છે.

ત્યારે જેને ફળની અપેક્ષા છે. અને જેને એનો અમુક ઉપાય હોયવાનો નિર્ણય એ છે કે પછી એ ઉપાયમાં પોતાની શક્તિ અનુસાર એવો તન્મય થઈને લાગી જાય છે કે એને વચમાં વચમાં આનાથી ફળ મળશે કે નહિ, ફળ મળશે કે નહિ, એ વિચાર કરવાની ફુરસદ ય નથી કેમ નની નિર્બળતા ય નથી. એટલા

માટે તો સમ્યક્ત્વના દૂષણ-અતિચારોમાં એક અતિચાર 'વિચિકિત્સા' બતાવ્યો. વિચિકિત્સા એટલે ધર્મ સાધનાના ફળની શંકા 'આ તપ-જપ-દાન વગેરે ધર્મ સાધનાથી ફળ મળશે કે નહિ ?' એવી શંકા એ દુષણ છે, દોષ છે. મનની નબળાઈ છે. એથી શ્રદ્ધામાં મન ડગમગ થાય છે.

એકવાર ફળની અપેક્ષાથી સાચા ઉપાયને સાધવામાં લાગુ થઈ ગયા પછી ફળની શંકા નહિ લાવવી જોઈએ. સાધના વચ્ચે ફળની આશંસા ફળની ગડમથલ કશું નહિ લાવવાનું. તો જ સાધના એકાગ્ર ચિત્તે થાય, સાધનામાં પ્રણિધાન સચવાય. 'પ્રણિધાન' એટલે પ્રકર્ષથી મનનું સ્થાપન; મન અત્યંત સ્થાપિત થઈ જાય. મન જો ફળમાં જાય, તો સાધનામાંથી ઊંચકાઈ જાય.

**સાધનાના જોસથી ફળ આડેની કર્મનડતરો કપાતી આવે :-**

જુઓ, ભગવાન મહાવીર સ્વામીએ સંયમની સાધના ઊપાડી, પછી એમાં કેવા લયલીન બની ગયા ! પ્રભુની સાધના અચિંત્ય પાવરવાળી જોસવાળી હતી. જોજો બીજા કેટલીકનેતન્મય સાધનાથી અલ્પકાળમાં કેવળજ્ઞાન મળી ગદયાનું સાંભળવા મળે છે, ત્યારે પ્રભુને સાધના ૧૨ાા વરસ ચાલી છતાં પ્રભુને ઉતાવળ આતુરતા ન થઈ કે 'કેવળજ્ઞાન ક્યારે મળશે !' કેમ વારૂ ? એટલા જ માટે કે આપણું કામ સાધના ધપાવ્યે જવાનું, સાધના થતી જાય તેમ તેમ ફળની નિકટતા બનતી જ આવે છે. ફળની આડે જેટલી કર્મોની નડતરો હશે, એટલા પ્રમાણમાં વિલંબ થવાનો પરંતુ, સાધના જોસથી એ નડતરો કપાતી આવવાની. એ વિશ્વાસ હોય પછી ફળની શંકા કે ખોટી આતુરતા શા માટે રાખવાની ?

ભગવાન જાણતા હતા કે 'મારે કર્નાં નડતર ભારે છે,' તેથી એ સાધનાનું જોસ વધાર્યે જતા હતા. ક્ષમાદિ સાધના વધુ જોરદાર બનાવવાની છે, અને પ્રભુને લાગ્યું કે 'અલ્પ ઉપદ્રવવાળા આર્ય દેશમાં એ એવી જોરદાર નહિ બને,' તેથી પ્રભુ ભારે ઉપદ્રવવાળા અનાર્ય દેશમાં જઈ વિચર્યા પૂછો,-

**ઉપદ્રવમાં ક્ષમા કેમ જોરદાર બને ? :-**

**પ્ર.**- શું ઉપદ્રવ ભારે આવે એમાં ક્ષમાદિ જોરદાર બનાવી શકાય ?

**ઉ.**- હા જુઓ છો ને કે સામા તરફથી કશો ઉપદ્રવ ન હોય, એના પ્રત્યે આપણે ક્ષમા શી કેળવવાની હોય ? એ તો એ જરા પ્રતિકૂળ વર્તે દા.ત. આપણું જરાક અપમાન કરી નાખે, ત્યારે એની પ્રત્યે ક્ષમા દાખવાવનો અવસર ઊભો થાય ત્યાં આપણે જો વિહ્વળ થઈએ, તો ક્ષમા ન આવે. માટે ત્યાં તો નિર્ધારપૂર્વક ક્ષમા કેળવવી પડે. મારે ક્ષમા જ રાખવી છે આ નિર્ધાર હોય, તો જ વિહ્વળતા ન થાય.



હવે એ જુઓ કે આમાં ક્ષમા કેટલી કેળવવી પડે ? સહેજ અપમાન આવ્યું છે, તો સહેજ ક્ષમાને ખપ કરવાનો કે અપમાનના શબ્દથી મારા આત્માનું શું બગડી જાય છે ? કશું જ નહિ. માટે એ શબ્દો ખામી લેવાના. એનું કશું મહત્ત્વ આંકવાનું નહિ અપમાનના શબ્દથી મારા શરીર પર ક્યાં ઘા પર જાય છે ? એમ વિચારી ક્ષમા રખાય એમાં કાંઈ બહુ પ્રયત્ન ન કરવો પડે.

પરંતુ જો સામાએ અપમાનને બદલે કોઈ વિશે નુક્સાન કર્યું હોય, અને ત્યાં ક્ષમા રાખવી હોય તો મનને વધારે બળવાન કરવું પડે. ક્ષમા માટે જો કેળવવું પડે. એમાં ય નુક્શાન પણ જો વધારે મોટુ હોય તો ક્ષમા માટે વિશેષ જોસ કેળવવું પડે. તાત્પર્ય,

**જેમ ઉપદ્રવ વધારે, તેમ ક્ષમાનો જોસ વધારવો પડે.**

જોરદાર ક્ષમાને પ્રયત્ન હોય તો જ મોટા ઉપદ્રવમાં બચી શકાય, ચિત્ત વિહ્વળ ન થાય, કષાયમા ન પડે.

વિચારો, ગજસુકુમાળ મુનિને માથે અગ્નિની સગડી મૂકાઈ. એ વખતે ક્ષમાનો પ્રયત્ન કેવો જોરદાર હશે કેટલા બધા જોસવાળી ક્ષમા હશે ? ત્યારે ચિત્તને જરા વિહ્વળ થવા દીધું નહીં, અને ઠેઠ વીતરાગ થવા સુધીનું શુકલધ્યાન અને ક્ષપકશ્રેણી માંડી ! માથું ભડભડ સળગતું હોય ત્યારે લેશ પણ હાય-વોય કે દ્વેષ ન આવવા દેવો, એ સહેવું કામ છે ? પરંતુ ક્ષમાનું જોસ વધારી દીધું એટલે દ્વેષને હાયવોય ઊઠી શક્યા નહિ; તે ય આવા ભયંકર ઉપદ્રવમાં !! એ સૂચવે છે,

ઉપદ્રવ જેમ મોટા તેમ ક્ષમાનું જોસ વધારે જોઈએ.

**ક્ષમાનું જોસ જેમ વધારે, તેમ વીતરાગ દશાની નિકટતા વધારે.**

મહાવીર ભગવાને આ હિસાબે ચાહીને અનાર્ય દેશમાં જઈ વિચરવાનું કર્યું. લક્ષ આ હતું કે ક્ષમાદિ સાધનામાં તરબોળ રહેવાનું, ફળ એની મેળે આવીને ઊભું રહેશે.

બોલો આપણને આ ગણિતનો ઉપયોગ ખરો ?આપણને એમ થાય ખરું આપણને એમ થાય ખરું કે 'આપણને જેમ જેમ વિકટ પ્રસંગ મળએ તેમ તેમ જોરદાર ક્ષમા સમતા વગેરે કેળવવાની મળે છે ?'

રાજા હસ્તિપાલનની સિદ્ધપદની આરાધનાની વાત ચાલે છએ. એ આરાધનામાં એવા મગ્ન છે, મનના એટલા બધા જોસ-જોમ અને ભાવોલ્લાસ સાથે એમની આરાધના ચાલી રહી છે કે એમાં એ તીર્થંકર-નામ-કર્મનું પુણ્ય ઉપાર્જન કરે છે. કેટલી બધી ઉંચી આરાધના. ને કેટલા બધા જોમ અને જોસવાળી આરાધના હશે ત્યારે એવું ઉત્કૃષ્ટ પુણ્ય ઊભું થાય ! એવી આરાધનાને અવકાશ ક્યારે મળે ? માત્ર આરાધનામાં જ લયલીનતા હોય, વચમાં વચમાં ફળની ચિંતા નહિ, 'મારે

તીર્થંકર બનવું છે. બનાશે કે નહિ ?' આવી કોઈ જ ગડમથલ નહિ, મનની લગન માત્ર આરાધનામાં હોય. તે પણ વિશુદ્ધ વિશુદ્ધતર અને જોસવાળી આરાધનામાં લીન રહેવાની જ વાત હોય, ત્યારે એ ફળ મળે.

આ કયા હિસાબ પર આવે ? આ હિસાબ પર,

**દુન્યવી ગમે તેવા સંયોગ આવો, મારે આરાધનાનું જોસ વધાર્યે જવાનું.**

**મહા પુરુષોએ આ ગણિત રાખેલું, એટલે અનુકૂળ-પ્રતિકૂળ ઉપસર્ગ વખતે એ આરાધના જોમ અને જોસ વધારતા રહેતા.**

**રામમુનિની સાધના : સીતા-ઈન્દ્રનો મોહ :-**

રામચંદ્રજી મુનિ બન્યા છે, આરાધનામાં આગળ આગળ ધપ્યે જાય છે, ને સીતાજી સંયમસાધનાથી ઈન્દ્ર થયેલા તે એમને આ જોઈ મોહ જાગ્યો કે 'રામ વહેલા મોક્ષ શું કામ જાય ? હું અને એ સાથે મોક્ષ પામીએ. મારે હમણાં દેવભવની કેદ છે. તેથી ચારિત્ર મળે એમ નથી, ત્યાં સુધી રામ સંસારમાં ટકી જાય, સારી આરાધનાથી પણ દેવ થાય, પછી એમ મનુષ્યભવ પામી સાથે મોક્ષ-માર્ગની સરખી આરાધના કરી સાથે મોક્ષે જઈએ.

એમ વિચારી સીતેન્દ્ર નીચે આવી સીતાનું રૂપ કરી રામને ધ્યાનમાંથી ડગાવવા અનુકુળ ઉપસર્ગ કરે છે. વિદ્યાધર કન્યાઓ વિકુર્વે છે, બધી નાચ-ગાનતાન કરી રહી છે. સીતાના રૂપે સીતેન્દ્ર કહે છે, 'સ્વામી ! આ તમે મને મૂકીને કેમ જતા રહ્યા ? આ જીવનમાં તમે જ મારે મન એક સ્વામી છો. તમારા વિના મારું શું થાય. વનવાસના કષ્ટમાં ય તમે પાસે છતે મેં કશું કષ્ટ માન્યું નહોતું, કશી જ કામીના માની નહોતી. એવી તમારા પર અથાગ રાગવાળી મને તરછોડી જતાં મારા ઉપર દયા નથી આવતી ? જરા થોભો મારા નાથ ! આપણે બંને સાથે ચારિત્ર લઈશું. હું તમારી જ આશ્રિત છું. મારા પર દયાભાવ રાખો, માર પર રહે નજર કરો.' કરુણ સ્વરે આ કાકલુદી કરે છે. વિદ્યાધર કન્યાઓ પણ એમાં સૂર પૂરે છે; કહે છે. 'અમો બધી પણ તમારી સેવામાં રહીશું.'

જુઓ ઇંદ્ર જેવો ઈન્દ્રનો કેવો મોહ ! 'કર્મન કી ગતિ ન્યારી' માટે જ એવા કર્મ ઉદયમાં આવે એ પહેલાંથી ચેતવા જેવું છે.

**રામચંદ્રજીને કેવળજ્ઞાન :-**

હવે અહીં જુઓ કે રામચંદ્રજી-મુનિ મહા વૈરાગ્યછી જ ચારિત્ર લઈ નીકળેલા છે, એટલે અહીં આ અનુકૂળ ઉપદ્રવ ઉપસર્ગમાં ફસાતા તો નથી, પરંતુ ખૂબી જુઓ કે ઊલટું આ ઉપસર્ગનું નિમિત્ત પામીને વૈરાગ્ય વૃદ્ધિંગત ? એટલો બધો કે આઠમા અપૂર્વકરણ ગુણસ્થાનકે ચડી શુક્લધ્યાન અને ક્ષપકશ્રેણિ માંડે છે. તે યાવત્



દસમાં ગુણઠાણાના અંતે વીતરાગ બની બારમા ગુણસ્થાનકના અંતે વીતરાગ બની બારમા ગુણસ્થાનકના અંતે કેવળજ્ઞાન પામી સર્વજ્ઞ બને છે. સીતેન્દ્ર ત્યાં ક્ષમા માગી એમની ભરપૂર સ્તવના-ગુણગાન કરી એમનો મહિમા ફેલાવે છે.

આમ રામભદ્ર મુનિનો વૈરાગ્ય ક્યારે વધ્યો ? અનુકૂળ ઉપસર્ગનું નિમિત્ત આવવા પર. વૈરાગ્ય શું એની મેળે જ વધી ગયો ? ના, મુનિએ પોતો વધાર્યો, શાના પર ? ઉપસર્ગ આવવા પર. આ સૂચવે છે કે

**પ્રતિકૂળ પ્રસંગ શું કે અનુકૂળ શું, સાચો સાધક આત્મા એનું નિમિત્ત પામીને પોતાના વૈરાગ્ય-ક્ષમા-નિર્લોભતા-નિરહંકાર આદિ ભાવોને વધારનારો બને.**

આ હિસાબે આવા મહાપુરુષોનું ગણિત શું ? આ જ, કે

**ઉપસર્ગ એ ક્ષમાદિ ગુણોને અત્યંત વિકસાવવાને માટે ઉત્તમ તક છે. વિશેષ આત્મ કમાણીની તક.**

તુચ્છ નિઃસત્ત્વ અને તામસભાવમાં ડૂબી રહેલા માણસોનું ગણિત આ કે 'અનુકૂળ ઉપસર્ગ અર્થાત્ મનગમતા સંયોગે એ વિશેષ મોજ કરી લેવાની તક. અને પ્રતિકૂળ ઉપસર્ગ-ઉપદ્રવ એ દુઃખનો અવસર'

બન્નેમાં કેવી આત્મદશા ! ભારે અંધરાગની તે હર્ષની ? કે ભારે દ્વેષ ઉદ્વેગની ? આમાં ક્યાંય લેશ પેણ આત્મકમાણી દેખાય ? ના, નીતરતી ગમાણી, ચોકખી નુક્સાની.

આ જીવનમાં તામસભાવમાં રખડવું છે ? કે ઊંચા સાત્ત્વિકભાવ કેળવવા છે ? સાત્ત્વિકભાવ કેળવવા હોય તો અનાદિનું ગણિત ફેરવો, દૃષ્ટિબિન્દુ ફેરવો. હજી તો અદૃષ્ટિબિન્દુ અને ગણિત ફેરવવાની વાત છે. એને અનુસારે અમલ તો કદાચ એકદમ ન પણ બની શકે. પરંતુ પહેલાં અનુકૂળ પ્રસંગ કે પદાર્થને વૈરાગ્ય-ક્ષમા-સમતા-નિર્લોભતાને વિકસાવવાના અવસર તરીકે તો દેખવો જોઈએ ને ?

**સમ્યગ્દર્શન અહીં ઝળહળે છે કે અનુકૂળતા પ્રતિકૂળતામાં વૈરાગ્ય-ક્ષમાદિની તક દેખાય. એથી ઊલટું રાગ-હર્ષ-દ્વેષ-ખેદ કરતાં દિલ કચવાય.**

પૈસા વધારે મળ્યા એટલે વધારે વૈરાગ્ય ઝળકાવવાની તક દેખો છો ? પૈસા ગુમાવ્યા એટલે વધુ સમતાભાવ ઉદાસીનભાવ કેળવવાની તક દેખાય ? કમાયો એટલે પ્રમોદભાવ અટકાવવાનો અને ગુમાવ્યું એટલે વાત્સલ્યભાવ અને સહાયકભાવ વિકસાવવાનો અવસર છે એવું મનને ભાસે છે ખરું

મહાવીર ભગવાને ઉપસર્ગ ઉપદ્રવમાં આ કર્યું કે વધુ ને વધુ વૈરાગ્ય-ક્ષમા-ઉપશમ-નિસ્પૃહા વધારવાની તક દેખી, અને તે જોરદાર વિકલાવતા ગયા. એનું એ પરિણામ હતું કે સાડાબાર વરસ એ કામ કરતાં કરતાં અંતે એ ભઆવો ઉત્કૃષ્ટ કોટિના થઈને ક્ષાયિક ભાવમાં પરિણમ્યા ને વીતરાગ ભાવ સુધી પહોંચી ગયા.

**નિશ્ચિત લક્ષ્યથી માત્ર સાધનામાં તન્મયતાનું આ પરિણામ હતું કે ઉત્કૃષ્ટ ફળની પ્રાપ્તિ થઈ. મનમાં વચ્ચે વચ્ચે સાધ્યફળની આશંસાભરી વિચારણા નહિ, સાધનામાં જ મનની તન્મયતા.**

**ફળની ગડમથલ નહિ, સાધનામાં તન્મયતા કરો :-**

રાજા હસ્તિપાળને સિદ્ધપદની સાધનાની આ લગન હતી. એમાં એ વિચાર નહોતા આવ્યા કરતાં કે 'મને આથી તીર્થંકરપદ મળો, મળશે કે નહિ ?' ના, ફળની ગડમથલ નહોતી, સાધનામાં તન્મયતા હતી. છતાં ફળ આવીને ઊભું રહ્યું ! રાજાએ તીર્થંકરપણાનું પુણ્ય ઉપાર્જન કર્યું.

તીર્થંકરપણાનું પુણ્ય ઊભું કરી આપનારી સિદ્ધપદની એ કેવીક સાધના હશે ? ગુરુએ સિદ્ધપદનું સ્વરૂપ અને એની આરાધનાવિધિ બતાવી. એનાથી થતા ઉચ્ચ લાભ બતાવેલા ત્યારે એના મનને પહેલાં તો એ થયેલું કે, 'અહો ! કેવો અલૌકિક જૈન ધર્મ ! જૈન ધર્મ વિના આ કોણ બતાવે ? આમ જૈન ધર્મની પ્રત્યે અહોભાવ જાગેલો. આ ગુરુ પાસે સિદ્ધપદની આરાધના કરવાનું વ્રત લીધેલું.

પછી તો રાજા ઘેર આવી એની આરાધનામાં લાગી ગયો.

**સિદ્ધપદની આરાધનામાં ત્રણ પ્રકાર :-**

(૧) સિદ્ધપદનું ધ્યાન,

(૨) સિદ્ધભગનવંતની મૂર્તિનું દર્શન-પૂજન-સ્તવન,

(૩) સિદ્ધભગવાનનાં વિશેષ પૂજન-ભક્તિ માટે તીર્થયાત્રા.

**(૧) રાજાનું સિદ્ધપદનું ધ્યાન :-**

હસ્તિપાલ રાજા સિદ્ધપદના ધ્યાન માટે પહેલાં તો મનમાં સિદ્ધભગવાનનું સ્વરૂપ નક્કી કરી લે છે. એ વિચારે છે કે 'અહો ! મારો આત્મા કેવો રાગ-દ્વેષ-મોહના મળકીચડથી ભરેલો ! ત્યારે સિદ્ધભગવાન કેવૌ એ રાગાદિથી તદ્દન રહિત નિર્મળ નિરંજન વીતરાગતામય ! મારે કેવા કર્મકલંક ! અને સિદ્ધ ભગવાનને મારે કેવા કર્મકલંક ! અને સિદ્ધ-ભગવાનને કોઈ જ કર્મ કલંક નહિ, અકલંક ! કર્મના ઉદયથી મારે કેવી કેવી શાતા-અશાતા, હર્ષ-શોક, સંપત્તિ-વિપત્તિ, રોગ-પરાધીનતા,



જન્મ મરણ વગેરેની વિટંબણાઓ ! ત્યારે સિદ્ધભગવાનને કર્મના ઉદય જ નહિ, તેથી કશી વિટંબણા જ નહિ ! મારે શરીરની વેઠ, શરીરની વેઠ, શરીરની ગુલામી ! ત્યારે સિદ્ધભગવાનને શરીર જ નહિ, એટલે આ કશી શરીરના બંધનના લીધે ઊભી થતી ઉપાધિ જ નહિ. હું' એટલે કે મારો આત્મા જાણે રૂપાળો-કદ્રુપો લાંબો-પહોળો કે ટૂંકો-જાડો કે પાતળો ! ત્યારે સિદ્ધભગવાનને શરીર બંધન જ નહિ, તેથી અરૂપી, અમૂર્ત, અવિનાશી ! હું ઘણા ઘણા અજ્ઞાનથી ભરેલો ! ને સિદ્ધભગવાન અનંતજ્ઞાન દર્શનથી ભરેલા ! હું રોગાદિના વિકારોવાળો, ત્યારે સિદ્ધભગવાન નિર્વિકાર ! હું ભાવોમાં ને ભવોમાં રખડતો, ચંચળ અને રોગિષ્ઠ ત્યારે સિદ્ધભગવાન સ્વાત્મનિષ્ઠા !

આવો પોતાના આત્મા અને સિદ્ધપરમાત્મા વચ્ચેનો ભેદ નક્કી કરી પછીથી રાજા હસ્તિપાલ સિદ્ધ ભગવાનનું ધ્યાન ધરે છે. 'સિદ્ધભગવાન કેવા કેવા નિર્મળ, નિરંજન, નિષ્કલંક ! કેવા અશરીરી, અવ્યાબાધ ! કેવા સ્વાધીન, નિર્દ્વન્દ્વ, અરૂપી ! કેવા સ્થિર અચલ રોગ-અક્ષય-સ્વાત્મનિષ્ઠા !' વગેરે ધ્યાન કરે છે. ધ્યાન એટલે એકાગ્ર ચિંતન, તે રાજા સિદ્ધભગવાનને સિદ્ધશિલા ઉપરના આકાશણાં સ્થિર શુદ્ધ, જ્યોતિસ્વરૂપ થઈ એમની આ એકેક વિશેષતા ધારી લઈ એના પર મન કેન્દ્રિત કરે છે.

**સંભેદ,-અભેદ-પ્રણિધાન :-**

**સિદ્ધપરમાત્માને સામે ધારીને આ ધ્યાન કરવું, એ એમનું સંભેદ પ્રણિધાન છે.**

કેમકે એમાં એમને પોતાના આત્માથી ભિન્નપણે જોયા. ધ્યાનની વસ્તુ અર્થાત ધ્યેયને ભિન્ન તરીકે જોઈ એના પર મનની તન્મયતા કરે છે, એમાં મનનું પ્રકર્ષેણ નિધાન અથાત્ ગાઢ નિશ્ચલ સ્થાપન કરે છે. આને સંભેદ પ્રણિધાન કહેવાય.

**ત્યારે પોતાના આત્માને જે ધ્યેય સિદ્ધ તરીકે જોઈ એ ધ્યેય સ્વરૂપે સ્વાત્માનું ધ્યાન કરવું એ અભેદપ્રણિધઆન કહેવાય.**

**(૧) સંભેદ-પ્રણિધાન કેવું ? :-**

રાજા હસ્તિપાળ આ બે પ્રકારે સિદ્ધપરમાત્માનું ધ્યાન કરે છે, પહેલાં અભ્યાસ પાડવા માટે સંભેદ પ્રણિધાનરૂપ સિદ્ધભગવાનનું ધ્યાન કરે છે. એ માટે સિદ્ધપરમાત્માની એકેક વિશેષતા લઈ એના પર વારંવાર મન એવું કેન્દ્રિત કરે છે કે ધીરે ધીરે એના સંસ્કાર દૃઢ બનતા જાય છે, ને એથી સિદ્ધભગવાનને સહેજે જ્યારે યાદ કેર ત્યારે સહેલાઈથી એ સ્વરૂપે સિદ્ધભગવાન જાણે આબેહુબ નજર સામે આવી જાય છે !

**કોઈ પણ વસ્તુના સતત ધ્યાનનું આ ફળ, કે એના સંસ્કાર દૃઢ થઈ અવસરે**

**એ વસ્તુને સહેલાઈથી આબેહુબ નજર સામે લાવે.**

દા.ત. નોકરને શેઠ બહુ ઉદાર મળી ગયો હોય, તો એને વારે વારે મનમાં આવી જાય છે કે 'મારા શેઠ આવા આવા ઉદાર.' એના સંસ્કારદ દઢ થતાં કોઈ શેઠનું નામ દે ત્યાં આને જાણે આબેહુબ નજર સો ઉદારતા સહિત એ શેઠ ખડા થઈ જાય છે ! એમ, આંખ અર્ધ મીંચીને વારંવાર ધ્યાન કર્યું કે સિદ્ધ ભગવાન શરીર રહિત, આવા અનંત કેવળજ્ઞાન સહિત, શુદ્ધ જ્યોતિ સ્વરૂપ તો પછી એના સંસ્કાર દઢ થયે સિદ્ધનું નામ પડતા એની નજર સામે જાણે આબેહુબ એવા સિદ્ધભગવાન ખડા થઈ જાય છે !

**સિદ્ધ અક્ષય-નિર્વિકારનું ધ્યાન :-**

એમ, સિદ્ધભગવાન અક્ષય-અજન્મા-અવિનાશી છે. એવું ધ્યાન કર્યે ગયા પછી એના સંસ્કારથી 'સિદ્ધ' નામ પડતાં અખંડ આત્મ પ્રદેશવાળા અને જન્મ મરણ રહિત સિદ્ધભગવાન જાણે આબેહુબ નજર સામે આવી જાય છે.

એમ સિદ્ધમૂર્તિના ચક્ષુના ભાગ પર મન કેન્દ્રિત કરી એ વીતરાગ-નિર્વિકાર હોવાનું ધ્યાન કર્યે જવાય, એમી સામે મોટા ભક્ત-ઈન્દ્રો જમીન પર મસ્તક અડાડી નમન કરતા આવો કે સામે ઈન્દ્રાણીઓ નૃત્ય કરતી રહો, ઉપરથી સિદ્ધભગવાન એ બધું દેખે, પણ એમને કશો રાગ-હર્ષ-આકર્ષણ નહિ. તેમ ભયંકર દુશ્મન દેખાઓ, એમને લેશમાત્ર અરુચિ-અભાવ-દ્વેષ નહિ. એ તો નિરંજન-નિર્વિકાર સિદ્ધ અનંતા સામે લાવી એમના આ નિર્વિકાર ચક્ષુ પર મન કેન્દ્રિત કરાય. પછી એના દઢ સંસ્કાર ઊભા થવાથી 'સિદ્ધ' શબ્દ સંભળાયો એટલે જાણે આંખ સામે આબેહુબ એવા સિદ્ધ દેખાય. ત્યારે,

**નિર્વિકાર વીતરાગ અવસ્થાનું ધ્યાન કરવાનો લાભ કેટલો મોટો ! તૃષ્ણા વાસનાઓ શાંત થતી આવે, બ્રહ્મચર્ય પાલન સરળ બની જાય.**

આ અનુભવ-ગમ્ય વસ્તુ છે. અનુભવ કરવા માંડો એટલે સમજાય. ભગવાનની મૂર્તિ પરના ચક્ષુમાં વીતરાગતા-નિર્વિકારતા જોયા કરો, એ પછી ભગવાનની સામે અપ્સરાઓ નાચતી ગાતી છે છતાં ભગવાનને એની સાથે કશી લેણદેણ નથી. એ રીતે ભગવાનને જોયા કરાય એટલે પોતાના મન પર એ વીતરાગતા નિર્વિકારતાની અસર પડે છે. પ્રભુને દિલથી એવા જોતાં જોતાં મનને ક્ષણભર લાગે કે જગતની ઋદ્ધિ સમૃદ્ધિ ને રમણીઓ કૂછ નહિ. વારંવારના આવી નિર્વિકાર સિદ્ધ અવસ્થાના ધ્યાનથી એના સંસ્કાર દઢ થયે મનને નિર્વિકારતાનું જોમ આવે. આ બધી સંભેદ પ્રણિધાનની વાત થઈ.

**(૨) હવે અભેદ-પ્પણિધાનની વાત,**



એમાં શું કરવાનું ? સંભેદ પ્રણિધાનથી અર્થાત સિદ્ધભગવાન આવા આવા નર્વિકાર, શુદ્ધ, બુદ્ધ, મુક્ત, અનંતજ્ઞાનમય, જ્યોતિસ્વરૂપ અને અક્ષય-અજર-અમર તરીકેના વારંવાર ધ્યાનથી, એવા સિદ્ધભગવાન આબેહુબ નજર સામે આવે, પછી આપણા પોતાના આત્મામાં એમને ઉતારી દેવાના; આપણો આત્મા પોતે આવા જ સ્વરૂપવાળો છે, એ ધ્યાન કરવાનું.

આંખ મીંચીને મનને એમ થાય કે 'અરે ! મારે આ શરીર, ને આ જગતના સારા-નરસા પદાર્થો સાથે શો સંબંધ ? શરીર કપાઈ જાઓ, કે એને મોટા માન-સન્માન કે મધુરા ખાનપાન મળો. તેથી મારા આત્માને શું ?શા એના પર રાગ-આકર્ષણ કે દ્વેષ-અભાવ ? મારા આત્માને એની સાથે કશી લેણદેણ નથી. હું વીતરાગ, હું નિરંજન, હું નિર્વિકાર, જગતનો માત્ર જ્ઞાતાદષ્ટા...'

સિદ્ધભગવાનના એવા વારંવારના ધ્યાનથી એ સ્વરૂપના સંસ્કાર દઢ કરીને આ ભાવના પોતાના આત્મામાં કરતા રહેવાય. એટલે પોતાનો આત્મા જાણે એવો શુદ્ધ-બુદ્ધ નિરંજન-નિર્વિકાર ભાસ્યા કરે, એ અભેદ પ્રાણિધાનની છાયા આવી.

**અભેદ પ્રણિધાનનો લાભ :-**

આનો લાભ કેટલો બધો ! જીવનમાં આવતી અનુકૂળતાઓ વખતે આત્માને કશી વડાઈ ન લાગે કશો રાગ-મોહ-મમતાનો ઉન્માદ ન થાય. એમ જ લાગ્યા કરે કે હું નિરંજન-નિર્વિકાર-સ્વચ્છ જ્ઞાનમય સ્વરૂપવાળો, મારે ને આને શો સંબંધ ? મારે આની શી લસેવાદેવા ? એમ જીવનમાં આવતી પ્રતિકૂળતા-અવગડ-કષ્ટ વખતે આત્માને કશી ન્યૂનતા ન લાગે, કશો દ્વેષ-અરુચિ કે ખેદ ન થાય. એક જ વાત કે અક્ષય-નિરંજન-નિર્વિકાર મારા આત્માને આની સાથે શી નિસ્બત ? શી લેવા દેવા ? શો સંબંધ ?

મહાત્માઓ પર ભયંકર ઉપસર્ગ વરસ્યા. ગજસુકુમાળ મુનિના માથે સગડી ધખાઈ, માથું ભડભડ બળે છે, ખંધક મુનિની જીવતા શરીરે ચામડી ઉઝરડાય છે, ખંધક મુનિની જીવતા શરીરે ચામડી ઉઝરડાય છે. ખંધક મુનિના ૫૦૦ શિષ્યો ઘાણીમાં પીલાઈ રહ્યા છે, ચામડી થોલાઈ રહી છે, ભચડભચ હાડકાં તૂટે છે, માંસના મસલ છૂંદાઈ રહ્યા છે, આ બધા મહાત્માઓએ આવા ઘોર વેદનાઓના ઉપસર્ગમાં શી રીતે સમત્વભાવ રાખ્યો હશે ? ઘોર વેદનાની પણ રુંવાડે ય અરેરાટી નહિ ! હાયવોય નહિ ! શેના બળ ઉપર ! કહો, આત્મામાં સિદ્ધ ભગવાનનું વારંવાર સંભેદ પ્રણિધાન કરી કરી ઊભા કરેલ એના ગાઢ સંસ્કાર ુપર અભેદ પ્રણિધઆનની શક્તિ પ્રગટેલી, એટલે હવે એથી,

**અભેદ પ્રણિધાન દ્વારા પોતા આત્માને જ જ્યાં શરીરમુક્ત-શુદ્ધ**

**જ્ઞાનદર્શનનમય-વીતરાગ-પરમાત્મા-સ્વરૂપ દેખવા માંડ્યો, ત્યાં શરીર ઉપરની કોઈ પણ જાતની પીડા પોતાની પીડા તરીકે જાુએ જ શાના ?**

**આ અભેદ પ્રણિધાનનો અભ્યાસ પીડામાં ચિત્તને સમાધિમાં રાખવાની ચાવી છે.**

**મનને અસમાધિ શાથી ? :-**

મન દુઃખાય, પીડા અનુભવે, વ્યાકુળ થાય, એ અસમાધિ છે. મનને કેમ એમ થાય છે ? કારણ કે, એને વહાલા શરીર અથવા શરીર સંબંધી વસ્તુ પર આપત્તિ કે અણગમતું કશુંક આવે એસહાતું નથી શરીર પરની આપત્તિથી અસમાધી નથી, પરંતુ આપત્તિ ન ખમાવાથી અસમાધિ છે. મનને આપત્તિ ખમાતી નથી માટે મન દુઃખાય છે. ઘરે આવેલ મહેમાન બે દહાડા વધુ રહે તો ખમાતા નથી માટે દુઃખ થાય છે પરંતુ જો એ જ મહેમાન વેપાર કે દલાલી આપી ખટવનારો હોય તો ખમાય છે, ને ત્યારે એનું કશું દુઃખ નથી લાગતું.

**ખટાવનારા મેમાનની જો શરીર પરની આપત્તિ ખટાવનારી દેખાય તો તે ખમાય અને મનને કશું દુઃખ ન લાગે.**

આ કામ સિદ્ધનું અભેદ-પ્રણિધાન કરી આપે છે. પૂછો.-

**પ્ર.- સિદ્ધતા અભેદપ્રણિધાનથી આપત્તિ ખટાવનારી કેમ લાગે ?**

ઉ.- આ રીતે લાગે સિદ્ધના અભેદપ્રણિધાનમાં પોતાનો આત્મા શુદ્ધ-બુદ્ધ-નિરંજન-નિરાકાર-નિર્વિકાર ભાસે, એટવે આમ તો એમાં પોતાના શરીર સાથે કશો સંબંધ ન લાગે, પરંતુ હકીકતમાં હજી કર્મ અને શરીરની સાથે આત્મને સંબંધ છે. માટે તો પેલી શુદ્ધમુક્તિ નિરંજન અવસ્થા પ્રગટ થઈ નથી. એ હવે જાુએ છે કે શરીર પરની આપત્તિથી કર્મના લેપ ઓછા થતા આવે છે કર્મમુક્ત અવસ્થા તરફ પ્રગતિ દેખાય છે. પછી મનને દુઃખ લાગવાનું શું રહે ? દુઃખ તો નહિ, પણ ઊલટું પોતાના નિરંજન-નિર્વિકાર અરૂપી આત્મા પર પાકી દૃષ્ટિ છે, એથી મન મસ્ત છે.

**આત્મદૃષ્ટિ બંધાયે દુઃખમાં સુખ લાગે :-**

આ બધું ગળે ઊતરે છે ? ના ? તો એનું કારણ જ આ છે કે હજાુ મૂળમાં આત્મદૃષ્ટિ જ નથી બંધાઈ. એટલે મનને નવાઈ લાગે છે કે પગમાં તીક્ષ્ણ કાંટો ભોંકાય અને મન મસ્ત રહે ?' દુન્યવી દુઃખમાં સુખ લાગે ? પણ ખબર નથી. કે કાંટો જ શું, આખું શરીર ઘણીમાં પીલાય ને મન મસ્ત રહે. ખંધક મુનિના ૫૦૦ શિષ્યોએ ઘાણીમાં પીલાતાં જો મન મસ્ત ન રાખ્યું હોત, અને મન જો દુભાયું હોત તો, કેવળજ્ઞાન પામત ખરા ? એ તો મન મસ્ત રાખેલું એના પર ધર્મધ્યાન-શુક્લધ્યાનથી સલળ બનેલ. પોતાના આત્માના શુદ્ધ સ્વરૂપ પર પાકી દૃષ્ટિ બાંધી દીધી. પછી યંત્રની વચ્ચે શરીરના છુંદા થાય છતાં એની મન પર લેશ પણ અસર નહિ.



આત્માની દૃષ્ટિ બાંધો તો આ વાત ગળે ઊતરે. દેહદૃષ્ટિ, ઈન્દ્રિયદૃષ્ટિ, ધનદૃષ્ટિ, વિષયદૃષ્ટિ, કુટુંબદૃષ્ટિ વગેરે બંધાયેલી રહે ત્યાં ત્યાગના તપના કષ્ટ સહનમાં કેવા અલૌકિક લાભ અને પ્રભાવ છે એ નહિ સમજાય. મારી કાયા મારી ઈંદ્રિયો, મારું ધન, મારાં સુખ સાધનો, મારી પત્ની, મારા સંતાન, આ બધું મનમાં જામીને બેઠું હોય, ત્યાં મારો આત્મા એ દૃષ્ટિ જ શી રીતે બંધાય ? અને બંધાય તો તો પેલી દૃષ્ટિઓ મોળી પડી જાય. પૂછો.

**પ્ર.- આત્મદૃષ્ટિ બંધાયાથી દેહદૃષ્ટિ વગેરે શી રીતે મોળી પડે ?**

ઉ.- **'મારો** આત્મા' એ આત્મદૃષ્ટિ બંધાઈ એટલે દેખાય કે

**પાપસ્થાનકોમાં કૂદનારી કાયાના મારી કાયા શું કહે ? 'મારી કાયા' કહું તો ય મારી કાયા' નો અર્થ 'મારી ઘોર ખોદનારી કાયા' એવો થાય.**

કેમકે એ તો રાતદિ' પાપસ્થાનકોમાં રચીપચી રહેવાથી મારા આત્મા પર જાલિમ કર્મના ભાર ચડે છે એમ ઈન્દ્રિયો લક્ષ્મી સુખ-સાધનો કુટુંબ વગેરે બધાય પાપસ્થાનક રોવરાવનારા બની મારા આત્માને દુર્ગતિના દુઃખોને હવાલે કરનારા બને છે. તેથી મારી ઈન્દ્રિયો,' એટલે 'મારી દુર્ગતિ સર્જનારી ઈંદ્રિયો,' 'મારી લક્ષ્મી' એટલે 'મારી ઘોર ખોદનારી લક્ષ્મી', 'મારા બંગલા-બગીચા, વગેરે સુખ સાધનો' એટલે 'મારા સત્યાનાશને નોતરનારાં સાધનો,' 'મારું કુટુંબ' એટલે 'મારું નિકંદન કાઢનારું કુટુંબ,' આમ કાયા વગેરે ને આત્માની પાયમાલી સર્જનારી તરીકે જોયા પછી 'મારી કાયા' 'મારી ઈન્દ્રિયો વગેરે શી બહુ મમતા થાય ?

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૪,અંક-૯,તા.૧૫-૧૧-૧૯૭૫**

એ મમતા ઓછી થાય એટલે કહેવાય કે દેહ દૃષ્ટિ, ઈન્દ્રિયદૃષ્ટિ, ધન દૃષ્ટિ વગેરે મોળી પડી. પરંતુ આ તો જ બને કે મૂળામાં 'મારો આત્મા' એવી આત્મદૃષ્ટિ બંધાય, ને એ જોરદાર થવા માંડે.

તમને લાગે છે ખરું કે આ ઉચ્ચ જીવનમાં આત્મદૃષ્ટિ કેળવવા જેવી છે ? જેને આ ન લાગતું હોય એને ધર્મ ગમે ખરો ? ધર્મ ગમે અને આત્મ દૃષ્ટિ ન ગમે ? આત્મદૃષ્ટિ જરૂરી ન લાગે ? જો આત્મદૃષ્ટિ ગમે છે તો એ તપાસો કે જ્યારે જ્યારે મન દેહદૃષ્ટિ-વિષયદૃષ્ટિ વગેરેમાં પડે છે ત્યારે એનો ખટકો લાગે છે ખરો કે 'હાય ! ઉદ્યાન જેવી આત્મદૃષ્ટિ મૂકી ગધેડાની જેમ **ઉકરડા જેવી** આ દેહદૃષ્ટિ વગેરેમાં ક્યાં વિચરવાં લાગ્યો ?'

કોઈ આવી અફસોસી ખરી ? એમ આત્મદૃષ્ટિ કેળવવી જરૂરી લાગે છે તો

એ માટેનો પ્રયત્ન કેટલો ? વારે વારે દેહદષ્ટિ વગેરે જડદષ્ટિમાં ચાલ્યા જતા મન વચમને એમાંથી કાઢી કાઢી આત્મદષ્ટિમાં વાળવાની જાગૃતિ કેટલી ?

જોશો તો દેખાશે કે જન્મથી જૈનધરમ અને વીતરાગ પરમાત્મા મળવા છતાં તેમજ વર્ષોથી ધર્મની આરાધના કરવા છતાં દિવસમાં.

(૧) કેટલીવાર અને કેટલો વખતે આત્મદષ્ટિ રહે છે ?અને કેટલીવાર અને કેટલો વખત દેહદષ્ટિ-ધન-દષ્ટિ કે વિષયદષ્ટિ વગેરે કામ કરતી રહે છે ?

(૨) વિચારોથી હારમાળા ચાલી, તો એ અમૃત સમી આત્મદષ્ટિની કેટલી ? ને ઝેર સમી બીજી દષ્ટિની કેટલી ?

(૩) એમ, વાતે વળગ્યા, તો એ વાતોમાં આત્મદષ્ટિ કેટલી ? ને જડદષ્ટિની વાતો કેટલી ?

**(૪) આત્મદષ્ટિનો અમલ કેટલો, એ તપાસો તો શરમાવા જેવું લાગશે કે 'અરે ! મારા ઠમઠોક વિચારો ને હજારો શબ્દો શું જડ દેહદષ્ટિના ? આત્મદષ્ટિના નહિ ?**

આત્માને માનનાર આસ્તિક માટેની આ લાત છે. આત્માને માનતો જ ન હોય એવા નાસ્તિકને તો જડદષ્ટિની જ વાતો અને એવા જ વિચારો કરીને શહરમ લાગવા જેવું છે જ શું ? આપણે આસ્તિક છીએ ને ? તો આપણને આવામાં શરમ લાગે છે ખરી કે અરે ! આ મેં શું કર્યું ? શરમ જ ન લાગતી હોય તો જડદષ્ટિ ની બાબત ઉપર એ લાંબું-લચક લાગશે ! દા.ત. જુઓ કે, ભગવાનનું સારું સ્નાત્ર ભણાવ્યા પછી કદાચ વાત નીકળશે તો એટલી કે 'આજે સ્નાત્રમાં રંગ સારો જામ્યો. ભાઈ ભણાવનારા સારા; બધાએ ઝીલ્યું સારું'...બસ, એટલી આત્મદષ્ટિની વાત પછી જડદષ્ટિમાં ઊતરી ગયા, તો એનું પિંજણ લાંબુલચ ચાલવાનું. જેમકે, આજે ગરમી બહુ હતી. પરસેવાથી રેબઝેબ થઈ ગયા. ઋતુઓ માળી માઝા મૂકે છે. શું તાપ પડે છે તાપ ? આપણે તો ઘરે દુકાને પંખો ચાલુજ રાખીએ છીએ. મુઆ, પૈસા ખરચાય તો ખરચાય, એમ તો આજે બીજા ય ખરચા ક્યાં ઓછા છે ? મોંઘવારી કેટલી જાલિમ ? શું ચાલ્યું આ ? દેહના સુખની દષ્ટિનું પિંજણ કેટલું લાંબુ ? એનો હિસાબ નહિ, માપ નહિ.

આતો એક દાખલો, એવી તો ઢગલાબંધ બાબતો પર જડદષ્ટિના પિંજણ ટૂંકુટચ. કેમ જામે એમાં લાંબુ વિચારવા કે બોલવા જેવું કશું છે જ નહિ ! તે ક્યાંથી એના પર લાંબી વિચારણા ચાલી શકે ? આપણી આ કેટલી કંગાળ દશા છે !

જડની વાતમાં સાવ ખોવાઈ જઈએ, અને આત્માની વાતમાં તો મન ઠેર



જ નહિ એટલે એને અડ્યા ન અડ્યા ને એમાંથી ઝટ બહાર નીકળી જઈએ, ને પાછા જડની વાતમાં જઈ ઠરીએ, એ આપણી મહા દુર્દશા છે. એ છૂપી નાસ્તિકતા છે, પુદ્ગલાનંદિપણું છે.

**મન ક્યાં ઠરે છે ! જડદષ્ટિની વાતમાં કે આત્મદષ્ટિની વાતમાં ? એના પર આપણામાં જડાનંદિપણું છે ? કે આત્માનંદિપણું ? એનું માપ નીકળે છે.**

**ધર્મી જીવને, મન જડદષ્ટિની વાતમાં ઠરે, એ નાલેશી લાગે.**

આત્મદષ્ટિની વાત એટલે જેમાં આત્માને લગતી આત્મ ગુણકારી ધર્મની વાત હોય, ગુણાનુમોદન કે દોષગહાની વાત હોય. પરમાત્માની એમના જીવન-ગુણો-સાધના યા ઉપકારની વાત હોય. શાસ્ત્રની, તીર્થની, કે સાધુની વાત હોય, એ બધી આત્મદષ્ટિની વાત કહેવાય. એથી ઊલટું કાયા-ધન-માલ-પરિવાર આદિને લગતી એનાહિતની વાત હોય, કાયાને કેમ સુખસગવડ આનંદ રહે, ધન વધે-ટકે, ઓછું ખરચાય, વગેરે વગેરે વાતો હોય, એ બધી જડદષ્ટિની વાતો છે. કદાચ અહીં પ્રશ્ન ઉઠે :-

**પ્ર.-** તો શું કુટુંબ લઈને બેઠા એટલે એના શરીરની અને દુનિયાદારીના પૂછપરછ વાતચીત ન કરવી ?

**ઉ.-** અહીં પહેલાં તો જો એ સમજી રાખ્યું હોય કે માત્ર જડકાયાદિની દષ્ટિએ થતી વિચારણા ને વાતચીત એ ઝેર સમી છે તો પછી કુટુંબ સાથેની એમની કાયા વગેરે દુન્યવી બાબત અંગેની વાતચીતમાં શી રીતે બચવું એવો પ્રશ્ન થાય. પરંતુ આસમજી રાખ્યું નથી. આ મનમાં ફિક્સ બેઠું નથી. એટલે જ આવો પ્રશ્ન ઉઠે છે કે 'શું કુટુંબ સાથે એમના કાયાદિકની વાત જ ન કરવી ?'

ત્યારે અમારો પ્રશ્ન તો આ છે કે 'જે જડની દષ્ટિ જ વાતો-વિચારો કરતાં કરતાં અનંતા જન્મારા વહગી ગયા, છતાં અને વળી એ જે જડદષ્ટિનાં જ કારમો અનંત અનંત કાળથી ભમતા રહ્યા, એ જડદષ્ટિ ઝેર સમી છે, એ મનમાં બેસે છે ? ના, હજી મગજમાં ઊતરતું જ નથી ! એનો હજી થાક નથી લાગતો કે હાય ! આ ઝેરી જડદષ્ટિ વાતો અને વિચારણાઓમાં બહુ ફર્યો; હવે તો થાક્યો એનાથી ? ક્યાં છે આ થાક ? ઝેર સમી લાગવાને બદલે મીઠી ધરાખ જેવી લાગે, પછી જડથી થાકવાનું ધરાવાનું શાનું હોય ?

ખાટલો મોટી ખોટ ચોથો પાયો જ નથી, પછી એના પર સૂઈ શકવાની અને મજેથી આરામ કરવાની વાત જ ક્યાં ? એમ ધર્મ તરીકેના દાવામાં જડદષ્ટિ અને એ દષ્ટિ થતી વાતો વિચારણાઓ ઝેર સમી જ ન લાગે, અંતરમાં ધર્મ રમ્યા કરવાની અને એમાં મન ઠરવાની વાતેય શી ?

ખૂબ ધ્યાન પર લેવા જેવી વાત છે કે 'શું આપણે ખરેખર આપણા દિલમાં ધર્મ ગમતો કરવો છે ?' તો આ ઝેરને બરાબર મગજમાં ઠસાવી દો, અને આત્મદૃષ્ટિ અને એ દૃષ્ટિએ થતી વાતોને અમૃતસમી સમજો હૃદયથી માનો; અને જ્યારે જ્યારે આત્મદૃષ્ટિએ બોલવા વિચારવાનું આવે ત્યારે એમાં મન ઠેર એવું કરો.

બસ, આટલું થાય ને, -જડની દૃષ્ટિએ બોલવું વિચારવું ઝેરરૂપ લાગી જાય ને, પછી પેલા પ્રશ્નનો જવાબ મળી રહેશે જવાબ આ, કે કુટુંબને એની કાયા અંકે કે કાયા સંબંધી ખઆનપાનાદિ વસ્તુ અંગે પૂછપરછ વાતચીત ન કરવી એમ નહિ. પરંતુ કરવાનો પ્રસંગ આવે ત્યારે પહેલું તો આ લેગે કે,

**સંસારવાસ કેમ ભૂંડો ?:-**

અરે ! આ કેવો સંસાર માંડી બેઠો છું ? કુટુંબ સાથે આ કાયા-વિષયો-ખાનપાન અને ધનમાલ વગેરે જડ પદાર્થની દૃષ્ટિએ વાતચીત કરવામાં નથી એના આત્માનું હિત સધાતું, કે નથી મારા આત્માનું હિત સધાતું, કે નથી આમાં કાંઈ પરમાત્માને ભજવાનું થતું. પરમાત્મ-ભજનનું માનવ જીવનનું અણમોલું કાર્ય મૂકીને જડના પિંજણ કરવામાં મહાકિંમતી માનવ સમય અને મહાકિંમતી માનવ પુરુષાર્થ-શક્તિ વેડફાઈ રહી છે. આવા મહાકિંમતી સમય શક્તિની બરબાદી કરાવનાર આ સંસારવાસ કેવો નિસ્સાર ! કેવો નગુણો, ને ગોઝારો ? પરમાત્મચિંતન પરમાત્મરટણ પરમાત્મભજન અને પરમાત્માની આજ્ઞાનું શ્રવણ-ચિંતન-પાલન, આવા અતિ ઉચ્ચ કોટિના કાર્ય માટે તો આ માનવ અવતાર છે, એમાં એ ભૂલી જડનાં જ ચિંતન રટણ ? જડનાં જ ભાષણ અને પ્રવૃત્તિ ? સંરવાસ ભૂડો છે.

**જડદૃષ્ટિ કેમ ઝેરસમી :-**

વળી જડની દૃષ્ટિ અને એ દૃષ્ટિએ થતી વાતો અને વિચારણાઓ આટલા માટે જ ઝેરસમી છે, કે અને વિચારણાઓ આટલા માટે જ ઝેરસમી છે, કે આત્માની પરમાત્માને ભજવાની ચેતનાનો નાશ કરે આત્માની પરમાત્માને ભજવાની ચેતનાનો નાશ કરે છે. ત્યારે આત્માની દૃષ્ટિ અને આત્મદૃષ્ટિએ થતી વાતો-વિચારણાઓ અનાદિથી એ મરેલી ચેતનાને સજીવન કરે છે; માટે એ અમૃત સમી છે. મારાં કેવા અહોભાગ્ય કે દૃષ્ટિના આ ઝેર અને અમૃતનો વિવેક સમજવા મળ્યો ! આવું મનને સચોટ લાગી જાય, એટલે પછઈ આ કુનેહને આ કારીગરી કરાય કે કુટુંબ સાથે એમની કાયા વગેરેની દૃષ્ટિએ વાતચીત કરવાનો અવસર આવે ત્યારે એમાં આત્મદૃષ્ટિને દાખલ કરી દેવાય. પહેલું તો પોતાનાં મનમાં આત્મદૃષ્ટિ ઊભી રાખીને એ વાતચીત કરાય. પૂછો,-



**જડદૃષ્ટિની વાતમાં આત્મદૃષ્ટિ :-**

**પ્ર.-** જડદૃષ્ટિની વાતચીત આત્મદૃષ્ટિ ઊભી રાખીને શી રીતે કરાય ? જડદૃષ્ટિની વાતમાં આત્મદૃષ્ટિ શી રીતે ઘલાય ?

ઉ.- આ રીતે કે આપણા મનને એમ થાય કે આ કુટુંબ મારા સંસર્ગમાં આવ્યું છે, તે એમને જો મારા પર સદ્ભાવ રહેશે તો એ મારી કહેલી આત્મહિતની વાત એ સાંભળશે.એ સદ્ભાવ રહે એ માટે લાવ એમના શરીરની ખબર લેવા દે, એમના ખાન-પાન-વસ્ત્ર વગેરેની કાળજી કરવા દે આ હિસાબ રાખીને એ ખબર, કાળજી અંગેની વાતચીત કરાય એ આત્મદૃષ્ટિએ કરાઈ ગણાય.

એવું કોઈ પણ સગાસ્નેહીને એમનાં શરીર આદિ અંગે પૂછાય-કરાય એ આ આશયથી કે સામને આપણા પર એને સદ્ભાવ રહે. તો અવસરે આપણી આત્મહિતની વાત એ ઝીલે. એમ એ પણ આશય રખાય કે હું જો એને આવી કોઈ પૂછપરછ ન કરું વાતચીત ન કરું તો એ મને ગાંડો ધર્મી સમજે. ધર્મનું એ હલકું ચિંતવે કે 'જાુઓ આમનો ધર્મ આટલું કાયાનું કુશળ વગેરે પૂછવાનો વિવેક નથી. શિખવાડતો !' આમ ધર્મની હલકાઈ ન ચિંતવે માટે કાયાદિની કુશળતાવાં પૂછવા દે,-એ આશયથી એ પૂછાય એ આત્મદૃષ્ટિથી પૂછપરછ વાતમાં ઉતારાય. પૂછો.-

**પ્ર.- જડદૃષ્ટિની વાતને આત્મદૃષ્ટિની વાતમાં શી રીતે ઉતરાય ?**

ઉ.- આ રીતે, કે દા.ત. માનો કે કુટુંબને પૂછીએ છીએ કે 'કેમ ? તમારો શરીર ઠીક ચાલે ને ? હમણાં કાંક સુસ્તી જેવું દેખાતું લાગે છે. તો એને કાંક દવા-ઉપચાર કરો ને ? જોઈએ તો થોડા આરામ લેવાનું રાખો' આમ વાત કરીને પછી એમ જોડી દેવાય કે 'જાુઓ શરીરને સમાલો, એ ઠીક ચાલતું હશે તો દેવદર્શન આદિ ધર્મકરણી સારી થશે; અને આ ઉત્તમ જીવનમાં એજ સારભૂત છે. મનની સ્કુર્તિથી સારી ધર્મકરણી થાય એ ખરું કમાવાનું છે એ માટે શરીરની સારી શાતા ચાલવી જોઈએ !'...આમ વાત જોડીને સામા એને કેવું ઝીલે છે એ જોઈને વાતને લંબાવાય.

એમ ખાનપાન વસ્ત્રો વગેરે સુખસગવડ અંગેની વાતચીત થાય એમાં પણ આવું કાંઈક આત્મદૃષ્ટિનું જોડાય કે 'જાુઓ, ધ્યાન રાખો આપણે માત્ર આમાં ખોવાઈ જવાનું નથી, આ બધી સુખસગવડ તો આપણી રાગદસાને પોષે છે. એ ઝેરી રાગદશા આપણને મૂર્છિત કરી આપમા આત્મ તરફ કે આત્મહિત તરફ મન નથી જવા દેતી. માટે સાવધાન રહેજો, એમાં ભૂલા ન પડી જતા.

**લાખ રૂપિયાનું ખાઈએ છીએ, પહેરીએ-ઓઢીએ-ભોગવીએ છીએ, પરંતુ એના પર કરોડ રૂપિયાનું આત્મહિત કમાઈ લેવાની ચીવટ અને ચોકસાઈ રાખઈએ.**

**કરોડ રૂપિયાની આત્મહિતની કમાઈ પહેલી તો આ કે આ બધી સુખસમવડ પર હૈયામાં વૈરાગ્ય ઝળહળતો રહે.**

મનને એમ થાય કે આ મને તો શું મોટું મલ્યું છે ? આના કરતાં લાખ-કરોડગુણું ઊંચું ભરતચક્રવર્તીને મળેલું હતું, છતાં એને એ તુચ્છ લેખતા, એને મારક દેખતા, આત્મહિત-ઘાતક માનતા. તો જ અરીસા-ભવનમાં વખત આવી લાગતાં એક સેકન્ડમાં એનો મોહ ઉતારી નાખી વીતરાગ બનીને કેવળજ્ઞાન પામી ગયા. એટલે

**શા માલ બળ્યે છે મારી સુખ-સગવડમાં ? પૂર્વનું પુણ્ય વેચાવીને, નવા પુણ્યનો માર્ગ ભુલાવી, ધુમ પાપની ખરીદી કરી આપનારી આ જાત એના પર હૈયાના હેત શા ?**

આ વૈરાગ્ય દૃષ્ટિ છે. આત્મદૃષ્ટિએ આ વૈરાગ્યની વાત છે. કુટુંબને વાતમાં વાત જોડી આ સમજાવાય તકો જડદૃષ્ટિએ ઉપાડેલી વાતને આત્મદૃષ્ટિમાં ઉતારવાનું થાય. એમને પણ સમજાય કે-

જુઓ (૧) સુખસગવડ જેટલી મળે એ પૂર્વના પૂણ્યથી પરંતુ, એટલું પુણ્ય ભોગવાઈને ખત્મ થાય છે. માટે કહેવાય કે,

**(૧) સુખ સગવડને લેતાં પુણ્ય વેચાઈ ગયું.**

**(૨) વળી આ સુખ સગવડ મળે છે એટલે જીવના પુણ્યના માર્ગ ભૂલે છે.**

સારાં ખાનપાન-સુખ-સગવડ મળે છે માટે જ વિગઈ-ત્યાગ, દ્રવ્ય-સંક્ષેપ આયંબિલ-ઉપવાસ-એકાસણું કરવાનું મન નથી થતું.

ફેન્સી કપડાલત્તા મળે છે, તેથી જ સાદા નથી ગમતા.

સારા પૈસા મળે છે તેથી એનો રાગ અને લોભ ધવાને લીધે સુકૃતનાં કામ કરવાનું મન નથી થતું

બીજી સારી સુખવડ મળે છે. એટલે ધર્મ કરવો નથી ગમતો.

બસ-ગાડી મળે છે તેથી ચાલવાનું કષ્ટ લેવું નથી ગમતું.

વિચારો વિચારો, કેટકેટલો ત્યાગ-તપ-દાન-વ્રત નિયમ અને જિનવાણી શ્રવણ-સામાયિક,પ્રતિક્રમણ, જિનભક્તિ, સાધુસેવા વગેરે પુણ્ય માર્ગોને આ પુણ્યે મળેલી. સુખસગવડ ભુલાવે છે ? વશી



**(૩) સુખ સગવડની આગળ પાછળ ધુમ પાપની ખરીદી કેવી !**

એને મેળવતા પહેલા (૧) સીધા કે આડકતરા ષટ્કાય જીવ સમારંભમય વેપાર ધંધા કેવા (૨) એમાં પાછું જુઠું બોલવાનું કેટલું ? કેટલીવાર ? તો (૩) અનીતિ, વિશ્વાસઘાત અને માયા કેટલી રમવાની ? ત્યારે એમાં (૪) લોભ-તૃષ્ણ-આશા કેવી કેવી ? (૫) એના અંગે આર્તધ્યાન કેટલા ધુમ પ્રમાણમાં ? આ સુખસગવડ મેળવતાં પહેલાંની વાત. પછીમાં, (૬) એમાં કેટલી રકમ પાપની ખરીદી થાય ? ત્યારે (૭) સુખ સગવડ મળી ગયા પછી એના પર રાગદશા કેવી ઘેરી ને ગાઢ ! પડ્યે એના સંરક્ષણ અંગે સંરક્ષાણુનુંબંધી ચોથું રૌદ્રધ્યાન પણ કરાવે, અને રૌદ્રધ્યાન એટલે નરકમાં પાપ બંધાવે. શાસ્ત્ર કહે છે.

**'अट्टेण तिरियगइ, रूदज्झाणेण गम्मई नरय ।**

**આર્તધ્યાનથી તિર્યંચગતિને યોગ્ય પાપ કર્મ બંધાય,**

**સુખસગવડ પર ધુમ પાપ કેમ ? :-**

સુખસગવડ મનમાની મળ્યા પછી એની રાગદશા કેટલાં પાપની લોથ ? તેમ, (૮) એના પર વિષય ખાસ કેળવવામાં, અને એને સાચવવા તથા જાતે જ ભોગવવાની સ્વાર્થવૃત્તિમાં જૂઠ-પ્રપંચ-માયા વગેરે જીવસંહાર કેટલો ? આ બધું શું ? ધુમ પાપની ખરીદી.

કુટુંબને અવસર પામી પામીને આ બધું સમજાવાય એ આત્મદૃષ્ટિએ વાત થઈ આ બધું જો લક્ષમાં હોય તો જડદૃષ્ટિએ ઉપાર્જેલી કાયા-માયાદિની વાતને સરવાળો આત્મદૃષ્ટિની વાતમાં ઉતારવાની હંમેશા કાળજી રહે.

પરંતુ મોટી વાત આ છે કે પહેલાં તો પોતાને આત્મદૃષ્ટિ સદા જ્વલંત જાગતી જોઈએ, અને જડ દૃષ્ટિની બરાબર ઓળખ અને એના ઝેરીપણાનો ખ્યાલ મનમાં તરવરતો રહેવો જોઈએ. એની ઓછી કિંમતે સમજતા નહિ, એનાં તો મહા મૂલ્ય છે. એમાં જુઓ,-

જડદૃષ્ટિનાં ઝેર અને આત્મદૃષ્ટિનાં અમૃત વચ્ચોના મોટા અંતરના હિસાબે ભરત-મરુદેવા-ગુણેસાગર વગેરે કેવા સંયોગમાં ઝટપટ કેવળજ્ઞાને પહોંચ્યા !

ભરતચક્રી હજી હમણાં તો હીરા માણેકના મુગટ કુંડળ હાર-બાજુબંધ વીંટીઓ, જરિયાન જામા વગેરેના ઠાઠ-ઠઠારા સજી 'આ બધું બરાબર ગોઠવાયું છે ને ?' એ જોવા આરીસા ભવનમાં ગયા છે. આ કઈ દૃષ્ટિએ ? જડકાયાની સુશોભિતતા જોવી છે, એટલે દેહદૃષ્ટિ ? કહો, જડકાયાની સુશોભિતતા જોવી છે, એટલે દેહદૃષ્ટિ જ છે. પરંતુ જ્યાં આંગળી પરથી વીંટી ખસી ગઈ અને બુટ્ટી આંગળી જોઈ ત્યાં તરત આત્મદૃષ્ટિએ વિચાર પર ચજ્યા કે,-

**ભરતચક્રીની ભાવના :-**

'આ શું વીંટી વિના આંગળીની શોભા નહિ ? ત્યારે શું શોભા સૌંદર્ય આભૂષણનું જ ? શરીરની પોતાની કોઈ જ શોભા નહિ ? કોઈ જ સૌંદર્ય નહિ ? અને આમાં મારા આત્માની શોભાને તો સાવ જ વિસરી ગયો, શું આત્માની શોભા શણગારણા શરીરથી ? કે શરીરની શોભા આત્માથી ? શરીર છોડીને જો આત્મ ચાલ્યો જાય તો એ શણગારેલા પણ શરીર મડદાની શી શોભા રહે છે ? કશી જ નહિ આમ છતાં મારી કઈ મૂર્ખાઈ કે મેં આભૂષણ અને આભૂષણે સજેલા શરીરથી મારી એટલે કે મારા આત્માની શોભા માની ? આ શોભાય કેવી નાશવંત ! જ્યાં આભૂષણ વગેરે પોતે જ નાશવંત હોય, અનિત્ય હોય, ત્યાં એનાથી કાયમી શોભા ક્યાંથી મળે ? અહો ! માત્ર આભૂષણ કે શરીરનો જ સંયોગ શું, જગત આખઆના સંયોગ માત્ર કેવા અનિત્ય છે !..

બસ, ભરત ચક્રવર્તી હવે આત્મદૃષ્ટિથી જોતા થઈ ગયા છે, એટલે મોટા છે ખંડથી માંડીને એકેક ચીજની અનિત્યતા વિચારી રહ્યા છે.

**'પોતાના આત્માની શાશ્વતતાની સામે એ અનિત્યતાનું ને અનિત્ય પદાર્થોનું કશું મૂલ્ય નહિ.**

**તેથી એ અનિત્ય પદાર્થોના યોગથી આત્માને કશી વડાઈ નહિ,'**

એ બરાબર સમજી રાખી...અનિત્ય સંયોગવાળા પદાર્થો પરની આસક્તિને છોડતા ચાલે છે. એમ કરતાં કરતાં સંપૂર્ણ અનાસક્ત ભાવને ઝગઝગાવીને સમત્વ યોગમાં સ્થિર થયા, ને ક્ષણવારમાં વીતરાગ અવસ્થા પામ્યા, ને તરત જ સર્વજ્ઞ કેવળજ્ઞાની બન્યા.

આ કેમ એકા એક બની આવ્યું ? શું જડદૃષ્ટિના હિસાબ એક મિનિટમાં પડતાં મૂકી આત્મદૃષ્ટિએ વિચારતાં આ બની શકે ? તો તો ભલે ને આપણે જીવનભર જડદૃષ્ટિએ ગાડું હંકાર્યે રાખી અંતકાળે એક મિનિટમાં આત્મદૃષ્ટિએ હિસાબ માંડીને ન્યાલ થઈ શકીએ ને ?ના રે ના, જો જો ભૂલા પડતાં. ભરત ચક્રવર્તી એમ ન્યાલ નથી થઈ ગયા. એ તો એમણે પિતા શ્રી ઋષભદેવ ભગવાનના ઉચ્ચ વૈરાગ્યમય ઘરવાસના જીવનને જોઈજી. અને પછી ભગવાનનું કઠોર સંયમ જીવન જોઈ, તથા ભગવાન તીર્થંકર બન્યા પછી એમનો ઉપદેશ સાંભળી, એમાંથી વૈરાગ્યની પ્રેરણા લેતા રહ્યા હતા, અને વર્ષોના જડદૃષ્ટિની વચ્ચે વચ્ચે આત્મદૃષ્ટિના હિસાબ માંડી માંડી વૈરાગ્ય ભાવને વિશેષ વિશેષ ઝગમગાવતા રહ્યા હતા. એનું ફળ અહીં આરીસાભવનમાં જડદૃષ્ટિમાંથી એક મિનિટમાં આત્મદૃષ્ટિના હિસાબમાં ચડી જવાનું પામ્યા.



સારાંશ,

**જીવન જીવતા જડદૃષ્ટિમાંથી બહાર નીકળી નીકળી આત્મદૃષ્ટિના હિસાબ ચિંતવતા રહો, તો જઅવસરે પરમાત્માનું ધ્યાન (સંભેદ-પ્રણિધાન) લાગે.**

આ ઉપરથી સમજાશે કે વિષય સંપર્ક મળતાં જડ દૃષ્ટિએ હિસાબ માંડી એમાં તરબોળ રહેનારો પરમાત્મા ધ્યાન શું કરી શકે ? મેવા-શિકાઈ જમવાના મળ્યા ત્યારે એમાં તરબોળ; સારો વેપાર મળ્યો, સારા પૈસા મળવા-સંઘરવાનું મળ્યું, વિષય વિલાસમાં રમવાનું મળ્યું, વગેરે વગેરે મળ્યું ત્યારે એમાં તરબોળ રહે નારો, કદાચ પરમાત્માનું ધ્યાન લઈને બેસે, તો એ ધ્યાન શું કરી શકે ? અહીં પૂછોને-

**પ્ર.-** ભોજનાદિ વખતે એમાં તરબોળ થઈ ભોજન મેજથી કરીને જ્યારે પરમાત્માનું ધ્યાન લઈને બેસે ત્યારે એ વખતે પરમાત્મા ધ્યાન લાગવામાં શો વાંધો આવે ?

**ઉ.-** વાંધો એટલે માટે આવે, કે ખાનપાન આદિમાં મેજથી તરબોળ બને છે એમાં એનાં મનને આ બધું મલ્યું એની ભારે ખુશખુશાલી છે એ જડદૃષ્ટિએ જોઈ રહ્યો છે કે પોતાની કાયાને એટલે કે પોતાને આવી સારી સુખાકારિતા મળે છે, કાયાને લહેર મળી, માન-સન્માન મળી, એવા સારા પૈસા મળ્યા, વેપાર સારો ચાલ્યો વિગેરેમાં પોતાની સારી વડાઈ થાય છે.'

આમાં જન્મો જન્મ ભટકી રહેલા પોતાના આત્માની દૃષ્ટિએ કશું ય વિચારવા કે જોવાનું ન આવ્યું તે '(૧) એની પુણ્યની મૂડીનું શું ? (૨) પાપના ઢેર ચડે એનું શું ? (૩) આટલા બધા તરબોળ બનીને મોહની રમત થાય એમાં કૂડા સંસ્કારોનો થોક જામે, એના ભવાંતરે પ્રત્યાઘાતો કેવા ? (૪) એ પૈસા ટકા અને ખાનપાનાદિ વિષયોની ખાતર ક્રોધ-માન-માયા-લોભ વિગેરે કષાયો ભરપૂર કરાયે જાય.એના દારુણ વિપાક કેવા ? કષાયોનાં મૂળ પર પોતાના આત્માને માથે સંસારનું મોટું વૃક્ષ ફાલેફૂલે. અર્થાત પાપિષ્ઠ ભવોની પરંપરા ચાલે એનું શું ?'

ના, આનો કશો વિચાર નહિ. કે કશી અરેરાટી નહિ. જોવાનું માત્ર એટલું જ કે પોતાને એટલે કે કાયાને લીલા લહેર, માન-સન્માન સત્તા અને હકુમત મળે છે ને ? આમાં સરાસર જડદૃષ્ટિ પોષાય છે. એના ઘેરા સંસ્કારો હૃદયનો કબ્જો લે છે. પછીથી જ્યારે ૨૪ કલાકના દિવસના કોઈક એક ખૂણામાં પરમાત્માનું ધ્યાન લઈને બેસે ત્યારે પણ.

**જડની ખુશખુશાલીથી જડદૃષ્ટિના સંસ્કારોનો હૃદય પર કબ્જો જામેલો હોઈ શી રીતે પરમાત્મા પર હુ ય ભીનું થાય ?**

**જડદષ્ટિથી વ્યાપ્ત હૃદયમાં શી રીતે આત્મદૃષ્ટિનું કશું સંવેદનજ ઊભું થઈ શકે ?**

મનથી ખીલી સંતોષ માનવાનું થાય કે મારે પરમાત્માનું ધ્યાન થયું બાકી આત્મા તો કોરો ધાકોર જ રહી ગયો. એની કળી ઝણઝણાટી થઈ ન હોય, હૈયામાં તાર ન ખખડ્યા હોય કે, **ક્યાં રાગ દ્વેષથી હૈયાને બાળનારાં જડનાં ચિંતન ? ને ક્યાં હૈયાને ઉપશમ રસથી ઠારનારૂં આ પરમાત્માનું ચિંતન !'**

જડના ઘેરા આકર્ષણના સંસ્કારોથી પકડાયેલા હૈયામાં આ ઊઠે જ શી રીતે ? પોતાના આત્માની દૃષ્ટિએ વિચારવાનું રાખ્યું જ ન હોય અને જડ કાયા વિષયો પૈસા વિગેરેની દૃષ્ટિએ જ જોવા વિચારવાનું કરાતું હોય, એટલે પરમાત્માનું ધ્યાન-જાપ-પૂજા વિગેરે પણ કોને ખબર કે, કોઈ જડદષ્ટિએ કરાતું નહિ હોય ? આ કરીએ તો ખાધે પીધે સુખી રહીએ, ધર્મી તરીકે નંબર રહે, પુણ્ય મળે તો ભવાંતરે પણ સુખ મળે....' આવો ને આવો હિસાબ મનને રહેતો હોય પછી પરમાત્માના ધ્યાન-પૂજન-દર્શનથી આત્માની ક્રોધ-માન-માયા-લોભ વિગેરેની ખરાબીઓ કાઢવાનો હિસાબે શાનો રખાય ?

**હસ્તિપાળ રાજાની સિદ્ધપદ આરાધના :-**

હસ્તિપાળ રાજા સદ્ગુરુના સમાગમથી આત્મ-દૃષ્ટિવાળા બનેલા, તેથી પોતાના આત્માની ખરાબીઓ ટાળી સિદ્ધપદ પ્રાપ્ત કરવા સિદ્ધપદની જ આરાધનાનું વ્રત લઈ આવ્યા છે. હવે રાજ્યપાટ તો ચલાવે છે પરંતુ આત્મદૃષ્ટિ ખુલી ગઈ હોવાથી મનને રાજકીય ઠાઠ-સમૃદ્ધિ-સત્તા-સન્માન વિગેરેનો કશો મોહ-મહત્તા નથી. રહ્યા તેથી સંસારમાં બેઠા એટલે જવાબદારીનું પાલન કરવું પડે એટલું માપ, બાકી દિલ ક્યાયં ઠરતું નથી દિલ ઠરે છે સિદ્ધપદની આરાધનામાં તેથી **નમો સિદ્ધાણં** પદનો જાપ સિદ્ધ ભગવાનની નિરંજન નિર્વિકાર નિર્મળ અવસ્થાનું ચિંતન; અને સિદ્ધ પ્રતિ માનું દર્શન-પૂજન વિગેરે કરે છે. વળી સંમેતશિખર વિગેરે તીર્થોની યાત્રા કરે છે. બસ, એકજ લેશ્યા અને એકજ ધ્યાન છે 'કેમ મારા આત્માને આ નકરી વિટંબણાભરી સંસારી અવસ્થા પ્રાપ્ત ન થાય !' જગતના જીવો માટે પણ એજ કરુણાભાવના છે. આનું ફળ એ આવ્યું કે **હસ્તિપાળ રાજાએ તીર્થંકર નામકર્મનું પુણ્ય ઉપાર્જન કર્યું.**

**પ્ર.- આરાધના સિદ્ધપદની અને અરિહંતપણાનું પુણ્ય ઊભું થાય ?**

ઉ.- હા, એજ ખૂબી છે. શાસ્ત્ર કહે છે તમે અરિહંતપદ વગેરે વીસ પદમાંના કોઈપણ પદની ઉચ્ચ કોટિની તન્મયતા સાથે ઉંચી આરાધના કરો તે પાછી એવી કે જગતના જીવોની કરુણા સાથે, અર્થાત્ મનને એમ થાય કે ક્યારે હું



જગતનાં કર્મપીડિત પ્રાણીઓને પણ આ કલ્યાણ આરાધના પમાડી એમનો ઉદ્ધાર કરું' તો તમને એ કરુણાભાવના સફળ થવાને અનુકૂળ પુણ્યાઈ પ્રાપ્ત થાય તે સફલતા કરવાની શક્તિ તીર્થંકર બનીને જ સફળ થાય. માટે કરુણા સાથે એક પદનીય સાધના તીર્થકરપણાના પુણ્ય સાથે ઉચ્ચ કોટિના યશ નામકર્મ વગેરે પુણ્ય પ્રાપ્ત કરાવનારી થાય છે અલબત્ત કરુણાભાવના સાથે વીસે વીસ યા થોડા અથવા એકાદ પણ પદની નક્કર અને ઊંચી તન્મયતા સાથેની જબરદસ્ત આરાધના જોઈએ.

શ્રી મહાવીરસ્વામી ભગવાને પૂર્વના ત્રીજા ભવમાં વીસે ય સ્થાનકની આરાધના કરેલી; ત્યારે શ્રેણિક કૃષ્ણ રાજાઓએ મુખ્યતાએ અરિહંતપદની આરાધના ઉચ્ચ કોટિની કરેલી અને એણાં તીર્થકરપણાના પુણ્યને ઉપાર્જનારા બનેલા.

**રાજા-મંત્રીની દીક્ષા :-** હવે હસ્તિપાળ રાજાને રાજ્ય ભોગવતાં છતાં સિદ્ધપદની આરાધના કરતાં કરતાં વૈરાગ્યભાવ એટલો બધો વધતો જાય છે કે હવે ક્યાંય સંસારમાં ચેન નથી, અકળામણ છે, એટલે પાંજરામાં પારધીથી કેદ પૂરાયેલા પંથીની જેમ પોતાના આત્માને સંસારવાસથી મુક્ત કરવા ઝંખી રહ્યા છે. એમાં ગુરુ મહારાજનો યોગ મળતાં પોતે મહાદાન તથા જિનેન્દ્ર ભક્તિમહોત્સવ ઉજવી પુત્રને રાજગાદી સોંપી સંસાર ત્યાગ કરી ચારિત્રમાર્ગ અંગીકાર કરે છે. હસ્તિપાલ રજર્ષિ હવે ગુરુની સેવામાં રહી ચારિત્રનું પાલન કરવા સાથે સિદ્ધપદની આરાધના પણ જોરદાર કરે છે. સિદ્ધ પદનું ધ્યાન-જાપ-સાથે અગિયાર અંગના અધ્યયનમાં દત્તચિત્ત બને છે. સ્વાધ્યાય-ધ્યાન સાધે તે સાધુ-સ્વાધ્યાય વિના સાધુતા નહિ. મોટા રાજર્ષિ પણ સ્વાધ્યાયમગ્ન બની સાથે કઠોર ત્યાગ-તપશ્ચર્યા પણ કરે છે.

**રાજર્ષિની સ્વર્ગે પ્રશંસા :-**

એક વારનો પ્રસંગ છે. ગુરુની આજ્ઞા લઈ હસ્પિતાલ રાજર્ષિ સમેતશિખતજીની યાત્રાએ નીકળે છે. તે માર્ગમાં અભિગ્રહ કરી લે છે કે જ્યાં સુધી સિદ્ધિપ્રતિમાનાં દર્શન ન થાય ત્યાં સુધી અન્નપાણી ત્યાગ' બસ, અભિગ્રહ કરીને વિહાર કર્યે જાય છે બરાબર એ વખતે બન્યું એવું કે દેવલોકનો ઇન્દ્ર અવધિજ્ઞાથી રાજર્ષિની દૃઢ પ્રતિજ્ઞાની આરાધના જોઈ મુગ્ધ થઈ ગયો અને દેવસભામાં એમના ગુણ ગાય છે કે અહો ! આજે પૃથ્વીતલ ઉપર હસ્તિપાલ રાજર્ષિ સિદ્ધપદની કેટલી બધી ભવ્ય આરાધના કરી રહ્યા છે ! સિદ્ધપ્રતિમાનાં જ્યાં સુધી દર્શન ન થાય ત્યાં સુધી આહાર-પાણી ત્યાગની પ્રતિજ્ઞા સાથે એ શિખરજી મહાતીર્થની યાત્રાએ જઈ રહ્યા છે, એવા એ સત્ત્વશીલ છે કે એમી પ્રતિજ્ઞાની આરાધનામાંથી કોઈ ચલાયમાન ન કરી શકે ! ધન્ય રાજર્ષિ ! ધન્ય આરાધના !'

મોટા ઇન્દ્ર જેવા ક્યારે આ પ્રશંસા કરે ? ક્યારે ઓવારી જાય ? ઢીલી પોચી

કે સામાન્ય કોટિની આરાધના ઉપર નહિ, પણ નક્કર જબરદસ્ત આરાધના ઉપર તેમ પોતાને પણ એ આરાધનાનું જબરદસ્ત આકર્ષણ હોય, હું આ ક્યારે પામું ?' એવા કોડ થતા હોય ત્યારે બીજાની આરાધના જોઈ એના પર ઓવારી જવાય એ સહજ છે.

**ધર્મની શુદ્ધ આરાધનાની બલિહારી છે કે એ સ્વ-પરને તારે.**

માટે શુદ્ધ ધર્મ તારણહાર કહેવાય છે પોતે ય તરે અને બીજાને ય તારવામાં આલંબનભૂત થાય.

**ધર્મ ઉભયને શી રીતે તારે ? :-**

કોઈ મહાન દાનધર્મ કરતો હોય તો (૧) એથી પોતાની ધનમૂર્ચ્છા કાપતો જાય છે; (૨) દાન લેનાર દુઃખી જીવ પ્રત્યે દયાભાવ લેનાર ગુણી પ્રત્યે ગુણપ્રમોદ ભાવને લેનાર પૂજ્ય પ્રત્યે સાચો ભક્તિભાવ ઉભો કરે છે. (૩) ઉદારતા ગુણ કેળવાય છે...આવા બધા પોતાને આત્મિક લાભ છે; ત્યારે દે છે એટલે લેનારને તરવામાં નિમિત્તભૂત બને છે; કેમકે સાધુ-સાધ્વી મહારાજને દેતા હોય તો એમને એનાવી સંયમ સાધક દેહને ટેકો મળે છે, સંમય-સાધતા આગલ લંબાતી જાય છે. સાધર્મિક શ્રાવક-શ્રાવિકાને દેતો હોય તો એમને ધર્મસાધના માટેની સગવડ થાય છે, યા સગવડની એવી અપેક્ષા ન હોય તો ય એમની ધર્મભાવના વધારે છે. ત્યારે જો દીનદુઃખી દેતો હોય તો એને ધર્મની અનુમોદના કરાવે છે. આમ દાન-ધર્મની બલિહારી છે. એ સ્વપર ઉભયને તારે.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૪,અંક-૧૧,તા.૨૯-૧૧-૧૯૭૫**

એવું શીલ કે તપ ધર્મની સાધનામાં બને છે. એટલે બ્રહ્મચર્ય, સદાચાર, સમ્યક્ત્વ, વ્રત નિયમો પોતાને તો તારે જ છે. તેમજ બીજાને પણ અનુમોદના કરાવી તરવા તરફ પ્રગરણ મંડાવે છે. એવું તપ કરનાર એ જ કરે છે

દુનિયાને પૈસા ગમે છે, વિષયો ગમે છે ખાનપાન ગમે છે. એવા ગમે છે કે એના ત્યાગની વાત આવે તો ચમકે, હાય બાપ ! પૈસા કેમ ફેંકીદેવાય ? મને ગમતા વિષયો કેમ છોડાયા ? એક ટંક પણ ખાવાનું કેમ બંધ કરાય ? દુનિયાની આ તાસીર છે, આ સ્વભાવ છે, એટલે એને કોઈના મહાન દાન,મહાન સદાચાર, સ્વેચ્છાએ અમુક અમુક ત્યાગ, મહાન તપ વગેરે જોઈ એમ લાગે છે કે 'વાહ ! ધન્યવાદ છે આને કે આ દાન કરે છે ! તપસ્યા કરે છે !' આમ એને દાન શીલ-તપની અનુમોદના કરવાનું મળે છે. એમાં એને એ ધર્મનાં બીજનું વાવેતર થાય



છે. બીજાધાન થયું એટલે તો પછી ક્યારે ય વૃક્ષ ઉગીને ફળ આવવાનું ધર્મબીજ વાવ્યા છે, ક્યારેય ધર્મનો પાક નીપજવાનો. એમાં મૂળ નિમિત્ત સારાં દાન-શીલ-તપધર્મ કરનાો છે. એની ધર્મસાધના બીજાને ધર્મ પ્રત્યે 'ઓહો ! કેવો સરસ આ ધર્મ ! કેવી મહાન તપસ્યા ! કેવું સુંદર દાન ! કેવું મહાન વ્રત-સંયમ !' એમ આકર્ષીને ધર્મની અનુમોદના કરાવી ધર્મબીજ વવરાવે છે. શાસ્ત્ર પણ કહે છે કે

**बीजं सत्प्रशंसादि**

**અર્થાત ધર્મની સમ્યક્ પ્રશંસા વિગેરે એ ધર્મનું બીજ છે ધર્મ-બીજથી ધર્મ-પાક સુધીનો ક્રમ :-**

આંબાનું વૃક્ષ એમ બી-બીજ કહેવાય. ગોટલો એ આંબાના વૃક્ષનું બી-બીજ કહેવાય. ગોટલો વાવો. એમાંથી અંકુર, થડ-ડાળી-ડાળ-પાંદડા મહોર ઊગતાં ઊગતાં અંતે આંબાનું ફળ આવે એમ ધર્મ-વૃક્ષનું બી-બીજ ધર્મની પ્રશંસા-આકર્ષણ આદિ કહેવાય એનું દિલમાં આધાન યાને વાવેતર થાય, એના ઉપર ધર્મની અભિલાષા એ અંકુર પછી ધર્મનું શ્રવણ...વિગેરે ડાળ પાંદડા આવતાં જાય, ધર્મ-પ્રવૃત્તિરૂપી મહોર આવે, અંતે આંતરિક ધર્મ-સિદ્ધિ ધર્મપરિણિત રૂપી ફળ આવે.

કોઈપણ ધર્મ અંતરમાં સિદ્ધ કરવા માટે સાધનાનો આ ક્રમ આ હિસાબ બતાવ્યો. દા.ત. ક્ષમા સિદ્ધ કરવી છે. તો પહેલું તો ક્ષમાશીલની ક્ષમા જોઈ ક્ષમાનું આકર્ષણ ક્ષમાની પ્રશંસા,'ઓહો ! કેવી સરસ ક્ષમા, એમ થાય. એ તો જ થાય કે આપણા અનાદિરૂઢ ક્રોધના હિસાબ બાજુએ મૂકાય, એ હિસાબ બાલિશ લાગે.

**ગુસ્સાનો અનાદિનો હિસાબ શો છે ?**

આજ કે આપણું કોઈએ બગાડ્યું તો એને ધમધમાવવો જોઈએ, ધમકાવી કાઢવો જોઈએ,- 'હરામખોર ! નાલાયક ! આ શું કર્યું એમ આંખ ચડાવીને સંભળાવી દેવું જોઈએ !' આ અનાદિનો જંગલી હિસાબ છે. જંગલમાં પશુના આ હિસાબ છે મોંઢે ધમધમાવાની સ્થિતિ ન હોય તો દિલમાં ધમધમાટ ચાલતો હોય છે પાછો એને વાજબી ન્યાયસરનો દેખે છે. થાયતેવા થઈએ તો ગામ વચ્ચે રહીએ,' 'ઘરડા સામે ફુંફાડો તો રાખવો જ જોઈએ...' આવા આવા હિસાબ ધારણ જે નક્કી કરી રાખ્યા હોય, એ ધોરણ હવે બાજુએ સુકાય, અનાદિસિદ્ધ હિસાબ બાલિશ લાગે, ગેરવાજબી, મૂર્ખતાભર્યા લાગે, તો જ ક્ષમાનું આકર્ષણ આવે, ક્ષમાની સારી પ્રશંસા, સમ્યક્ પ્રશંસા આવે.

જાણવા મળ્યું કે કોઈ દિલાવર માણસે કોઈની આડાઈ અંવળચંડઈ સહન કરી લીધી, એના ઉપર ગુસ્સો ન કર્યો પણ ક્ષમા અને કરુણા રાખી,' તો ત્યાં એ જાણીને આપણને એમ થવું ન જોઈએ કે 'ભલો માણસ તે એવા હરામીનું સહી

લીધું એવાને તો બતાવી જ દેવું જોઈએ. તો જ સીધો દોર થઈ જાય. એવાના ઉપર વળી ક્ષમા અને કરુણા શી ?' જો મનને આવું થાય તો એમાં ગુસ્સાની વડાઈ દેખથી, ક્ષમાનું આકર્ષણ ન આવ્યું આવું બીજાની આગળ કહીએ તો એમાં ક્ષમા કરુણાની પ્રશંસા ન કરી કહેવાય ત્યાં આપમા દિલમાં ક્રોધ અને કઠોરતા પ્રત્યોનો ઝોક બેઠો છે, એ આગળ આવી રહ્યો છે, જે બીજાને પણ ક્ષમાનું આકર્ષણ નથી થવા દેતો. ત્યાં ક્ષમાનું બીજ ક્યાંથી પડે ? બીજાધાન શે થાય ? આ સમજી રાખવા જેવું છે.

**દિલમાં જચેલું ક્રોધનું સારાપણું ક્ષમાનું આકર્ષણ ક્ષમાનું બીજાધાન નથી થવા દેતું.**

જીવને અનાદિના રૂઢ દોષોમાંથી બહાર કાઢવો હોય તો કેટલુ કઠિણ કામ છે ? જ્યાં સુધી એનું સારા પણું દિલમાં દઢપણે જચેલું હોય એમાં લાભ જ દેખાતો હોય પછી ભલેને લાભ તુચ્છ હોય, એની સામે દુર્ગતિભ્રમણનાં મોટા નુકસાન નજરે જ ન ચડતાં હોય ધ્યાનમાં જ ન આવતા હોય ત્યાં દોષની સામેના ગુણનું આકર્ષણ જ ન આવતા હોય ત્યાં દોષની સામેના ગુણનું આકર્ષણ જ ન થાય, પોતાના ગુણ આવવાનો પાયો જ ન પડે એટલે જ પથી બીજાએ ક્રોધ દોષ ન સેવ્યો અને ગુણ સાચવ્યો, એમ એનું ભલાપણું એટલે કે ભોળાપણું-મૂર્ખતા લાગે છે. 'ભલો ભોળો માણસ, જે ડાંડીયાની ડાંડાઈ ચલાવી લે છે.'- એવું થાય છે કેવી દુર્દશા છે ? ક્રોધનાં તાત્કાલિક તુચ્છ ફળ તુચ્છ લાભ તરફ જ દષ્ટિ હોવાથી એનું સારાપણું જ હૈયે રમે છે. ક્રોધના પરલોકના દુઃખદ ફળ ધ્યાનમાં જ નથી આવતા નહિતર અહીંના તુચ્છ લાભ પર શું કામ મદાર બાંધે ? અરે ! અહીંના ય લાંબા ગાળે નીપજતાં મોટા નુક્શાન પણ ધ્યાનમાં નથી આવતાં, તેથી તાત્કાલિક તુચ્છ લાભ પર મદાર બાંધે એમાં શી નવાઈ ?

**શું મનુષ્યપણાની વિશિષ્ટ બુદ્ધિશક્તિનો આ ઉપયોગ નહિ કે ક્રોધાદિના લાંબા ગાળાનાં નુકશાન તરફ દૃષ્ટિ લઈ જવી ?**

ત્યારે એમ તો જનાવરે ય ક્રોધાદિના તાત્કાલિક લાભ દેખે છે પણ માણસ તરીકેનો જન્મ છતાં જો એટલું જ જોવાનું હોય તો જનાવર કરતાં શી વિશેષતા આવી ?

ગામના નાકેથી પરદેશી પસાર થતો હોય, તો અજાણ્યા તરીકે દેખીને કૂતરાને પાનો ચડે છે, ગુસ્સો ચડે છે, ભસવા માંડે છે. નાદાન અક્કલ વિનાનું છે. ખબર નથી કે 'નથી ને પરદેશીએ લમણામાં જો પત્થર ઝીંક્યો તો કેવું લોહીલુહાણ કરશે ?' કૂતરાએ, ક્રોધ કરું તો પરદેશી પાછો ભાગે'- એવી ટૂંકી દૃષ્ટિનો માનેલો



લાભ જોયો છે, આગળ ઉપર સંભવિત નુક્શાન નથી જોયું. ક્રોધ કરનાર માનસની ય આવી દશા હોય છે. ઘરમાં કાંઈક અણગમતું થયું કે પાનો ચડે છે, ઘરવાળા પર ક્રોધ કરીને એમને દબાવી દેવાનો અને પોતાનું ઊંચું રાખવાનો તાત્કાલિક લાભ જોવો છે, પણ એ નથી જોવું કે ક્રોધ કરવામાં તો ઘરવાળાના દિલમાં આપણા પર સહેજ અભાવ ઊભો થશે, એવો અભાવ વારે વારે થતાં વધી જઈ પછીથી એ આપણા પર આદરવાળા બહુમાનવાળા નહિ રહે. ક્રોધનું આ લાંબા ગાળે મોટું નુક્શાન છે કે જેની સાથે જિંદગી ગાળવી છે, એના દિલમાં કાયમ માટે અભાવ ઊભો થાય છે. જનાવર તો ન જાુએ પણ માણસ જેવો માણસે ય આ ન જાુએ ? એટલું ય ન જાુએ, તો પછી પરલોકનાં જાલિમ નુક્શાન તો જાુએ જ શાનો ?

**અહીં જો વારે વારે ક્રોધ કરાય, તો એ પરલોકમાં ક્રોધના જ વાઘ-વરુ-કૂતરા જેવા પાપિષ્ઠ ભવો આપશે. વારે વારે લોભ કરાય તો લોભના પાપિષ્ઠ ભવો મળે.**

**વારે વારે બીજાનાં હૈયા ભાંગવાની દુષ્ટતા થાય, તો એ દુષ્ટતાના હલકા પાપિષ્ઠ અવતાર આપશે.**

અભિમાનમાં, આપમતિમાં, નીચ સ્વાર્થવૃત્તિમાં કે ઠઠ્ઠામશ્કરીમાં તણાય. નાદાન જીવને તાત્કાલિક લાભની લાલસામાં આ ભાન નથી રહેતું કે

**અહીં વારે વારે ખુશમિશાલ સેવેલા દોષ એવા પાપિષ્ઠ ભવોમાં ફેંકી દેશે.**

ક્રોધ-અભિમાન વગેરે દોષો અને હિંસા જાૂઠ વગેરે પાપો સેવતાં ભાન આ રહે ખરું ? દોષોનાં કટુ પરિણામ જોવા ભાન જ ન રાખવું હોય, એનો કશો ડર જ ન રાખવો હોય, પછી પોતાના જીવનમાં એ દોષને ઓછા કરવાનું, -દોષો પર કાપ મૂકવાનું બને જ શાનું ? તેમ બીજાના જીવનમાં દેખાતા સુંદર ગુણ તરફ આકર્ષણ પણ થાય જ શાનું ? કે પ્રશંસા થાય જ શાની ? ગુણ કે ધર્મનો પાયો પડવો કેટલો કઠિણ છે ? પાયો ગુણ-પ્રશંસા ધર્મ પ્રશંસાથી પડે છે. ભલે પોતાનામાં ગુણ કે ધર્મ નથી, કિન્તુ બીજાના ગુણ કે ધર્મ તરફ આકર્ષણ થાય પ્રશંસાના ઉદ્ગાર નીકળી પડે કે 'ઓહો ! કેવો સરસ ગુણ ! કેવો સરસ ધર્મ !' તો એ ગુણ-બીજ ધર્મ-બીજનું વાવેતર છે. એકલા આંધળિયા કરીને દોષો અને પાપો વારંવાર ખુશખુશાલ સેવ્યે જાય એને આ વાવેતર મોંઘું, ને પરલોકના પાપિષ્ઠ ભવની પરંપરામાં પૂરાઈ જવાનું !'

**માનવભવની પ્રાથમિક સફળતા આ કે, ગુણનું-ધર્મનું આકર્ષણ-પ્રશંસા કરી ગુણ-બીજ-ધર્મબીજ વવાય.**

આ જો સમજાય તો જ્ઞાનીઓએ પર્યુષણા-સંવત્સરી વખતે દોષો અને પાપોનાં

પ્રતિક્રમણની કરેલી યોજનાનું મહત્ત્વ સમજાય. વરસભર દોષો અને પાપો ખુશમિશાલ સેવ્યે રાખ્યા, પરંતુ સાંવત્સરિક પ્રતિક્રમણ વખતે ય જો એનો દિલથી પશ્ચાત્તાપ કરે, દિલથી મિચ્છામિ દુક્કડં કરે તો વર્ષભર ખુશમિશાલ ચલાવેલી પાપધારાની વૃત્તિ પર કુઠારાઘાત પડે. ત્યાં ગુણનું ધર્મનું-આકર્ષણ-અનુમોદના થવાથી ગુણબીજ-ધર્મબીજનું આધાન થાય, ને પાપિષ્ઠ ભવોનાં સર્જનને બ્રેક લાગે.

**પ્રતિક્રમણનું શું મહત્ત્વ ? :-**

**પ્ર.**- પણ પછી પાછા એ દોષો અને પાપો સેવાયે જતા હોય તો પ્રતિક્રમણનો શો અર્થ રહ્યો ?

ઉ.- પ્રતિક્રમણનો લાભ એ, કે સાચું દિલથી સળગતા પશ્ચાત્તાપપૂર્વક પ્રતિક્રમણ કર્યું હોય તો પછીથી કદાચ દોષો-પાપો છોડી ન શકે તો ય પહેલાં જે ખુશમિશાલ ભાવથી નચિંત પણે દોષો અને પાપો કર્યે જતો હતો, એ ભાવમાં મોળાશ આવે. હવે એવા પૂર્વના ઉગ્રભાવે ક્રોધાદિ દોષો નહિ સેવાય. હિંસાદિ પાપો નહિ આચરાય. ત્યાં એટલે જ બીજાના ગુણ કે ધર્મનું આકર્ષણ પ્રસંસા થવાને અવકાશ મળે, ને એમાં ગુણબીજનું ધર્મબીજનું આધાન થાય. આંધળિયા કરીને બિલકુલ નિર્ભયપણે ક્રોધાદિ દોષો સેવવાનું જે માનસ હતું એને ધક્કો પહોંચ્યા વિના ક્ષમાદિ ગુણનું આકર્ષણ ક્યાંથી થાય ? એવું આત્મે આત્મે હિંસા આરંભ-સમારંભ આદિ પાપો કર્યે જવાના ખુશમિશાલ માનસને ધક્કો લાગ્યા વિના અહિંસા-નિરારંભદશા આદિનું આકર્ષણ ક્યાંથી થાય ?

વાત આ હતી કે ધર્મનું આકર્ષણ થાય, પ્રશંસા થાય, એ ધર્મબીજનું આધાન થયું સ્થાપન થયું કહેવાય. ને ક્ષમા કે નિરભિમાન યા નિર્લોભતા, દાન યા શીલ-સંયમ, અહિંસા કે સત્ય, ગદમે તે ધર્મનું હૈયે આકર્ષણ મોંઢેથી અહો ! કેવો સરસ આ ધર્મ !' એવી પ્રશંસા થાય એ તે ધર્મનું બીજ વવાયું હવે એના પર એની રુચિ અભિલાષા એ ધર્મ અંગેનું શ્રવણ ધર્મની પ્રવૃત્તિ વગેરે પ્રક્રિયા કરતા જવાય, એ એનું વૃક્ષ ઊગ્યું. એના પર ફળરૂપે હૈયામાં તે ક્ષમાદિ ધર્મની આંતર પરિણતિ ઊભી થવાની. આત્મ પરિણતિ રૂપ ધર્મનો પાક નીપજવાનો મૂળ પાયામાં આકર્ષણ પ્રશંસા થવી જોઈએ.

ત્યારે મહાન આત્મા સુંદર રીતિએ કષ્ટમય તપ સંયમ આદિ ધર્મને જે આરાધે છે એ બીજાઓ પર ધર્મ તરફ આકર્ષણ કરાવવું એ ધર્મનો પાયો ધર્મ, આકર્ષવામાં કેવો સરસ ઉપકાર ? જીવો જગતમાં ભટકતા રહે છે તે ધર્મના અભાવે એવાને ધર્મ તરફ આકર્ષણ કરાવવું એ ધર્મનો પાયો ધર્મ, બીજ નખાવવા રૂપ થાય, એમાંથી ક્રમશઃ અંતે એ ધર્મ પામે અને એથી ભવચક્રમાં ભટકવાનું અટકે, દુઃખમાંથી કાયમી મુક્તિ થાય.



પોતે સુંદર કોટિનો ધર્મ સાધે. એ આમ બીજાને ધર્મનું આકર્ષણ પ્રશંસામાં નિમિત્ત બની મહાન ઉપકારક થાય છે.

**ધર્મથી પોતાને લાભ પરને લાભ :-**

રાજર્ષિ હસ્તિપાલ મહામુનિ સમેતશિખર તરફ એવો અભિગ્રહ લઈને વિહાર કરી રહ્યા છે કે જ્યાં સુધી એની ફરસના ન થાય ત્યાં સુધી આહાર પાણી ત્યાગ, ચોવિહાર ઉપવાસ,' આવા મહાન ધર્મથી ઈન્દ્રને આકર્ષણ થયું અને ભરી દેવસભામાં મહાત્માના તપની અને સત્ત્વની મુક્ત કંઠે પ્રશંસા કરે છે. એથી દેવતાઓને પણ એના તરફ આકર્ષણ પ્રશંસા થાય કે મુનિને પોતાને તો લાભ છે જ, પણ બીજાઓને ય લાભ થઈ રહ્યો છે.

**મિથ્યાદૃષ્ટિ દેવની ઈર્ષ્યા પરીક્ષા :-**

પરંતુ એ મિથ્યાદૃષ્ટિ દેવ ભારેકર્મી, તે એને આ ઈન્દ્રથી કરાતી મુનિની પ્રશંસા સહન થઈ નહિ, તેથી એના મનને થયું કે આ ઈન્દ્ર એક મનુષ્ય જેવા રાંક પામર અલ્પશક્તિવાળા પ્રાણીની શી પ્રશંસા કરતા હશે ? ઠીક છે પોતે દેવોનો સ્વામી છે એટલે વાચાળની જેમ ગમે તેમ લવારો કરી શકે છે. એને કોણ રોકી શકે ? એને દેવો બધા ગાડર ટોળાની જેમ હા એ હા કર્યે જાય છે, પરંતુ હું જાઉં છું નીચે એનું પારખું કરવા, અને માણસ મરગલાનું શું સત્ત્વ ? મુનિને એની પ્રતિજ્ઞામાંથી ચલાયમાન કરી આવું છું, અને પછી ઈન્દ્રને પોતાના શબ્દો પોતાના મોંઢામાં પાછા ખેંચાવું છું. એને કહેવું પડે કે, ના હું પારખતા ભૂલ્યો મુનિમાં એવું ધર્મ સત્ત્વ નહિ'

**ઈર્ષ્યા અસૂયા કેવી ભયંકર છે ?**

પોતાનાથી તો સારું બની શકતું નથી પણ ઈર્ષ્યા અસૂયા બીજાનું સારું જોવાની ય ગુંજાયશ ન રહેવા દે. ત્યારે કોઈનું સારું જોવાની યે પણ તૈયારી નહિ. એને સારા ઉપર કેટલો દ્વેષ ગણાય ! એટલે જ વિચારવા જેવું છે કે પોતે ભલે ઉપવાસ કર્યો, બીજા છઠ્ઠ કરેલાની ઉપર ઈર્ષ્યા કરી તો એ ક્યાં પહોંચી ? છઠ્ઠના તપ ઉપર દ્વેષ કરાવનારી બનીને ? જો તપ ઉપર શુદ્ધ પ્રીતિ હોય, તો પછી તે તપ પોતાનો હોય કે બીજાનો એના પર પ્રીતિ રહેવાની. જેમ પોતે તપ કરવાથી ભાગ્યશાળી છે એમ એ કરનાર બીજાને ય ભાગ્યશાળી માનત નહિ ? શું ? કામ એની ઈર્ષ્યા કરત ?

દેવતા ઈર્ષ્યાને માર્યો આવ્યો નીચે, અને હસ્તિપાલ રાજર્ષિને અતિભૂખ લગાડે છે, બીજા પણ કેટલાય ઉપદ્રવ કરે છે. ઉપદ્રવ તે કેવા ? કે શિખરજીનો રસ્તો એક માસ જેવો હોય. તો વચમાં બીજી ત્રીજી ભૂલભૂલામણી ઊભી કરાવથી બે માસ જેટલો માર્ગ થાય. હવે પાછું આમાં તીવ્ર ક્ષુધા અને જાલિમ તરસની વેદના ! એટલે

પીડા કેવી ભયંકર હોય ? ગમે તેમ પણ આ મહાત્મા હસ્તિપાળ રાજર્ષિ એ બધું સમભાવે સહન કરે છે કારણ ? સિદ્ધપદને આત્મામાં ભાવિત કરી દીધું છે.

**આત્માને સિદ્ધપદથી ભાવિત એટલે ?**

ભાવિત એટલે સમજો છો ? કસ્તૂરીના ડાબડામાં રૂમાલ મૂકી રાખ્યો હોય તો કસ્તુરીની સુવાસથી ભાવિત થઈ જાય છે. રૂમાલની પૂમે પૂમે કસ્તૂરીની સુવાસથી વાસિત થઈ ગઈ હોય છે. જાણે પૂમે પૂમે પર કસ્તુરી ચોંટી ગઈ રૂમાલને ગમે તે ભાગથી સુંઘો કસ્તુરીની સુવાસ આવે. એ કસ્તૂરીથી ભાવિત કહેવાય. એવી રીતે આ મહામુનિએ સિદ્ધપદની ભાવનામાં પોતાના આત્માને એવો વર્ષો સુધી ઓતપ્રોત કરી દીધો છે કે વખત જાણે હું એટલે સિદ્ધ જ છું મારા આત્મામાં સિદ્ધનું જ શુદ્ધ અરૂપી નિરંજન નિર્વિકાર સ્વરૂપ છે; મારે કર્મના વિકારો રાગ-દ્વેષ-હર્ષ-ખેદ શાતા અશાતા વગેરે સાથે કશો સંબંધ નથી; હું નિર્વિકાર, હું અરૂપી; મારે શરીરના રૂપરંગ-અંગોપાંગ સાથે કોઈ જ સંબંધ નહિ, નામથી હું એ મારું સ્વરૂપ જ નથી; એ તો જડ માટીની કાયાનું સ્વરૂપ છે, હું તો અરૂપી, મારે કશા રૂપરંગ નહિ, કશા હાથ-પગ પીઠ છાતી વગેરે નહિ. હું શુદ્ધ જ્ઞાન-દર્શન મય...'

**શરીર-પીડા કેમ ન લાગે ?**

હસ્તિપાલ મુનિએ રાત ને દિવસ આવી ભાવના કર્યા કરી છે. એટલે અંતરમાં એનો ભાસ ઊભો થઈ ગયો છે. આત્મા જાણે સિદ્ધ સ્વરૂપ લાગ્યા કરે છે ! હવે જ્યાં પોતાનો આત્મા શરીરથી તદ્દન જુદો અને શરીરના સંબંધ વિનાનો અરૂપી લાગ્યા કરતો હોય પછી શરીર ઉપર આફત વરસે એને શું કામ પોતાના પર આફત માને ? એમ આત્મા નિર્વિકાર ભાસતો હોય પછી ભૂખ-તરસ વગેરે વિકારો શું કામ પોતાના માને ?

**પ્ર.**- પણ પીડા તો થાય ને ?

**ઉ.**- થાય, પરંતુ પીડા ય વિકાર છે. એને પોતાની શું કામ માને ? ક્ષુધા આદિ વેદના એ શરીરનો વિકાર, શરીર વેઠી લે, પોતાને એ જ ભાસે કે હું નિર્વિકાર અરૂપી મારે પીડા વિકાર નહિ.

લાંબા અભ્યાસથી આત્મામાં સિદ્ધપદનું સ્વરૂપ ભાવિત કરી દેવાની આ વાત છે, આત્માને એનાથી વાસિત કરવાની આ રીત છે, આત્માના પ્રદેશે પ્રદેશ સિદ્ધ સ્વરૂપવાળા લાગ્યા કરે.

**'નમો સિદ્ધાણં'** પદની આરાધના કરવી છે ? તો આ ભાવિતતા કેળવ્યા કરવાની. આરાધના એટલે ઉપાસના અને ઉપાસના એટલે નિકટમાં બેસવું એ. નિકટમાં બેસવાનું આત્માથી કરવાનું છે; માટે આત્માને ઉપાસનાથી ઓતપ્રોત



કરવો જોઈએ, અરિહંતની ઉપાસના કરવી હોય તો આત્માને અરિહંત ભગવાનથી ઓતપ્રોત કરવો જોઈએ.

**આત્માને સિદ્ધપદથી ભાવિત કરવા શું વિચારવું ?**

દૂધમાં સાકર કેવી ભળે છે ? સાકર દૂધમાં એ એ ઓતપ્રોત થઈ જાય છે, તેથી મોળું ફિક્કું દૂધ ગળચટું બની જાય છે. એમ અરિહંતના ભાવથી આત્મા ઓતપ્રોત થઈ જાય છે. એ અરિહંતપદની આરાધના ઉપાસનામાં એવી રીતે સિદ્ધપદની ઉપાસના કરવી છે તો આત્મામાં સિદ્ધભગવાન ભળી જાય એવું કરવાનું. સિદ્ધ એટલે અરૂપી, નિરંજન, નિર્વિકાર. એ આત્મામાં ભળે એટલે આપણા આત્મામાં એની ઝાંખી થવા માંડે, પછી ભલે રાજ્ય સમૃદ્ધિની વચમાં બેઠા હોઈએ કે દિવ્ય જેવા ખાનપાન પર બેઠા હોઈએ, પરંતુ અંતર આત્મા જગતના રૂપી ભાવોથી અલિપ્ત અરૂપી લાગ્યા કરે. તેમજ એ સમૃદ્ધિ ખાનપાન અંગેના કોઈક રાગ આસક્તિ, આનંદ વગેરે વિકારો થી પર લાગ્યા કરે. હું નિર્વિકાર, અનાસક્ત, વીતરાગ; મારે આ સમૃદ્ધિ ખાનપાન વિગેરે સાથે શી નિસ્બત ? એ મીઠા આવો કે કડવા, એ શાતા આપો કે અશાતા, મને એની સારી નરસી કંઈજ અસર નથી. આમ જગતના સુખ-દુ:ખના સાધનો વચ્ચેથી પસાર થતાં એનો રાગ હર્ષ કે દ્વેષ-ઉદ્વેગની કોઈ જ અસર મન પર લેવાની નહિ. આવો અભ્યાસ કરતા રહેવાય ત્યારે અંતર આત્માને સિદ્ધપદની નિકટ બેસાડવાનું થાય. એજ સિદ્ધપદની ઉપાસના રૂપ બને.

'નમો સિદ્ધાણ' પદનો જાપ કરતાં હોઈએ ત્યારે, -કે ગમે ત્યારે, મનમાં સિદ્ધ-ભગવાનનું સ્મરણ ચાલ્યા કરતું હોય એ વખતે આ ઉપાસના ભાવથી અંતર આત્માને રંગતા રહેવું જોઈએ. અર્થાત્ આપણો આત્મા અરૂપી છે, નિર્વિકાર છે, નિરંજન છે, એવો કે જડ પુદ્ગલના કોઈપણ પ્રકારના બંધન વિનાનો છે.' એ ભાવના મનમાં કરવી જોઈએ. જેથી મન એનાથી ભાવિત થતું રહે., વાસિત બનતું જાય.

એવી રીતે સિદ્ધ ભગવાનના દર્શન, પૂજન સ્તવન ગુણગાન વિગેરે કરતાં કરતાં સિદ્ધપણાના એ ભાવથી અંતરને ભાવિત કરતા રહેવાનું કહો, સિદ્ધપદના ભાવથી અંતરઆત્માને વારેવારે અને ખૂબજ ભાવિત કરવા માટે જ આ બધી જાપ, સ્મરણ, દર્શન, પૂજન ગુણગાન, યાત્રા અને ત્યાગ, તપસ્યા વગેરે અનુષ્ઠાનો આચરવાના છે.

**પ્ર.**- શું અનુષ્ઠાન ક્રિયા વિના અંતરના ચિંતનથી અંતર આત્માને ભાવિત ન કરી શકાય ?

**ઉ.**- આ એના જેવી વાત છે કે, ક્રિયા તો રૂપિયા ગણવાની કરવી છે, અને

મનમાં ચિંતન ત્યાગી યોગીપણાનું ચલાવવું છે એ શે બની શકે ? ક્રિયા વેશ્યા સાથે રંગરાગની કરવી છે; અને હૃદયમાં સદાચાર કે બ્રહ્મચર્યના ભાવ રાખવા છે, એ બને જ કેવી રીતે ? તેથી,

**પવિત્ર ભાવો હૃદયમાં રમતા રાખવા માટે આત્માને પવિત્ર ભાવોને યોગ્ય તે તે ક્રિયામાં જોડવો જોઈએ.**

સજ્જનતાનો ભાવ અંતરમાં કેળવવો હોય તો તે કંઈ દુર્જનના ગલીચ ગાળો ભર્યા બોલ બોલતાં ન થાય. એ તો સજ્જનતાના ઉમદા નમ્ર અને વાત્સલ્ય ભર્યા મીઠાબોલ બોલતાં જ થઈ શકે. સ્ત્રીઓના સંસર્ગથી મુક્ત રહી બ્રહ્મચારી સાધુ પુરુષોના સંસર્ગ તથા વીતરાગના ગુણગાન, સ્તોત્ર, પવિત્ર શાસ્ત્ર સ્વાધ્યાય વગેરે ક્રિયાઓમાં લાગ્યા રહેતાં જ બ્રહ્મચર્યના ભાવ કેળવી શકાય. રસિલા ખાનપાનના પ્રત્યે વૈરાગ્ય, વિરક્તિના લુખ્ખા નીરસ ભોજનના અભ્યાસથી ઊભા કરી શકાય. હાફૂસનાં ચીરિયાં અને મેવા મિઠાઈ ઉડાવ્યે રાખવા છે, અને કહેવું છે કે હું અંતરઆત્મામાં વિરકત અનાસક્ત ભાવ ભાવ્યા કરું છું. એ ઢોંગ ધુતારાગીરી છે. જીવોના ખૂનની ક્રિયા કર્યા કરનારો અંતરઆત્મામાં દયાનો ભાવ શું કેળવી શકે ? સારાંશ,

**જેવી જેવી ક્રિયા, પ્રાય તેવા તેવા ભાવ મનમાં સ્ફૂર્યા કરે છે.**

એટલે જ રખડેલ છોકરાનાં દિલમાં વિદ્યાના ભાવ નથી આવતા. એ તો ભણતરમાં પરિશ્રમી વિદ્યાર્થીને જ આવે, બસ આ હિસાબ જ અંતરઆત્મામાં સિદ્ધપણાના ભાવ લાવવા હોય, કેવળવા હોય, તો એને યોગ્ય ક્રિયા, જેવી કે એક સ્થાને સ્વસ્થતાથી બેસીને **'નમો સિદ્ધાણ'** નો જાપ; તે પછી પણ વારંવાર એનું સ્મરણ; પ્રસંગે પ્રસંગે સિદ્ધ ભગવાનના દર્શન-પૂજન યાત્રા મહોત્સવ ભક્તિ ગુણગાન વગેરે આચરતા રહેવું જોઈએ, એટલું જ નહિ પણ સિદ્ધપદની ભાવના એટલે તો અરૂપી, નિર્બંધન, નિર્વિકાર ભાવની કેળવણી કરવી છે. તો સામાન્યથી માંડીને વિશિષ્ટ કોટિના ત્યાગ સંયમ-તપસ્યાની ક્રિયા પણ ભરપૂર આચરતા રહેવું જોઈએ. આગળ વધીને પરિસહ સહવાની પણ ક્રિયા અપનાવવી પડે. ત્યારે જ એમાં મારો આત્મા, અરૂપી, નિર્વિકાર છે. એના આ કષ્ટમય પરિસહોથી દુઃખ શું, એનો ખેદ શો ?' એમ સિદ્ધપણાના ભાવનો એટલે કે અલિપ્ત, અનાસક્તક નિર્વિકાર ભાવનો અંશ અનુભવી શકાય.

મહાત્મા હસ્તિપાલ રાજર્ષિ દેવતાએ ઊભા કરેલ ઉપદ્રવોની વચ્ચે પૂર્વે વર્ષોથી કરેલા અભ્યાસથી કેળવેલ સિદ્ધપદના ભાવની ભાવના કરતા રહે છે. તેથી જરાય આકુલ વ્યાકુલ થતા નથી. સમભાવે ઉપદ્રવોને સહી લે છે, લેશપણ અંતરમાં



કચવાટ કે કંટાળા વિના વધાવી લે છે. દેવતા ચલાયમાન કરવા ઘણું ય મથે છે. પરંતુ અહીં તો આપત્તિઓને ઉપદ્રવોને સિદ્ધપણાનો ભાવ એટલે કે અનાસ્કત નિર્વિકારપણાનો ભાવ વિકસાવવામાં અનુકૂળ અને ઉપયોગી લેખવાની જ વાત હોય ત્યાં કંટાળવાની કે નિરાશ, નાસીપાસ યા વ્યાકુલ થવની વાત શી દેવતા મહર્ષિને ભૂખ અને તરસની વેદના પણ ઉગ્ર, જાલિમ ભારી ઊભી કરે છે. એમાં પણ મહર્ષિ પૂર્વે ખૂબ કેળવેલી સિદ્ધપદની ભાવિતતા તથા વર્તમાનમાં આત્માના અરુપી અણાહારી નિર્વિકાર સ્થિતિને કેશવવા માટેના અનુકુળ સંયોગનું દર્શન, મહર્ષિને જરાય દુઃખિત કે આકુલ-વ્યાકુલ કરતું નથી. આ જાલિમ પીડાઓની વચનમાં લગભગ બે મહિને મહર્ષિ સંમેતશિખર પહોંચ્યા. દેવતાએ જોયું કે 'આ વિભૂતિ કંઇ ચલાયમાન થાય એ નથી.' તેથી હવે એ થાકી ગયો, હારી ગયો, એટલે ઉપદ્રવો અને ક્ષુધા આદિની વેદનાઓ સંહરી લઈને મહાત્માની આગળ દેવરૂપે પ્રગટ થઈ નમસ્કાર કરી કહે છે.

ભગવંત ! આપ, જેવા ઈન્દ્રે વખાણ્યા, તેવા સાત્ત્વિક, અચલી, ધીર અને વીર છો, હું સ્વર્ગમાં ઈન્દ્રની સભામાં ઈન્દ્રના મુખે આપના ધર્મસત્ત્વની પ્રશંસા થતી જોઈને તે સહન ન કરી શકવાથી આપની પરીક્ષા માટે અહીં આવ્યો. હું એક કૂવાનો દેડકા જેવો ઐરાવત હાથી જેવા આપની શું પરીક્ષા કરી શકું ? મેં આપને ઘણા ત્રાસ આપ્યા છે, તેની હું ક્ષમા માંગુ છું આપનું ધન્ય જીવન ! ધન્ય સંયમ ! ધન્ય સત્ત્વ !

આમ કહીને દેવતા મહર્ષિની ખૂબ ખૂબ અનુમોદના કરતો દેવલોકમાં ચાલ્યો ગયો.

મહાન આત્માઓ કોઈ ધર્મની આરાધના કે વ્રત નીયમ પ્રતિજ્ઞાનું પાનલ યા કોઈ સેવાનું કાર્ય બજાવતાં બજાવતાં કસોટી આવે, વિઘ્ન આવે, તો એમાં પાર ઉતરે છે. પરંતુ ગભરાઈને લીધેલા કાર્યમાંથી પાછા નથી ફરતા, સામર્થ્ય હોય છે. એટલા જ માટે.

**શાસ્ત્ર ધર્મનો સાચો અધિકારી પણ તેને જ ગણ્યો છે કે જે.**

(૧) ધર્મનો અર્થી હોય,

(૨) સમર્થ હોય, અને

(૩) શાસ્ત્રોમાં કહેલાં દોષવાળો ન હોય.

આ ત્રણ લક્ષણ ન ધરાવતો હોય તો એનામાં ધર્મનું અધિકારીપણું આવી શકતું નથી.

**(૧) ધર્મનો અર્થી :-**

ધર્મના અધિકારી બનવું છે તો પહેલા નંબરમાં ધર્મના અર્થી અર્થાત્ ધર્મના અભિલાષી, ધર્મની સાચી ગરજવાળા બનવું જોઈએ. એ વિના ધર્મ કરવા નીકળી પડે તો એમાં અંતરમાં રસ હોય નહિ તેથી ધર્મ કરે ખરો પરંતુ ''પરાણે પ્રીત'' જેવું થાય. રસ ધર્મનો નથી એટલે બીજા ત્રીજા રસ હૈયામાં બેઠા છે; તેથી ધર્મ કરતાં ચિત્ત બીજા ત્રીજામાં ચાલ્યું જવાનું એટલે સાધનાનું પહેલું અંગ પ્રણિધાન જ બને નહિ, ધર્મનું પ્રણિધાન એટલે વિશુદ્ધ ભાવનાથી ઝગમગતું ધર્મમાં મનનું સમર્પણ. પ્રભુના દર્શનમાત્ર પણ કરવા હોય તો એમાં મનનું પ્રણિધાન લગાવવા માટે દર્શનમાં મનનું સમર્પણ જોઈએ. એ જો નહિ હોય તો બે પાંચ મિનિટમાં દર્શન વખતે પણ આજુબાજુ ડાફોલીયા મારવાનું અથવા આંખ તો ભગવાન ઉપર કિંતુ મનમાં બીજા ત્રીજા લફરા ઘાલવાનું ચાલવા જોઈએ તે નહિ આવે, મૂળમાં દર્શન ધર્મનું અર્થીપણું નહિ, એની જ ખરેખરી ગરજ અભિલાષા અને રસ, આકર્ષણ નહીં એટલે મન એમાં ક્યાંથી સમર્પિત બને ? ક્યાંથી ફિકસ ચોંટી જાય ! ધર્મની ખરેખરી ગરજ જ ન થઈ, એટલે મન આંખ વગેરે બીજે ત્રીજે ભટક્યા કરવાના; એનો અર્થ એ કે ધર્મની વફાદારી નહિ. નોકર શેઠનો પગાર ખાતે હોય પણ વફાદારી ન હોય તો બીજા ત્રીજાના કામ કરવા ચાલ્યો જશે. એવા નોકરથી શેઠનો શો ભલીવાર વળે ? કદાચ અવસરે શેઠનું ઊંધું પણ મારે, બેવફા માણસોથી જિતાય નહિ, સફળતા ન મળે. દુનિયામાં જોઈએ તો દેખાય છે કે,

**સેવા ઓછી ચાલે, પરંતુ વફાદારી પહેલી જોઈએ**

મોટા શેઠિયા જુએ કે મોટો મુનીમ કામમાં જરા ઢીલો છે, મોડો વહેલો જાય છે, પરંતુ પ્રામાણિક પાકો વફાદાર પૂરો છે, તો એને જ પસંદ કરે છે. પરંતુ બહુ કામગરા કિન્તુ બેવફા-બિનગરજુ-અપ્રમાણિકને નહિ. મોટા મુનીમપણાની લાયકાત પહેલી વફાદારી પર મપાય છે. એમ ધર્મની લાયકાત ધર્મનું અધિકારીપણું પર આધારિત છે.

**ક્રિયામાં મન ચંચળ નહિ પણ બેવફા છે :-**

માણસ જો ધર્મનો ખરેખરો અર્થી હોય તો ધર્મને વફાદાર રહી શકશે. અંતરથી જો ખરેખર અર્થી ગરજુ ગરજવાળો નથી. ધર્મની ગરજવાળો નથી. ને



અંતરમાં જ ગરજ અભિલાષા-એષણાઓ બીજી ત્રીજી વસ્તુની બેઠી છે, તો સ્વાભાવિક છે કે કાયા ધર્મમાં જોડાયેલી ઊભી રાખીને એનું મન એ ઇચ્છિત બીજી બીજી વસ્તુમાં લઈ જવાનો. ત્યાં એને એમાં ધર્મ પ્રત્યે બેવફાપણું થતું ય નહિ દેખાય. કદાચ મનને લાગશે કે 'મારૂં મન ચંચળ છે.' અરે ! ચંચળ નહિ પણ બેવફા છે. જે સાધના લઈ બેઠો છે મન એને સોંપવાને બદલે બીજાને સોંપે છે ? પત્ની કામ ધણીનું કરતી હોય અને મન બીજા પુરૂષમાં રાખતી હોય, તો શું એ ધણીને બેવફા નથી ગણાતી ?

**ચંચળતા કેમ મીટે ? :-**

આજે માણસ ફરિયાદ કરે છે કે 'પ્રતિક્રમણ કરીએ... ચૈત્યવંદન કરીએ છીએ, માળા ગણિએ છીએ, કોણ જાણે કેમ બીજા ત્રીજા વિચાર આવી જાય છે ? મન બહું ચંચળ અહીં એ નથી જોવાતું કે તું પ્રતિક્રમણ કરે છે.' એટલે તું પ્રભુ કે કે ગુરુને સૂત્ર અક્ષરોથી કાંઇક કહી રહ્યો છે. તો પછી શું જે કહી રહ્યો છે એમાં ચિત્ત જોઈએ ? કે બીજી ત્રીજી વસ્તુમાં ચિત્ત લઈ જવાનું ? ચૈત્યવંદન કરે છે, માળા ગણે છે, એટલે તો પ્રભુની સાથે વાત કરી રહ્યો છે. પ્રભુને ઉદ્દેશીને જ્યારે બોલી રહ્યો છે કે 'નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં,' ત્યારે એનો ભાવ આ, કે જાણે એ ભગવાનને કહે છે, 'હે અરિહંતદેવ ! મારો તમને નમસ્કાર હોય. હે ભગવંત ! મારો તેમને નમસ્કાર હો.' મોંઢેથી પ્રભુને આમ કહેવાનું, ને શું મનથી ખરેખર વાતબીજા સાથે કરવાની ? મોટો માણસ સાથે વાતચીત કરવી હોય તો કેવી રીતે થાય ? એમને આપણી કોઈ તકલીફ કહેવાની હોય તે એમને કહેતા જઈએ ને વચમાં વચમાં ડાફોળિયાં મારતા જઈએ. બીજા-ત્રીજાને કશું કહેતા જઈએ, એ રીતે વાત થાય ? શું મોટો માણસ આ નભાવી લે ? એવી કદાચ એ બહુ દયાળુ હોઈ આપણને કશો ઠપકો ન આપે,તો ય એ રીતે વાત કરનાર આપણે એ મોટાની નજરમાં કેવા લાગીએ ? શહેરી સજ્જન ? કે અબુઝ ગામડિયા ?

કોઈ સરકારી સાહેબ પાસે પરમીટ લેવા ગયો હોય તો સાહેબ સાથે વાતચીત કરતી વખતે વચમાં વચમાં સાથે લઈ ગયેલ મિત્રની સાથે વાતો નથી કરાતી, તો અહીં જાપ-સ્ત્રોત-દેવવંદન વગેરે સાધના એટલે તો સૌથી મોટા સાહેબ પરમાત્મા સાથે વાતચીત છે. એમાં મનમાં બીજા ત્રીજા વિચાર એટલે કે બીજા સાથે વાતો કેમ થઈ શકે ? પરંતુ કહો ચિત્ત ધર્મ પ્રત્યે વફાદારી નથી, કેમકે ધર્મનો ભાર માથે નથી, વિવેકનું બંધન નથી, પછી વફાદારી ક્યાંથી આવે ?

**ધર્મનું સાચું અર્થીપણું હોય ત્યાંજ ધર્મની વફાદારી આવે.**

**ધર્મનો અર્થી એ જ ધર્મનો અધિકારી : ધર્મનો અર્થી વિષયસુખોનો લંપટ**

**નહિ :-**

જેને ધર્મ કરીને દુન્યવી માન-સન્માન, કીર્તિ વાહવાહ કે લક્ષ્મી આદિ વિષયસુખરૂપી તુચ્છ ફળ લેવા છે, એ પણ ખરેખર તો એ તુચ્છ સુખસન્માનનો અર્થી, ધર્મ નો અર્થી નહિ, માટે તો મોકો મળ્યે કે તુચ્છ સ્વાર્થ સધાયે, એ ધર્મને વહેતો મૂકે છે. સામાન્ય સ્થિતિમાં સારી રીતે ધર્મ કરતાં કરતાં પૈસા સારા કમાઈ પડ્યા, તો હવે શું એ ધર્મ વધારવાનું ? ના; વધારવાની વાત ક્યાં, ટકાવવાની ય વાત નહિ. હવે તો રંગરાગ અને શેઠાઈ. જીવનનાં મુખ્ય અંગ બનવાના હવે પહેલાંની જેમ ધર્મીઓની સાથે સાથે રહેવામાં પોઝિશન બગડતી લાગશે ! ત્યાં દેખાઈ આવે છે કે અર્થી શાનો હતો ? ધર્મના અધિકારી એટલે કે ધર્મ કરવાની લાયકાતવાળા બનવા માટે. જ્ઞાની ભગવંતોએ પહેલું જરૂરી ધર્મનું અર્થીપણું કહ્યું તે સમજ વિના નથી કહ્યું, જીવને વિચાર જોઈએ, કે

**દુન્યવી તુચ્છ વિષય સુખ-સન્માનનો અર્થી ગરજુ-લંપટ તો અનંતકાળ બન્યો રહ્યો; હવે જો એ અંધકારમાંથી બહાર આવવું હોય, તો ધર્મનો અર્થી-ગરજુ-લાલસાવાળો થા.**

ધર્મના સાચા અર્થી બનાય તો જ ધર્મ-સાધના દિલથી અને ભલીવારવાળી થાય. સાધના ભલે કદાચ થોડી થઈ શકતી હશે, પણ જો ધર્મના સાચા અર્થી બનીને કરાતી હશે તો તે ધર્મને દિલથી સગો કરીને કરાશે; નહિતર ધર્મ ઓરમાયો રાખીને કરાશે. મા સગા પેટના દીકરાની સાર-સંભાળ કરે એ જુદી, અને શોક્યના દીકરાની. 'આ તો મારો ઓરમાયો દીકરો' માનીને સારસંભાળ કરે એ જુદી. જમાડે બંનેને પણ જમાડવામાં દિલ અને રીત જુદી જુદી. ઓરમાયાને જમાડતાં વેઠ ઉતારે, ટૂંકે પતાવે, બે ચીજ ઓછી દેવી પડે એની અફસોસી નહિ, ક્યારેક એને ભૂખ નથી ને ન જમ્યો તો ચિંતા નહિ. વેઠથી આજે બચી એમ માને. ત્યારે પેટના દીકરા માટે હાય ! બાબાએ આજે ખાધું નહિ !..' કેટલી બધી ચિંતા-અફસોસી !

હવે વિચારી જુઓ ધર્મ સાથે કેવો સંબંધ છે ? દિલનો કે ઓરમાયો ? દિલનો સંબંધ છે એમ કહેતા પહેલાં આટલું તપાસજો કે ધર્મ હોંશથી થાય છે ? કે પતાવવાનું થાય છે ? 'હાશ ! ચાલો દર્શન પત્યા; પૂજા પતી, બાધાની માળા ગણવાની પતી;' આવું મનને થાય છે ખરૂં ? તો એનો અર્થ એ કે માથે વેઠ આવી પડી હતી તે ઉતારીને નિરાંત અનુભવી ! માતા સાવકા છોકરા માટે એમ જ માને છે કે 'હાશ ! છોકરો જમી ગયો પત્યું !' પેટના દીકરા માટે એમ નહિ માને. ત્યાં તો માનશે કે 'બાબો આજ બરાબર જમ્યો નહિ,' અથવા આજ બરાબર જમ્યો,



સારું થયું પણ બહુ ઉતાવળિયો, ઝટપટ ઝટપટ ડૂચા માર્યા,' દર્શન-પૂજા ન કર્યા, ઠીક ન થયું.'

**ઓરમાયો દીકરો ન જમ્યો એની માતાને અફસોસી નથી, એમ ધર્મને ઓરમાયો રાખનારને ધર્મમાં ન ખરચવું પડ્યું એની અફસોસી નહિ.**

બહારગામથી ઉપાશ્રયે સાધર્મિક આવ્યા ને કોઈક એમને જમાડી દીધા તો દિલદાઝે ખરૂં કે 'હાય ! મેં લાભ ગુમાવ્યો ?' પેટનો સગો દીકરો ન જમે, તો માતાને અફસોસી થાય છે. ધર્મ સગો કર્યો હોય તો તે ગુમાવવાનું હોય ત્યાં અફસોસી થાય. ગુરુની સેવા કોઈએ કરી લીધી તો નિરાંત અનુભવે એ શિષ્ય કે ભક્તને ગુરુ સાથે સગો સંબંધ છે ? કે ઓરમાયો સંબંધ ? પરોપકાર કોઈએ બજાવી લીધો, ને આપણે માનીયે કે 'આપણે બચ્યા' તો પરોપકાર ધર્મ સાથે કેવો સંબંધ ? ઓરમાયો જ ને ? મૂળ પાયાનાં ધર્મના અર્થીપણાના વાંધા, એના આ ખેલ છે.

**ધર્મનું અર્થીપણું આવે પછી જ ભવના ફેરા ટુંકા થાય.**

અર્થીપણા વિનાનો ધર્મ જન્મોના જન્મો થાય, તોય તે ભવના ફેરા ટૂંકા ન કરી આપે. ઓરમાન માની વરસોની ઓરમાયી સેવા છોકરાને દિલમાં સદ્ભાવ ઊભો ન કરી આપે. છોકરો જુએ છે ભલે ને મારી સાવકી મા મને ખવરાવે પીવરાવે પરંતુ એના પોતાના દીકરાને જે દિલથી ખવરાવે પીવરાવે છે, એની જે એની પ્રત્યે અને મારી પ્રત્યેની રીતભાતમાં ફરક છે તે હું જોઉં છું. મોટો ફરક છે. મારી પ્રત્યેના એના રંગઢંગ જ જુદા છે. એને મારામાં કશો રસજ નથી ! આવું વરસોની સેવામાં જુએ પછી સાવકી મા પર સદ્ભાવ ક્યાંથી થાય ? બસ એજ પ્રમાણે આપણે ધર્મની સેવા કર્યે જઈએ. પણ જાતની અને કુટુંબની સેવા કરવામાં જે દિલ જે રીતભાત-રંગઢંગ હોય એ ધર્મની સેવામાં જો નહિ, તો ધર્મ સાથે આપણા આત્માને મેળ સગાઈ ક્યાંથી થાય ?

અનંતા ચારિત્ર કેમ નિષ્ફળ ગયા, આમ જ ધર્મની ઓરમાયી સેવા કરી, માટે મૂળ પાયામાં ધર્મનો રસ હતો જ નહિ. રસ હતો ધર્મથી મીઠાં ફળ એમાં, કીર્તિ વાહવાહ મળે, સારા પૈસા ટકા સન્માન મળે એમાં. મીઠાં ફળ જ વહાલાં કર્યા, ધર્મ તરીકે ધર્મ વહાલો નહિ.

**દુન્યવી મીઠા ફળ આપનાર તરીકે જે ધર્મ વહાલો હોય ત્યાં શુદ્ધ ધર્મ ઉપર પ્રેમ વિશ્વાસ મમતા ક્યાંથી થાય ?**

છોકરાને બાપ ગમતો હોય, પણ સારા પૈસા ટકા આપે છે માટે વહાલો લાગતો હોય તો બાપ પર એને શુદ્ધ પ્રેમ-શ્રદ્ધા-મમતા ક્યાંથી થાય ? જે દિવસે

બાપ પૈસા ટકા આપનાર તરીકે નહિ દેખાય,

અથવા પોતાની પાસે પૂરતા પૈસા ટકા થઈ ગયેલા દેખાશે. એ પછી એ શું કામ બાપનો ભાવ પૂછવાનો ?

આજે દેખાય છે ને કે બાપની હુંફ ઉપર છોકરાને પગભર થવાતું હતું, ત્યાં સુધી શી વાત ! 'બાપાજી બાપાજી,' પણ પગભર થઈ ગયા પછી છોકરે જુઆરાં માંડ્યા, કારણ કે મૂળ પાયામાં બાપ પર શુદ્ધ પ્રેમના શ્રદ્ધા-મમતા હતી જ નહિ. એ તો બાપ સંભાળ રાખીને પોતાને ઊંચે લાવતો હતો માટે બાપ વહાલો લાગતો હતો એમ ધર્મ પણ દુન્યવી સારાં સુખ-સન્માન આપનાર તરીકે જ વહાલો લાગતો હોય, પછી એ બધું સારું મળી ગયે, શું કામ ધર્મનું નામ લે ?

વાત આ છે કે ધર્મના અધિકારી બનવા માટે યોગ્ય બનવા માટે, ધર્મનું અર્થીપણું જોઈએ, ધર્મનો રસ જોઈએ.

**ધર્મનો જ રસ રાખવો હોય ત્યારે ધર્મ સાધનાનો ઉદ્દેશ પાપત્યાગ રખાય :-**

**તપસ્યા કેમ કરો છો ?**

તપસ્વીની ખ્યાતી મળે સારી પ્રભાવના મળે, સારા પારણાં મળે, પરલોકમાં દેવતાઈ સુખ મળે એ માટે નહિ, પરંતુ રોજ ને રોજ ખાવું ગમતું નથી, આ શી રોજ ખાનપાનની ગુલામી ? કંટાળો આવે છે એનો, માટે તપ ગમે છે, તેથી તપ કરું છું.' આનું નામ શુદ્ધ તપનો રસ, તપનું અર્થીપણું કહેવાય.

**દાન કેમ દો છો ?**

નામના માટે નહિ, વધુ પૈસા મળે માટે નહિ, કિન્તુ આ પૈસા સંઘરી રાખું કે જાત-ભોગમાં ખરચું એમાં બુદ્ધિ બગડે છે, પ્રભુ કરતાં પૈસા વહાલા થવા જાય છે. તેથી એ મહાપાપ રોકવા દાન ગમે છે. દાન દઉં છું બુદ્ધિનો બગાડો અટકાવવા., પરમાત્મા કરતાં પૈસા વહાલા, એ બુદ્ધિનો બગાડો છે, ને એ મહાપાપ છે.

**'અંતે જે મૂકીને જ મરવાનું એવા પૈસા પાછળ બુદ્ધિનો બગાડો અને પ્રભુ અળખામણા કરી મહાપાપ વહોરું હું ?**

તેય આવા જૈન ધર્મ સાથે મળેલા સુંદર મનુષ્ય જન્મમાં ? દાન દઉં, દાન દેતો રહું તો બુદ્ધિનો બગાડો અટકે, પ્રભુ વહાલા થાય, માટે દાન દઉં છું.' આ શુદ્ધ દાન ધર્મનો રસ ગણાય, દાનધર્મનું અર્થીપણું કહેવાય.

માઘકવિને આવો દાનનો રસ હતો. તેથી પોતાની ભૂખે મરતી સ્થિતિમાં જ્યારે રાજા ભોજે એના એક ભાવભર્યા શ્લોકની રચના પર મોટું ઈનામ આપ્યું અને એ લઈને ઘરે જતો હતો, ત્યાં એના દાનરસને જાણતાં યાચકો એને ઘેરી વળ્યા, 'ભાઈ સાહેબ ! અમને કાંઈક આપો,' કરગરે છે હવે શું કરવાનું ?



પોતાને ઘરમાં ખાવા ધાન્ય નથી, તો માંડ મળેલા પૈસા ઘરે પહોંચાડવાના ? કે દાનમાં આપી દેવાના ? માઘકવિ યાચકોને આપવા માંડે છે. તે ક્યાં સુધી ? કે ઘર નજીક પહોંચતાં રાજાએ આપેલું બધું જ ખાલી થઈ જાય ત્યાં સુધી દીધ્યે રાખે છે તમને આ ગળે નહિ ઉતરે, કેમકે માઘનું દિલ નથી તમારી પાસે.

માઘનું દિલ આ હતું કે જો યાચકને ન દઉં, તો મારું હૈયું કલુષિત થાય, નિર્દય કઠોર બને, એ બુદ્ધિનો બગાડો થાય, બુદ્ધિ બગાડીને પૈસા રાખી મૂક્યા યા ખાધુપીધું, એમાં શી વડાઈ ? શી બુદ્ધિમત્તા ? ખાવાપીવા છતાં શરીર તો બીજે દહાડે ભુખ્યું થવાનું જ છે.

**બુદ્ધિ બગાડ્યા પર જીવના ભવના ભવ બગડી જાય.**

**એવું ખાન-પાન પૈસા ખાતર પ્રભુને તરછોડવામાં ભવના ભવ બગડે.**

માઘની આ વિચારણા છે, 'યાચકો પ્રભુના બાળ છે. યાચકોને તરછોડવામાં પ્રભુ ને હવે પછી આવો ભવ શાનો મળે ? પાપકર્મ કહેશે ''જા કૂતરીના પેટમાંય.'' માટે જીવતા છીએ ત્યાં સુધી 'પ્રભુને તરછોડવાનું ન થાઓ. પ્રભુને તરછોડવાનું થાય એ પહેલા પ્રાણ જ ન રહે.'

**કવિ માઘનું આ દિલ હતું.**

'ખાવાનું ભલે બગડી જાઓ, દયાની બુદ્ધિ નથી બગડવા દેવી; પ્રભુને અળખામણા નથી કરવા; પ્રભુને વહાલા બાળને નારાજ નથી કરવા તેથી હોંશથી દાન દીધે રાખે છે; તે ઘરના પગથિયે પહોંચતા તો સાવ ખાલી થઈ ગયો છે. ત્યાં વળી એક યાચક આવી દાન માગે છે. એ વખતે માઘની પાસે કશું દેવાની વસ્તુ નહિ અને યાચક પાછો જાય એ જોતાં માઘને એટલો બધો આઘાત લાગે કે પોતાને આ સ્થિતિમાં જીવવું શરમભર્યું ભાસે છે. પોતાના પ્રાણ પર ધિક્કાર છુટે છે બોલી ઉઠે છે.

**વ્રજતાં વ્રજતાં પ્રાણ.....**

હે પ્રાણ ! આ યાચક ખાલી પાછો જાય એ પહેલાં તમે જ ચાલ્યા જાઓ ચાલ્યા જાઓ આ શરીરમાંથી.'

અને ખરેખર બન્યું પણ એવુ જ. આ બોલતાં કવિરાજ માઘને હૃદય ઉપર એટલો આઘાત હતો કે એજ વખતે હૃદય બંધ પડી ગયું. માઘના પ્રાણ ચાલ્યા ગયા, શરીર મડદું થઈ નીચે પડ્યું.

આર્યસંસ્કૃતિથી પવિત્ર બનેલી ભારતભૂમિ પર આવા આત્મ-પરાક્રમી નરરત્નોથી ઈતિહાસ ભરેલો પડ્યો છે. અફસોસ છે કે આવા નરરત્નોનો વિવિધ પરાક્રમોભર્યા ઈતિહાસ આજની નવી પ્રજાને ભણાવવામાં આવતો નથી. એ નાનપણથી ભણાવવામાં આવે તો નવી પ્રજાના માનસ કેટલા ભવ્ય સુકૃતો-સદ્ગુણોની

અનુમોદનાભર્યા અને સ્વયં એવા પરાક્રમોં કરવાના કોડ ભર્યા બની જાય ! પ્રસંગ આવે ત્યારે અધમ માણસો આચરે એવાં પાપ દુષ્કૃત્યો ને દોષ દુર્ગુણો પર ઘૃણાભર્યા રહી એનો સ્પર્શ ન કરતાં, ઉત્તમ સુકૃત સદ્‌ગુણ-સદ્ધર્મ આચરવા સજ્જ થઈ જાય. જે ભણતર કેળવણી આ ન શીખવે એ કેળવણી છે ? એ પાપ કેળવણી કે ધર્મ કેળવણી ?

મહાન પુરુષોનો ઈતિહાસ તો અદ્‌ભુત કામ કરે છે પ્રજાના ઉત્તમ જીવનનું ઘડતર કરે છે. મહા પુરુષોએ બુદ્ધિ ન બગડે એટલા માટે કેવા કેવા મહાન ત્યાગ કર્યા, કેવા મહાન સુકૃત કર્યા, એ ઈતિહાસ દ્વારા શાસ્ત્રો દ્વારા જાણી જાણીને પાછળની પ્રજાને ભવ્ય પ્રેરણા મળે છે. કે આપણે પણ સદ્‌બુદ્ધિ જાળવવા કેળવવા અવસરે અવસરે એવા એવા ત્યાગ અને સુકૃતો કરતા રહીએ. આમા ધર્મનું અર્થીપણું ઊભું થાય છે, અર્થીપણું પોષાય છે.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૪,અંક-૧૩,તા.૧૩-૧૨-૧૯૭૫**

**આભડમંત્રીની ઉદારતા :-**

માઘ કવિ જેવો આપણે ત્યાં આભડ-આમ્રભટ મંત્રીનો દાખલો છે કે જેણે બુદ્ધિ ન બગડવા દેવા મોકા પર લાખો રૂપિયા હમણાં મળ્યા અને હમણાં એને દાનમાં ઉછાળી દીધા. મહારાજા કુમારપાળના આદેશથી આભડે એક ઉદ્ધત રાજાને જીતી એનો જંગી ખજાનો અને હાથી, ઘોડા વગેરેનો મોટ રજવાડી સરંજામ લાવીને કુમારપાળની સેવામાં રજૂ કર્યો. કુમારપાળે એવા કઠિન વિજયથી ખુશ થઈ આભડમંત્રીને લાખોનું ધન, હાથી, ઘોડા વગેરે ઈનામમાં આપ્યું. એ લઈને હવે આભડ પોતાના આવાસ તરફ જવા માટે જેવા દરબારમાંથી નીકળ્યા કે યાચકો આવી મોટી જીત અને પ્રાપ્તિ કરવા પર મંત્રીના સન્માન-પ્રશંસા કરીને દાન માગે છે.

હવે શું કરવાનું ? સંગ્રામમાં દુષ્કર વિજયની મહાન મહેનત પર મોટું ઈનામ મળ્યું છે, તે ઘર ભેગું કરવાનું ? કે દાનમાં ઉડાડી દેવાનું ?

**તુચ્છ ક્ષુદ્ર બુદ્ધિ એ ધનમમતાની દુર્બુદ્ધિ-વાળાનું ધન છૂટવા દે નહિ.**

એ તો એવો હિસાબ મંડાવે છે કે 'ભાઈ ? આટલું બધું ધન મળ્યું છે તો સંઘરી રાખો, ભવિષ્યમાં કામ લાગશે, દુનિયા આપણી પાસે ધન હોય તો ભાવ પૂછે છે. નહિતર ધન નહિ તો કોઈ શું, સગી બૈરી કે દીકરો ય ભાવ પૂછતા નથી. આ સદ્‌બુદ્ધિનો હિસાબ નથી; કેમકે એમાં પછી ગમે તેવા સુકૃતના અવસર હશે તો ય એની ઉપેક્ષા કરાવશે સુકૃતનું કોઈ દબાણ કરવા આવશે. તો એ આકરો



લાગશે. એના પર દ્વેષ ગુસ્સો થશે. ત્યાં ભાન નહિ રહે કે 'શું ધન તારું સાચવ્યું રહેવાનું છે ? ને તારે ખાવા-પીવા જોઈએ જો કોઈ માપ નહિ હોય, આજ હિસાબ હશે કે આપણી પાસે ધન હોય તો જ દુનિયા આપણો ભાવ પૂછે, ને ભવિષ્યમાં આપણે દુઃખી ન થઈએ.' જો એકલો આ જ હિસાબ હોય તો તે તો પછી સુકૃત કરવાની કે પરોપકાર કરવાની કોઈ જગ્યા શાની રહે ? એ તો સમજવું જોઈએ કે જેમ પુણ્યથી પૈસા મળવાનું અને રંગરાગમાં ખરચવું એક જીવન છે, એમ દાન ઉદ્ધાર-સુકૃતમાં ખરચાવનું પણ જીવન જોઈએ. જો એ ન હોય તો બુદ્ધિ બગડેલી કહેવાય. દુર્બુદ્ધિ જ ગણાય. પુણ્ય જો પૈસા આયાત કરે છે, તો ધર્મ પૈસા ખર્ચાવ્યા ન કરે ? કમાવવાનો જ હિસાબ ? ને સારા કાર્યમાં ખરચવાનો હિસાબ જ જોઈએ.

**બુદ્ધિ બગડવા પર અફસોસ નથી, પૈસા બગડવા પર અફસોસ છે; એ કેવી મૂર્ખતા ?**

આભડમંત્રીને બુદ્ધિ નથી બગડવા દેવી, યાચક આવ્યા ને ધન પણ છે તો ના કેમ પડાય ? બસ, દેતા દેતા ચાલ્યા, ત્યારે દુનિયામાં દેનાર હોય તો ક્યાં લેનારનો તોટો છે ? એ તો જે લઈ લઈને ચાલતા ગયા, એ બીજાની આગળ મંત્રીની ઉદારતાના ગુણ ગાય છે. એટલે એ સાંભળીને નવા નવા યાચક મંત્રીની રોકડ પૈસા અપાઈ ગયા, તો દર-દાગીના અપાઈ ગયા, તો હાથી-ઘોડા વગેરે યાચકોને આપી આપીને કહે છે કે લ્યો આ લઈ જાઓ વેચીને સરખા ભાગે વહેંચી લેજો. બસ, ઘેર પહોંચતા સુધીમાં તો દાન દેવામાં રાજાએ આપેલ લાખોનું દાન બધું જ દેવાઈ ગયું ! શું ? કેટલું દીધું ? કેટલા સમયમાં ? કલ્પનામાં બેસે છે ? એ દાન આ પંચમકાળમાં હો. કેમકે સમજ હતી, - કર્મસત્તા ગમે ત્યારે બધું લૂંટી શકે, તો ધર્મસત્તાની આજ્ઞાથી આજે જ કાં દાનમાં ન વહેવડાવી દેવું ?

આભડે આટલું બધું દઈ દીધું તે નાખુશ થઈને નહિ, બુદ્ધિ બગાડીને નહિ, કિન્તુ રાજી થઈને, યાચકોનો ઉપકાર માનીને કે આ યાચકો એક તો મને દાન ધર્મનો કમાઈ કરવાનો લાભ આપે છે. જો એ લેનારા જ ન હોય, તો મારે દાન ધર્મ ક્યાંથી થાય ? બીજું એના દ્વારા મારા પર ઉપકારી જૈન ધર્મની વાહ વાહ બોલાય છે. આભડને જૈનધર્મની વાહવાહ બોલાય છે એનો આનંદ શાથી ? એ સમજે છે કે (૧) હું જૈનધર્મથી આટલે બધે આર્ય માનવભવે ઊંચો આવ્યો, તો દાનથી એ મારા ઉપકારીની જય બોલાય છે તો મારે ધન્ય ઘડી (૨) ધર્મના પ્રતાપે તો પૈસા મલ્યા છે, એ ધર્મની આ નાશવંત ધનથી સેવા-પ્રભાવના થતી હોય તો સોનાથી પીળું શું ?

**ધનનો સારામાં સારો ઉપયોગ જ આ છે કે પોતાના જૈન ધર્મની સેવામાં**

જાય.

**ધર્મ ધન કમાવા માટે નથી; પરંતુ ધન ધર્મ કમાવા માટે જ છે.**

**શું જોઈએ ? ધર્મ જઈને ધન ? કે ધન જઈને ધર્મ ?**

ધર્મ જઈને ધન લેવું છે તો ધર્મ યાને પુણ્ય તો ધન મળતાં જવાનું અને મળેલું ધન અંતે નાશ પામશે.

ધન જઈને ધર્મ કમાવવો છે તો એ ધર્મ કાયમી રહેવાનો, અંતે શાશ્વત બનવા સુધી પહોંચી જશે; કેમકે

**ધન રાખ્યું રહેતું નથી; પરંતુ ધર્મ રાખ્યો રહે છે.**

પૂછો,-

**પ્ર.**- ધર્મ શી રીતે રાખ્યો રહે ? દાનમાં બધું ધન તો ઉડાવી દીધું. પછી દાન ધર્મ ક્યાંથી ઊભો રહી શકવાનો ? ધન વિના હવે દાનધર્મ શી રીતે કરશે ?

ઉ.- ધર્મ શું ચીજ છે ? એ સમજો. માત્ર બાહ્ય દાન વગેરે એ અંતિમ ધર્મ નથી. અંતિમ ધર્મ તો આત્મામાં ધર્મની આભ્યન્તર પરિણતિ છે. દાન દઈને પણ શું કરવું છે ? કહો, અંતરમાં ઉત્તમ ભાવો લાવવા છે, એ ભાવો પછીથી દાન દેતાં પૈસા ખુટી ગયે પણ અંતરમાં ઊભા રહેવાના. એ હોય તો શી ખોટ ?

**દાન દેતાં અંતરમાં કેવા કયા ભાવ પોષાય છે ? :-**

(૧) ઉદારભાવ પોષાય કે 'મારી ચીજ મારી નહિ, બીજાની.'

(૨) જીવો પ્રત્યે સહાનુભૂતિ-બંધુભાવ ઊભો થાય. જીવો મારા બંધુ છે. એમને મારું કામ લાગો.'

(૩) ધનની મૂર્ચ્છા કપાય રાખી મૂકું તો એના પર મૂર્ચ્છા મમત્વ રહ્યા કરે, દાનમાં જાય તો એની મમતા જાય.'

(૪) દયાભાવ પોષાય. બિચારા દુઃખી જીવોનું દુઃખ જાઓ' અથવા જો સાધર્મિક હોય તો પ્રમોદભાવની પુષ્ટિ થાય વાહ કેવા મારા ધર્મના અનુયાયી સાધર્મિક ! એમની ભક્તિ એટલે ધર્મની ભક્તિ.'

આ આંતરભાવો...ઉદારતા, સહાનુભુતિ, દયા, પ્રમોદભાવ, મમત્વ-ત્યાગ... એ દાનમાં પૈસા ખૂટી ગયે દાન બંધ પડતાં, શું બંધ પડે ? ના, દાન બંધ પડવા છતાં પણ અંતરમાં એ સારા ભાવ ઊભા જ રહેવાના બસ એ સારા ભાવ એ જ સરવાળે દાન બંધ પડવા છતાં પણ અંતરમાં એ સારા ભાવ ઊભા જ રહેવાના. બાહ્યદાન કરીને પણ અંતરમાં આ ભાવો ઊભા કરવાના છે એ ઊભા કર્યા પછી ટકી રહેવાના, દાન બંધ પડતાં બંધ નહિ પડવાના.

**તપ કરતાં અંતરમાં કેવા શુભ ભાવ ? :-**



આવું તપમાં છે. તપ કરતાં કરતાં

(૧) ગોઝારી આહાર-સંજ્ઞા પર ઘૃણા રહ્યા કરે.

(૨) તપ આત્માના શત્રુભૂત કર્મના ક્ષય માટે છે, તેથી કર્મ પર તિરસ્કાર રહે.

(૩) તપ જિનાજ્ઞાપાલન અર્થે છે-'મારા પ્રભુની તપની આજ્ઞા છે તો એ આજ્ઞા હું પાળું. એમ જિન-જિનાજ્ઞા પર પ્રેમ રહે.

(૪) તપથી વિકારો શમે છે માટે વિકારો દબાવતા જવાય.

આ હિસાબે પછીથી શરીરની નબળાઈ થતાં તપ કદાચ ન થઈ શકતો હોય, તો ય એ આહારસંજ્ઞાની ઘૃણા કર્મ પ્રત્યે તિરસ્કારભાવ, જિન-જિનાજ્ઞાનો પ્રેમ મમતા, વિકારો પર કાબૂ....આવા શુભ ભાવો તો જાગતા રહે ને ? એ જ આંતર પરિણતિરૂપ ધર્મ છે. બાહ્ય તપ કરીને જ આ ઊભું કરવાનું છે. તો જ તપ કર્યો લેખે લાગે. સફળ થાય, તપનું ફળ માન-કીર્તિ-કે પુણ્ય તો ભોગવાઈને નષ્ટ થવાના. પરંતુ આ આહાર ઘૃણા, કર્મ-દ્વેષ, જિનાજ્ઞા પ્રેમ વિગેરે શુભભાવ આગળ આગળ ચાલીને વધવાના તે અંતે વીતરાગતાના ભાવમાં લઈ જશે.

સારાંશ, કાયા નખાઈ જઈને પણ તપ કર્યો એ આંતર પરિણતિરૂપે શાશ્વત ધર્મ સુધી પહોંચાડે છે. એમ, ધન જઈને દાન ધર્મ કર્યો એ આંતર પરિણતિ રૂપે ટકીને શાશ્વત બનવાનો.

**ધર્મ જઈને ધન મળે એમાં બે ય અંતે નષ્ટ.**

**ધન જઈને ધર્મ મળે એમાં ધર્મ સ્થાયી બનવાનો.**

**આસ્તિક આત્માને જો આત્મા ભવાંતરે પણ સ્થાયી હોવાનું માન્ય છે. તો એને ધર્મ સ્થાયી બનાવવાની ખાસ ધગશ હોય, કેમકે ધર્મ વિના આત્મા કંગાળ છે.**

આવી ધગશવાળા આભડમંત્રી લાખોનું ધન જતું કરીને ધર્મને સ્થાયી બનાવે એમાં શી નવાઈ ? એ ધગશ ન હોય એને ભડક થાય,- 'હાય ? આટલા બધા પૈસા એકદમ ઉડાડી કાઢયા ?'

ધર્મના અર્થીપણાની વાત ચાલતી હતી, એ અહીં હવે સમજાશે કે ધર્મને આત્મામાં સ્થાયી બનાવવાની ધગશ હોય એને બાહ્ય ધર્મની કેટલી બધી ભૂખ હોય ? ગરજ હોય ? અર્થીપણું હોય ? કેમકે એ દાન-શીલ-વ્રત-તપ વગેર બાહ્ય ધર્મની અંતરમાં શુભ ઉમદા ભાવો જાગે છે, પોષાય છે, ને અંતે સ્થાયી રૂપક લે છે.

**(૧) અર્થી અને સમર્થ હોય એજ ધર્મનો અધિકારી.**

પહેલી વાત આ કે જે ધર્મનો અર્થી હોય એ ધર્મનો અધિકારી છે. ધર્મ કરવાનો યોગ્ય જીવ છે.

બીજી વાત આ છે કે ધર્મ સાધવામાં સ્થિર હોય ચંચળ નહિ, એજ ધર્મનો

અધિકારી છે. ધર્મ કરવા તો લઈ બેઠો, પણ જરાક વિઘ્ન આવ્યું કે બીજી કોઈ લાલચ આવીને ધર્મ મૂકી દીધો, એ ધર્મને અધિકારી ન ગણાય. અડધેથી ધર્મ મૂકી દેતાં ધર્મ લજવવાનો અથવા એના દિલમાં ધર્મ કરતાં બીજી વસ્તુનું મહત્ત્વ રહેવાનું.

હોંશમાં ને હોંશમાં, અઠ્ઠાઈનું પચ્ચક્ખાણ લઈ લીધું, પણ આઠ ઉપવાસ પૂરા કર્યા પહેલાં ધીરજ ન રહી અને વચમાં ખાઈ લીધું, તો અજ્ઞાન લોક શું કહે ? જુઓ આ લોકોનો ધર્મ અબી બોલ્યા અબી ફોક. તપ ભાંગનારને પણ એમ થવાનું કે ઠીક છે હવે અઠ્ઠાઈ પૂરી ન થઈ તો શું થઈ જવાનું હતું ? ભૂખ લાગી રોગ આવ્યો ત્યાં થોડું ધર્મનું પૂછડું પકડી રખાય ?' આમ લોકોના દિલમાં અને આના દિલમાં ધર્મની કિંમત ઘટવાની. કારણ આ જ કે ધર્મનો અર્થી હોઈ ધર્મ લઈ તો બેઠો. પણ ધર્મનો સમર્થ નહિ તેથી અધવચ્ચે પડતો મુક્યો.

એવું શીલ વ્રત કે બીજું વ્રત લે પણ પાળવામાં સમર્થ ન હોય અને વચમાં એને તોડી નાખે તો ધર્મ લાજે, લોક ધર્મની નિંદા કરે, ને પોતા ધર્મ તરફ નઠોર થઈ જાય. પૂછો,-

**પ્ર.**- તો તો પછી બાધા-વ્રત-નિયમ વગર ધર્મ કરવો સારો ને ? વચમાં ધર્મ મૂકે એ તો બાધા ભાંગી તો ન કહેવાય.

**ઉ.**- પરંતુ આમાં એ ખબર નથી કે જો બાધા નથી લેવી, તો ધર્મ માટે દિલ કેવું રહેવાનું ? ધર્મ થશે તો ઠીક, ને નહિ થાય ને મૂકી દઈશું તો પણ વાંધો નહિ. આજ ને ? આમાં દિલમાં ધર્મનું બેપરવાઈ રહેવાની. ધર્મની પરવા નહિ, ધર્મની પરવા હોય, ગરજ તો મનમાં એમ રહે કે 'ગમે તે થાય ધર્મ ન મૂકું' મનમાં આવી ધર્મની પરવા હોય તો સહેજે નિયમ-બાધા લઈ લેવાય.

**'મારે ધર્મ મૂકવો જ નથી.' એવું જો મનને હોય તો પછી નિયમમાં શો વાંધો ?**

પણ ના, મનમાં પહેલેથી જ બેઠું છે કે 'ધર્મ ન ય સચવાય. સંયોગ આવે તો ધર્મ મૂકી ય દેવો પડે. મૂકીયે દઈએ' એટલે ? પહેલેથી જ ધર્મની પરવા જ નહિ.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૪,અંક-૧૪,તા.૨૦-૧૨-૧૯૭૫**

**જેને ધર્મની પરવા નહિ એ ધર્મને વફાદાર નહિ. ધર્મને વફાદાર નહિ એ ધર્મને યોગ્ય નહિ.**

વફાદારી તો દરેક ઠેકાણે પહેલી જોઈએ છે. નોકર રાખ્યો પણ કામ રખડાવીને



અધવચ્ચે એ જતો રહે, તો એને કેવો કહો નોકરીને લાયક ? કે નાલાયક ? વફાદાર ? કે બેવફાદાર ? રાજાએ સેનાપતિ-સુભટ રાખ્યા હોય પણ લડાઈના મામલામાં એ છુટા થાય તો ? વફાદાર ગણાય ? બેવફાદાર ? પત્ની તો કરી પણ થોડો વખત થયો, ને એનું મન ઊઠ્યું ને એના બાપને લાકડી હોય તે બાપને ઘેર જઈ બેસે, તો એને વફાદાર ગણો ? કે હરામી ? ધણીની પરવાવાળી કે બેપરવાવિનાની ?

આ તો મોટા ભાગે આવું નથી બનતું એનું કારણ એમ ને એમ વફાદારી હોય છે એવું નથી. પરંતુ રીતસરની લગ્ન-વિધિ કરી હોય છે માટે. લગ્નવિધિથી પરવા ઊભી થાય છે કે હવે 'મારે આ જ એક પતિ એનું ઘર એટલે જ વફાદારી વ્યવહારથી ઊભી થાય છે તેથી ગમે તેવો પતિ ને ગમે તેવી તેની આર્થિક સ્થિતિ, તો ય નભાવી લેવાય છે. જો રીતસરની લગ્નવિધિ ન હોય અને એમ જ સાથે રહી જવાનું હોય તો માથે આ ભાર રહે ખરો ? લગ્ન-વિધિથી માથે ભાર આવે છે.

**લગ્ન વિધિની જેમ બાધા-નિયમ-પ્રતિજ્ઞાનું મહત્ત્વ છે. કરવાથી ધર્મની પરવા ને વફાદારી ઊભી થાય છે.**

બાધાથી મનને ચોક્કસ થાય છે કે 'મારે આ પાળવાનું જ ગમે તે સંયોગ આવો, લાલચ આવો, વિઘ્ન આવો પણ આ મૂકવાનું નહિ.' લગ્નવિધિ ન હોય અને એમ ને એમ કોઈની દીકરી ઘરમાં લાવી બેસાડવાની હોય, તો પેલાના માથે કશો ભાર ન રહે. ફાવે તો રહે, ને ન ફાવે તો બાપના ઘેર કે બીજાના ઘેર જઈને બેસ. સેનાપતિ સુલભને કરાર ન હોય, માથે ભય ન હોય, તો એ અધવચ્ચે છુટો થઈ જાય ને જરૂર પડ્યે દુશ્મનના ભેગા ય ભળી જાય, મુનિમ વફાદાર ન હોય, પરવાવાળો ન હોય તો શેઠને ધંધો જામવા માંડ્યો, ત્યાં એને પડતો મૂકી બીજાને ત્યાં નોકરી રહી ય જાય. પણ કરાર ભય પ્રતિજ્ઞા એ અટકાવે છે. સુભટને ભય છે કે આડોઅવળો થયો, તો રાજા ગોળીએ ઉડાવશે, કરારેબદ્ધ મુનીમને કરાર હોઈ ભય છે કે વચમાં ભાગે તો કોરટે ઘસડાવું પડશે અથવા બીજો કોઈ શેઠ મારો વિશ્વાસ નહિ કરે.

તાત્પર્ય, દુનિયામાં કરાર પ્રતિજ્ઞા, લગ્નવિધિ વગેરે કરાય છે, તે માણસમાં સ્થિરતા લાવે છે. પરવા લાવે છે, વફાદારી લાવે છે. એમ વ્રત-નિયમ-બાધા કરાય, તે અમુક ત્યાગ યા અમુક કર્તવ્યમાં સ્થિરતા લાવવા માટે, તે વફાદારીથી પાલન માટે. એટલે હવે એમ કહેતા નહિ કે એમ ને એમ પાળીશું બાધાનું શું કામ છે ?

**બાધાનું કામ ધર્મના પાલનમાં માથે ભાર લાવી સ્થિરતા-અડગતા ઊભી કરવાનું છે. પરવા-વફાદારી ઊભી કરવાનું છે.**

જો બાધા ન હોય, તો પ્રસંગે મન ડગી જવા સંભવ છે, પાલનની પરવા મૂકી દેવા સંભવ છે ત્યાં પાપથી મન પાલનને વફાદાર નહિ રહે. કે પાલનને હું બંધાયેલ. પાલન કરવું એટલે કરવું જ.' નહિતર જો પાલનની અડગતા હો, પરવા હોય, વફાદારી હોય તો પછી નિયમ લેવામાં આનાકાની શા માટે કરાય છે ? જેમકે રાત્રિભોજન કે અભક્ષ્યભક્ષણ ન જ કરવાની અડગતા છે, ગમે તે ભોગે એ ત્યાગ પાળવાની પરવા છે, બેપરવાઈ નથી જ કરવી, મન એ ત્યાગને બંધાયેલું જ રાખવું છે, તો પછી રાત્રિભોજન-ત્યાગ અભક્ષ્યભક્ષણ-ત્યાગની બાધા-પ્રતિજ્ઞા કરી લેવામાં આનાકાની શા માટે હોય ?

**વંકચૂલ બાધાને લીધે જ પાપોથી અટક્યો**

જાણો છો ને વંકચૂલ અવસર આવ્યે તે તે પાપ કરતો કેમ અટક્યો ? નિયમ કર્યો હતો માટે. નિયમ હતો, અજાણ્યા ફળ નહિ ખાઉં' તો ભર જંગલમાં ભૂખ્યા થવા છતાં એ ન ખાધા, એના સાગ્રિતોને નિયમ નહોતો એટલે ખાઈને વિષફળ હોવાથી મર્યા.

**બીજી વારના પ્રસંગમાં,-**

રાતના વંકચૂળ મુકામે મોડો આવ્યો. પત્નીની પાસે બેન સુતેલી પણ પુરુષના વેશમાં વંકચૂલ એને ખરેખર બીજો કોઈ પુરુષ જ સમજ્યો, ભયંકર ગુસ્સો આવ્યો, બન્નેને મારી નાખવા તલવાર ઉપાડી પરંતુ નિયમ યાદ આવ્યા કે 'કોઈને પણ મારતા પહેલાં ત્રણ ડગલાં પાછો હટીશ.' એટલે તલવારવાળા ઊંચે હાથે ઝટપટ પાછો હટ્યો, એ તલવાર ક્યાંક ટકરાતાં અવાજ થયો, ને બેન જાગીને કહે, 'આવ્યો મારા વીરા ?' ત્યાં વંકચૂલ ચોંક્યો 'અરે ! આ કોઈ પુરુષ નહિ પણ બેન જ છે ! હાય ! કેવો ભયંકર અનર્થ થાત ? નિયમથી બચી ગયો. વારે મારા ઉપકારી ગુરુ ! ધન્ય નિયમ !'

બોલો, અહીં નિયમ ન હોત અને પાસે એમ જ, કબુલ્યું હતું કે 'સારું ત્રણ ડગલા પાછો હટીશ, 'તો શું કલ્પેલા પત્ની પરપુરુષના કલ્પેલા દુરાચાર પર ચડી આવેલા ભયંકર ગુસ્સામાં પાછો હટવા જાત ? એ તો મનને એમ થાત 'ભલે મહારાજને કહ્યું હતું પણ આવો પત્નીનો ખાનગીમાં ધરાર દુરાચાર પકડાયે મારી નાખવામાં વિલંબ કરવાનો કેમ હોય ?' પણ નિયમ હતો એણે વિલંબ કરાવ્યો, નિયમનો અમલ કરાવ્યો, તલવાર ટકરાવાનો અવાજ કરાવ્યો ને વંકચૂલ આંધળિયા કરતાં બચ્યો.

**ત્રીજીવારના પ્રસંગમાં :-**

વંકચૂળ રાજમહેલમાં ચોરી કરવા ચડેલો, ને ત્યાં રાજાની રાણી એકાંતમાં



મલી હતી. તે પણ સામેથી રાણી પ્રાર્થના કરતી મળેલી, ને અકાર્ય કરે તો ઉપરથી હીરાનો હાર ભેટ આપી દેવા માગતી અને અકાર્ય ન કરે તો હોહા કરી સિપાઈઓ પાસે પકડાવી દેવાનો ભય આપતી મળેલી. હવે અહીં, બોલો, નિયમ વિના અકૃત્યથી બચે ? નિયમ ન હોત તો તો મનને એમ થાત કે ભલે આપણે મહારાજને કહ્યું હતું કે રાણી સાથે અપકૃત્ય નહિ કરું, પણ આવા જીવસટોસટના પ્રસંગમાં બીજું શું થાય ? જીવ બચાવવા ય આ પતાવવું પડે; અને નિયમ ન લીધો તે સારું થયું કે આવા પ્રસંગ જીવ બચાવી લેવા અકાર્ય કરી લેવાય.' આવા કોઈક લોચા મનમાં વાળત, ને અકાર્ય કરત. પરિણામ ? બાજુના ઓરડામાં રાજા જાગતો બેઠો બધું સાંભળે છે. તે શું અકાર્યને સાંખી લેત ? પણ નિયમથી વંકચૂલ બચ્યો, રાણીને ઘસીને ના પાડતાં રાણીની હોહા પર સિપાઈઓએ એને પકડી સવારે રાજા પાસે ખડો કરતા, રાજાએ એને મંત્રી બનાવ્યો.

નિયમ માણસમાં પાલનની અડગતા સ્થિરતા લાવે છે, વફાદારી લાવે છે. ધર્મ આરાધનામાં જેમ અર્થિપણું જરૂરી છે, એમ સિથરતા જરૂરી છે, વફાદારી જરૂરી છે, વફાદારી ન હોય તો હમણાં ધર્મની આરાધના માંડી અને હમણાં ચિત્ત બીજા ત્રીજા વિચારમાં ચડી જાય. વફાદરી કોનું નામ ? જેને વળગ્યા એને જ બરાબર પકડી રાખવાના, તન-મન-વચન એમાં જ પ્રવર્તે, એનાથી વિરુદ્ધ બીજામાં નહિ. પતિ પત્નીને કહે હું તને વફાદાર છું અને બીજી સ્ત્રીઓ પર દૃષ્ટિ નાખ્યા કરતો હોય તો એ પત્ની પ્રત્યે વફાદારી છે ? બીજી સ્ત્રી કે છોકરીને અડપલું કરે તો પત્ની તરફ વફાદારી રહી ગણાય ? શાની ગણાય ? બીજે દૃષ્ટિ નાખે તો ય વફાદારી નથી.

એમ ભગવાનના દર્શન કરતા બીજે ડાફેળિયું મારે તો ભગવાન પ્રત્યે વફાદારી ન ગણાય. એવું જ ભગવાનની પૂજા કરતાં, ચૈત્યવંદન કરતાં, ભગવાનની વાણી સાંભળતા કે ભગવાનનું જ્ઞાન ભણતા યા ભગવાનની ક્રિયા કરતા ડાફોળિયાં મારે તો એ ભગવાન પ્રત્યે, પૂજા-ચૈત્યવંદન-જિનવાણી-જ્ઞાન કે પ્રતિક્રમણાદિ ક્રિયા પ્રત્યે વફાદારી નહિ.

વફાદારી માટે સ્થિરતા જોઈએ. સ્થિરતા માટે બીજી લાલચ જતી કરવી જોઈએ. ધર્મક્રિયા કે જ્ઞાનધ્યાન વખતે ડાફોળિયું મરાય છે એ બીજું જોવાની લાલસા છે.

**લાલચુડા માણસ વફાદર ન રહી શકે.**

ધર્મક્રિયા કે જ્ઞાનધ્યાનમાં વફાદારી લાવવી હોય તો બીજું જોવાની પણ લાલચ જતી કરવી જોઈએ, અને બીજો વિચાર કરવાની પણ લાલચ જતી કરવી જોઈએ, નવકારવાળી ગણતાં, જાપ કરતા બીજા વિચાર આવે છે એનું કારણ એ

બીજું ફેંદવાની લાલચ છે. જો જાપ-ક્રિયાની વફાદારી જાળવવી હોય તો લાલચ...ન રહે મનને એમ થાય કે હું જાપમાં કોની સાથે વાત કરી રહ્યો છું ? જાપ મંત્રના દેવતાસાથે. એ વખતે બીજા સાથે વાત ન કરાય. ક્રિયામાં પણ એમ જ વિચારાય કે હું કોની સાથે તો વચમાં બીજા સાથે વાત ન થઈ શકે, બીજા વિચાર એટલે બીજા સાથે વાત છે એમાં આ ક્રિયા સાથે વફાદારીનો ભંગ થાય.

બીજી લાલચ જતી કરાય, તો જ ચાલુ ક્રિયામાં મનની સ્થિરતા રહે. લાલચની વસ્તુ એ વિઘ્ન છે. વિઘ્ન વખતે વિશેષ સ્થિરતા જોઈએ એ માટે સામર્થ્ય જોઈએ. સામર્થ્ય હોય એ જ ધર્મમાં સ્થિર રહી શકે. લાલચની વસ્તુ કે બીજું વિઘ્નમાં ડગે નહિ. હાથમાં લીધેલ ધર્મને પૂરો વફાદાર રહે. વફાદારી એ સ્થિરતા અને સામર્થ્ય માગે છે.

હસ્તિપાલ રાજર્ષિ પર દેવતાઈ વિઘ્ન આવ્યું છે. પણ પોતે સમર્થ છે. સ્થિર છે. તેથી પોતાના ધર્મમાંથી ચલિત થતાં નથી. કયો ધર્મ ? પ્રતિજ્ઞાનો ધર્મ. પોતે પ્રતિજ્ઞા કરી છે. 'સમ્મેતશિખરની યાત્રા-વંદના ન થાય ત્યાં સુધી આહાર પાણીનો ત્યાગ, ચોવિહારા ઉપવાસ;' અને આ પ્રતિજ્ઞા કરીને વિહાર કર્યો હોય છે. એમાં ઇન્દ્રમુખે એમની ધીરતાની પ્રશંસા સાંભળીને એક દેવતા અહીં આવી એમની પરિક્ષાર્થે એમને તીવ્ર ભૂખ-તરસ લગાડી દે છે, રસ્તો ભુલાવી દે છે, એમાં દિવસોના દિવસો જાય છે, ભૂખ-તરસની પીડાનો પાર નથી, છતાં મહર્ષિને ખાવાપીવાનો લેશ વિચાર નથી, સમતાભાવમાં ઝીલે છે, તીવ્રપીડા-વેદનાને સમભાવે સહન કરે છે.

પૂછો,-

**પ્ર.**- એટલી બધી પીડા શી રીતે સહન થાય ?

ઉ.- કહો, પ્રતિજ્ઞા ધર્મની વફાદારી માથે રાખીને પીડા સહન થાય. રાજાની વફાદારી કે દેશની વફાદારી જાળવવા ખાતર સુભટો લડાઈમાં દુશ્મનના ગમે તેવા ઘા સહી લે છે. પણ રાજાને કે દેશને મૂકીને સામાને શરણે નથી જતા. એક દુન્યવી વસ્તુમાં આ વફાદારી હોય, ને એ જાળવવાનું સામર્થ્ય હોય, તો પ્રતિજ્ઞા વ્રતનિયમ શું, કે બીજી ધર્મ સાધનામાં શું, એ આત્મિક વસ્તુ પ્રત્યે વિઘ્ન છતાં આપણે વફાદારી હોય, ને એ જાળવવાનું સામર્થ્ય હો, તો વફાદાર ન રહીએ ? સ્થિર રહેવાનું સામર્થ્ય ન રાખીએ ? સામર્થ્ય ન દાખવીએ ? મોટા વિઘ્ન કે મોટી લાલચમાં નહિ, તો ચાલુ સામાન્ય વિઘ્નમાં કે લાલચમાં સ્થિરતા વફાદારીનું સામર્થ્ય ન દાખવીએ ?

હસ્તિપાલ રાજર્ષિ પર દેવતાઈ ઉપદ્રવ એમને ભારે ભૂખ-તરસની પીડા



અપરંપાર છે. પણ એથી પોતાના સંકલ્પમાંથી ડગવાની વાત નથી. સમ્મેતશિખર પહોંચ્યા પહેલાં આહાર પાણી લેવા જ નથી, એ નિર્ધાર પાકો છે.

**શેના બળ ઉપર આટલું બધું અસહ્ય સહવાનું અને સંકલ્પમાં દઢતા ?**

(૧) વફાદારીના ખ્યાલ પર 'પ્રભુ ! તારી સાધના હાથમાં લીધી છે, તો પ્રાણનાશાનું દુઃખ આવો તો ય સાધનાથી પાછા હટી તને બેવફા નહિ થવાનું. 'વફાદાર સુભટ લડાઈમાં ભારે ત્રાસ દેખી પાછો હડતો નથી. ખ્યાલ છે,- રાજાને બેવફા નહિ નીવડવાનું.'

(૨) વળી વિશેષ તો રાજર્ષિમાં આ છે, સિદ્ધપદની સાધનામાં સિદ્ધભગવાનનું અનેરું ધ્યાન પ્રણિધાન છે.

(i) જાણે પોતાનો આત્મા સિદ્ધ થઈ ગયો તો હવે એ જાણે સંપૂર્ણ અરૂપી બની ગયો છે, એને કોઈ જ કાયાદિનો વળગાડ નથી એટલે કાયા પર બીજા પુદ્‌ગલોની થતી અસર સાથે પોતાને કશી લેવા દેવા નથી. એમ,

(ii) જાણે પોતાનું જ્ઞાન શુદ્ધ વીતરાગતાથી વાસિત બની ગયું છે. તેથી પોતાના જ્ઞાન-પર્યાયને સહજ પણ રાગ શરીરરાગ કે દ્વેષ-ક્ષુધાદિ દુઃખદ્વેષથી અભડાવા દેવાની વાત નથી, રાગદ્વેષથી ખરડવાની વાત નથી.

**આ બે ખ્યાલ. -(૧) પોતાના આત્માના અરૂપીપણાનો ખ્યાલ અને (૨) શુદ્ધ જ્ઞાન પર્યાયનો ખ્યાલ મનને ભારે બળ આપે છે. ઉપદ્રવમાં પણ અચલ નિર્વિકાર રહેવાનું મહાન બળ આપે છે.**

અખતરો કરવા જેવો છે. નાના નાના કષ્ટ ઉપદ્રવ-પીડામાં આ બે ખ્યાલ જાગતા રાખી સમભાવે રહી લેવાની જ વાત, જરાય આકુળવ્યાકુળ કે ખિન્ન થવા વાત જ નહિ. અલબત્ત સતત કષ્ટ સહન જ કર્યે જવા, અને ક્યારેય એને નિવારવાનો કશો પ્રયત્ન નહિ કરવો, એ પામર જીવથી બનવાનું નથી. એ તો ઠંડી પડશે એટલે કપડું કે બીજું ઓઢી લેવાનો છે. ગરમી પડતાં ઠંડકમાં ચાલ્યો જવાનો છે, ભૂખની પીડા લાગી કે ખાઈ લેવાનો; આમ પીડા ઊભી થતાં એને નિવારવાનું જીવ કરવાનો છે. છતાં જો અરૂપીપણાના અને રાગાદિથી અસ્પૃષ્ટ શુદ્ધ જ્ઞાન પર્યાયનો ખ્યાલ જાગતો હશે, તો અંશે અંશે પણ પીડા નિવારણની મથામણ ઓછી કરવાનું લક્ષ રહેશે. મથામણ એટલે એ પીડા નિવારણના જ વિચારો કર્યા કરવાનું ઓછું કરશે, અને એની જગ્યાએ મહાકષ્ટ વેઠી લેતાં મહા પુરુષોની શુદ્ધ આત્મદશા-મનોદશાના વિચાર કરશે. એથી પછી પીડા નિવારવાનું કરવાને બદલે થોડી પણ પીડા સહી લેવાનું વધાવી લેવાનું કરશે.

**સિદ્ધપદનું આ વાસ્તવિક પ્રણિધાન છે, કે પીડામાં થોડું પણ સહર્ષ સહી**

**લઈ પોતાના અરૂપી અને શુદ્ધ જ્ઞાનમય સ્વરૂપનો ખ્યાલ રખાય.**

જો કશી જ પીડા સહી લેવાની વાત જ નથી, તો તો એમાં કાયાની સુખાકારિતા અને મનની મોજિતાનો જ પાકો ખ્યાલ રહ્યો. જો (૧) સહેજે પણ ભૂખ તરસ વગેરેથી કાયાને પીડા દેવી નથી, (૨) લુખ્ખા રસ સ્પર્શ વગેરેથી ઇંદ્રિયોને અનિષ્ટ અને મનને લેશ પણ દુઃખામણ વધાવવી નથી, ને એ પીડા કરે એવા ભૂખ, તરસ અકારા વિષય, અકારા સંયોગ અનુકુળ માનવા નથી પ્રતિકૂળ જ માની એને દૂર હટાવવા જ મથવું છે, જો એના જ વિચાર એના જ પ્રયત્ન કરતાં રહેવું છે, તો આમાં તો કાયા-ઇન્દ્રિયો મનનો જ વિચાર રહ્યો. આત્માનો વિચાર જ ક્યાં રહ્યો ? આત્માનો વિચાર જ નહિ, પછી આત્માના સિદ્ધ અવસ્થાના અરૂપીપણાનો અને શુદ્ધ જ્ઞાનપર્યાયનો વિચાર તો આવે જ શાનો ?

સિદ્ધપદની આરાધના કરવી છે ? તો પોતાના સિદ્ધ સ્વરૂપનો કાંઈક આછો પાતવો ય ખ્યાલ જોઈએ કે નહિ ? કે બીજા સિદ્ધ બનેલાનું જ જોવાનુ ?

**પોતાના સ્વરૂપનો આછો-પાતળો ખ્યાલ કરવો હોય તો કાયા-ઇંદ્રિયો મનને લેશ પણ પીડા-દુભામણ ન થાય એ જ જોયા કરવાનું ?** ને એની જ ગડમથલ કર્યા કરવાની ? વધાવી લેવાની ?

રાજર્ષિ હસ્તિપાળે તો સિદ્ધપદની આરાધના ઉપાડી ત્યારથી કાયા-ઇંદ્રિયો મનને કસવાનું ચાલુ રાખ્યું છે. તેથી પોતાની સિદ્ધ અવસ્થાનું આછું પાતળું પણ વાસ્તવિક સ્વરૂપ વિચારતા રહ્યા છે. તે હવે અહીં ચારિત્ર લઈને તો એ ચિંતમાં ઘણે આગળ વધી ગયા છે, એટલે આ દેવતાઈ ઉપદ્રવમાં સિદ્ધ અવસ્થાના ધીખતા ધ્યાન પર તીવ્ર ભૂખ તરસથી શાના લહેવાઈ જાય ?

(૩) એક વિચાર એ પણ હોય કે હું તો જગતના જીવમાત્રને સિદ્ધપદના માર્ગે ચડાવવાની ભાવના કરું છું. જીવમાત્રની સુખદ સિદ્ધ અવસ્થા ચાહું છું. તો પછી મારે મારી સિદ્ધ અવસ્થાનો તો પૂરો રંગ પૂરો રસ રાખવાનો હોય અને એની સામે સંસાર અવસ્થાના સુખદુઃખને લેશ પણ વિસાતમાં લેખવાના હોય નહિ.

**સુખદુઃખને મહત્ત્વ આપું એનો અર્થ કાયા અને ઇન્દ્રિયોનો રાગ છે.** એ રાગ રહે ત્યાં સુધી મારા આત્માનું વીતરાગ સર્વજ્ઞ પરમાત્મસ્વરૂપ પ્રગટ થાય નહિ; અને એ થાય નહિ ત્યાં સુધી જગતના જીવોને તારનારા મોક્ષમાર્ગને સ્થાપવાની શક્તિ આવે નહિ. માટે જો મારે જગતના જીવોનો ઉપકાર કરવો છે, તો મૂળમાં કાયા-ઇંદ્રિયોની તુષ્ટિ પુષ્ટિના રાગ પડતા મૂકવો જોઈએ, અને એના સુખદુઃખને વિસાતમાં ન લેખવા જોઈએ.

આમ જગતના જીવોને તારવાની ભાવકરુણાના બળ ઉપર પણ હસ્તિપાલ



રાજર્ષિ ભૂખ-તરસની દેવે ઊભી કરેલી તીવ્ર પીડાને સમ્યક્ પ્રકારે સહન કરી શકે છે. ક્યારે મારામાં એવી શક્તિ આવે ને હું જગતના જીવોને મોક્ષમાર્ગના મુસાફર બનાવું !' આ ભાવના કરવામાં એ શક્તિ કાંઈ એમ જ પ્રગટ ન થાય. એ માટે તો સ્વયં વીતરાગ સર્વજ્ઞ બનવું પડે. એ બનવા દુન્યવી સુખના રાગ દુઃખના દ્વેષ પડતા મૂકવા જોઈએ. તો જ એવું ઉચ્ચ ચારિત્રપાલન થાય અને ઉચ્ચ ધર્મધ્યાન-શુક્લધ્યાન લાગે, જેનાથી મોહનીય કર્મ સહિત, ઘાતી કર્મોનો અંત આવી શકે. ને પરમાત્મા સ્વરૂપ પ્રગટ થાય.

**માણસને સુખનો રાગ અને દુઃખનો દ્વેષ જ નિર્મળ ચારિત્ર-પાલન નથી કરવા દેતો.**

**સુખના રાગમાં ચારિત્ર કેમ નહિ ? :-**

**વિષયોના સુખ ગમે છે. સારાં ખાન પાન મુલાયમ વસ્ત્રો અને દેખાવડી ચીજ વસ્તુ ગમે છે એટલે એની પાછળ થતી હિંસાની અનુમોદના રહેવાની; તેમજ એ વિષયોની પરિગ્રહવૃત્તિ પોષાવાની.**

પછી ત્યાં પાપ રહિત સંયમ-અવસ્થા નિરવદ્યરૂપ ચારિત્રનો ભાવ ક્યાથી ઊભો રહી શકે ? એમ વિષયોનો રાગ પ્રત્યાખ્યાનાવરણીય કષાયરૂપ કે અપ્રત્યાખ્યાનીય કષાયરૂપ બન્યો રહી સર્વવિરતિ ચારિત્રના ભાવને અટકાવવાનો; તેથી નિર્મળ ચારિત્ર ક્યાંથી આવી શકે ?

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૪,અંક-૧૫,તા.૨૭-૧૨-૧૯૭૫**

**દુઃખના દ્વેષમાં ચારિત્ર કેમ નહિ ? : દુઃખ ટળવામાં થતી હિંસા ગમશે માટે :-**

ત્યારે દુઃખ નથી ગમતું એમાં પણ દુઃખનો દ્વેષ એ કષાયરૂપ બની જવાથી ચારિત્રને ન ઊભવા દે, વળી દુઃખ નથી ગમતું એટલે એ દુઃખ ટળવાનું ગમવાનું પછી એ ટળવામાં જો હિંસા-આરંભ-સમારંભ થતા હશે તો એ પણ સીધા નહિ તો આડકતરી રીતે ગમશે. ત્યારે હિંસા ગમે ત્યાં પહેલું અહિંસાનું મહાવ્રત શી રીતે ઊભું રહી શકે ? એ વિના ચારિત્ર શી રીતે હોઈ શકે ?

હસ્તિપાલ રાજર્ષિ આ બધું સમજે છે તેથી ભૂખ-તરસની દેવકૃત તીવ્ર પીડાને અણગમતી કરી એ ટાળવા પોતાની પ્રતિજ્ઞા મૂકી દેવા તૈયાર નથી. પ્રતિજ્ઞાનો તીવ્રરાગ છે. સમ્મેતશિખરની યાત્રા ન થાય ત્યાં સુધી આહાર પાણી લેવા નહિ,' એવી પ્રતિજ્ઞાને ગમે તે ભોગે પાળવી છે, તેથી એની વચમાં ભૂખ-તરસના ભારેમાં ભારે દુઃખ આવે તો ય એનો અણગમો નથી કરવાનો. પૂછો,

**તીવ્ર ભૂખની પીડામાં દુ:ખ કેમ ન લાગે ? કાયા તગડી એ મારી સમૃદ્ધિ નહિ :-**

**પ્ર.-** પણ ભૂખ-તરસની જાલિમ પીડા તો એવી છે કે જે કાનમાં કહે ત્યાં દુ:ખ ન લાગે ? અને દુ:ખરૂપ લાગે તો અણગમો થયો જ ને ?

ઉ.- અહીં સિદ્ધ અવસ્થાની ભાવના ઉપયોગી થાય છે, મારા આત્માની અરૂપી અને અનંત જ્ઞાનમય અવસ્થા એ મહા સમૃદ્ધિ છે, એ જ સાચી સમૃદ્ધિ છે. એનો જ જો મને રાગ છે, તો કાયાનાં સુખ-દુ:ખને શા સારુ મહત્ત્વ આપું ? કાયા સારું ખાય અને તગડી રહે એ કોઈ મારી સમૃદ્ધિ જ નથી કે ભૂખી રહે ને દૂબળી પડે એમાં મારી આત્મ સમૃદ્ધિ ધવાતી નથી. પછી શા સારુ કાયાની તુષ્ટિ-પુષ્ટિ કે કૃશતાના લેખાં આંકવા ? આ વિચાર પર ભૂખ-તરસના દુ:ખમાં મનમાં દુ:ખ ન લાગે.

હસ્તિપાલ રાજર્ષિ સિદ્ધપદના આરાધક છે, એટલે આત્માની સિદ્ધ અવસ્થાનું એમણે ભારે મમત્ત્વ ઊભું કર્યું છે. એવી પોતાની અરૂપી સ્થિતિનો અને પૌદ્ગલિક ભાવના લેશ પણ સ્પર્શ વિનાની સ્થિતિનો તીવ્રરાગ ઊભો થયા પછી તીવ્ર પણ ભૂખ-તરસના પૌદ્ગલિક ભાવમાં શેના મુંઝાય ? બસ પોતાની પ્રતિજ્ઞાના પાલનમાં અણનમ છે, બે મહિના સુધી દેવ પૂંઠે પડ્યો, જાલિમ ક્ષુધા-તૃષામાં મહર્ષિને રીબાવ્યા, છતાં મહર્ષિ સમતાભાવમાં ઝીલતા રહ્યા, પ્રખર ચિત્ત-સમાધિ જાળવતા રહ્યા, દેવતા અંતે થાક્યો, એ તીવ્ર વેદના સંહરી લીધી, અને મુનિના પગમાં પડી કહે છે,-

**દેવતાની ક્ષમાયાચના :-**

'હે સમતાના સાગર ! દયાના સિંધુ ! ક્ષમાના ભંડાર ! મારા અપરાધની ક્ષમા આપો, હું દેવતા છું. ઈન્દ્રે આપના સત્ત્વની પ્રસંસા કરી કે ગમે તેવી પીડામાં સત્ત્વ ચલાયમાન થાય નહિ, તે સાંભળીને નાદાન તુચ્છ અધમ બુદ્ધિવાળા એવા મેં એ વચનની શ્રદ્ધા ન કરી. તે આપની પરીક્ષા કરી આપને ચલાયમાન કરવા માટે આવ્યો. બબ્બે મહિના સુધી આપને તીવ્ર પીડા કરી પણ આપ શાના ચલાયમાન થાઓ ? આપની કેટલી બધી ચારિત્ર સ્થિરતા ! કેટલી ગજબ સહિષ્ણુતા ! આવા રાજવી શરીરે આ નિસ્પૃહતા ? આ અડગતા ? ધન્ય આપના મહાન સત્ત્વ ને !

**મહાન પુરુષની મહાનતા સમજવાને પણ દિલની કાંઈક મહાનતા જોઈએ.**

એટલે હું એવા મહાન ઉમદા દિલવાળો નહિ, દિલ ક્ષુદ્ર તુચ્છ સાંકડું, તે આપની મહાનતા ક્યાંથી સમજી શકું ? એમાં મેં આ ધાંધલ કરી, આપને ખૂબ રંજાડવાની અધમાધમતા કરી. એક સામાન્ય માણસને ય સામાન્ય દુ:ખ પણ આપત



નહિ, તો આપ ત્યારે મેં તો આપને ભયંકર દુ:ખ આપ્યું ! હું આપનો મહાઅપરાધી છું, મને ક્ષમા આપો.

મહાત્માના મહાન મનને તો પહેલાં એ દુ:ખ દુ:ખ રૂપ જ નહોતું લાગતું, પછી દેવતા દુ:ખ દેનારો શાનો લાગે એટલે મહાત્મા દેવતાને કહે છે.

'મહાનુભાવ ! તેં મારું કાંઈ બગાડ્યું જ નથી, મારો કશો અપરાધ તો કર્યો નથી, બલ્કે મને કર્મ ક્ષયમાં સહાયક બની તું મારો ઉપકારી બન્યો છે. તે ઉપકાર માનું છું. મને તારા પર કશો જ રોષ અભાવ નથી. મારે જે સર્વ કર્મક્ષયથી થતી સિદ્ધ અવસ્થા જોઈએ છે, એની તેં નિકટતા કરી આપી છે. તારું કલ્યાણ થાઓ.'

**કર્મક્ષયનું ઊંચું લક્ષ્ય નજર સામે રહ્યા પછી દુ:ખ આપનાર ઉપકારી લાગે છે.**

દેવતા આ સાંભળીને ઓર સ્તબ્ધ થઈ ગયો, વાહ ! કેવી અનુપમ તત્ત્વદૃષ્ટિ ! કેવી મહાનતા ! ચંદન પોતાના બાળનારને સુગંધ આપે છે એવા આ મહર્ષિને ક્રોડો ધન્યવાદ કોટિ કોટિ નમન ! દેવતા સ્તુતિ કરીને ગયો અને ઈંદ્રની સભામાં આ જાત અનુભવ કહી હસ્તિપાલ રાજર્ષિની ભારોભાર પ્રશંસા કરી.

હસ્તિપાલ રાજર્ષિ સંમેતશિખર પહોંચી ગયા, ખૂબ ભાવથી યાત્રા કરી. મહાકષ્ટ પૂર્વક યાત્રા મળી છે એટલે એમાં અનેરો રંગ આવ્યો. સિદ્ધપરમાત્માની ખૂબ સ્તુતિ ગુણગાન કરીને પછી પૃથ્વીતલ ઉપર વિચરી સિદ્ધપદની વિશેષ આરાધના કરતાં કરતાં આયુષ્ય પૂર્ણ કરીને સમાધિપૂર્વક પંડિતમરણ પામ્યા. ત્યાંથી બારમા અત્ચ્યુત દેવલોકના દેવતા થયા. મંત્રી પણ ત્યાં જ જન્મ્યો.

ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી હસ્તિપાલ દેવતા મહા વિદેહ ક્ષેત્રમાં અવતરશે સંયમ લઈને તીર્થંકર બનશે. મંત્રીનો જીવ દેવતા પણ ત્યાં જ અવતરી એ પ્રભુના ગણધર થશે. અંતે બંને મોક્ષ પામશે.

હસ્તિપાલ રાજાની કથા પૂરી થઈ. એમના આલંબને સિદ્ધપદની અનેક રીત આરાધના કરો અને મુક્તની મંગળમાળા પહેરો એ જ શુભેચ્છા

જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ કહેવાયું હોય તેનો મિચ્છામિ. દુક્કડં.



# રાગદ્વેષ કરાવે ક્લેશ
# અતિશય રાગસંક્લેશના ભયંકર પરિણામ

અતિશય રાગનો સંક્લેશ ભયંકર પરિણામો નિપજાવે છે. સંકલેશ એટલે શું ?

**ચિત્તની આત્માની બે અવસ્થા, -**

**(૧) વિશુદ્ધિ અને (૨) સંક્લેશ**

વિશુદ્ધિમાં સંયમ છે, સંકલેશમાં અ-સંયમ છે, કષાય છે. સંયમમાં સ્વસ્થતા છે, અસંયમ -કષાયમાં અસ્વસ્થતા છે. જડ પદાર્થો તરફ મન તણાય એ અસંયમ કષાય છે. સંયમમાં સ્વસ્થતા છે. અસંયમ કષાયમાં અસ્વસ્થતા છે. જડ પદાર્થો તરફ મન તણાય એ અસંયમ છે, અસ્વસ્થતા છે. મનને સંયમનમાં ન રાખ્યું, પોતાના આત્માને ભૂલી જડના તરફ ઇંદ્રિયોના વિષયો તરફ તણાવાનું કર્યું, રૂપિયા લાખ કમાયા, મનને નિરાંત વળી-'હાશ ! બહુ સારું કમાયા વાહ ! કેવો સરસ તડાકો પડ્યો ? હવે કોઈની પરવા નહિ.' આ શું કર્યું ? જડ લક્ષ્મી તરફ મન તણાયું. લક્ષ્મી પર બહુ રાગ થયો, મમતા આસક્તિ થઈ આમાં આત્માનો વિચાર રહ્યો ? ના, કશો જ નહિ.

**લક્ષ્મી મળવામાં આત્માને કઈ કઈ ખોટ ? :-**

(૧) આત્માનું એટલું પુણ્ય વેચાયું.

(૨) લક્ષ્મી માટેના વેપારમાં લોભ-પ્રપંચ-જીવોનો આરંભસમારંભ વગેરે પાપસ્થાનકો સેવીને ધૂમ પાપની ખરીદી થઈ.

(૩) પૈસા મળ્યા પછી એના પરના રાગ-રતિ-આનંદ-મમત્વ-અહંત્વ વગેરે પાપ શરૂ થઈ ગયા.

(૪) હવે આ પૈસાથી કામો કયા થવાના ? વિષયવિલાસના અને ષટ્કાય જીવનસમારંભના, તથા મોહમાયાના પોષણના.

આનો જો વિચાર નહિ, તો આમાં આત્મામાં સ્વસ્થતા ક્યાં રહી ? જ્યાં સુધી ધંધામાં લાગી, પૈસા નહોતા મળ્યા અને નોકરીમાં બાંધ્યા પગારે કામ ચાલતું હતું ત્યાં સુધી હજી કાંઈક સ્વસ્થતા હતી, તે હવે પૈસા મળ્યાથી રાગ-મમત્વ-અહંત્વ-લંપટતા વગેરે ખીલી ઊઠ્યા; એ ભારે અસ્વસ્થતા વધી મન લક્ષ્મીના ઢેરમાં મસ્ત બન્યું એટલે મૂર્છિત બની ગયું. તે,



**પૈસાના રાગભર્યા વિચારમાં પોતાના આત્માનો વિચાર સરાસર ભૂલાઈ ગયો.**

**સ્વસ્થતા એટલે શું ?**

**'સ્વસ્મિન્ તિષ્ઠતી તિ સ્વસ્થ: તસ્ય ભાવ: સ્વસ્થતા ।**

પાતાનામાં રહે એ સ્વસ્થ કહેવાય. પોતાનામાં રહેવાપણું એ સ્વસ્થતા, આત્મા પોતાની જાતનો વિચાર રાખે, જાતના નિર્મળ ગુણો, જ્ઞાન, ક્ષમા, સંયમ, સમત્વ વગેરે, એનો વિચાર રહે કે એ મારામાં કેટલા જાગતા છે ? તેમજ એનો વિચાર રહે કે એ મારામાં કેટલા જાગતા છે? તેમજ એને બગાડનારા એને દબાવનારા મિથ્યાજ્ઞાન, મિથ્યામતિ, આપમતિ, તેમજ ક્રોધ-લોભ મદ-માયા-મમતા વગેરે કોણ-કોણ મારામાં પાવરધા બની જાય છે, એનો રજેરજ ખ્યાલ કર્યા કરે એ સ્વમાં રહેવા તરફનો પ્રયત્ન કહેવાય, સ્વસ્થતાની ભૂમિકા સરજાતી કહેવાય.

એના બદલે જ્યાં પૈસા તરફ મન ઝૂક્યું, સારા પૈસા મળ્યાં એને રાગથી સરસ માની એમાં મન મસ્ત મૂર્છિત બન્યું, ત્યાં સ્વસ્થતા ગઈ. આત્માનો ખ્યાલ જ ખલાસ થઈ ગયો, સ્વસ્થતા તદ્દન ગઈ. આ પરથી સમજાશે કે લક્ષ્મી વગેરેમાં મન રાગથી મસ્ત, એ ભારે અસ્વસ્થતા કહેવાય. રાગ જ આ અસ્વસ્થતા કરાવે છે. તેથી રાગ એ ભારે અસ્વસ્થતા છે.

દ્વેષમાં હજી લાગે છે કે જીવ સ્વસ્થ બન્યો, પણ રાગદશામાં અસ્વસ્થતા હોવાનું લાગતું નથી ! એ જો આ રીતે 'સ્વસ્થતા' પદાર્થ બરાબર ધ્યાન પર લેવાય. જો એનો ભ્રમ ટળી જાય તો ચોક્સ લાગે કે રાગદ્વેષ એ ભારે અસ્વસ્થતા છે.

ઉઘાડી દીવા જેવી વાત છે કે 'રાગ થાય છે એ કોના ઉપર ? આત્મા ઉપર ? કે જડ પદાર્થ પર ? જડના ગુણ પર ? આ તપાસાય તો ચોક્ખુ દેખાઈ આવશે કે જડ પદાર્થ અને જડના રૂપના ? ગુણો ઉપર જ થાય છે. પછી સહજ છે કે, જેના તરફ રાગ ઊઠ્યો. ત્યાં ચિત્ત જવાનું, એટલે જ્યારે ચિત્ત જડ પદાર્થમાં ગયું ત્યારે એ આત્મામાં ક્યાંથી રહી શકે ? ક્યાંથી આત્મસ્થ યાને સ્વસ્થ હોય ? આ હિસાબી વાત છે, હરિ નામનો માણસ બહાર ફરતો હોયતો ઘરમાં ન હોય એમ,

**મન પણ બહારમાં ફરતુ હોય ત્યારે ઘરમાં અર્થાત્ આત્મામાં ન હોય; સ્વસ્થ ન હોય.**

**આ અ-સ્વસ્થ કોણ કરે છે ? રાગ.**

**રાગ કેમ સિરદાર ? :-**

દ્વેષ ક્રોધ અભિમાન વગેરે બધાય જ જીવને અસ્વસ્થ કરનાર છે, પરંતુ રાગ એમાં સિરદાર છે. એ વિશેષ અસ્વસ્થ કરનારો છે. વિશેષ એટલા માટે કે જેના પર દ્વેષ છે એની સામાન્ય રીતે સતત સ્મૃતિ નથી રહેતી. તેથી દ્વેષનો ભાવ

સતત નથી ચાલતો ત્યારે જેના પર રાગ છે, એનું સ્મરણ ચાલ્યા કરે છે, તેથી રાગ ફાલ્યોફૂલ્યો રહે છે.

દા.ત. માણસને જો અમુક સગા ઉપર દ્વેષ કરે તો એ કાંઈ વારેવારે યાદ આવીને એના પર દ્વેષ ઊછળ્યા જ કરતો હોય એવું નથી બનતું. પરંતુ જે સગા ઉપર સારો રાગ હશે, એ વારે વારે યાદ આવીને એના પર રાગ ઉભરાયા કરે છે. ખાવામાં અમુક શાક નથી ભાવતું એના ઉપર દ્વેષ નહિ ઉભરાય; પરંતુ જે શાક બહુ ગમે એ વારે વારે યાદ આવી એના પર રાગ ઊભરાયા કરે છે, પૈસા પર બહુ રાગવાળાને મનમાં પૈસા જ પૈસા રમ્યા કરતા હોય છે, ને એના પરરાગ સ્ફૂર્યા કરે છે, ત્યારે એવાને કાંઈ દ્વેષની વસ્તુઓ મનમાં આવ્યા નથી કરતી કે જેથી દ્વેષ વારે વારે સ્ફુર્યા કરતો હોય.

મમ્મણશેઠના શા હાલ હતા ? લક્ષ્મી પર અથાગ રાગ. તે રાતદિવસ એની જ યાદ અને એના જ વિચાર એટલે એને લક્ષ્મીનો રાગ ઝગમગતો રહેતો. માટે જ એને ભારે અસ્વસ્થતા રહેતી.

**અસ્વસ્થતા એટલે, ભૂલશો નહિ, આત્માને ભૂલીને બહારમાં રહેવું, બાહ્ય જડ ચેતન વસ્તુમાં રમવું.**

મમ્મણની આ દશા હતી. બાહ્ય વસ્તુ લક્ષ્મીમાં રાગવશ એવો લીન બન્યો રહેતો કે પોતાનો આત્મા યાદ જ ન આવે. એટલી બધી ભારી અસ્વસ્થતા. ચોવીસે કલાક લક્ષ્મીનું જ તાન અને ધ્યાન. એકેક ક્ષણ પણ આત્માનો વિચાર જ ન મળે, બહારથી અંદર આત્મામાં આવવાનું જ નહિ.

**પ્ર.**- મમ્મણને એટલે બધો ધનરાગ કેમ ?

**ઉ.**- એનું કારણ એ, કે પૂર્વ જનમમાં લાડુનું મુનિને દાન કર્યા પછી એ તો સિંહકેશરિયો અવ્વલ કોટિનો લાડુ હતો.' એમ ખ્યાલ આવ્યાથી એના પર રાગ ઊછળ્યો. તે એ રાગમાં હાય ! આવો સારો મારો લાડવો ગયો ? એમ એ લાડુ ગયાના ભારે શોકમાં પડી દાનનો પસ્તાવો કરી દાનના સુકૃતને બાળી નાખેલું. લાડુના આવા કારમા રાગમાં સ્વસ્થતા યાને સ્વાત્માને સંભારવાનું ક્યાં રહ્યું ?

**સ્વાત્માને જો સંભાર્યો હોત.**

તો તો મનમાં એમ થાત કે મેં કેટલા બધા ઊછળતાં ભાવ અને ભક્તિથી લાડુ વહોરાવેલો ! તે ઓહો ! આવો અદ્‌ભુત સિંહકેશરિયો લાડુ હતો ? શું એના દાનનો લાભ મળ્યો ? વાહ ! વસ્તુ ય ઊંચી, ભાવે ય ઉંચા, અને પાત્ર પણ ઊંચુ; મારે તો ત્રિવેણી સંગમ થયો, ચિત્ત-વિત્ત અને પાત્ર વડાઈ, કેટલો બધો અતિ ઉચ્ચ લાભ ! આ લાભની આગળ સારો લાડુ ખાવામાંથી ગયો તો ભલે ગયો



ખાઈને બીજે જ દિવસે ય એનો સ્વાદ આનંદ ન રહેત ત્યારે આ અતિ ઊંચુ સુકૃત થયાનો આનંદ જીવનભર રહેશે'.

પરંતુ મમ્મણના જીવને પૂર્વભવે આ સૂઝ્યું નહિ, એને તો લાડુ ગયાનો કલ્પાંત રહ્યો; કારણ ? આ જ કે એને આત્માને ભૂલી લાડુ ઉપર ખૂબ રાગ ઉછળ્યો.....પહેલાં લાડુના દાનનો અતિ આનંદ થયેલ ત્યાં દાનનો રાગ ઊછળેલા ખરો, એ વખતે લાડુનો રાગ મોળો પડી ગયેલ; પરંતુ ત્યારે લાડુ સિંહકેશરિયો હોવાની ખબર નહોતી, તે હવે દાન કર્યા પછી ખબર પડી એટલે લાડુનો અતિ રાગ ઊછળી પડ્યો, ને એણે દાનના રાગ ને આનંદને દૂર ફેંકી દીધો.

દાનનો રાગ હતો આનંદ હતો એ સ્વના પોતાના આત્માના કલ્યાણની દૃષ્ટિએ, તેથી એમાં સ્વમાં આત્મામાં રહેવાનું-ઠહેરવાનું-ઠરવાનું બનેલું. અર્થાત્ સ્વસ્થતા આવેલી. ત્યારે લાડુના રાગમાં સ્વ યાને આત્મા સરાસર વિસરાયો. 'આ લાડુથી મારી જીભને કેટલો બધો આનંદ સુખ મળત !' એમ જીભના સુખનો રાગ અને લાડુનો રાગ ઝળકી પડવાથી લાડુમાં અને લાડુ-સુખમાં ઠહેરવાનું આવ્યું પરસ્થતા-અસ્વસ્થતા આવી. આ કેવી અ-સ્વસ્થતા ? સ્વની તદ્દન બેપરવાઈ કરાવે એવી જાલિમ અ-સ્વસ્થતા !

**અતિ રાગના સંક્લેશની અસ્વસ્થતા ભૂંડી**

ચક્રવર્તીનું સ્ત્રીરત્ન-પટ્ટરાણી જે મરીને છઠ્ઠી નરકમાં જતી હશે એની રાગસંક્લેશમાં અસ્વસ્થતા કેવી ! રાગમાં લાગે શું ? ભારે ઠંડક, ભારે મસ્તતા; કોઈના પર એવો દ્વેષ નથી, કોઈ હાયવોય વ્યાકુળતા નથી, કોઈ ભય-શંકા-ઉકળાટ નથી, 'બસ, કેવા મજેના વિષય ! મજેના વિષયમુખ !' એમ દેખાવમાં શાંતિ સ્વસ્થતા હોવાનું લાગે. પરંતુ આ જ ભારે અ-સ્વસ્થતા છે. કારણ કે આમાં ક્યાંય સ્વને આત્માને યાદ કરવાનું નથી; લેશમાત્ર સ્વ તરફ દૃષ્ટિ જ નહિ, સ્વમાં રહેવા ઠરવાપણું જ નહિ, સ્વસ્થતા જ નહિ; અને,

**આ રાગની અ-સ્વસ્થતા છઠ્ઠી નરકને નોંતરે છે.**

**ચક્રવર્તીની પટ્ટરાણીની જીવનમાં ક્યું એવું મોટું પાપ કે જે એને છઠ્ઠી નરકમાં લઈ જાય ? કહો, માત્ર તીવ્ર વિષયાસક્તિનું પાપ.**

બાકી એની હિંસાઓ-ખૂન-આરંભ-સમારંભોમાં તન્મયતા છે ? શું કામ હોય ? કોઈના તરફ એવા દ્વેષ નથી કે એનું ખૂન કરવાની બુદ્ધિ થાય. બોડીગાર્ડો, વફાદાર નોકરો-દાસ-દાસીઓનો એવો પરિવાર છે કે કોઈના તરફથી ભય પણ નહિ કે જેથી એના ખૂનની ભાવના ય જાગે. મોટા આરંભ-સમારંભો ચક્રવર્તીના માણસો સંભાળી લે છે, એટલે એમાં માથું મારવું પડતું નથી, કે જેથી આરંભ-

સમારંભ હિંસામાં તન્મયતા હોય.

ત્યારે પટ્ટરાણી ભારે જૂઠાણાં બોલે ? મોટી ચોરીઓ કરે ? શી જરૂર ? એનો દરજ્જો-દમામ-જશ એવા ભારી છે કે એના એકેક બોલભારે આદરથી ઝિલાય છે, ત્યાં જૂઠની એને જરૂર જ શી ?

**માણસ ક્રોધથી લોભથી ભયથી કે હાસ્યથી જૂઠું બોલે છે.**

(૧) ઓરમાન માતાને શોક્યના દીકરા પર દ્વેષ છે, ક્રોધ છે, તેથી એના અંગે જૂઠું બોલે છે, દા.ત. એ બોલે છે, 'આ રોયો મને હેરાન હેરાન કરે છે;....કશું કામ જ કરતો નથી,.....ખાય તો ય ભુખારવો.....'

(૨) વાણિયા ભારે કમાઈ લેવાના લોભમાં ધંધામાં જૂઠ હંકારે છે. માતાને પોતાના અતિ વહાલા દીકરા જૂઠ હંકારે છે. માતાને પોતાના અતિ વહારા દીકરા પર રાગ છે તો એના દોષ-દુર્ગુણ છાવરવા જૂઠ બોલે છે; દા.ત. મારે દીકરો તો બહુ ડાહ્યો છે, તોફાન કરે જ નહિ.'

(૩) ભયથી જૂઠું તો કેટલું ય બોલાય છે. છોકરે ગુનો કર્યો, પરંતુ વડિલનો ભય લાગે છે કે શિક્ષા કરશે તેથી ગુનો છુપાવવા જૂઠું બોલે છે કોરટમાં કેસ હારી જવાના ને સજા થવાના ભયથી કેટલાં જૂઠ્ઠાં બોલાય છે ?

(૪) હાસ્ય-મશ્કરીમાં જૂઠ બોલવાનું તો ક્યાં લેવાં જવાનું છે ?

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૪,અંક-૨૧,તા.૭-૨-૧૯૭૬**

**જીવનમાં બીજા આનંદ ખૂટી જાય એટલે માણસ હસા-મશ્કરીના અને એમાં જૂઠ બોલવાના તુચ્છ આનંદને શોધાય છે.**

ચક્રવર્તીની પટ્ટરાણીને દિવ્ય જેવા ગીત-નૃત્ય, ખેલ-તમાશા, વાર્તાવિનોદ, ઉંચા રસ, ઊંચી સુગંધ-સુગંધિદાર ઉદ્યાનમાં ટહેલવાનું, ઊંચા ગળચટા સ્પર્શના વિષયો વગેરે સુખનો એટલો ભરચક રસાલો છે કે એના આનંદ લેવામાંથી ઊંચી જ ન આવે પછી શા સારુ એ હસા-મશ્કરીની જાલિમ કુટેવ કે હસા-મશ્કરીમાં જૂઠ બોલવાની ભયંકર કુટેવ ટાળવાનો આ બોધપાઠ મળે છે,-

**હસા-મશ્કરી-જૂઠ ટાળવાનો ઉપાય :-**

(૧) હસા-મશ્કરી અને જૂઠના આનંદને તુચ્છ લેખો, અને એમાં ન ફસાવા માટે

(૨) શાસ્ત્રસ્વાધ્યાય, જાપ-તત્ત્વ-પરમાત્મ-ચિંતન, મહાપુરુષનાં જીવનનાં વિસ્તારથી સ્મરણ, વિસ્તારથી તીર્થવંદના વગેરેના મહા આનંદને સમજો,

(૩) એમાં દિલમાં દટાયા રહો.



તો હસા-મશ્કરી અને જૂઠના તુચ્છ આનંદ લેવાનું મન નહિ થાય.

આમાં ત્રણ વાતો આવી,-

(૧) હસા-મશ્કરીના આનંદને તુચ્છ અતિ તુચ્છ સમજો.

(૨) શાસ્ત્રસ્વાધ્યાય-મહાપુરુષ જીવન સ્મરણ વગેરેના આનંદને મહાન અતિ મહાન લેખો.

(૩) એ શાસ્ત્રસ્વાધ્યાયદિમાં દિલથી લયલીન રહો.

એ પણ હકીકત છે કે ઊંચા ગીત-નૃત્ય વગેરેના મહાઆનંદ હોય તો ય હસા-મશ્કરી-જૂઠના આનંદને જગા ન રહે, કિન્તુ એ મહાઆનંદમાં અતિરાગના સંક્લેશની અસ્વસ્થતા છે, તેથી એ ગોઝારા આનંદ છે. બાકી તમારા ચાલુ-જીવનના આનંદ ખૂટી પડે છે, એટલે જ હસા-મશ્કરી અને એમાં જૂઠથી તુચ્છ આનંદ લેવાનું મન થાય છે. એ સંસારના સુખોની અસારતા સૂચવે છે.

રવિવારે સ્નેહી સાથે હમણાં હાઈકલાસ જમણ સંગીતશ્રવણ સાથે જમ્યા, એમાં ભરપૂર આનંદ આવ્યો, પછી ટેસથી ગાદલામાં લેટવામાં આનંદ આવ્યો, હવે એ આનંદ ક્યાં ભાગી ગયો કે પછી પત્તાબાજી ગપસપ-હસામશ્કરીના તુચ્છ આનંદ લેવાનું મન થાય છે ? જો પેલા સ્નેહમિલાપ-જમણ-સંગીત આરામના આનંદ ભરચક હતા, તો એની જ મસ્તી રહ્યા કરવી જોઈતી હતી. પણ ના, એ ટકતા જ નથી, ભૂલાઈ જાય છે, એટલે જ હસા-મશ્કરી વગેરેના તુચ્છ આનંદ લેવા દોડાય છે.

ત્યારે, 'સમરાઈચ્ચ કહા' શાસ્ત્રમાં પ્રારંભે લખ્યું છે કે,

**ક્ષુદ્ર ભોગો આનંદને જે બહુ માને છે એ અધમ તામસ પ્રકૃતિના જીવો છે.**

**તામસ પ્રકૃતિના જીવોને આત્માની વાત ન સૂઝે.**

એમ કેમ ? કારણ આ જ, કે જડ પુદ્ગલના તુચ્છ આનંદમાં રાચ્યોમાચ્યો રહેતો હોય તે એ જ શોધ્યા કરે, એ આનંદ મળતાં રાજીનો રેડ થતો હોય, અને પછીથી એનાં મીઠાં સંભારણાં કરતો હોય, આમ ત્રણે અવસ્થામાં જડમાં જ ખૂંચેલા એને આત્મા તરફ જોવાને ફુરસદ જ કયાં છે ? તેમ એમાં એને આનંદ શાનો દેખાય ? ને એ ન દેખાય એટલે વળી એમાં રસ ક્યાંથી આવે ? પછી કદાચ એ ધર્મક્રિયા કરતો હોય તો ય એમાં આત્માનો આનંદ નહિ, આત્મા માટે રસ નહિ.

જોજો જેને પરસ્ત્રી જોવામાં આનંદ છે, એ પરમાત્માનાં દર્શને ગયો છતાં એને એ દર્શનમાં એવો આનંદ નહિ આવે. ત્યાં ભલેને લાખ રૂપિયાના ભગવાન જોવાના મળ્યા, પરંતુ નથી ને જો કોઈ છેલબટાઉ વેશવાળી સ્ત્રી નજરમાં પડી, તો એના રાખ જેવા રૂપને જોવામાં તણાઈ જશે. એટલું જ નહિ, પણ એમાં દિલ જે ગળચટું થશે એવું ભગવાનનું વીતરાગતાએ ઝળકતું રૂપ જોવામાં ગળચટું નહિ

બન્યું હોય, જે રસ મીઠાશ પરસ્ત્રીનું રૂપ જોવામાં આવે છે, એ પરમાત્માનું રૂપ જોવામાં નહિ. માટે તો પરસ્ત્રીનું રૂપ એકીટસે જૂએ છે, ત્યારે પરમાત્માનાં દર્શન ડાફોળિયા મારતો કે આજૂબાજૂનું જોતો કરે છે. આમાં એ પણ ખબર નથી કે પરમાત્માને જોતાં શું જોવાનું ?

**પ્રભુનાં દર્શનમાં શું જોવું ? :-**

જાણો છો પરમાત્માના દર્શન કરતી વખતે મુખ્ય શું જોવાનું છે ? રસ્તામાં કોઈ સ્નેહી મળે તો શું જોવાય છે ? એનું મોંઢું અને મોંઢા પર એનું મુખ હોઠ તથા આંખો, એ કેવા હસતા મલકાતા પ્રેમાળ છે, યા રોતડ કે ગંભીર છે એના તરફ દૃષ્ટિ જાય છે, તો

ભગવાનનાં દર્શન વખતે મુખ્યપણે એમના હોઠ અને ચક્ષુ કેવા વીતરાગભાવ ભર્યા છે, એ જોવાનું છે. જોતાં આપણને એમ થાય કે 'વાહ ! પ્રભુની સામે ઈન્દ્રોની હાર ઊભી છે, એ મસ્તક નમાવી હાથ જોડીને ઊભી છે, છતાં પ્રભુને એનો હરખ નથી, માનની લાગણી નથી, રાગ નથી. કદાચ ગોશાળા જેવો કોઈ ગાળો દેતો આવ્યો, તો પ્રભુને એનો ખેદ નથી, એ વ્યક્તિ પર દ્વેષ નથી. અરે ! પેલાએ તેજોલેશ્યા મૂકી પ્રભુના શરીરમાં દાહ પેદા કર્યો છતાં પ્રભુને લેશમાત્ર ખેદ કે દ્વેષ નથી. વાહ ! પ્રભુ કેવા અદ્ભુત વીતરાગ !

એમ, ભગવાન સર્વજ્ઞ છે, અપ્સરાઓ ઇંદ્રાણીઓના ગોરા ગુલાબી રૂપ પ્રત્યક્ષ જૂએ છે, દેવ-દેવાંગનાના મસ્તીભર્યા ભોગ-વિલાસ સાક્ષાત્ નજર સામે હોય એવાં દેખે છે. છતાં પ્રભુને એની કશી અસર નથી. પ્રભુની કેવી અજબ વીતરાગ દશા !

**પવિત્ર વિચારસરણીનો ઉપાય :-**

**થોડા પણ ઠરીને આ રીતે વીતરાગની મૂર્તિ-મૂર્તિના ચક્ષુમાં વીતરાગતાનાં દર્શન કરો, એને યાદ કર્યા કરો પછી જૂઓ કે એથી સારા સંસ્કાર જમા થતા જઈ વિચારસરણી કેવી પવિત્ર બનાવે છે.**

જો જો હો, આ અનુભવ અને અભ્યાસથી સમજાય એવું છે એ રીતનાં વીતરાગનાં દર્શન કરવાનો જાત અનુભવ કરો, તેમજ એનો અભ્યાસ કરો, એટલે કે એ વારંવાર કરવાનું કરો, એટલે પછી મલિન વિચારસરણીમાં કેટલો સુધારો થતો આવે છે એ દેખાશે. ખાલી ખાલી ફરિયાદ કર્યા કરવી છે કે 'અમને ખોટા વિચારો કેમ આવે છે ?' પરંતુ એને અટકાવવા અને પવિત્ર વિચારો લાવવા આવા નક્કર ઉપાય નથી યોજવા, ખોટા વિચારો તથા મલિન વિચારસરણી ય ક્યાંથી અટકવાની ? ને એની ફરિયાદ ઠેઠ જિંદગીના છેવાડા સુધી ય શે મટવાની ?



ખોટા વિચારો અને મલિન વિચારસરણી અટકાવવા સુધારવા આ એક નક્કર ઉપાય છે કે વીતરાગની મૂર્તિની ચક્ષુમાં વીતરાગતા નિરખ્યા કરવી, અને એને પછીથી યાદ કર્યા કરવી. આ માટે વીતરાગની મૂર્તિ જબરદસ્ત આલંબન છે, આધાર છે.

**મૂર્તિનાં આલંબને એના આધારે વીતરાગતાનાં દર્શન થઈ શકે છે.**

**પ્ર.- અમે મૂર્તિ નથી માનતા. પત્થરની શો લાભ કરી શકે ?**

ઉ.- અરે ભાઈ ! મૂર્તિ નહિ માને, તો વીતરાગતાનું દર્શન વીતરાગતાનું ધ્યાન શી રીતે કરી શકીશ ? તારે કાંઈ મનમાં તો લાવવું પડશે ને ? જીવંત વીતરાગનો દેહ લાવવો પડશે. તો એમાં પણ શું આવ્યું ? જડ પુદ્ગલનો બનેલો દેહ આવ્યો, એ પણ શું છે ? એ થોડો જ વીતરાગનો પરમ આત્મા છે ? આત્મા તો અરૂપી નિરંજન નિરાકાર છે. મનની સામે એને શી રીતે લાવી શકવાનો ? જેને રૂપ નહિ, આકૃતિ નહિ, એને મનની આંખથી પણ શી રીતે જોઈ શકાય ? કેન્દ્રિત કરવા કોઈ કોઈ ચોક્કસ આકૃતિ મનની સામે લાવવી પડે જ છે. એ આકૃતિ જડ દેહની જ હોય, અરૂપી આત્માની નહિ.

હવે ત્યાં જો પ્રશ્ન નથી થતો કે 'માટીની કાયા શો લાભ કરી શકે ?' તો મૂર્તિ અંગે કેમ પ્રશ્ન ઊઠે છે કે પત્થરની મૂર્તિ શો લાભ કરી શકે ?'

માટે આ સમજો કે જેમ પરમાત્માના દેહનાં આલંબને વીતરાગતાના દર્શન થાય છે, વીતરાગતાનું ધ્યાન થાય છે. એમ પરમાત્માની મૂર્તિનાં આલંબને વીતરાગતાનાં દર્શનનો અને ધ્યાનનો મહાન લાભ થાય છે. પૂછો,-

**પ્ર.-** જો વીતરાગના દેહથી લાભ થઈ શકતો હોય તો પછી મૂર્તિની શી જરૂર ?

ઉ.- એકલા દેહથી લાભ લેવો છે એ માત્ર મનથી કલ્પના કરીને થશે. પરંતુ મનની ગુંજાયશ કેટલી કે એ ચિરકાળ એનું ધ્યાન કરી શકે ? કેમકે જીવ બાહ્ય રૂપો જોવાનો વ્યસની બનેલો છે. કેવો વ્યસની ? અફીણિયા કરતાં ભૂંડો. અફીણના વ્યસનની ભારે પ્રમાણમાં અફીણ ખાઈ લીધા પછી અફીણ સામે નજરે ચડે છતાં ખાઈ નહિ નાખે; પણ બાહ્યરૂપ જોવાના વ્યસની જીવને ગમે તેટલાં જોવા મળી ગયા પછી પણ નવું બાહ્યરૂપ નજરે ચડે એટલી વાર, એ જોયા વિના નહિ રહે.

**બાહ્યરૂપો જોવાનું કેવુંક ભયંકર વ્યસન !**

એટલા માટે તો શ્રાવકને બહાર મફતિયું હરવા ફરવાની શાસ્ત્રો મનાઈ કરી. કારણ, મફતિયું હરવા ફરવામાં બાહ્ય રૂપો નજરે ચડવાનાં ને જીવ એ જોતો ફરવાનો. એમાં અનર્થદંડના પાપ લાગવાનાં ને મોહના સંસ્કાર પોષાવાના.

**સમકિતી જીવ તો માને કે અનંત સંસારમાં ભટકાવનારાં એ બાહ્ય રૂપો**

અનંતી અનંતી વાર જોઈ જોઈને હવે એનાથી થાક્યો. તેથી હવે એ મફતિયા બાહ્ય રૂપ શું જોતો ફરું ?

વળી બાહ્ય જડ પુદ્ગલનાં રૂપ તો પલટાતા છે તો એને શા સારાં-નરસાં લેખી એની પ્રશંસા નિંદા કરું ?

**પુદ્ગલના ખેલ :-**

ખબર છે ને પેલા સુબુદ્ધિ મંત્રીએ રાજા જિતશત્રુને શું કહ્યું ? રાજાએ જમણ ગોઠવેલું. અમલદારે અને શેઠિયાઓને નોંતરેલા. જનતાં જમતાં રાજા જમણની એકેક ચીજની પ્રશંસા કરે છે, ને જમનાર એમાં ટેકો પૂરે છે,-'ખરી વાત મહારાજા સાહેબ વસ્તુ ખૂબ સરસ બની છે ! રસોઈઓ ભારે હોશિયાર બધા ટેકો પૂરે છે, માત્ર સુબુદ્ધિ મુખ્યમંત્રી ગંભીર રહી મૌન રાખે છે, મુખનો મલકાટ પણ નથી દેખાડતો.

રાજા પૂછે કેમ મંત્રીશ્વર ! આ તમને કાંઈ પસંદ ન પડ્યું ? તેમ કેમ કાંઈ બોલતા નથી ?'

મંત્રી કહે 'મહારાજા સાહેબ ! આમાં શું બોલવું હતું ? આ તો બધા પુદ્ગલના ખેલ છે !

રાજા આમાં કાંઈ સમજ્યો નહિ. એને વળી એ લાગે છે કે આમાં ખેલ શા ? આ કાંઈ નાટક-ભવાઈ છે !

**સુબુદ્ધિમંત્રીની તત્ત્વભાવિત મતિ :-**

મંત્રી જૈનધર્મ પામેલો છે, સમ્યગ્દૃષ્ટિ આત્મા છે, જૈનધર્મના તત્ત્વ એના હૃદયમાં પરિણત થયેલ છે, એની મતિ ભાવિત થયેલી છે. એટલે ભોજનનાં શું કે બીજાં શું, જડ પુદ્ગલનાં પલટાતાં રૂપમાં કશું કાયમી-સુંદર-અસુંદર જેવું લાગતું નથી. જગતના વિશાલ અજીવ પુદ્ગલતત્ત્વના પરિવર્તન નજર સામે રમે છે. ઉત્પાદન-વ્યય-ધ્રૌવ્ય, ઉત્પત્તિ-સ્થિતિ-નાશ વસ્તુ વસ્તુમાં સમયે સમયે ચાલુ છે. ત્યાં ક્યાં જમણ-પદાર્થની એકલી ઉત્પત્તિમાં અટકી જવું ?' મંત્રીની મતિ અજીવતત્ત્વના વ્યાપક અને સમગ્ર સ્વરૂપથી ભાવિત થયેલી છે એટલે એ ઉત્પત્તિ-સ્થિતિ-નાશ ત્રણેય સ્વરૂપને નિહાળે છે. ત્યાં ક્યાં વર્તમાન એકલા ઉત્પત્તિસ્વરૂપમાં મતિ અટકી જાય ? ઠહેરી જાય ?

દા.ત. જૂઓ, બરફી બની, વર્તમાન સ્વરૂપ એનું સુંદર દેખાયું, પરંતુ એ જ પુદ્ગલનું પૂર્વ સ્વરૂપ દૂધ, એની પૂર્વે એનુંજ ભેંસના પેટમાં મલિન ગંદુ રસસ્વરૂપ ! વળી બરફી ખાનારને પેટમાં ગયા પછી પણ એનું જ રસસ્વરૂપ ગંદુ, ઊલટીથી બહાર આવી જાય તો જોયું ય ન ગમે, ને પાછું મોંમાં નાખવું ય ન ગમે



એવું !

**બરફીનાં વર્તમાન સ્વરૂપની સાથોસાથ આ આગળ-પાછળનાં ગંદા સ્વરૂપ નજર સામે તરવરતા હોય, પછી બરફીનાં વર્તમાન સ્વરૂપ પર શું ઓવારી જવાનું મન થાય ?**

**ચોર-લબાડ નોકરનું દૃષ્ટાન્ત :-**

નોકરીમાં માણસ રાખ્યો, સેવા સારી બજાવે છે, એ જોઈ મન ખુશી ખુશી તો થઈ ગયું પરંતુ ત્યાં જો એના પૂર્વ શેઠ પાસેથી જાણવા મળે કે 'આ કબાડું કરીને આવેલ છે, કાંઈક ચોરી કરેલી ને પકડાયેલો, અને કાઢી મૂકાયેલો;' તો બોલો, આ જાણ્યા પછી હવે એ નોકરીની સારી પણ સેવા પર હૈયું ઓવારી જાય ? ના, હવે તો ઘૃણા થાય છે કે 'અરે ! આ માણસ આવો ચોર ? લબાડ ?'

બસ, સુબુદ્ધિમંત્રીની તત્ત્વભાવિત મતિમાં બરફીના પૂર્વોત્તર સ્વરૂપ સાફ સાફ દેખાતા હોય પછી વર્તમાન સ્વરૂપ પર એ શાનો ઓવારી જાય ? કહો ને, અરે ભાઈ ! આગળ-પાછળનું શું જૂઓ ? વર્તમાનમાં બરફી કેટલી બધી સુંદર છે. એનો કણ કણ કેટલો બધો રસમાં મીઠો, અને ગુલાબના એસેન્સથી ગંધમાં મઘમઘતો છે ?' આમ જો કહેતા હોત તો તો પેલા નોકરનું પાછલું સ્વરૂપ શું જૂઓ ? વર્તમાનમાં એ કેટલી સુંદર સેવા અને કેવી નમ્રતા પવિત્ર નીચી દૃષ્ટિ રાખીને કરી રહ્યો છે !' એવું કહેવા તૈયાર છો ? ના, એ તો કેમ કહેવાય ? પૂર્વે એવો ચોર ? એવો લબાડ કે શેઠની જ છોકરી પર અડપલું કરવા ગયેલો ? હરામી નહિ તો.' આવું જ કહેવાનું અને ઘૃણા જ કરવાનું મન થાય ને ?

બસ, સમકિતદૃષ્ટિ સુબુદ્ધિમંત્રીનું દિલ જડ પુદ્ગલના ઉત્પત્તિ-સ્થિતિ-નાશના સ્વરૂપથી ભાવિત થયેલું, એ જમણના પદાર્થોનાં માત્ર વર્તમાન રૂપાળાં સ્વરૂપ પર શાનું ઓવારી જાય ?

**તત્ત્વજ્ઞને સારા દેખાતા જડ પર રાગ નહિ, નરસા પર ઘૃણા નહિ :-**

ખૂબી જોજો, એ તત્ત્વજ્ઞ મંત્રીને જમણનાં મેવા પકવાન્નનાં સુંદર દેખાતા સ્વરૂપ પર રાજીપો નથી, એમ ગટરના મેલાં પાણી પર ઘૃણા પણ નથી, એ આગળ દેખાશે. કારણ એક જ, કે એ ગટરિયાં પાણીનું વર્તમાન સ્વરૂપ પણ પૂર્વ-દશામાં ને ઉત્તમ દશામાં સુંદર પણ છે જ. તો વર્તમાન સ્વરૂપ ભલે ગંદુ, છતાં એમાં શું અટકી જવું ? શી ઘૃણા કરવી ?

**અજીવનાં પલટાતા સ્વરૂપની જેમ આશ્રવતત્ત્વ પર વિચારણા :-**

આ તો અજીવ તત્ત્વની વાત થઈ, પરંતુ મંત્રીની બુદ્ધિ આશ્રવતત્ત્વથી પણ ભાવિત થયેલી છે. તેથી એ જૂએ છે કે ખાવાના પર રાગ કરો એની પ્રશંસા કરો,

તો ય એ જે સ્વરૂપે, રાગ-પ્રશંસા ન કરો તો ય પરિણામ પામે છે. પરિણામ પામવામાં કશો ફરક નહિ, પેટ બગડેલું હોય અને ખૂબ રાગ-પ્રશંસા કરતાં કરતાં બરફી ખાધી, તો ય વિકૃત જ પરિણામ પામવાની, પેટમાં એની બરબાદીજ થવાની, ખળ-મળ થઈ અજીરણ જ થવાનું. ત્યારે જો સશક્ત પેટ છે અને મુદ્દલ રાગ-પ્રશંસા કર્યા વિના બરફી ખાધી, તો ય તે તુષ્ટિપુષ્ટિ જ કરવાની એવી રસ-રુધિર આદિ રૂપે પરિણામ પામવાની. તો કહો, આમાં રાગ-પ્રશંસાએ શો વિશેષ કર્યો ?

સુબુદ્ધિમંત્રી આ જૂએ છે કે બરફીના પરિણામમાં રાગ-પ્રશંસાથી કશો ફરક પડતો નથી, પરંતુ રાગ પ્રશંસા એ કષાય અને પાપ-વચનયોગરૂપી આશ્રવ છે ને એનાથી આત્માને અઢળક અશુભ કર્મબંધ થાય છે. આત્માને આ મફતનો જ માર ને ? એ અશુભ કર્મના વિપાકમાં આત્માને ભારે અશાતા અપયશ અજ્ઞાન-મૂઢ દશા વગેરે દુઃખદ પરિણામ અનુભવવાનાં. એટલે શું આવ્યું ?

**હજી કદાચ મેવા મીઠાઈથી શરીરને લાભ થાય, પરંતુ મેવા મીઠાઈના રાગ અને પ્રશંસાથી દેહને કશો નફો નહિ, અને આત્માને માર ખાવાનાં ભયંકર ! મફતિયો મારે !**

આશ્રવ તત્ત્વથી પરિણત બુદ્ધિવાળો મંત્રી છે, એ રાગ-પ્રશંસારૂપી આશ્રવોને આત્માને મફતિયો ભારે માર દેનારા દેખી એ રાગાદિ આશ્રવને ત્યાજ્ય સમજી એના પર ઘૃણા-ગ્લાનિ-અરુચિવાળો છે. તેથી શું કામ એ રાગ-પ્રશંસાદિ સેવે ?

**આશ્રવ તત્ત્વથી ભાવિત દિલ એનું નામ છે, કે બીજા કશો વાંક વિના આત્માને મફતિયો પ્રવૃત્તિ અને મોહ-મિથ્યાત્વ-અજ્ઞાન તરફ ભારે ઘૃણા હોય.**

નફરત હોય, એવી કે ચાલે ત્યાં સુધી એને સેવવા દિલ નહિ, અને સેવાઈ જાય એનો એને પારાવર ખેદ થાય. આશ્રવતતત્ત્વથી દિલ ભાવિત કરવું છે ? તો આ કરો, (૧) જેનું નામ અશુભ આશ્રવ, એના પર ઘૃણા અને નફરત, (૨) એનાથી પરલોક બગડવાનો ભારે ભય, અને (૩) આશ્રવ સેવાઈ જવા પર પારાવાર ખેદ અફસોસી ઊભી કરો.

**સમ્યગ્દર્શન સસ્તુ નથી, એ તત્ત્વપરિણતિ માગે છે.**

જીવ-અજીવ તત્ત્વ પર ન રાગ, ન દ્વેષ, ઉદાસીન ભાવ, આશ્રવતત્ત્વ પર ભારે ઘૃણા-ભય-ખેદ. એમ સંવર નિર્જરાતત્ત્વ પ્રત્યે ભારે આદર-આકર્ષણ આલ્હાદ રુચિ.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૪,અંક-૨૨,તા.૧૪-૨-૧૯૭૬**

સુબુદ્ધિમંત્રીનાં સમ્યગ્દર્શન પાછળ આ તત્ત્વપરિણતિ હતી, તત્ત્વથી ભાવિત



દિલ હતું, એટલે કે તેવાં તેવાં તત્ત્વ પ્રત્યે તેવું તેવું ઉદાસીન યા ખિન્ન યા પ્રસન્ન....દિલ હતું. એ 'આ જમણની વસ્તુ કેટલી સરસ !' એમ રાજાથી થતી જમણ-પ્રશંસામાં શાનો મતું મારે ? એણે તો હાજી હા ન કહેતાં આ તો પુદ્ગલના ખેલ છે; આમાં સરસ શું કહેવું ?' એટલુ જ કહ્યું.

રાજાને 'આ પુદ્ગલના ખેલ છે' એ બોલાતાનો કાંઈ ભાવ ન સમજાયો. ક્યાંથી સમજાય ?

**સમ્યગ્દષ્ટિ** આત્માના ઉચ્ચ દિલના બોલના ભાવ મિથ્યાત્વમાં ફુલતા જીવ ક્યાંથી સમજી શકે ?

**શાસ્ત્ર કહે છે સાધુ અંતરથી સુખી અને બહારથી દુઃખી, ત્યારે સમકિતી જીવ અંતરથી દુઃખી ને બહારથી સુખી હોય છે.**

આ અંતરનો અને બહારનો ભેદ સમજવા પણ સમ્યગ્દર્શન-દશા યા અપુનર્બંધક-દશા જોઈએ. મિથ્યાત્વમાં રુલતા જીવને એ બંનેમાંથી એકે ય દશા નથી. મિથ્યાત્વમાં રુલે છે, રમે છે, એટલે દુન્યવી વિષયસુખોમાં લયલીન છે, મસ્ત છે. વિષયસુખોમાં મસ્તી લયલીનતા એ મિથ્યાત્વની રમણતાનો પ્રભાવ છે; મિથ્યાત્વ જીવને વિષયમસ્તીમાં પકડી રાખે છે, અથવા કહો, એ મસ્તી-લયલીનતા મિથ્યાત્વમાં રુલતો રાખે છે. એવાને અંતરના સુખ-દુઃખની ગમ જ ન પડે. એ સમજે છે કે બહારથી સુખી એટલે અંતરથી સુખી.

બોલો, આ વાત સાચી છે કે 'બહારથી સુખી એ અંતરથી સુખી જ હોય ?' હા કહી શકો એમ નથી. કેમકે જગતમાં દેખાય છે, કે કેટલાય બહારથી સારા પૈસા ટકા-પરિવાર-પ્રતિષ્ઠા માનમર્તબો વગેરેથી સુખી માણસો અંતરમાં એક યા બીજી ફરિયાદ યા કોઈ વાતની ન્યૂનતા અથવા કશું બગડી જવાના યોગે દુઃખી છે, સંતાપ અનુભવતા હોય છે. દા.ત.

પાસે પૈસા ભરપુર છે, પણ પોતાને લાગ્યા કરે છે કે પત્ની પુત્રો વગેરે પોતાનું માન બરાબર જાળવતા નથી, પોતાના નિકટ અંગત માનેલા મિત્ર સ્નેહી આગળ આ ફરિયાદ કરે છે, દુનિયાની દૃષ્ટિએ મોટાં કરોડપતિ ગણાઈએ તેથી દુનિયા આપણી મોટી કિંમત કરે છે, પણ ઘરમાં જ કિંમત નહિ, પછી કરોડ મળ્યા અને દુનિયામાં પૂજાયા તેથી શું ? જેની સાથે ચોવીસે કલાક રહેવાનું ત્યાં જ અપમાન અનાદર, કિંમત વિનાની સ્થિતિ, એ કેમ પોષાય ?'

**શું માણસ બહારના અનાદરથી દુઃખી છે ? ના, પોતાના વહેમી મનથી દુઃખી છે.**

કેમકે, કેટલીકવાર હકીકતમાં આ નથી હોતું, પત્ની-પુત્રો માન આપતા

હોય છે. દિલમાં કિંમત કરતાં હોય છે. પણ બહારના નાટકિયાના જેવા માન સન્માન અને ફેશનેબલ શબ્દપ્રયોગ કરતા નથી એટલે આ મૂરખ માણસ માની લે છે કે મારી કિંમત નથી અથવા પૂર્વે રામ વગેરે પિતાની પ્રત્યે કે લક્ષ્મણ વગેરે ભાઈની પ્રત્યે રાખતા એવી આદર્શ કોટિની ઊંચી રીતભાત આજના નાનડિયાને ન આવડે એટલે આ મૂરખ માણસ માની લે છે કે મારી કિંમત નથી અથવા પૂર્વે રામ વગેરે પિતાની પ્રત્યે કે લક્ષ્મણ વગરે ભાઈની પ્રત્યે રાખતા એવી આદર્શ કોટિની વિનયની રીતભાત રાખે છે ને ? તો એમાં સંતોષ માન. શું કામ આદર્શનો વિચાર કરીને દુઃખિયો થાય છે ? વળી તારું પુણ્ય કેટલું ? પૂર્વ પુરુષો જેટલું બળવાન પુષ્ટ પુણ્ય ક્યાં લઈ આવ્યો છે ? આવા માણસો બહારથી સુખી દેખાવા છતાં અંતરથી સુખી નથી. અંતરમાં એક યા બીજા પ્રકારનો સંતાપ ચાલ્યા કરે છે.

**સમકિતી અંતરથી દુઃખી આવો નહિ, કેમકે પુણ્ય પ્રમાણે બરાબર મળ્યાનું સમજે છે.**

પરંતુ સમકિતી આત્મા અંતરથી આવો દુઃખી નથી. એને અંતરનું દુઃખ જૂદું છે. આવા સંતાપને તો એ આત્મઘરમાં ઘાલે નહિ; કેમકે કર્મ પર એને એટલે એ સમજે છે કે આપણને મળ્યું છે એ આપણાં કર્મપ્રમાણે બરાબર છે. આપણું પુણ્ય જ નાનું હોય અને આપણે મોટાં સુખ-સન્માનની આશા રાખીએ એ હક બહારની વસ્તુ ઈચ્છી મૂર્ખ ઠરવા જેવું છે. નાનડિયા આપણી કિંમત કદાચ ઓછી આંકે છે. તો ય એ એમનો વાંક નહિ, પણ આપણાં કર્મનો વાંક છે. આપણાં આદેયનામકર્મ યશનામકર્મ સૌભાગ્યનામકર્મ જ એવાં દૂબળાં એટલે એના હિસાબે આમ જ બને. નહિતર એ નાનડીયા પાછા બીજાની કિંમત આંકે ને મારી ન આંકે એમાં દોષ મારો જ, મારાં કર્મ નો જ ગણવો રહ્યો.'

**અંજનાસુંદરીનો વિવેક :-**

અંજનાસુંદરીને પતિના બાવીસ વરસના વિયોગ પછી હવે પતિ પવનંજય એના સામું જોવા આવે છે. ત્યારે પહેલાં પોતાના મિત્ર પ્રહસિતને શુભ સમાચાર આપવા અંદર મોકલે છે. એ વખતે પહેલાં તો અંજનાસુંદરી 'આ કોણ પરપુરુષ અંદર પેઠો ? ચાલ્યા જાઓ અહીંથી, અહીં પવનંજય સિવાય બીજા કોઈ પુરુષને પેસવાનો અધિકાર નથી,' પરંતુ પ્રહસિત કહે છે, 'હું બીજો કોઈ પુરુષ નથી પરંતુ, પવનંજયનો અંગત મિત્ર પ્રહસિત છું; અને તમને શુભ સમાચાર આપવા આવ્યો છું કે પવનંજય હવે તમને મળવા બહુ ઉત્સુક થઈ અહીં આવે છે.

એ વખતે અંજનાસુંદરી કહે છે, 'અરે ! પ્રહસિત ! આ તમે મારી મશ્કરી શું કરો છો ? એ નરોત્તમ પતિએ પરણીને ૨૨-૨૨ વરસ સુધી મારા સામે નથી



જોયું એ આજે શાના મારી સામે જોવા આવે ? આમાં એમનો વાંક નથી, વિધિનો જ વાંક છે, મારા કર્મ જ એવાં કે એ મારા સામું ન જુએ. નહિતર એ મહાન પુરુષ તો ઘણાને પોતાનો પ્રેમ આપે છે. નાના હવાલદાર પ્રત્યે પણ એ હેત ધરાવે છે. તો મને કેમ એમાંથી બાકાત રાખે ? પરંતુ મારાં પૂર્વના કર્મ જ દૂબળાં હોય એ એમના પ્રેમની આડી દિવાલ ધરે એમાં એ શું કરે ?'

**પર્વતનાં ઝરણાં અને શિલાનું દૃષ્ટાન્ત :-**

શું કહ્યું અંજનાએ ? પર્વતમાંથી પાણીનાં ઝરણાં વહેતા હોય, ને એ નીચેના ખાડાઓને પાણીથી ભરી દેતાં હોય, પરંતુ કોઈ ખાડાની ઉપરની બાજુ મોટી શિલા પડી હોય તેથી ઝરણાનું પાણી એ ખાડામાં ન આવે એમાં પર્વતનો શો દોષ ? એમ પવનંજયનાં પ્રેમ ઝરણાં અનેકને મળે છે, પરંતુ મારાં અશુભ કર્મની શિલા એ પ્રેમને મારા પર નથી ઊતરવા દેતી એમાં એમનો કશો દોષ નથી, મારાં કર્મનો જ દોષ છે. બાકી એ તો મહાન પુરુષ નરોત્તમ છે.

**પવનંજયનો પલટો :-**

બહાર ઊભો ઊભો પવનંજય આ સાંભળીને વધુ પીગળી જાય છે. ચક્રવાકી-ને એક રાતના ચક્રવાકના વિરહનું ભારે દુઃખ જોઈ એને થયું હતું કે અરે ! તે પછી ૨૨-૨૨ વરસના મારા વિરહમાં અંજનાસુંદરીને કેટલું કારમું દુઃખ રહ્યું હશે! એમ પીગળી જઈને એ હવે અહીં આવેલો, એમાં વળી અંજનાની આ ઉત્તમતા જોઈ વધુ પીગળી ગયો. એને એમ થયું કે અરે ! જેની સામે મેં વરસોથી નથી જોયું એ અંજના મારા માટે આટલો બધો ઊંચો ખ્યાલ રાખે છે ? મારા પર ગજબનું ઊંચું બહુમાન ધરાવે છે ? ત્યારે મારી કેવી મૂર્ખાઈ કે લગ્ન પહેલાં એની સખીઓની મજાક સાંભળી મેં એના પર કલંક ચડાવ્યું કે એ અંતરનો પ્રેમ બીજા પર ધરાવે છે. આ મારી કેવી મૂઢતા ? એને મારા પર અંતરનો પ્રેમ ન હોય તો બાવીસ વરસના મારા તરફથી દુઃખ વરસવા છતાં આજે પણ આના મારા પર અથાગ બહુમાનના આ શબ્દો શાના હોય ?'

પવનંજય અત્યંત પીગળી જઈને તરત અંદર આવીને ગદ્ગદ સ્વરે પગે પડીને અંજનાની માફી માગવા જાય છે, પણ મહાસતી અંજના એને તરત એમ કરતાં અટકાવી કહે છે, 'આર્યપુત્ર ! તમારો ગુનો જ ક્યાં છે ? તમારે શાની ક્ષમા માંગવાની હોય ? વાંક મારાં અશુભ કર્મનો હતો. બાકી આજે તમે મારી સામું જોવા આવ્યા છો એ તમારી મોટી દયા છે; તમારો ઉપકાર છે.

**કર્મ પર અટલ વિશ્વાસવાળાના બોલ અને મનની વિચારધારા વિવેકવંતી હોય.**

**જેલના દુઃખમાં શ્રેણિકનો વિવેક :-**

સમકિતી આત્મા કર્મ પર અટલ વિશ્વાસવાળો હોઈ બીજાને દોષ શાનો દે ? મગધ-સમ્રાટ શ્રેણિકને પ્રપંચ કરીને પુત્ર કોણિકે બેડીએ બંધાવી કેદખાનામાં નંખાવ્યા, ને ઉપરથી રોજ સાટકા મરાવે છે. જે કોણિકને માતા ચેલણાએ આ પિતાનો વૈરી છે માની જનમ દેતાં ઉકરડે નખાવેલો એ બાળ કોણિકને શ્રેણિક તરત ખબર પડતા જ પાછો લેવરાવી અલગ રખાવી સારી રીતે એનું પાલન કરે છે, ઊછેરી કળા-વિજ્ઞાન શિખવાડી હોશિયાર કરે છે, એ કોણિક હવે જ્યારે આ પિતૃદ્રોહ કરે ત્યારે એના પર દ્વેષ આગ ન સળગે ? 'હરામખોર, કૃતઘ્ન, દ્રોહી, નીચ હૃદયનો આવું આવું મનને ન આવે ? પણ ના, સમકિતી શ્રેણિકને તીર્થંકર ભગવાનનાં વચન પર ભગવાને કહેલ કર્મસિદ્ધાન્ત પર અટલ અગાધ શ્રદ્ધા છે. તેથી અહીં કોણિકને જરા ય દોષ ન આપતાં, માત્ર પોતાના પૂર્વ દોષ આપે છે. 'મારાં કર્મ જ મને એવાં કે આમ બનાવે.' એમાં બિચારા કોણિક માટે શો સંતાપ કરવો ?'

બોલો, કર્મ પર પાકી નજર હોય પછી શું કામ બીજાને દોષ આપે ? એ નહિ, તો બીજા માટે સંતાપ શાનો કરવાનો હોય કે 'એ મારું બગાડે છે ?' વાત આ છે કે 'નાનડિયાને મારી કિંમત નથી, આવો સંતાપ સમકિતી ન કરે.

**સમકિતીને પ્રભુનાં કયા વચનના બળે, વૈરીને વૈરી ન દેખે ? :-**

સમકિતી જીવ સંસારી છે, સંસાર ત્યજી ચારિત્ર નથી લીધું, તેમ જીવનમાં અનેક અનિષ્ટ પ્રસંગો આવે તેથી મન વ્યાકુળ ન થાય એમ નહિ, કિન્તુ પ્રભુનું શાસન મળ્યું છે, પ્રભુના વચન પર સર્વેસર્વા શ્રદ્ધા થઈ છે, એટલે એ શ્રદ્ધા કાંઈ કામ કરે કે નહિ ? આપણે કહીએ કે 'મને જિનવચન પર પાકી શ્રદ્ધા છે, અને પ્રભુનું આ વચન છે,

**'सव्वं पुव्वकयाणं कम्माणं पावए फलविवागं ।'**
**अवराहेसु गुणेसु य निमित्तमित्तं परो होई ॥**

'આ દુનિયાનું સારું નરસું બધું જે મળે પોતાનાં જ પૂર્વે બાંધેલા કર્મોનો ફળવિપાક છે. આપણને અપરાધ યા ગુણ થવામાં બીજો તો નિમિત્ત માત્ર છે. એટલે ? આપણું બગાડ્યું આપણાં કર્મે, બીજાએ નહિ. માટે વૈરી પણ આપણો વૈરી નથી; વૈરી આપણાં કર્મ.

**શ્રદ્ધાની શી અસર ?**

ભગવાનના વચન પર આપણે શ્રદ્ધા ધરાવતા હોઈએ તો એ શ્રદ્ધાની આપણને કશી અસર ન થાય ? એનું કાંઈ કાર્ય તો બનવું જોઈએ ને ? કાર્ય આ, કે કોઈએ આપણું કાંઈ બગાડ્યું દેખાય ત્યાં આપણી નજર મુખ્યપણે આપણાં પોતાનાં જ



પૂર્વનાં બાંધેલા કર્મ પર જાય, અને મોટો એનો જ દોષ દેખાય પછી પોતાનાં જ કર્મ પર ધમધમે. આ શ્રદ્ધાનું કાર્ય, પરંતુ પોતાનાં પૂર્વદોષ નહિ દેખનારા, ન સદ્દહનારા પામર જીવને જે બીજા તરફ રોષ અને સંતાપ થાય એવો રોષ-સંતાપ બીજા પર આપણને ન થવો જોઈએ ને ?

**જિનવચનની શ્રદ્ધાનું આ કાર્ય આપણામાં ન દેખાય તો શ્રદ્ધા ક્યાં રહી ? જિનેન્દ્ર ભગવાન પર પણ શ્રદ્ધા શી ?**

**જિન એટલે ડાક્ટર :-**

શ્રદ્ધાની બલિહારી છે. જેના પર શ્રદ્ધા છે એની કહેલ વસ્તુ તરફ એવી નજર જ બંધાઈ જાય છે ડાક્ટરનાં વચન પર શ્રદ્ધા હોય છે ને ડાક્ટરે કહ્યુ છે કે તમારે ડાયાબીટીસ છે, તેથી તમારે સાકર ખાવી બહુ નુક્શાનકર્તા છે, તો પછી એના પરની શ્રદ્ધા કેવું કામ કરે છે ? એ સાકરનું નામ પડે ત્યાં ભડક થાય છે. કદાચ કોઈક વાર પત્ની કે મિત્રના આગ્રહથી લલચાઈને મીઠાઈ ખવાઈ ગઈ, ને દરદ વધી ગયું, અને ડાક્ટરે કહ્યું કે આ તમે સાકર ખાધી લાગે છે, એથી જ દર્દ વધ્યું. તો ત્યાં પેલા આગ્રહ કરનાર પર સંતાપ થાય તે થોડો; પણ ખરેખર તો પોતે લલચાઈને ખાધાની ભૂલ ઉપર એટલે કે પોતાના લાલચુ જીવ પર સંતાપ મોટો થાય છે. કે હું ક્યાં આ મીઠાઈ ખાવાની લાલચમાં પડ્યો ' બસ, એવું અહીં છે. જ્ઞાનીનાં વચન પર શ્રદ્ધાથી સમકિતી પરનાં દુઃખ આફત વખતે એ સમકિતીને મુખ્યપણે પોતાનાં કર્મ અને કર્મ બાંધનાર પોતાનાં પાપકારી આત્મા પર સંતાપ થાય, અને એથી ય વધુ સંતાપ અહીં હજી પોતે ૧૮ પાપસ્થાનક સેવી રહ્યો છે એના પર થાય છે.

આ તો બહારથી દુઃખી અર્થાત્ દુઃખ-આપત્તિ હોય એ વખતની વાત થઈ કે અંતરમાં એ વખતે સંતાપ હોય તો પોતાનાં પૂર્વકર્મનો પરંતુ સમકિતી જીવ બહારથી સુખી અર્થાત્ સુખસામગ્રીવાળો હોય, સુખસાધન ભોગવી રહ્યો હોય ત્યારે પણ એ અંદરથી દુઃખી હોય, સંતાપવાળો હોય.

**સમકિતીને સુખમાં શાનો સંતાપ ? ૧૮ પાપસ્થાનકના પાપસેવનનો**

કે પોતે ષટ્કાય જીવસંહારમય ધંધો-નોકરી ને રાગ-લોભ વગેરે પાપો કરી પૈસા મેળવી રહ્યો છે, એનાથી પાપો કરી સુખ-સાધન ઊભા કરી રહ્યો છે, તેમજ અવિરતિ મહાપાપ રાખી એ ભોગવી રહ્યો છે. ને એમાં ય રાગ રતિ વગેરે પાપો સેવી રહ્યો છે. આમ પાપ પાપ ને પાપસેવાતાં જોઈ એનું એને ભારે દુઃખ હોય, ભારે સંતાપ હોય, આનું નામ સમકિતી બહારથી સુખી, પણ અંદરથી દુઃખી.

**જિનવચન પરની શ્રદ્ધા આ કામ કરે છે કે સુખ ભોગવતી વખતે ને સુખસાધન**

મેળવતી વખતે પણ અંતરમાં પાપો થઈ રહ્યાનો ભારે સંતાપ હોય.

**અંતરમાં સમકિતની પરીક્ષા :-**

હવે તપાસી જુઓ તમારા આત્માની સ્થિતિ ભગવાનના વચન પર શ્રદ્ધા છે ને ?

**પ્ર.**- શ્રદ્ધા તો છે, પણ અંતરની શ્રદ્ધા તો જ્ઞાની જ પરખી શકે ને ?

ઉ.- એમ કાં બોલો ? શું અંદર અને બહારની શ્રદ્ધા જુદી જુદી છે ? શ્રદ્ધા એ અંતરનો પરિણામ છે. યોગશાસ્ત્ર કહે છે,-

**'रूचिर्जिनोक्ततत्त्वेषु सम्यक् श्रद्धानमुच्यते ।'**

જિનેશ્વર ભગવંતે કહેલા તત્ત્વો પર રુચિ એ સમ્યક્ શ્રદ્ધા કહેવાય છે. શ્રદ્ધાન અને શ્રદ્ધા એક જ ચીજ છે. એ શું છે ? રુચિ. 'રુચિ' એટલે કે મનને જચી જવું તે. જિનેન્દ્ર ભગવાને કહેલાં તત્ત્વ મનને જચી જાય એનું નામ સમ્યક્ શ્રદ્ધા આ અંતરની વસ્તુ થઈ. હવે બોલો, મનને આ તત્ત્વ જચી જાય એનું નામ નહિ, પણ આપણે આટલું તપાસી શહીએ કે ભગવાને જ્ઞેય હેય અને ઉપાદેય એમ ત્રણ વિભાગમાં તત્ત્વ બતાવ્યા. એમાંથી હેયનો આદર કરતાં સંતાપ છે ? આ જોવાનું ખાસ.

જીવ અજીવ એ માત્ર જ્ઞેય એટલે કે જાણવા યોગ્ય તત્ત્વ છે. બાકી આચરણની દૃષ્ટિએ મુખ્ય બે વિભાગ, હેય અને ઉપાદેય. હેયનો ત્યાગ આચરવાનો, ઉપાદેયનો આદર આચરવાનો 'હેય' વિભાગમાં પાપ, અશુભ આશ્રવ, પાપાશ્રવ. એમાં મિથ્યાત્વ, અવિરતિ, અપ્રશસ્ત કષાય અને અશુભ યોગો એટલે કે વાણી વિચાર વર્તાવ આવે, એ પાપાશ્રવો હેય છે અર્થાત્ ત્યાજય છે; કેમકે એ જ પાપકર્મોનો બંધ કરવાની જીવને ભવમાં ભટકાવે છે, દુર્ગતિનાં જનમ-મરણની પરંપરામાં ઘસડે છે. તો આ પાપાશ્રવોનો ત્યાગ કરવાનો હોય કે આદર ? ખુશી થવાનું તે શું આનો ત્યાગ કરીને ખુશી થવાનું ? કે આ પાપ-આશ્રવોનો આદર કરીને ખુશી થવાનું ?

**પાપાશ્રવોને આદર કરીને ખુશી નથી થતા ને ? સંતાપ જ કરો છો ને ?**

ભગવાને કહેલ આશ્રવતત્ત્વ હૈયે જચ્યું હોય એની આ વાત છે. જેને હૈયે જચ્યું જ ન હોય એને તો એ હેય જ નથી લાગતું છે, **आश्रवो भवहेतुं स्यात्** આશ્રવ એ સંસારવૃદ્ધિનું કારણ જ નથી દેખાતું; પછી એને એ આચરીને સંતાપ શાનો ? કે આચરવાનાં આવે ત્યારે સંતાપ શાનો ? આપણા દિલને પૂછો કે તને તો જિનોક્ત તત્ત્વ જચ્યાં છે ને ? તો

**આશ્રવ સેવવાનો અવસર આવે, સેવાતાં હોય, અને સેવાઈ ગયાં, એ ત્રણે ય સ્થિતિમાં સંતાપ થાય છે ને ?**



**પૈસામાં પાપાશ્રવની ત્રિકાળ સ્થિતિ :-**

દુન્યવી સુખના સાધન દા.ત. પૈસા લેવા જવા હોય ત્યારથી પાપ આશ્રવની શરૂઆત થાય છે. પહેલો તો લોભ જ ઊભો થાય. તૃષ્ણા ઊભી થાય. એની ઉપર પાપપ્રવૃત્તિ આવે. પૈસાની તૃષ્ણાથી પૈસા લેવા જાઓ એટલે ગમન ચાલુ થયું, એ પાપપ્રવૃત્તિ છે, ધર્મપ્રવૃત્તિ નથી. પછી ભલેને દેહરાસરે એ માટે જાઓ; ને ભગવાનને કહો 'પ્રભુ તારી પૂજા કરું છું મને સારા પૈસા આપજે.' મોટા સ્તવન ગાઓ પણ માત્ર પૈસાની તૃષ્ણાથી; તો એ પાપપ્રવૃત્તિ-પાપાશ્રવ છે.

સુખસાધન લેવા ગયા, સુખસાધન મળી ગયાં, એનાથી સુખ ભોગવવા ઈચ્છા થઈ, સુખ ભોગવવા માંડ્યું, બધે જ પાપાશ્રવ છે તો વિચારવાનું કે આ બધામાં હૈયે ખુશી ખુશી છે ? કે કાળો કકળાટ છે ? ખુશી છે કે સંતાપ, એની તો ખબર પડે ને ? દિલમાં મજેનો ઉમળકો થાય છે ? કે નિરાશા થાય છે ? ગ્લાની થાય છે ? આ તો પોતે સમજી શકે એવું છે. તો વાત આ છે કે-

દુન્યવી સુખ અને એનાં સાધન ઊભા કરવામાં ભોગવવામાં પાપઆશ્રવોનું સેવન છે માટે જિનવચનના શ્રદ્ધાળુને એનો પારાવાર સંતાપ થાય.

**ભરતજી મનહી મેં વૈરાગીનો આ અર્થ છે કે,**

ભરત ચક્રવર્તી બહારથી ચક્રવર્તીપણું ભોગવતા હતા પરંતુ એમના મનમાં વૈરાગ્ય રહેતો, પણ એ ભોગવટાનો રાગ આનંદ નહિ, પણ સંતાપ રહેતો કે અહીં પાપઆશ્રવો સેવીને મારું શું થશે ! 'આશ્રવો ભવહેતુ સ્યાત્' આશ્રવો ભવવૃદ્ધિ કરનારા છે, તો શું આવા ઉંચા ભવમાં આવી મારે ભવના ફેરા વધારવાના ? શું આ ભવથી પવિત્ર સંવરસાધના કરવાની ? કે મલિન આશ્રવ સેવન કરવાનું ? ૯૯ ભાઈઓ કેવા ભાગ્યશાળી, કેવા વિવેકી, કેવા પરાક્રમી, કે એમણે માનવજીવનથી પવિત્ર સંવરસાધના ઉપાડી ! ને હું કેવો કમનસીબ, કેવો અવિવેકી, અને કેવો પામર કે માનવજીવનથી અપવિત્ર આશ્રવસેવન કરી રહ્યો છું !' આમ હૈયે એમને સંતાપ હતો.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૪,અંક-૨૩,તા.૨૧-૨-૧૯૭૬**

ભરત મહારાજાને એટલા ઊંચા ચક્રવર્તીપણાનાં સુખ ભોગવતાં છતાં હૈયે પાપાશ્રવ સેવી રહ્યાનો સંતાપ રહે, અને તમારે ? એ સુખોના હજારમાં શું લાખમાં ભાગના ય સુખ નહિ છતાં હૈયે ખુશી ખુશી ? શાની ખુશી ?

**ચક્રવર્તી અપેક્ષાએ છોતરાં જેવા સુખ ચાટવાની ખુશી; કેમકે સુખ દેખાય છે**

**પણ પાપાશ્રવ નહિ,**

સુખ અને સુખસાધનોમાં પાપાશ્રવ દેખાય, ભારે રાગાદિ તથા હિંસા-જૂઠ વગેરે પાપોનાં સેવન દેખાય અને એથી આત્માની મહામલિનતા થતી દેખાય, તો તો હૈયે એનો પારાવાર સંતાપ હોય, 'સમકિતી જીવ બહારથી સુખી દેખાતો હોય, પણ અંતરથી દુઃખી હોય,' એનો અર્થ આ છે કે એને બહારમાં સુખ સાધનો મળ્યા છે, અને એનાથી સુખ ભોગવી રહ્યો છે, એટલે બહારથી એ સુખી દેખાય છે, પરંતુ અંતરમાં સમ્યક્ત્વના બળે એને પાપાશ્રવોનો થોક જોઈ ભારે સંતાપ રહે છે કે આ પાપાશ્રવોથી મારા આત્મામાં રાગાદિની મલિનતા પોષાતી જાય છે ! તેમજ કર્મબંધન વધતો જાય છે ! તો મારું શું થશે ?'

**જૈન એટલે ?**

તમને આ સંતાપ રહ્યા કરે છે ને ? કે ઇંદ્રિયોના વિષયસુખ અને એના સાધનભૂત લક્ષ્મી-પૈસાટકા મળતાં હૈયે આનંદ રહે છે ? જૈનપણાની ભગવાન પર શ્રદ્ધાની અહીં કસોટી છે. સાચું જૈનપણું હૃદયમાં વસ્યું હોય ને ભગવાન ખરેખર ગમ્યા હોય એને હૈયાનાં ઉંડાણમાં રાગાદિ સંક્લેશ અને અશુભ કર્મોનાં બંધન વધતા જતા પર સંતાપ રહ્યા કરે. જૈન એટલે જિનનો અનુયાયી છે ને ? જિનના ઉપર અત્યંત રાગવાળો તથા જિનને પોતાના માથે ધરનારો અને અંતે પોતે જિન-વીતરાગ બનવાની અભિલાષાવાળો ને ? જો આ ન હોય, તો જિનને માન્યા તો ય શું; ને ન માન્યા તો ય શું ? અંતરથી તમે જૈન છો ને ? જૈન તરીકે જનમવાનું અહોભાગ્ય માનો છો ને ? તો પછી રાગાદિ સંકલેશનાં કારમાં પાપોનો સંતાપ નથી રાખવો ?

**જૈનપણું મળ્યાનું અહોભાગ્ય મનાય તો ગમે તેટલા સુખસાધનો વચ્ચે રાગાદિ પાપોનો હૈયે સંતાપ રહ્યા કરે, પણ સુખ-સાધનાની ખુશખુશાલી નહિ.**

**શ્રેણિકને કયો સંતાપ ? :-**

મનને લાગે કે 'હું જૈન બનવાને ભાગ્યશાળી થયો છું તે પાપ છોડવા માટે પાપનો સંતાપ રાખવા માટે, મને ભગવાન ગમે અને સાથે પાપ ગમે ખરા ?' સમકિતીને દુઃખમાં ય હૈયે આ સંતાપ હોય કે અરેરે ! મેં અભયકુમાર વગેરેની જેમ સંસારના વિષયસુખોનો ત્યાગ કરી ચારિત્રનાં કષ્ટ ઉપાડ્યા નહિ, ને હવે આ જાલિમ દુઃખ પરાધીનપણે વેઠવાનાં આવ્યાં, એમાં શો ત્યાગ કે વિરતિમાર્ગની આરાધનાનો લાભ નથી, પહેલાં ય પાપાશ્રવો માથે, ને અત્યારે પણ પાપાશ્રવો સાથે ! ખૂબી જુઓ, અભયકુમારે દીક્ષા લીધી એટલે કોણિકે દગો કરી આ દુઃખ આપ્યાં એનો તાપ નથી. સંતાપ પોતે પાપાશ્રવોમાં રહ્યાનો છે.



કાર્તિક શેઠ ચુસ્ત સમ્યક્ત્વધારી દેશવિરતિ શ્રાવક અને સમ્યગ્દર્શન સામાયિક પોષધ વગેરેના મોટા દેવતાઈ ઉપસર્ગમાં અભિગ્રહવાળી ૧૧ પડિમાને વહન કરનારા ! તે એક બે વાર નહિ સો વાર વહન કરનારા !! ત્યારે એમનું કેવું ઊંચું ધર્મી જીવન છતાં ય એ ઘરવાસનું જીવન તો ખરું ને ? ઘરવાસનું જીવન એટલે પાપાશ્રવોનો પોટલો એમાં ખુલ્લો.

**સાધુને વીસ વસાની દયા, ત્યારે ઊંચા ધર્મી શ્રાવકને માત્ર સવા વસાની દયા.**

સાધુ ત્રસ અને સ્થાવર બંને પ્રકારના જીવોની દયા-અહિંસા પાળે ત્યારે શ્રાવક સ્થાવર જીવો એટલે કે પૃથ્વીકાય-અપ્કાય-તેજસ્કાય-વાયુકાય-વનસ્પતિકાય જીવોની અહિંસા નહિ પાળી શકે. વીસમાંથી દસ વસાની અહિંસા એને ગઈ.

ત્રસકાયમાં પણ ઘરવાસ લઈને બેઠો એટલે પોતાના અપરાધી ત્રસકાય જીવોની અહિંસા નહિ પાળી શકે. દા.ત. કોઈ એનું લુંટવા આવ્યું તો એનો સામનો કરશે ? જરૂર પડ્યે શિક્ષા કરશે એમાં અપરાધી ત્રસની અહિંસા ગઈ.

એટલે દસમાંથી પાંચ વસા ગયા.

હવે નિરપરાધી ત્રસની પાંચ વસા અહિંસા રહી એમાં પણ એની જાણી જોઈને હિંસા નહી કરે, કિન્તુ અજાણતાં ય હિંસા ન કરવાનું નહિ પાળી શકે; કેમકે ઘરવાસના કામોમાં ક્યાંક અજાણતા તો કીડા-કીડી વગેરેની હિંસા થઈ જવા સંભવ છે. ઘરના રાચરચીલામાં અજાણ્યે કેટલાય કંથવા વગેરે મરતા હોય. અળગણ પાણીમાં કેટલા ય પોરાં મરતા હોય. આમાં પાંચમાંથી અજાણ્યેની ૨ા વસા અહિંસા ગઈ.

જાણી જોઈને નિરપરાધી ત્રસ જીવોને નહિ મારે એમાં પણ જ્યાં સ્વાર્થભાવ હશે, દા.ત. ઘરે ઘોડા ગાડી છે, એમાં બેસી જલ્દી કોઈ કામે જવું છે, ને ઘોડો ચાલુ-ચાલે ચાલે છે, તો એને ચાબુક ફટકારી દોડાવશે, ત્યાં એ જ નિરપરાધીની પણ અહિંસા ન પાળી. ઘોડો જરા ધીમો દોડે એ કાંઈ અપરાધી નથી, પણ પોતાને જલ્દી જવાની અપેક્ષા છે તેથી મારીને એને દોડાવો પડે છે માટે સ્વાર્થ સાપેક્ષપણામાં અહિંસા નથી પાળી શકતો, એટલે એના ૨ા વસામાંથી ૧। વસો અહિંસા ગઈ.

આમ ત્રસ સ્થાવર બંને પ્રકારના જીવોમાંથી માત્ર નિરપરાધી ત્રસની જાણી જોઈને નિરપેક્ષપણે હિંસા ન કરવારૂપ અહિંસા-દયા રહી, એ શ્રાવકને સવા વસાની દયાનું પાલન કહેવાય. આ સિવાય ઉચ્ચ શ્રાવક જૂઠ ચોરીનો ત્યાગ કરે તે પણ સ્થૂલથી કરશે, સૂક્ષ્મ જૂઠ ચોરીનો ત્યાગ નહિ. એનાં અણુવ્રતોમાં 'પાપ કરું નહિ કરાવું નહિ,' એવો ત્યાગ હોય છે, પરંતુ 'અનુમોદું નહિ,' એવો ત્યાગ નથી હોતો, કેમકે આડકતરી રીતે ક્યાંક સંમતિ-ભાગ-લાગો યા મનમાં અપેક્ષા બેઠી હોય છે. સામાયિક કે પોષધ લઈને બેઠો પણ એ સમયમાં ઘરકામ દુકાનકામ

દરજી-ધોબી-ઘાંચી વગેરેને સોંપેલું કામ ચાલુ હોય છે, ને એનો લાભ એ ઉઠાવે જ છે. આમ, અનુમોદનાથી અઢળક પાપ ઊભાં છે. એની એને વિરતિ નથી, તો

**ગૃહસ્થને જગતનાં પાપોની અનુમોદનાથી અવરિતનો કેટલો મોટો જંગી આશ્રવ ઊભો રહ્યો ? એમ રાગ-દ્વેષ આદિ કષાયો રતિ-અરતિ કલહ-વગેરે પાપાશ્રવો કેવા ધૂમ ચાલુ હોય છે ? ઘરવાસ એટલે પાપવાસ.**

**કાર્તિક શેઠને પાપાશ્રવનો ખ્યાલ :-**

કાર્તિક શેઠ ઉચ્ચ કોટિના શ્રાવક, પણ સમજે છે કે 'ઘરવાસમાં ગમે તેટલો ધર્મ કરું પરંતુ તે આટામાં લૂણ જેટલો જ થવાનો. આવા જંગી પાપાશ્રવોભર્યા ઘરવાસમાં સુખ મળે તે ઝેરના લાડુ ખાધાના સુખ જેવું; મલેચ્છના ઘરે પોષાતા મરઘા બોકડાને સારું ખાવા-પીવા ફરવાનું સુખ મળે એના જેવું એ ગોઝારું; કેમકે પછીથી પોતાની કત્લ છે.' આવી સમજ છતાં કાર્તિક શેઠ તેવા વીર્યોલ્લાસના અભાવે ઘરવાસ ત્યજી ચારિત્ર લઈ શકતા નહોતા.

એમાં એકવાર પોતાના ચુસ્ત સમ્યક્ત્વના હિસાબે નગરમાં બીજાઓથી સન્માનિત એક ગૈરિક તાપસનું પોતે સન્માન નહોતો કરતો તેથી પેલાએ આને દાઢમાં ઘાલી એવો પેંતરો ગોઠવ્યો કે રાજાની એને પારણાની વિનંતી, કાર્તિક શેઠ પીરસે તો જ તમારે ત્યાં પારણું કરું' એ શરતે માન્ય કરી.

રાજાએ કાર્તિક શેઠને બોલાવી વાત કરી અને ગૈરિક તાપસને પીરસવા કહ્યું. કાર્તિક શેઠે પોતાના સમ્યકત્વ વ્રતની વાત કરી કહ્યું કે મારા વ્રતની પ્રતિજ્ઞા મુજબ મારાથી કુગુરુનું સન્માન થાય નહિ. પરંતુ રાજાએ પોતે તાપસને આપેલી કબુલાત જણાવી હુકમ કર્યો કે તમારે તાપસને પીરસવું પડશે.

અલબત કાર્તિક શેઠે જોયું કે 'સમ્યકત્વની પ્રતિજ્ઞાના અપવાદના આગાર છે, એમાં એક આગાર રાજાના બળાત્કારે કુગુરુનાં સન્માન આદિ કરવાની છૂટનો છે તેથી એણે જઈને તાપસને પીરસ્યું ખરું પરંતુ પોતાના મનને થયું કે,-

**કાર્તિક શેઠનો પસ્તાવો :-**

'અરેરે ! હું ઘરવાસમાં રહ્યો તેથી મારે રાજાના આગ્રહે મારે મિથ્યાદૃષ્ટિ કુગુરુનાં સન્માનનો પાપાશ્રવ સેવવાનો અવસર આવ્યો. આમે ય ઘરવાસમાં કેટલાં ય હિંસાદિ પાપસ્થાનકો-પાપાશ્રવો સેવવા પડતા હતા છતાં એની વચ્ચે ભગવાન જિનેશ્વરદેવનો ફરમાવેલ શ્રાવકધર્મ આરાધવામાં એટલે પાપાશ્રવોથી બચવાનું અને સુકૃતો સેવવાનું મળતું હતું, છતાં ય આ કુગુરુ સન્માનનો પાપાશ્રવ પાછો માથે લાગ્યો. કારણ ? ઘરવાસ, મારા તરણતારણ શ્રીમુનિસુવ્રતભગવાને કહ્યું છે કે સંસાર-ઘરવાસ અને સંસારના સુખો આટલા માટે અસાર છે, ખરાબ છે કે એમાં



પાપાશ્રવો સેવવા પડે છે. આઠ વરસની ઉંમરે અને તે પછી પણ આજ સુધી મેં સંસારત્યાગ કરી ચારિત્ર ન લીધું તેથી આ દહાડો જોવાનો આવ્યો ને ઠગાયો. હજી પણ જો સંસાર ન છોડું તો વળી ઠગાઉં, કોને ખબર કેવા ય નવા પાપાશ્રવોનો થોક તો માથે પડ્યો જ છે માટે હવે સંસારત્યાગ કરી ચારિત્ર જ લઈ લઉં.'

બસ, આમ કરી કાર્તિક શેઠે ચારિત્ર લેવાની તૈયારી કરી, અને એ એવા ધર્મિષ્ઠ ઉપરાંત સમૃદ્ધ શ્રાવક હતા કે લોકમાં એની જબરદસ્ત છાયા પડી, તે એની સાથે એક હજાર શ્રેષ્ઠી પુત્રો ચારિત્ર લેવા તૈયાર થઈ ગયા. અને હજારની સાથે કાર્તિકશેઠે ચારિત્ર લીધું.

એક તવંગર માણસ સુંદર શ્રાવક ધર્મની આરાધના કરે તો બીજાઓ પર એની કેટલી બધી અસર પડે છે કે 'અહો ! આવા મોટા શેઠ ધર્મ કરે છે, તો ધર્મ કેવો સુંદર ! લાવો, ત્યારે આપણે પણ ધર્મ આરાધીએ એમ કરી એ બીજાઓ ધર્મમાં જોડાય છે, ને એમાં વળી એ તવંગર ચારિત્ર લેવા નીકળે તો બીજાઓને પણ પ્રેરણા જાગે છે. આમ તવંગર પોતે તો તરે જ છે, પણ સાથે બીજાઓને પણ તારે છે, તરવામાં ભવ્ય નિમિત્ત બને છે. બોલો, તમારી પાસે એવો કોઈ ધર્મ અને લોકપ્રિયતા છે કે જેથી બીજાઓ ધર્મ તરફ આકર્ષાતા હોય ?

કાળ આજે વિષમ છે; મોટા ભાગના તવંગરને શ્રાવકપણાના સુંદર આચાર, જેવા કે રાત્રિભોજન-ત્યાગ, પોતાના ઊંચા કિંમતી દ્રવ્યોથી જિનપૂજા-સામાયિક પોષધ, નિત્ય વ્યાખ્યાન શ્રવણ, નિત્ય પ્રતિક્રમણ,...વગેરે સૂઝતા નથી. જેને હામ-દામ-ઠામની બધી સગવડ છે, એને ય ધર્મના પવિત્ર આચાર ન સૂઝે, તો પછી બીજા મધ્યમ કે સામાન્ય સ્થિતિવાળાને શી રીતે સૂઝે ? અલબત આજે મધ્યમ અને સામાન્ય સ્થિતિવાળાઓ શ્રાવકપણાના આચાર પાળતા દેખાય છે, પરંતુ તે થોડા; વસ્તીના પ્રમાણમાં અતિ અલ્પ સંખ્યામાં આરાધકો દેખાય છે. મુંબઈ અમદાવાદ જેવામાં શ્રાવકોની સંખ્યા કેટલી ? અને એમાંથી રાત્રિભોજનના ત્યાગી કેટલા ? રોજ પૂજા-પ્રતિક્રમણ કરનાર કેટલા ? બૃહદ્ મુંબઈની લગભગ ત્રણ લાખ જૈનોની વસ્તી હશે, એમાં માંડ ૨૫-૩૦ હજાર જિનપૂજા કરતા હશે. તો કેટલા બાદ ? લગભગ ૨ લાખ ૭૦ હજાર ! ત્યારે નાના ગામ-નગરોમાં પણ શી સ્થિતિ છે ! કંગાળ ગામમાં સાધુ સારા વ્યાખ્યાતા આવ્યા હોય તો હજી વ્યાખ્યાનમાં કંઈક સંખ્યા આવશે, પણ પ્રતિક્રમણમાં કેટલા ? નહિવત્ રાત્રિભોજનત્યાગી કેટલા ? આંગળીના વેઢે ગણાય એટલા.

પર્યુષણાનો ધર્મ વધ્યો તપસ્યાઓ વધી, ઉપધાન ઉત્સવો ધર્મની આવક એ બધું વધ્યું, પરંતુ શ્રાવકપણાના રોજના આચાર રસાતળ જવા બેઠા દેખાય છે, હજી

ય જુના શ્રાવક શ્રાવિકામાં એ દેખાય છે. પરંતુ એમના મર્યા પછી કેવી સ્થિતિ હશે એની કલ્પના ધર્માત્માને ધ્રુજાવી મૂકે એવી છે.

તો પ્રભુનું શાસન કોણ ચલાવવાનું ? કોના માથે ભાર ? શાસન શેના પર ટકે ? આચારપાલન વિના શાસન ટકે ? પૂર્વ પુરુષોએ આચારો પાળીને આપણા સુધી જિનશાસન પહોંચાડ્યું તો જ આજે આપણે શાસન પામ્યા છીએ, શાસન પામવાથી ધણીવાળા છીએ, નહિતર નધણિયાતા બની ગયા હોત. તો શું હવે આપણી ફરજ નથી કે આપણે નિત્ય આચાર-વિચાર પાળીને શાસનપ્રવાહ આગળ વહેતો રાખીએ ? આ ફરજનું ય ભાન નહિ, અને જાતે તરવા માટે ય શું શું કરવું તેનો ય વિચાર નહિ !!

વિચારો, નહિતર આચારપાલન વિના હારી જશો. આહાર વિષય-પરિગ્રહ-નિદ્રાની પીડા જાલિમ પીડશે. ધર્મના પવિત્ર આચારો આચરવાના નથી, પછી આહારાદિ પાપસંજ્ઞાઓ મહાલ્યા કરે એમાં નવાઈ નથી.

**સવારે ઊઠીને પરમાત્માનાં ભજનમાં બેસવાનું ન હોય એને તો ભોજન વગેરેની વૃત્તિઓ જ સતાવ્યા કરવાની.**

નિશ્ચયમૂઢ આત્માઓ શું કરી રહ્યા છે ? આ જ, એમને ધર્મના પવિત્ર આચારો નકામા લાગે છે, મજૂરીરૂપ લાગે છે. એટલે પછી આહાર-વિષય-પરિગ્રહાદિની પ્રવૃત્તિ નિરંકુશ ખુલ્લી અને એમાં આત્મ-દ્રવ્યનો વિચાર રાખીને બચવું છે તે બચી શકે ? પરસ્ત્રીત્યાગનો શીલનો આચાર બાહ્ય આચાર તરીકે વ્યવહાર ધર્મ એટલે કે નકામો માની પરસ્ત્રીનાં દર્શન સ્પર્શન વગેરે છૂટથી કરતો રહે અને અંતરમાં આત્મદ્રવ્ય સ્વતંત્ર છે એને જડક્રિયાની કોઈ અસર નથી એમ માનતો રહે, તો કોઈ દિ' ઊંચો આવે ? નીચે ઉતરતો જાય ? કે ઊંચે ચડતો જાય ? પવિત્ર કે વધુ મલિન બનતો જાય ?

જાણવા મળેલું કે આ ઢોંગી નિશ્ચયનયને વળગ્યા પછી એક ભાઈ રાત્રે ખાતા થઈ ગયા અને યાવત્ પોતાની છોકરી સાથે દુરાચાર ખેલતા થઈ ગયા, કેમકે મનમાં માન્યું કે આ તો જડ જડની ક્રિયા કરે છે. એમાં આત્માને શું લાગે-વળગે ? કેવી અધમ દશા ! આમાં પછી જિંદગી પૂરી થાય ત્યાં સુધીમાં કદી અસદ્ આચાર છૂટે ? અરે ! એના પશ્ચાત્તાપ પણ હોય ?

**ઢોંગી નિશ્ચયનયવાળાને અસદ્ આચારનો પસ્તાવો ન હોય.**

કેમકે એણે તો આ પોતાનું માનેલું સમકિત ઊભું કર્યું કે એક દ્રવ્યની બીજા દ્રવ્ય પર અસર ન માનવી ચામડું જડ છે, ચામડું ચામડાને ઘસે એમાં આત્મા પર શાની અસર ? આત્મા તો પોતાની સ્વતંત્રતા માનતો પોતાના નિર્મળ દ્રવ્ય-



ગુણપર્યાયને ભાવતો પવિત્ર રહી શકે. આમ, કાયાથી અસદ્આચાર સેવવા છતાં આત્માને પવિત્ર માનવામાં સમ્યકત્વ સમજનારો ખરેખર ગાઢ મિથ્યાત્વથી પીડાઈ રહ્યો છે કેમકે મહા પાપાચારનો એને પસ્તાવો ય નથી.

જીવનનાં અંત સુધી મહાપાપાચારનો પશ્ચાત્તાપ નહિ એટલે પછી ભવોના ભવોસુધી એને પાપિષ્ઠ જીવનો જ મળ્યા કરે, ધર્મનું નામ નિશાન નહિ.

માટે જ જીવનમાં સદ્આચારો એ મોટી વસ્તુ છે; એથી પોતાના આત્માનું ય કલ્યાણ અને બીજાને સારા દાખલારૂપ બની એનામાં સદ્આચારો આવે એથી એના ય આત્માનું કલ્યાણ થાય. અહીં પાછો પ્રશ્ન થશે.

**પ્ર.**- સદ્આચારથી કલ્યાણ જ હોય, તો આપણા જીવે અનંતીવાર ચારિત્ર લઈને સદ્આચાર પાળ્યા તો કલ્યાણ કેમ ન થયું ? કેમ હજી રખડતા છીએ ?

ઉ.- પરંતુ આ પ્રશ્ન ઉઠાવવો છે એટલે એમ કહેવું છે ને કે સદ્આચારોથી કલ્યાણ ન થાય ? એટલે જીવની કાયા ભલે દુરાચારમાં લાગેલી હોય છતાં આત્મા પોતે સ્વ-સ્વભાવમાં રમતો રહે તો એનું કલ્યાણ થાય' એમ જ કહેવું છે ને ? ભૂલા ન પડો, કાયા બનાવટી નિશ્ચયપંથ માનનારાને પહેલાં પૂછો કે કાયા દુરાચાર સેવે એ મડદું કાયા ? કે જીવતી કાયા ? જો જીવતી જ કાયા દુરાચાર સેવી શકતી હોય, તો એનો અર્થ એ, કે આત્મા પોતે જ કાયાનાં સાધનથી દુરાચાર સેવે છે, ને એમાં દુરાચાર સેવી આત્માને સ્વ-સ્વભાવમાં રમવાનું ક્યાં ઊભું રહે ? એમાં તો દુરાચારમાં રમવાનું થયું. પછી પવિત્રતા શાની રહે.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૪,અંક-૨૪,તા.૨૮-૨-૧૯૭૬**

અનંતીવાર સદ્આચાર પાળ્યાં નિષ્ફળ ગયા, એ શાથી ? શું સદાચાર વિના મોક્ષ મળે છે ? ના નિષ્ફળ ગયા એનું કારણ એ છે કે જીવે એ માન્યુ કે 'આ ચારિત્રના સદ્આચારો પાળવાથી પુણ્ય મળીને પછી સ્વર્ગનાં સુખ મળે; અથવા જીવને અહીં કીર્તિ માન-પાન મળે તથા વગર મહેનતે સારાં ખાનપાન આદિ મળે.' પણ એ ન માન્યું કે અસદ્ આચારો સેવવામાં પાપાશ્રવો પોષાય છે ને એથી જીવને ભવમાં ભટકવું પડે છે. સદ્આચારમાં રહેવાથી પાપાશ્રવો બંધ પડે, ને તેથી જીવને ભવમાં ભટકાવનારા કર્મોના બંધનથી બચાય અને એમ ક્રમશઃ નવા કર્મબંધ અટકી જૂનાં સર્વકર્મ ક્ષીણ થઈ જતાં જીવનો મોક્ષ થાય'- આ ન માન્યું પછી પાપાશ્રવો શાના અટકાવે ? અને મુક્તિ શાની થાય ? ભવમાં ભટકવાનું બંધ ક્યાંથી પડે ?

**કાર્તિકને પસ્તાવો :-**

કાર્તિક શેઠને આ પસ્તાવો થયો કે હું સંસારમાં બેઠો રહ્યો તો ઘરવાસના પાપાચારો સેવવામાં પાપાશ્રવો અને પાપાગમન ચાલુ રહ્યા અને હવે વધારામાં ખાતર પર દિવેલ, તે રાજાના આગ્રહે મિથ્યાત્વી તાપસનું સન્માન કરવાનો મહાપાપાશ્રવ સેવવો પડ્યો. માટે ઘરવાસ જ ખોટો, તેથી ઘરવાસ ત્યજી ચારિત્ર લઈ લઉં.' એમ ચારિત્ર લેવા તૈયાર થયા. ત્યારે આવા સમૃદ્ધ માણસના ગૃહસ્થપણે પણ કડક સદ્‌આચારોથી આકર્ષાયેલા એક હજાર શ્રેષ્ઠીપુત્રો આવા વૈભવશાળી કાર્તિક શેઠના મહાત્યાગ દેખી પોતે પણ મહાત્યાગના પંથે નીકળવા ઊભા થઈ ગયા.

સદ્‌આચારોની બલિહારી છે; એ એટલો સમય એટલે અંશમાં પાપાચારોથી-પાપાશ્રવોથી બચાવે છે. બાકી પાપાચાર-સેવાતાં ભલે ને સમકિતી જીવ બહારથી સુખી સમૃદ્ધ દેખાતો હોય છતાં, એને અંતરમાં ભારે દુઃખ હોય છે કે 'આમાં મારે આ નિષ્પાપજીવન જીવવા યોગ્ય અમૂલ્ય માનવભવ કેવો વેડફાઈ રહ્યો છે !

**દુન્યવી સુખ અને સુખનાં સાધન લાડી-વાડી-ગાડી એ ઘોર પાપાશ્રવ સેવરાવતા હોવાથી ગોઝારા છે.**

**કેમકે પાપાશ્રવોનાં સેવનમાં પડતા કુસંસ્કારો જીવને પાપિષ્ઠ જન્મોની પરંપરા આપે છે.**

'સમકિતી બહારથી સુખી અને અંતરથી દુઃખી એ કથનનો આ અર્થ છે;- એને મન પાપાશ્રવોનું ભારે દુઃખ છે. પછી એ જ્યારે વીર્યોલ્લાસ પ્રગટાવી ચારિત્ર જીવન સ્વીકારે છે ત્યારે પાપાશ્રવો છૂટી ગયાનું એને મન ભારે સુખ છે, પછી ભલે ચારિત્રજીવનમાં લોકત્યાગ-તપસ્યા-પરીસહ-ઉપસર્ગ આદિના ભારે કષ્ટ ભારે દુઃખ દેખાતું હોય. આનું નામ 'સાધુ બહારથી દુઃખી પણ અંતરથી સુખી.'

ત્રિલોકનાથ મહાવીર ભગવાન ઉપર ભયંકર ઉપસર્ગનાં દુઃખ આવ્યા તો, શું પ્રભુ અંદરથી દુઃખી થાય ? ના, જરાય દુઃખી નહિ, કેમકે સમજતા હતા, કે આમાં તો પૂર્વનો કર્મકચરો સાફ થઈ રહ્યો છે. પૂર્વ ભવોમાં પાપાશ્રવો સેવેલા એની અસરો ભૂંસાઈ જવાનો ખરેખરો અવસર મળ્યો, માણસે જીભને પરવશ થઈ મનમાન્યું ઘણું ખાઈ નાંખ્યું હોય, પછી લાંબી બિમારી આવતાં વૈદની દવાથી જુના જુના કાળા મળ નીકળતા જતા હોય, તો ભલે ને એમાં ચૂંક આવી આવીને મળ સાફ થતા હોય છતાં એ ખુશી ખુશી થાય છે. કેમકે સમજે છે કે આમાં પૂર્વની કરેલી ખૂબ ખાઈ નાંખવાની ભૂલ ભૂંસાઈ રહી છે' એનો પ્રભુને આનંદ હતો. મહાત્માઓ ઘોર ઉપસર્ગોમાં પણ આ રીતે અંદરથી સુખી હતા. આનંદિત હતા.



**કેવું સુંદર સૂત્ર ! 'પરીસહ-ઉપસર્ગોમાં પૂર્વની ભૂલોની અસર ભૂંસાઈ રહી છે.'**

મહાત્મા ખંધક મુનિને રાજાએ મૂકેલા મારાઓ આવીને કહે છે 'અમારા મહારાજા સાહેબનો હુકમ છે કે તમારી ચામડી ઉતારી લેવાની છે; તેથી અમે ચામડી ઉઝરડી લેવા આવ્યા છીએ, તૈયાર થઈ જાઓ.'

આ સાંભળીને મહાત્મા ખંધકમુનિ દુઃખી થયા ?

ના. કવિ કહે છે,-

**"મુનિવર મનમાંહી આણંદ્યા, પરીસહ આવ્યો જાણી રે;**
**કર્મ ખપાવાનો અવસર એહવો, ફરી નહિ મળશે પ્રાણી રે.**
**અહો અહો સાધુજી સમતાના દરિયા."**

શું જીવતા જીવે આખા શરીરની ચામડી ઉઝરડાવાનો ભયંકર વધપરીસહ સહવાનો આવ્યો એ જાણીને મુનિવર મનમાં ખુશી થયા. કેમ વારુ ? પૂર્વે સેવેલ પાપાશ્રવની અસરરૂપે ઊભા થયેલ કર્મ મળ હવે અહીં નાબૂદ થવાનો સોનેરી અવસર આવ્યો છે. પોતાના જીવને એ શિખામણ આપી રહ્યા છે કે

કર્મ ખપાવાનો આવો રૂડો અવસર ફરી નહિ મળે **'પ્રાણી ! તું કાયરપણું પરિહરજે, રખે થાયે ભવ ફેરો રે.'** જીવ ! તું આ વધાવી લેવામાં કાયર ન બનતો; રખે કાયર બની હાયવોય અને રાગદ્વેષના સંક્લેશ કરવામાં તારે ભવફેરો થાય ! અહીંથી મોક્ષે ચાલ્યા જવાને બદલે ફરીથી રખે સંસારયાત્રા ઊભી થાય ! આ પીડા નરકની કારમી વેદનાઓ આગળ શી વિસાતમાં છે ?'

આમ ખંધકમુનિએ કાયરતાને ન ઊઠવા દેતાં, તેમજ કાયાનો રાગ, કાયાની સુખાકારિતાનો રાગ, અને ચામડી ઉઝરડવાનું કહેનાર રાજા પર તથા ઉઝરડવા આવેલા મારાઓ પર દ્વેષ ન કરતાં કે પીડામાં હાયવોય લેશ પણ ન કરતાં મનમાં ખૂબ જ પ્રસન્નતા રાખી. બરાબર સમજી રાખ્યું છે કે

**રાગદ્વેષના સંકલેશથી ભવયાત્રા સરજાય છે.**

**કર્મ ખપાવવાનો આવો અવસર ફરીથી નહિ મળે; તો શા સારુ રાગદ્વેષના સંકલેશ કરી કર્મ ઉપાર્જીને ભવયાત્રા વધારવી.**

મનને એમ થશે કે આપણે કાંઈ એટલી બધી ઊંચી કક્ષાએ પહોંચેલા ખંધક મહાત્મા થોડા જ છીએ તે એવા ઘોર ઉપસર્ગમાં આપણે આ વિચારી શકીએ કે કર્મ ખપાવાનો આવો સોનેરી અવસર ફરીથી નહિ મળે, માટે શા સારુ રાગદ્વેષના સંકલેશ કરી કર્મ વધારવાનું અને ભવયાત્રા લાંબી કરવાનું કરવું ?' મનને આવું થાય, પરંતુ અહીં સમજવા જેવું છે કે એવા બાંધેલા કર્મની સામે આપણું કશું ચાલતું તો નથી જ કે એના ઉદયને અટકાવી શકીએ. બાંધ્યા છે આપણે, અને હવે

એનો ઉદય ભોગવવો નથી, એ કેમ ચાલે ?

**ભૂલ ચૂકવવી જ પડે એના દાખલા :-**

શરાફ પાસેથી અમુક મુદ્દતના નાણાં લાવ્યા હોઈએ તો મુદ્દત પાકે એ દેવું ચુકવવું જ પડે છે, ત્યાં 'ના, મારે હાલ એટલી પૈસાની છૂટ નથી, મારે પૈસા પાછા નથી આપવા' એમ કાંઈ ચાલતું નથી.

વધારે પડતું ખાઈ નાંખ્યું હોય, તો પછી પીડા ભોગવવી જ પડે છે ના, મારે અજીર્ણની પીડા ન જોઈએ એમ ચાલતું નથી.

પૈસા વગેરેના મદમાં બીજાનાં અપમાન કર્યે ગયા, હવે પૈસા ખૂટતાં બીજા આપણા સન્માન ન કરે, ને અભાવ-અવગણના કરે, તો તે સહવી જ પડે છે. 'ના, સામાઓ મારાં અપમાન ન કરી શકે' એવો કોઈ મન માન્યો હક ચાલતો નથી.

**પાપકર્મના ઉદયમાં વિચારવાનું અણમોલ સૂત્ર :-**

એમ, આડાઅવળાં આચરણ કરી કર્મ બાંધીને આવ્યાં, હવે એના નિર્ધારિત ઉદય ભોગવવાં જ પડે છે. ત્યાં 'ના, હું શાનો આ ભોગવું ?' એમ કરી એને અટકાવવાનું રદ બાતલ કરવાનું કરી શકતું નથી, તો પછી શા સારુ ઊંચાનીચા થઈ રાગદ્વેષના સંક્લેશ કરવાં ? 'એનાં કરતાં કર્મ ખપાવવાનો આવો અવસર ફરી નહિ મળે' એ સૂત્ર પકડવું શું ખોટું ? કર્મ એનું ધાર્યું તો કરવાનાં જ છે, તો આપણે મફતિયા રાગ-દ્વેષ કરીએ ? નકામી હાયવોય કરીએ ? ને એ કરી નકામી હાયવોય કરીએ ? ને એ કરીને ય આપણું કર્મના ઉદય સામે શું ઉપજે છે ? એ રાગદ્વેષના સંસ્કાર અને નવા કર્મ બંધ ઊભા થાય એના પરલોકે પ્રત્યાઘાત કેવા ?

**વીતરાગ દેવને કેમ માનીએ ? :-**

આપણે વીતરાગ પરમાત્માને માનીએ પૂજીએ છીએ પણ રાગી દેવને નહિ, એનું શું કારણ ? આ જ ને કે આપણે વીતરાગ બની સંસારની જનમ-મરણની વિટંબણાથી છૂટીને મોક્ષ મેળવવો છે. અને વીતરાગ બનવાનું રાગને માર્યા વિના ન બને; અને રાગને મારવાનું સામે આદર્શ તરીકે રાગનો સંપૂર્ણ નાશ કરી વીતરાગ બનેલાને જ રખાય, તથા એમને જ મનાય-પૂજાય, તો જ આપણે રાગને મારી શકીએ. જો આ જ કારણથી વીતરાગ પરમાત્માને માનતા પૂજતા હોઈએ તો એ કરીને રાગ અને રાગપોષક વિષયો અને પ્રવૃત્તિ ઓછા કરતા આવવાનું કામ કેટલું ધમધોકાર ચાલુ જોઈએ ? ચાલુ છે ને ?

**દર્શન-પૂજન ક્યારે સફળ ? :-**

ખરી વાત એ છે કે રોજ વીતરાગ પ્રભુનાં દર્શન પૂજન અને જાપ-સ્મરણ થાય છે, પરંતુ આ વિચાર નથી કે 'હું રાગમાં મરી રહ્યો છું, તે આ પ્રભુને



ભજીને મારા રાગ ઓછા થાય તો સારું. એ ઓછા કરવા માટે રાગના વિષયો અને રાગની પ્રવૃત્તિ રાગના વિચાર-વાણી-વર્તાવ ઓછા કરું. જો વીતરાગ પ્રભુને દર્શન-સ્મરણ-પૂજન વખતે આ વિચાર જ નહિ એનો અમલ ક્યાં આવે ? એ જો નહિ તો વીતરાગ પરમાત્મા મળ્યાની સફળતી શી ? ને એને માન્યા પૂજ્યાની સફળતા શી ?

**શય્યંભવ તત્ત્વજિજ્ઞાસાએ બુઝ્યા :-**

શય્યંભવ બ્રાહ્મણ યજ્ઞ કરાવતા હતા વૈદિક ધર્મને માનનારા એ; પણ સાધુનાં ટોણાંથી તત્ત્વ જાણવાની તમન્ના જાગી, અને યજ્ઞના મુખ્ય ગોર પુરોહિતને તલવાર ઉગામી તત્ત્વ કહેવા ફરજ પાડી, ને એની પાસેથી તત્ત્વ તરીકે વીતરાગ પરમાત્મા શાંતિનાથપ્રભુની પ્રતિમા યજ્ઞના મુખ્ય સ્તંભ નીચે દાટેલાં હોવાનું જાણવા મળ્યું; તો પ્રતિમા બહાર કાઢી જોઈને ઠરી ગયા; આકર્ષાઈ ગયા. શાના પર ઓવારી ગયા ? પ્રતિમા પર કયું ઝવેરાત હતું તે એમાં લલચાય ઓવારી જાય ? કશું જ નહિ, પ્રભુની વીતરાગ શાંતમુદ્રા પર ઓવારી ગયા,- 'અહો ! અમે રાગમાં સડી રહ્યા છીએ ત્યારે આ દેવાધિદેવ રાગનો સર્વથા નાશ કરી વીતરાગ પરમાત્મા બન્યા છે !'

શય્યંભવ વિશેષ તત્ત્વ જાણવા માટે સાધુને શોધતા પહોંચ્યા પ્રભવસ્વામીજી પાસે, ને ત્યાં વીતરાગ પ્રભુનું જીવન, અને બહિરાત્મા મટી અંતરાત્મા થઈ પરમાત્મા વીતરાગ બનવાનો માર્ગ સાંભળી ત્યાં ને ત્યાં જ સંસાર ત્યાગ કરી સાધુ બની ગયા.

**શય્યંભવ એટલામાં શું સમજી ગયા હશે ?**

એમ તો વીતરાગ ભગવાન મહાવીર સ્વામીનું જીવન શું તમે નથી જાણતા ? વીતરાગતા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધનાથી મળે એ પણ શું તમે નથી જાણતા ? તો પછી તમે કેમ શય્યંભવની માફક નથી સમજી જતા ? વીતરાગ મહાવીર પ્રભુનું જીવન વરસો વરસ પર્યુષણમાં સાંભળ્યું, વીતરાગ બનવાનો માર્ગ હજારો વ્યાખ્યાનમાં સાંભળ્યો, છતાં કેમ સમજ નથી આવતી ? શય્યંભવને એકજ વારનું વીતરાગનું દર્શન અને એક જ વારની જિનવાણીનું શ્રવણ એણે શય્યંભવને સમજતા કરી દીધા શી રીતે ?

**રાગસંકલેશ એ સફેદ ઠગ :-**

કહો, મૂળ પાયામાં એ આ સમજ્યા કે રાગ-દ્વેષના સંકલેશ કેટલા બધા ખતરનાક છે, અને એ સાંસારિક વસ્તુ કે સાંસારિક બાબત પર કેવા પોષાય છે. એમાં ય રાગનો સંક્લેશ તો વળી એવો સફેદ ઠગ કે જેમ સારા ઉજળા કપડામાં રહેલ ઠગની મીઠી વાણીમાં ઠગાઈ તો ન લાગે પણ ઊલટું શાહુકારી લાગે, અને એમાં માણસ હોંશે હોંશે જઈ ફસે, એમ રાગના સંકલેશમાં જીવને ઠગાઈ ન લાગે,

ખરાબી ન લાગે, ઊલટું વાસ્તવિકતા અને કર્તવ્યતા તથા શોભા લાગે. મનને એમ થાય કે આમાં શું ખોટું કરું છું ? રાગ-પ્રેમ તો કરવો જ જોઈએ ને ?

દા.ત. બોલો, પત્ની સારી સુશીલ સેવાભાવી મળી હોય અને તમારા પર અથાગ પ્રેમ ધરાવતી હોય, તો તમને શું લાગે ? એમ જ ને કે 'આ આટલો બધો પ્રેમ ધરાવે તો આપણે આના પર તો એટલો પ્રેમ રાખવો જ જોઈએ ને ? આના પર તે વળી વૈરાગ્ય રખાતો હશે ? આમાં શું લાગ્યું ? અત્યંત પ્રેમાળ પત્ની પર અગાધ પ્રેમ એટલે કે રાગની તીવ્રતા રાગનો સંક્લેશ, એમાં ખરાબી ક્યાં દેખી ? ઠગાવાનું ક્યાં દેખ્યું ? ઊલટું કર્તવ્ય દેખ્યું ! આમાં પછી એ છોડવાની વાત તો રહેજ ક્યાં ? કદાચ તમને લાગશે,

**પત્ની પરનાં અથાગ રાગમાં વ્યવહારથી ખરાબીઓ :-**

**પ્ર.**- અત્યંત પ્રેમાળ પત્ની પર સહેજે અથાગ પ્રેમ રહે એમાં ખોટું શું ?

**ઉ.**- ખોટું વ્યવહારથી અને આત્મદૃષ્ટિએ પણ અનેક રીતે છે.

(૧) પત્ની પર અથાગ રાગ હશે તો એનો દોષ દુર્ગુણો ધ્યાનમાં નહિ આવવાથી એના અંગે હિતશિક્ષા આપવાનું નહિ બને. તેથી પત્નીમાં ખરાબીઓ પોષાતી રહેશે. આ એના અહિતમાં તમે જવાબદાર બન્યા, આશ્રિતના હિતનું કર્તવ્ય ચૂક્યા. વડીલની ફરજ છે કે આશ્રિતના નાનડિયાના હિતનો વિચાર અને શક્ય પ્રયત્ન રાખે.

(૨) પત્ની પરના અથાગ રાગથી એની કોઈ અવળચંડાઈ છતાં, માતા, ભાભી યા બેનના દોષ દેખાશે, એ દોષપાત્ર લાગશે, પત્ની નહિ. એથી અસદ્ આરોપ, માતાદિ પર દુર્ભાવ, જરૂર પડ્યે એમનાથી અલગ થઈ જવાનું...વગેરે દોષો ઊભા થશે.

(૩) પત્ની પરના અથાગ રાગમાં પરમાત્મા પર અથાગ રાગ નહિ રહે, ગુરુ પર નહિ ધર્મ પર એવા રાગ નહિ. એટલે વ્યવહારથી દેવદર્શનાદિ ધર્મ કરાશે તોય એ એવા ગદ્‌ગદ દિલ વિના કરાશે અને પત્નીનું પહેલું સાચવીને.

**અરે ! પત્ની પરના અથાગ રાગમાં કેટલી ય વાર પત્ની યાદ રહેશે, પણ ભગવાન ભૂલાશે.**

સારાંશ, વિચારશો તો દેખાશે કે પત્ની પરના અથાગ રાગમાં કેટકેટલા ખોટાં પરિણામ નીપજે છે. માટે જ આ વાત છે કે અથાગ રાગ એ રાગનો સંક્લેશ છે. તેથી જ ડાહ્યો માણસ, ભલે બહારથી રાગ-પ્રેમ દેખાડવો પડતો હોય, પરંતુ હૈયામાં વૈરાગ્ય ધરનારો હોય.

**વૈરાગ્ય એટલે ગ્લાનિ - જાગૃતિ - દિલદર્દ :-**



વૈરાગ્ય એટલે પૈસા-પત્ની-પરિવાર-માનપાન અને વિષયો પાછળ થતા પાપોને લીધે એ બધા ઉપર ઉદાસીનભાવ-ગ્લાનિ અને પાપોનો સંતાપ.

વૈરાગ્ય એટલે જાગૃતિ કે આ બધાની પાછળ મારા અનંત ઉપકારી ભગવાન અને ધર્મને ભૂલવાનું થાય છે એ મોટી આપદા છે.

વૈરાગ્ય એટલે પોતાની ભાવી પરલોકની ધીખતી ચિંતામાં પરલોકહિત ચૂકાવનારી ચીજ પ્રત્યે દિલદર્દ, દિલના ઉંડાણમાં વેદના. જૂઓ આમાં વૈરાગ્યવાળો પત્ની પરિવાર પૈસા વગેરે પર રાગ તો કરતો જ હશે. રાગની પ્રવૃત્તિ ય કરતો હશે, પરંતુ દિલના ઉંડાણમાં એનું એને દર્દ હશે, સંતાપ હશે. અવિરતિવાળા સમકિતી આત્માની આટલી કક્ષા છે, વિષયો અને વિષયસુખો પર રાગ-આસક્તિ-મમતા છતાં અંતરમાં વૈરાગ્ય હોય, એ ન હોય તો સમકિત નહિ. તમને લાગશે,-

**પ્ર.- રાગ છતાં વૈરાગ્ય હોય ? :-**

હા, વૈરાગ્ય એ દિલદર્દ છે. વ્યવહારમાં આ અનુભવાય છે,- શેઠ પૈસા સારા ખટાવતો હોય, પરંતુ ન છાજતી ગાળો દેતો હોય તો નોકરને પૈસા પર રાગ તો છે જ, માટે તે એવી ય નોકરી કરે છે, પરંતુ અંતરમાં દરદ છે કે 'બળ્યા આ પૈસા ! ને બળી આ નોકરી ! જો આમાં માબાપ-પત્ની પર ગાળો ખાવી પડે છે.' એમ સમકિતી આત્માને પૈસાદિ પર રાગ તો થાય છે જ, ને તેથી જ એની પ્રવૃત્તિ પણ કરે તો છે, કિન્તુ અંતરમાં દરદ છે કે બળ્યા આ પૈસા કે જેમાં ભગવાન વગેરેને ભૂલવાનાં ને અઢળક પાપસ્થાનક આચરવાના રહે !'

**પ્ર.**- તો શું પત્ની પર વૈરાગ્ય એટલે એને અણગમો દેખાડવાનો ?

**ઉ.**- ના, જેમ નોકર અંતરમાં દર્દ છતાં બહારથી શેઠ સામે અણગમો ઉદ્ધતાઈ નહિ દેખાડે, વિનય કરશે-પ્રેમ દેખાડશે, પ્રશંસા કરશે, એમ સમકિતી જીવ પત્ની વગેરે પર અણગમો નહિ દેખાડે, પ્રેમ દેખાડશે. અવસરે પ્રશંસાય કરશે. પરંતુ એના અંતરમાં દરદ રહ્યા કરશે, એજ વૈરાગ્ય.

**વૈરાગ્ય હોય ત્યાં રાગ રહે, પણ રાગનો તીવ્ર સંક્લેશ ન કરાય.**

**રાગના તીવ્ર સંક્લેશમાં વૈરાગ્ય નહિ.**

આનંદ-કામદેવાદિ શ્રાવકો મોટી સમૃદ્ધિ વગેરેનો પથારો રાખીને બેઠા હતાં એટલે એમને મમતા તો હતી જ, રાગ તો હતો, જ પરંતુ એમના દિલમાં એનું દર્દ હતું, પાપાશ્રવો-પાપસ્થાનકોનો સંતાપ હતો. એ જ વૈરાગ્ય અને એના પર જ સમ્યક્ત્વ હતું.

તમે તો સમકિત એટલે 'દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા' એટલું જ સમજી બેઠા છો પણ સાથે 'વૈરાગ્ય અર્થાત્ પાપસ્થાનકોનો હૈયામાં તીવ્ર સંતાપ રહેતો હોય' એ સમજતા નથી. તેથી માનેલું સમકિત રાખીને ય પૈસા-પત્ની-પરિવાર-માનપાન વગેરે પર,

પાપસ્થાનકોના તીવ્ર સંતાપ વિના, અથાગ રાગ રાખી રહ્યા છો, રાગના તીવ્ર સંકલેશમાં મરી રહ્યા છો.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"** **વર્ષ-૨૪,અંક-૨૫,તા.૬-૩-૧૯૭૬**

**સમકિતીને પાપનો ભારે સંતાપ ન હોય ? રાગનો તીવ્ર સંક્લેશ હોય ? વૈરાગ્યના ફાંફાં ?**

**ધર્મીમાં મદ-ઈર્ષ્યા વગેરે શાથી ? :-**

આજે ધર્મી ગણાતા કેટલાય માણસોમાં હોંસાતોંશી, અહંકાર, ઈર્ષ્યા વગેરે કેમ દેખાય છે ? કારણ આ જ કે ધર્મની શ્રદ્ધામાં સાથે પાપસ્થાનકોનો ભારે સંતાપ રાખ્યો નથી. જો પાપસ્થાનકોનો ભારે સંતાપ હોય તો તો બિનજરૂરી વૈરવિરોધ ઈર્ષ્યા મદ-અહંકાર વગેરે પાપસ્થાનક ઊભા રખાય ? પરંતુ માની લીધું કે ધર્મ પણ જરૂરી અને ઘર, દુકાન આરંભ પરિગ્રહ સ્વમાન રક્ષા...વગેરે પણ જરૂરી ! આમ બંને જરૂરી માન્યા એટલે જેમ ધર્મ રાજીપાથી કરવાનો એમ પાપસ્થાનકો પણ રાજીપાથી કરવાનો એમ પાપસ્થાનકો પણ રાજીપાથી કરવાના. આવું માની લીધા પછી પાપસ્થાનકોના સેવનમાં સંતાપ ને સંકોચ શાનો કરવાનો રહે ? બસ, આ જ કારણ છે,-

**ધર્મી ગણાતા એ પણ પાપસ્થાનકો જરૂરી માની જ્યાં રાજીપાથી કરવાનું રાખ્યું અને એનો સંતાપ નહિ. ત્યાં મદ-ઈર્ષ્યા-વૈરવિરોધ વગેરે કોટે વળગ્યા રહે છે.**

જીવનમાં મદ-અહંકાર, સગાભાઈ જેવા સાથે અંટસ, વિરોધ, સાધર્મિકનો અનાદર...વગેરે દૂષણો એ માપદંડ છે. એથી અંતરમાં પાપસ્થાનકોનો સંતાપ નથી એ સૂચિત થાય છે. નહિતર જો એ સંતાપ હોય તો આવા બિનજરૂરી અને જીવનને બરબાદ કરનારા મદ-રોફ-વૈર વગેરે દોષો કેમ સેવાય ? પૂછો,

**પ્ર.-** પણ સામો આપણા પર દમ ભીડવાતો આવે તો એને રોફ ન બતાવાય ? ભાઈ આપણી વિરુદ્ધ વર્તતો હોય, તો એની સાથે વિરોધ ન રહે.

ઉ.- અહીં જ વિચારવાનું છે કે સામો એવો માટે આપણો રોફ-રોષ-વૈર વિરોધ રાખીએ તો શું એ પાપસ્થાનક નથી ? એ પાપ થઈ જાય તો એનો સંતાપ હોય ? કે બચાવ કરવાનું મન થાય ?

બોલો. તમને વધારે શું ખરાબ લાગે છે ? શું ખટકે છે ?

**શું સામો તમારી વિરુદ્ધ વર્તે છે એ ખટકે છે ? એનો સંતાપ ? કે તમારા અંતરમાં એના પ્રત્યે રોફ-રોષ-વૈર થાય છે એ ખટકે છે ? એનો સંતાપ થાય છે ?**



**પાપસ્થાનકો કેમ ફાલેફુલે છે ? :-**

શું ખટકે છે ? શેનો સંતાપ થાય છે ? આ વિચારો એટલે માપ નીકળશે કે પાપસ્થાનકનો સંતાપ કેટલો છે ? ને બીજી ત્રીજી વસ્તુનો કેટલો ? જાતને અનુકૂળતા ન મળી, જાતને માન ન મળ્યું, ખાન પાનાદિની અનુકૂળતા ન મળી એનો સંતાપ થાય, પણ જીવનમાં મદ-માયા-ઈર્ષ્યા-વૈરવિરોધ રોષ-રોફ વગેરે પાપસ્થાનક સેવાયા નહિ ?

જીવનમાં પાપસ્થાનકો યથેચ્છા ફાલેફુલે છે એનું કારણ જ આ છે કે એનો જીવનમાં મુખ્ય સંતાપ જ નથી. રસ્તે કાંટા વાગ્યાનો હાર્દિક સંતાપ છે તો કાંટાથી બચવાનો બરાબર ખ્યાલ રખાય છે. દુનિયામાં જરાક માનહાનિ થયાનો હૈયે સંતાપ છે તો માનહાનિ ન થવા દેવાનો પૂરો પ્રયત્ન રખાય છે...આપણું પ્રતિકૂળ થાય એનો સંતાપ રહે છે માટે, પ્રતિકૂળ બને એટલું ટાળવાનું ખાસ પ્રયત્નપૂર્વક થાય છે. એમ જો પાપ સ્થાનકોની હૈયે બળતરા હોય સંતાપ હોય, તો એનાથી બચવાનો, એને યથેચ્છ ફાલવા ફુલવા ન દેતાં એ પાપસ્થાનકો ઓછા કરતા આવવાનો પૂરો પ્રયત્ન હોય.

અનંત અનંત કાળથી જીવની ભવભ્રમણની વિટંબણા શા ગુના ઉપર ? આ જ કે યથેચ્છ પાપસ્થાનક-સેવન ચાલ્યાં, અને એનો કશો હાર્દિક સંતાપ રાખ્યો નહિ, એના પર અનંત જનમ-મરણાદિની વિટંબણા ભોગવવી પડી, ને હજી ય એ ચાલુ છે.

**ધર્મ ન સાધ્યાનો જેટલો ગુનો નથી, એટલો પાપસ્થાનકનો સંતાપ ન રાખ્યાનો છે.**

**મોટું પાપસ્થાનક દશમે રાગ અને અઢારમે મિથ્યાત્વશલ્ય.**

આપણે અનંતીવાર ચારિત્ર લીધાં અને પાળ્યાં, છતાં આજે હજી સંસારની કેદમાં કેમ ? કારણ કે ચારિત્ર તો પાળ્યા, પણ તે દુન્યવી સુખના રાગથી પાળ્યાં, મિથ્યાત્વ રાખીને પાળ્યા; એ રાગનો સંતાપનો એ મિથ્યાત્વનો સંતાપ નહિ એ મોટો ગુનો થયો. ત્યાં ધર્મ ચારિત્રનો સાધ્યો એ ય બેકાર ગયો. નહિતર આઠ ભવ ભાવચારિત્ર પળાય તો મોક્ષ થઈ જાય, ત્યાં અનંતીવાર ચારિત્ર પાળેલાં છતાં હજી મોક્ષ નહિ ? ધર્મ નકામો ?

ધર્મ નકામો નથી, પણ સફળ છે.

**પાપસ્થાનકની હૃદય-બળતરા પર ધર્મ ફળે છે.**

ધર્મ તો તાહરણહાર છે પણ સાથે પાપસ્થાનકોમાં રાજીપાનું ઝેર ન પીવાય તો ધર્મ તારણહાર બને. વિષયપાન ચાલુ હોય ત્યાં અમૃત જેવો ખોરાક શું કરે ? કુટ રાજનીતિમાં રાજકેદીઓને સારા ખોરાકમાં સ્લોપોઇઝન આપી ખત્મ કરાય છે.

**ધર્મના અંતે પણ રાગનું ઝેર મારે :-**

વિશ્વભુતિ મુનિએ અમૃત જેવો ઉગ્ર સંયમ કઠોર તપ અને તીવ્ર વૈરાગ્યનો ચારિત્રધર્મ પાળ્યો હતો. એવો કે કાયાને હાડપિંજર-શી કરી નાખેલી ! છતાં પછી એ ત્રિપૃષ્ઠ વાસુદેવ થઈ કેમ સાતમી નરકે ગયા ? ને ત્યાંથી કેમ દીર્ઘકાળ સંસારમાં ભટક્યા ? કહો, પેલા તપ-સંયમ-વૈરાગ્યના અમૃતને છેડે દુન્યવી બળના તીવ્ર રાગનું ઝેર ખાધું, એણે અમૃતની અસર મારી નાખી. રાગ તો ઊઠ્યો, પણ એનો સંતાપે ય નહિ, એટલે મિથ્યાત્વ આવતાં વાર નહિ. રાગ અને મિથ્યાત્વશલ્યનાં મોટા પાપસ્થાનક કેવી કારમી વલે કરે ? વિચારજો આટ આટલા ઉગ્રતપ સંયમ વૈરાગ્યની દીર્ઘકાળની આરાધનાનું પીઠબળ છતાં દુન્યવી બળના લોભ-રાગનાં પાપસ્થાનક એમને ઘોર મારનારા થયા, તો તમારે એવી ઉગ્રધર્મ આરાધનાનું પીઠબળ તો છે નહિ, તો પછી પાપસ્થાનકનાં વિના સંતાપે સેવન કેવાં મારનારા થવાનાં ?

ભાઈ જરા વાંકો વર્ત્યો, ત્યાં આપણે દિલમાં વૈરનું અંટસનું વિરોધનું પાપસ્થાનક ન ઘાલીએ તો શો વાંધો આવી જાય ? જીવન કયું દુઃખી થઈ જાય ? શું એના પર દિલમાં ક્ષમા-કરુણા ન ચિંતવી શકાય ? બીજો કોઈ પરાયો તો નથી ને ? સગી માનો દીકરો છે ને ? તો એટલી જરાક શી ઉદારતા ન કેળવાય ? 'હશે, ભાઈ છે ને ? એના પર પણ રોષ કરીશ તો અવસર આવ્યે બીજા કોને રોષમાંથી છોડીશ ? ભાઈ પર કરુણા નહિ લાવે તો પછી બીજા કોના પર કરુણા લાવી શકીશ ?' આવો વિચાર ન લવાય ?

**જીવનમાં વૈરને જ જગા છે ? કરુણાને નહિ ?**

**જિંદગીભર રોષ-દ્વેષ, તો ઉપશમ-કરુણા ક્યારે ? :-**

જ્યાં આપણાં મનને અણગમતું થયું, ત્યાં ત્યાં રોષ-દ્વેષ-મદ-ઈર્ષ્યા વગેરે જ કરવાનાં હોય, ને એનો પાછો સંતાપ પણ નહિ કે 'હાય ! આ ગોઝારાં પાપ-સ્થાનકમાં ક્યાં પડ્યો ? તો તો સમજો કે આપણા પુણ્યની નબળાઈને લીધે જિંદગીભર આવું અણગમતું કરનાર જ આપણને મળવાના છે, તો શું જીવીએ ત્યાં સુધી આ રોષ-દ્વેષ-મદ વગેરે જ કરતા રહેવાનું ? તો પછી જિંદગીમાં ઉપશમ-ક્ષમા-કરુણાને અવકાશ ક્યારે ? ખરી વાત એ છે કે,

**પાપસ્થાનકનો સંતાપ નથી એટલે ઉપશમાદિનો ખપ નથી.**

શું બીજાના ગુના પર આપણે રોષ-દ્વેષ વગેરે કરતાં રહ્યાં, એનો પરલોકમાં બચાવ મળશે ? જા ભાઈ ! તારા રોષ-દ્વેષ માફ કેમકે એમાં ગુનો બીજાનો હતો' આવું કર્મ કહેશે ? ત્યારે અહીં પણ શું રોષ-રોફ કરતા રહેવામાં સુખી રહીએ છીએ ? હૈયે સુખ શાન્તિ ઠંડકનો અનુભવ રહે છે ? રહેજ ક્યાંથી ? હૈયે આ



રોષ-રોફ-દ્વેષ સળગતા રહેતા હોય એમા સુખશાન્તિ શાની રહે ? આવું જીવન જીવવાની મજા ? કે ક્ષમા ઉપશમ કરુણાભાવનું જીવન ચાલે એમાં મજા ? સુખી જીવન કયું ?

એટલું ય જો સમજાય ! 'આ રોષ-દ્વેષ આદિના સંક્લેશ કરવામાં અહીંના જીવનની પણ મજા મરી જાય છે,' તો એ પાપસ્થાનક સેવાય નહિ; ને કદાચ સેવ્યા તો ભારે સંતાપ રહે. ચીજ વસ્તુ કે આપણું માન બગડ્યાનો એવો સંતાપ નહિ, પણ પાપસ્થાનક સેવ્યાનો ભારે સંતાપ થાય. ત્યારે, જો રાગાદિ પાપ સ્થાનક સેવાય ને ત્યાં એનો કશો સંતાપ પણ નહિ, ને એ કરવા યોગ્ય લાગે, તો સમ્યક્ત્વ ક્યાં ઊભું રહે ?

સમ્યક્ત્વની સમજમાં બે અંશ છે, **'આશ્રવઃ સર્વથા હેયઃ' ઉપાદેયશ્ચ સંવરઃ'** અર્થાત સમજમાં એક અંશ આશ્રવ-પાપસ્થાનક એ સર્વથા ત્યાજ્ય છે. એકાન્તે અકર્તવ્ય-ન કરવા લાયક છે, તેમજ બીજો અંશ સંવર અર્થાત્ પાપસ્થાનકનું વિરોધી ધર્મસ્થાનક એ આદરવા યોગ્ય છે. હવે આમાંથી ધર્મ તો કરવા જેવો લાગે, પણ પાપસ્થાનક છોડવા જેવાને બદલે કર્તવ્ય લાગે તો સમ્યક્ત્વ શી રીતે ઊભું રહે ?

ધ્યાનમાં રહે અરિહંત ભગવાન પરથી શ્રદ્ધા પ્રીતિ એટલું જ માત્ર સમ્યક્ત્વ નથી, પરંતુ એમના વચન પરની શ્રદ્ધા પ્રીતિ એ પણ સમ્યક્ત્વ માટે જરૂરી છે. ત્યારે જો અર્હદ્-વચન પર શ્રદ્ધા-પ્રીતિ છે, તો આ અર્હદ્વચન પર શ્રદ્ધા-પ્રીતિ છે, તો આ અર્હદ્વચન છે. આશ્રવઃ સર્વથા હેયઃ પાપસ્થાનક સર્વથા ત્યાજ્ય છે.' આ વચન પર જો શ્રદ્ધા હોય તો પાપસ્થાનક કદી ય કર્તવ્ય લાગે ? હા, પોતાની કમજોરીએ પાપસ્થાનક છૂટે નહિ, સેવાઈ જાય એ બને, પણ એના પર કર્તવ્યનો કરવા યોગ્યનો સિક્કો મરાય ? એ માર્યા પછી તો એનો સંતાપ રહે જ શાનો ?

**પાપનો સંતાપ નહિ ત્યાં અંતરમાં ધર્મ પરિણતિ નહિ.**

પછી ભલે ને સંસારત્યાગી સાધુ બનેલું હોય છતાં જો અંતરમાં પાપનો સંતાપ નથી, તો બાહ્યથી ચારિત્રધર્મ લીધેલો છતાં અંતરમાં ચારિત્રધર્મની સ્પર્શના નહિ. પ્રસન્નચંદ્રરાજર્ષિને જોયો આ ઢોંગી ? નાના બાળપુત્રને લુચ્ચા મંત્રીના ભરોસે રાજ્ય સોંપી સાધુ થયો અને મંત્રીએ રાજ્ય બથાવી પાડ્યું ? આ વચનને સાંભળી ચિત્ત ચકડોળે ચઢ્યું, 'હે મંત્રીએ વિશ્વાસઘાત કર્યો ? લાવ એની ખબર લઈ નાખું.' પછી તો કેમ જાણે પોતાના પક્ષમાંથી અડધું લઈ એ મનોમન એની સાથે યુદ્ધ કરવા લાગ્યા.

શું આમાં ક્યાંય સંતાપ થયો કે અરરર ! આ હું ક્યાં મમતાના પાપમાં પડ્યો ? ક્યાં મંત્રી પર દ્વેષ અને યુદ્ધના પાપમાં પડ્યો ? ના રે ના, કાલ્પનીક યુદ્ધમાં માણસો કપાતા ગયા, મરતા ગયા, છતાં એની કોઈ અફસોસી નથી કે

અરેરે ! આ મારા પુત્રમમતામાં આવો માનવહત્યાકાંડ ? પાપની અફસોસી જ નહિ પછી પાપથી પાછા વળવાની વાત શી ? ઊલટું પાપની લેશ્યા વધુ ને વધુ કાળી થતી ગઈ, અંતે એવી ઉત્કૃષ્ટ લેશ્યાએ કામ પહોંચ્યું કે એ ઠેઠ સાતમી નરકના અશુભ કર્મ બાંધવા માંડ્યા !

**જ્યાં પાપનો સંતાપ નહિ ત્યાં પાપાચરણની લેશ્યા જોર કરતી જાય એમાં નવાઈ નથી.**

**અંટસ-વિરોધનું પાપ જાલિમ કેમ ? :- એનાં શલ્ય ભૂંડા :-**

આજે ભાઈ ભાઈને કે સગા સગાને અંટસ પડેલા દૃઢ થતા દેખાય છે એનું કારણ આ જ, કે આ અંટસ વૈર વિરોધના પાપનો સંતાપ જ નથી કે એમાં આવા વૈર વિરોધ જેવા જાલિમ પાપ કરવા પડે છે ?'

**પ્ર.**- અંટસ-વૈર-વિરોધ એ જાલિમ પાપ છે ?

ઉ.- હા, પાપ જાલિમ એટલા માટે કે એ હૈયામાં એવા ઝેરી શલ્ય નાખે છે કે જે ભવના ભવ એનો ભાવ ભજવે. અજ્ઞાન માણસને આનો ખ્યાલ નથી કે ઝેરી શલ્ય એટલે ઝેરી કાંટો. એ અંદરમાં પેસી સડીને ધાતુઓ સાથે એવું એકમેક થાય છે, ધાતુઓમાં એવું ભળી જાય છે કે એની ખતરનાક અસરો કાળના કાળ ચાલ્યા કરે ! આનો ખ્યાલ જ ન હોય, પછી જો આ શલ્ય પહેલેથી પેસવા જ ન દઉં કે પેઠા પછી તરત એનો ઉદ્ધાર ન કરું તો આ અંદર પેઠેલા શલ્યોનો કેવો ભયંકર નતીજો ભોગવવો પડે ?'

એકલા વૈર-વિરોધ-અંટસના જ શલ્યની આ વાત નથી, પરંતુ રાગ, આસક્તિ, લંપટતા, અહંકાર, ઈર્ષ્યા, મદ, માયા વગેરે બીજાનાં પણ ઝેરી શલ્ય આ સંસારમાં લાંબા કાળ સુધી ખતરનાક નીવડે છે. આમ છતાં મોહમૂઢ મન આ દોષો નિર્ભયતાથી વારંવાર સેવીને એનાં શલ્યોને મજબૂત કર્યે જાય છે. એનું જ આ પરિણામ છે કે પછીના જન્મોમાં આ દોષો ફાલીફૂલીને સ્ફુરતા જ રહે છે, સ્ફુરતા જ રહેશે.

**સહેજ સહેજમાં ગુસ્સો ઈર્ષ્યાદિ કેમ ? :-**

આજે આપણને સહેજ વાતમાં કે નજીવી બાબતમાં ગુસ્સો અકળામણ ઉઠ્યા કરે, અંટસ વિરોધ થયા કરે, અહંત્વ-અક્કડતા રહ્યા કરે, ઈર્ષ્યા ને માયા સ્ફુર્યા કરતા હોય તો એ શાથી ? કહો પૂર્વ જન્મોમાં એનાં ઝેરી શલ્ય-કાંટા હૈયામાં નાખી નાખીને મજબૂત કરી અહીં લઈ આવ્યા છીએ. એની આ અસર છે. વળી પાછા અહીં એને દબાવવાને બદલે હોંશથી અને વારંવાર એ સેવી સેવી હૈયામાં એના નવાં નવાં શલ્ય ઘાલી એને ઓર મજબૂત કર્યે જઈએ ત્યારે એનું ભાવી કેવું ?



**આસક્તિનાં મીઠાં ફળમાં મોત :-**

મુશીબત એ થાય છે કે એ રાગ, દ્વેષ, મદ, આસક્તિ વગેરે સેવતાં એનાં આ લોકમાં ફળ મીઠાં લાગે છે તેથી મોત છે. નથી તો એ ભયંકર લાગતા, કે નથી એના શલ્ય હૈયામાં વારંવાર નાખતા આંચકો આવતો દા.ત. જૂઓ કે માણસ વેપારની આસક્તિથી વેપારમાં લાગ્યો અને લોકમાં પ્રતિષ્ઠા મળવા લાગી કે આ બહુ કાબેલ વેપારી !' તો પછી એ ખ્યાતિ મીઠી લાગવાથી વેપારની આસક્તિ રાખ્યે જ જશે અને હૈયામાં એનાં શલ્ય વારંવાર નાખ્યે જશે ! તે જિંદગી ઘણી વીતી ગઈ છતાં એ આસક્તિ છોડશે નહિ. ડોસો તો ય બે કલાક પણ દુકાને જઈ આખું સરવૈયું સંભાળી લેશે. ટપાલ, ઉઘરાણી, વેચાણ, ખરીદી, આડત, વ્યાજ, રુખ વગેરે કાંઈ કાંઈ સંભાળી લેશે ! કેટલી બધી આસક્તિ !

**માનવની સંજ્ઞાઓ તિર્યંચના અવતારે :-**

આનું પરિણામ ? આ આસક્તિનાં શલ્ય આત્મામાં ભરચક ભરી પરલોકની મુસાફરીએ ઉપડશે, ને ત્યાં એક યા બીજી આસક્તિ એવી કોટે વળગી હશે કે એ સિવાય બીજું કાંઈ એને સૂઝશે જ નહિ. દા.ત. જો એ જીવ કીડી થયો તો આખો દિવસ એને વહાલી ખાનપાનની ચીજ પાછળ ઘુમ્યા કરશે. એને દર ભેગી તાણી જવા તનતોડ મથામણ કરશે. દુનિયામાં અઢળક કીડા-કીડીઓ માખી મચ્છર વગેરેના આ ધંધા કેમ દેખાય છે ? એટલી બધી એને આસક્તિ શાથી ? હો. એ જીવોએ પૂર્વે મનુષ્ય અવતારે કોઈ વેપાર કોઈ માલમિલકત વગેરે પર ભારે આસક્તિ રાખી, એના ભરચક ઝેરી શલ્ય હૈયામાં ભર્યે રાખ્યા, હવે એ આસક્તિના શલ્યો આવા તુચ્છ તિર્યંચના અવતારોમાં પોતાનો ભાવ ભજવ્યે રાખે છે.

બોલો, તમને ધંધાધાપાની આવી આસક્તિ નથી ને ? એવો રસ નથી ને ? જો આસક્તિ છે, રસ છે, તો એના ઝેરી શલ્ય આત્મામાં કેવા દૃઢ થતા જાય છે એનો વિચાર આવે છે ? તેમ એ આસક્તિથી આર્તધ્યાનવશ પરલોકમાં તિર્યંચગતિમાં પટકાવું પડે એનો વિચાર આવે છે ? એનો ભય લાગે છે ?

**ઘોડાને ભગવાન ન મળ્યા હોત, તો ? :-**

એ તો સારું થયું કે ભગવાન શ્રી મુનિસુવ્રત સ્વામીએ જે ઘોડાને પ્રતિબોધ કર્યો એને ભગવાન મળી ગયા ! જો ભગવાન ન મળ્યા હોત તો એની શી દશા થાત ?

કારણ ?

એ ઘોડો કેમ થયો એ ખબર છે ? પૂર્વ જીવનમાં એ મોટો વેપારી હતો નામ સાગરચંદ્ર. એને વેપારની બહુ લત હતી, આસક્તિ હતી. એટલી બધી કે જિંદગીના છેડા સુધી ચિત્તમાં મોટા ભાગે વેપાર અંગેની જ ગડમથલ ચાલતી. પરદેશ કયો માલ

મોકલવા જેવો છે ? કયો પરદેશથી મંગાવવા જેવો છે ? ઉઘરાણી કેમ છે ? માલનો સ્ટોક કેટલો છે ? બજારની રુખ કેવી રહેશે ?...' આમાં આમાં આર્તધ્યાન ભરપૂર ચાલતું, **'અટ્ટેણ તિરિયગઈ'** આર્તધ્યાનથી તિર્યંચગતિનાં પાપ બંધાયા તે એણે તિર્યંચગતિનું આયુષ્ય બાંધ્યું ને મરીને ઘોડો થયો.

સાગરચંદ્રના ભવમાં એ જૈનતર શિવભક્ત છતાં શ્રાવકમિત્રના સંગથી સાધુ મહારાજના પ્રવચનમાં ગયો, ને સાંભળ્યું કે જે જિનપ્રતિમા ભાવથી અને વિધિથી ભરાવે એને પરભવે અવશ્ય બોધિ મળે જૈન ધર્મ મળે.' તેથી એના મનને થયું કે ભવાંતરે બીજું બધું મળે પણ ધર્મ ન મળે તો શું કામનું ? અને આ દયાપ્રધાન જૈનધર્મ મળે તો સારું છે. નહિતર એના વિના તો જીવ બીજી સુખસામગ્રી પામીને એના પર જીવહિંસા વગેરે કેટલાંય પાપ કરી નરકાદિ દુર્ગતિમાં જ ચાલ્યો જાય.માટે જો આટલા જિનપ્રતિમા ભરાવવાના કાર્યથી ભવાંતરે જૈનધર્મ મળવાનું નક્કી થતું હોય તો આ ભાવમાં ખોટું નથી. એમ વિચારી એણે શ્રાવકમિત્ર દ્વારા ભગવાન જિનેશ્વરદેવની પ્રતિમા ભાવથી વિધિપૂર્વક ભરાવી ઠાઠથી ભાવપૂર્વક એની પ્રતિષ્ઠા કરાવી, એના પુણ્યથી એને ઘોડાના અવતારમાં પણ રાજાને ત્યાં રાજાના અશ્વરરત્ન તરીકે રહેવાનું મળ્યું.

**ધર્મ-પાપનાં મિશ્રણનું વિલક્ષણ કામ :-**

પુણ્ય-પાપનાં મિશ્રણ કેવું વિલક્ષણ કામ કરે છે ? વેપારની આસક્તિનાં પાપે એને તિર્યંચગતિનાં કર્મ બંધાવ્યા તિર્યંચનો અવતાર આવ્યો. ત્યારે જિન પ્રતિમા ભરાવવાના ધર્મે એને ઊંચા માનપાન ઊંચી સગવડ આપી. તમે જો દેવદર્શન-પૂજન આદિ ધર્મ કરી એના વિશ્વાસે રહેતા હો કે આ ધર્મ કરીએ છીએ એટલે વેપાર ધંધા વગેરે અર્થ અને વિષય સેવનાદિ કામમાં રક્ત રહીએ તો વાંધો નહિ,' તો ધ્યાન રાખજો આ સાગરચંદ્રનું દૃષ્ટાન્ત. સેંકડો હજારો રૂપિયાના ખર્ચે સાગરચંદ્રે ભગવાન ભરાવ્યા અને અંજનશલાકા પ્રતિષ્ઠા-વિધિ કરાવી, તે પછી એ ભગવાનનાં દર્શન સાલગીરી ઉજવણી વગેરે ધર્મ પણ કરતો હશે, છતાં વેપારની આસક્તિએ આયુષ્ય કોઈ એના આર્તધ્યાન વખતે બાંધેલું તે ઘોડાનો અવતાર પામ્યો, ધર્મનો ભરોસો ક્યાં રહ્યો ?

તો તમે શું એમ માનો છો કે અમારું પરભવનું આયુષ્ય તો ધર્મની ભાવના વખતે જ બંધાશે ? ને ધંધાધાપા વિષયભોગ વગેરેના હૈયામાં ચાલતા ભાવના વખતે જ બંધાશે ? ને ધંધાધાપા વિષયભોગ વગેરેના હૈયામાં ચાલતા ભાવ વખતે આયુષ્ય નહિ બંધાય ? આવો ભરોસો રાખો છો એટલે જ અર્થ અને કામની લોલુપતા ભરચક રાખી રહ્યા છો ને ? કઈ અક્કલે ૪૦-૪૫-૫૦ વર્ષની ઉંમર



થઈ જવા છતાં હજી વેપાર ધંધો પૈસાટકા તથા ભોગ વિલાસની આસક્તિ અને આચરણમાં દટાયા રહો છો ? પરભવનો કોઈ ભય ? ના, ધર્મ કરીએ છીએ ને ? એથી સારું જ થવાનું છે પછી પાપ ગમે તેવાં અને ગમે તેટલાં કરીએ તો વાંધો નહિ, આ ગણતરી હોય આવો હિસાબ માંડી મૂક્યો હોય પછી ભલે ને ઉંમર અડધી વહી ગઈ, છતાં અર્થ કામની આસક્તિ અને ગડમથલ છોડવી નથી. ભૂલો નહિ સાગરચંદ્રને.

સાગરચંદ્રને ઘોડાના અવતારે વિચરતા ભગવાન મળ્યા, એના ખાસ પ્રતિબોધનો કારણે પ્રભુ એનાં સ્થાન આગળ સામેથી ચાલી આવીને પધાર્યા, તો એને મનની લાઈન ફરી. તમને ભવાંતરે વિચરતા ભગવાન મળવાનું નક્કી છે, ભલે ને ઘોડા-પાડાનો અવતાર મળે પરંતુ વિચરતા ભગવાન મળશે એટલે ઉદ્ધાર થઈ જશે, આવું બધું નક્કી છે ને ? એટલે જ તરવાનું ભવિષ્યના વાયદે રાખ્યું અને વર્તમાનમાં ધંધાધાપા અને રંગરાગની જ ગડમથલમાં દટાયા રહો છો ને ?

સમજજો કે ભગવાન નહિ, પણ કોઈ મોટા અવધિજ્ઞાની મહાત્મા મળે ને ? તો ય તિર્યંચના અવતારે ઉદ્ધાર ન થાય. કેમકે તિર્યંચપણે એમની વાણી સમજવાની શક્તિ જ ન હોય. એ તો તીર્થંકર ભગવાનનો વચનાતિશય કે એમની વાણી દરેકને પોતપોતાની ભાષામાં સમજાય; એટલે તિર્યંચ પશુ-પંખી પણ એને સમજી શકે. પરંતુ વિચરતા આવા તીર્થંકર ભગવાન મળવાનું કેટકેટલું અતિ દોહ્યલું છે ?

**આસક્તિ આદિનાં શલ્ય ભવે ભવે કેવાં પીડે ? :-**

સાગરચંદ્રને ઘોડાના અવતારે ભગવાન ન મળ્યા હોત તો કઈ દશા હતી. પૂર્વ જીવનમાં વેપાર માલ પૈસાની આસક્તિ કરી કરી હોંશે હોંશે એનાં આચરણ કરી કરી ને રાગ આસક્તિનાં ઝેરી શલ્ય મજબૂત કરીને અહીં ઘોડાના અવતારે એ શલ્યો કેવાં પીડે ? શું કરાવે એ ? રાજાનું અશ્વરત્ન એટલે એને મળતા ઊંચા ઊંચા સુખસાધનમાં પેલા આસક્તિનાં શલ્ય કેવો રાચ્યો માચ્યો રાખે ? પછી ત્યાંથી આગળ પરલોકમાં જનમે જનમે આસક્તિનાં શલ્યોની વિટંબણા કેવી ? કેવી એની ઝેરી અસરો ભોગવવી પડે ? જેમ અહીં વેપાર-માલ-કમાઈ પર ભારે આસક્તિ, એમ પછીના હલકા અવતારોમાં એને યોગ્ય તુચ્છ માલ, કમાઈ અને એ મેળવવાના વ્યવસાય ઉપર તીવ્ર આસક્તિ જામેલી રહે.

માટે જ જીવન જીવતાં આ સાવધાની રાખવા જેવી છે. કે વારે વારે આપણા દિલમાં કોઈના પર અંટસ-વૈર વિરોધીને કે દુન્યવી વસ્તુ પર રાગાસક્તિ મમતા, તૃષ્ણા, અહંત્વ-માયા ઈર્ષ્યા વગેરે વગેરેને મહલાવ્યા ન કરીએ. નહિતર એના ઝેરી શલ્ય દૃઢ બની જશે. પૂર્વ ભવનાં પોષેલા શલ્યોનાં કટુ ફળ તો અહીં

ભોગવી રહ્યા છીએ કે આ જાલિમ દોષો સહેજે સ્ફુરી આવે છે, તો હવે પાછાં એ સેવી સેવીને શલ્યોને તીવ્ર-દૃઢ ક્યાં કરીએ ?

**સંયુક્ત શયનની ભયંકરતાઓ :-**

આજે જે દંપતી આખી રાત સંયુક્ત સુવા જોઈએ છે એને કામના ભયંકર શલ્ય કેવા અતિશય દૃઢ થતા જાય ! બીજી રીતે નુકશાન તો જુદાં, જેવાં કે,

(૧) વિજાતીયના સ્પર્શમાં લોહી ગરમ થઈ પાસેના વીર્યને પીગાળી પીગાળી ખળભેગું કરતું જાય છે. એટલે શરીરનો રાજા જે વીર્યનો સંચય છે એ વહી વહીને દૂબળો પડતો જાય છે, કહો, રાજા જ ખલાસ થતો જાય છે.

(૨) એનું પરિણામ, વીર્ય એ રોગોની સામે, બહારની ઠંડી શરદી વગેરેની હવા સામે અને થકાવટની સામે Resisting power છે. પ્રતિકાર શક્તિ છે. એ ઘસારે પડતી જાય છે. તેથી રોગો વગેરેને સહેલાઈથી આક્રમવાનું મળે છે.

(૩) વીર્યના વિશેષ નાશમાં શરીરની સહિષ્ણુતા, શક્તિ ઘસાઈ જવાથી ક્યારેક ખોપરી હૃદય ફેફસા પર એવો કોક જોરદાર આઘાત લાગી જતાં, કે એવું કોઈક પેટ છાતી-મસ્તકમાં તીવ્ર શૂળ ઊભું થતાં આયુષ્ય પર ઉપક્રમ લગાવે છે, અને ત્યાં જ આયુષ્યનું બાકીના વરસ સમેટાઈ જાય છે, આયુષ્યના બાકીના દળિયાં ક્રમસર ભોગવવાને બદલે બધાં જ એક સાથે ભોગવાઈ જાય છે, ને ત્યાં જ મૃત્યુ !

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૪,અંક-૨૬,તા.૧૩-૩-૧૯૭૬**

**આયુષ્ય બે પ્રકારે :-**

અહીં સમજવા જેવું છે કે પરભવથી આયુષ્ય બાંધીને લાવ્યા એ કાં તો નિરુપક્રમ આયુષ્ય હોય, યા સોપક્રમ આયુષ્ય હોય. આયુષ્ય કર્મ કોઈ એક અખંડ અવિભાજ્ય દ્રવ્ય નથી, પરંતુ જીવનના સમયે સમયે ભોગવાઈને નષ્ટ થાય એવા તે તે પૌદ્ગલિક દળિયાંનાં સ્કન્ધોનો સમૂહ છે. આ સમય એ જૈન શાસ્ત્રોએ બતાવેલ કાળનું સર્વથા સૂક્ષ્મ માપ છે. એટલું બધું સૂક્ષ્મ કે આંખનાં એક પલકારામાં યા એક 'અ' અક્ષરના ઉચ્ચારણમાં અસંખ્ય સમયો પસાર થઈ જાય છે. શું ? લાખ ક્રોડ અબજ પરાર્ધ નહિ, પરંતુ તેથી ય કેઈગુણી સંખ્યા એ 'અસંખ્ય'ની સંખ્યા કહેવાય. એવા અસંખ્ય સમય એક પલકારામાં, એક 'અ' અક્ષરના ઉચ્ચારણમાં, પસાર થઈ જાય. આવા અતિ સૂક્ષ્મ દરેક સમયમાં ક્રમશઃ ભોગવાય એવા આ આયુષ્ય કર્મનાં દળિયાં ગોઠવાઈ જાય છે. એ ક્રમસર સમયે સમયે ઉદય પામે છે.

**આયુષ્યકાળ કરતાં આયુષ્ય વહેલું પૂરું કેવી રીતે ? :-**



હવે જો આયુષ્ય નિરુપક્રમ હોય તો બાહ્ય ગમે તેટલા આઘાત આવે છતાં આયુષ્ય કર્મોના દળિયાં એના નિર્ધારિત ક્રમ પ્રમાણે સમયે સમયે ઉદયમાં આવીને ભોગવવાનાં. પરંતુ જો આયુષ્ય સોપક્રમ હોય, ઉપક્રમ યોગ્ય હોય, તો એવો કોઈ વચ્ચમાં આઘાત લાગતાં બાકી રહેલા બધા જ સમયના પક્વ-અપક્વ આયુષ્ય દળિયાં અહીં એકી સાથે ઉદય પામી જવાના, ને ભોગવાઈ જવાનાં. દોરી લાંબી હોય ને એક છેડેથી બળતી આવે તો ક્રમસર એના અંશ બળતા જવાના, પરંતુ જો વચગાળે બાકીનો દોરીનો ભાગ ગુંચળું વાળી દેવામાં આવે, તો તે બધો ભાગ એકી સાથે બળી જવાનો. સોપક્રમ આયુષ્યની આ સ્થિતિ હોય છે.

મહાન પુરુષોના આયુષ્ય નિરુપક્રમ હોય છે. બીજાનાં આયુષ્ય માટેભાગે સોપક્રમ હોય છે. સોપક્રમવાળાને વચમાં ઉપક્રમ લાગતાં આયુષ્યનો બાકીનો કાળ પૂરો ન કરે. કેમકે આયુષ્યનાં બાકીનાં દળિયાં ત્યાં જ ભોગવાઈ જવાના.

**વિષયાસક્તિમાં શરીરનો રાજા ખલાસ :-**

આ હિસાબે જોતાં, બહુ વિષયાસક્તિમાં શરીર ધોવાતું જાય, અંદરનો રાજા ખલાસ થતાં રોગોનો સામનો કરવાની તાકાત રહે નહિ, એટલે ક્યારેક રોગનો હુમલો વધતા હાર્ટ પર અસર થઈ જવાની. એ જ સોપક્રમ આયુષ્ય ઉપર ઉપક્રમ લગાવી અકાળે સમગ્ર આયુષ્ય દળિયાં ત્યાં જ એકી કલમે ભોગવાઈ જાય; ને મોત થાય.

જો એવી આસક્તિ ન હોય તો વીર્ય જળવાઈ રહે, અને રોગનો પ્રતિકાર સહેજે થાય, એટલે પછી રોગની તીવ્રતામાં પણ વીર્યના જોમને લીધે મજબુત રહેલા હાર્ટ પર આઘાત ન લાગે; ને આયુષ્ય પર ઉપક્રમ ન બને ભરપૂર વીર્ય એ તો હૃદયની મજબૂતાઈ છે. વીર્યની ઓછાશ એ હાર્ટની ઢિલાશ છે. શિથિલતા છે. મજબૂત હૃદયને ઝટ આઘાતની અસર ન પહોંચે. એ મજબૂતાઈ વીર્યની સુરક્ષાથી થાય; એ સુરક્ષા વિષયોની આસક્તિને ખૂબજ અંકુશમાં રાખવાથી થાય.

એટલે આપણી મૂળ વાત આ છે કે વિષયાસક્તિ વિષયરાગને ફાલવાફૂલવા દેવાં જોઈએ નહિ. એના પર અંકુશ જોઈએ. વિષયો એટલે કે દુન્યવી સારા શબ્દ રૂપ-રસ-ગંધ-સ્પર્શના પદાર્થ પર બહુ રાગ-રાગ સંક્લેશ રાખીને એમાં તણાઈ જવાનું નહિ કરવું જોઈએ.

**પ્ર.-** એ કેવી રીતે બની શકે ? અનંત અનંત કાળથી વિષયરાગ કરતા આવ્યા, જ્યાં ગમતો પદાર્થ મળ્યો કે ઝટ એના તરફ આકર્ષણ થયું જ છે એના પર રાગ ઊભરાયો જ છે. એવો આ યથેચ્છ વિષયરાગ કરવાને ટેવાયેલો, તે એ અહીં શી રીતે વિષયરાગને કબ્જામાં લઈ શકે ?

**અનંત કાળનો વિષયરાગ કેમ તુટે ? :-**

ઉ.- એ જ વાત ચાલી રહી છે. પૂર્વે આત્મામાં ઝેરી રાગનાં શલ્ય પાર વિનાના ઘાલ્યાં છે. તે એના ઝેર આવા ઊંચા ભવ સુધી પહોંચે છે; ને દુન્યવી પદાર્થો પર વિના સંકોચ, રાગ કર્યે જઈએ છીએ. રાગથી વિષયોમાં તણાયે જઈએ છીએ. પરંતુ પૂર્વનાં રાગનાં શલ્યો છે માટે એનાં ઝેરરૂપે રાગ કર્યે જ જવાનો હોય, ને તે પણ અનહદ રાગ કરવાનો, એવું નથી, તો તો જીવ આ સંસારમાંથી ઊંચો ક્યારે આવે ? પૂર્વના શલ્યોની રાગનું ઝેર પ્રસર્યે જાય છે. એના પર નવાં નવાં શલ્ય નંખાતા જાય છે. પછી એના ઉપર આગળનાં ભવમાં રાગઝેર પ્રસરતું રહેવાનું...આમ જો ચાલ્યા જ કરે, તો તો સંસારનો અંત અને મોક્ષ કદી થાય જ નહિ; અને એમ તો સર્વજ્ઞ ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ સ્થાપેલ ધર્મશાસન નકામું ઠરે ! પરંતુ શાસન જીવો મોક્ષ પામે એ માટે સ્થાપ્યું છે. અને મોક્ષતત્ત્વ છે એ હકીકત છે. અનંતા જીવો વીતરાગ બની મોક્ષ પામ્યા છે. એ વસ્તુસ્થિતિ છે એ સૂચવે છે કે એ જીવોએ રાગનાં પૂર્વનાં શલ્યો છતાં અને એ શલ્યોથી રાગ ઊઠવા તૈયાર છતાં શાસનનાં આલંબને એને મુડદાલ કરી એનો સર્વથા નાશ કર્યો છે. પણ તે જિનશાસનના સહારે કર્યો છે એ ન ભૂલશો. એ મોક્ષ પામેલ આત્માઓ મોક્ષ પમાડનારી સાધના કરતી વખતે પૂર્વનાં રાગનાં શલ્ય વિનાના હતા ? ના, શલ્યવાળા જ હતા. તો પછી એમાંથી તો રાગનાં ઝેર પસર્યા જ કરે, તો તો રાગ મુક્ત શી રીતે બની શકાય ?

**આંતરજાગૃતિ અને ધગશથી-**

પણ કહો, જિનશાસન કહે છે, રાગમુક્ત બની શકાય છે. રાગનો સર્વથા નાશ કરી શકાય; અને એના નાશ માટે જિનશાસન ઉપાય બતાવે છે. સવાલ આટલો, કે અંદરની આંખ ઊઘડવી જોઈએ, રાગનો સમૂળ નાશ કરી શકાય છે એ હૈયે વસી જવું જોઈએ, અને 'મારે રાગને દબાવવો જ છે એવું હાડોહાડ લાગી જવું જોઈએ બસ, આવી આંતર જાગૃતિ અને ધગશ આવી જાય પછી તો એના ઉપાય ખોજાય, તારણહાર જિનશાસનનું જિનેશ્વરદેવનું અને રાગવિજેતા અન્ય મહાન આત્માઓનું આલંબન પકડાય. એના સહારે જિનશાસને કહેલા રાગનાશક ઉપાયોમાં પ્રવૃત્તિ થાય, એ ઉપાયોની પૂંઠે પડી જવાય.

બોલો ત્યારે, ભવચક્રમાં ક્રૂર રીતે જીવને ભમાવનાર રાગ ગમે તેવા એના પૂર્વના શલ્યો છતાં દબાવી શકાય, નષ્ટ કરી શકાય, એવું હૈયે વસ્યું છે ?

'મારે રાગના આસક્તિ-મમતા-તૃષ્ણાના જોર દાબવા છે, ડગલે ને પગલે રાગના પ્રસંગમાં રાગને દબાવીશ જ, રાગવર્ધક વિષયોનો પ્રતિજ્ઞાબદ્ધ ત્યાગ કરતો



જ જઈશ, એવી લગન લાગી છે ? ધગશ પ્રવર્તી રહી છે.

જીવન તપાસજો,

**જીવનમાં મુખ્યપણે શાની ગડમથલ ચાલી રહી છે એ જોજો. રાગ અને રાગવર્ધક વિષયોની ખુશી ખુશાલી ? કે એના સંતાપની ?**

**રાગ એ મહાપાપ કેમ ? :-**

જિનશાસન રાગને મહાપાપ તરીકે ઓળખાવે છે, કેમકે એમાંથી જ બીજાં પાપો જન્મે છે. અઢાર પાપસ્થાનકોમાં રાગ કેન્દ્રમાં છે. રાગની આ બાજુ ૯ પાપસ્થાનક અને રાગની બીજી બાજુ ૮ પાપસ્થાનક એ બધા રાગની જાહોજલાલીમાં મહાલ્યા કરે છે.

**રાગની જાહોજલાલીમાં ૧૭ પાપસ્થાનક મહાલતા કેવી રીતે ?**

કોઈ પણ ચીજવસ્તુ કે અહંત્વનો રાગ છે માટે હિંસા કરાય છે, જૂઠ બોલાય છે, ચોરી અનીતિ કરાય છે. પૂછો,-

**પ્ર.-** પૂર્વના વૈરથી કે એમ ને એમ સાપ માણસને કરડી જાય છે એમાં એ હિંસા પાછળ તો દ્વેષ છે, રાગ ક્યાં આવ્યો ?

**ઉ.-** જો વૈર છે તો સાથે હુંપદ છે આને માર્યા વિના હું રહું નહિ આ શું છે ? પોતાની જાતનો અહંનો રાગ છે.

**જો જાતનો રાગ ને અહંત્વ ન હોય તો સામાને મારવાની બુદ્ધિ ન થાય.**

મહાવીર ભગવાનને હાલીમવાલી ગોવાળિયા જેવાએ કનડ્યા, છતાં પ્રભુએ એમને મારવા-અટકાવવાની બુદ્ધિ ન કરી, કેમકે જાતનો રાગ નહોતો કે 'હું સારો, હું વાંક વિનાનો, હું મેરુ ને ડોલાવવાની તાકાતવાળો'...આવો પોતાની જાતનો રાગ જ નહિ, પછી શું કામ સામનો કરવા જાય ? હિંસાના મૂળમાં રાગ કામ કરી રહ્યો છે અનેક પ્રકારના જીવવિરાધક આરંભ-સમારંભ કોઈ ને કોઈ સાંસારિક વસ્તુના આરંભ-સમારંભ, કોઈ ને કોઈ સાંસારિક વસ્તુના રાગથી જ કરાય છે. આજે માણસ પાસે પૂરતા શું, ભરચક પૈસા હોય છતાં ધૂમ ધંધો-ધાપો-કારખાના કેમ ચલાવે છે ? સમાજમાં જાતની પ્રતિષ્ઠા અને વર્ચસ્વના રાગથી.

એમ, જૂઠ અને અનીતિ પણ રાગવશ કરાય છે. છોકરો બાપ મને મારશે ? એ ભયથી જૂઠુ બોલે ત્યાં એને એની કાયાની સુખશીલતાનો રાગ છે, તેથી એ ન ઘવાય એમ ઈચ્છી રહ્યો મારથી ગભરાય છે. હસવામાં જૂઠ બોલે ત્યાં મજાક તુચ્છ માની એના, તુચ્છ મનોરંજન નથી પસંદ કરતા, નથી આચરતા. સાવકી મા શોક્યાના દીકરા અંગે ગુસ્સાથી જૂઠુ બોલે ત્યાં એને અંદરખાને જાતની વડાઈનો રાગ અને એ દીકરાની વેઠ ન કરવી પડે એનો રાગ છે.

તો ચોરી પાછળ રાગ તો બેઠો જ છે. કેટલાકને પૈસા કે માલ ખાતર નહિ પણ શોખ કે કોઈના પર અદાવતથી ચોરી લૂંટ ચલાવવું ગમે છે, ત્યાં શોખમાં તુચ્છ આનંદનો રાગ છે, ને અદાવતમાં જાતવડાઈ સ્થાપવાનો રાગ છે. માથે પડેલી અધમ પત્ની પ્રત્યેની અદાવતથી કહે છે ને કે, **'મૈં મરું કિન્તુ તુઝે રાંડ કરું,'** એમાં માણસ મરવા સુધી ઈચ્છે છે ત્યાં પણ શું છે ? જાતની વડાઈ સ્થાપવાનો રાગ.

રાગની જાહોજલાલી પર પછી દ્વેષ અને બીજા પાપસ્થાનકો યથેચ્છ પ્રવર્તતા રહે છે. મૈથુનસંજ્ઞામાં શું છે ? કામરાગ-વિષયરાગ. પરિગ્રહ પાપમાં તો પરિગ્રહની મૂર્ચ્છા-રાગ-આસક્તિ સ્પષ્ટ છે. ત્યારે માણસ ગુસ્સો કરવા જાય પણ કોઈને કોઈ વસ્તુના રાગથી કરે છે. અગ્નિશર્મા તાપસને રાજા ગુણસેન પર ક્રોધ ઊછળી આવ્યો, કેમકે ૩-૩ માસખમણ લાગટ થઈ ગયેલા, તે તીવ્ર ભૂખ લાગેલી એટલે ખાવાનો રાગ ઊછળી આવેલો, તેમજ પોતાને એક ગરીબડો તાપસ જાણી રાજા જે મશ્કરી કર્યાનું લાગી આવ્યું એમાં પોતાની જાતની વડાઈનો રાગ ઊભો થઈ એ વડાઈ સ્થાપવા રાજાને ભવોભવ કચડી નાંખવાનો ગુસ્સો ચડી આવ્યો.

રાગની કેવીક જાહોજલાલી છે ! રાગ કેટલો જલ્લાદ કે એ માયા-લોભ-કલહ-ચાડી-આરોપ વગેરે કેટલાય પાપસ્થાનકો આચરાવે છે ! પરંતુ

**જેને પાપસ્થાનકોનો ભય નથી એને મૂળભૂત રાગનો ભય શાનો હોય ?**

**દુન્યવી પદાર્થોનો રાગ કરવામાં નિર્ભીક, અને આંચકો નહિ, એને પાપનો સંતાપ નહિ. પાપસ્થાનક સેવતાં પરલોકનો ભય નહિ.**

એટલે જ કેટલી વાર સામાન્ય કોટિના માણસ એવા રાગના અભાવે સારું નિમિત્ત મળતાં ઊંચા આવી જાય છે. ને મહાન ધર્માત્મા બની જાય છે. એને એવો રાગ કેમ નહિ ? કારણ કે એની પાસે પરિગ્રહનો એવો પથારો નથી, તેથી એના પર પાપસ્થાનક શું કામ આચરે ? અને પાપસ્થાનક છોડી ધર્મસ્થઆનક સેવે એટલે ઊંચે આવતાં શી વાર ? આના ભરચક દાખલા મળે.

શાલિભદ્રના જીવ સંગમને આવું જ બનેલું. સંગમ એ મજૂરણનો છોકરો હતો, તદ્દન દરિદ્ર સામાન્ય સ્થિતિ પણ એવી કોઈ આકાંશાઓ ય નહોતી. પરિગ્રહનો પથારો નહિ તેથી મમતાને સંક્લેશ શાના પર થાય ? એમાં ભલે રોઈને પહેલ પહેલી એણે ખીર મેળવી; પરંતુ જ્યાં તપસ્વી સાધુને આંગણ પાસેથી જવાનું જુએ છે, ત્યાં મન ફર્યું, ખીરને દાનમાં દઈ દેવાની ભાવના ઊછળી. ખીર ખાવા પર અંતરમાં જો એ જાલિમ તૃષ્ણા હોત તો મુનિને આઘા મૂકતે, દાન આઘુ મૂકતે આ હિસાબે સામાન્ય સ્થિતિના કેવા આશીર્વાદ !

કુમારપાળ રાજાના જીવને પૂર્વભવે આવું જ બનેલું. દરિદ્ર થઈ ગયેલો એમાં



પૂજા કરવાનો અવસર આવ્યો તો પાસે માત્ર પાંચ કોડીની મૂડી હતી, એના પુષ્પ લઈ પ્રભુને ચડાવી દીધાં. કેમ ? એના પર એવો જાલિમ રાગસંક્લેશ-મમતાસંક્લેશ નહોતો.

કુમારપાળ રાજાનો જીવ પૂર્વ ભવમાં આમ પાટવી રાજકુમાર, એટલે રાજવી વૈભવ-સંપત્તિવાળો તેથી એનો રાગ અને વિષયવિલાસ ભારે, ત્યાં રાગ પૂછવું શું ? એ રાગના અંધાપામાં પાપસ્થાનકની લીલાનું પૂછવું જ શું ? વિષયવિલાસના રાગમાં તણાઈ એ જુગાર અને દુરાચારના ભયંકર પાપસેવનમાં પડી ગયો.

**વૈભવ-વિષયોના રાગને કાબુમાં ન રાખે તો એ ભયંકર પાપસ્થાનકો સેવરાવે.**

આજે જુઓ મહાકર્માદાનના ધંધાઓ સેવી જીવો ઘોર હત્યાકાંડભર્યા મહાઆરંભ-સમારંભો કેમ સેવાય છે ? પૈસાના કારમા રાગમાં પાપે.

હડહડતાં જૂઠાણાં કેમ હંકારાય છે ? ઘોર અનીતિ અને વિશ્વાસઘાત કેમ આચરાય છે ? કહો, વૈભવ પ્રતિષ્ઠાના કારમા રાગના પાપે.

એમ મોજ શોખ કે દુરાચારના પાપો કેમ સેવાય છે ? વિષયવિલાસના ઉત્કટ રાગના પાપે.

આજના સિનેમા-પિક્ચરોમાં પરસ્ત્રીઓનાં અંગોપાંગ આંખો ફાડીને વિના રોકટોક ધારી ધારી ને જોવાના આંખના દુરાચાર સેવવાનું શાના ઉપર ? એ જ વિષયવિલાસના રાગના પાપ ઉપર

આ બતાવે છે કે જાલિમ પાપસ્થાનકો ન સેવવા હોય તો મૂળભૂત વૈભવ અને વિષયોના રાગને દબાવો. રાગ પર જબરદસ્ત કાપ મૂકો.

પેલો રાજકુમાર દુરાચારના પાપમાં આગળ વધી નગરની બાળાઓ તથા યુવાન સ્ત્રીઓ સુધી આગળ વધ્યો, મહાજનની ફરિયાદ આવી. બાપ રાજાએ એક વાર ભારે ધમકી આપી તેથી થોડો સમય અટક્યો, પણ પાપસ્થાનક-દુરાચારનો સંતાપ નહોતો, તેથી ફરીથી પાછી એ જ લત, એટલે ફરિયાદ આવતાં રાજાએ એને દેસનિકાલ કર્યો.

બોલો, હવે એ પાપથી અટકે ? શિક્ષા કેટલી મોટી મળી ? પિતાના રાજ્યનો વારસદાર રાજા થાય એવો હક ધરાવનારો હતો, વળી એવો હોશિયાર ! રાજા થાય ત્યારે સત્તા ઠકરાઈ-સન્માન ઊંચી કોટીના મળે એવાં ! વૈભવ અઢળક, સૈન્ય-અમલદારો-નોકર-ચાકરો વગેરે પણ આજ્ઞા ઉઠાવનાર પરિવાર પણ મોટો મળે ! આ બધુ ગુમાવ્યું. આટલી મોટી શિક્ષા છતાં સુધારો નહિ. કારણ ? વિષયરાગનો સંકલેશ ભૂંડો, અને વધારામાં અહંત્વ-હુંપદનો રાગનો સંક્લેશ ભૂંડો, તેથી હવે બહારવટે ચડ્યો.

**રાગનો સંક્લેશ જાલિમ નુક્સાન વહોરાવી લૂંટારા ય બનાવે.**

રાજકુમાર હવે લૂંટારો બની લૂંટારાની ટોળી ભેગી કરી એનો નેતા બન્યો. અને જંગલમાંથી પસાર થતા સાર્થ ઉપર કે માલદાર માણસ ઉપર ધાડ પાડી લૂંટે છે. આ ધંધામાં કયા પાપ બાકી રહે ? ક્રોધ, અભિમાન, માયા, અને લોભકષાયોમાં શું બાકી રાખે ? આ બધુ કેમ ? મૂળ હુંપદ અને વિષયોનો રાગ-સંક્લેશ જ ખતરનાક; એ શું શું ન આચરાવે ? રાગના સંક્લેશ પિશાચ છે, એ ભયંકર છે, માણસને વળગી હેવાન બનાવે છે.

એક વાર એક વણિક આ લૂંટારાથી લૂંટાયો, તે એ જ રાજાના સૈન્યની સહાયથી આ લૂંટારાની પલ્લીને ઘેરી વળ્યો; તેથી આને ભાગવું પડ્યું. એકલો તલવાર સાથે ભાગ્યો જાય છે. એમાં વચમાં મુનિ મળ્યા; ગુસ્સાના આવેશમાં એમને પડકારો,-'મૂકો બધું, નહિતર મારી નાખીશ.'

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૪,અંક-૨૭,તા.૨૦-૩-૧૯૭૬**

**રાગના સંક્લેશમાં પીડા શી રીતે ? :-**

રાગના સંક્લેશ ઉપર દ્વેષનો એટલો બધો સંક્લેશ ઊભા થાય છે કે સાવ ભાનભૂલા બનાવી દે. **'સંક્લેશ'** એટલે જેનાથી જીવ પીડાય. રાગની પણ એક જાતની પીડા જ છે. જેમ રોગથી પીડાતા માણસને અંગે અંગમાં અસ્વસ્થતા, એમ રાગથી પીડાતા માણસને આત્માના પ્રદેશે પ્રદેશમાં અસ્વસ્થતા, ભાનભૂલાપણું અ-સ્વસ્થતા, એટલે સ્વસ્થતા નહિ, સ્વમાં એટલે કે રોગીને કાયામાં ઠરવાનું નહિ, એમ રાગીને પોતાના આત્મામાં ઠરવાનું નહિ. રાગ બહારની વસ્તુનો છે,. પરવસ્તુનો રાગ છે, તેથી એ પરમાં જ લીન બનવાનો, સ્વનું કશું ભાન નહિ, આત્માના એક ખૂણામાં પણ પોતાનો ખ્યાલ ન હોય, 'હું તો આત્મા મારે આ પરની લોથ શી ?' આવો કશો ખ્યાલ નહિ, એજ અસ્વસ્થતા.

**ભારે રાગમાં આ અ-સ્વસ્થતા હોય સ્વમાં ઠરવાનું જ નહિ, એ સૂચવે છે કે આત્મા રાગથી પીડાઈ રહ્યો છે, માટે રાગનો એ સંકલેશ છે.**

રાગના સંક્લેશમાં માત્ર રાગના વિષયમાં જ ચિત્ત લાગેલું રહે; તેથી આત્મા પર ચિત્ત જાય જ ક્યાંથી ? એ કદાચ ભગવાનને ભજે તો પણ આત્મા માટે નહિ, કિન્તુ રાગના વિષયને પોષવા માટે. શંખેશ્વર દાદા ! તમારી રૂા. ૧૫૦ની આંગી રચાઉં છું. મને ભાઈસાબ ! ઉપર બે મીડા ચડાવીને દઈ દેજો' આવા જ કોઈ ખેલ હોય. એટલે રાગના સંક્લેશમાં કેટલું માંગ્યું ? ૧૫૦-ના ૧૫ હજાર ! રાગની પીડામાં ભગવાનને પણ બનાવવાની વાત ! ભગવાન પણ આત્માના ઉદ્ધાર માટે



નહિ, આત્માના રાગરોગને એ નાબૂદ કરવા માટે નહિ, પરંતુ વૈભવ વિષયરાગને ઓર વધારવા માટે એ પકડે છે. પછી ત્યાં એવી પૂજાભક્તિ લાખવાર કરે તો પણ ઉદ્ધાર શાનો થાય ? ભવના ફેરા શાના ઓછા થાય ? ભવવર્ધક રાગને જ પોષવો-વધારવો હોય ત્યાં ભવભ્રમણ જ વધે, મોક્ષ નિકટ ન થાય.

રાગના સંક્લેશથી પીડાતો પેલો લૂંટારો જ્યાં સાધુને પડકાર કરે છે કે મૂકો બધું નહિતર મારી નાખીશ.' ત્યાં એનાં સદ્‌ભાગ્યે સાધુ કહે છે મરેલા શું મારતા'તા ? બાકી અમને તો કાયાનો પણ મોહ નથી, તેથી મરવાનો શો ડર ?'

લૂંટારો આ સાંભળી ચોંક્યો કે 'આ મને શું કહે છે ? હું મરેલો ?' પૂછે છે, તે મને મરેલા શી રીતે કહો છો ?'

મુનિ કહે, તું તારા આંતરશત્રુ રાગ-દ્વેષ અને કષાયોથી મરેલો જ છે. મરેલો એટલે શું ? ચેતના વિનાનો, આ તારો ગુસ્સો તારા રાગ-દ્વેષ એ બધાએ તને નિશ્ચેતન બનાવ્યો છે, તારી નિર્મળ ચેતનાને નષ્ટ કરી દીધી છે. તેથી તને સારાસાર કાર્યાકાર્યનો કશો વિવેક નથી, કશુ ભાન નથી.'

આટલું કહેવું બસ થયું. લૂંટારાને આટલા ટૂંકા પણ માર્મિક સૂચન પર પોતાના જીવનને ઊંધે રવાડે ચડેલો વિસ્તાર દેખાયો. એના મનને થયું કે

**લૂંટારાની જાગૃતિ :-**

મહાત્મા સાચું જ કહે છે ક્યાં પ્રતિષ્ઠિત રાજવીપણું મળે એવું ? ને ક્યાં રાજયમાંથી બદનામ હકાલપટ્ટી ? બેમાં ચોક્ખું સમજાય છે કે સાર શું, ને અસાર શું ? છતાં નિર્મળ ચેતનાથી શૂન્ય એવો હું એ સારાસારનો વિવેક કરી શક્યો નહિ. ક્યાં દુનિયાના એક રાજા તરીકેની પરોપકારિતા-ન્યાયપ્રિયતા વગેરેની ઉત્તમ કાર્યવાહી ? ને ક્યાં લોકનિંદ્ય એવી લૂંટારાગીરીની અધમ કાર્યવાહી ? બંનેમાં સાર શું, અસાર શું, એ સ્પષ્ટ સમજી શકાય એવું છતાં, ધિક્કાર છે મને કે એ સારાસાર હું ન સમજ્યો. એ મારી નિશ્ચેતનતા નહિ તો બીજું શું ? ક્રોધ અને શાન્તિ બેમાં સાર-અસાર સ્પષ્ટ છે, છતાં શુદ્ધ ચેતના વિનાના મને એનું ભાન શે થાય ? અરરર ! મારું શું થશે ?'

બસ, લૂંટારો મુનિના પગમાં પડી ગયો, જીવનનાં ભયંકર દુષ્કૃત્યો-પાપસ્થાનકો કહી બતાવતાં એ રડી રહ્યો છે; કહે છે, પ્રભુ ! મારું શું થશે ? હવે તો મને આપની સાથે લો, મારાં પાપ ધોવરાવો. આપની સંમતિ હોય તો સાથે ચાલું. મુનિઓએ સંમતિ આપી, એ સાથે ચાલ્યો.

**પાપસ્થાનકોનો ખરેખરો સંતાપ થાય, એટલે જીવન પરિવર્તન પામે છે.**

**આત્માનું પરિવર્તન ધર્મથી ? કે પાપ સંતાપથી ? પાપત્યાગથી ?**

અહીં દેખાય છે ને કે લૂંટારાના આત્મામાં અને જીવનમાં પરિવર્તન શી રીતે આવ્યું ? હજી કાંઈ ધર્મ પામ્યો નથી, ધર્મ આરાધ્યો નથી, છતાં એનો ક્રૂર આત્મા કોમળ બની ગયો, સાધુ પર પણ રોફ ચલાવનારો અને રોષ કરાવનારો આત્મા નમ્ર ઉપશાંત અને સાધુનો સેવક બની ગયો; અને જીવન જંગલમાં રખડતા લૂંટારાનું મૂકી સાધુના સમાગમમાં રહેવાનું બનાવ્યું. આવડું મોટું આત્મપરિવર્તન અને જીવનપરિવર્તન શાના ઉપર ? પોતે આજ સુધી આચરેલાં પાપો પર તિરસ્કાર છૂટ્યો, પાપોનો ભારે સંતાપ સળગ્યો એના લીધે એ પરિવર્તન થયું.

તમારે આત્મામાં પરિવર્તન અને જીવનમાં પરિવર્તન લાવવું છે ? કે બંને પરિવર્તન થઈ જ ગયા છે ?

**સારાં આત્મ-પરિવર્તનમાં કઈ કઈ ખરાબીઓ ટળે ? :-**

(૧) સારાં પરિવર્તનવાળો માબાપની પ્રત્યે વડિલ ભાઈની પ્રત્યે કેવો હોય ? અભાવ અને કચવાટવાળો હોય ? (૨) એ પૂજ્ય અને હિતૈષી ગુરુજનની પૂજા ભક્તિની પરવા વિનાનો હોય ? (૩) કુટુંબી સગા સ્નેહી તરફ વૈર-વિરોધ-અંટસ રાખનારો હોય ? (૪) રોષ અને રોફ ચલાવનારો હોય ? આત્મામાં સારું પરિવર્તન થયું હોય તો આ ખરાબીઓ ન ટળે ?

(૫) સારાં દિલ-હૃદય-પરિવર્તનવાળો માણસ જૂઠ-ડફાણ-અનીતિ ને માયા-કપટ-વિશ્વાસઘાત વગેરે યથેચ્છ આચરનારો હોય ? (૬) પૈસાનો મહાલોભી હોય ? (૭) કૃતજ્ઞતા અને સામાન્ય પરોપકાર-પરાર્થને ય ભૂલનારો હોય ? (૮) તો શું એ વિષયનો લંપટ અને એમાં જ તન-મન લગાવનારો હોય ? (૯) એ શું ચાહીને પિક્ચરમાં પર-સ્ત્રીઓનાં અંગોપાંગ તથા બિભત્સ ચેનચાળા જોવા જાય ?

સારા પરિવર્તનવાળો માણસ જૈન ધર્મ મળ્યા છતાં (૧૦) સાંસારિક બાબતોને જ મુખ્ય રાખી ધર્મને મામુલી ગણનારો કે ધર્મ પ્રત્યે પરાઙ્મુખતા રાખનારો હોય ? (૧૧) ભગવાનની આજ્ઞાને પોતાની આપમતિ અને અર્થ-કામની લાલસામાં ઠેબે ચડાવનારો હોય ? (૧૨) જાત અને કુટુંબના રંગરાગમાં અઢળક અને ભગવાનની પૂજામાં મીંડુ ખરચનારો હોય ?

બોલો, સારુ આત્મપરિવર્તન થયું હોય તો એની નિશાની શી ?(૧૩) એ સાધર્મિક પ્રત્યે અવગણના અને (૧૪) વખત આવ્યે સાધુની પણ નિંદા કરનારો હોય ? (૧૫) રાત્રિભોજન ત્યાગ વગેરે શ્રાવકપણાના આચારથી વિરુદ્ધ વર્તવામાં એને હૈયે રુદન ન હોય ?

આ એકેક બાબત તમારા જીવનમાં તપાસી જો જો કે એમાંની કેટલી ખરાબીઓ જીવનમાં ઊભી છે ? સારું હૃદય પરિવર્તન થયું હોય તો આ ખરાબીઓ શાની ઊભી રહે ?



**પ્રભુભક્તિની ઉદાત્ત ભાવના :-**

કુમારપાળનો જીવ રાજકુમારમાંથી લૂંટારો બનેલો હવે સારું પરિવર્તન પામ્યો છે એટલે એણે ક્રૂરતા અભિમાન-વ્યસનો-લૂંટારાગીરી વગેરે ખરાબીઓ પડતી મૂકી અને સાધુ સાથે ચાલ્યો. હવે સાધુની સાથે રહે છે એમાં ક્રમશઃ એકવાર જ્યાં જમતો હતો તે શ્રાવકના ઘરેથી પર્વદિવસે એ ઘરના બધા પૂજાપાનો થાળ લઈ અરિહંતપરમાત્માની પૂજા કરવા જાય છે, એ જોઈ પોતે તેવા ભાગ્યશાળી ન હોવા બદલ ઉદાસ થઈ જાય છે.

શ્રાવક પૂછે છે 'કેમ ઉદાસ ?'

આ કહે છે, 'હું ભાગ્યહીન કે આવી રીતે ભગવાનની પૂજા નથી કરી શકતો.'

શ્રાવક કહે, 'ઓહો, એમ શું કામ ઉદાસ થાય ? લે તું પણ આ થાળમાં પૂજાપો લઈ, જા પૂજા કરવા.'

જે આજના શ્રાવકો પોતાના દીકરા-દીકરી વહુરોને આમ પૂજાનો સામાન દેવા ઉદાર ન હોય, એ વળી બીજાને દેવા ઉદાર હોય ? મંદિરમાં તમારાં ચંદન, તમારાં ફૂલમાંથી બીજાને આપો ખરા ? શું કહો છો ? 'અમે જ અમારું મંદિરે લઈ જતા નથી ને, પછી બીજાને દેવાની વાત જ શી ?' વાહ ! ધન્ય શ્રાવકપણું !

શ્રાવકપણું શેમાં ? ભગવાનના પ્રતાપે તો ઢગલો પામ્યા, એમાંથી હવે ભગવાનને કશું ચડાવવાનું નહિ ? ભગવાનને ટીકો ?

પેલા શ્રાવકના બોલ પર આ કુમારપાળનો જીવ કહે છે, 'એ તો મારાથી ન લેવાય. એ તો તમારું છે, તે ભગવાનને ચડાવવાથી તમને પુણ્ય મળે. મને શું મળે ?'

શ્રાવક કહે 'તને ભાવનાથી પુણ્ય મળે.'

'તો તો શેઠ ! એમ ને એમ પણ ભાવના તો ક્યાં નથી કરી શકતો કે તમારું ઉઠાઉં ?'

'ખેર, તારી પાસે કાંઈ છે ?'

'હાં, મારી પાસે પાંચ કોડીઓ છે.'

'તો એમ કર, એનાં ફૂલ ખરીદી પ્રભુને ચડાવ.' એ કાળે કોડીનું પણ નાણું ચાલતું હતું. લુંટારો મટી હવે શ્રાવક બનેલો આ નિર્ધન શ્રાવક નાહી ધોઈ મંદિરે જઈ પોતાની પાંચે ય કોડીનાં ફૂલ ખરીદી પ્રભુને ચડાવે છે. એ વખતે એનાં દિલમાં પ્રભુભક્તિના ભાવ આસમાને ઊછળે છે,-

**પ્રભુ પૂજા પર ભાવના :-**

'અહો પ્રભુ ! હું હિંસાથી કેવો ભરેલો ! ને તું કેવો દયાનો મહાસાગર ! આજ મારા જેવા પાપાત્માને તારી ભક્તિ કરવાની મળી ? તારો કેટલો બધો ઉપકાર કે તે મારા આ ફૂલ સ્વીકાર્યા ! પ્રભુ ! મારી નાલાકતા કેટલી બધી ! હું લબાડ દુરાચારી. ને તું મહા મોટો બ્રહ્મચારી ! હું વિષયોનો લંપટ, ને તું મહાત્યાગી ! હું અબૂઝ, ને તું અનંતજ્ઞાની ! હે નાથ ! તારા કેટલા ગુણ ગાઉં ! તેં ગુણ સઘલા અંગી કર્યા દૂર કર્યા સવી દોષ એવો ઉચ્ચ પ્રભુ ! મારા પર આટલી બધી દયા !'

બસ, આ ભક્તિ અને ભાવના પર અથાગ પુણ્યાનુબંધી પુણ્ય ઉપાજર્યા. પછીના ભવે ૧૮ દેશના સમ્રાટ રાજા કુમારપાળ બન્યા, પૂર્વની ભાવનાઓના પ્રતાપે જ્વલંત પ્રભુભક્તિ અને સમ્યગ્દર્શનવાળા, અઢારે દેશમાંથી હિંસા અને સાત વ્યસનોને દેશવટો દેનારા, પરનારી-સહોદર (સહોદર એટલે ભાઈ) મહાન ત્યાગના વ્રત ધરનાર જ્ઞાનપ્રેમી...વગેરે વગેરે બન્યા, ગણધરપણાનું પુણ્ય ઉપાજર્યું, ને ત્યાંથી હવે દેવ થયેલા, તે દેવભવ પૂરો કરી મનુષ્ય થઈ ભાવી પ્રથમ તીર્થંકર ભગવાન પદ્મનાભ સ્વામીના ગણધર થઈ મોક્ષે જશે !

લૂંટારાપણામાંથી નિર્ધન શ્રાવક બનેલા, પાસે પરિગ્રહનો પથારો નહોતો, તેથી સહેજે મોટા પાપસ્થાનક સેવવાથી બચેલા; એમાં પાંચ કોડીના ફૂલથી પ્રભુભક્તિ કરવાનું નિમિત્ત પામ્યા, તો કેટલે બધે ઊંચે ચડી ગયા !

વાત આ છે કે પાપસ્થાનકો સેવવામાં ભય લાગે તો જીવ ઉંચે આવે. એ માટે રાગાદિસંકલેશનો ભય લાગવો જોઈએ; પછી ધર્મ કરવામાં અનેરું જોમ પ્રગટે મૂળમાં પાપોનો સંતાપ ઊભો થાય એટલે આ આત્મપરિવર્તન આવે. તેથી જ જો પ્રશ્ન થાય કે,

**આત્માનું પરિવર્તન ધર્મથી થાય ? પાપસંતાપથી ?**

આ એક પ્રશ્ન છે.

જવાબ સીધો છે, ધર્મથી પરિવર્તન ખરું, પરંતુ સાથે પાપનો સંતાપ હોય તો જ. જેને પાપને પાપસ્થાનકોનો સંતાપ નથી, એ ધર્મ ગમે તેટલો સેવે, પણ એના આત્માનું પરિવર્તન નહિ. આત્મા રાગ-દ્વેષના સંક્લેશથી પીડાતો જ રહ્યો.

**આત્માનું પરિવર્તન રાગ-દ્વેષના સંક્લેશ ઓછા થઈ પાપનો સંતાપ જાગે એ.**

શાસ્ત્ર કહે છે;- આત્માનો સહજ મળ નોંધપાત્ર ક્ષય પામે ત્યારે જ એનામાં દયા ગુણાનુરાગ વગેરે ધર્મની ભૂમિકા આવે છે.'સહજ મળ એટલે નિબિડ જટિલ વિષયરાગ. એ વિષયરાગ મહાપાપસ્થાનક છે, એ ખતરનાક છે, એમ લાગે,



એનો સંતાપ ઊભો થાય. એટલે એને ઘટાડવાનું કરાય. આ બતાવે છે પહેલાં પાપસંતાપ લાવો, પછી ધર્મ આવે. ભવાભિનંદન સંસારરસિયા જીવો તીવ્ર વિષયાસક્ત વિષયરાગી અને પાપના ડર-સંતાપ વિનાના હોય છે માટે જ એ ધર્મને અયોગ્ય ગણ્યા છે. એ વિષયરાગથી ગમે તેટલો બાહ્યધર્મ કરે ચારિત્ર પણ લે છતાં એમના ધર્મની કશી કિંમત નથી, એ ધર્માત્મા નથી. એમના આત્મામાં પરિવર્તન નથી. આત્મ-પરિવર્તન માટે વિષયરાગ ઘટાડો ને પાપનો સંતાપ લાવો.

જૈનધર્મ નહિ પામેલા પણ પાપસંતાપવાળા બન્યા તો ભક્તિ-તપસ્યાદિ ધર્મના સાચા રાહે ચડી ગયા તે પણ નિષ્કામ ભક્તિ, નિષ્કામ ત્યાગ-તપસ્યા.

**સંત તુલસીને પાપસંતાપ :-**

સંત તુલસીદાસ સંત કેવી રીતે બન્યા ? પોતે માનેલા પણ ભગવાનના ભક્ત શી રીતે બન્યા ? પહેલા પાપસંતાપ ઊભો થયો ત્યારે. નહિતર પહેલા તો પત્ની પર આંધળા રાગી, તે એક વાર પત્ની બાજુ ગામમાં પિયેર ગયેલી, પણ તુલસીદાસને ચેન ન પડ્યું તે મોડી રાતના ત્યાં જઈ પહોંચ્યા !

પત્ની કહે 'તમારું ભલું થાય, આવી અંધારી રાત્રે અહી ?'

'પણ તારા વિના મને ગમતું નથી.'

ત્યાં પત્ની ટોણો મારે છે, 'અરે ! બળ્યું તમારું ગમતું ! આ તમને મારી મળમૂત્રાદિ અશુચિથી ભરેલી કાયા પર આટલો બધો મોહ છે, રાગ છે, એટલો જો ભગવાન પર થઈ જાય તો ન્યાલ થઈ જાઓ.

**મારી કાયા તમારું ભલું નહિ કરે, એ તો નરકના દરવાજા દેખાડશે, ભલું તો ભગવાન કરશે !**

કેવા પત્નીના આ બોલ ! તુલસીદાસને ટક્કર લાગી, તરત એમને પોતાના આ પત્ની રાગ-વિષયરાગના પાપ પર ભારે તિરસ્કાર છૂટ્યો, મોહમાયાના પાપોનો ભારે સંતાપ જાગ્યો, ને ત્યાંથી જ પાછા વળી ગયા. કહે છે 'લે ત્યારે, આજથી મારે ભગવાનની ભક્તિ જ ખપે.' પત્ની પણ એવી ઉત્તમ કે પતિને વધાવ્યા. ત્યારથી તુલસીદાસ પ્રભુના ભક્ત સંત બન્યા.

પ્રભુભક્તિનો ધર્મ ક્યારે આવ્યો ? પાપનો સંતાપ જાગ્યો ત્યારે.

તામલિ એક સુખી ગૃહસ્થ, પત્ની વગેરે પરિવારવાળો; એને એક રાત્રે જાગીને વિચાર આવ્યો,-

**તામલીની વૈરાગ્ય વિચારણા :-**

**આ ઉત્તમકોટિના માનવભવ શા માટે ? મોહમાયા અને ખાનપાનનાં ધૂમ પાપ કરવા માટે ? કે મોહમાયાનો ત્યાગ અને તપ કરવા માટે ?**

'પાપભર્યા મોહમાયાના આનંદ અને ખાનપાનના રંગ તો અનાર્ય મ્લેચ્છ ઢેડ ભંગી જેવાએ ઉડાવે છે. તો પછી ઉત્તમ આર્ય તરીકે મનુષ્યાવતાર મળ્યાની વિશેષતા શી ? તેમજ પાપભર્યા આ રંગરાગ ઉઠાવીને પરલોકમાં ક્યાં જઈને ઊભું રહેવાનું ? વળી જીવે પૂર્વભવોમાં ભટકતાં પાપભર્યા વિષયોના રંગરાગ ક્યાં ઓછા ઉડાવ્યા છે ? જીવવિષયોને ભૂખારવો નથી મટ્યો ! તેથી અહીં ય વિષયસંગથી વિષયભૂખ ક્યાં મટવાની ? તો અહીં પણ એ રંગરાગ ઉડાવ્યાની શી વડાઈ ? શી નવાઈ ?

**'આર્ય માનવભવની વડાઈ તો વિષયત્યાગ અને તપસ્યા કરી વિષયરાગને મારવામાં છે.**

બાકી તો નજર સામે ચકલા-ચકલી ને કૂતરા-કૂતરી પણ રંગરાગ ખેલતા દેખાય છે, તો એથી શું એનો ઉદ્ધાર થઈ જવાનો ? આપણા જીવે એવા ભવમાં રંગરાગ ખેલ્યા પછી તૃપ્તિ ક્યાં થઈ તે અહીં પણ એ જ ધંધો કરવો પડે છે ?

**'न जातु कामः कामानाम् उपभोगे न शाम्यति'**

'વિષયોના રંગરાગ ખેલીને જીવનો વિષયરાગ, ને જીવની વિષયભૂખ શાંત થતા જ નથી. તેથી તે અહીં આ ચલાવ્યે રાખવાનું બેકાર છે. એમાં તો જીવ સદા વિષયોનો ભૂખારવો જ રહે છે. રોજના અનુભવ છે કે ગયે દિવસે સારાં ખાનપાન વિષયોના આકંઠ આનંદ ઉડાવ્યા છતાં આજે પાછા એની એ જ ભૂખ ઊભી ને ઊભી !

**ક્ષણિક સુખો પાછળ પાપ કેટલા ? :-**

'કદાચ મન કહે કે ભલે ભૂખ કાયમની ન શમી, તો પણ વિષયોના સંગથી તત્કાલ આનંદ તો મળે છે ને ?' પરંતુ એની પાછળ પાપો કેટલા બધા સેવવાનું થાય છે ? બાહ્ય આરંભ-પરિગ્રહ-જૂઠ-અનીતિ વગેરેનાં ધૂમ પાપ, અને આભ્યંતર રાગ-દ્વેષ-મદ-માયા-લંપટતા વગેરેનાં ધૂમ પાપ સેવ્યે જવાનું થાય એનો દારુણ જવાબ દુર્ગતિના કેવા અને કેટલા ભવો સુધી ભર્યે જવાનો ?

**જીવની મોટામાં મોટી વિટંબણા પાપકર્મની ગુલામી અને જનમ-મરણની પરંપરા છે.**

એનો આમાં અંત જ ક્યાં ? તો શું અહીં એ પરંપરા તોડનાર ત્યાગ-તપની સાધનાનો અવસર અને સામગ્રી મળ્યા છતાં લાખો કરોડો જનમ-મરણ આપનાર અને દુઃખ મહાદુઃખમાં વિડંબનાર આ પાપભર્યા મોહમાયા અને ખાનપાનના ફાંસલામાં મારે હાથે કરીને ફસ્યા રહેવાનું ? મારા આત્માની અનંત શક્તિ છે. ભગાવી દઉં આ ફાંસલાને, એની પાછળનાં પાપોને, અને ત્યાગ-તપ ઈશ્વરધ્યાનના પંથે ચડી જાઉં.

જો જો તામલી તાપસની આ ભવ્ય નિર્મળ વિચાર ધારા અને એમાં ય



મૂળમાં પાપસંતાપ ! ઘરવાસમાં સુખની એને કશી કમી નથી, કોઈએ એને ગાળ નથી દીધી, અપમાન નથી કર્યા, કુટુંબ કંકાશ નથી, શરીર માંદું નથી પડ્યું, ઘડપણ નથી આવ્યું, યુવાની પૂરબહારમાં ખીલેલી છે, બધું રુડું રૂપાળું છે, છતાં વૈરાગ્ય પામી જાય છે ! કારણ ?

**બધું રૂડું રૂપાળું ખરું, પરંતુ ઘરવાસનાં જીવનમાં વિષયો અંગેના સતત રાગ-દ્વેષના સંક્લેશનાં અને બીજાં હિંસાદિ પાપોનાં ભરચક સેવન થાય એનું શું ?**

તામલિને પાપો પર તિરસ્કાર છૂટ્યો, એટલે પછી એને લાગે છે કે 'પાપો પોષનાર સંપત્તિ-પરિવાર-ખાનપાનાદિ ગમે તેટલાં ઊંચા અને અનુકૂળ મળ્યાં તેથી શું ?

એ બધું મળેલું જો પાપોને પોષનારું છે તો એ એને ગોઝારું લાગ્યું.

પાપના સંતાપે આત્મામાં પરિવર્તન આણ્યું.

આત્મા સંપત્તિ વગેરેનો રાગી મટી વિરાગી બન્યો.

તમને આ તમારા આત્મામાં ઘટાવવાનું મન થાય છે ? મનને એમ થાય ખરું કે 'તો પછી મારા આત્મામાં આ પરિવર્તન કેમ નહિ ? સંપત્તિ-પરિવાર-ખાનપાનાદિ પર તમારું દિલ ઊભગેલું છે ? કે ઠરેલું ?

ઉભગાવવું છે પણ ઊભગતું નથી, કેમ ખરું ને ? કેમ નથી ઉભગતું ? કહો,-

**સંપત્તિ-પરિવાર-ખાનપાનાદિ પર દિલ તો જ ઉભગે કે જો એની પાછળનાં ધૂમ પાપોનો સંતાપ થાય.**

**પૈસા વગેરે પર દિલ શા માટે ઊભગાવવું ? :-**

**પ્ર.-** પૈસા પ્રતિષ્ઠા-માન સન્માન વગેરે પર શું દિલ લાગે એ ખોટું છે ? ને દિલ ઊભગે એ જરૂરી છે ?

**ઉ.-** હા, દિલ લાગે એ ખોટું છે; કેમકે એના પર દિલ લાગવાથી પછી પરોપકાર, નિઃસ્વાર્થ સેવા, ન્યાય, નિરભિમાનિતા અને પરમાત્મા સદ્ગુરુ-ધર્મ-સાધના વગેરે પરે દિલ નહિ લાગે. જેને પૈસા પર દિલ લાગીને પૈસો એ પરમેશ્વર લાગે છે, એ પૈસાથી પરોપકાર શું કર્યા કરે ? જેને પ્રતિષ્ઠા પર દિલ લાગ્યાથી યેનકેન ઉપાયે પ્રતિષ્ઠા મેળવવાની ધગશ છે એ જ્યાં બહાર પ્રતિષ્ઠા ન મળવાની હોય એવા નિઃસ્વાર્થ સેવાનાં કાર્ય શું કામ કરે ? જેને વાતવાતમાં માન-સન્માન પર દિલ લાગીને એ જ મેળવવા જોઈએ છે. એ ન્યાય-અન્યાયનો વિચાર શું કામ રાખે ? પોતાની લાયકાત-યોગ્યતાનો ખ્યાલ શાનો કરે ? એ તો જેને અભિમાન-અનીતિ-અસત્ય વગેરે પાપો ખટકતા હોય એ જ મનમાં ટેક રાખી શકે કે મને માન મળો કે ન મળો, હું ન્યાય-નીતિ-સત્ય વગેરે નહિ ચૂકું'

## માનની ભૂખમાં નિંદા અને આળનાં પાપ :-

માનની ભૂખ કારમી છે. માનનો ભૂખ્યો માન લેવા માટે કેવાં કેવાં પાપ, ને કેવા કેવા પ્રપંચ નથી કરતો ? નિંદા તો એને કોટે વળગેલી રહે છે. સામા પાસેથી માન લેવા માટે ને સામો પોતાને સારો માને એ માટે એની આગળ બીજાની એવી નિંદા માંડશે કે જે સાંભલવામાં સામાને રસ પડે, અને સામો માને કે આ બોલનાર ભાઈ બહુ સારા. વળી નિંદા તો છતાં દોષની હોય, કિન્તુ એટલેથી નહિ પતાવે, પણ આગળ વધીને અછતા દોષનું આરોપણ પણ કરશે, એટલે કે આળ-અભ્યાખ્યાન પણ ચડાવશે ! માત્ર ગોઝારી માનની ભૂખ આ કરાવે છે. તો બોલો, માનસન્માન પર દિલ લગાવવા જેવું છે ? કે માન ગોઝારું લગાડવા જેવું છે ?

## માનાકાંક્ષા પાછળ ઈર્ષ્યા, માયા, (બ્રાહ્મી સુંદરી) :-

માનાકાંક્ષા-માનની ભૂખ માયામૃષાવાદનાં પાપ સુધી ય લઈ જાય છે, અને બીજાને વધુ કે સરખું માન મળતું હોય એની ઈર્ષ્યાના મહાપાપ સુધી ય લઈ જાય છે. પછી એની વિરુદ્ધ મોંઢે ન બોલાય એટલે એના માન-સન્માન પ્રત્યે પોતે રાજીપાનો દેખાવ કરશે, પણ અંતરમાં તો બળતરા જ હશે તો આ દેખાવ એટલે શું ? ચોક્ખી માયા-એમાં સ્ત્રીવેદનું કર્મ બંધાય.

બ્રાહ્મી-સુંદરી પૂર્વના ત્રીજા ભવમાં કોણ હતા ? પીઠ-મહાપીઠ તે ભરત-બાહુબલિના જીવ બાહુ સુબાહુના ભાઈ અને સાથે દીક્ષિત થયેલા; તથા સમાન આરાધના કરી અનુત્તર વિમાનમાં સાથે જનારા. છતાં પછી ભરત-બાહુબલિ પુરુષ થયા અને આ સ્ત્રીપણું પામ્યા કેમ વારુ ? મૂળ આ માનાકાંક્ષાના પાપે.

વાત એમ બની કે ઋષભદેવ ભગવાન એ વખતે એમના પિતા ચક્રવર્તી મુનિ અને મહાતપસ્વી ચૌદપૂર્વધર તથા અદ્ભુત લબ્ધિધારી આચાર્ય બનેલા. એમના આ ચારે ય શિષ્ય બનેલા. એમાં બાહુ સુબાહુ ૫૦૦ મુનિઓની એકલે હાથે ભક્તિ વૈયાવચ્ચ કરતા હતા, તે એક દિવસ આચાર્ય મહારાજે એમની પ્રશંસા કરી કે 'અહો ! ધન્ય છે આ બાહુ-સુબાહુ મુનિઓને કે જે મોટા વૈભવી ઘરમાંથી આવેલા છતાં ૫૦૦ મુનિઓની આવી ભક્તિ-વૈયાવચ્ચ કરે છે !

બીજુ મુનિઓએ તો આ પ્રશંસા ઝીલી, પરંતુ પીઠ-મહાપીઠ મુનિને આ ખમાઈ નહિ, એમને અંતરમાં બળતરા થઈ આવી તે મનને થયું કે 'તો શું ભક્તિ-વૈયાવચ્ચ જ આરાધના છે ? જ્ઞાન ધ્યાન-તપ-સંયમ એ આરાધના નથી ? અમે ભક્તિ વૈયાવચ્ચ નહિ, તો બીજી આરાધના તો કરીએ જ છીએ ને તે અમે હિસાબમાં નહિ, ને આ જ પ્રશંસા કરવા લાયક ? પણ ભાઈ ! દુનિયામાં દેખાય છે ને કે સૌ કોઈ કરે એનું ગાય.





પીઠ-મહાપીઠ મુનિને આ વિચાર ન આવ્યો કે 'પ્રશંસા કોણ કરે છે ? ચૌદ પૂર્વધર આચાર્ય મહારાજ. એમનું જ્ઞાન કેટલું મહાસાગર જેટલું ! અને આપણું જ્ઞાન ખાબોચિયા જેટલું એવા મહાજ્ઞાની જે બોલે એ કેટલું બધું વિચારપૂર્વક હોય. એના પર આપણે અજ્ઞાન મૂઢ જેવા યોગ્યાયોગ્યનો વિચાર કરનાર કોણ ? વળી જ્ઞાનધ્યાન સહેલું છે ? ભક્તિ-વૈયાવચ્ચ ?' ના, આ કશો વિચાર નહિ, તે ભાઈ મુનિઓની પ્રશંસા પર અંતરમાં બળ્યા. બળ્યા એટલું જ નહિ, પણ પ્રશંસાને બીજા મુનિઓ ઝીલે છે માટે પોતે એ બધાની વચમાં ખોટા ન પડે તેથી પોતે પણ પ્રશંસાને ઝીલવાનો દેખાવ કર્યો. આ દેખાવ એટલે અંતરમાં જુદું ને બહાર જુદું, એ માયા કરી.

થયું ? પોતાને માન ન મળ્યું, બીજાને મળ્યું, એ પોતાની

**માનાકાંક્ષાના પાપમાં કેટલાં પાપ ઊભા થયા ?**

(૧) સામાના ગુણનો અનુરાગ ગયો,

(૨) પ્રમોદ ભાવના ગઈ,

(૩) આચાર્યની અવગણના થઈ, એમના પર બળતરા થઈ,

(૪) શું અમે કમ છીએ ? એમ અભિમાન આવ્યું,

(૫) પ્રશંસા ઝીલવાના દેખાવમાં માયા થઈ.

(૬) હવે અહીં આ પાપોનો પસ્તાવો છે ? આ હું ખોટું કરું છું એમ લાગવાનું છે ? ના તો પાપ ત્યાજ્ય ન લાગે, ખોટું ન લાગે ત્યાં સમ્યક્ત્વ પણ ગયું અને મિથ્યાત્વ આવ્યું.

બસ, આ સ્થિતિમાં સ્ત્રીવેદનું કર્મ બાંધ્યું, તે બ્રાહ્મી-સુંદરી સ્ત્રી તરીકે અવતર્યા; આ મૂળ માનાકાંક્ષાના પાપે.

તો બોલો, માન-સન્માન પર દિલ લગાડવા જેવું ? કે દિલને એથી ઊભગાવવા જેવું ? જે એટલા બધા પાપ કરાવે એ માન પર દિલ લગાડવા જેવું શાનું કહેવાય ?

એકલું માન-સન્માન શું, પૈસા-પ્રતિષ્ઠા-પરિવાર વગેરે બધી જ સાંસારિક લીલાઓ અકબંધ ગોઝારાં પાપો કરાવનારાં છે તેથી એના પર દિલ લગાડવા જેવું નથી, પણ ઊભગાવવા જેવું છે. એમ પૂછતા નહિ,

**પ્ર.**- પૈસા શું પાપ જ કરાવે છે ? ધર્મ નથી કરાવતા ?

**ઉ.**- જુઓ, પૈસા દાનધર્મ કરાવતા દેખાય છે ત્યાં દાન જે થાય છે, એ પૈસા પરના અથાગ રાગથી નહિ, પણ પૈસા પરના વૈરાગ્યથી દાન કરાય છે. જો

પૈસા પર અનહદ રાગ હોય તો તો એ દાન કરી રહ્યો.

**દાન પૈસા પરના રાગથી નહિ, કિન્તુ વૈરાગ્યથી, પૈસા ખોટા લાગ્યાથી થાય.**

**પૈસા પર વૈરાગ્ય શું ?**

આ, કે અલબત પૈસા પર રાગ છે, કિન્તુ દાનનું જે ક્ષેત્ર મળ્યું દા.ત. પ્રભુભક્તિ કરવાની મળી, ત્યાં પ્રભુભક્તિ પર એવો રાગ છે કે એની સામે પૈસા ઓછા કિંમતી લાગે છે. પ્રભુભક્તિ જતી કરીને પૈસા રાખી મૂકવા એ ખટકે છે એ જ પૈસા પર વૈરાગ્ય. આ વૈરાગ્યથી એ દાનના ક્ષેત્રમાં પૈસાનો ત્યાગ કરે ત્યાગ દાન થાય છે. દાન શાથી થયું ? પૈસાના વૈરાગ્ય અને ત્યાગવૃત્તિથી. ત્યારે તમે કહો,-

**પ્ર.**- પણ પૈસા હોય તો એનો ત્યાગ ને દાન થાય ને ?

**ઉ.**- અહીં ભૂલ્યા, વૈરાગ્ય અને ત્યાગ ગુરુના ઉપદેશથી તત્ત્વચિંતનથી અને મહાપુરુષોનાં ત્યાગ વૈરાગ્યના પરાક્રમોનાં આલંબનથી થાય છે; પણ નહિ કે પૈસા હોવા માત્રથી કે પૈસા સારા માનવાથી. એમ તો આજે જુઓ ને કે દુનિયામાં પૈસા કેટલા બધાને મળ્યા છે ? ને એમાંના કેટલાને વૈરાગ્ય અને ત્યાગ આવડે છે ?

વાત સાચી કે પૈસા હોય તો દાન થાય, પરંતુ વિચારવાનું એ છે કે પૈસાની સાથે જ્યારે વૈરાગ્ય અને ત્યાગવૃત્તિ હોય તો જ દાન થાય છે, તો પછી

**દાનમાં કારણ કોણ ? પૈસા ? કે વૈરાગ્ય અને ત્યાગવૃત્તિ ?**

**દાનમાં મુખ્ય કારણ પૈસા નહિ એના ૨ વ્યવહારું દૃષ્ટાન્ત :-**

(૧) માનો કે બાપના બે દીકરા હોય, જુદો જુદો ધંધો કરતો હોય, એકના મનમાં બાપ પ્રત્યે કૃતજ્ઞતા સ્ફુરી આવી, ને એણે બાપને માટે અપ-ટુ-ડેટ સગવડોવાળો માળ બંધાવ્યો યા બાપના નામની ધર્મશાળા બંધાવી. આમાં પૈસાનો ત્યાગ કર્યો એમાં મુખ્ય કારણ કોણ ? પૈસા ? કે કૃતજ્ઞતા ? પૈસા મુખ્ય કારણ નહિ કહેવાય કેમકે પૈસા તો બીજા દીકરા પાસેય છે, પરંતુ એણે કેમ આ કાર્ય ન કર્યું ? કહો, એનામાં એવી કૃતજ્ઞતા ન સ્ફૂરી તેથી એણે એ કર્યું નહિ. એટલે આ જ આવ્યું કે દાન થયું ત્યાગ થયો તે કૃતજ્ઞતાને લીધે થયો બસ,

**(૧) પિતાને સગવડો કરી આપવામાં પુત્રની કૃતજ્ઞતા કારણ, એમ દાનમાં મુખ્ય કારણ વૈરાગ્ય કૃતજ્ઞતા ભક્તિ અને ત્યાગવૃત્તિ છે, પૈસા નહિ,**

**(૨) માખણમાં મુખ્ય કારણ દહીં છે :-**

(૨) વ્યવહારમાં જુઓ, મોટી ગોળીમાં દહીં જમાવેલું છે. હવે એમાં વલોણું કરી માખણ કાઢવું હોય તો તાંબડી ભરીને ગરમ પાણી નાંખવામાં આવે છે, ને પછી વલોણું કરાય છે. આમાં પાણી નાખો તો જ વલોણું થઈને માખણ ઉપર તરી



આવે છે, તો શું માખણમાં પાણી કારણ ? કે દહીં કારણ ? કહેવું જ પડે પાણી તો એક નિમિત્તમાત્ર, બાકી મુખ્ય કારણ તો દહીં જ; કેમકે માખણની વ્યાપ્તિ દહીં સાથે બેસે છે-દહીં જેટલું સાત્ત્વિક એટલું માખણ વધારે નીકળે. માંહી જે પાણી નાખ્યું એ જેટલું વધારે સારું એટલું માખણ વધુ મળે નહિ.

અહીં પાણી વિના માખણ નીકળે ? પાણી વિના માખણ નીકળે ?' એમ ઘૂંટી ઘૂંટી પાણીને મુખ્ય કારણ કહેવા જાય એ મૂરખ ગણાય. એમ પૈસા વિના દાન થાય ? પૈસા વિના દાન થાય ? એમ ઘૂંટી ઘૂંટીને પૈસાને મુખ્ય કારણ કહેવા જાય એ મૂરખ જ ગણાય ને ? કારણ છે.-

પૈસા વધારે એટલું દાન વધારે, એવું નથી, પરંતુ વૈરાગ્ય, કૃતજ્ઞતા, ભક્તિ અને ત્યાગવૃત્તિ જેટલી વધારે એટલું દાન વધારે થાય છે. જો આ વૈરાગ્યાદિમાં મંદી હશે, તો પાસે પૈસા તો ઘણા ય હશે, પણ દાનમાં દદૂડી મૂતરાવશે, ને વૈરાગ્યાદિ હશે જ નહિ, તો દાનના ફાંફાં.

**અનંતા દાન કર્યા છતાં ભવના ફેરા કેમ ન મટ્યા ? :-**

દાનમાં વૈરાગ્યની પહેલી જરૂર છે. માટે તો દાન કરીને તકતી પ્રતિષ્ઠા વગેરે ફળ ઈચ્છાતો હોય એ ખરેખર દાન નથી કરતો પણ એક જાતનો સોદો કરે છે. એને દાનનો આત્મિક લાભ ન મળે. એટલા માટે તો અનંતા ચારિત્રની જેમ અનંતા દાન કરેલા નિષ્ફળ ગયા, ભવના ફેરા ન મટ્યા, કેમકે એનાથી દુન્યવી વિષયસુખ જ ઈચ્છીને એ દાન સોદારૂપ જ કર્યા, મૂરખ જીવને પૈસા પરના વૈરાગ્યથી દાન કરતાં આવડ્યું જ નહિ. વિચાર ન રહ્યો કે,-

'આ પૈસા તો ગોઝારા છે. એ કર્મબંધ જીવહિંસાદિ અને વિષયવિલાસાદિનાં ઘોર પાપ કરાવે છે. પૈસા પર જ એ પાપો થાય છે. મિયાં મસાલા પર કૂદે ? મિયાં મસાલા વિના શાના પર કૂદે ? એમ જીવને એ પાપો કરવા હોય, પણ પૈસા વિના શું કરે ? પૈસા જ વધારે બુદ્ધિ બગાડી પાપાચરણ કરાવીને નરકાદિ દુર્ગતિમાં જીવને ધકેલી દે છે. પૈસાવાળાના પૈસા અહીં, ને ભાઈ નરકમાં ! મમ્મણ શેઠનો રતનનો બળદિયો અહીં રહ્યો, અને પોતે સાતમી નરકમાં ! કોણે ત્યાં ધકેલ્યો ? પૈસાએ. કદાચ કહેશો,-

**પ્ર.**- પૈસા પર રાગ-મમતા કરે તો મરે ને ? રાગ-મમતા ન કરે, તો શું કામ નરકે જાય ? મમ્મણ તો પૈસાની મમતાથી સાતમીએ ગયો પૈસાથી ક્યાં નરકે ગયો છે ?

**ઉ.**- પણ આ વિચારો પૈસા ન હોત તો મમતા શાની કરત ?

**પૈસા છે માટે જ મમતા થાય છે. તેથી પૈસા જ મમતા કરાવી નરકાદિ**

**દુર્ગતિ દેખાડે છે માટે મૂળમાં પૈસા જ ભૂંડા.**

તમારા જીવનમાં જુઓ, બજારમાંથી ચાર સારી ચીજ લઈ આવો પછી એના પર મમતા શરૂ થાય છે. એ ઘરમાં નહોતી ત્યાં સુધી ક્યાં એના પર મમત્વ હતું ? ઘરમાં ચકચકાટ ફરનીચર વસાવો એટલે જ પછી એના પર મમત્વનું પાપ શરૂ થાય છે, ને કોઈ એને બગાડે ત્યાં ગુસ્સો ચડી આવે છે. ફરનીચર નહોતું ત્યાં સુધી એના નિમિત્તે ગુસ્સો નહોતો, અભિમાન નહોતુ, મમતા નહોતી. આમ કષાયાદિ પાપનું મૂળ પૈસા ટકા ચીજવસ્તુ છે. તેથી તો શાસ્ત્રકારો એ પૈસા અને ચીજવસ્તુને અધિકરણ કહે છે.

**અધિકરણ એટલે રાગાદિ પાપો આચરાવીને દુર્ગતિનો અધિકાર અપાવે એ.**

**અધિકરણથી પહેલું પાપરાગનો સંક્લેશ :-**

એ અધિકરણમાં ઘણું ઘણું આવે, પૈસા ટકા, માલસામાન, મકાનહવેલી-રાચરચિલું ફરનીચર વગેરે વગેરે કેટલું ય આવે. પંચાશકશાસ્ત્ર કહે છે. રાત્રિના જાગી પડેલો શ્રાવક વિવિધ ભાવના કરે એમાંની આ એક ભાવના છે, કે 'અરે ! હું આ અધિકરણો ક્યારે ઓછાં કરીશ !' ત્યાં શાસ્ત્રો એ ભાવના ન મૂકી કે આ ભલે રહ્યા, પણ ક્યારે હું આના પરનો રાગ મમત્વ ઓછાં કરીશ !' કેમ આ ભાવના નહિ,ને પેલી ભાવના કે 'ક્યારે હું અધિકરણો ઓછાં કરીશ !' કારણ આ જ કે મૂળ અધિકરણરૂપ સાંસારિક ચીજવસ્તુ પાસે છે એટલે એના પર પહેલું પાપ રાગસંક્લેશ શરૂ થઈ જાય છે. માટે દેખાય છે કે પૈસા વગેરે મળવા પર (૧) એના રાગના સંક્લેશમાં બુદ્ધિ બગડી, (૨) દીકરા બાપથી જુદા થાય છે, (૩) ભાઈ-ભાઈ ઝગડે છે, (૪) પતિને જુની પત્ની નથી ગમતી એટલે બીજે ફાંફાં મારે છે, (૫) મુનીમ શેઠની સામે જુદી હરીફ દુકાન નાખે છે, (૬) શેઠ સમાજ પર રોફ મારે છે, (૭) ચૂંટણીઓ લડી લાંચખાઉં સરકારી હોદ્દા પકડે છે. આ બધું પૈસારૂપી અધિકરણ મળવા પર રાગના સંક્લેશમાં બુદ્ધિ બગાડીને થાય છે.

**શું પૈસા બુદ્ધિ સુધારે છે ?**

પૈસા મળવા પર શહેરમાંથી બહાર સોસાયટીમાં નાનો-મોટો બંગલો બંધાવીને રહેવા જવાનું કરાય છે. એને બે લાખનો બંગલો બંધાવતા આવડશે, પણ શહેરના દેરાસરમાં ૧૫-૨૦ હજાર સાધારણ ખર્ચ માટે મૂકતા નહિ આવડે ! અરે ! પોતાના બે લાખના બંગલામાં ય ૧૫-૨૦ હજારનું સુંદર જિનમંદિર કરતા નહિ આવડે !

જીવ કેવો ભિખારી ! પૈસા ખરચી બંગલો વગેરે ઊભા કરી એની પાસે સુખની ભીખ માંગવી છે, પણ સુંદર જિનમંદિર અને રોજ એમાં ઊંચા દ્રવ્યોથી



પૂજા કરી દિલમાં ધર્મ જ રહે એ નથી માગવું-પૈસાના પાપે આ છે. માટે કહો,-

પૈસા ગોઝારા છે, તીવ્ર રાગના સંક્લેશ ઊભા કરી મોજ-મજાહ કરાવશે, પણ મંદિર-ઉપાશ્રય-સાધર્મિક પાઠશાળા વગેરેનું કશું નહિ કરવા દે. ત્યારે જે જીવ કૃપણ હશે તો જાતે તો કાંઇ નહિ ભોગવે, પણ કુટુંબને ય નહિ ભોગવવા દે; એટલું જ નહિ પણ પોતે તો દાન-સુકૃત-પરોપકાર નહિ કરે, કિન્તુ બહારના બીજાઓ કરતા હશે તો એ ય એનાથી નહિ સંખાય, બળશે, અને ભલું હશે તો બીજાને ય દાન સુકૃત કરતાં અટકાવશે. વધારામાં બીજાઓ પોતાનાથી અધિક કે સમકક્ષાના ધનવાન શા માટે થાય ? એ ઈર્ષ્યાથી એનું ચાલશે તો બીજાને થતી કમાણીમાં ફાચર ઘાલશે, કમાવા ન દેવાની પેરવી કરશે. પૈસા કેવા ગોઝારા ? કેટકેટલાં ઘોર પાપ કરાવે ?

શાસ્ત્રમાં ગંગદત્તકૃપણનું દૃષ્ટાન્ત આવે છે.

**ગંગદત્તની કથા**

પૂર્વના કાળમાં એક નગરમાં ગંગદત્ત નામે એક ગૃહસ્થ રહેતો હતો. એની મગધા નામે પત્ની હતી. ગંગદત્ત પાસે પૈસા સારા હતા, પરંતુ એ ભારે કૃપણ હતો. પૈસા પર એટલા બધો રાગ કે 'ચમડી તૂટે પણ દમડી ન છૂટે' એવો એનો ઘાટ હતો. પોતાના ખાનપાન ઉપભોગમાં ય કંજૂસ, અને બહાર કાંઈ સુકૃત પણ કરવાની વાત નહિ. પાછો મનથી હોશિયારી માને કે 'અમારે ત્યાં રસોઈમાં ય કશો બગાડો નહિ, એવી કાંટોકાંટ રસોઈ થાય કે એક દાણો ય વધે નહિ, ને કાગડા-કૂતરાને નાખવો પડે. 'કેવું જીવન !'

**પૈસા તો પુણ્યે આવ્યા, પણ સારા ભાવ કયા પુણ્યે મળે ?**

બોલો, જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મના ૧૨૦ ભેદમાં કયું કર્મ એવું છે કે જેના ઉદયમાં શુભ ભાવ મળે ? ત્યારે તમે પૂછી શકો છો-

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૪,અંક-૨૯,તા.૩-૪-૧૯૭૬**

**પૈસા મળવામાં કયું પુણ્યકર્મ કારણ છે ? :-**

**પ્ર.**- તો પછી ૧૨૦ કર્મના ભેદમાં પૈસા આપનારું કર્મ ક્યાં છે ?

ઉ.- છે, 'કમ્મપયડી' શાસ્ત્રની ટીકામાં મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે પ્રારંભમાં કર્મપ્રકૃતિઓનો પરિચય આપતાં બતાવ્યું છે કે લાભાંતરાયકર્મના ક્ષયોપશમની સાથે ઊંચગોત્રકર્મ, આદેયનામકર્મ, સૌભાગ્યનામકર્મ વગેરે પુણ્યકર્મના ઉદયે લક્ષ્મી વગેરે મળે છે તો પૂછો,-

**પ્ર.**- લાભાંતરાયનો ક્ષયોપશમ હોય તો તો બીજાં પુણ્ય ન હોય તો ય ઈષ્ટ લાભ તો મળે ને ?

**ઉ.**- એવો નિયમ નથી, કેમકે એ જુઓ કે લાભાંતરાયનો ક્ષયોપશમ ક્યારે થયો ? પૂર્વભવે દાન દીધું, જિનભક્તિ કરી, તપસ્યાઓ કરી, શીલ પળ્યાં, ઈત્યાદિથી, લાભાંતરાયનો ક્ષયોપશમ તો થઈ ગયો, પરંતુ ત્યાં પૈસા વગેરે કેમ ન મળ્યું ? કહો, એ સુકૃતથી લાભાંતરાય તૂટવા સાથે પૈસા વગેરે કેમ ન મળ્યું ? કહો, એ સુકૃતથી લાભાંતરાય તૂટવા સાથે પૈસા મળવામાં જરૂરી જે ઉચ્ચગોત્ર, યશ-આદેયનામકર્મ વગેરે પુણ્યકર્મ બાંધ્યા, એનો ઉદય થવાની વાર હતી, તેથી એ પુણ્યોદયના સહકાર વિના પૈસા આદિ શે મળે ? બીજા જનમમાં એ પુણ્ય ઉદયમાં આવે એટલે પૈસા વગેરે મળે છે. અહીં એક પ્રશ્ન થાય,-

**પ્ર.**- તો તો પછી પુણ્યના ઉદયે જ લક્ષ્મી મળે છે એમ કહોને ? લાભાંતરાયના ક્ષયોપશમને એમાં કારણ માનવાનું શું કામ છે ?

**ઉ.**- એનું કામ એટલા માટે છે કે પેલા પુણ્યે ઉદયમાં છતાં જો વચ્ચે લાભાંતરાયનો ક્ષયોપશમને અટકી જઈ લાભાંતરાયકર્મનો ઉદય આવે, તો લાભ મળતો અટકી જાય છે, અરે ! મળેલા પૈસા જાય પણ છે. ત્યારે હવે એ પ્રશ્ન થાય,-

**પ્ર.**- માણસ પુણ્ય લઈને આવેલો અને લાભાંતરાયનો ક્ષયોપશમ હતો તેથી સારું કમાતો હતો, એમાં લાભાંતરાય ઉદયમાં આવ્યાથી કમાણી અટકી, કમાયેલા ય ગયા, પરંતુ માણસ ધર્મિષ્ઠ છે, તેથી ધર્મ સારો કરે છે એટલે તો નવો લાભાંતરાયનો ક્ષયોપશમ થાય ને ? તો પૈસા કેમ કમાય નહિ ? દેખાય છે એવું કે એવા કેટલાય ધર્મિષ્ઠ આત્માઓની ગાડી પાટા પરથી ઊતરી ગઈ તે ઊતરી ગઈ, હવે એ પહેલાં જેવી કમાણી નથી દેખવા પામતા. આમ કેમ ?

**ઉ.**- આનું સમાધાન સરલ છે. લાભાંતરાય જે ઉદયમાં આવ્યો છે એ બળવાન છે; એથી ધર્મ જે કરે છે એના દ્વારા એ કર્મનો એવો ક્ષયોપશમ થઈ શકતો નથી. એવા પ્રબળ લાભાંતરાય કર્મ ઉદયમાં આવે જ, ને ભોગવવા જ પડે.

**પ્રારબ્ધ કર્મને તો ભોગવી લીધે જ છૂટકો.**

માટે તો જૈન શાસ્ત્રો કહે છે '**कडाण कम्माण नत्थि मोक्खो**' કરેલાં કર્મનો એમ ને એમ છૂટકારો નથી થતો.

ઈતરોને પણ કહેવું પડે છે,-

**'नाभुक्तं क्षीयते कर्म कल्पकोटिशतैरपि ।'**

(પ્રારબ્ધ) કર્મ ભોગવી લીધા વિના એ સેંકડો ક્રોડ યુગોએ પણ ક્ષય પામતું નથી, તૂટી ઊંચેથી નીચે પડો પરંતુ પોતાનાં પ્રારંબ્ધ કર્મ ભોગવ્યે જ છૂટકો છે.



કર્મ બાંધી લીધા પછી ભલે ને કાળના કાલ વીત્યાં, જયાં સુધી એ પૂરું ન ભોગવાઈ જાય ત્યાં સુધી એ એમને એમ હટી ન જાય.

જુઓ, ભગવાન શ્રી મહાવીરસ્વામીએ મરીચિના ભવે કુળમદ કરી નીચગોત્ર કર્મ બાંધ્યું હતું તે ભોગવતાં ભોગવતાં છેલ્લે અંશ બાકી રહ્યો હતો, ને એ કર્મ બાંધ્યો લગભગ ૧ ક્રોડ કોડી સાગરોપમ વર્ષોનો કાળ વીતી પણ ગયો છે, છતાં એ અંશ ઊભો છે, તે છેલ્લે છેલ્લે પણ અંતિમ ભવમાં ઉદય આવ્યું, ને દેવાનંદાની કુક્ષીમાં અવતરવું પડ્યું તે બ્યાશી દિવસે જયારે એ કર્મ પૂરું ભોગવાઈ ગયું ને ઊંચ ગોત્રકર્મ ઉદયમાં આવ્યું ત્યારે ઇંદ્રના આદેશથી દેવ દ્વારા ત્યાંથી ત્રિશલારાણીની કુક્ષીમાં મુકાયા.

**વીરપ્રભુને બ્રાહ્મણીના ગર્ભમાં ઇંદ્રે ૮૨ દિવસ રહેવા દીધા ? :-**

ખૂબી જુઓ, ઇંદ્રે ૮૨ દિવસ પછી જ કેમ ગર્ભપરિવર્તન કરાવ્યું, વહેલાં કેમ નહિ ? શું એણે રાહ જોઈ કે ભલે ભગવાનને કર્મ વેઠીને ભોગવાઈ જાય, પછી જ હું કામ કરું ? 'ના, ભક્ત માણસ આવું ન વિચારે દા.ત. ગુરુના ઉપર આફત આવી, તો શું શ્રાવક એમ વિચારે કે ગુરુને કર્મ ભોગવાઈ જવા દો ? એમને બિચારાને અશાતા ભોગવાઈ જાય એમનો મોક્ષ વહેલો થાય.' ના, ભક્ત આવું ન વિચારે, એ તો પોતાનું કર્તવ્ય ગુરુની રક્ષા-સેવાનું જુએ, એમ અહીં જો ઈન્દ્રને ૮૩ દિવસ પહેલાં ધ્યાન ગયું હોત તો ઈન્દ્ર ગર્ભ-પરિવર્તન જ ચિંતવત. પરંતુ પ્રભુનું બાકી રહેલ ખંધુ નીચગોત્ર કર્મ આ તરફ ૮૨ દિન સુધી ઈન્દ્રનું ધ્યાન જ નથી જવા દેતું. ધ્યાન ગયા પછી તો તરત જ પોતાના સેનાપતિ દ્વારા ગર્ભપરિવર્તન કરાવે છે.

ત્યારે કર્મની કેટલી શિરજોરી ! મોટા ઈન્દ્ર જેવા પ્રભુની સેવામાં તત્પર છે, પરંતુ પ્રભુનાં કર્મ સામે પ્રભુનું પોતાનું ય નથી ચાલતું અને પ્રભુના સેવક ઈન્દ્રનું ય નથી ચાલતું.

ભગવાન કહે છે, **'એવું ખલુ ભો ગોયમા ! કડાણ કમ્માણં...'** 'હે ગૌતમ ! એ પ્રમાણે પૂર્વભવે ખરાબ ભાવથી કર્મભેગા કર્યા અને એનું ત્યાં બરાબર પ્રતિક્રમણ-પ્રાયશ્ચિત્ત ન કર્યું. તો પછીથી **નત્થિ મોકખો અ-વેએઈત્તા, તવસા વા ઝોસઈત્તા.'** અર્થાત્ એને ભોગવ્યા વિના અથવા તપથી ખપાવ્યા વિના એનો છૂટકારો નથી થતો.'

એટલે જીવ અંતરાય કર્મ લઈ આવ્યો હોય તો એના ઉદય એને ભોગવવા જ પડે, ત્યાં બીજી પુણ્યાઈ બાજુએ ઊભી રહે. જો લાભાંતરાય તૂટ્યાં હોય તો બીજાં પુણ્યનો ઉદય લાભ કરાવી જાય; પણ લાભાંતરાય ઉદયમાં આવ્યા, તો છતી બીજી પુણ્યાઈએ પૈસા ન મળે.

પૈસા અંગે તો આવું છે કે એ ઉચ્ચગોત્ર વગેરે પુણ્ય કર્મના પ્રભાવે મળી જાય; પણ લાભાંતરાય ઉદયમાં આવ્યાં, તો છતી બીજી પુણ્યાઈએ પૈસા ન મળે.

પૈસા અંગે તો આવું છે કે એ ઉચ્ચગોત્ર વગેરે પુણ્ય કર્મના પ્રભાવે મળી જાય; પરંતુ હૈયાના સારા ભાવ નથી જાગતાં. સારા ભાવ કર્મલઘુતાથી પુરુષાર્થ દ્વારા મળે છે. એ પુરુષાર્થ શો ?

**સત્સમાગમ, સંતશ્રવણ, સારી વિચારણા, વસ્તુનાં તત્ત્વ પર દૃષ્ટિ,...વગેરેનો પુરુષાર્થ સારા ભાવ જગાવે.**

**ધનરાગમાં હોંશિયારી ? કે મૂર્ખતા ? :-**

પેલો બિચારો ગંગદત્ત આ પુરુષાર્થથી વંચિત છે, રહિત છે, તેથી સારો ભાવ ક્યાંથી લાવે ? તે ઘરે રસોઈમાં દાણો વધે નહિ, ને કાગડા-કૂતરાને જાય નહિ એ હોશિયારી માને છે દાન ન કરવું ને કૃપણતા રાખી, ધન પર અથાગ રાગ કરવો, એ હોશિયારી છે ? કે મૂર્ખતા છે ? બાકી અતિ ધનરાગ સુકૃત નથી કરવા દેતી ને એથી પરલોક બગડે છે માટે ય અતિ ધનરાગ એ મૂર્ખતા છે.

ગંગદત્ત આટલેથી નથી અટકતો, પરંતુ એનાથી બીજાં દાન દે એ સહન પણ નથી થતું; તે એનું ચાલે ત્યાં બીજાને ઊંધે રવાડે ચડાવી દાનમાં અંતરાય કરે છે. કોઈને ભાવ થયો કે અમુક સ્થાને દાન દઉં, તો આ ગંગદત્ત એને ચડાવે છે કે શું નકામા પૈસા વેડફી નાખો ? પૈસા તો કેટલા પરિશ્રમથી મેળવ્યા છે તે આવા સ્થાનમાં મફતમાં ઉરાડી નાખવાના ? તમને ખબર નથી કે જ્યાં ખરચવા ઇચ્છો છો એમાં કેટલી પોલ છે ?....' વગેરે વગેરે કાંઈ ને કાંઈ ઓઠકોઠ સમજાવી પેલાને દાનમાં નિરુત્સાહ કરી નાખે છે.

એટલું ય બસ નથી ગંગદત્ત વળી કોઈ વધુ કમાઈ જાય એ ય સહન નથી કરી શકતો, તે પેલાને લાભ થવાની વચમાં એવી ફાચર મારે છે કે પેલાને લાભ ન થાય. ઈર્ષ્યા કેવી ભયાનક છે ! સામો વધારે કમાયા, તો પોતાના પૈસાને શો વાંધો આવે છે ? પોતાના સુખને શો વાંધો આવે છે ? પરંતુ ઈર્ષ્યા ખતરનાક છે. કૂતરાની જાત કેવી ઈર્ષ્યાળુ છે એ દેખાય છે ને ? બીજાને સહી જ ન શકે તે એની સામે ભસભસ કર્યા જ કરશે. શું મળે છે એનાથી ? કશું જ નહિ, માત્ર બળતરા, તે સહી જ ન શકે.

ગંગદત્તને આ ઈર્ષ્યા ને તેથી બીજાના લાભમાં અંતરાય નાખવા, બીજાને દાનમાં અંતરાય નાખવા, જાતે એક પાઈ પણ દાનમાં ન દેવી, એ બધું શાના પર ? પૈસા પ્રત્યેના તીવ્રરાગ પર, રાગસંકલેશ પર.

**રાગના સંક્લેશ મનને મુડદાલ કરે છે; સારું ચિંતવવા મન અશક્ત, સારા**



**ભાવ રાખવા કેળવવા અશક્ત, પછી સારું કરવા કે ખોટાથી બચવા ય અશક્ત જ હોય ને ?**

રાવણને સીતા પર રાગ-આસક્તિ જોરદાર ઉભરાઈ આવી, તો પોતાનો પરસ્ત્રીથી ગભરામણનો સારો ભાવ બાજુ રહી ગયો, ને પ્રપંચ કરી સીતાનું અપહરણ કર્યું. પછી તો એની આગળ કેટકેટલી દીનતા કરી દમદાટી દેખાડી, પોતાની રાણીઓને ય એવી પ્રેરણા કરી કે જેથી એ બધી પતિ રાવણ સાથે સીતા વ્યભિચારિણી બને એ માટે સીતાને જઈ વીનવે છે ! એક રાગના સંક્લેશમાં કેટકેટલાં ખોટાં આચરવાનું થાય છે !

આજે આપણાં જીવનમાં જુઓ કેટલાય અ-કાર્ય થતાં હોય, અજુગતા બોલાતા હોય, ને અસત્ વિચારણા ચાલતી હોય, તો એના મૂળમાં કોઈ ને કોઈ વસ્તુ પર રાગ-સંક્લેશ વધુ પડતો રાગ કામ કરતો હશે. કાયાની સુખશીલતાનો વધારે પડતો રાગ કામ કરતો હશે. રાગ સેવાના કાર્યમાં હરામ હાડકાં કરાવે છે. પછી ભલે ને સામે ઉપકારી માતાપિતા હોય, કે ગુરુ હોય. હોશિયારીનો વધુ પડતો રાગ ઈર્ષ્યા કરાવે છે, પછી ભલે ને સામે ઉપકારી માતાપિતા હોય, કે ગુરુ હોય, હોશિયારીનો વધુ પડતો રાગ ઈર્ષ્યા કરાવે છે. ખાવાનો રાગસંક્લેશ ત્યાગ અને તપ ગુમાવરાવી પર્વતિથિની ઉપેક્ષા કરાવે છે. સ્વાર્થનો રાગસંકલેશ સ્નેહી પર પણ મૈત્રીભાવ નથી ટકવા દેતો.

સંસારના પદાર્થ પરના રાગસંક્લેશ ભૂડાં હજી કદાચ દ્વેષનો સંક્લેશ જેટલો અનર્થ નહિ ઊભા કરે એટલા રાગનો સંક્લેશ ઊભા કરશે. હૈયામાં ઢગલાબંધ મલિન ભાવો અને મનમાં થોકબંધ નરસી વિચારણાઓ સંસારની વસ્તુ પરના રાગસંક્લેશના લીધે ચાલે છે.

પેલો ગંગદત્ત ધનના અતિશય રાગ-રાગસંક્લેશથી પીડાઈ રહ્યો છે તેથી જાતે મહાકૃપણ અને બીજાને દાનમાં અંતરાય કરનારો તથા લાભને અટકાવનારો બનેલો રહે છે. એની પત્ની મગધા પણ એવી છે. ગંગદત્તની આ કૃપણતા અને અવળચંડાઈ એના એક કલ્યાણમિત્ર સ્નેહી શ્રાવકને ખટકે છે, પણ પોતાનું શું ગજુ કે આને સુધારી શકે ? છતાં તક જોઈ રહ્યો છે કે જો કોઈ સમર્થ ગુરુમહારાજ અહીં પધારે તો આને એમની પાસે લઈ જાઉં ને સત્સંગથી એ કાંઈ સુધરે તો સારું. ગુરુ વિના જ્ઞાન નહિ.

**ગુરુ દીવો, ગુરુ દેવતા, ગુરુ વિણ ઘોરઅંધાર.**

આ સમજવા છતાં અને સાધુનો સંયોગ છતાં જે આત્માઓની સત્સંગ કરવા તરફ બેકાળજી છે, બધી ફુરસદ છે ધંધો-નોકરી કરવાની મોજશોખ કરવાની

એશઆરામી કરવાની, પરચિંતાની, રખડવાની, ભટકવાની ટહેલટપ્પાં કરવાની પણ ફુરસદ નથી માત્ર સાધુસમાગમ સાધવાની ! તો જીવનમાં એ શું પામવાના ? પૈસા ને ટકા, બંગલા ને મોટર, વહાલા ને વહાલેસરી, બધાં અહીંના અહીં રહેવાના, જીવને એક દિવસ એ બધું છોડીને ચાલતા થવાનું; ને સત્સંગ ગુમાવી સારું પામવાનું ન કર્યું, પછી પરલોકે ઓથ કોની ? સત્સંગ અને સદુપદેશ વિનાના જીવો અહીં પણ કયું ઉન્નત જીવન જીવે છે ? ના, એ તો માત્ર આલોકને જોતાં અંતરમાં કેઈ પ્રકારના મદ-મોહ-માયા ધનલાલસા ભોગપિપાસા વગેરે દોષોથી પીડાતા અશાંતિમય જીવન જીવતા હોય છે.

**એમને દિલમાં વિષયવિલાસ અને મહા આરંભસમારંભ મહાપરિગ્રહનાં આકર્ષણ ભર્યા પડ્યા હોય છે. એ બહિર્મુખ જીવો છે.**

એમને જરાક જરાકમાં આવેશ-સંતાપ-ચિત્ત સળવતા વાર નહિ. એમાં જેને હોશિયારી હોય અને ચિંતા સંતાપ-આવેશ ન કરતા હોય તો ય એને રાગના સંક્લેશ તો દિલમાં વ્યાપેલા જ હોય.

સત્સંગની બલિહારી છે. મુસ્લીમ ક્રૂર-નિર્દય-ઘાતકી બાદશાહ અકબર જગદ્ ગુરુ હીરસૂરિજી મહારાજના સંપર્ક અને ઉપદેશ શ્રવણથી કોમળ અને દયાળુ બની ગયો.

અહીં પણ ગંગદત્તના ઉદ્ધાર માટે પેલો શ્રાવક તક જઈ રહ્યો છે એમાં ગુરુ પધારતાં એ એને એમની પાસે લઈ ગયો. ગુરુની વાણી સાંભળી ગંગદત્તના મનને લાગ્યું કે 'મારે જિન પરમાત્માની ભકિત કરવી જોઈએ.' પરંતુ પાછો કૃપણ છે ને ? એટલે હું કાંઈ દ્રવ્ય ખરચીને રોજ પ્રભુની ભક્તિ કરું એ કાંઈ એને નથી સૂઝતું.

**ધનના રાગનો સંક્લેશ કેવો ખતરનાક છે ?**

રાગનો સંક્લેશ એ જાણે જીવને કહે છે, તું દેવ પાસે જા, ગુરુ પાસે જા, પણ મારાથી કોઈને વધારે ગમતા ન કરીશ કે જેથી એની પાછળ તું ધનને તોડી નાખે, ખરચી નાખે' આવા ધનરાગના સંક્લેશવાળાને ગુરુ-ઉપદેશથી દેવાધિદેવ ગમતા થાય તો ય તીવ્ર ધનરાગ પ્રભુની ભક્તિમાં ધનવ્યય નથી કરવા દેતો. આજે જુઓને મોટા ભાગના પૂજા કરનારાઓની શી સ્થિતિ છે ? એમને ઘરસંસાર ચલાવવામાં બધી વાતના ખર્ચ આવડે, પણ અહીં પ્રભુભક્તિમાં ૧-૨ બાબતનો ય ખર્ચ કરવાનું આવડતું નથી, પાલવતું નથી. પણ ઘર ચલાવવામાં તો કેટલીક વાતના મોટા મોટા ખર્ચ કરશે, પરંતુ અહીં નાનો ય ખર્ચ નહિ આવડે.

**ધનનો રાગ પ્રભુ માટે ય હૈયું કેવું ધિઠ્ઠું કરાવે ? :-**

કહો જો, રોજ પ્રભુ આગળ પોતાના ઘીની બત્તી જેટલો દીપક કરો, તો ય એનો ખર્ચ કયો મોટો ? રોજ જિનભક્તિમાં પોતાની એક અગરબત્તી વાપરો,



તો કયું મોટું ખરચ છે ? આશ્ચર્ય છે કે ખાધેપીધે સુખી અને જાતે બાફ જેવા કપડાં પહેરનારા પ્રભુપૂજામાં ભગવાનના અંગલૂછણાં મેલા ઝાંખા ખરબચડા વાપરે છે. તે દેરાના ! શું દિલને ક્ષોભ ન થાય કે 'અરે ! આ ત્રણ લોકના નાથને આવાં મેલાં ખરબચડાં અંગલુંછણાં ?' પણ ધન પર રાગસંકલેશ અહીં આંખ મિંચામણા કરાવે છે, દિલ આ વાપરી લેવા ધિઠ્ઠું બનાવે છે.

**અલ્પ ખર્ચની આંગી :-**

પોતાને કપડાલત્તા બધાનો ઠઠારો જોઈએ, પ્રભુ આંગી વિના રોજ ઉઘાડા ! થોડાક ખર્ચની આંગી જોઈએ છે ? વરખના એક પાનાનાં ટૂકડા અને થોડાંક ઊન રેશમનો કેટલો મોટો ખર્ચ લાગી જાય ? એના પર દેરાસરની ચાંદીની ટીકીઓ ચોડી હોય તો શોભા મજેની આવી જાય. એ ટીકીઓનો પોતાને કશો ખરચ નહિ. છતાં આ કાંઈ બનતું નથી. ધનનો આંધળો રાગ એ ન બનવા દે. એ કૃતજ્ઞતા ભુલાવે છે.

**પ્રભુપૂજામાં કૃપણ કે બેપરવા માણસ પ્રભુ પ્રત્યે કૃતજ્ઞતા ય ભૂલે છે.**

એને વિચાર જ નથી કે હું અહીં પૈસા ટકા જ શું, આખો મનુષ્યભવ આર્યકુળ, પૂર્ણ પાંચે ઇંદ્રિયો દીર્ઘ આયુષ્ય આરોગ્ય અને ખાનપાનાદિ સગવડો પામ્યો છું એ પ્રભુના પ્રતાપે પામ્યો છું. તો લાવ એ મારા મહા દાતાર મહાઉપકારી પ્રભુની ભક્તિમાં મારા સારાં સારાં દ્રવ્ય લઈ જાઉં, આ પરવા ન હોય એનું હૈયું કૃતજ્ઞતા ભૂલી કેવું ધિઠ્ઠું બને ! રોજ તમે આ ભક્તિ કરો છો ? ના, તો આવા ઉચ્ચ ઉપકારી પ્રત્યે ય કૃતજ્ઞતા નહિ ?

ગંગદત્તને એટલું સારું થયું કે ગુરુના ઉપદેશે પ્રભુ પર એને આકર્ષણ થયું, પરંતુ પૈસા ખરચીને ભક્તિ કરવા એની કૃપણતા ના પાડે છે છતાં ભક્તિ તો કરવી જ છે, તેથી એણે મુનિ પાસેથી અભિગ્રહ લીધો કે,

**'મારે પ્રભુ આગળ રોજ ચૈત્યવંદન કરવું'**

આવા પણ કૃપણ અને ધનના અત્યંત રાગીને આટલું ગળે ઊતર્યું ? હા, કારણ કે એ શ્રદ્ધાનો યુગ હતો. આજે બુદ્ધિનો સ્વમતિનો-આપમતિનો યુગ આવી ગયો છે, તેથી સાધુ ગમે તેટલું પ્રભુભક્તિ માટે સમજાવે, જિનભક્તિ છતી શક્તિએ નહિ કરનારા પરલોકમાં રખડી પડે છે, એ સમજાવે, છતાં ગુરુવચન-શાસ્ત્રવચન પર શ્રદ્ધા નથી એટલે એ ગળે ઊતરતુ નથી. મનને ડર નથી લાગતો કે 'હાય ! પ્રભુ પૂજાભક્તિ રોજ નહિ કરું તો પરભવે મારું શું થશે ?' આપમતિનો યુગ છે ને, એટલે જીવનમાં બીજી સત્તર વાતો જરૂરી લાગે માત્ર ભગવાનની રોજ પૂજા ભક્તિ જ જરૂરી નથી લાગતી ! થોડાકને પૂજા જરૂરી લાગે છે, તો એમાં પોતાનું

દ્રવ્ય રોજ ખરચવાનું જરૂરી નથી લાગતું ! આપમતિમાં આ સમજાય છે કે બીજા ખરચ તો લાભના વળતર આપે, પ્રભુ-પૂજામાં ખરચેલું લાભનું વળતર શું આપે ? એટલે,

**પ્રભુપૂજામાં સ્વદ્રવ્ય ખર્ચના બે ફળ, (૧) કૃતજ્ઞતા પાલન, અને (૨) નવા મહાન લાભનાં વળતર.**

**આપમતિમાં કૃતજ્ઞતા તો ગઈ. પણ લાભની દૃષ્ટિ ય ગઈ.**

કારણકે મનમાં આપમતિના લીધે એ નથી બેસતું કે પ્રભુનો મારા પર અથાગ ઉપકાર છે કે ઠેઠ ઊંચા મનુષ્ય ભવથી માંડીને હું અહીં કેટકેટલું પામ્યો છું !' બુદ્ધિવાદ એટલે કે આપમતિને બદલે શ્રદ્ધા હોત તો શાસ્ત્રવચન નથી આ મગજમાં ઊતરત કે પ્રભુનો અથાગ ઉપકાર છે ત્યારે જ્યાં પૈસા પરિવાર વગેરે મળવામાં પ્રભુનો ઉપકાર જ ન દેખાય ત્યાં પછી ઉપકારનો યત્કિંચિત્ પણ બદલો વાળવાનું શાનું સૂઝે ? આ કૃતજ્ઞતાનો વિચાર જ શાનો આવવા દે કે જેથી રોજ પ્રભુ પૂજા અને એમાં પોતાનું દ્રવ્ય-અર્પણ નિયમબદ્ધ કરાય ? આપમતિમાં આ ગળે ન ઊતરે.

**જિનપૂજાથી મન નિર્મળ પ્રસન્ન : પુણ્યનો થોક :-**

એમ, આપમતિમાં એ ય નથી ગળે ઊતરતું કે પ્રભુ પૂજાથી અને એમાં સ્વકીય દ્રવ્ય સમર્પણથી મન પ્રસન્ન અને નિર્મળ બની અથાગ પુણ્ય ઊભું થાય છે આ જેવો તેવો લાભ છે ? સંસારની સત્તર બાબતો સંભાળો એમાં મન મેલું થાય છે, રાગના સંક્લેશ પોષાય છે, ને બીજા કેટલાક પાપ સેવાય છે, ત્યારે સ્વદ્રવ્યથી પ્રભુપૂજા કરાય એમાં મન નિર્મળ બને છે. વીતરાગની પૂજા છે ને ? એટલે મન નિર્મળ કરે એ સહજ છે. તેમજ સંસાર એટલે કષાયોની આગ. સંસારની બાબતોમાં મન કષાયની આગમાં બળતું ઝળતું, એ સાચી પ્રસન્નતા ક્યાંથી અનુભવી શકે ? વીતરાગ પાસે આવો, એમની પૂજાભક્તિમાં લાગો. તો કષાયની આગને ઠરવાનું શાંત થવાનું મળે, ને સાચી પ્રસન્નતા અનુભવાય. શું બોલો છો ? **'મનઃ પ્રસન્નતામેતિ, પૂજ્યમાને જિનેશ્વરે'** અર્થાત્ ભગવાન જિનેશ્વરદેવની પૂજા કરતાં મન પ્રસન્નતાને પામે છે.

**જિનપૂજાથી મન નિર્મળ પ્રસન્ન થાય.**

**આ લાભનું વળતર ઓછું છે ?**

લાખો રૂપિયાથી વિષયવિલાસ માણો કે દુનિયામાં સન્માન મેળવો, છતાં એ મનને નિર્મળતા અને સાચી કષાયની શાંતિવાળી પ્રસન્નતા ન આપે, એ થોડાં દ્રવ્યથી કરેલી વીતરાગ પ્રભુની પૂજા આપે, શું આ લાભ જેવા તેવા છે ?



ત્યારે પ્રભુપૂજા અને એમાં સ્વદ્રવ્યનો વ્યય પુણ્ય કેટલાં અથાગ આપે ? જો જો આ ગંગદત્ત પરલોક માટે કેવુંક જબ્બર પુણ્ય ઉપાર્જે છે ! એણે તો માત્ર સ્વદ્રવ્યખર્ચ વિનાની ચૈત્યવંદનની પ્રભુભક્તિ જ રાખી. છતાં ઉત્તમ પુણ્ય ઉપાર્જે છે જે એને પરભવે જબ્બર ઓથ આપશે. તો પછી પ્રભુપુજા રોજ સ્વદ્રવ્યથી કરેલી કેટલું અથાગ પુણ્ય આપે ?

**આપમતિના અનર્થ :-**

તો શું તમને આ નિર્મળ પ્રસન્ન મન અને અથાગ પુણ્ય નથી ગમતા તે રોજ સ્વદ્રવ્યથી પ્રભુપૂજા નથી કરતા ? કે સ્વદ્રવ્યથી કરેલ પ્રભુપૂજા આ મહાલાભનાં વળતર આપે એવી શ્રદ્ધા જ નથી થતી ? આપમતિનો યુગ છે ને એટલે સંસારની બાબતોમાં લાભનાં વળતર દેખાય છે તેથી એ હોંશે હોંશે કરો છો, પણ અહીં પ્રભુ પૂજામાં દ્રવ્યવ્યય પાછળ મહાલાભના વળતર આપમતિમાં ગળે ઊતરતા નથી. નહિતર રોજ સ્વદ્રવ્યથી પ્રભુપૂજા જેવી મહાન કરણી ચૂકો ? સ્વદ્રવ્યથી કરતા હો તો પણ દદૂડી મૂતરાવવા જેવો દ્રવ્યવ્યવહાર હોય ? કે જાતભોગના બીજા ખર્ચમાં સંકોચ કરીને પણ સારું દ્રવ્ય ખરચી ઉદાર ઉમદા પૂજાપાથી જિનભક્તિ થાય.

**આજની શ્રદ્ધા વિનાની આપમતિએ સત્યાનાશ કાઢ્યું છે.**

તમને ખબર નથી કે આપમતિમાં તમે કેટકેટલા મહા અનર્થ વહોરી રહ્યા છો. પહેલું તો સુવર્ણ જેવા મનુષ્યભવને કથિરનો કરી રહ્યા છો. શાસ્ત્રવચનની શ્રદ્ધા નથી એટલે પશુના અવતાર કરતા કેઈ ગુણા ઊંચા આ મનુષ્ય અવતારને એવો ઊંચા સમજી શકતા નથી, તેથી પશુને આવડે એ ખાનપાન વિષયસંગ અને મોહમાયા સિવાય બીજૂં કર્તવ્ય જ આવા ઊંચા ભાવમાં દેખાતું નથી. આપમતિમાં તણાયા વૈભવ વિષયો અને મોહમાયાને જ પશુની માફક મહત્ત્વ આપી રહ્યા છો. એના અનર્થો પરલોકમાં કેવા ઊભા થવાના ? એ આપમતિમાં સૂઝતું નથી

**આપમતિમાં બાપથી જુદા રહેનાર પુત્રની દુર્દશા :-**

બાકી આપમતિના અહીં પણ અનર્થ કેટકેટલા તે પોતપોતાના જીવન પરથી જોઈ શકાય. આપમતિમાં તણાયા દીકરા માબાપથી જુદા રહે છે. એનાં નુક્સાન કેવાં ? પ્રસંગે પ્રસંગે માબાપની ઓથ હુંફ મદદ જે સાથે રહેવામાં મળે તે ગુમાવે. મોટી ઉંમરના માબાપની સેવા કરવાની છોડી જાતે બાયડીની સેવા લેવામાં પડે એ માબાપ પ્રત્યે હૈયું ધિઠ્ઠું બનાવે છે, અને બાયડીની જાતે ખડેપગે સેવા કરવામાં વિષયલંપટ બને. આ હૃદયની ધિઠ્ઠાઈ અને વિષયની લંપટતા આ ઊંચા મહામૂલા માનવભવને પામી જો આત્મામાં કેળવાય, તો એના પ્રત્યાઘાત અહીં પણ ભયંકર ને પરલોકે તો મહાભયંકર પડવાના.

**આપમતિ અને શ્રદ્ધા વચ્ચે મોટું અંતર :-**

આપમતિમાં હૃદયના ધિઠ્ઠા બનેલા કોણિકે પરમ ઉપકારી અને ક્ષાયિક સમકિતી મગધસમ્રાટ પિતા શ્રેણિકને પાછલી સેવાયોગ્ય વયે જેલમાં નંખાવ્યા અને રોજના પચાસ ફટકા મરાવવાનું કર્યું. ત્યારે મહાવીર પ્રભુની અથાગ શ્રદ્ધાવાળા રાજા શ્રેણિકે તે પૂર્વે મારી પાછલી વયમાં લાયક પુત્ર અભયકુમાર દીક્ષા લઈ લે, તો પછી મારું શું થાય ?' એવી આપમતિ ન રાખતાં પ્રભુવચન પરની શ્રદ્ધાથી વિરાગી અભયકુમારને ચારિત્રમાર્ગે વળાવ્યા. આ હિસાબે શ્રદ્ધા અને આપમતિમાં કેટલા મોટા અંતર !

આપમતિમાં શિવભૂતિએ દિગંબરપંથ કાઢ્યો; એને ગુરુવચન-શાસ્ત્રવચન પર શ્રદ્ધા રહી નહિ કે આ મારા ગુરુ મોટા જ્ઞાની છે તેથી એમનું વચન પ્રમાણ કરાય, અપ્રમાણ નહિ. એમ શાસ્ત્ર પર શ્રદ્ધા રહી નહિ કે આ શાસ્ત્ર સર્વજ્ઞવચનાનુસારી છે એ જ્યારે કહે છે કે ચારિત્ર એકલુ જિનકલ્પનું નહિ, પણ સ્થવિરકલ્પનું પણ હોય છે તો મારે તે માન્ય કરવું જોઈએ. આ શ્રદ્ધા નહિ, પણ આપમતિમાં તણાયો કે જો ગુરુ કહે છે કે રત્નકાંબળ રાગ કરાવનારી છે, તો તો મને લાગે છે કે એકલી એ જ શા માટે, બધા જ વસ્ત્ર પાત્ર રાગ કરાવનાર છે તેથી એ હોયે ચારિત્ર ન હોય. માટે ચારિત્ર નગ્નતા અને પાત્રાદિ-રહિતતામાં જ હોઈ શકે, આમ આપમતિમાં ચડ્યો ગુરુની જ સમક્ષમાં વસ્ત્ર ફગાવી દઈ દિગંબર બન્યો.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૪,અંક-૩૦,તા.૧૦-૪-૧૯૭૬**

ત્યારે શ્રદ્ધામાં શ્રુતકેવળી ભદ્રબાહુસ્વામીનું દૃષ્ટાન્ત જુઓ એ નેપાળ દેશમાં જઈ એકાંતમાં ધ્યાન કરતા હતા, તે ધ્યાન એવું કે એ સિદ્ધ થાય એટલે ચૌદે પૂર્વનું પારાયણ એક અંતર્મુહૂર્તમાં કરી શકે. ત્યાં શ્રમણસંઘની વિનંતી આવી કે સ્થૂલ-ભદ્રસ્વામી વગેરે મુનિઓને ચૌદપૂર્વ ભણાવો.' અહીં શ્રી ભદ્રબાહુસ્વામીએ 'ના, હું મારું પત્યા પછી આવીશ' એ આપમતિ ન રાખતા મુનિ સંઘનો આદેશ ન ઠેલાય એ જિનવચનની શ્રદ્ધાના બળ ઉપર પોતાનું મહાપ્રાણ અધ્યનનું ધ્યાન પડતું મૂકી આવીને સ્થૂલભદ્રસ્વામીને ચૌદ પૂર્વનું જ્ઞાન આપ્યું.

આપમતિવાળાને ગુરુ પર, શાસ્ત્રવચન પર, વડિલો પર, શ્રદ્ધા નથી એટલે પોતાના અજ્ઞાન યા કુતર્કવાળા મનને લાગ્યું એમ વર્તવા જોઈએ છે. એમાં પછી કુટુંબમાં અળખામણો થાય છે, ઊંધા વેતરણ કરે છે, જીવન સંક્લેશમય કરી મૂકે છે. વાત આ હતી કે



પોતાનાં સારા દ્રવ્યથી રોજ જિનપૂજા કરતાં મન નિર્મળ અને પ્રસન્ન બને છે, તથા અથાગ પાપક્ષય અને પુણ્ય સંચયનો લાભ થાય છે; આ શાસ્ત્રવચન પર શ્રદ્ધા નહિ, તેથી આપમતિએ એની ઉપેક્ષા થાય છે. કદાચ કૃપણતા હોય ને સ્વદ્રવ્ય ન ખરચાય, તો ય તે વિના પણ રોજ જિનપૂજાભક્તિ તો કરવી જોઈએ કે નહિ ? 'મને સમય નથી'નું બહાનું કોની સામે ? આખા સારા જીવનનો આયુષ્ય સમય જેમના પ્રભાવે મળ્યો એવા ભગવાનની સામે ?

**એકલી જિનભક્તિના પ્રભાવે મનુષ્ય ભવ :-**

પેલા ગંગદત્ત મુનિના સત્સંગથી મારે રોજ ચૈત્યવંદન કરવું એવો જિનભક્તિનો નિયમ લઈ બરાબર પાળે છે. એક બાજુ કૃપણતાનાં અને બીજાને દાનાંતરાય-લાભાંતરાય કરવાનાં પાપો છે. પણ બીજી બાજુ આ ચૈત્યવંદનની જિનભક્તિનું સુકૃત છે. એ સુકૃત કેવુંક અદ્ભુત કામ કરે છે કે એ ગંગદત્ત એ જીવન પુરું કરી ફરીથી મનુષ્યભવ પામ્યો. તે પણ આર્યકુલમાં એક ધનાઢ્ય માણસને ત્યાં ! એનું નામ ધનદત્ત રાખવામાં આવ્યું. એકલી જિનભક્તિનો આ કેવો પ્રભાવ ! જિનભક્તિમાં ય માત્ર રોજ ચૈત્યવંદન કરવાનું એમા પૈસા ખરચવાની વાત નહિ. છતાં આટલો શો બધો પ્રભાવ ? હા, કારણ છે કે એ એણે ભક્તિ નિયમ પ્રતિજ્ઞાબદ્ધ કરી હતી.

**નિયમનો પ્રભાવ અનેરો છે : (૧) નિયમથી ઓજસ પ્રગટે :-**

ધર્મ કરવાનો એનો એ, કોઈ પાપત્યાગ કરવાનો એનો એ, પરંતુ એની બાધા-નિયમ-પ્રતિજ્ઞા લઈને કરો એટલે આત્મામાં ઓજસ પ્રગટે છે. અને મન પર નિયમનો ભાર રહેવાથી એ નિયમિત આચરાય છે. નિયમથી ઓજસ આ રીતે કે દા.ત. હવે મારે આ જિનભક્તિનો નિયમ એટલે ગમે તે થાય, ગમે તેટલાં કામ આવે, પણ આ જિનભક્તિનું કાર્ય ન છોડું.' ત્યારે એક ઠેકાણે પણ ઓજસ પ્રગટ થયું એ અવસરે બીજે સ્થાને પણ ઉપયોગી થાય છે.

**નિયમથી ગભરાનારા માણસો ઓજસ વિનાના હોય છે, ઓજસ કેળવી શકતા નથી.**

**ઓજસવાળો જીવ ગુણસ્થાનકમાં આગળ વધી શકે છે.**

તેમ દુઃખ-આપત્તિ ધીરતા સમતા રાખી શકે છે. ઓજસ જ ન હોય એ બિચારા ત્યાં હાયવોય અસમાધિ અને દુર્ધ્યાન કરતાં પોક મૂકે છે. નિયમથી આત્મામાં ઓજસ પ્રગટે છે.

નિયમથી મન પર ભાર-જવાબદારી આવે છે.

**(૨) નિયમથી ઉચ્છૃંખલ મન બંધનમાં આવે છે.**

અનાદિનું મન ઉચ્છ્રંખલ છે. એને ધર્મનો કે પાપત્યાગનો ભાર નથી જોઈતો. અમારી ભાવના હોય ત્યારે કરીએ અમે બંધાયેલા નહિ.' આ એને ગુમાન છે. એમાં પરિણામ એ આવે છે કે સંસારના કાર્યોમાં જે વિષયોમાં તો અનંત અનંત કાળનો રસ છે કે એટલે એ તો નિયમ વિના પણ હોંશે હોંશે કરવા જોઈએ છે; પછી મન બિચારા ધર્મનો કે પાપત્યાગનો બેલી નહિ એટલે મરજી પડે ત્યારે કરે આમ જે જિનભક્તિ વગેરે ધર્મ કે અભક્ષ્યત્યાગ વગેરે પાપત્યાગનું મન પર બંધન નહિ, એનો રસ પણ કેટલો રહે ?

**(૩) નિયમથી મનને ધર્મનો અને પાપત્યાગનો રસ ઊભો થાય, ને એ નિયમિત સેવાય.**

**નિયમ પર કૂવા-સરોવરનું દૃષ્ટાન્ત :-**

શાસ્ત્ર આના પર કૂવા અને સરોવરનું સુંદર દૃષ્ટાન્ત આપે છે. કૂવામાં પાણી થોડું, પરંતુ એમાં પાતાલસેર હોવાથી નિયમિત પાણી આવ્યા જ કરે છે. તેથી ક્યારે ય એ સુકાઈ જતો નથી. ત્યારે સરોવરમાં ચોમાસું વરસ્યું એટલે પાણી ઘણું પરંતુ પાતાલસેર નથી-નિયમબદ્ધ નવા નવા પાણીનું આગમન હોય એવું નથી, તેથી ઉનાળે એ સુકાઈ જાય છે. એમ, અમુક ધર્મનો કે પાપત્યાગનો નિયમ કર્યો, પછી એનું સેવન નિયમિત ચલાવવાનું નિયમ ન હોય તો એ નિયમિતતા નહિ ત્યારે ત્યારે નિયમથી નિશ્ચિતપણે ધર્મ સેવાયા કરે એટલે ધર્મનો રસ ઊભો થાય છે, રસ વધે છે. કહે છે ને કે

**ઉદ્યોગ રસ ઉત્પન્ન કરે છે.**

નવાં ધંધામાં બેસાડેલા છોકરાને એના ઉદ્યોગ લાગ્યો, રોજને રોજ એનો ઉદ્યમ થવા માંડ્યો, એટલે પછી એનો રસ ઊભો થાય છે. નાનો બાળક પહેલાં નિશાળે રસ વિના જવા લાગ્યો. પણ પછી રોજ નિયમિત નિશાળે જવાનો ઉદ્યોગ રહેવાથી એને એનો રસ ઊભો થાય છે. એમ નિયમથી ધર્મસેવતાં સેવતાં એનો રસ જાગે છે, રસ વધે છે. નિયમની તો બલિહારી છે. કેટલાય માણસો ગુરુની એ દયા થવાથી નિયમબદ્ધ ધર્મ કરતા કરતા કે પાપત્યાગ કરતા કરતા એના રસિયા થઈ ગયાના આજે પણ દાખલા છે.

**(૪) નિયમથી કસોટીમાં ધર્મની રક્ષા થાય છે.**

કોઈ એવો કસોટીનો પ્રસંગ આવે ત્યારે જો પોતાને નિયમ નહિ હોય તો મન માંડવાળ કરશે કે આપણે બાધા નિયમ કયાં છે ? ચાલો, હમણાં ધર્મ નહિ...હમણાં આ પાપ કરી લો;' ત્યારે નિયમવાળો તો નિયમને યાદ રાખી ડગશે નહિ ધર્મ બરાબર સાચવશે. વંકચૂલચોરને સાધારણ પણ ચાર નિયમ હતા તો



કસોટી વખતે અણનમ રહી, એ નિયમ સાચવ્યા, ને અંતે એ બારમાં દેવલોકમાં દેવ અવતાર પામ્યો.

દેવપાલ નોકરને જંગલમાં મળી આવેલી ઋષભદેવ ભગવાનની પ્રતિમાના રોજ દર્શન કર્યા વિના મોંમા પાણી પણ ન નાખવાનો નિયમ હતો. તો સાત દિવસની વરસાદની હેલી થતાં કસોટી આવી એમાં એ નિયમ હોવાથી પાર ઊતર્યો અને એમાં પુણ્ય ઉત્કૃષ્ટ ઊભું થઈ જવાથી આ જનમમાં જ રાજ્ય પામ્યો ! અને આગળ વધતાં તીર્થંકર નામકર્મનું પરમ પુણ્ય ઉપાર્જનાર બન્યો ! નિયમથી કસોટીમાં પાર ઊતરતાં કેવુંક ફળ !

**(૫) નિયમ તો દેવનો દૂત છે, આપણી ખબર રાખ્યા કરે.**

અલબત, આપણે નિયમ લીધા પછી એની પરવા એની ગરજ રાખવી જોઈએ. પછી એ આપણી ખબર રાખ્યા કરે. આપણા પર પ્રસન્ન થયેલા દેવતાનો દૂત આપની કેવી ખબર રાખે ? અવસરે કેવા બચાવ આપે ? નિયમ એવું કામ કરે છે. બ્રાહ્મણકન્યાએ રાત્રિભોજન ત્યાગનો નિયમ કરેલો. પરણ્યા પછી એ પાળવાની મક્કમતામાં સાસુએ ઉપાડો લીધો, કાયમ માટે એના પિયેર મૂકી આવવા ધણીને અને દીકરાને મોકલ્યો, વચમાં રાત પડવાતી એક સ્નેહીને ત્યાં ઊતર્યા, સ્નેહીએ દૂધપાકનું જમણ આપ્યુ, બધાં જમ્યા, પણ એક નોકર અને આ છોકરી ન જમી, ત્યાં દૂધપાકમાં ચૂલા ઉપરના ચંદરવામાં બફાઈ ગયેલા સાંપના મોંમાંથી ઝેર પડેલું તે બીજાઓ ખાતાં લાંબા પાટ પડી એમના હાથપગ ખેંચાવા લાગ્યા. બ્રાહ્મણકન્યાએ તરત ગામમાંથી વૈદ તેડી સાજા કરાવ્યા; ને એ બધા પ્રભાવિત થઈ રાત્રિભોજન ત્યાગના નિયમવાળા બની ગયા. નિયમે કેવો બચાવ આપ્યો !

**(૧) નિયમ અવસરે બચાવ આપે છે. દા.ત. રાત્રિભોજન ત્યાગનો નિયમ.**

**(૨) નિયમથી સતત પાપક્ષય-પુણ્યની નદી વહે છે.**

શાસ્ત્ર કહે **'જાવ મણે હોઈ નિયમસંજુત્તો છિન્નઈ અસુહં કમ્મં'** જુઓ, આમાં શું કહ્યું છે ? 'જાવ' એટલે જ્યાં સુધી કહ્યું પણ જ્યાં એટલે કે જ્યારે એવું નથી કહ્યું અર્થાત્ જ્યારે નિયમ લો ત્યારે અશુભ કર્મ છેદાય એમ નહિ, પણ જ્યાં સુધી મન નિયમથી સારી રીતે જોડાયેલું હોય ત્યાં સુધી પાપકર્મ છોદાયા કરે.' દા.ત. નિયમ લીધો કે 'જ્યાં સુધી જીવ ત્યાં સુધી રોજ એક સામાયિક કરવું, તો સામાયિકમાં તો જ્યારે બેસશે ત્યારે એનો લાભ મલશે, પરંતુ એના નિયમનો ભાવ તો ચોવીસે કલાક માટે ચાલુ છે, તેથી ચોવીસે કલાક નિયમના લાભરૂપે પાપકર્મ છેદાય કરે, ને નિયમના શુભભાવમાં પુણ્યનો લાભ થાય એ વધારામાં.

નિયમ વિના સામાયિક કરો, પૂજા કરો, ને નિયમ લઈને એ કરો, એમાં

કેટલો બધો ફરક ? નિયમનો અવ્વલ લાભ !

**(૩) નિયમથી રાગનો સંક્લેશ મરે છે.**

આપણી વાત રાગના ભયંકર સંક્લેશની ચાલે છે ને ! જૂઓ, નિયમ એ રાગના ભયંકર સંક્લેશની કેવી હાનિ કરે છે ! માનો કે રાત્રિભોજનનો ત્યાગ તો રાખવો છે, ભલે એ રીતે રજાના દિવસે સંપૂર્ણ ત્યાગ અને નોકરી-ધંધાના દિવસે સૂર્યાસ્ત પછી એક જ વાર ભાણા પર બેઠા જે જમ્યા ખાધું પીધું તે માફ, બાકી ભાણેથી ઊઠ્યા પછી કે સૂર્યાસ્ત પછી ભાણે, બેસતા પહેલાં ચાહ દૂધ મુખવાસ પણ નહિ લેવાનું,' આ રીતે પાળવું તો છે. પરંતુ એનો નિયમ નથી લેવો તો હવે એ બતાવો કે નિયમ કોણ નથી લેવા દેતું ? એ જ કે મનમાં ડર છે કે ભૂલ થઈ જાય. તો ?' ત્યારે એમ નિયમ કરો કે જાણી જોઈને ન જમવું ભૂલની જયણા.' ના, એ ય નિયમે ય જો નથી કરવો, તો એ કોણ નથી કરવા દેતું ? હા કહો મનમાં ડર છે કે એવો પ્રસંગ આવે તો ખાઈ કે પી લેવું પડે તો ? કોઈ સ્નેહીને ત્યાં ગયા ને એ ચાહ પીવાનો આગ્રહ કરે તો ?'

તો શું ? નિયમ ભાંગવાનો ડર છે ? તો ત્યાં કહી દેવાય કે અલબત હું રાત્રે ખાઉં છું, પરંતુ મારે આ જાતનો નિયમ છે, તેથી ચા લઉં તો મારો નિયમ ભંગાય. તો પછી નિયમ કેમ નથી લેવાતો ?

ખરી વાત આ છે કે 'અવસરે તો ખાઈ-પી લઈએ.' એવું મનમાં બેઠું છે. માટે એના ત્યાગનો નિયમ નથી કરાતો. આનો અર્થ શો ? આ જ કે ત્યાગ અને નિયમના રાગ કરતાં અવસરે ખાઈ પી લેવા પર જોરદાર રાગ છે. રાગનો સંક્લેશ છે, તેથી નિયમ નથી લેવાતો.

બસ, રાગનો સંક્લેશ નિયમને અટકાવે છે. એ સૂચવે છે કે નિયમ કરવાથી રાગ સંક્લેશ તૂટે છે. નિયમ લેતાં મન એમ કહે છે કે ગમે તેવા પ્રલોભક સંજોગ આવો, કે મુશ્કેલીના સંજોગો આવો, મારે તો અમુક રાત્રિભોજન વગેરે પાપ નહિ કરવાનું, તે નહિ જ કરવાનું. જિનપૂજા આદિ ધર્મ કરવાનો તે કરવાનો.' આમાં શું કર્યું ? એ પાપના રાગને તોડ્યો, ને એ ધર્મ મૂકવાના રાગને તોડ્યો.

**નિયમનો આ મોટો લાભ કે એ રાગના સંક્લેશને તોડે છે.**

**જીવનની મોટી સફળતા રાગ સંક્લેશ તોડવામાં.**

કેટલીય જાતના રાગના સંક્લેશથી આપણે મરી રહ્યા છીએ ! આ માનવ અવતારે એને તોડતા ચલાવાની અણમોલ સોનેરી તક છે એ અહીં ન કરીએ તો શું કમાયા ? જીવન જીવ્યાની સફળતા ? જીવનની મોટામાં મોટી સફળતા રાગના સંક્લેશ તોડવામાં છે.



કેટલાય માણસો અમુક દિવસ બ્રહ્મચર્ય પાળે છે. પણ એનો નિયમ લેતા ગભરાય છે. એમને આ રાગ સંક્લેશ તોડવાના મહાન લાભની ખબર નથી. નિયમ કેમ નથી લેતા ? ડર છે કે નિયમથી બંધાઈ જઈએ તો કદાચ વાસના જાગે ત્યારે અબ્રહ્મ ન સેવાય આનો અર્થ શો ? એ અબ્રહ્મ પર હૈયાનો રાગ છે, રાગનો સંક્લેશ છે.

પત્નીના અંતરાયના ત્રણ દિવસ બ્રહ્મચર્ય પાળે કે નહિ ? આજના અજ્ઞાન જમાનાવાદી જે અંતરાય નથી પાળતા-પળાવતા એની વાત છોડી દો. એ રસોઈનું બહાનું કાઢે છે કે અંતરાય પાળે તો રસોઈ કોણ કરે ?' પણ તો પછી ૩ દિવસના બ્રહ્મચર્ય તો નિયમ લઈ લે. પરંતુ અંદરખાને મુખ્ય તો અબ્રહ્મનો તીવ્ર રાગ ભર્યો છે. અંતરાય જેવા સમયમાં આવાં અબ્રહ્મનો તીવ્ર રાગ મહાવેલો, એ જીવને ક્યાં ઘસડી જશે ? એનું ભાન નથી.

ખેર, પણ જે અંતરાય પાળે-પળાવે છે, એ પણ એ ત્રણ દિવસના બ્રહ્મચર્યનો નિયમ કેમ નથી લેતા ? કહો, એવાને પણ મનમાં ડર છે કે 'કદાચ ભંગ થઈ જાય તો ?' અર્થાત્ આમાં અબ્રહ્મનો જોરદાર રાગ સંક્લેશ કામ કરી રહ્યો છે જે એક દિવસ માટે પણ બ્રહ્મચર્યનો નિયમ નથી કરવા દેતો. 'કશો નિયમ ન લઉં.' એવી નિયમ વિનાની સ્થિતિ નિયમથી જે પાપનો ત્યાગ કરવો, એ પાપ પર ઊંડે ઊંડે રાગનો સંક્લેશ છે. નિયમ કરવાથી એ સંક્લેશ તૂટે છે. બાકી,

**(૪) નિયમથી અવિરતિનાં સમયે સમયે લાગતાં પાપકર્મ અટકે છે.**

આ પણ જબરદસ્ત લાભ છે. બીજા ધર્મવાળા તો એટલું જ કહે કે 'કરે તે ભરે.' અર્થાત્ તમે પાપ આચરતા ન હો, પરંતુ જો અંતરથી પાપને વરેલા હો, એટલે કે પાપના ત્યાગની પ્રતિજ્ઞા ન હોય, કેમકે મનમાં એવી અપેક્ષા બેઠી હોય કે 'ક્યારે પાપ આચરવું પડે તો આચરવું.' તો આ દિલમાંની પાપની અપેક્ષાથી તમે પાપને વરેલા ગણાઓ. પ્રતિજ્ઞા નહિ એટલે કે મનમાં પાપથી વિરામ નહિ, વિરતિ નહિ, એને અવિરતિ કહેવાય. એ જ્યાં સુધી ઊભી હોય ત્યાં સુધી સમયે સમયે એના યોગે પાપકર્મ બંધાય. એમાં વળી પાપ આચરાય ત્યારે અશુભ યોગ ચાલુ થયો એનું પાપ જુદું લાગે.

કર્મ બાંધવાનાં ૪ કારણ, મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ. આમાં 'યોગ' એટલે મન-વચન-કાયાની પ્રવૃત્તિ, અર્થાત વિચાર-વાણી-વર્તાવ એ ન કરાતા હોય એ વખતે પણ જો પાપની વિરતિ-પ્રતિજ્ઞા નથી કરી, અવિરતિ ઊભી છે, તો ય એથી જીવ કર્મ બાંધે છે. ત્યારે, નિયમની આ બલિહારી છે કે એ અવિરતિથી છોડાવી અવિરતિનાં નિમિત્તે લાગતા કર્મબંધને અટકાવે.

### (૫) રોજના ૧૪ નિયમના મહાલાભ :-

નિયમના કેટલા બધા લાભ છે ! આ જો મનમાં આવે તો ગૃહસ્થને રોજ ધારવાના ૧૪ નિયમ કેમ નથી ધારતા ? ૧૪ નિયમ તો માત્ર ૧૨ કલાક માટેના હોય છે, દિવસ માટેના ૧૪ નિયમ જુદા ધારવાના. સાંજ પછી રાત્રી માટેના ૧૪ નિયમ જુદા ધારવાના રોજ સવાર સાંજ ૧૪ નિયમ ધરાય. આમાં શી મોટી વાત છે ? શી તકલીફ છે ? ચૌદ નિયમ ધારવાનું કામ પળનું, અને એથી પાપને પેલે પાર પહોંચી જવાય કેમકે નિયમથી-વિરતિથી અઢળક પાપ અટકે છે. અને **'છિન્નઈ અસુહં કમ્મં'** અશુભ કર્મ છેદાયે જાય છે.

રોજના ૧૪ નિયમ ધારવામાં કાંઈ વિશેષ ત્યાગ કરવો જ પડે એવું નથી. પરંતુ જે કાંઈ સચિત્ત વગેરે વાપરવા-કરવાની ધારણા હોય છે એનાથી અધિક ન વાપરવાનો નિયમ કરાય છે. આ નિયમથી લાભ કેટલો મોટો કે એમાં ત્યાગ કરેલી વસ્તુઓ જગતમાં અઢળક, એ બધાની અવિરતિના યોગે લાગતા ઢગલા બંધ અશુભ કર્મબંધ અટકી જાય છે; કહો, પાપનો મહાસાગર તરી જવાય છે. વળી **'જાવ મણે હોઈ નિયમ-સંજુત્તો, છિન્નઈ અસુહં કમ્મં'** એ વચન મુજબ નિયમ પહોંચે ત્યાં સુધી અશુભ કર્મ છેદાયે જાય છે.

બોલો, આ લાભો આગળ દુનિયાની મોટી સંપત્તિનો લાભ પણ વિસાતમાં છે ? ના, કેમકે દુન્યવી સંપત્તિના ઢેર પણ પાપ-અટકાયત અને પૂર્વપાપક્ષય ન કરી શકે; આનાથી થતો પારલૌકિક મહાલાભ દુન્યવી સંપત્તિ ન આપી શકે. તો પછી રોજ ૧૪ નિયમ ધારો છો ને ? સવારે સાંજે નિયમ ધારી લેવાનું કામ ૨-૨ મિનિટનું છતાં નિયમ ન ધારતા હો તો શાથી ? કોણ આ રોજ ખટપટ કરે,' એમ લાગતું હોય તો જીવ દુન્યવી ખટપટો રોજ કેટલી કરે છે ? ત્યાં કશો કંટાળો નથી, ને આવા અથાગ લાભદાયી સરળ કાર્યમાં કંટાળો આવે છે ? કંટાળો નહિ પણ નિયમભંગનો ડર લાગતો હોય તો પહેલાં કહ્યું તેમ નિયમભંગને ડર લાગતો હોય તો પહેલાં કહ્યું તેમ નિયમ ઉપરાંત જે સેવાઈ જવાની લાલચ રહે છે, એના પર રાગ કેટલો બધો કે એ ભલે સેવું, પણ નિયમ ન ધારું, નિયમથી આઘા રહીને આ સેવી લેવાનું મન એના પર રાગનો સંક્લેશ સૂચવે છે. નહિતર એટલો બધો રાગ ન હોય તો તો મનને થાય કે નિયમની અંદર વાપરવાનું મેં ક્યાં ઓછું રાખ્યું છે, તે હવે વધારે વાપર્યા વિના ન જ ચાલે ?'

### નિયમ ન કરવા દેનારી લાલચ ભૂંડી કેમ ? :

જીવની આ લાલચ ભૂંડી છે કે કદાચ વધારે વાપરવાનું મળે તો શું કામ જતું કરવું ?' ભૂંડી એટલા માટે કે એ થોડું વધારે વાપરવાના લોભમાં જે અઢળક



વાપરવા નથી મળવાનું એનો નિયમ ન રાખીને એ બધાની અવિરતિના પાપનો મોટો મેરુભાર માથે રાખે છે ! માનો કે આજના માટે ખાવા-પીવાની ૨૫ ચીજનો સંભવ છે પરંતુ મનને લાગ્યું કે પાંચ વધારે ચીજ વાપરવા મળે તો ? માટે ૨૫નો નિયમ નથી કરવો' તો આ શું કર્યું ? વધારે પાંચની લાલચમાં નિયમ ન કરીને એના ઉપરાંત જગતમાં રહેલી લાખો ચીજોની અવિરતિનો મેરુભાર માથે રાખ્યો ! 'અરે ભાઈ ! તું આમ શું કામ કરે ? ૨૫ ને બદલે ૩૦ ચીજ નિયમમાં રાખી લે, બાકીના અઢળક ચીજોના તો ત્યાગનો નિયમ કરી લે.' પણ ના, ત્યાંય ડર કે કદાચ પાંચ વધારે મળી જાય તો ?' તાત્પર્ય, મળે એટલું ખાવા-પીવાની લાલચમાં નિયમ નથી રાખવો. આ ખાનપાનની વસ્તુના રાગનો સંકલેશ સૂચવે છે. એવું બીજી ઉપયોગમાં નહિ આવનારી વસ્તુના ત્યાગનો નિયમ ન કરાય એમાં પણ રાગસંકલેશ સૂચિત થાય છે.

નિયમના અપરંપાર લાભ છે, પણ શાસ્ત્રશ્રદ્ધાને બદલે બુદ્ધિવાદ એટલે કે આપમતિના આજના યુગમાં એનો કોઈ વિચાર નથી, તેમ પાપનો એવો ભય નથી. એટલે અલ્પ મહેનત અઢળક આત્મિક કમાવવાનું જતું કરાય છે.

### ચૈત્યવંદનના નિયમનો પ્રભાવ :-

પેલો કૃપણ ગંગદત્ત એ વખતે શ્રદ્ધાનો યુગ હતો તેથી ગુરુવચન પર શ્રદ્ધા કરી રોજ પ્રભુને ચૈત્યવંદન કરવાનો નિયમ જ લઈ લે છે. અને બરાબર પાળે છે. એમાં વળી એના ફળરૂપે પૌદ્ગલિક આશંસા નથી તેથી નક્કર પુણ્ય ઉપાર્જે છે, અને એટલી પણ આરાધનાથી મરીને શ્રીમંતને ત્યાં ધનદત્ત તરીકે આર્ય મનુષ્ય અવતાર પામે છે. એક ચૈત્યવંદન માત્રના નિયમ અને એનાં પાલનનો કેટલો મોટો પ્રભાવ ! ક્રોડો-અબજો રૂપિયાની મૂડી આર્ય મનુષ્યભવની ખરીદી ન કરાવી આપી શકે; ત્યારે શુદ્ધ ભાવની જિનભક્તિ એ ખરીદી કરાવી આપી શકે; પ્રભુભક્તિ વિનાના મોટા કરોડપતિઓ પણ અનંતા નરકમાં પડ્યા. વિચારવા જેવું છે. જીવનમાં એકલા પાપ કરવાનું રાખ્યું છે, કશી પ્રભુભક્તિ વગેરે સારું કરવાનું રાખ્યું તો એ પાપો ક્યાં લઈ જશે ? પરભવે ઓથ કોની ?

**અહીં જ પૈસાટકા-પરિવાર-ખાનપાનની ઓથ મળી છે એ કોના પ્રતાપે ? પૂર્વભવનાં પાપાચરણના પ્રતાપે ? કે પ્રભુભક્તિ આદિ ધર્મના પ્રતાપે ?**

### પરલોક હોવામાં પ્રમાણ :-

'ના, પૂર્વભવ કશો ય નહિ પૂર્વભવના કર્મનો પ્રતાપ કશોય નહિ, એ તો અહીંની અમારી હોશિયારીના પ્રતાપે પૈસાટકા વગેરે બધું રુડું રૂપાળું મળ્યું છે;' એમ નહિ કહેતા કારણ ? આ જ કે અહીં જનમ્યા ત્યારે જીવનમાં શી હોશિયારી

હતી? કશી જ નહિ. તો પછી, અહીં સારા કુળમાં જનમ, સારા માતાપિતા, ગર્ભમાં પાંચ ઇંદ્રિયથી પરિપૂર્ણ દેહ, માતાની કુક્ષીમાંથી બરાબર રીતે બહાર જનમ, પછી પણ કાગડા-કૂતરા ઉંદર-બિલાડીથી રક્ષણ...આ બધું સરખું ઊતર્યું એની પાછળ ક્યાં તમારી હોશિયારીએ કામ કર્યું છે ? અરે ! માતાના ઉદરમાં એકાદ નાડી વહેતાં બંધ થઈ આંખ કાણી, કાન બહેરો એક આંગળી જ ઓછી...વગેરે ન થયું, પ્રસૂતિમાં ગર્ભ સીધાને બદલે આડો ન ઊતર્યો એ બધામાં જીવની તો પોતાની હોશિયારી તો નહિ પણ માતાપિતાની ય હોંશિયારી ક્યાં કામ લાગે એવી હતી ? તો પછી કોની હોશિયારી પર એ બધું વ્યવસ્થિત બની આવ્યું ? અહીં પરલોક સિદ્ધ થાય છે. માનવું જ પડે કે પૂર્વભવના પુણ્યના બળ ઉપર જ એ સરખું બની આવ્યું; અને એ પુણ્ય પાછળ પાપાચરણનો પ્રભાવ નહોતો પરંતુ ધર્માચરણનો જ પ્રભાવ કામ કરી ગયેલો નહિતર **પાપાચરણ તો આખી દુનિયાના જીવો કરે છે. તેથી એ બધાનો સારો મનુષ્યભવ અને પૈસાટકાદિ બધી વાતની સરખાઈ મળી જાય ને ?**

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૪,અંક-૩૧,તા.૧૭-૪-૧૯૭૬**

આ પરથી જ્યારે આટલું નક્કી થાય છે કે પૂર્વભવનાં પાપાચરણથી અહીં સારું નથી મળ્યું તો પછી અહીંના એકલા પાપાચરણથી હવે આગળના ભવે શું સારું મળવાનું ? એ તો અહીં જિનભક્તિ વગેરે કાંઇક સારું કર્યું હશે તો જ આગળ સારું મળવાનું છે. પેલા ગંગદત્તને કૃપણતા-ધનલોભનાં પાપ છતાં રોજ પ્રભુને ચૈત્યવંદન કરવાનો નિયમ અને નિયમપાલન હતા તો એને સારા ધનવાનને ઘેર માનવઅવતાર મળ્યો. નામ ધનદત્ત. પરંતુ હવે કર્મની વિટંબણા જુઓ કે પૂર્વભવમાં દાનાંતરાય-લાભાંતરાય કરેલા. એનાં પાપોનો ઉદય થયો. એ ઉદયથી ધનદત્તની નાની ઉંમરમાં માતાપિતાનો દેહાન્ત થયો, અને સગાસ્નેહી વગેરે ધન લુંટી ગયા. ધનદત્ત રખડતો દરિદ્ર બની ગયો.

પુણ્ય-પાપનાં મિશ્રણ કેવુંક કામ કરે છે ?

ધનદત્તને પુણ્યે મનુષ્યભવ. ઉત્તમ કુળ, દીર્ઘ આયુષ્ય, આરોગ્ય વગેરે દેખાડ્યા, પરંતુ પાપકર્મે નાનપણમાં માતા-પિતાનો વિયોગ, અને ધનનાશ વગેરે દેખાડ્યા 'કેશરના ચાંલ્લા પર કોલસાની ભૂકી !' આખો દિવસ મોટરમાં ફરવાનું પણ સાથે ડ્રાઇવરપણું ! સારું શરીર પણ સાથે ખાવાના ફાંફા ! કર્મ જીવની ક્રૂર મશ્કરી કરી રહ્યા છે ને ? જીવની આમાં વિટંબણા ગણાય ? કે સ્વાગત-સન્માન ?



રૂપિયા લાખો મળ્યા હોય, પગ લંગડો હોય, આંખ કાણી હોય, શરીર રોગોથી ભરેલુ હોય યા પત્ની મિજાસી હોય. તો આ કર્મ તરફથી જીવની સરભરા ગણાય ? કે વિટંબણા ? સૂર કોયલનો મધૂરો મળ્યો હોય, પરંતુ રૂપ કૂબડું મળ્યું હોય, તો એમાં ગર્વ લેવા જેવો ? કે એક પ્રકારની નાલેશી ? દીકરી ધનવાનના ઘરે વરાવી હોય, પરંતુ બિચારી પૂર્વનું દુર્ભાગ્ય નામકર્મનું પાપ લઈને ગઈ હોય તેથી સાસરે કામકાજ બધું સંભાળવા છતાં અને સારાં કપડાં દાગીના બધું મળવા છતાં ઘરના માણસોને એ પાસે બેસે તે ગમતું ન હોય મોંઢા ચડી જતા હોય અવસરે જશના માથે જુતિયાં પડતા હોય, સારા કામ કરવા ઉપર પણ નજીવા બહાને ટોણાં-ઠપકા મળતા હોય, તો એમાં એના દિલને શું થાય ? ધન કપડાં-દાગીના સારા ખાન-પાન વગેરેથી ખુશીખુશાલી લાગે ? કે અપમાન અનાદર વગેરેથી ઉદ્વેગ થાય સરવાળે વિટંબણા લાગે ? યા શોભા લાગે ?

**સંસાર આટલા માટે જ અસાર છે કે એમાં પુણ્ય-પાપનાં કઢંગા મિશ્રણથી જીવની સરવાળે શોભા નહિ, વિટંબણા જ છે.**

આવા સંસારને ઓળખી લઈ, સંસાર વધારનાર રાગના સંકલેશ, વૈર-વિરોધ-અંટસના સંકલેશ, મદ-ઈર્ષ્યા-હોંસાતોંશીના સંકલેશ વગેરે સંકલેશ કરવા જેવા નથી; પરંતુ વૈરાગ્ય અને મૈત્રી-કરુણા-પ્રમોદ ઉપેક્ષા તથા તત્ત્વાનુસારિતાનું જ જીવન જીવવા જેવું છે. સારું સારું ખાધું પીધું સારા વટબંધ ફર્યા, અને સારા વેપાર ચલાવ્યા, એની કશી વડાઈ નથી; કેમકે એની પાછળ જે સંક્લેશો થાય છે એનાં પાપોનાં, ધર્મજનિત પુણ્યમાં, કઢંગા મિશ્રણ થવાથી પરભવે જીવની મહાવિટંબણા સરજાય છે. ત્યારે એના બદલે જીવનમાં ઝળકતો વૈરાગ્ય અને વિકસ્વર મૈત્રી-કરુણા પ્રમોદના ભાવો એ આ ઉત્તમ ભવની નક્કર કમાઈ છે,

**વૈરાગ્ય-મૈત્રી આદિ ભાવોમાં આ ભવની શોભા અને પરભવની સલામતિ છે. અતિરાગ, વૈર, ઈર્ષ્યા વગેરેના સંક્લેશમાં બંને ભવની વિટંબણા છે.**

બીજી પણ આ વાત છે કે સંસારમાં પુણ્યપાપનાં કઢંગા મિશ્રણ દેખી દિલથી શાંતિસમાધિ માટે એ આપનાર ભગવાન જિનેશ્વરદેવના ચરણ પકડવા જેવા છે. અંતરાયકર્મ-નિવારણની પૂજામાં અંજના સુંદરી જેવાની પુણ્યપાપના કઢંગા મિશ્રણથી થતી વિટંબણા પર કવિએ કહ્યું ને કે,-

**'એમ સંસાર વિટંબણ દેખી, ચાહુ ચરણ જિનચંદના રે,**
**જિનરાજકું સદા મોરી વંદના'**

**પ્ર.**- સંસારમાં જ્યારે વિટંબણા છે, ને એ નિર્ધારિત કર્મની ગુલામીના લીધે હોવાથી અકાટ્ય છે, એટલે જીવ પોતાની ઇચ્છામુજબ ટાળી શકે એમ તેથી,

વિટંબણા ભોગવ્યે જ છુટકો છે, તો પછી જીવે એ નભાવવું જ રહ્યું ને ?

ઉ.- નભાવવું એટલે શું દિન બનીને શું કરીએ ભાઈ ? ભોગવી લો' એમ કરી ભૂંડા સંસારસુખમાં રાચતા રહેવું ? ના, કવિ કહે છે **'ચાહુ ચરણ જિનચંદના'** જિનેશ્વર ભગવાનનાં ચરણની સેવા ચાહું છું.

**પ્રભુના ચરણની પહેલી સેવા આ, કે મને વીતરાગ પ્રભુ મળ્યા છે, તો મારે કશી કમી નથી' એવું પ્રભુનું આલંબન પકડવું.**

ત્યારે અહીં પ્રશ્ન થશે,-

**પ્ર.**- આનંદઘનજી મહારાજ તો **'સેવન કારણ પહેલી ભૂમિકા અભય-અદ્વેષ-અખેદ'** કહે છે. એનું કેમ ? એમાં પ્રભુનું આલંબન પકડવાની વાત ક્યાં આવી ?

ઉ.- અહીં સમજવાનું છે કે જો આપણે પ્રભુનું આલંબન પકડવું છે તો તે આપણા ગમે તેવા રેઢિયાળ દિલથી પણ પકડી શકાય ? ના, પ્રભુનાં આલંબનમાં પ્રભુને પામ્યાથી આત્માએ જે ધરપત માનવાની છે કે મારે પ્રભુ મળ્યાથી કશી કમી નથી એ ધરપતમાં આ અંતર્ગત છે કે આત્માએ હવે ભય-દ્વેષ-ખેદ નહિ રાખવાના, પણ અભય-અદ્વેષ-અખેદ જાળવવાના. અર્થાત ખરેખર કહ્યું તે આલંબન પકડવામાં આ અભય-અદ્વેષ-અખેદ ત્રણે ય સચવાઈ જાય છે, તેથી કવિના કથનનો વિરોધ નહિ આવે. વાત સાચી છે કે,

**'દેવાધિદેવની સેવા' એટલે દેવાધિદેવ શ્રી જિનેશ્વરભગવાને ફરમાવેલ કોઈ પણ ધર્માનુષ્ઠાન સારું આચરવું;' એ સારું આચરવા માટે ભય-દ્વેષ-ખેદ એ ત્રણ દોષ પહેલાં હટાવવા જોઈએ.**

**(૧) આમાં ભય એટલે** હૈયાના પરિણામની ચંચળતા અસ્થિરતા ક્ષણ ક્ષણમાં પરિણામ મનના ભાવ બદલાયા કરાતા હોય એ ભય કહેવાય; કેમકે સામાન્ય રીતે કોઈ ને કોઈ ભયથી, એક ભાવ પડતો મૂકી બીજો ભાવ કરવામાં આવે છે. એ જ ભાવની ચંચળતા. દા.ત. હમણાં દૂધ સારું લાગ્યું, ક્ષણ પછી મનને થયું કે 'ના, ના, દૂધ કરતાં દહીં સારું...' વળી ક્ષણ પછી પેલી ઉઘરાણી લાવવાની છે, પણ નોકર ખંધો છે, જલ્દી લેવા જશે નહિ. શું કરીએ આજના નોકરોથી તોબાહ.' વળી ક્ષણ પછી 'બજારમાં આજકાલ વધઘટ બહું વેપાર શી રીતે કરવો....' આમ મનના ભાવો બદલાયા કરે એ પરિણામની ચંચળતા ખતરનાક છે, એ ધર્મનો ભાવ સ્થિર રહેવા જ ન દે. પૂછો,-

**પ્ર.**- બાહ્ય દુન્યવી ભાવોનાં ભલે ચંચળતા હોય, પણ તેથી આત્મિક ચાહીને કરાતી ધર્મારાધનામાં ધર્મનો ભાવ સ્થિર રહેવામાં શો વાંધો આવે ?

ઉ.- એટલું સમજી રાખવાનું કે મન-હૃદય દિલ એકજ મળ્યું છે. જો એ બાહ્ય



દુન્યવી બાબતો અંગે ભાવની ચંચળતા રાખવા ટેવાયેલું છે, તો એ જ મન હૃદય દિલ ધર્મની બાબતમાં શી રીતે સ્થિર ભાવ રાખી શકવાનું હતું ? એની ચંચળતાની કુટેવ થોડી જ છોડે ? ત્યારે એમ પૂછો,-

**પ્ર.**- ભલે ચંચળ હોય, પણ ધર્મમાં ક્ષણ પણ ભાવ રહે તો એ લાભમાં તો છે ને ? તો ચંચળતા છતાં એટલું ય પ્રભુસેવન થયું ને ?

ઉ.- એની બીજી બાજુ જુઓ, ક્ષણભર ધર્મનો ભાવ રહ્યા પછી, ધર્મારાધના ચાલુ છતાં ચંચળ પરિણામમાં બીજો ભાવ કયો આવવાનો ? પાપનો; તે એવો આવશે કે પેલા ધર્મના ભાવને ટપી જાય એવા કોઈ પૌદ્ગલિક પદાર્થના રસનો, એના રાગનો કે દ્વેષનો. એ શું કરશે ? ધર્મના ભાવને, ભલું હોય તો સુકાવી નાંખશે દા.ત. ચૈત્યવંદન કરતાં ક્ષણવાર ભક્તિનો ભાવ આવ્યો, પરંતુ પછી જો કોઈ પૌદ્ગલિક પદાર્થ પર લક્ષ જઈ એના વિશેષ રાગ કે દ્વેષનો ભાવ આવ્યો તો એ ભક્તિના ભાવને ખાઈ જશે. કદાચ એ પ્રબળ રાગ-દ્વેષ ધર્મારાધન પર સુસ્તી અરુચિ વગેરે ન લાવે તો સારું. તાત્પર્ય, ભાવના ચંચળતા ધર્મારાધનાને કુશકાં જેવી બનાવે છે. માટે એ ટાળવી જોઈએ. તેથી કહ્યું સેવન કારણ પહેલી ભૂમિકામાં અભય જોઈએ. અર્થાત પરિણામની ચંચળતા ન જોઈએ. હવે અભયની જેમ અદ્વેષ જોઈએ.

**(૨) દ્વેષ યાને અરોચકભાવ અરુચિભાવ** એ પણ ધર્મારાધનામાં ખતરનાક છે. ધર્મ કરે ને એના અંગ પર અરુચિ રાખે તો એ આરાધના આરાધના જ ન બને. પૂછો ધર્મ-આરાધના કરે છે તો પછી એના અંગ પર દ્વેષ અરુચિ શું કામ રાખે ?' અરુચિનું કારણ આ, (૧) દા.ત. દેવદર્શન-પૂજનનો ધર્મ આરાધવા શાસ્ત્રે કહ્યું કે એ આ પાંચ પ્રકારનો વિનય સાચવીને થાય;-

**દેવદર્શન-પૂજનના ૫ વિનય :-**

**(૧) સચિત્ત ત્યાગ,** અર્થાત્ પોતાને ઉપભોગમાં લેવાની ખાનપાનની વસ્તુ પ્રભુના દરબારમાં ન લઈ જવાય, માટે એ જો સાથે હોય તો એને બહાર મૂકી દેવી; ને પછી જ મંદિરમાં જવું. આ ત્રણ લોકના નાથ દેવાધિદેવની પાસે જવાનો વિનય છે. બીજો,

**(૨) અચિત્તગ્રહણ,** અર્થાત્ પ્રભુની પૂજામાં ઉપયોગી વસ્તુ પ્રભુની આગલ ધરવા માટે લઈ જ જવી જોઈએ. પ્રભુ પાસે ખાલી હાથે ન જવાય છેવટે પ્રભુ પૂજામાં ઉપયોગી થાય એવું કળશ ભરીને પોતાના ટાંકાનું નિર્મળ જળ, આ ગરીબ પણ લઈ જઈ શકે, અથવા એક પોતાને અગરબત્તીનો ટુકડો, આ વિનયનો બીજો પ્રકાર. ત્રીજો પ્રકારમાં,

(૩) **એકપડો ખેસ,** પોતાના અંગ પર લગાવીને દેરાસરે પ્રભુ પાસે જવાય. એથી પ્રભુ પ્રત્યે વિનયભાવ દેખાય છે. વળી એથી પ્રભુ પ્રત્યે વિનયભાવ દેખાય છે. વળી એથી મંદિરમાં ભૂમિ પર બેસતાં જીવજંતુ ન મરે એ માટે ભૂમિને પૂંજી લેવા માટે ખેસનો છેડો ઉપયોગી પણ છે, તેમજ પ્રભુની નજીક પૂજન અર્થે જતાં આપણાં નાસિકામુખ પર બાંધવા અર્થે જરૂરી છે, જેથી આપણો દુર્ગંધમય શ્વાસ પ્રભુના અંગે લાગે નહિ. આ ત્રીજા પ્રકારનો વિનય. ચોથા પ્રકારમાં,

(૪) **અંજલિબદ્ધ 'નમો જિણાણં'** અર્થાત્ મંદિરે પ્રવેશ કરતાં જ જ્યાં પ્રભુ દેખાયા કે તરત જ લલાટે હાથની અંજલિ જોડી સહેજ માથું નમાવી નમો જિણાણં બોલવું પછી ભલે મંદિરના દરવાજા બહારથી પ્રભુ દેખાયા તો ત્યાં જ અંજલિ જોડી માથું નમાવી **'નમો જિણાણં'** બોલવાનું; ને પછી મંદિરની અંદર પેસતાં 'નિસીહ' કહેવાનું. કદાચ પ્રભુ મંદિર બહારથી નથી દેખાતા, ને મંદિરમાં પેઠા પછી દેખાય છે, તો પહેલાં પેસતાં 'નિસીહિ' અને પછી પ્રભુજી દેખાતાં લલાટે અંજલિ જોડી **'નમો જિણાણં'** બોલવાનું આ પ્રભુનો વિનય છે. આ વિનય એટલો બધો જરૂરી માન્યો છે કે કદાચ મંદિરમાં જવું ન હોય, પણ મંદિર પાસેથી રસ્તે પસાર થવું હોય તો પણ મંદિર પાસે આવતાં ય પ્રભુને ઉદ્દેશીને **'નમો જિણાણં'** બોલવાનું છે. હૈયામાં પ્રભુ પ્રત્યે અત્યંત બહુમાન હોય તો બહારમાં ય આ વિનય સચવાઈ જ જાય, સાચવવો જ જોઈએ; તો પછી મંદિરમાં પેસતાં તો પૂછવાનું જ શું ? પાંચમો વિનય,

(૫) **મન-વચન-કાયાનું પ્રણિધાન,** અર્થાત આપણા મન-વચન-કાયાને પ્રભુમાં પ્રભુ-દર્શન પૂજનમાં એકાગ્ર કરવા એ પ્રભુ પ્રત્યે વિનય છે. એના બદલે એને બહારમાં રખડાવીએ તો એ અવિનય છે. મનથી બહારના વિચારો કરાય, વાણીથી બહારનું બોલાય, કાયાથી કાંઈક બીજું જ કરે, આંખ કોઈ આવ્યા ગયા પર ભટકે, એ બધો અવિનય છે.

દેરાસર દર્શને જાઓ, પૂજા કરવા જાઓ, ત્યારે આ પાંચ પ્રકારનો વિનય સાચવો ને ? **'વિણયમૂલો ધમ્મો'** વિનય એ ધર્મનું મૂળ છે. વિનય પૂર્વક જ હોય, વિના વિનય ધર્મ નહિ,'- આ ખૂબ ખ્યાલમાં રાખવા જેવું છે.

**પ્રભુનો વિનય સાચવીએ તો જ આપણો અહંભાવ ઓગળી પ્રભુની પ્રત્યે નમ્રભાવ વિનીતભાવ આવે. અહંત્વ ને આપમતિ એ સંસારની જડ છે, એને તોડનાર છે વિનય અને શ્રદ્ધા. મોક્ષાર્થીને એના વિના ચાલે જ નહિ.**

મહાવીરપ્રભુનો શિષ્ય જમાલિ મહાવૈરાગ્યવાન અને સંયમી, છતાં એકવાર અહંત્વ ને આપમતિમાં ચડ્યો તો ઉત્સૂત્રભાષી અને પ્રભુ પર આક્ષેપ કરનારો



બની સંસારમાં ડુબ્યો, ભવના ફેરા વધારી દીધા. આપણી ય જાતમાં તપાસજો કે આ કાંઈક નડતા હોય એટલે જ આત્મિક દૃષ્ટિએ પાછા પડીએ છીએ, પછાત રહીએ છીએ, ભલે બીજી આવડત-હોશિયારી અને પુણ્યાઈ હોય એટલે દુનિયામાં પંકાઈ જઈએ, માન સન્માન મળે, પણ જો દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે વિયનભાવ અને શ્રદ્ધા ને બદલે અહંત્વ અને આપમતિથી પીડાતા હોઈએ તો આત્મિક દૃષ્ટિએ આગેકૂચ નહિ પણ પીછેહઠ થાય. આત્માના કષાયો, રાગદ્વેષ માનાકાંક્ષા વગેરે પોષાતા રહે. પરિણામ શું ? એ બધાના દારુણ અંજામ ભવાંતરે ભોગવવા પડે. ત્યાં કાંઈ અહીંના માન સન્માન ને પ્રતિષ્ઠા બચાવવા ન આવે.

વિનય તો પહેલો જોઈએ. પ્રભુના વિનય દેવદર્શન પૂજન અર્થે જતાં આ પાંચ પ્રકાર બતાવ્યા. હવે આપણે આ દેવદર્શન-પૂજનનો ધર્મ કરવા જઈએ છીએ, પરંતુ જો આ પાંચ વિનય સાચવાનું પાલવતું નથી, તો ત્યાં સંભવ છે કે એના વિનયધર્મ પ્રત્યે અરોચક ભાવ આવ્યો, અરુચિ આવી. પૂછો.-

**પ્ર.-** ધર્મના એક અંગ વિનય પ્રત્યે અરુચિ થઈ એમાં ધર્મ પ્રત્યે અરુચિ ક્યાં આવી ?

**ઉ.- ધર્મના અંગ પ્રત્યે અરૂચિ એ ધર્મ પ્રત્યે જ અરૂચિ છે.**

બાપ મોટો પાટલો નાખી બાદશાહીથી જમે છે યા ઘરના નોકર પાસે રાતના આરામથી પગચંપી કરાવે છે, એ જો દીકરાને ન ગમ્યું, એના પર અરુચિ થઈ, તો એ બાપ પ્રત્યે જ અરૂચિ છે. સાધર્મિક ભક્તિનું જમણ આપવું છે, પરંતુ એના અંગરૂપ સાધર્મિકને હાથ જોડી આવકારવા ને ઠાઠથી અને બહુમાનથી જ જમાડવા, એ નથી ગમતું મનને અરુચિકર બને છે, તો ત્યાં સાધર્મિકભક્તિ અને સાધર્મિક પર જ અરુચિ રહી કહેવાય. ધર્મના અંગ પ્રત્યે અરૂચિ એ ધર્મ પ્રત્યે અરૂચિ છે.

પ્રભુચરણની સેવા એટલે કે પ્રભુએ ફરમાવેલ ધર્મની આરાધનાની ભૂમિકામાં પહેલું ભય ન જોઈએ, બીજું અરુચિ-દ્વેષ ન જોઈએ. અભય અને અદ્વેષ જરૂરી છે., ત્રીજું અખેદ જોઈએ, ખેદ ન જોઈએ.

(૩) **સેવન ભૂમિકા 'અખેદ'** અર્થાત્ પ્રભુએ ફરમાવેલ ધર્મની પ્રવૃત્તિ કરતાં થાક ન લાગે, કંટાળો ન આવે ખેદ-ઉદ્વેગ ન થાય. આ પણ બહુ જરૂરી છે. જો થાક લાગે કંટાળો આવે તો એ 'ખેદ' નામનો દોષ છે. અહીં થાક લાગે એટલે ધર્મનો અવસર આવ્યો ત્યાં મનને હોંશ ઉલ્લાસ નહિ, પણ 'ધર્મ કરવો પડે એમ છે માટે કરવાનો' એવું લાગે પૂછો,-

**પ્ર.-** ધર્મ ચાહીને કરે છે તો પછી એમાં થાક હોય ?

ઉ.- હા, દા.ત. છૂટે મોંઢે ખાવાનો બહુ રાગ હોય પરંતુ પાંચ તિથિએ તપ કરવાનું રાખ્યું હોય, એમાં તિથિ આવીને ઊભી રહી એટલે પેલા સવારથી માંડીને ખાવાના ચા-પાણી-નાસ્તા-પાણી વગેરેના બહુ ટેસને લીધે મનને એમ થાય કે આ તિથિ આવી, બોલો ભાઈ ! તપ કરવો પડશે. માટે કરો;' એ શું થયું ? પહેલેથી જ થાક નીસાસો પડે છે કે તિથિ આવી એટલે આજે સવારથી માંડીને યથેચ્છ ગમે એટલી વાર ખાવાનું ટળશે !

**પ્ર.**- તિથિએ નીસાસો પડે છે તો પછી તપ કરે છે શું કામ ?

**ઉ.- તપ તો અનેક દૃષ્ટિએ થાય,-**

એવા ધર્મી સમૂહ વચ્ચે રહ્યો હોય એટલે શરમથી દેખાદેખી તપ કરાય. અથવા,

(૨) પોતાને લાગ્યું હોય કે તપ નહિ કરું તો પુણ્ય ઊભું નહિ થાય, ને તેથી પરભવે ઓથ નહિ મળે; માટે તપ કરાય. યા

(૩) તપ કરવાથી બીજી બાજુ માન-સન્માન મળતું હોય તેથી તપ કરાય. યા

(૪) કોઈ તેવા જોરદાર ઉપદેશથી બાધા લઈ લીધી હોય કે 'મારે પાંચ તિથિ છૂટા ન રહેવું, તપ કરવો.' તો પણ તપ થાય.

(૫) તપ ન કરે તો ઘરના માણસનો યા ગુરુનો ઠપકો મળે એમ હોય; એમ ઠપકાના ભયથી તપ કરાય.

-આવા કોઈ ને કોઈ હેતુએ તપ તો ચાહીને કરે, પરંતુ પેલા ખાવાના બહુ રાગને લીધે હોંશ ન હોય, ઉલ્લાસ નહિ કે તાલાવેલી ન હોય, એટલે પહેલેથી 'તપ કરવો પડશે' તપ પ્રત્યે આ થાક છે, કાંઈક ખેદ છે.

**તપ માટેની ભાવના કેવી રાખવી ? :-**

ખરી રીતે તપધર્મ સાધવાનો આવ્યો તો હોંશ જોઈએ અહોભાગ્ય માનવું જોઈએ કે 'અહો ! ધન્ય ઘડી ! ધન્ય દિવસ ! તિથિ આવી ? ચાલો તપનો લાભ મળશે, આમ તો મારો જીવ છૂટે મોંઢે ખાવાનો રસિયો, તે ક્યાં તપ કરવાનો હતો ? એ તો ઠીક થયું જ્ઞાનીભગવંતોએ આ પર્વતિથિની યોજના મૂકી છે તેથી તપ કરવાનો લાભ મળે છે, ને એટલી આહારની સંજ્ઞા કપાય છે, ખાવાની લત અને લપ ઓછી થાય છે.' પૂછો-

**ખાવું એ લપ ક્યારે લાગે ? :-**

**પ્ર.**- શું ખાવું એ લપ છે ?

ઉ.- હા, તમને જ તમારા દુન્યવી અગત્યના લાભના પ્રસંગે એ લપ જ લાગે છે, દા.ત. દુકાન પર એકદમ સારી ઘરાકી જામી પડી હોય અને બાબો તેડવા આવે બાપુજી ! ચાલો જમવા માટે. મારી બા બોલાવે છે; તો મનને શું



લાગે છે ? આ જ કે આ ધીકતી કમાણી થઈ રહી છે ત્યાં ખાવાની લપ કયાં આવી ?' બસ, એ જ રીતે જીવનમાં ધર્મ-આરાધનાના ભરચક કાર્યક્રમ રાખ્યા હોય અને મનને એ બહુ ગમતા હોય, એમા આત્મિક લાભની ધીકતી કમાણી દેખાતી હોય, ત્યાં ખાવાની વાત આવીને ઊભી રહે એટલે મનને એમ થાય કે, 'આ ખાવાની લપ ક્યાં આવી ? તાત્પર્ય

**આરાધનાની ધીકતી કમાણીનો અતિશય આનંદ હોય તો ખાવું એ લપ લાગે.**

એમ જુઓ, અત્યંત પ્રેમપાત્ર કુટુંબી બહુ બિમાર હોઈ એની પાસે જ બેઠો રહી એના દિલને હુંફ આશ્વાસન આપતો હોય, બિમારને પણ એથી કાંઈક શાતા રહેતી હોય અને કહેતો હોય કે તમે પાસે બેસવાથી મને અડધું દરદ ઓછું લાગે છે. એથી પોતાને પણ લાગતું હોય કે 'વાહ ! આની મારા પર કેટલી બધી શ્રદ્ધા ! હવે ત્યાં જો કોઈ ખાવા બોલાવવા આવે, તો મનને એમ થાય છે કે 'અરે ! આ ખાવાની લપ ક્યાં આવી ?' બસ, એ જ રીતે પરમાત્માનું ધ્યાન-ચિંતન-સ્તોત્ર-ગુણગાન લઈને બેઠા હો., અને એમાં ભગવાન સાથે તાર જામતો દેખાતો હોય, ત્યાં જમવાનો અવસર આવતાં મનને એમ થાય કે 'વાહ ! આ કેવો સરસ તાર જામ્યો છે. એમાં વળી આ ખાવાની લપ ક્યાં આવી ?' તાત્પર્ય,

**પરમાત્માના ધ્યાન પરના અત્યંત પ્રેમમાં ખાવું એ લપ લાગે.**

**પરનો સંગ એ આત્મબિમારી છે :-**

અથવા ખાનપાન વગેરે પુદ્ગલનો સંગ ગુલામી એ આત્માની બિમારી લાગતી હોય, હૈયે એ બહુ ખટકતી હોય, એ કેમ ઘટે, કેમ ટળે,' એની ચિંતા રહ્યા કરતી હોય, એમાં જો ખાવાની વાત આવે તો એ લપ લાગે. વિચારજો આ પરનો સંગ એ આત્માની બિમારી છે. એ હૈયે એકદમ નહિ બેસે, પરંતુ બુદ્ધિ પૂર્વક વિચાર્યા કરજો કે જ્ઞાનીઓએ એને કેમ બિમારી કહી છે ?

દા.ત. તાવની બિમારી લાગી હોય, તો શું થાય છે ? શરીરને ચેન, ભોજનની રૂચી, સંસારના કામકાજ, ધંધો-કમાણી વગેરે વગેરે ઘણું ખોટું થાય છે, બગડે છે, માટે એ બિમારી છે. રોગ છે, એમ જીવને પરનો સંગ એ આત્માની દૃષ્ટિએ બિમારી છે, રોગ છે, કેમકે એથી આત્માના હિતના ઘણાં કામ બગડે છે. દા.ત.

**પર સંગની બિમારીમાં કેટલાં આત્મહિતનાં કામ બગડે ? :-**

(૧) રાતનો વેપાર રાખ્યો હોય યા (૨) એના હિસાબે માંડી દેવાનું રાખ્યું હોય યા (૩) ઘરમાં વાતોચીતો-પાનાબાજી રાખી હોય, અથવા (૪) બહાર હરવા-ફરવાનું યા (૫) મળવા-મૂકવાનું રાખ્યું હોય, તો એ બધું પરનો સંગ છે એમાં પછી પરમાત્મા-ભક્તિ, પ્રતિક્રમણ-સામાયિક સ્વાધ્યાય આત્મચિંતન વગેરે

આત્મહિતનાં કામ ખોટાં થાય છે.

એમ પૈસાના બહુ રાગથી પૈસા સારા સંગ્રહીત કરવાની તાલાવેલી રહેતી હોય એ પરનો સંગ છે, એથી પછી (૧) દાન નથી ગમતું, (૨) ધર્મકાર્યો નથી ગમતા, (૩) ભગવાનની સારાં સ્વદ્રવ્યથી ભક્તિ નથી ગમતી, (૪) સાધુસેવા સાધર્મિક ઉદ્ધાર નથી ગમતા. કદાચ ઉપાશ્રયે જવાય તો પણ સાધુથી આઘાં. વળી ત્યાં પરગામથી આવેલા સાધર્મિક તરફ આંખ મિંચામણા કરી એમને જમવાનું નોતરું નથી આપતું; યા ગામના સીદાતા સાધર્મિકને મોંઢું જ નથી અપાતું; 'રખેને વળી કાંઈક મદદ માગે તો' કહો જો, આમાં ધનની લાલસામાં ધનની અથાગ પ્રીતિમાં એટલે કે પરના સંગમાં કેટકેટલું ખોટું થયું ? આત્મહિત કેટકેટલા બગડ્યા ? માટે આ પર-સંગ એ તાવ આદિ જેવી બિમારી છે. તેથી 'ધર્મસંગ્રહ' શાસ્ત્રમાં કહ્યું છે,

**પર સંગ એ બિમારી છે, પરંતુ સત્સંગ એને કાઢવાની દવા છે.**

જીવ કેમ દુઃખી છે કર્મની વિટંબણાથી. એ વિટંબણા શાથી ? પરના સંગરૂપી રોગથી. જીવ જગતના વિષયોના સંગમાં મુંઝાયો, વિષયોનો સંગ થતાં રાગાદિ મલિન ભાવોવાળો બન્યો, વળી એ વિષયોની ખાતર હિંસા-આરંભસમારંભાદિ પાપો આચરનારો બન્યો, તેથી લખલૂટ કર્મ ઉપાર્જી એની વિટંબણાઓને આમંત્રણ આપ્યું. પછી એમાં દુઃખી જ થાય ને ? એનું મૂળ કારણ, પરનો સંગ. માટે એ લપ લાગે.

વાત આ છે, ખાનપાન એ લપ લાગે એટલે ઉપવાસ વગેરે તપ કરવાનો મળે ત્યાં હાશ થાય કે 'હાશ ! આજે આ પરના સંગની લપ ટળશે. દાન-સુકૃત કરવાનું આવે ત્યાંય આ થાય કે ચાલો આટલી પૈસાની લપ ટળશે. પછી ત્યાં દુન્યવી ફળની આકાંક્ષા નહિ રહે. જ્યાં છે એ પરના સંગની લપ ટળવામાં આનંદ છે, ત્યાં નવા પર-સંગના પાપની આકાંક્ષા શું કામ કરાય ? ધર્મ કરીને પાપ માંગવાનું મન નહિ થાય.

**ધર્મ કરીને દુન્યવી ફળ ઈચ્છવું એ પાપ ઈચ્છવા જેવું છે. ધર્મ વેચીને પાપની ખરીદી કરાય ?**

**એમ. એક બાજુ ધર્મ કરવા છતાં બીજી બાજુ યથેચ્છ પાપ કરાય એમાં પુણ્ય-પાપના મિશ્રણ સરજાય છે.**

પેલો ગંગદત્ત રોજના નિયમિત ચૈત્યવંદન-પ્રભુ ભક્તિના ધર્મથી મનુષ્યભવનું પુણ્ય લઈને આવ્યો, પરંતુ કૃપણતા-અતિધનરાગ તથા બીજાને દાનાંતરાય-લાભાંતરાય કરી કરી પાપનાં મિશ્રણ એવાં લઈ આવ્યો કે એથી અહીં ધનદત્ત તરીકે શ્રીમંતપુત્ર થવા છતાં નાનપણમાં જ એણે માતાપિતા અને ધન ગુમાવ્યું, સાવ ગરીબ બની



દુઃખદ જીવન જીવી રહ્યો છે. નજર સામે નગરમાં પુણ્યશાલી જીવો મનમાન્યાં ખાનપાન પહેરવેશ વગેરે સુખ ભોગવે છે. ત્યારે આને એ બધુ લાચારીથી જોઈ રહેવું પડે છે. કેમકે પોતાને સરખું ખાવાપીવા ય નથી મળતું, સરખાં કપડા ય પહેરવા નથી મળતાં કર્મની વિટંબણા આગળ જીવને લાચાર બની જવું પડે છે. પૂર્વ જનમમાં રાગના સંક્લેશવશ પાપો કર્યે ગયા પછી બીજે ભવ કર્મની વિટંબણા માથે ભાગે છે.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૪,અંક-૩૨,તા.૨૪-૪-૧૯૭૬**

ધનદત્ત ઉંમરમાં આવ્યો, પણ કન્યા ય કોણ આપે ? જનમતાં ધનાઢ્ય સ્થિતિ હતી, પણ અત્યારે રંક બની ગયેલો તેથી લોક એને શાનો લેખામાં લે તે કન્યા ધરે ? દુનિયાની દૃષ્ટિ ગુણ કરતાં ધન ઉપર જાય છે, ધનદત્તને હવે શરમ લાગવા માડી કે 'મને ગરીબની ય કન્યા નહિ ?' તેથી કંટાળીને એ નગર છોડી પરદેશ ઊપડ્યો. રસ્તે જંગલમાં જોગી મળ્યા તો જોગીની, બાવા મળ્યા તો એમની સેવામાં લાગી જાય છે, આશા છે કે મને આની પાસેથી કદાચ મંતર-જંતર મળશે. પરંતુ નસીબ આગળ ને આગળ રહે છે. ભાગ્યહીન છે તેથી

**'સકલ પદારથ હૈ જગમાંહી, ભાગ્યહીન નર પાવત નાંહી.'**

આ ન્યાયે મંત્ર-મંત્ર કશું મળતું નથી' એટલે યોગીસેવામાં સમય બરબાદ કરી છેવટે આગળ જાય છે. કોઈ ગામ નગર આવતાં ત્યાં નોકરી-મજૂરી કરવા લાગે છે. એમાં વળી ક્યાંક કોઈ ધંધાનો ઉદ્યોગ કરવાનો અવસર દેખાય તો તેમાં જોડાય છે. પરંતુ નસીબ બે ડગલાં આગળ, તે કશું પામતો નથી. આગળ ત્યાં નાસીપાસ થયો, તો વળી આગળ બીજે ગામ ઊપડે છે. ને ત્યાં વળી નવા નુસખા નવા હુન્નર અજમાવે છે. આમ છતાં તીવ્ર પાપકર્મનો ઉદય વર્તતો હોઈ પૈસો પામવાનો ક્યાં છે ? છતાં શું બેસી રહે ? ના, કઈ એની પૂંઠે પડે છે, તો એ ઉદ્યમની પૂંઠે લાગે છે, તે ગામ-ગામ નગર-નગર ભટકે છે; પરંતુ વર્તમાન પુરુષાર્થ કરતાં પૂર્વનાં કર્મ બળવાન, ને એને કશું પ્રાપ્ત થતું નથી.

ભલે ને પ્રાપ્તિ ન થાય પણ પુરુષાર્થ છોડવાનો નહિ, એવી જીવની મનોવૃત્તિ છે. પરંતુ પુરુષાર્થ ક્યાં દુન્યવી બાબતમાં ધર્મ સાધવાની વાત આવે ત્યાં અજ્ઞાન માણસ કર્મને આગળ કરે છે કહે છે, -મારાં કર્મ એવા છે કે ધર્મ નથી થતો.' આ અજ્ઞાનદશા કેમ ? કારણ એને સમજ નથી કે વસ્તુસ્થિતિ આ છે કે

**દુન્યવી બાબતમાં પુરુષાર્થ પ્રબળ કર્મને તોડી શકતું નથી. ત્યારે ધર્મની**

**બાબતમાં પુરુષાર્થ કર્મને તોડી શકે છે.**

દા.ત. પ્રબળ લાભાંતરાય કર્મનો ઉદય વર્તતો હોય, તે માણસ પૈસા વગેરે મેળવવા મથે ઘણું ય. છતાં એ કર્મ તૂટતું નથી, ને પૈસા મળતા નથી. પરંતુ પ્રબળ જ્ઞાનાવરણીય કર્મનો ઉદય વર્તતો હોય છતાં જો જ્ઞાન ભણવાની અને જ્ઞાનાચારો પાળવાની મહેનત કરે. તો એના જ્ઞાનાવરણ કર્મ તૂટતાં આવે છે. તે ભલે કદાચ તીવ્ર જ્ઞાનાવરણ ઉદયમાં કોઈ તત્કાલમાં જ્ઞાનપ્રાપ્તિ ન દેખાય, છતાં એ પુરુષાર્થથી જતે દહાડે નોંધપાત્ર જ્ઞાનાવરણ ક્ષય થાય એટલે જ્ઞાન ઝળકી ઊઠે છે, સારી જ્ઞાનપ્રાપ્તિ થાય છે.

**પ્ર.**- તો એમ તો નોંધપાત્ર લાભાંતરાય ક્ષય થવાથી પૈસા ન મળે ?

**ઉ.**- મળે, પરંતુ એ અંતરાય તૂટે શેનાથી ? કયાં પુરુષાર્થથી ? પાપકર્મના પુરુષાર્થથી નહિ. હા, ધર્મના પુરુષાર્થથી તૂટે, પરંતુ ધર્મનો પુરુષાર્થ કરવો છે કોને ? પૈસા મેળવવા છે તે ધંધો-ધાપો વગેરેનો કેટલોય પુરુષાર્થ કરશે, પરંતુ દયા-દાન-પ્રભુભક્તિ સાધુસેવાના પુરુષાર્થ કોને કરવા જ છે ?

જુઓ, અહીં કૃપણ ગંગદત્ત મરીને ધનદત્ત થયેલો, એણે ગામ ગામ ભટકી કર્મનો પુરુષાર્થ તો ઘણો કર્યો, પરંતુ પૂર્વભવે બીજાને દાનમાં અંતરાય અને લાભમાં અંતરાય કર્મ શેના તૂટે ? ત્યારે હવે જો ધર્મનો પુરુષાર્થ કરશે તો અંતરાય કર્મ કેવાં તૂટતા આવે છે એ દેખાશે. આમ તો એને જીવનમાં એકજ લેશ્યા અને એકજ લગન હતી કે ગમે તેમ ઓઠકોઠ કરીને પૈસા કેમ કમાઉં ? ધર્મની લેશ્યા આવે ક્યાંથી ? કાં તો કુટુંબમાં ધર્મસંસ્કાર મળ્યા હોય, અથવા કોઈ સત્સસમાગમ મળ્યો હોય, તો ધર્મની લેશ્યા આવે. ધનદત્તને બેમાંથી એકે ય મળ્યું નથી. નાની ઉંમરમાં માબાપ મરી ગયેલા. અને તે પછી પૈસા માટે મંતર જંતર ધંધો-ધાપો વગેરે શોધતા ફર્યો પણ ક્યારે ય ગુરુ સાધુપુરુષની શોધ ન કરી.

**આ દેવોને ય ચાહના કરાવે એવો ઉત્તમ આર્ય માનવ અવતાર પામીને આ જ કરવાનું ? ધંધા ધાપા પાછળ દોડાદોડ કરવાની, ગુરુ પાછળ નહિ.**

ધનદત્તને આમ તો એ સૂઝતું નહોતું. પરંતુ ભવિતવ્યતા સારી અને પુણ્યોદય જાગ્યો તે સામેથી ગુરુયોગ આવી મળે છે. એક નગરમાં એનું પેસવા જવું, ને ત્યાં જ્ઞાની સાધુ મહારાજ પધારેલા તે એમનાં દર્શન થયાં. લોકો જમા થયેલા છે, મુનિ ધર્મનો ઉપદેશ આપી રહ્યા છે, ધનદત્ત પણ ત્યાં જઈને સભામાં ગોઠવાઈ ગયો. મુનિની દેશના સાંભલે છે. મુનિ કહી રહ્યા છે,-

**મુનિનો ઉપદેશ :-**

‘ભાગ્યવાનો ! જનાવર કરતાં ઘણી ઘણી ઊંચી વિશેષતાવાળો આ માનવદેહ



અને વિવેકને બુદ્ધિશક્તિ મળ્યા પછી એનો ઉપયોગ જનાવર કરે એવી માત્ર પેટની ચિંતા કરવામાં અને મનની અર્થકામની રાક્ષસી ભૂખ સંતોષવામાં કરો નહિ. નહિતર ઊંચા માનવ ખોળિયે જનાવરના ખેલ ખેલાશે. ચિંતા તમારા પોતાના આત્માની કરો, આત્માનું હિત થાય એવા ધર્મની મોટી ભૂખ રાખો, એને સંતોષવા ધર્મના વિવિધ પુરુષાર્થ કરો. તો જ માનવદેહે માનવ જીવન જીવાશે, માનવદેહ મળ્યો સફળ થશે.

**પરભવે ઓથ અહીંના અર્થકામના પુરુષાર્થથી નથી મળતી. એ મળે છે અહીંના ધર્મપુરુષાર્થથી.**

જીવનમાં ધર્મ જ તારણહાર છે. હિતકારક છે એ જ અંતે જનમ-મરણની પરંપરાના ફાંસલામાંથી છોડાવી શાશ્વત મુક્તિપદ અપાવે છે !’

ધનદત્ત જીવનમાં આ પહેલ પહેલી વાર સાંભળીને ચોંકી ઉઠે છે,- ‘અરે આ મહાત્મા શું કહી રહ્યા છે, ને હું શું કરી રહ્યો છું.

ધનદત્ત ઊઠીને વંદન કરી ગુરુને પૂછે છે ‘ભગવંત’ પૂર્વે મેં શા એવા પાપ કર્યા હશે કે અહીં શ્રીમંતને ત્યાં મનુષ્ય અવતાર મળવા છતાં નાની ઉંમરથી જ માતાપિતા અને ધનનો વિયોગ થયો ? અને વર્ષોની જહેમત છતાં પૈસા મળતો નથી ?’

ગુરુ જ્ઞાની હતા, કહે છે ‘મહાનુભાવ ! પૂર્વે તું ગંગદત્ત નામે મનુષ્ય પૈસાપાત્ર, છતાં પૈસા પર અતિશય રાગસંક્લેશથી પીડાતો મહાકૃપણ હતો, અને તે જાતે તો ધર્મ પુરુષાર્થ કરવાનો રાખેલો નહિ, પણ ઊલટું બીજાને દાનમાં અને લાભમાં અંતરાય કરતો હતો. અને પાપે અંતરાયકર્મ બાંધીને આવ્યો. તેથી અહીં આ તારી દુર્દશા છે. પૂર્વે એટલું સારું કરેલું કે શ્રાવકમિત્રની પ્રેરણાથી એકવાર સાધુનો ઉપદેશ સાંભળ્યો, ને પછી જીવનભર મારે રોજ પરમાત્માને ચૈત્યવંદન કરવાનો નિયમ કર્યો અને પાળ્યો તેથી તું અહીં મનુષ્યઅવતાર પામ્યો બાકી.

**એકલી પાપની કાર્યવાહીનાં ફળમાં દેવ મનુષ્યની સદ્ગતિ શાની મળવાની હોય ?**

ધનદત્ત સાંભળીને ચોંકી ઊઠ્યો, એના મનને થયું ‘અરે ! પૂર્વે પાપના કરેલા પુરુષાર્થથી તો અહીં અથડાઈ ટીચાઈ રહ્યો છું તો અહીંનાં ય પાપ પુરુષાર્થથી આગળ શું સારું પામવાનો ? પૂર્વે તો વળી એટલો ય ચૈત્યવંદનધર્મ કર્યો તો અહીં માનવદેહ પામ્યો, પણ અહીં જો કશો ધર્મ પુરુષાર્થ નથી, તો આગળ મનુષ્યભવ પણ શાનો મળવાનો ?’

ગુરુને ધનદત્ત પૂછે છે ‘પ્રભુ ! મારી પાસે હાલ પૈસા તો છે નહિ, તો પછી ધર્મ શી રીતે કરું ?

ગુરુ કહે, 'જો પુણ્યશાળી ! ધર્મ એકલો દાનનો જ નથી, શીલ સદાચાર, ત્યાગ-તપસ્યા, પરમાત્મભક્તિ, સાધુસેવા, ન્યાયનીતિ વગેરે અનેક પ્રકારે ધર્મ છે. એમાંથી શક્તિ ફોરવી ને શક્ય ધર્મ આરાધી શકાય છે.' એમ કહીને ધર્મના વિવિધ પ્રકારની સમજુતી આપી કહ્યું આપણા અશુભ કર્મ બળવાન હોય તો મોટો રાજા પણ આપણા કર્મ તોડી શકતો નથી, આપણને શરણ આપી શકતો નથી, સુખી કરી શકતો નથી, ત્યારે જો જીવનમાં ધર્મનું આલંબન હોય, ધર્મની સાધના હોય, તો એ અશુભ કર્મને તોડી શકે છે, ને સુખી કરી શકે છે.

સાધુએ કેવું સરસ અંતર બતાવ્યું !

**તમે મોટા રાજા મહારાજ શેઠશાહુકારને સેવો એ તમારા અશુભકર્મને ન તોડી શકે.**

તમારા અશુભકર્મની બળવત્તાએ તમારા પર એ રીઝે જ નહિ ને ? અગર રીઝીને કાંઈક ધનમાલ પકડાવે તો ય તે ઘરે પહોંચતા પહેલાં રસ્તામાં લૂંટાઈ જાય. પરંતુ જો ધર્મને સેવો તો એ તમારા અશુભને તોડી શકે છે કર્મસેવા અને ધર્મસેવામા આ મોટું અંતર છે.

તમારા જીવનમાં તપાસી જુઓ, તમે બૈરાની, છોકરાની, છોકરીઓની ફોજની, શેઠની, અરે ! જમાઈની ને સાળાની...વગેરે કેટકેટલાની સેવા કરો છો ? અને એના પ્રમાણમાં ધર્મની સેવા કેટલી ? શું સમજીને આ ડીંડવાણું ચાલે છે ? કાં તો હાલમાં શુભનો ઉદય ચાલી રહ્યો છે, એટલે સારું સારું મળી ગયું છે, માટે જ વિવિધ ધર્મસેવાની જરૂર નથી લાગતી; અગર જો અશુભના ઉદય પ્રવર્તી રહ્યા છે તો એ આ તમારા બૈરાં-છોકરા-છોકરી-જમાઈ-સાળા વગેરે તોડી આપશે,' એ સમજમાં જ એની તન-મન-ધનથી સેવા ? અને ધર્મની સેવા નહિ ?

ધનદત્તને સદ્ગુરુના ઉપદેશથી આંખ ઊઘડી ગઈ. લાગ્યું કે અત્યારસુધી આ શેઠ શાહુકાર વગેરેની સેવામાં કાયા તોડી નાખી તે બધું ફોગટ જ કર્યું; કેવળ મૂર્ખાઈ કરી, કિંમતી જીવનસમય અને પુરુષાર્થશક્તિ વેડફી નાખી. હવે ધર્મની સેવા કરું.'

**ધનદત્તનો ભવ્ય નિયમ :-**

ધનદત્તે એમ વિચારી મુનિરાજ પાસે નિયમ કર્યો કે 'મારે દિવસ અને રાતનો પહેલો પહોર માત્ર ધર્મ જ કરવો. અને વેપાર આદિમાં અનીતિ કરવી નહિ.'

કેવું પરાક્રમ ? દિવસના પહેલા પહોરમાં એટલે સૂર્યોદય પછી લગભગ ત્રણ કલાક સુધીમાં ધર્મ જ કરવાનો, એટલે ધંધો નોકરી મજૂરી કશું જ નહિ, એમ સૂર્યાસ્ત થતાં એ બંધ જ કરી દેવાનું, ને ધર્મ સાધનામાં લાગવાનું. જો જો એ



શ્રીમંત નથી, એમ રોજની રોટી ઊભી કરવાની ચિંતાવાળો, છે, છતાં એના મનને પ્રશ્ન નથી થતો કે,

**પ્ર.**- સવારથી આજીવિકા કમાવામાં ન લાગું તો રોટી શી રીતે ઊભી થાય ?

**ઉ.**- આ પ્રશ્ન ન થવાનું કારણ ? એની નજર સામે હવે પૂર્વનાં પાપ અને અહીંના દુઃખ તરવરે છે તેથી હૈયામાં ચોક્ખો હિસાબ મંડાઈ ગયો છે કે,

**ધનદત્તની તત્ત્વ સમજ :-**

**'પૈસા ન મળવાનું દુઃખ પૂર્વના પાપના લીધે જ છે, તે અહીં પાપ કર્યે ગયે દુઃખ ન મીટે.**

તેથી પહેલા પહોરમાં ય જો પાપ જ કરું તેથી કાંઈ પૈસા ન મળે. એ તો પાપ કાંઈક ધોવાય તો જ અને પુણ્ય વધે તો જ પૈસા વગેરે સુખસગવડ મળે. ત્યારે આખો દિવસ પાપ જ કરતો રહું તો પાપ ધોનારો એટલે કે પૂર્વના અશુભ કર્મને તોડનારો ધર્મ ક્યારે કરવાનો ? તેમ પુણ્ય વધારનાર ધર્મ ક્યારે કરવાનો ? ધર્મથી જ સુખ પાપથી દુઃખ જ. માટે પહેલો પહોર તો ધર્મ જ કરવાનો. બાકી ૨ જો, ૩જો, ૪થો, પહોર આજીવિકાના વ્યવસાય માટે બસ છે તો નિમિત્તમાત્ર છે. એ કરવા છતાં પૈસા મળવાનાં તે અંતરાયનાં પાપ તૂટવા એ પર જ, અને પુણ્ય વધવા પર જ મળવાના છે. એટલે હવે તો મુખ્ય દૃષ્ટિ ધર્મ સાધવા ઉપર જ રાખું.

આ રીતની તત્ત્વના પાયા પરની વિચારસરણી હોય, ત્યાં એવો ભય શા માટે રહે કે 'પહેલા પહોરમાં ધર્મ કરવા બેસું ને ધંધો ન કરું તો મારી રોટી કમાવાની જાય તો ?' એમ સૂર્યાસ્ત પછી ધંધો ન કરું તો મારી રોટી કમાવાની જાય તો ?' એમ સૂર્યાસ્ત પછી ધંધો ન કરવામાં ય રોટીનો ભય શાનો રહે ? બોલો. તમે આ ભય ન રાખો ને ? તમારે સવારે સામાયિક દર્શન-પૂજા વ્યાખ્યાન શ્રવણનું જ કામ ને ? સૂર્યાસ્ત પછી દર્શન-પ્રતિક્રમણ-સાધુસેવા-સ્વાધ્યાયનું જ કામ ને ? જેને પેટની રોટી ઉપરાંત પટારા ભરેલા છે એને ય આજે સવારે પણ અને સૂર્યાસ્ત પછી પણ ધંધો-ધાપો કરવા જોઈએ છે એને શ્રદ્ધા ક્યાં રહી કે પૈસા મળશે તો ધર્મથી જ મળશે, પાપથી નહિ. પૂર્વના ધર્મનું પુણ્ય પહોંચતું હશે. તો સવારને બપોરે ધંધો અધિક મળીને પૈસા મળી જ રહેવાના છે,' આ શ્રદ્ધા ક્યાં રહી ? તેમ એ વિચાર પણ ક્યાં રહ્યો કે અહીં ધર્મ કરીશ તો જ આગળ સારો જવાબ મળશે, પાપ કરીશ તો નહિ' પણ તમારા મનમાં બેઠું છે કે

**પ્ર.**- થોડો ધર્મ કરતો હોય એટલે થોડો તો સારો જવાબ મળે ને ?

**ઉ.**- તો પછી આગળ પરલોકમાં થોડા જવાબથી સંતોષ છે ને ? તો પછી

અહીં કેમ થોડા પૈસાથી સંતોષ નથી મનાતો ? કેમ સવારે ને સંધ્યાકાળે ધર્મ ગુમાવીને ધન કમાવાની લાલસા રહે છે ? ખબર નથી લાગતી કે

**ધર્મના અવસરે ધર્મના બદલે ધન તરફ દોડાય છે. એમાં મન પર ધર્મ કરતાં ધનનું મહત્ત્વ જામી પડે છે,**

**જ્યાં મન પર ધર્મ કરતાં ધનનું મહત્ત્વ હોય ત્યાં થોડો પણ ધર્મ માલ વિનાનો થવાનો.**

**ધર્મ માલવાળો કરનારના દાખલા :-**

મહાન આત્માઓએ પૂર્વભવે થોડો ધર્મ કરીને ય પછીના ભવે ઉચ્ચ સ્થિતિ મેળવેલી તે તો થોડો ધર્મ માલવાળો કરીને મેળવેલી, ને એનું કારણ થોડા પણ ધર્મમાં ધર્મને ખૂબ ઊંચું મહત્ત્વ આપેલું. માટે તો એની ખાતર કેટલો બધો ભોગ આપેલો જુઓ,

(૧) શાલિભદ્રના જીવે પૂર્વભવે થોડું ને તે પણ એક જ વાર દાન કરેલું, પરંતુ એને મહત્ત્વ કેટલું બધું આપેલું કે એ દાનની ખાતર પોતાને રોઈને જીવનમાં પહેલવહેલી મેળવેલી મીઠી મીઠી ખીર ખાવાની અફાટ લાલસાને જતી કરેલ, અને દાન દીધા પછી પણ તે દાન અને ગુરુ-ઉપકારના આનંદ-અનુમોદનાનો ધર્મ સાધવામાં મનમાં બીજીવાર મળેલી ખીરનો આનંદ ને એ જ રાતના પેટમાં શૂળનું દુઃખ માતાનો પ્રેમ વગેરે કશું પેસવા દીધેલું નહિ. શું આ ઓછો ભોગ આપ્યો ? તો કહો,

**મહાન ભોગ આપીને કરેલો થોડો પણ ધર્મ માલવાળો બને છે.**

**મન પર ધર્મનું મહત્ત્વ હોય તો ધર્મ ખાતર મોટો ભોગ અપાય.**

આપણા મન પર ધર્મનું મહત્ત્વ કેવુંક છે. કે કેમ એનું માપ ધર્મ ખાતર કેવોક ભોગ આપીએ છીએ એ પરથી.

(૨) પુણિયા શ્રાવકે ધર્મ ખાતર સમૃદ્ધિ જતી કરેલી, તેથી એના સામાયિક-નું પણ ભગવાને મોટું મહત્ત્વ આંક્યું,

(૩) વિજય-વિજયાએ નિયમપાલનના ધર્મખાતર જીવનભરના ભોગસુખને તિલાંજલિ આપેલી, તેથી વિમળકેવળી ભગવાને જિનદાસ શ્રાવકને એમની ભક્તિમાં ૮૪૦૦૦ સાધુની ભક્તિનો લાભ કહ્યો.

(૪) સુદર્શન શ્રાવકે પૂર્વના નોકરના ભવમાં એક માત્ર 'નમો અરિહંતાણં'ની રટણાના ધર્મમાં કોઈ જ સમૃદ્ધિ વગેરેની લાલસા નહિ, તેમ મોટી આપત્તિમાં ય અધીરતા નહિ, એમ લાલસા અને અધિરતાનો ભોગ આપ્યો. તો એટલા થોડા પણ ધર્મ પર સાત્ત્વિક શિરોમણિ, શીલધારી, દયાળુ સુદર્શન શેઠ થયા, અને



એમને શૂળીનું સિંહાસન થયું, એટલું જ નહિ, પણ એ જ ભવમાં ચારિત્ર અને મોક્ષ મળ્યા !

(૫) રાજા કુમારપાળે પૂર્વભવે એક જ વાર થોડા જ પુષ્પોથી પૂજા કરેલી પરંતુ એની ખાતર પોતાના પાંચ કોડીના સર્વસ્વનો ભોગ આપેલો અને એ પરમાત્માની પૂજા પાછળ પોતાનાં પૂર્વ જીવનનાં પાપોનો ભારે સળગતો પશ્ચાત્તાપ હતો, તેથી એ પૂજાનું મહત્ત્વ મોટું હતું જેણે કુમારપાળને પરમાત્માના અવ્વલ ભક્ત, પોતાના ૧૮ દેશમાંથી પાપવ્યસનોને હાંકી કાઢનારા, અને ગણધરપદ નક્કી કરનાર બનાવ્યા.

બોલો, થોડો પણ ધર્મ કરવા ખાતર ભારે ભોગ આપો છો ? મન પર ધર્મનું એટલું ઊંચું મહત્ત્વ છે ? ના, નહિતર સવારે અને સંધ્યાકાળે શ્રાવકપણાના બધા ધર્મની આરાધના ન કરતા હોત ?

**ધનદત્તને ધર્મ પ્રત્યક્ષ ફળ્યો :-**

પેલા ધનદત્તે જ્યાં ગુરુ પાસે આ નિયમ કર્યો કે મારે રોજ દિવસ-રાતના પહેલા પહોરમાં ધર્મ જ કરવો, અને વેપારમાં અનીતિ કરવી નહિ, ત્યાં પાસે રહેલા એક સુખી શ્રાવકને એના તરફ આકર્ષણ થયું તે પછીથી એને નામઠામ ધંધો વગેરે પૂછે છે. ધનદત્તે પોતાની સ્થિતિ કહેતાં એ શ્રાવક એને પોતાના ઘેર લઈ ગયો, એને આશ્રય આપ્યો કહ્યું તમે તમારે અહીં રહેજો જમજો અને આપણે ત્યાં ઘરમાં જિનમંદિર છે, પોષધશાળા છે, તમારા નિયમ મુજબ ધર્મધ્યાન કરજો.' જુઓ ધર્મનો પ્રભાવ ! ધનદત્તને ધર્મ કરવાની અંતરની ભાવના થઈ તો ભાવના તત્કાળ ફળી. ધર્મની ભાવના પણ ધર્મ છે એટલે કહો, ધર્મ પ્રત્યક્ષ ફળ્યો. અલબત એ એમ નથી માનતો કે ચાલો ધર્મનું ફળ મળી ગયું કેમકે એને મન હવે ધર્મનું ઊંચું મહત્ત્વ છે, અને એટલે નિયમનો ધર્મ લીધો એમાં એટલા પાપથી છૂટ્યા એ ધર્મનું પ્રત્યક્ષ ફલ માની એનો એને પરમ આનંદ છે. એટલે કહો,

**ધર્મનું પ્રત્યક્ષ ફળ પાપથી છૂટકારો.**

જો આ માનો, તો કદી મનને નિરાશા ન થાય કે 'હું આટઆટલો ધર્મ કરું છું ને મારું દુઃખ નથી ટળતું ? મને પૈસા નથી મળતા ?'

ધનદત્ત આ માને છે, નિયમ લેવાથી દિવસ રાતના પહેલા પહોરમાં પાપથી છૂટકારો મળ્યાનો જે પરમ આનંદ છે, તેથી ધર્મના ફળરૂપે શેઠે એને આશ્રય આપ્યો, ખાનપાનની સગવડ આપી, એનો એને બહુ આનંદ નથી, પણ ધર્મની સગવડ આપ્યાનો અને પાપથી છૂટ્યાનો આનંદ છે. આ આનંદ હોય પછી ધર્મના ફળરૂપે પૈસા આદિનો લૌકિક લાભ શાનો ઇચ્છે ? એ પૂર્વભવના અનુભવથી સમજે છે કે

**બહુ પૈસા તો તીવ્ર ધનરાગ કૃપણતા ઈર્ષ્યા વગેરે પાપ કરાવે.**

એ એને પોતાના પાપિષ્ઠ પૂર્વભવના અનુભવ પરથી હૈયે સજડ વસી ગયું છે. ધર્મ કરીને આવું ધન માગવું એટલે એનો અર્થ તો એ કે, ધર્મ કરીને પાપ માગવું, પાપિષ્ઠપણું માંગવું. બોલો,

ધર્મ કરીને જે મળે એનાથી પાપષ્ઠિ બનવા ઇચ્છો છો ? કે ધર્મિષ્ઠ બનવા ઇચ્છો છો ? ધર્મથી જો બહુ ધન માગશો તો એ ધન આવીને ધર્મિષ્ઠ નહિ, પણ પાપિષ્ઠ બનાવશે.

**માત્ર દુન્યવી ફળની લાલસાએ ધર્મ કરે, એને ધર્મથી એ ફળ મળવા પર એ પાપિષ્ઠ બને છે.**

ત્રિપુષ્ઠ વાસુદેવે એવું ફળ મેળવેલું તે એના પર એવા પાપિષ્ઠ બન્યા કે ત્યાંથી એ સાતમી નરકે ગયા. ને તે પછી ય સિંહ થયા, ચોથી નરકે ગયા, અને પછી અસંખ્ય ભવ થયા.

અગ્નિશર્માએ અબજોના અબજો માસખમણો પર એના ફળમાં રાજાને ભવોભવ મારવાનું માંગ્યું તો અનંત સંસાર ઊભો કર્યો. આ પરથી જો જો ક્યારેક ધર્મ કરીને એના ફળમાં કોઈકના પર વેર વાળવાનું મન ન થાય.

'ધર્મનું ફળ પાપથી છૂટકારો હૈયે વસી જાય, પછી જુઓ ધર્મ કરવામાં રંગ કેવો આવે છે ! ધનદત્તને આ હતું તેથી નિરાશંસભાવે ધર્મ કરે છે. એમાં વળી શેઠનું ઘરમંદિર પૂજવા મળ્યું, તેથી રોજ બગીચામાં જઈ માળી સાથે જાતે ધ્યાન રાખી ચોકખાં પુષ્પ ભેગાં કરે છે. પછી લાવીને એનાથી પ્રભુની ઠાઠમાઠવાળી આંગી રચે છે. આમાં એને એટલો બધો આંનદ છે કે એ રીતે દિનપ્રતિદિન પ્રભુભક્તિ કરતાં કરતાં એના અંતરમાં શુભભાવની વૃદ્ધિ થતી ચાલે છે.

**પરમાત્માની નિઃસ્વાર્થ ભક્તિમાં આનંદ આત્માના નિર્મળ ભાવને જગાડી એમાં વૃદ્ધિ કરે છે.**

**નાગકેતુને શાથી કેવળજ્ઞાન ? :-**

ત્યારે આ જીવનમાં જો નિર્મળ ભાવ કમાવાનું મળે અને એમાં વૃદ્ધિ થતી જાય, તો એના જેવી બીજી કમાણી કઈ છે ? જેટલો પ્રભુભક્તિમાં આનંદ જોરદાર એટલો અંતરાત્મામાં નિર્મળ ભાવ જોરદાર બનતો આવે. માટે જ નાગકેતુ એવી પ્રભુભક્તિમાં રોજ ને રોજ અપૂર્વ અપૂર્વ આનંદ અનુભવતા હતા, તેથી એમના અંતરના ભાવ અધિકાધિક નિર્મળ થતા જતા હતા, જેનું ચમત્કારી પરિણામ છેલ્લી પુષ્પપૂજામાં એ આવ્યું કે એક બાજુ પુષ્પના કરંડિયામાંનો સાપ ડસતાં ઝેર પ્રસરવા લાગ્યું, ને બીજી બાજુ અતંરના પૂર્વવિકસિત નિર્મળ ભાવ હવે કૂદકે ભૂસકે વધતા



ચાલ્યા, અને અંતે ત્યાંજ એ નિર્મળભાવ વધતાં પરાકાષ્ઠાએ વીતરાગદશાના નિર્મળ-ભાવ સુધી પહોંચ્યા ! એના પર તરત કેવળજ્ઞાન પામ્યા ! રોજની પ્રભુ ભક્તિના વધતા આનંદનું આ પરિણામ કે સર્પદંશમાં મનને દુઃખ થવાને બદલે એ વખતની પ્રભુભક્તિનો આનંદ વિશેષ વધી ગયો.

પૂછો,-

**પ્ર.- દુઃખના પ્રસંગમાં ધર્મનો આનંદ વધારે કેમ ?**

ઉ.- એનું કારણ એ છે કે કેટલીકવાર ધર્મી માણસને સુખ કરતાં દુઃખમાં મનને એમ થાય છે કે 'અહો ! આવા દુઃખ વખતે એટલે કે અશુભકર્મના ઉદય વખતે હેં મને દુનિયાનો શ્રેષ્ઠ કિંમતી પદાર્થ ધર્મ મળ્યો છે ? મારો કેટલો બધો ઉચ્ચ શુભોદય ? કેવા મારા અહોભાગ્ય !' આ શું થયું ? દુઃખમાં ધર્મનો આનંદ વધી ગયો.

પાલક પાપીની ઘાણીમાં ૫૦૦ મુનિઓને પીલાવાનું આવ્યું ત્યારે, મુનિસુવ્રતસ્વામી તીર્થંકર ભગવાનની પાસે રહેતાં સંયમમાં જે આનંદ રહેતો, એના કરતાં અહીં ઘાણીમાં શરીરનો છુંદો થતી વખતે અહો આવા દુઃખમાં ય મને સંયમ ધર્મ મળ્યો છે ? મારા ભાગ્યની અવધિ નથી,' એમ એમને સંયમમાં આનંદ વધી ગયો ! તે કાયાનો લેશમાત્ર રાગ ને કાયકષ્ટનો લેશમાત્ર ઉદ્વેગ રહેવા દીધો નહિ. સંયમમાં બહુ મજા એટલે અસંયમના કારણભૂત શરીર-સુખાકારિતામાં લેશ પણ મજા નહિ, આનંદ નહિ, પછી એ સુખાકારિતા જવા પર લેશ પણ ખેદ-ઉદ્વેગ કેમ આવે છે ? ધર્મનો એવો રસ અને આનંદ શો ?

સંયમમાં આનંદ વધ્યો એટલે નિર્મળભાવ વધુ જોરદાર બન્યા એની પરાકાષ્ઠાએ વીતરાગભાવ આવે.

પેલો ધનદત્ત રોજ પ્રભુ ભક્તિમાં આનંદ વધારતો નિર્મળભાવ વધારી રહ્યો છે એનો પડઘો એના ધંધા પર પડ્યો. તે એમાં લેશમાત્ર અનીતિ ન થાય એની એને ભારે કાળજી રહેતી.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૪,અંક-૩૩,તા.૨૪-૪-૧૯૭૬**

અગર તમારા જીવનમાં હજી અનીતિ કરાતી હોય તો એ વિચાર છે ખરો કે તમારી ધર્મસાધનાનો એના પર પડઘો કેમ નથી પડતો ?' જો જો આવું કોક કારણ દેખાય છે ખરું કે ધર્મસાધનામાં પ્રબળ આનંદનો અનુભવ નથી ?

**ધર્મનો આનંદ પાપના આનંદને અને પાપના રસને ઓછો ન કરી નાખે ?**

**જિનાજ્ઞાપાલનમાં ને જિનાજ્ઞાભંગમાં સરખો રસ-આનંદ હોય ? :-**

જેવો આનંદ ભગવાન ભજવામાં, એવો જ આનંદ રંગરાગ ખેલવામાં ? જેવો રસ ધર્મ કમાવાનો હોય એવો રસ ધન કમાવાનો હોય ? જેવો આનંદ દાન-શીલ-તપ વગેરે ધર્મ આચરવામાં આવે ? જો સરખો રસ અને સરખો આનંદ હોય તો તો એનો અર્થ એ થયો કે જિનાજ્ઞાને પાળવામાં આવે છે એટલો રસ અને આનંદ જિનાજ્ઞા ભાંગવામાં આવે છે; પણ આવું હોઈ શકે છે ?

ધર્મ શા માટે કરવાનો ? ભગવાનની આજ્ઞા છે કે ધર્મ આચરો અને મારે ભગવાનની આજ્ઞા આરાધી જવી છે માટે આજ્ઞાવિહિત ધર્મ કરું આ હેતુથી જ ને ? જિનેશ્વરદેવનું મૂલ્ય સમજાયું હોય અને એમના પર અત્યંત મમતા જાગી હોય, તો તો આજ ભાવના હોય ને ? હવે જો અસત્ય-અનીતિ આદિ પાપમાં બહુ આનંદ આવે છે, ને જો પાપ કરવાનો રસ પૂરો રહે છે, તો એ તો ભગવાનની આજ્ઞા ભાંગવાનો રસ રહ્યો ને ? એ આજ્ઞા ભંગ કરવામાં આનંદ આવ્યો ને ? પરંતુ આ કેટલું બધું બેહૂદું છે ? અલબત ભગવાનની બધી આજ્ઞા પાળવાનું જોમ ન હોય એ બને, પણ જ્યાં આજ્ઞાપાલન ન બની શકતું હોય, આજ્ઞાભંગ થતો હોય, એવાં પાપકાર્યનો રસ ઉમળકો તો ન રખાય ને ? એ કાર્ય કરતાં કરીને આનંદ તો ન આવવો જોઈએ ને ?

બસ, જૂઠ-અનીતિ, વૈર-વિરોધ, રોષ-રોફ વગેરે પાપ સેવવાનો રસ અને સેવવામાં આનંદ નથી. ધર્મ તો કરાય છે, પરંતુ આ લક્ષ નથી કે હું આ ધર્મ કરું છું એ જિનાજ્ઞાપાલન છે, ને પાપો કરું એ જિનાજ્ઞા ભંગ છે, અને મને જો આજ્ઞાપાલનનો રસ હોય, આનંદ હોય, તો મારાથી આજ્ઞાભંગનો રસ ન રખાય, એમાં આનંદ ન મનાય.'

**પાપમાં આનંદ રોકવાની આ વિચારમા એ આવી છે કે**

**'મને જો જિનાજ્ઞા પાલનમાં આનંદ છે તો મારાથી પાપસેવનમાં અર્થાત્ આજ્ઞાના ભંગમાં આનંદ ન મનાય.'**

ધનદત્તને ધર્મમાં ભારે આનંદ છે, તેથી અનીતિના પાપમાં રસ નથી, તેથી વેપાર વગેરેમાં અનીતિ ન કરવાની ટેક છે. એનું અને દિવસ રાતના પહોરમાં માત્ર ધર્મ જ કરવાનું ને તે ય નિઃસ્વાર્થભાવે કરવાનું તત્કાળ ફળ એ આવ્યું કે હવે પૂર્વના લાભાંતરાય કર્મ તૂટીને એને ધંધામાં બે પૈસાનો લાભ થવા લાગ્યો. એમાં કાંઈક પગભર થયો એટલે એણે જુદું ઘર માંડ્યું અને એને ઘરવાળી પણ મળી.,

જો જો પૂર્વનાં કૃપણતાના અને દાનાંતરાય-લાભાંતરાય કરવાના પાપ જાલિમ હતાં, એવાં કે માત્ર અહીં જ જીવનભર શું પરંતુ જન્માંતરે પણ પૈસા-ટકા વગેરે



ન મળે, જીવનભરની અને ભવોભવની દરિદ્રતા-દુખિતતા લમણે લખાઈ ગઈ હોય તો પછી આને તો ભવાંતરની ક્યાં વાત, આ જનમમાં જ અંતરાય તૂટ્યો, દરિદ્રતા લાગી, ધન કમાઈ થવા લાગી. આમ શાથી ?

**પૂર્વનાં પ્રબળ પાપ કેમ તુટ્યાં ? :-**

**કહો, નિયમબદ્ધ પ્રબળ ધર્મસાધના એ એક પ્રકારનો તપ છે, અને તપથી પૂર્વનાં પાપ તૂટે.**

પૂર્વના પાપોને તોડવા છે ? કે પાપો લઈને આવ્યા જ નથી ? ભૂલા પડશો નહિ. આત્માના ખજાને દૂર દૂરનાં ય પાપ પડેલાં છે, અસંખ્ય જન્મોમાં બાંધેલા પાપકર્મ મોજુદ છે. માટે તો, પાર્શ્વનાથ ભગવાનને દસે ય ભવમાં અને સમરાદિત્યને નવે ભવમાં સુંદર જીવન છતાં દૂર પૂર્વનાં પાપ નડી ગયાં, ને દુશ્મનથી ભવે ભવે ઘેર દુઃખ આવ્યા. પોતાનાં પાપકર્મ વિના પોતાને દુઃખ આવે જ નહિ, સામો અનાડી છે એટલા માત્રથી એ આપણને આપણાં પાપકર્મના ઉદય વિના જ દુઃખી કરી શકે નહિ.

ત્યારે જો તમારા આત્મામાં અસંખ્ય જનમનાં પાપકર્મ છે, તો એને તોડવાની તાલાવેલી છે ? કે એ ભોગવીને જ પૂરાં કરશો ? પણ ધ્યાન રાખવાનું કે ભોગવીને પૂરાં કરવામાં એટલો બધો કાળ જશે કે જે કાળમાં બીજા લખલુટ પાપકર્મનો ભંડોળ ભરાઈ જશે; ને એમાં સલામતિ નથી.

**બધાં પાપ ભોગવી લેવાનું રાખવા કરતાં શક્ય પાપકર્મોને તપથી તોડી નાંખવામાં સલામતિ છે.**

તો પાપકર્મોને તોડી નાખવા છે ? તો તપ કરતા રહો. વ્યવસ્થિત નિયમ-પ્રતિજ્ઞા કરીને સારો પાપત્યાગ અને પ્રબળ ધર્મ-આરાધના કરાય એ પણ એક પ્રકારનો તપ છે. પૂછો,-

**પ્ર.-** પાપત્યાગ-ધર્મઆરાધન એ તપ શી રીતે ?

ઉ.- આ રીતે, કે એમાં બાહ્ય તપના પ્રકારોમાંથી રસત્યાગ, દ્રવ્યસંક્ષેપ, કાયકષ્ટ, અથવા મન-વચન-કાયાને પાપમાં જતા અટકાવવારૂપ સંલીનતા તપ આવે. એમ એ પ્રતિજ્ઞાપૂર્વક પાપત્યાગ અને ધર્મ સેવાય, એમાં શુભ ધ્યાન રહે, કેઈ અરિહંતાદિનો વિનય સેવાય, વૈયાવચ્ચ સેવાય...વગેરે આભ્યન્તર તપ આવે. અને,

**'કર્મ ખપાવે ચિકણાં, ભાવમંગળ તપ જાણ'.**

**તપ એ ભાવમંગળ છે, અને એ ચિકણાં કર્મો ય તોડી નાખે.**

હવે આ તપ એટલે માત્ર ઉપવાસાદિ તપ સમજતા નહિ. પહેલા કહ્યું તેમ નિયમબદ્ધ પ્રબળ ધર્મસાધના, તે પણ નિરાશંસભાવે એટલે કે દુન્યવી કશી આશા

રાખ્યા વિના જ આરાધાય, દુન્યવી કોઈ જ ફળની લાલચ વિના આરાધાય એ પણ તપ જ છે. તીર્થંકરભગવાન જેવાએ પણ એ જ રીતે પોતાનાં કર્મના જુથ તોડ્યાં છે. તો આપણને એ કર્યાં વિના ચાલે ?

**પૂર્વ પાપનાશ અને નવીન પુણ્ય સંચયના આ ઉપાયો છે.**

(૧) વાતવાતમાં નિયમ બાધા રખાય. પ્રતિજ્ઞાથી ગભરાઓ નહિ. વાતે વાતે એવા સારા નિયમ કરતા રહો,

(૨) કાંઈ ને કાંઈ પાપત્યાગ લાલસાત્યાગ કરતા ચાલો, એ અને ધર્મ અત્યંત કર્તવ્ય માનીને કરો.

(૩) પ્રભુભક્તિ વગેરે ધર્મ નિયમબદ્ધ બનીને ખુબ જોસ, ખુબ ઉલ્લાસ પૂર્વક કરતા રહો. જેથી એ વખતે કશી આહારાદિસંજ્ઞા ન નડે.

(૪) પાપત્યાગ અને ધર્મસાધનામાં ફળરૂપે દુન્યવી કશીય ચીજને લેશમાત્ર ઈચ્છા રાખશો નહિ.

યોગદષ્ટિ-સમુચ્ચય શાસ્ત્રમાં આ ઉપાય બતાવેલા છે. ધનદત્ત આ કરી રહ્યો છે, તેથી પૂર્વનાં પાપ તૂટતાં ગયાં. એટલું જ નહિ. પરંતુ ભવાંતરમાં એ બધાં પાપનાં પૂંછડા ચાલવાની પણ આપદા મિટી. પૂછો,-

**ધનદત્તને પૂર્વનાં પાપાનુબંધ કેમ તુટ્યાં ? પાપાનુબંધનાશના ૩ ઉપાય :-**

**પ્ર.-** એ શાથી ? કેમકે એણે પૂર્વભવે અત્યંત ધનરાગના સંક્લેશ, તથા બીજાને દાનાંતરાય લાભાંતરાયનાં પાપ કરેલાં તે તો રાચીમાચીને કરેલા; એટલે એનાથી જે કર્મ બંધાયેલા તે પાપના અનુબંધવાળા બંધાયેલા; તો હવે એ અનુબંધ એટલે કે બીજશક્તિના પ્રભાવે તો ભવાંતરે પાપની પરંપરા ચાલે. તો એ કેમ અટકી ?

**ઉ.-** વાત સાચી કે પાપકર્મ તો ભોગવાઈને દુઃખ દઈને રવાના થઈ જાય, નષ્ટ થઈ જાય, પછી કાંઈ ફરીથી એ દુઃખ દેવા કે પાપ કરાવવા ન આવે; પરંતુ એ કર્મની સાથે જો પાપાનુબંધ નાંખ્યો હોય, તો એ તો કર્મફળ દુઃખની સાથે પાપિષ્ઠતા-પાપબુદ્ધિ કરાવી નવાં પાપકર્મ ઊભાં કરાવે, એમ આગળ આગળના ભવે પણ પ્રથમ ભવના ઊભા કરેલા પાપાનુંબંધો પાપિષ્ઠતા-પાપબુદ્ધિ ચલાવ્યા કરે છે. છતાં અહીં ધનદત્તને હવે પછીના ભવોમાં કેમ એમ ન બન્યું ? એનું કારણ આ જ કે એણે અહીં ધનદત્તનાં ભવમાં (૧) પૂર્વનાં પાપો દુષ્કૃત્યોની ખૂબજ ગર્હા-ઘૃણા-સંતાપ-પશ્ચાત્તાપ કર્યે રાખ્યો, તથા (૩) નિયમબદ્ધ ધર્મસાધના નિરાશંભાવે અને ખૂબ મન દઈને જોરદાર કર્યે રાખી, આ બધા કારણોએ પેલા પાપાનુંબંધ જ તોડી નાખ્યા પછી પાપની પરંપરા શાની ચાલે ?

મહાવીરભગવાનને પણ આવું બનેલું. પ્રભુએ અઢારમાં ભવે ત્રિપૃષ્ઠ વાસુદેવ



તરીકે અઢળક પાપ અને જાલિમ વિષયરાગ રાચીમાચીને સેવી મહા પાપાનુબંધ ઊભા કરેલા, અને એના ફળમાં જનમ જનમ પાપિષ્ઠતા પણ ચાલેલી, તો ય બાવીસમા ભવેથી એ અટકી, છતાં પણ સત્તાવીસમાં ભવે એ ૧૮મા ભવના એક કર્મના શેષરૂપે કાનમાં ખીલા ઠોકાયા ત્યાં પાપબુદ્ધિ કેમ ન થઈ ? કેમકે ખૂબ ક્રૂરતાથી શય્યાપાલકના કાનમાં સીસાનો ધગધગતો રસ રેડાવી એ કર્મ તો પાપાનુબંધવાળુ બાંધ્યું હશે, તો એ ઉદયમાં આવતાં, સાથે પાપાનુબંધ કેમ ઉદયમાં ન આવ્યો ?

ત્યારે અહીં આ પ્રશ્નના સમાધાનમાં માનવું પડે કે મહાવીરપ્રભુના જીવે વચલા ભવોમાં ભારે દુષ્કૃતગર્હા પાપસંતાપ કરી કરીને એ પાપાનુબંધ તોડી નાખેલ ખત્મ કરેલ. તેથી માત્ર પેલું નિકાચિત અશાતાવેદનીય કર્મ ઊભું રહી ગયું, પણ એનો પાપાનુબંધ નષ્ટ થઈ ગયો, તેથી હવે એ કર્મ ઉદયમાં આવતાં ભારે અશાતા આવી પરંતુ પાપબુદ્ધિ શાની થાય ?

**પાપબુદ્ધિ કરાવનાર પાપાનુબંધ છે. પણ તીવ્ર દુઃખ નહિ.**

એમ તો દુઃખ થોડું હોય છતાં પાપાનુબંધ જોરદાર હોય તો પાપબુદ્ધિ ભારે થાય.

પ્રભુને તો એક ખીલા ઠોકાવાનું જ કર્મ નહિ કિન્તુ કેટલાય એવા અશાતાના કર્મ હતા, જેમને ઉદયે ચારિત્ર સાધનાના જીવનમાં ભારે ભારે અશાતાઓ આવેલી, પરંતુ એ બધાની સાથે પાપાનુબંધો હશે તો તે એમણે પૂર્વે સર્વપ્રકારનાં પાપ-દુષ્કૃત્યોની ગર્હાથી તીવ્ર સંતાપ-પશ્ચાત્તાપથી તોડી નાખેલા, એટલે અહીં ઉપરાપર ભારે અશાતાઓ આવી છતાં પાપબુદ્ધિ કે કષાય લેશમાત્ર ન કર્યો. મહાવીર પ્રભુને ૨૨માં ભવથી શુભ દશા ચાલુ થઈ ત્યારથી પાપની ઘૃણા, પૂર્વકૃત પાપોની ગર્હા-સંતાપ જોરદાર શરૂ થઈ ગયા એટલે તો ઉત્તમ ધર્મસાધનામાં જોડાતા ગયા, અને પાપાનુબંધોને તોડવાનું ચાલ્યું. હવે છેલ્લા ૨૭ મા ભવે શેષ અશુભ કર્મો ભોગવાતાં જાલિમ પીડા આપે પરંતુ પાપાનુબંધ નામશેષ થઈ ગયા હોવાથી લેશ પણ પાપબદ્ધિ કે કષાયભાવ શાનો થાય ?

**દુઃખમાં ભારે દ્વેષ કે સુખમાં ભારે રાગ થાય એ રાગ-દ્વેષના સંક્લેશ છે, અને એ પૂર્વના પાપાનુબંધનું ફળ છે, અને નવા પાપાનુબંધ ઊભા થાય છે.**

**સંક્લેશ-પાપાનુબંધની પરંપરા કેમ તુટે ? :-**

**પ્ર.-** સંક્લેશથી પાપાનુબંધ, પાપાનુબંધથી સંક્લેશ એમ તો એની પરંપરા જ ચાલ્યા કરે, તો તો સંસારનો અંત જ ક્યારે ?

**ઉ.-** પાપાનુબંધની પરંપરા અટકાવી શકાય; સંક્લેશ એમ તો એની પરંપરા

અટકાવી શકાય; પૂર્વકૃત દુષ્કૃતો અને રાગ દ્વેષાદિ કષાયોની તીવ્ર ગર્હા સંતાપ કર્યા કરવાથી પાપાનુબંધો તુટતા આવે છે તેથી ભાવી સ્થિતિ સુધરે છે. પુણ્યના ઉદયે સુખમાં કે પાપના ઉદયે દુઃખમાં એવા રાગ-દ્વેષના સંક્લેશ થતા નથી.

બસ, જીવનમાં ખરેખરું, એક કર્તવ્ય આ છે, શુભ અશુભ કર્મો લઈને અહીં આવ્યા છીએ એટલે એનાથી સારુ-નરસું મળ્યા કરવાનું, સુખ-દુઃખ ચાલ્યા કરવાનાં, પરંતુ આપણે, આજ સુધી સેવેલા કષાયોને રાગદ્વેષના સંક્લેશ, કરેલી હિંસાદિપાપોની બુદ્ધિ અને પ્રવૃત્તિ-પ્રવૃત્તિ એટલે હિંસા-જૂઠ આદિના બોલ વર્તાવ અને વિચારો,- એમ સેવેલી વિષયાસક્તિ અને વાણી-વિચાર-વર્તાવમાં સેવેલ વિષયસંગ તેમજ મિથ્યાત્વ-મિથ્યામતિ અને અવિરતિ, આ બધા દુષ્કૃત્યોના ભારે ગર્હા-જુગુપ્સા-સંતાપ રાખ્યા કરવાના. આ દુષ્કૃત્યો જાતે ન સેવ્યા, પણ બીજાને સેવરાવ્યા. તથા બીજા જાતે ન સેવ્યા, પણ બીજાને સેવરાવ્યા તથા બીજા સેવતાને સારા માન્યા, એ પણ દુષ્કૃતો છે. ને એની પણ ગર્હા-ઘૃણા-સંતાપ રાખ્યા કરવાના. દિલને એમ રુદન થાય કે અરેરે ! મેં કેવા કેવા આ દુષ્કૃતો સેવ્યા કે ભવચક્રમાં ભટકી રહ્યો છું ! એ મારા કેવાં ખરાબ આચરણ ! એ આચરનારો કેવો મારો અધમ આત્મા !

**દુષ્કૃતગર્હાના અગાધ અપૂર્વ લાભ :-**

આવી દુષ્કૃતગર્હા રહ્યા કરે તો

(૧) એક તો પાપાનુબંધી તૂટતા આવે,

(૨) બીજું પાપનો ભય રહ્યા કરે,

(૩) વળી પાપની ઘૃણા નવા પાપ સેવવામાં જોમ ઘટાડી નાખે.

(૪) પાપો-દુષ્કૃત્યોની ઓળખ અને પાપગર્હા તીર્થંકર ભગવાને શિખવી છે, તેથી પાપગર્હા કરતાં એ ભગવાન પર અને એમનાં વચન પર શ્રદ્ધા વધે છે, સમ્યગ્દર્શન નિર્મળ થાય છે.

જીવનમાં આ અલૌકિક સાધના છે. એમાં શ્રમ નથી. વ્રત-તપ-જપ-દાન વગેરેનાં કષ્ટ નથી, માત્ર મનથી અને પ્રભુની આગળ બોલીને આ દુષ્કૃતગર્હા સંતાપ કરવાના છે, એનો લાભ કેટલો બધો અગાધ અને અપૂર્વ ! જો દુષ્કૃતગર્હા ન થાય અને... પાપાનુબંધો ઊભા રહી જાય તો એ સુખમાં શું કે દુઃખમાં, કેવી પાપિષ્ઠતા લાવે ? કેવી પાપબુદ્ધિ જ સૂઝાડે ? કેવા કષાયો સળગાવે ? અને એના પરિણામ દુર્ગતિમાં ભ્રમણ સિવાય શું આવે ? આ પરથી સમજી શકાય એવું છે કે દુષ્કૃતગર્હાના લાભ કેવા અગાધ અને અપૂર્વ !

પેલા ધનદત્તે જ્ઞાની મુનિ પાસેથી પોતાના પૂર્વ ભવનાં જાલિમ પાપ જાણ્યાં અને એનાં અહીં ફળ અનુભવ્યાં છે, તેથી એને પાપો દુષકૃતોની ભારે ગર્હા સંતાપ



રહ્યા કરે છે. એમાં એણે પાપાનુબંધો તોડતા આવવાનું કર્યું છે. તેથી હવે એને એવી પાપલેશ્યા નહિ, એવા કુટિલ કષાયો નહિ, એવી પાપિષ્ઠતા નહિ, એટલે હવે પાપપરંપરા શાની ચાલે ? સવાલ થાય,

**પ્ર.**- તો તો શું એમ તો અભવી જેવા જીવ પણ દુષ્કૃત્યગર્હા સૂઝે જ નહિ, પછી પાપનુબંધ તૂટવાની અને સંસારસાગર તરી જવાની તે ય શી ?

**જો આપણને ખરેખર દુષ્કૃતગર્હા સૂઝે ? તો સમજવું કે આપણે બહુલકર્મી અને તીવ્ર પાપાનુબંધવાલા નથી.**

**વ્યાખ્યાન શ્રવણ જાતની ચિંતા માટે :-**

**પ્ર.**- પણ તો પછી જે બહુલકર્મી છે એનો બિચારાનો શી રીતે ઉદ્ધાર ?

ઉ.- સમય ભવિતવ્યતા પાકે ત્યારે એનો ઉદ્ધાર થાય પણ એની ચિંતા કરી દૂબલા શું કામ થાઓ ? જાતની ચિંતા કરો કે આવા રુડા આવતારમાં દુષ્કૃતગર્હા સંતાપનું જોરદાર કામ મેં કેટલું રાખ્યું છે ? એના તરફ દૃષ્ટિ જતી નથી, એની તાલાવેલી રહેતી નથી. ને ફલાણાનું શું થશે ? ઢીંકણાનું શું થશે ? એવી વ્યર્થ ચિંતાઓ કરવી છે ? વ્યાખ્યાવાન-શ્રવણ જાતની ચિંતા કરવા માટે છે, જાતને ભૂલી પર ચિંતા કરવા માટે નહિ.

ખેર, પેલા ધનદત્તને પૂર્વ પાપોની ગ્લાનિ ભારે છે. એટલે અહીં ધંધાપામાં હવે અનીતિ ખપતી નથી, એમ મોટા કર્માધાનના પાપધંધા પણ ખપતા નથી; તેમજ બીજી બાજુ દિવસ-રાતના પહેલા પહોરમાં તો પાપધંધાની વાત જ નહિ, માત્ર ધર્મસાધના જ કરવાની રાખી છે. દુષ્કૃતગર્હાનો આ કેવો સુંદર પડઘો છે.

**ધનદત્તને મહાલાભમાં માયા ખપતી નથી :-**

એક વારનો અવસર એવો બને છે કે ધનદત્ત તેલ-ગોળ-મસાલાનો થેલો લઈને બીજે ગામ ધંધા નિમિત્તે જઈ રહ્યો છે, તે જેવો આ નગર છોડીને બહાર પડ્યો, ત્યાં બહાર ગાયના વાડાનો માલિક એક ભરવાડ એક ખાડામાં કોલસા ઠાલવવાનું કરતો હતો, ત્યાં ધનદત્ત આ કોયલાને સોનૈયા રૂપે જોઈ રહ્યો છે. નીતિમાન છે ને એ ? નીતિમાન હોય એને પ્રાયઃ માયા રમવાનું મન ન થયું તેથી ધનદત્તને એવી માયા રમવાનું મન ન થયું કે લાવને મને અજાણ થઈને થોડો આગલ નીકળી જવા દે ને ? પછી આ ભરવાડ જશે એટલે પાછો વળીને આ સોનૈયા ઉપાડી ઘેર લઈ જઈશ, ના, માયા રમવી નથી.

ધનદત્ત નિખાલસતાથી ભરવાડને કહે, અરે ભલા ભાઈ ! આ તું સોનૈયા કેમ ફેંકી દે છે ?

ભરવાડ કહે બેસ બેસ, બીજા પણ મને બનાવવા આવેલા કોયલાને સોનૈયા

કહેતા હતા. એમ તું ય મને બનાવવા આમ બોલે છે ? મારા ઘરમાંથી ખોદતાં આ કોયલા નીકળેલા, એ સોનૈયા શાના ?

હજી પણ ધનદત્તને નિખાલસભાવે અને પોતાને તેવો અનીતિના પૈસાનો લોભ નહિ હોવાથી ભરવાડની દયા આવે છે એટલે એને કહે છે, ભાઈ ! મારે કાંઈ જૂઠ બોલવાને કારણ નથી મને ખરેખર આ સોનૈયા દેખાય છે. તેથી તને કહું છું કે આને ફેંકી ન દે. ભરવાડ કંટાળ્યો, ધનદત્તને કહે 'લે તારે આ કોયલા જોઈએ છે ?' લાવ, તારો માલ મને આપ, ને આ તું લઈ જા.

**૩૦,૦૦૦ સોનૈયાની કમાણી :-**

બસ, ધનદત્તે જોયું કે આનું બિચારાનું ભાગ્ય નથી, તે આના કોઈ પૂર્વજે કે બીજા કોઈએ એના ઘરમાં સોનૈયા દાટ્યા હશે, તેઆને કોયલા જ દેખાય છે વળી સમજાવ્યો સમજતો નથી. તો હવે તો એ સોદો કરવા જ ઇચ્છે છે તો તો લાવ શાહજોગ સોદો કરી લેવા દે. ધનદત્તે પોતાનો તેલ-ગોળ-મસાલાનો માલ ભરવાડને આપી દીધો અને પેલા કોયલારૂપે દેખાતા સોનૈયાનું પોટકું લઈ લીધું સોનૈયા કેટલા ! ૩૦ હજાર. એમાં ભરવાડ પાછો ખુશી થઈને ચાલ્યો કે 'ચાલો નકામા કોયલાથી આટલુ બધું મળ્યું !'

ધનદત્ત ૩૦૦૦૦ સોનૈયા લઈ ઘેર આવે છે., એને તો એવું થયું કે

**'ભાગ્યશાળીને ભૂત રળે.'**

પેલા શેઠની વાત ખબર છે ? એક શેઠે દહેરું બંધાવી અવરનવર એક યા બીજા નિમિત્તે એમાં પૂજા ભક્તિ ભાવના મહોત્સવ કરવાનું રાખેલું નિમિત્તે તો જોઈતા હોય તો મળે જ ને ? આજ મારા બાબાની વરસગાંઠ છે. 'આજ બાબાની બાની સાલગીરી છે.''આજે બહારગામથી સારા ગવૈયા આવ્યા છે,' આજે મહાન પર્વનો દિવસ છે.' આજે મહેમાનો આવ્યા છે,...આવા કાંઈ ને કાંઈ નિમિત્તને લઈને મંદિરમાં પૈસા ખરચી મંદિરમાં પૂજાઠાઠ બનાવે છે.

મનમાં ગભરાતા નહિ કે 'મોટું મંદિર તો બંધાવ્યું પછી આટલા બધા ખરચા !' હા, જેને જેની લગન. આજે પણ જુઓ, શહેર બહાર સારો બંગલો બંધાવનારા પછીથી એના પર વરસે વરસે કેટલા ખરચા કરે છે ? હવે બંગલાવાળા બન્યા માટે જ અવસરે અવસરે પાર્ટી, જલસો, રવિવાર, મીસીસની વરસાંગઠ, મેરેજદિન, વગેરે વગેરે કેટલું ઉજવવાનું ચાલે ? ત્યારે અહીં મંદિરની ભક્તિની વાત આવે ત્યાં જ મોંઢું કટાણું થાય કે કેટલા ખરચા ? આ શું સૂચવે છે ? ભવાભિનંદીપણું.

**જેને સંસારના ખરચા યોગ્ય અને જરૂરી લાગે છે, ને ધર્મના ખરચાની**



**વાતમાં મોઢું કટાણું થાય છે એ જીવ ભવાભિનંદી છે.**

પછી ભલે ને એ લોકમાં સારો દેખાવા અવસરે ધર્મનો કોઈ ખરચો કરી ય નાખે, તો ય એને ધર્મના ખરચા પ્રત્યે સૂગ હોવાથી એ ભવાભિનંદી જીવ છે ભવાભિનંદી જીવ તો બીજો કોઈ ધર્મના ખરચા કરે એના પર પેટ કૂટે છે, -હાય ! આટલા બધા ખરચા ?'

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૪,અંક-૩૪,તા.૮-૫-૧૯૭૬**

ભનાભિનંદીપણું ખતરનાક છે. એ હૈયામાં ધર્મ ફરસવા ન દે, ધર્મને પ્રિય ન થવા દે, એટલો બધો જડ પુદ્‌ગલનો, ઇન્દ્રિયોના વિષયોનો, વિષયસુખનો અને કાયા-માયાનો રાગ હોય છે. કદાચ ધર્મ ગમતો કરે તો એ એટલા માટે કે એનાથી માનપાન-પૈસાટકા વગેરે મળે, એટલે અસલ તો ધર્મની પાછળ આ વિષયો જ ગમ્યા; ધર્મ તારણહાર આત્મોદ્ધારક તરીકે ન ગમ્યો.

**રાગના સંકલેશ કેવા ભયંકર છે કે એ ધર્મને આત્મોદ્ધારક તરીકે માનવા અપનાવવા દે જ નહિ.**

એવા રાગસંકલેશ પર નભતા ભવાભિનંદીપણાને આત્મામાંથી હટાવવું હોય તો એવા વિષયરાગ મોળા પાડવા જોઈએ. એ માટે એ વિષયોને ઝેરરૂપ લેખવા જોઈએ. તો પછી ધર્મ તારણહાર તરીકે ગમતો થાય. ત્યાં પછી બીજા પ્રત્યે ઈર્ષ્યા, ને બીજાને સુકૃત આદિ ધર્મ કરવામાં અંતરાયકારી ન થવાય.

પેલો ધનદત્ત આ રીતે હવે ધર્મને જ તારણહાર માની ધર્મ સાધી રહ્યો છે એનો અહીં જ પ્રભાવ કેવો પડ્યો કે નાના મસાલાની પોટકીના બદલામાં ત્રીસ હજાર સોનૈયા મળ્યાં ! પૂર્વે ચૈત્યવંદન ધર્મ નિયમબદ્ધ આરાધી આવ્યો હતો, અને અહીં નિયમબદ્ધ દિવસ-રાતના પહેલા પહોરમાં એકમાત્ર ધર્મની આરાધના કરી રહ્યા છે, એમાં પુણ્યાઈ વધી ગઈ અને એ પુણ્યાઈ એ શુભ ભાગ્યે અહીં સહેજ વાતમાં ત્રીસ હજાર સોનૈયા દેખાડ્યા.

'ભાગ્યશાળીને ભૂત રળે' એ વાત ચાલી રહી છે. પેલો શેઠ જિનમંદિર બંધાવ્યા પછી અવરનવર એક યા બીજા નિમિત્તે સારા પૈસા ખરચી એમાં ભક્તિ સેવા ઠાઠમાઠથી કરી રહ્યો છે. પરંતુ આમાં પૈસાનો વારંવાર ખર્ચ થતો દેખી, અવરનવર છોકરા બાપને ઠપકો દેતા,

**ધર્મી પિતા અને લોભી પુત્રનો સંવાદ :-**

'આટલા ખરચા શું કામ કરો છો ? મંદિર બંધાવ્યું મોટું સુકૃત થઈ ગયું.

હવે બસ કરો....'

બાપ એમને સમજાવતા, 'તમે શું કામ મુંઝાઓ ? ભગવાનના ઉપકારે તો આ બધું પામ્યા છીએ પૈસા ય પૂર્વે પ્રભુની ભક્તિથી પુણ્યાઈ ઊભી થયેલી તેથી મળે છે. તો પ્રભુ પ્રત્યેની કૃતજ્ઞતારૂપે પ્રભુનાં ચરણે થોડું ય ન ધરીએ ?'

'પણ આ બીજા શેઠિયાએ ક્યાં આટલું બધું ખર્ચ્યુ છે ? તમને જ આ બધો લહેલાટ ગમે છે ?'

'ભાઈ ! સારું કરનાર કાંઈ બધા ન હોય ? એમ તો કોઈ માબાપની સારી રીતે સેવા બીજા પુત્રો ન બજાવતા હોય, તો શું એક લાયક પુત્રે ન બજાવવી ? 'આપણે સારું કામ કરવું હોય તો બીજા ન કરનારની સામે નહિ જોવું.'

બાપ કહે 'ભાગ્યશાળી ! સારા કામમાં ખરચીએ એથી તો પુણ્ય વધે છે; અને આ બધું આપનાર તો પુણ્ય છે ને ? આજ સુધી ખરચ્યું તોય પુણ્ય આપ્યે જાય છે ને ?'

'પણ તો પછી ભવિષ્યનો વિચાર જ નહિ કરવાનો ?'

'જૂઓ આકળા-ઉતાવળા ન થાઓ ભવિષ્યમાં પણ આ ભગવાનથી જ તરવાનું છે, તેથી ભગવાનની ભરપૂર ભક્તિ કર્યે જઈએ એ જ વ્યાજબી છે. સાંસારિક બાબતોમાં ક્યાં ઓછાં ખરચા કરીએ છીએ ? તો પ્રભુભક્તિમાં ન કરીએ ? અને ભક્તિથી પુણ્ય વધે છે એથી આગળ પર પણ મળવાનું છે. ભવિષ્યનો ય વિચાર કરવો હોય તો પુણ્યવૃદ્ધિનો જ કરવો જોઈએ.'

બાપ છોકરાઓને સમજાવે છે, પરંતુ પેલાઓને ગળે ઊતરતું નથી. એકવાર આવેશમાં આવી જઈ કહે 'શું તમારે અમારું સાંભળવું જ નથી ? ને આમ ધૂમ ખરચા કર્યે જવા છે ?'

'બાપ કહે 'પણ હું કમાઉં છું ને હું ખરચું છું એમાં તમારું શું સાંભળવાનું ? મારે મારો પરલોક ન સુધારવો ? મારે પ્રભુ કૃતજ્ઞતા ન બજાવવી ?'

છોકરા છેવટે કહે 'તે આ ઘરમાં આવું ચાલેબાલે નહિ.'

માબાપ ત્યાં જ 'આ ઘરમાં એટલે ઘર તમારું છે, મારું નહિ, એમ જ ને ? સારું લ્યો આ ઘર તમે રાખો' એમ કહી ઘર છોડી નીકળી પડે છે.

**ધર્મના ટેકિલાને ઘર છોડવું પડે તો ભલે, પણ ધર્મ છોડવાની વાત નહિ.**

સમજે છે કે બધું રાખીએ, અને ધર્મ ન રાખીએ તો ય અંતે બધું તો છૂટી જ જવાનું છે, પણ પછી ધર્મ વિના આપણું કોણ બેલી ?'

શેઠ શહેરના બીજા છેડે જઈ ઘર ભાડે રાખી રહ્યા, અને મસાલાનો થેલો ફેરવી પેટિયું કમાઈ લે છે, અને આરામથી ધર્મસાધના કરે છે. એમના મનને કોઈ



દુઃખ નથી, આ પણ પોતાના પૂર્વકર્મની લીલા સમજે છે, પણ એમાં ય ધર્મની સારી સારી સાધના થાય છે, શ્રાવકધર્મના આચારો સારા આરાધવા મળે એનો પરમ આનંદ માને છે.

**શેઠની વહારે ભૂત : એક કૃપણ સાર્થવાહ :-**

શેઠને તો મનમાં કશું દુઃખ નથી, પરંતુ ભાગ્યશાળી છે ને તે એક ભૂત-વ્યંતર દેવતાને મન દુઃખ લાગે છે કે આવા અવ્વલ કોટીના પ્રભુભક્ત અને ધર્માત્માને આ કષ્ટ શા માટે જોઈએ ?' તે એ વહારે ધાય છે, એને તૈયાર ધન લાવી આપવું છે. એમાં બન્યું છે એવું કે કોઈ એક સાર્થવાહ મહાકૃપણ, ગામ ગામ ફરતો વેપાર કરી ધૂમ પૈસા કમાય છે, પણ કોઈ દુખિયારાને એક દમડી દેવાની વાત નહિ. અરે ! નોકરો પાસેથી કામ ભારે લે, ને પગાર કસીને પરખાવે, વળી નોકરોની બિચારાની જરાક ભૂલભાલ થાય તો તડકાવી નાખે અને પગારમાંથી પૈસા કાપી લે. વળી લાગ મળે ત્યાં બીજાનું ધૂતી ય લે, માયા કપટથી કમાતાં આંચકો નહિ.

પેલા ભૂત દેવતાની આના પર નજર પડી, ને જોયું કે આની પાસે એક હીરા-માણેક-મોતીનો થેલો ભેગો કરેલો છે, પણ એનો એને માત્ર રાખી મૂક્યો સિવાય બીજો ઉપયોગ નથી. ત્યારે રાખી મૂકવા તરીકે તો આ ઝવેરાતનો થેલો હોય કે પેલા શેઠનો મસાલાનો થેલો હોય, બધું સરખું જ છે. ઊલટું જો આ થેલો શેઠ પાસે જશે તો એનો સદુપયોગ થશે.

**રાખી જ મૂકવા હોય તો પૈસા રાખો કે કાંકરા રાખી મૂકો બે બરાબર છે.**

બસ, દેવતાએ આમ વિચારી રાતના સાર્થવાહને એના પડાવમાં ઊંઘતો રાખી શેઠના મસાલાના થેલાને લાવી અહીં મૂકી દઈ એનો ઝવેરાતનો થેલો શેઠને ત્યાં મૂકી દીધો. સાર્થવાહ સવારે જાગી સાર્થ લઈને ઊપડી ગયો બીજે શહેર, હવે એ પોક નહિ મૂકે ? મૂકશે, પણ ક્યારે ? જ્યારે એને થેલો તપાસવાનું થશે ત્યારે ને ? ત્યાંસુધી તો, બંને થેલાના બાહ્ય દેદાર સરખા મેલાઘેલા, તે સાર્થવાહ ભ્રમમાં જ રહે છે કે મારો ઝવેરાતનો થેલો સલામત છે; ને આનંદિત રહે છે. જીવની કેવી દશા છે ? જીવને સુખ-આનંદ શામાં ? ઝવેરાતમાં ? કે પોતાની માન્યતામાં ? જો કહો કે, 'ઝવેરાતમાં સુખ,' તો હમણાં તો સાર્થવાહ પાસે ઝવેરાત નથી, છતાં કેમ સુખ માની રહ્યો છે ? કહો, સુખ ઝવેરાતમાં નહિ પણ પોતાની ઝવેરાતની મમતામાં લાગે છે. જે દિ' મમતા ભંગાશે ત્યાં દુઃખ લાગશે.

**નથુભાઈને પોતાના મથુરે માર ખાધો છતાં દુઃખ નહિ :-**

નથુભાઈના દિકરા મથુરભાઈને પરગામ ક્યાંક માર પડ્યો, પણ નથુભાઈ

પાસે વાત એવી આવી કે લલ્લુભાઈના દીકરા મથુરને કોઈએ માર્યો. ત્યાં નથુભાઈને કાંઈ બહુ દુઃખ નહિ લાગે. કદાચ ઊલટું એમ લાગશે કે 'એ મથુરે કાંક આડુંઅવળું કર્યું હશે, પછી માર ખાય જ ને ? બોલો પોતાના મથુરને માર પડ્યો છે છતાં નથુભાઈને દુઃખ ? ના, પણ જ્યાં પછીથી નથુભાઈને એવા સમાચાર મળ્યા કે એ તો પોતાના જ મથુરભાઈએ માર ખાધો, ત્યાં ઝટ દુઃખ લાગશે,- 'હાય ! મારા મથુરને બિચારાને માર પડ્યો ?'

સુખ-દુઃખ શાના પર ? કહો, ખાલી વસ્તુ પર નહિ, કિન્તુ પોતાની માનેલી વસ્તુ અંગે સુખ-દુઃખ લાગે છે.

**દુન્યવી સુખ-દુઃખ લાગવાનું વસ્તુ ઉપર નહિ. વસ્તુ પર લગાવેલ મમત્ત્વ ઉપર નભે છે.**

**મમતાથી જ ધર્મ ચૂકાય છે :-**

પેલા સાર્થવાહને મમતાની લાગણી છે કે 'મારી પાસે ઝવેરાતનો થેલો છે,' તેથી ખરેખર તો હવે મસાલાનો થેલો જ પાસે છે છતાં સુખ માને છે., જે દિવસે તપાસશે અને લાગશે કે 'આ તો મસાલાનો થેલો; હાય ! ત્યારે મારો ઝવેરાતનો થેલો ગયો ?' ત્યાં એને દુઃખ લાગશે ને પોક મૂકશે.

જીવ આમ મમતામાં જ મરે છે, દુઃખી થાય છે, અને મમતાને લીધે જ મમતાની વસ્તુથી ધર્મ સાધી લેવાનું ચૂકે છે. શરીર પર મમતા છે, માટે જ એનાથી તપસ્યા કે વ્રતનિયમ સાધી લેવાનું મન નથી થતું. ભય છે 'દૂબળું પડી જાય તો ? એના રંગરાગ ગુમાવાય તો ?' પછી ભલે કર્મ ડંડો ઠોકી શરીરને માંદુ પાડી દે તો ત્યાં દૂબળું પડે એનો વાંધો નહિ, મંદવાડમાં રંગરાગ ગુમાવાય એની હરકત નહિ ! ધર્મ કરવામાં જ એ વાંધા-હરકત ! મમતા ધર્મ ચૂકાવે છે.

સાર્થવાહ તો હજી ભ્રમણામાં ગામ-ગામ ચાલ્યો જાય છે, પણ અહીં શેઠ બીજે દિવસે જ પરોઢથી મધ્યાહ્ન સુધી ધર્મસાધનાઓ કરી ભોજન કરીને જ્યાં હવે થેલો સંભાળે છે, થેલો લઈ ફેરીએ જવું છે, તે થેલામાં મસાલાની ચીજવસ્તુ લેવા મૂકવા થેલો ખોલે છે ત્યાં તો એમાં ઝગમગ-હીરાના હાર, રત્નના પડિકાં, મોતીના સેરો, નીલમ માણેક મોતી ભરેલા બોક્સો,... આ બધું જોઈ સ્તબ્ધ બની જાય છે ! મનને દુઃખ પણ થાય છે કે આ બિચારા કોઈનો માલ અહીં ક્યાંથી ?'

શ્રાવિકાને પૂછે, 'આ જરા આમ આવો જો, આ થેલો આપણો ક્યાં બદલાયો ? તમે કોઈની સાથે બદલો કરેલો ?'

શ્રાવિકા કહે 'ના, હું તો કાંઈ જાણતી જ નથી. શું થયું ?'

'જુઓ આ થેલો.' એમ કહી શેઠે પત્નીને ઝવેરાતનો થેલો બતાવ્યો. પછી



કહે આ કાંઈ આપણો માલ નહિ તેથી કેમ રખાય ? રાજાને જઈને સુપરત કરી દઈએ.'

**શ્રાવિકા માડીના જાયાનું દૈવત :-**

**શ્રાવકપણાને ધન્ય છે કે લાખોનું ઝવેરાત જોઈને ય મન લલચાતું નથી ?**

એ પણ ભારે ગરીબીમાં અને મફતમાં મળે છે તો ય ! શ્રાવિકા માડીના જાયામાં કોઈ દૈવત હોય કે નહિ ? ક્ષત્રિયાણી માડીના જાયામાં કોઈ દૈવત હોય કે નહિ ? લડાઈથી ગભરાય નહિ લડાઈમાં શત્રુને પીઠ ન દેખાડે, ભલે મોત આવતું હોય. શરણે આવેલાનું પ્રાણના ભોગે રક્ષણ કરે... આવી આવી ક્ષત્રિયાણી માડીના જાયાની વિશેષતા હોય છે એમ શ્રાવિકા માડીના જાયાની વિશેષતા હોય ને ?

શ્રાવિકાપુત્રની આ વિશેષતા, આ દૈવત, કે

(૧) સંસારના મોટાં સુખને પણ અસાર માને.

(૨) તેથી એની ખાતર અનીતિ-વિશ્વાસઘાત-માયા નિર્દયતા વગેરે પાપ ન સેવે.

(૩) ભગવાન જિનેશ્વરદેવની આજ્ઞાને સર્વેસર્વા સત્ય માને, હિતકર માને.

(૪) ધર્મ પહેલો, સંસાર પછી, એમ જીવનમાં ધર્મની જ મુખ્યતા રાખે.

(૫) એટલે જ ચાલે ત્યાં સુધી શ્રાવકપણાનાં આચારો બરાબર પાળે.

(૬) આચારભંગ કરી પૈસાનો લાભ થતો હોય એની લાલચમાં ન સપડાય.

(૭) એને મન શ્રાવકધર્મનું પાલન કરોડોની કિંમતનું, ને એ મૂકીને મળતા રૂપિયા એ કોડીની કિંમતના

(૮) હૈયે એ ભાર હોય કે હું શ્રાવિકા માડીનો જાયો; એનું મહાગૌરવ હોય, તો એ દૈવત સ્ફુર્યા વિના ન રહે. આજે સુખી જૈનોમાં વેપારના નામે રાત્રિ-ભોજન કેમ ચાલે છે ? મન પર આ ભાર નથી કે હું શ્રાવિકા માડીનો જાયો, શું મારામાં લક્ષ્મીનું આવું લાલચુડાપણું હોય કે શ્રાવકના મહાન આચાર રાત્રિભોજન ત્યાગ ખીંટીએ મૂકાવે.

**સૂર્યાસ્ત થઈ ગયા પછી શ્રાવકને મોંમાં ખાનપાન શાના પેસે ?**

પણ શ્રાવિકામાતાનાં પુત્રપણાનું હૈયે ગૌરવ નથી.

બસ, અકાર્યથી બચવું હોય, સારો ગુણ પકડી રાખવો હોય, તો આ એક ઉપાય છે કે હૈયા પર આ ભાર રખાય કે હું કોણ ? હું શ્રાવિકામાડીનો જાયો.'

પેલા શેઠ શ્રાવિકાને કહે છે 'આ ઝવેરાત કાંઈ આપણું નથી, આપણી મહેનતનું નથી. આપણાથી આ રખાય નહિ, રાજાને જઈને સોંપી દઈએ.' પરંતુ એ જ વખતે પેલા ભૂતે અદૃશ્ય વાણી કરી. 'રહેવા દો, એવું કાંઈ કરવા જશો

તો ચોરીનો આરોપ પડશે; ધર્મ નિંદાશે. આ તમારું જ છે, તમારે જ રાખવાનું છે. આથી શાસન પ્રભાવનાનાં સારાં કામ કરો. ખબરદાર જો કાંઈ બહાર બીજૂં બોલ્યા તો ! આનો માલિક અભાગિયો દૂર દેશમાં છે. હવે તમે માલિક, ગરબડ કરશો નહિ.'

દૈવી ધમકી; શેઠ અવસર પામી ગયા; ને પહેલા કરતાં મોટા શ્રીમંત બની પૂર જોશમાં શાસન-પ્રભાવનાનાં સુકૃત કરવા લાગ્યા.

**ધર્મદત્તને કેમ ભાગ્ય વધતું ? :-**

શું આ ? આ ભાગ્યશાળીને ભૂત રળે. એમ પેલા ધનદત્તને દિવસ-રાતમાં પહેલાં પહોરમાં માત્ર શુદ્ધ ધર્મરાગથી ધર્મ જ કરવાની ટેક છે, અને વેપારમાં અનીતિ-કપટ વગેરે આડુઅવળું કરવાનું ખપતું નથી, તેથી ભાગ્ય વધતું ચાલ્યું છે, એટલે સહેજ વાતમાં ત્રીસ હજાર સોનૈયા મળ્યા ! એટલું જ નહિ, પછી એના પર મોટો ધંધો ચાલ્યો ને ચમકતા ભાગ્યે અઢળક ધન વધતું ચાલ્યું.

આ ધનદત્ત શ્રાવકને ધન વધે છે એમ ધર્મ વધે છે. પહેલું તો ધર્મની શ્રદ્ધા વધતી ચાલી છે કે 'અહો ! ધર્મનો આ સાક્ષાત્ પ્રભાવ ? ત્યારે પરલોકમાં તો કેટલું બધું હિત કરે ?' આમ શ્રદ્ધા વધે છે એટલે ધર્મસાધનામાં જોમ વધે છે, અને તેનું વળી વિશેષ ફળ નીપજતું દેખાય છે, એથી વળી ધર્મશ્રદ્ધા વધે છે, જૂઓ એટલી ધનદત્તના હૃદયની નિર્મળતા છે કે એને ધર્મ કરવામાં પૈસા મેળવવાનો મલિન આશય મલિન વૃત્તિ નથી. તેથી જ ધર્મના ભાવ ને ધર્મની શ્રદ્ધા ઉચ્ચ કોટીના છે.

**ધર્મથી દુન્યવી સુખ આંચકી લેવાની વૃત્તિ હોય તો ધર્મશ્રદ્ધા-ધર્મપ્રીતિ ઓછી, ને દુન્યવી સુખ-પ્રીતિ વધારે, એથી ધર્મમાં હૈયું ન ભળે, હૈયું ધર્મમાં એકરંગ એકતાને ન બને.**

**આપણી ધર્મસાધના મુડદાલ કેમ ?**

કારણ, ધર્મ કરતાં બીજું વધારે ગમે છે. માન-પાન પસંદ છે, સારા દેખાવાની હોંશ છે, સારા સારા દુન્યવી પદાર્થ ગમે છે.

**જ્યાં જડના પ્રેમ હૈયે વ્યાપી ગયા હોય, ત્યાં ધર્મને રહેવા જગા નહિ.**

કહે છે ને કે હૈયો ભૈયો બે ન સચવાય. મિલકતના ભાગ વહેંચી લેવા બેઠા, ત્યાં જો ભાઈનું મન સાચવવું હોય તો પોતાનું હૈયું મિલકતની સારી વસ્તુથી રાજી કરવાનું પડતું મૂકવું પડે; ને જો પોતાના હૈયાને રાજી રાજી કરવું છે, તો ભાઈના રાજીપાની પરવા નહિ રહે બસ, એવું જ અહીં છે. ધર્મ સાધ્યાનો રાજીપો રાખવો છે, તો જડ પૈસા-માનપાન મળવાના રાજીપા ન રખાય. ને એ જો રહે, તો ધર્મનો



શુદ્ધ પ્રેમ નહિ રહે; પછી ધર્મમાં હૈયું એકરંગ-એકતાન શી રીતે બની શકે ?

**ધર્મના એકરંગ-એકતાન વિના કરાતો ધર્મ મુડદાલ રહેવાનો.**

**ધર્મ પાવરફુલ સાધવો છે ? તો હૈયે ધર્મની જોરદાર માયા લગાડો.**

**ધર્મની જોરદાર માયા લગાડવી છે ? તો દુન્યવી વસ્તુની માયા-મમતા-રાગ-આકર્ષણ મોળા પાડી નાખો.**

**ધર્મની માયા લગાડવા શું શું વિચારવું ? :-**

આ માટે મનને સમજાવી દેવું જોઈએ,-

(૧) દુન્યવી વસ્તુ, ધન-માલ કે માન-સન્માન તો નાશવંત છે, મરીને મૂકવાના જ છે; એની મમતા ખાતર પરલોકમાં સાથે ચાલે એવા ધર્મની મમતા શું કામ ખોઉં ? હવે તો મારે અવિનાશી ધર્મની જ માયા ખપે.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૪,અંક-૩૫,તા.૧૫-૫-૧૯૭૬**

(૨) વળી દુન્યવી વસ્તુના જોરદાર રાગ તો જીવે અનંતીવાર કર્યા, શુદ્ધ ધર્મનો રાગ એકવાર પણ એવો નથી કર્યો, તેથી તો જીવ અનંતા ભવો કરતો આવ્યો છે, ૮૪ લાખના યોનિચક્કરમાં અનંતીવાર ભટકતો રહ્યો છે, હવે શા માટે એ લત ઊભી રાખવી ? હવે તો મારે ભવોદ્ધારક ધર્મની જ માયા ખપે.

(૩) વળી, સાંસારિક વસ્તુની રાગદશા રાખવામાં ગમાર સંસારી જીવો કીડા-મંકોડા-પશુ-પંખી વગેરેનાં અનુકરણ થાય છે, ત્યારે ધર્મનો રાગ ધર્મની માયા મમતા કરવામાં તીર્થંકર ભગવાન અને અન્ય મહાન આત્માઓનાં અનુકરણ થાય છે ને એમાં જ જીવની શોભા ગણાય, તેથી મહાન આત્માઓના ચીલે ચીલે ચલાવનાર અને શોભા અપાવનાર ધર્મનો જ રાગ ધર્મની જ મમતા રાખું.

(૪) વળી દુન્યવી વસ્તુની માયા-મમતા-રાગ રાખવામાં એની પાછળ હૈયામાં કેટલાક મલિન ભાવ, કષાયો અશુભ વિચારો અને દુર્ધ્યાન કરવા પડે છે, તેથી હૈયું કલુષિત અપવિત્ર રહે છે; જ્યારે ધર્મની માયા લગાડી હોય, તો એની પાછળ હૈયામાં વૈરાગ્ય, ક્ષમા, સમતા, ઉદારતા, પ્રભુભક્તિ, અને મૈત્રી-કરુણા વગેરે શુભ ભાવો રમતા રહે છે. તેથી હૈયું નિર્મળ પવિત્ર બને છે તો પછી પવિત્ર ભાવોને જગાવનાર પોષનાર ધર્મની જ માયા કાં ન લગાડું ?

(૫) ત્યારે એ પણ હકીકત છે કે આ સંસારમાં અત્યારસુધી પાપી ભાવો અને પાપોમાં રક્ત રહી અપાર દુઃખ જોયા, અને પ્રભુની ન તો ઓળખ થઈ કે ન એમના તરફ દૃષ્ટિ ગઈ માટે હવે એથી થાક્યો છું, કંટાળ્યો છું, તેથી હવે તો

પ્રભુની ઓળખ કરવા પ્રભુને જ દૃષ્ટિમાં રાખવા અને સમસ્ત સંસાર દુઃખોનો અંત લાવવા ધર્મની જ માયા લગાડું, ધર્મનો જ રંગ રાખું અને શક્ય એટલી ધર્મની જ સાધના કરું.

જો મનને આવી આવી સમજુતી કરાય, તો પાપજીવન પર ઘૃણા ઊભી થાય, અને ધર્મજીવનની રુચી, જાગે, પાપોની ગ્લાનિ આવે, અને ધર્મની માયા મમતા જાગે. સારાંશ,

**પાપ અને પાપસાધનોની ઘૃણાવાળો ધર્મનો રાગ ધર્મની સાચી માયા લગાડે.**

ધનદત્તને આ હતું પૂર્વભવનું પાપમય જીવન સાંભળ્યું છે એના પર અત્યંત નફરત થઈ છે, તેથી હવે જે ધર્મપ્રીત ઊભી થઈ છે એ પાપની નફરતવાળી ઊભી થઈ છે તેથી જ હવે ધર્મની માયા જોરદાર લાગી છે. પછી આ ધર્મથી મને સારા પૈસા મળ્યે જાઓ' એવું હૃદયના કોઈ ખુણામાં નથી. સમજે છે કે પૈસા શી ચીજ છે, પૈસા પાપ કરાવનારી ચીજ છે. પહેલું તો એના પર મહારાગનું જ પાપ થાય. પછી બીજાં પાપની પલટન ઊતરી પડે છે આવાં પાપ કરાવનારી લક્ષ્મી જ શું ધર્મ વેચીને ખરીદવી ? ધનદત્તને ધર્મની માયા પૈસાની ખાતર નહિ, પણ આત્માને પાપોથી બચાવવા માટે લાગી છે. 'જેટલો સમય ધર્મ આરાધના કરું, એટલો સમય પાપથી બચાય, અને જે જે ધર્મની સાધના કરું તે તે એના પ્રતિપક્ષી પાપને તોડે, માટે તે તે ધર્મ સાધું,' આ ઉમદા ઉદ્દેશ છે.

**ધર્મનો ઉમદા ઉદ્દેશ આ, કે એટલો સમય પાપથી બચાય. અને એના પ્રતિપક્ષી પાપ તૂટે, પાપની માયા તૂટે.**

**કયા કયા ધર્મથી કયા કયા પાપ છૂટે ? :-**

જુઓ, ઊઘાડો હિસાબ છે, -દા.ત.પરમાત્માની પૂજા-ભક્તિના ધર્મમાં જોડાય, તો (૧) એટલો સમય સંસારના આરંભ-સમારંભાદિનાં અને વિષયવિલાસનાં પાપથી બચવાના. વળી (૨) એ પૂજાભક્તિમાં જે સુંદર ધનત્યાગ-ધનવિનિયોગનો ધર્મ થશે, એથી પ્રતિપક્ષી ધનની માયાનું પાપ તૂટશે, તેમ કહો,-

**પ્ર.**- પૂજાભક્તિમાં પૈસા તો ખરચાય, પણ ધનની માયા ન છૂટે તો ?

**ઉ.**- તો પછી પૈસા શું વિચારીને ખરચાય ? મનને એ જ થવું જોઈએ કે 'વાહ ! આ ભગવાન મારી નાશવંત લક્ષ્મીને લેખે લગાડવા, કેવું શ્રેષ્ઠ પાત્ર મળ્યા ! મારા પૈસા આમ તો હિંસાદિ પાપ અને વિષયવિલાસનાં પાપ સેવવામાં જાત, તે અહીં ઠેકાણે પડે છે !' આ જો વિચાર હોય તો તો એમાં જેમ પાપ ઉપર તેમ પાપમાં જતા પૈસા ઉપર પણ નફરત જાગી તેથી પાપની માયા અને પૈસાની માયા એટલી તૂટી. આ વિચાર શુદ્ધ આશયનો છે. આમાં પૂજા ભક્તિમાં કોઈ



મલિન આશય નથી; ઊલટું એથી ધન અને પાપની માયાને ધક્કો લાગે છે.

**ઘોર તપમાં આનંદ શાથી ? :-**

એમ, ઉપવાસનો ધર્મ કર્યો, તો ત્યાં (૧) એ દિવસે ખાવાના પાપથી બચ્યા, અને (૨) 'ચાલો, આજે સહેજે ખાનપાન કરતાં જે રાગાદિ પાપ પોષાય, એનાથી બચી જવાશે.' એવા નિર્મળ વિચાર પર ખાનપાનની ને રસવિષયની માયા એટલા અંશે તૂટશે.

મહાન આત્માઓ ઘોર તપસ્યા પણ આનંદપૂર્વક કેવી રીતે ધપાવ્યે ગયા હશે ? શું સમજીને ? આવું જ કાંઈક કે 'આ તપથી (૧) એક તો એટલા ભોજનનાં પાપથી બચાય છે, ને બીજું (૨) ભોજનથી અને રસસેવનથી જે રાગ પોષાય, રસ અને ભોજનની માયા પોષાતા, એ પોષાય અટકે; એમ એ રાગનાં એ માયા મમતાનાં બંધન તૂટતાં આવે છે.'

આવા તપસ્વીને પછીથી કદાચ તીવ્ર રોગની કે તીવ્ર ભુખની પીડા-અશાતા ઊભી થાય અને તપ બંધ પડે, તો ય ભોજન-પ્રવૃત્તિમાં સંતાપનો પાર નહિ. કારણ, તપ કરી કરી એની માયા તોડી નાખી છે, ને હવે તપના અભાવે એની ગુલામી કરવી પડે છે. તો એમાં શાનો જરાય હોંશ હોય ? ખેદ જ ન હોય. જે શેઠે નોકરને વગર કારણે નોકરીમાંથી હટાવી દીધો હોય, રખડતો કરી દીધો હોય, પછી ક્યારેક એ શેઠ કશુંક એને કામ બતાવે, તો નોકરને હવે શેઠની માયા રહી નથી કે 'આ મારા સારા શેઠ' નથી એ કામ કરી આપવામાં કશી હોંશ ન હોય શરમથી કરી આપવું પડે એટલે કરી આવે, પણ મનમાં ખેદ સાથે.

એમ, મહાત્માઓએ તપ કરી કરી આહારપાપની માયા તોડી નાખી હોય છે, તેથી ગાઢ કારણે તપ મૂકી આહાર લેવાનું કરવું પડતું હોય એમાં હોંશ નહિ, ઉદ્વેગ હોય.

**શુદ્ધ ધર્મસાધના આ કામ કરે છે, પ્રતિપક્ષી પાપની માયા તોડી નાખે છે.**

**આત્મપરીક્ષા :-**

આના પરથી આપણી કોઈ પણ ધર્મસાધના શુદ્ધ થઈ રહી છે કે કેમ ખરેખરી એના પર માયા-મમતા જાગી છે કે કેમ, એ તપાસી શકાય. એ માટે આ જોવાનું કે એની સામેના પાપની માયા તૂટી છે ? પાપ સેવવું પડે એમાં ગુલામી લાગે છે ? હોંશ નહિ, ખિન્નતા છે ? આપણો આત્મા પાપમાંથી ખરેખર ધર્મ તરફ વળ્યો છે, એવી આત્મ-પરીક્ષા આત્માના ઢાળ પરથી કરી શકાય. એનો ઢાળ કોની માયા તરફ છે ? ધર્મની માયા તરફ કે પાપની માયા તરફ ?

ધર્મ સાધનાના પ્રકાર ઘણા, દાનની સાધના, દયાની સાધના, શીલવ્રત-

નિયમની સાધના, તપસ્યાની સાધના, ત્યાગની સાધના, પ્રભુભક્તિની, સાધુસેવાની, જ્ઞાનની, દર્શનની, ચારિત્રની પરાર્થ-પરોપકારની, ગુરુજન સેવાની,.....એવી એવી કેઈ સાધનાઓ ધર્મની છે. એ દરેકની સામે તે તે પાપ છે, એ એની માયા તોડતા ચાલવાનું છે. પરાર્થ બીજાની સેવાની સાધના કરો ત્યારે સ્વાર્થની માયા તૂટતી રહેવી જોઈએ. મીઠાઈ ત્યાગની સાધના કરતા હો ત્યાં મીઠાઈના રસની માયા તૂટતી રહેવી જોઈએ. શીલવ્રતની સામે વિષયોની માયા તૂટે, રહેવી જોઈએ. એટલે કે એનાં આકર્ષણ-મહત્ત્વ, મન પરથી ભૂંસતા જાય.

**પાપની માયા તૂટે એનું નામ કે મન પરથી એનું આકર્ષણ-મહત્ત્વ ભૂંસાય.**
**પાપોનું મહત્ત્વ ઊડે એટલે પછી પાપો પ્રત્યે મન દીન-ગરીબડું ન રહે.**

પરિગ્રહ પરિમાણનો જેણે ધર્મ આરાધવા માંડ્યો એ શું પછીથી અધિક પરિગ્રહવાળાને દેખી દીન બને ખરો કે આ ભાગ્યશાળી પુણ્યશાળી સારા પૈસાવાળા આપણે એવા ભાગ્યશાળી નહિ ?' ના જરાય નહિ. એને મન અધિક પરિગ્રહ અધિક લક્ષ્મીની મહત્તા જ નહિ, કશું જ આકર્ષણ નહિ. અલ્પ પરિગ્રહમાં પોતે ગરીબડો ન થાય; પણ મસ્તી અનુભવે,-

**'કેવો સરસ મારી પાસે મહાપરિગ્રહ ત્યાગનો ધર્મ !'**

બોલો, આવી મસ્તી આવા અનહદ આનંદનો અનુભવ થાય છે ? શેઠિયાઓને જોઈને કે એમની મહાસંપત્તિ સાંભળીને આ વિચાર આવે છે ? પુણિયા શ્રાવકમાં આ મસ્તી હતી તેથી રાજા શ્રેણિક ઘરે આવ્યા, તો પુણિયો અંજાઈ ન ગયો, ગરીબડો ન બન્યો એને ગિલગિલિયાં ન થયાં. મન પરથી એણે મહાપરિગ્રહનું મહત્ત્વ જ ઉરાડી દીધું છે, એને મહા પાપ સમજી એના ત્યાગમાં અનહદ આનંદ અનુભવે છે. તેથી શ્રેણિક એના એક સામાયિકના બદલામાં અખૂટ સંપત્તિ આપવા કહે છે, છતાં પુણિયાને એની લેશ પણ લલચામણ નથી. ત્યારે સમજો કે એવાં બીજાં પાપત્યાગના અપાર આનંદ હોય તો ધર્મ દિલમાં પરિણામે.

**ધર્મ અંતરમાં પરિણમાવવો હોય તો આવા મહાપરિગ્રહત્યાગ વગેરે પાપત્યાગની મસ્તી અથાગ આનંદ અનુભવો.**

પેલા ધનદત્તને અલબત હવે પરિગ્રહ વધ્યો છે. પરંતુ તો પણ પાપો તરફ અંતરમાં ઘૃણા છે. એટલે આ અધિક પરિગ્રહમાં એને અધિક આનંદ નથી, તેથી એના અંતરમાં ધર્મ પરિણમે છે, દિલ પાપ-પરિણતિવાળું બન્યું છે, ત્યારે આ ધર્મપરિણતિનો હવે પ્રભાવ જુઓ કે કેવો પડે છે !

**પવિત્ર ધનદત્ત પર પણ આરોપ ? :-**

એક વાર બન્યું એવું કે ધનદત્ત પોતાના એક શેઠ સુમિત્રને ત્યાં ગયેલો, ત્યાં



રત્ન હાર શેઠે બહાર કાઢી મૂકેલો, પછી ત્યાંથી ધનદત્ત કામ પત્યે ઘરે આવતાં પેલો હાર ગુમ થયો, ને શેઠને વહેમ પડ્યો કે અહીં ધનદત્ત સિવાય કોઈ આવ્યું નથી, તો હાર એના વિના બીજું કોણ લઈ ગયું હોય ? તેથી મોટો સંભવ છે કે ધનદત્ત જ ઉઠાવી ગયો હોય. શેઠ ધનદત્તને બોલાવીને એ જ વાત કહી હાર આપી દેવા કહે છે. ત્યારે ધનદત્ત નિખાલસભાવે કહે છે કે મેં હાર લીધો ય નથી, ને એ ક્યાં ગયો તે ય હું કાંઈ જ જાણતો નથી.

શેઠ કહે તો પછી મારે રાજદરબારે તમારી સામે ફરિયાદ કરવી પડશે.'

ધનદત્ત કહે, પરંતુ મારી પાસે તમારો હાર હોય જ નહિ, તો હું ક્યાંથી લાવી આપું ?'

શેઠે આ કાંઈ માન્યું નહિ, ને એણે રાજા પાસે ફરિયાદ રજુ કરી કે ધનદત્ત મારો હાર લઈ ગયો છે, આપતો નથી, તો આપ મને એની પાસેથી અપાવો. રાજાએ ધનદત્તને બોલાવ્યો.

જુઓ, ધનદત્ત કેટલો બધો પવિત્ર માણસ છે ! વેપારમાં પણ એને એક પૈસાની ય અનીતિ ખપતી નથી, એ શું હાર ચોરે ? છતાં એના જેવા પવિત્ર માણસ પર પણ આરોપ ચડ્યો.

હેં ? પવિત્ર માણસ પર પણ ખોટો આરોપ ચડે ?

**કર્મની હિસાબી વાત :-**

અહીં કર્મની હિસાબી વાત અને વિચિત્રતા સમજવા જેવી અને ખૂબ ધ્યાનમાં રાખવા જેવી છે. અહીં આપણે સારું જીવન જીવતા હોઈએ અને સારાં આચાર સાથે સારાં સુકૃત આચરતા હોઈએ, પરંતુ એનાથી ઊભા થતાં શુભ પુણ્યકર્મ હજી અપકવ છે ત્યારે પૂર્વ ભવોમાં ઉપાર્જેલા સારા નરસાં કર્મ ક્રમશઃ પાકતા આવતા હોય છે. તેથી વર્તમાન અપકવ કર્મનું ફળ અહીં જોવા ન મળે, અને પૂર્વનાં પાકેલાં કર્મનું ફળ અહીં ભોગવવાનો અવસર આવે. વ્યાજે ક્રમસર મૂકેલી રકમમાં એમ જ બને છે ને કે પૂર્વે મૂકેલી પાકતાં એનું વ્યાજ હમણાં મળે છે. હમણાં મૂકેલીનું વ્યાજ પછી આવે. માટે અહીં આપણે સારા છતાં પૂર્વના અશુભકર્મ પાકવાના લીધે અપયશ મળે, આળ આરોપ ચડે, એમાં કર્મની હિસાબી વાતના લીધે સહજભાવ માની શોક ઉદ્વેગ ન કરાય.

વ્યવહારમાં શું બને છે ? ભૂતકાળમાં આપણે આપણા અસદ્‌વાણી વ્યવહારથી કોઈને દુશ્મન બનાવ્યો હોય, પછી આપણે સદ્‌ગુરુયોગથી સુધર્યા અને હવે બધા સાથે સદ્‌વાણી-વ્યવહાર રાખીએ છીએ, તો પણ પેલો દુશ્મન બનેલો અવસરે આપણને સંભળાવી જાય છે, આપણો અપયશ કરે છે, તો ત્યાં આપણને અજુગતું

નથી લાગતું. મનને એમ થાય છે કે ભલે વર્તમાનમાં હું ગમે તેટલો સારો પરંતુ ભૂતકાળમાં ઊંધા વેતરણ કર્યા તેથી આ અનિષ્ટ આવે એમાં નવાઈ નથી.' બસ, જીવનમાં કર્મફળ અંગે આ જ હિસાબ રાખવાનો છે; અને એથી મનને ઉકળાટ નથી થતો, પરંતુ શાંતિ સમાધિ રહે છે. અહીં પ્રશ્ન થાય.-

**પ્ર.**- આપણા માટે તો આ હિસાબ રાખી શાંતિ પકડીએ, પરંતુ કોઈ સારા ધર્માત્મા પર ખોટો આરોપ ચડે એ જોઈ આપણને વ્યાકુળતા ન થાય ? આરોપ મૂકનાર ઉપર દ્વેષ-ઉકળાટ ન થાય ?

**ઉ.**- એ કરીને શું કરવાનું ? આપણને કે ધર્માત્માને એથી શો લાભ ? અલબત આપણું ચાલ્યું હોય તો ખોટો આરોપ ચડાવનાર યા મહાન આત્માની નિંદા કરનારને આપણે સમજાવી પાપથી પાછા વાળીએ, પરંતુ એ શક્ય ન હોય ત્યાં મનમાં ને મનમાં કે બીજાની આગળ દ્વેષ ઊભરાવીએ એથી શો ફાયદો ? કર્યો કર્મક્ષયનો કે પુણ્યનો લાભ થાય ? માટે વિચારવાનું આ, કે જો સારો આત્મા પણ પોતાના પૂર્વકૃત કર્મથી આરોપ-અપયશનો ભોગ બને છે, તો મારે આમાંથી એ ધડો લેવાનો કે, -

(૧) એક તો આ જોતાં કર્મની કેવી અકાટ્ય હિસાબી વાત દેખાય છે ! તો મારે પણ એવાં કર્મ સમજી રાખી અત્યારથી સમાધિ કેળવવી, ને અશુભ કર્મ ક્ષયનો માર્ગ પકડવો. એ માર્ગ એટલે બાર પ્રકારના તપની આરાધના. તેમજ મારે એવા પાકેલાં કોક કર્મનો ઉદય ચડી આવે ત્યારે કર્મની હિસાબી વાત સમજી નવાઈ ન માનવી. મોટાઓને જાલિમ કર્મ નડ્યા છે તો હું કોણ માત્ર ? એમ કરી સમતાભાવ કેળવવો.

(૨) મહાન આત્મા પર ધર્માત્મા પર આરોપ અપયશ જોઈ બીજું આ વિચારવાનું કે 'અહો ! આવા આરોપ-અપયશમાં ય આમણે સમતા-સમાધિ કેટલી સુંદર જાળવી ! સીતાજી બહુ સારા સતી છતાં એમના પર અપયશ અને જંગલમાં હકાલપટ્ટી જેવા જુલ્મ વરસ્યા, તો ય એમણે ધૈર્ય ન ગુમાવ્યું, બલ્કે સંસાર પર વૈરાગ્ય અને ભગવાન પર ભક્તિ વધારી.

**કિંમતી ચિત્તરત્ન અપયશ-હકાલપટ્ટીના આર્તધ્યાન કરવા જતાં વેડફાઈ જાત અને આત્માને કર્મથી ભારે કરત, એના બદલે એને વૈરાગ્ય અને પરમાત્મભક્તિમાં કામે લગાડી દીધું, પાપી વિચાર ભક્તિમાં કામે લગાડી દીધું, પાપી વિચાર પડતા મૂકી શુભ વિચાર કરવામાં જોડ્યું.**

વાત આ છે કે (૧) બીજા સારા માણસ પર આરોપ-અપયશ આવે, ને આપણે તે ટાળી શકતા નથી ત્યાં એમની સમતાની અનુમોદના સાતે કર્મની શિરજોરીનો



વિચાર રહે; અને (૨) આપણા પર આરોપ-અપયશ આવે ત્યાં આપણાં પૂર્વકર્મની હિસાબી વાત જોઈ આરોપ મૂકનાર પર કે અપયશ ગાનાર પર દ્વેષ ન કરતાં દયા ચિંતવીએ, તેમજ વર્તમાન આપણા ધર્મમાં ન્યૂનતા ન માનીએ કે 'આટલો ધર્મ હું કરું છું ને એ મને બચાવ નથી આપતો ?' ધર્મના પ્રભાવમાં ઓછપ નહિ માનવાની. ધર્મ તો પ્રભાવવંતો જ છે, એનો પ્રભાવ ચોક્ખો આ છે કે ધર્મના લીધે જ અહીં આપણી દૃષ્ટિ પૂર્વકર્મ પર જાય છે, પણ આપણો અપયશ ગાનાર પર નથી જતી. આ પ્રભાવ કમ છે ? વળી ધર્મનો આગળ પ્રભાવ મહાન દેખાવાનો છે, માત્ર, અહીં જુના દેવાં ઊભા ન રહી જાય તે ચૂકતે કરવાના. એટલે આ અપયશમાં દેવું ચુકવવાનું આવ્યું. આરોપ-અપયશગાન કરનાર બિચારો પાપ બાંધી ભાવી મહાદુઃખને નોંતરે છે એની તો ભારોભાર દયા ચિંતવવાની એક પ્રશ્ન ઉઠે,-

**પ્ર.**- તો શું આરોપ-અપયશથી ધર્મ નિંદાતો હોય તો તે ટાળવા કશું નહિ કરવાનું ?

**ઉ.**- આપણી શક્તિ પહોંચતી હોય તો ધર્મ ઉપાય અજમાવવાનો. મયણાસુંદરીએ એટલા જ માટે ગુરુવચનથી સમજીને ધર્મ ઉપાય તરીકે નવપદની આરાધના માંડી. સુદર્શનશેઠ પરના અભયારાણીએ ચડાવેલ આરોપ અને લોકમાં થતા અપયશને ટાળવા એમની પત્ની મનોરમાએ શાસનદેવતાનો કાયોત્સર્ગ માંડ્યો, અને મનોરમાનું ધર્મ તેજ કેવું કે દેવતાએ તરત જવાબ આપ્યો.

**મનોરમાનું ધર્મ તેજ :-**

કાયોત્સર્ગ ક્યારે માંડ્યો છે ? સુદર્શન શેઠને શૂળીએ ચડાવવા રાજમંદિરેથી સિપાઈઓ લઈ નીકળ્યા, લોકમાં નિંદા થવા લાગી, મનોરમાને ખબર પડી, તે પછી એણે કાયોત્સર્ગ માંડ્યો, અને જવાબ ક્યારે મળ્યો ? દિવસ બે દિવસ પછી નહિ, સુદર્શનશેઠને નગર બહાર ઊંચી ઊભી કરેલી શૂળી પાસે લઈ જાય એટલામાં જ દેવતા હાજર થાય છે પૂછે છે

'કેમ મને યાદ કરી ?'

મનોરમા કહે છે 'આ જોતા નથી ? મારા પતિ વિશુદ્ધ શીલ-સદાચારવ્રતવાળા, એમના પર ગમે તે પ્રપંચ કરી રાણીવાસમાં ઘૂસી ગયાનો આરોપ ચડાવવામાં આવ્યો છે, અને હવે શૂળીએ ચડાવવાના છે. લોકમાં જૈન ધર્મ અને શેઠ નિંદાય છે.'

મનોરમાને ખાતરી કેવી કે 'મારા પતિમાં લેશ-માત્ર કુશીલનું કલંક હોય નહિ ?' આજે કેટલી પત્ની પતિ માટે આ ખાતરી ધરાવી શકે ? દેવતાને તરત કહેવું પડ્યું 'કાંઈ ચિંતા ન કરશો બધું સારું અને શાસનનો જયજયકાર થશે.'

બસ, દેવતા છે ને ? શૂળીનું સિંહાસન કર્યું, એના પર શેઠ એમની બે બાજુ ચામર, ને માથે છત્ર ધર્યું અને આકાશવાણીથી રાણીનો પ્રપંચ જાહેર કર્યો. રાજા દોડતો આવ્યો, શેઠના પગે પડી ગયો, ક્ષમા માગે અને સિપાઈઓ પાસેથી રાતના રાણીએ કરાવેલ પ્રપંચ જાણવા મળ્યો. રાણીને દેશવટો દીધો. નગર આખામાં શેઠની સુશીલતાનો અને જૈન ધર્મનો યશ ગવાવા માંડ્યો શાસનનો જયજયકાર થઈ ગયો.

નિર્મળ ધર્મસાધનાનો કેટલો પ્રભાવ !

અહીં ધનદત્તના પણ ધર્મ તેજનો પ્રભાવ પડે છે. એના પર સુમિત્ર શેઠ તરફથી રત્નહાર ચોર્યાનો આરોપ ચડ્યો છે. રાજદરબારે રાજાએ ધનદત્તને બોલાવી હાર આપી દેવા તાકીદ આપી, ત્યારે ધનદત્ત પોતે જે જિનપ્રતિમાની પૂજા કરતો હતો એના અધિષ્ઠાયક દેવતાને રક્ષણ માટે યાદ કરી કાયોત્સર્ગ માંડ્યો, જે જિનબિંબની ભક્તિ કરે છે, એના પર વિશ્વાસ કેટલો બધો કે 'એના અધિષ્ઠાયક દેવતા હોય જ, ને એ જિનબિંબભક્તિનાં કષ્ટ નિવારે જ.'

પૂર્વભવે ગંગદત્તનાં કેવા પાપ ! અતિશય ધનરાગ એક પૈસાનું સુકૃત નહિ. બીજાઓને પણ દાનમાં ઊંધી ચડવણી ! આવા પાપવાળાને અહીં બીજા જ જનમમાં પાકી ધર્મનિષ્ઠા, ધર્મશ્રદ્ધા નિયમબદ્ધ આ બધું મળ્યું ? કહો, પૂર્વભવે શ્રાવક સ્નેહીના પ્રયત્નથી ગુરુસમાગમ મળ્યો, ધર્મોપદેશ મળ્યો, પાપનો કંઈક ભય જાગ્યો, ધર્મની રુચિ થઈ, અને રોજ પરમાત્માની ચૈત્યવંદનથી ભક્તિ કરવાનો નિયમ લઈ જીવનભર પાળ્યો. પરિણામ ?

**જિનભક્તિ અને નિયમનો ગજબ પ્રભાવ :-**

**અઢળક પાપોની વચ્ચે નિયમબદ્ધ કરેલી જિનભક્તિએ ગંગદત્તને આર્ય માનવભવ, જૈનધર્મ પ્રાપ્તિ અને નિયમબદ્ધ ધર્મસાધના તથા ધર્મનો નિષ્કામ અને મુખ્ય રાગ વગેરે સુધી પહોંચાડ્યો.**

આ હિસાબે જિનભક્તિ અને એના નિયમનો પ્રભાવ જોવા જેવો છે, મનમાં ઠસાવવા જેવો છે. બોલો, જીવનમાં કોઈક એકાદ પણ જિનભક્તિના પ્રકારનો તો ચુસ્ત નિયમ ચુસ્ત પ્રતિજ્ઞા રાખી છે ને ? કે બાધા-નિયમથી ગભરામણ છે ? કેમ ગભરામણ ? કહેશો,-

**પ્ર.**- નિયમ ભાંગે તો પાપ લાગે ને ?

ઉ.- **નિયમ લેવામાં ભંગના પાપની ગભરામણ છે ? સ્વેચ્છાચાર પર નિયમથી કાપ પડે એની ગભરામણ છે ?**

નિયમ ન હોય તો તો ધર્મ 'ફાવે ત્યારે કરીએ, ને ન ફાવે ત્યારે ન કરીએ તો ચાલે, આ છુટાપણું આ સ્વેચ્છાચાર રાખવો છે. માટે નિયમ નથી લેવાનો ?



નિયમ હોય તો ક્યારેક પ્રમાદથી ધર્મ ચૂકાય, એની ગભરામણ છે ?

'સંસારના થોકબંધ કામ નિયમસર કરાય, પણ વીતરાગ ભગવાન જેવા દેવાધિદેવ મળ્યા અને થોડા પણ ધર્મનો નિયમ ન રાખું તો એવા મોટા પ્રભુ મળ્યાની બેકદર થાય.' એની ગભરામણ છે ? નિયમ ન હોય, સ્વેચ્છાચાર હોય, 'ફાવે ત્યારે ધર્મ કરવાનો, ન ફાવે ત્યારે નહિ,' એમાં ક્યારેક ધર્મની બેકદર બેપરવાહ થાય એની ગભરામણ છે ? જોજો

**ધર્મ-સેવનની અપેક્ષાએ ધર્મની ભારોભાર પરવા-ગરજની મોટી કિંમત છે.**

**પ્ર.**- એમ તો ધર્મની પરવાહ રાખે, ધર્મની ગરજ રાખે, અને ધર્મ ન આચરે, તો એ ચાલે એ ઊંચો ?

ઉ.- અહીં ભૂલ્યા,

જો હૈયામાં ધર્મની ખરેખરી ગરજ છે, પરવા છે, તો એ ધર્મ આચર્યા વિના આરાધ્યા વિના રહે ? પૈસા કમાવાની ગરજ હોય છે તો કાંઈ પણ નોકરી ધંધો કર્યા વિના રહે છે ? આરોગ્યની પરવાહ છે તો બિમારીમાં દવા-ઉપચાર કર્યા વિના રહે છે ? પત્નીનું મન પત્નીનો પ્રેમ સાચવવાની પરવાની પરવા ગરજ-તમન્ના છે તો માણસ એની ખાતર શું શું નથી કરતો ? એમ ધર્મની પરવા હોય તો ધર્મ આરાધ્યા વિના રહી ન શકે. અને કદાચ ન આરાધી શકે તો ક્યારે ન આરાધે ? કોઈ એવી ભારે અગવડ હોય, અશક્તિ હોય, ત્યારે જ ધર્મ ન આરાધી શકે. પરંતુ ત્યાંય ધર્મ ન આરાધી શકવાની બળતરા કેટલી બધી હોય ?

**ધર્મની પરવા ગરજ એ હૃદયનો ઉચ્ચ પરિણામ છે.**

**નિયમથી-પ્રતિજ્ઞાથી આ ધર્મ-પરવા-ધર્મ ગરજ ઊભી થાય છે.**

**ધર્મ પ્રત્યે ઉપેક્ષાભાવ-અપેક્ષાભાવનાં લક્ષણ :-**

દા.ત. નિયમ લીધો કે 'મારે અરિહંતની આરાધના નિમિત્તે રોજ ૧૨ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો જ,' તો પછી આની પરવા ઊભી થવાની,- ગમે તે થાઓ પરંતુ મારે સૂતા પહેલાં આ આરાધના તો કરવાની જ.' ત્યારે થોડા પણ ધર્મની આરાધનાની પરવા ઊભી થાય એ કેવો સુંદર કેવો ઉત્તમ આત્મ-પરિણામ છે ! નિયમ ન હોય એને આ પરવા આ ટેક ક્યાંથી હોય ? પછી ભલે ને એ ફાવે ત્યારે બાર નહિ બાવીસ લોગસ્સનો ય કાઉસ્સગ્ગ કરતો હોય, છતાં જો નિયમ નથી, ટેક નથી, તે એટલા માટે કે કદાચ કાઉસ્સગ્ગ ન પણ થાય તો ચાલે,' આવો હૃદયનો ભાવ સૂચવે છે ? ધર્મની તેવી પરવાહ નહિ, એવી ગરજ નહિ. કહો, એમાં ધર્મ પ્રત્યે એક આ પ્રકારની ઉપેક્ષા થવા સંભવિત છે, કે ધર્મ કરીએ ય ખરા, અને ધર્મ ન થાય તો ય ચાલે,' આમાં પછી ધર્મ ન થતાં બળતરા

ય નહિ રહે ! આમ, ધર્મ ન કરવાનું ચલાવી લેવાની વૃત્તિ અને ધર્મ ન કર્યામાં બળતરાય નહિ એ ધર્મની પ્રત્યે ઉપેક્ષાભાવ છે. ધર્મ પ્રત્યે ઉપેક્ષાભાવ નહિ પણ અપેક્ષા ભાવ હોય તો મન કહે કે 'ધર્મ વિના ચાલે જ નહિ,' ને ધર્મ ન કરાય ત્યાં મન બળ્યા કરે.

આજે કેટલાક છોકરા એવા હોય છે ને કે જે બહારગામ વસતાં એમ માને છે કે 'માબાપને પૈસા મોકલીએ ય ખરા, અને ન મોકલીએ તો ચાલે, માબાપની સેવા કરીએ ય ખરા અને ન કરીએ તો ય ચાલે,'- આ શું છે ? માબાપ પ્રત્યે બિનગરજ બેપરવા નથી ? અવસરે ઉપેક્ષાભાવ નથી ? પત્ની માટે એ આવું રાખે ખરા ? ના, ત્યાં તો હૈયામાં એની ગરજ બેઠી છે, પરવા છે, ઉપેક્ષાભાવ નથી. હા, કોઈ પરસ્ત્રીમાં આસક્ત બન્યો હોય, તો પત્ની પ્રત્યે પણ આ ઉપેક્ષા કરશે કે પત્નીને ક્યારેક પૈસા ન આપીએ તો ચાલે, ઉપપત્નીને તો આપવા જ જોઈએ.' આ શું છે ? પત્ની પ્રત્યે બેપરવા ઉપેક્ષાભાવ, ને ઉપપત્નીની ગરજ, 'ન કરીએ તો ચાલે' એવી વૃત્તિ ઉપેક્ષાભાવની છે ધર્મનો નિયમ ન હોય એટલે તો ક્યારેક ધર્મ ન કરીએ તો ચાલે' આવું અંદરખાને બેઠુ હોય છે. તેથી જ નિયમ નથી લેવાતો. એમાં જેવો પત્નીઘેલાને માબાપ પ્રત્યે ઓરમાયોભાવ, જેવો ઉપપત્ની-લંપટને પત્ની પ્રત્યે ઓરમાયો ભાવ, એવો નિયમથી ગભરાનારને ધર્મની પ્રત્યે ઓરમાયો ભાવ રહે છે.

તો બોલો, નિયમ ન લેવામાં નિયમભંગના પાપનો ભય તો રાખ્યો પણ સાથે ધર્મ પ્રત્યે આ બેપરવા ઉપેક્ષાભાવ ઓરમાયોભાવ રહે એનો ભય છે ખરો ? અવસરે ધર્મ પ્રત્યે ઉપેક્ષાભાવ એ હૃદય અધમ પરિણામ છે. એથી ભવાંતરે ધર્મ મળવાનું નક્કી થતું નથી. એ તો.

**ભવાંતરે ધર્મ સુલભ શી રીતે બને ? :-**

**અહીં ધર્મની પાકી ગરજ રાખી હોય એને ભવાંતરે સુલભ થાય.**

**નિયમ કરવાથી ધર્મની પાકી ગરજ પરવા ઊભી થાય છે. નિયમ ભવાંતરે ધર્મ સુલભ કરી આપે છે.**

ધનદત્તે પૂર્વ ભવે થોડા પણ ચૈત્યવંદન ધર્મનો નિયમ કરેલો, અને નિયમબદ્ધ એ ધર્મ આરાધેલો, તેથી અહીં એને ધર્મ સુલભ થયો. એમાં વળી અહીં પણ દિવસ-રાતના પહેલા પહેલા પહોરમાં ધર્મ જ કરવાનો નિયમ રાખી પાળેલો તેથી ધર્મની ગરજ પરવા વધી ગઈ ધર્મની માયા વધી ગઈ, ધર્મનું તેજ વધી ગયું, એનો આ પ્રભાવ પડ્યો કે એણે ધર્મની નિંદા અટકાવવા તથા પોતાની ઉપરના અસત્ આરોપથી મુક્તિ મેળવવાના હેતુએ જ્યાં જિનબિંબના અધિષ્ઠાયક દેવતા નિમિત્તે



કાયોત્સર્ગ માંડ્યો, ત્યાં જ દેવતાએ ગેબી સહાય કરી, ને આરોપ મૂકનાર સુમિત્ર શેઠની ઓટીમાંથી હાર નીચે સરી પડ્યો તેથી રાજસભામાં સન્નાટો વ્યાપી ગયો !

રાજા અને બીજાઓ આ જોઈ સ્તબ્ધ થઈ ગયા, સુમિત્ર શેઠને રાજા પૂછે 'આ શું ? હાર પાસે રાખીને ખોટો આરોપ ચડાવાનો ?'

સુમિત્ર કહે 'સાહેબ ! આ કેમ બન્યું એ હું જાણતો નથી, બાકી મારો હાર ગુમ જ થયેલો, અને અહીં આવ્યો ત્યારે મારી ઓટીમાં હાર હતો જ નહિ. બાકી ધનદત્ત તો મારો સ્નેહી છે, એના પર આરોપ ચડાઉં ?

રાજા કહે, 'એ ગમે તેમ, પણ ધનદત્ત ધર્માત્માના ધર્મે તમને હાર અપાવી દીધો !'

રાજસભામાં અને નગરમાં ધનદત્તની અને જૈન ધર્મની વાહ વાહ પ્રસરી ગઈ.

**આ પ્રસંગમાંથી સાર શો શો ખેંચવો ? :-**

**(૧) લક્ષ્મીના અતિરાગમાં ન તણાઓ :-**

ત્યારે હાર પહેલાં ગુમ અને પછી અજબ રીતે પ્રગટ થવા પાછળ શો ભેદ હતો એ આગળ સમજાશે, પરંતુ આ પ્રસંગમાં કેટકેટલું શીખવા મળે છે. એક તો લક્ષ્મી શું કામ કરે છે ! સુમિત્રને ધનદત્ત એક સારો સ્નેહી પણ ધનદત્ત પર શંકા ગઈ, ધનદત્ત એક પ્રામાણિક માણસ છે એવી ખ્યાતી પણ અનેકવારના ધનદત્તના તેવા વ્યવહાર પરથી થઈ ગઈ હશે છતાં સુમિત્રને મન 'હાય ! મારો હાર ગયો ? બસ, ધનદત્ત ગમે તેવો પ્રામાણિક અને ધર્માત્મા કહેવાતો હશે, માટે એના પર જ શંકા જાય છે.' આમ માત્ર શંકા કરીને ય બેસી ન રહ્યો, પણ રાજસભામાં જઈ જાહેર રીતે એના પર આરોપ પણ ચડાવ્યો. મૂળ કારણ, લક્ષ્મીનો અનહદ રાગ.

**રાગ-સંક્લેશ એ સ્નેહીના-સ્નેહ તોડી દુશ્મનાવટ ઊભી કરી આપે છે.**

**(૨) રાગમાં કેઈ અનર્થનાં બીજ :-**

માણસને એવો રાગ-સંક્લેશ રાખવામાં કશું ખોટું લાગતું નથી.પરંતુ એને ખબર નથી કે આ રાગ-સંક્લેશમાં ભાવી અનર્થનાં બીજ પડેલાં હોય છે. જે વસ્તુ પર રાગ છે એમાં સ્વાર્થની માયા-મમતા બંધાય છે પછી એ સ્વાર્થને અખંડિત રાખવા જરૂર પડ્યે સગા બાપનો ય ઉપકાર ભૂલતાં વાર નહિ., આગળ વધી કૃતઘ્નતા આચરતાં અને દ્રોહે વિશ્વાસઘાત કરતાં આંચકો નહિ. આજે માબાપનો ઉપકાર ભૂલી એમને ભગવાનનો ભરોસે મૂકનારના દાખલા ઘણા જોવા મળે છે. શું માબાપ નાલાયક અને પોતે પોતાની પત્ની લાયક ? માટે જ નાલાયક માબાપને છોડી જુદા રહેવાનું ને ? કહે છે,-

**પ્ર.-** પણ સાસુ-વહુને રોજ ક્લેશ થતો હોય તો ?

ઉ.- તો શું ? 'એ ક્લેશ કોની નાલાયકીથી ?' એ જોવું જોઈએ.

**પ્ર.**- માતાને સ્વભાવ જ ટક ટક કરવાનો પડી હોય ત્યાં શું થાય ?

ઉ.- એટલે માતાની જ એ નાલાયકી છે ? ૨૦-૨૦ વરસ સુધી પેટે પાટા બાંધીને માતાએ ઉછેર્યો ત્યાં માતા લાયક રહી, ને હવે તને પરણાવ્યો એટલે નાલાયકી આવી ગઈ ? ઠેઠ ગર્ભથી માંડીને આજ સુધીના માતાના અથાગ અને અપ્રતિકાર્ય ઉપકારોનો ધોધ વરસ્યો એ નજરમાં નથી આવતું. માતાના ઉપકારોમાં કેવી કેવી એની લાયકીઓ, તારું કેટકેટલું ખમી ખાધું કેટકેટલી એણે જાત ભોગ છોડી તારા પર ઉદારતાઓ કરી, તારી પાછળ કેટકેટલા પ્રમાણમાં કેવી કેવી સેવાઓ આપવા અથાગ શ્રમ લીધો એ કશું યાદ નથી, એનો માથા પર મેરુભાર નથી, તેથી જ માતામાં તુચ્છ દોષ જોવા જોઈએ છે. આનું કારણ,

**પત્ની પર કામરાગનો સંક્લેશ એ માતા પિતાના અથાગ ઉપકાર ભુલાવી એમનામાં તુચ્છ દોષ જોડાવેલ છે.**

બે ય ભયંકર છે, આંધળો કામરાગ અને આંધળો અર્થરાગ-ધનરાગ. સુમિત્ર-શેઠ અર્થરાગમાં ભૂલ્યો, તે સજ્જન સ્નેહી ધનદત્તને રાજસભામાં ઘસડી એના પર આરોપ રજુ કર્યો.

**(૩) ધર્મસાધના શુદ્ધ અને જ્વલંત કરો :-**

ત્યારે ધનદત્તે દેવસહાયાર્થે કાઉસ્સગ્ગ લીધો. એણે અત્યારસુધી કેવીક શુદ્ધ ને જ્વલંત ધર્મ સાધના કરી હશે કે એને શ્રદ્ધા થઈ કે મારા પૂજેલા પરમાત્માના ભક્ત અધિષ્ઠાયકે મારી વહારે આવવું જ જોઈએ.' અલબત્ત પ્રભુનો ભક્ત ભક્તિ કરે એમાં પહેલેથી આ આશય ન હોય કે એવી ભક્તિ કરું કે પ્રભુના અધિષ્ઠાયક દેવ જરૂર પડે ત્યારે હાજર થાય' તો તો એ સાધના આશંસાવાલી થવાથી શુદ્ધ જ ન રહે. પ્રભુભક્તિ તો બિલકુલ નિરાશંસભાવે જ કરવાની. પછી ક્યારેક એવો ધર્મનિંદાનો પ્રસંગ આવે ત્યારે એ નિવારવા સાધનાની શ્રદ્ધાનો ઉપયોગ થાય.

**ધર્મ દુઃખથી મુક્તિ માટે નહિ, પણ દુઃખસમયના સદુપયોગ માટે :-**

દમયંતી સતીએ, નળના બાર વરસની રાજ્યભ્રષ્ટ સ્થિતિમાં, સાતવરસ એકલીએ ગુફામાં કાઢ્યા, એમાં શાંતિનાથભગવાનનું માટીનું બિંબ બનાવી રોજ એની પુષ્પપૂજા તથા પ્રભુનું સ્મરણ-જાપ-ગુણગાન કર્યા કરતી. આ કાંઈ વર્તમાન દુઃખદ સ્થિતિનો અંત લાવવા માટે નહિ; પરંતુ દુઃખદ સ્થિતિનો સદુપયોગ કરી લેવા માટે.'દુઃખમાં આર્તધ્યાન, હાયવોય અને સંકલ્પ વિકલ્પ કરું એના કરતાં ભગવાનની ભક્તિ જ કરવા દે, જેથી એ આર્તધ્યાન વગેરેથી બચાય અને સમયનો



સદુપયોગ થાય.

**અર્હદ્ભક્તિથી વધીને સમયનો બીજો શો સદુપયોગ છે ?**

**સાધના શુદ્ધ અને જ્વલંત શી રીતે બને ? :-**

આ હિસાબથી ભક્તિસાધના કરી તે શુદ્ધ હતી, એમા બીજો આશય નહોતો, મેલી આશંસા નહોતી, વળી એ સાંસારિક બાબતોથી તદ્દન નિવૃત્ત થઈને કરાતી હોવાથી જ્વલંત હતી. અહીં ગુફામાં રહ્યે દમયંતીને સગાવહાલા, નોકર ચાકર, ઘર સંભાળ વગેરે કશી દખલ નહોતી. એ કોઈ લોથ ઉપાડવાની નહિ તેથી મન એથી મુક્ત નિવૃત્તિભર્યું હતું એટલે સાધના જ્વલંત બને એ સહજ છે.

**સાધના જ્વલંત બનાવવી હોય તો મન ઉપરથી બને તેટલી સાંસારિક લોથ ઉતારી નાખો. ને એ માટે શક્ય એટલી સાંસારિક પ્રવૃત્તિ ઓછી કરી નાખો તો મન સાધના માટે સબળ બને.**

દમયંતીની સાધના શુદ્ધ અને જ્વલંત હતી, તો જ્યારે ત્યાં એક વાર મેહ વરસ્યો અને પાણીનાં પૂર વધી નજીકમાં ૫૦૦ તાપસોનો આશ્રમ તણાઈ જવા જેવી સ્થિતિ લાગી ત્યારે દમયંતીએ બહાર આવી આશ્રમ ફરતું મોટું માંડલું (સર્કલ) કરી સંકલ્પ કર્યો કે 'જો મારું શીલ અને અર્હદ્ભક્તિ શુદ્ધ હોય તો અહીં પાણીનો ઉપદ્રવ ન થજો.' બસ, એટલી જ વાર એટલા માંડલા પર વરસાદ બંધ, અને પાણીનાં પૂર બીજી બાજુ વળી ગયાં ! શુદ્ધ-જ્વલંત સાધનાના આ પ્રભાવ પરની શ્રદ્ધા કામ કરી ગઈ. એમ ધનદત્તને પોતાની પ્રભુભક્તિના પ્રભાવ ઉપર શ્રદ્ધા એટલે કાઉસ્સગ્ગ લીધો.

એ શ્રદ્ધા ફળી, કાઉસ્સગ્ગ માંડતા હાર એ સુમિત્ર શેઠની જ ઓટીમાંથી પ્રગટ થયો. ધર્મનો જય-જયકાર થયો. ધર્મનો જયજયકાર કોણ કરી શકે ? શુદ્ધ અને જ્વલંત પ્રભુભક્તિ વગેરે ધર્મસાધના ભરપૂર કરી હોય એ; કેમકે એથી વિશિષ્ટ કોટિનું ધર્મ તેજ ઊભું થાય છે, ને એ જો દેવ જેવાને ય આકર્ષે તો મનુષ્યોને કેમ ન આકર્ષે ? એ આકર્ષણથી લોક ધર્મનો જયજયકાર બોલે એમાં નવાઈ નથી. વાત આટલી છે કે,

**(૧) ધર્મ શુદ્ધ રીતે કરો,**

**(૨) ધર્મ જ્વલંતરૂપમાં કરો, અને**

**(૩) ધર્મ ભરચક પ્રમાણમાં કરો.**

**તો એથી જાજ્વલ્યમાન ધર્મ તેજ પ્રગટ થાય.**

આ ધર્મ તેજનો પ્રભાવ પોતાના આંતર શત્રુઓ પર પણ પડે છે. એ ઢીલા પડવા માંડે છે. દુન્યવી રાગ દ્વેષ મોળા પડતા જાય; વેર-ઈર્ષ્યા-ક્ષુદ્રતા વગેરે પલાયન

થઈ જાય. પૈસા-ટકા દુન્યવી મોભા-મર્તબા, સત્તા-ઐશ્વર્ય વગેરે 'કુછ નહિ' લાગે...ધર્મતેજથી ધર્મની વાત મમતા વધી જાય, દુન્યવી વિષયો અંગે આંતર તૃપ્તિ વધતી જાય, જેથી એની તૃષ્ણા-વાસના-ખણજો બહુ ઓછી થઈ જાય. વાત આ,-

**પરલોક પ્રધાન :-**

ધર્મ શુદ્ધ અને જ્વલંત રીતની માફક ભરચક પ્રમાણમાં કરવો જોઈએ ધનદત્તે એ કરવા માંડ્યું હતું. દિવસ-રાતના પહેલા પહોર એ માટે જ રાખેલા. બાકી સમયમાં વેપાર વગેરે દુન્યવી પ્રવૃત્તિમાં પણ ન્યાયનીતિ પ્રામાણિકતા, દયા, ધર્મશ્રદ્ધા-પ્રીતિ ભરચક રાખેલી. પરલોકનો વિચાર પહેલો, આલોકનાં સુખ દુઃખનો વિચાર પછી.

**ધર્મઘેલાપણાનો ભય નહિ : લોક ઉન્મત્ત :-**

આપણા જીવનમાં આ બધું લાવવાનું છે. ધર્મ કરતાં જરાય કંટાળો નહિ લાવવાનો; તો જ રસપૂર્વક ભરપૂર ધર્મસાધના કરતા રહેવાય. મહાપુરુષો શાલિભદ્ર મુનિ, મેઘકુમાર મુનિ, આનંદ કામદેવાદિ શ્રાવકો વગેરેને નજર સામે રાખ્યા કરો, તો પ્રેરણા મળ્યા જ કરે, હોંશે હોંશે ભરચક ધર્મ સાધ્યા કરાય. લોકમાં ધર્મઘેલા ગણાઈએ એવો ભય નહિ રાખવાનો; તે એમ સમજીને કે અજ્ઞાન-વિષયમૂઢ જીવોજ એમાં ધર્મઘેલાપણું દેખે, અને એવા અજ્ઞાન-વિષયમૂઢ લોકો તો મોહનો દારૂ પી નશામાં છે, ઉન્મત્ત બનેલા છે, એવાના બકવાટ કે પાગલ માન્યતાની કશી કિંમત આંકવાની હોય નહિ. માટે જ જીવન જીવતાં એવા લોકોની સામે જોવાનું ય હોય નહિ કે 'આ બધા શું કરે છે ? તો મારે ધર્મ બહુ ન આચરાય ?' અજ્ઞાન લોકની આ દશા દયાપાત્ર છે. એમની દશાનું અનુકરણ ન કરાય; નહિતર માનવભવના કૂચા થાય.

વાત આ હતી,-ધનદત્તના ધર્મના પ્રભાવે આરોપ ઊતરી ગયો.

રાજા, શેઠ સુમિત્ર વગેરેના મનમાં વસવસો રહી ગયો હતો કે ત્યારે હાર શી રીતે ગુમ થયો, ને એકાએક શી રીતે પ્રગટ થયો ? એમાં ત્યાં જ્ઞાની ગુરુ ભગવંત પધાર્યા, અને રાજા વગેરે બધા એમના દર્શનાર્થે અને ઉપદેશ સાંભળવા ગયા, મુનિ ત્યાં ઉપદેશ આપી રહ્યા છે કે,-

**જ્ઞાનીનો ઉપદેશ : ધર્મ સાથે એકાદ પાપ એ સોનાની થાળીમાં લોઢાની મેખ :-**

હે ભાગ્યવાનો ! આર્યદેશમાં માનવ અવતાર પામીને જ ધર્મ-આરાધનાની સામગ્રી મળે છે, તેમ ધર્મની આરાધનાથી જ જીવ સુખ પામે છે; તેથી ધર્મ-આરાધના અવશ્ય કરવા જેવી છે. સાથે એ પણ ધ્યાનમાં રાખવા જેવું છે કે 'જીવનમાં એવું કોઈ એકાદ પણ પાપ ન થઈ જાય.' નહિતર ધર્મનું ફળ સુખ પામવા છતાં સોનાની થાળીમાં લોઢાની મેખની જેમ પેલાં પાપનાં કટુ ફળરૂપે દુઃખદ સ્થિતિ ઊભી થાય છે.



અહીં રાજા અવસર પામીને પ્રશ્ન કરે છે 'તો પછી ભગવંત ! આ ધર્માત્મા ધનદત્તને માથે આરોપ ચડ્યો તો શું એ કોઈ તેવા એના પૂર્વનાં પાપને લીધે જ બન્યું હશે ? એમ હોય તો એનો પૂર્વ ભવનો આ અંગેનો પ્રસંગ ફરમાવવા કૃપા કરશો.'

જ્ઞાની મળ્યા પછી દિલના સંદેહનું સમાધાન મેળવવાનું શું કામ બાકી રાખવું ? પરંતુ એટલું જો જો કે

**જ્ઞાની પાસેથી સમાધાન મેળવ્યા પછી કાંઈ કરવાનું ખરું ?**

**હાર પાછળ પૂર્વ ભવની ઘટના :-**

અહીં જણાશે કે સમાધાન મેળવીને શું કરાય છે,

જ્ઞાની ભગવંત પૂર્વભવનો અધિકાર બતાવતાં કહે છે,- 'રાજન્ ! આ ધનદત્ત પૂર્વભવે એક વણિક ગંગદત્ત, તે એણે એકવાર પોતાના શેઠનું લાખ રૂપિયાનું રત્ન જોઈ લોભાયો તે એણે ગમે તે રીતે કોઈના દ્વારા એ રત્ન મેળવી લીધું અને લઈને પોતાની પત્ની મગધાને આપ્યું. મગધા ખુશ ખુશ. અહીં શેઠની પત્નીએ રત્ન ગુમ થતાં, ગંગદત્ત ત્યાં આવતો જતો તે એના પર વહેમ જતાં એને રત્ન લાવી દેવા કહ્યું.

ગંગદત્ત અજાણ્યો થઈ કહે 'અરે ! હું રત્ન ચોરું ? રત્ન તમારો કોઈ સગો વહાલો લઈ ગયો છે.' આ આરોપે આરોપનું પાપ ઊભું થયું.

શેઠાણી બહુ કરગરી, મગધાને પણ બહુ કાલાવલા કરી કહે 'મારું રત્ન દઈ દે,' પરંતુ આણે રત્ન ન દીધું, તેથી એના ઉદ્વેગમાં શેઠાણી તાપસી થઈ, તપ તપી વ્યંતર દેવતા થઈ, અહીં મગધા મરીને સુમિત્ર શેઠ થઈ. પેલી વ્યંતરી એ વૈરથી એના આઠ પુત્રોને મારી નાખ્યા, અને એની ક્રોડની કિંમતનો હાર ચોર્યો અને હજી પણ એનું સર્વસ્વ હરશે. એટલું જ નહિ પણ ભવોભવ વૈર ચાલશે, એક નિમિત્તે શેઠાણીની આંતરડી કકળાવવામાં એની પાછળ કેવી દુઃખ.

**ખોટું કામ કરી કોઈની આંતરડી કકળાવવામાં એનામાં કેવી વૈરપરંપરા અને પાપિષ્ઠતા ચાલે છે !**

જેની આંતરડી કકળાવી એ કેવો ભૂલો પડી વૈર બાંધી આગળ કેટલા મોટા દુષ્કૃત્ય કરે છે ! એમાં એનું કેવું પાપિષ્ઠપણું અને કેવુંક પતન ! તો આંતરડી કકળાવવી એટલે એને જનમ-જનમનો પાપિષ્ઠ જ બનાવવાનો ને ? આ કેવીક નિર્દયતા ! ત્યારે બીજાની આંતરડી કકળાવવામાં આપણું પણ શું ભલું થાય ? પેલો જીવ આગલ પર આપણા ઉપર વૈર વાળવા આવે ત્યારે આપણું શું ગજું કે આપણે શુભ ભાવમાં રહી શકીએ ? કષાય અને કલહમાં જ પડીએ ને ? એ વખતે એટલી ઊંચી ધર્મની પરિણતિ ક્યાંથી લાવવી કે સામાના આપણા પર પ્રતિકૂલ વર્તાવ

છતાં આપણા ચિત્તને ક્લેશ ન થાય ?

એક તો રાજા શ્રેણિક ક્ષાયિક સાધકત્વના ધણી બનેલા તે કોણિકે પ્રપંચ કરી એમને રાજ્યભ્રષ્ટ કરી જેલમાં નખાવ્યા તો ય એ કોણિક પ્રત્યે ગુસ્સાનો ધમધમાટ, પોતાને મહાદુઃખ આવ્યા પર હાય ને વોય, વગેરે ચિત્તક્લેશમાં એ નથી પડ્યા એટલું જ વિચાર્યું કે મેં આ જીવ અગર બીજાની પૂર્વભવે આંતરડી કકળાવી હશે તેથી મારે આ દુઃખદ કષ્ટ સહન કરવાનાં આવ્યાં.'

**કોણિકને શાથી વૈર ? :-**

ખરેખર બનેલું એવું કે પૂર્વ જનમમાં શ્રેણિકે કોણિકના જીવ તાપસનાં પારણા અજાણ્યે ચૂકાવ્યાં, તેથી પેલાની આંતરડી કકળેલી, અને વૈરનું નિયાણું કરેલું, તે અહીં એના સંસ્કાર ઉદયમાં આવી કોણિક ગર્ભમાં હતો ત્યારે શ્રેણિકના આંતરડા ખાવાનો મનસુબો કોણિકની માતા ચેલણાને થાય છે, અભયકુમારની કુનેહથી એ ક્ષેમકુશળ પાર પડી ગયો. પરંતુ છેવટે જઈને હવે કોણિક બાપ રાજાને રાજ્યભ્રષ્ટ કરી જેલમાં નખાવી ને રોજ ફટકા મરાવે છે. અહીં પોતાની આંતરડી કકળે કે નહિ ? અને કકળે ને એમાં સામાની ઉપર દ્વેષ થાય, તો પછી એની પરંપરા કેવી લાંબી ચાલે ?

વાત આ છે કે કોઈની આંતરડી કકળાવવામાં એને દ્વેષ થાય ને એની ગાંઠ બાંધે તો આગળ કેવી પરંપરા ચાલે ! એના તરફથી ત્યાં કે ભાવી ભવમાં દુઃખદ પ્રસંગ આવે એટલે પોતાની આંતરડી કકળે, એમાં દ્વેષ થઈ વળી પેલાને કષ્ટમાં પાડવા જાય, એટલે ફેર પેલાની આંતરડી કકળે....આમ પરંપરા ચાલે.

પેલા ગંગદત્તના પ્રસંગમાં એણે શેઠનું રત્ન ગમે તે રીતે મેળવી પોતાની પત્ની મગધાને આપ્યું, પછી શેઠાણીના કકળાટ છતાં પાછું ન આપ્યું, શેઠાણીની આંતરડી કકળી, તાપસી થઈ તપ તપી વ્યંતર દેવતા થઈ જોયું કે રત્ન મગધાએ રાખ્યું છે, તે એના પર દ્વેષવાળી બની. હવે મગધા તો મરીને સુમિત્ર શેઠ થઈ છે, તો એના આઠ પુત્ર મારી નાખ્યા, એનો ક્રોડનો હાર ગુમ કર્યો, અને હજી પણ એના પર દુઃખ વરસાવનાર છે.

**કોઈકના પ્રસંગનું રહસ્ય મળતાં રાજાને વૈરાગ્ય : અર્થકામમાં મહાપાપની લોથ :-**

આ વિગત કેવળજ્ઞાની પાસેથી જ રાજા અને ધનદત્તને જાણવા મળી, એમાં રાજાને એમ થયું કે 'અહો ! જીવની આ સંસારમાં લક્ષ્મી અને વિષયો પાછળ કેવી ઘેલછા છે કે એ ઘેલછા એને પાપમાં પ્રેરે છે. અને પછી આવી પાપબુદ્ધિ અને પાપાચરણ કરાવનાર અને દુઃખની ખીણમાં ઉતારનાર અર્થ અને કામમાં શો



માલ ? શા સારુ એમાં જ આ ઉચ્ચ જીવન પૂરું કરવું ? મોટી રાજ્યપાટની સમૃદ્ધિ અને મનગમતા કામવિષયો મળ્યા એટલે વળી મહાપાપની લોથ !' રાજાને આ વિચાર કરતાં વૈરાગ્ય ઝળહળી ઊઠ્યો.

**ધનદત્તને વૈરાગ્ય :-**

ત્યારે ધનદત્તને તો પોતાના જ જીવનમાં આ પ્રસંગ બન્યો છે. પોતે જ જેનું રત્ન ચોરેલું અને પોતાની પત્નીએ એ રત્ન રાખેલું એ બિચારી શેઠાણી જ વ્યંતરદેવતા થઈ હવે વૈર વાળવા મથી રહી છે. રત્ન પાછળ પોતાની ય બુદ્ધિ બગડી, પત્નીની ય બુદ્ધિ બગડી, અને શેઠાણીની ય બુદ્ધિ બગડી, અને હવે એ વૈરના પાપાચરણ કરે છે, એટલે ધનદત્તને ય આ વિચાર આવે છે કે 'શું માનવ તરીકે ઊંચો જન્મ પામીને આ જ કરવાનું ? એના કરતાં બહેતર છે કે આવી પાપબુદ્ધિનો અંત લાવનારું જીવન કાં ન જીવવું ?

**માનવજન્મ તો પાપબુદ્ધિ અને પાપો પોષવા માટે નહિ પણ એના અંત લાવવા માટે જ હોય.**

**રાજા-ધનદત્ત ચારિત્ર માર્ગે :-**

ધનદત્તને આ વાત મનમાં બેસવાથી કેવળજ્ઞાની ભગવંતને પૂછે છે, 'પ્રભુ ! તો પછી પાપબુદ્ધિ અને પાપનો અંત લાવવા શું કરવું ?' કેવળજ્ઞાની કહે છે, સંસારવાસ છોડી ચારિત્રજીવન સ્વીકારાય એ જ એક પાપબુદ્ધિ અને પાપનો અંત લાવવાનો ઉપાય છે.'

રાજા અને ધનદત્તને હવે વૈરાગ્ય વધી ગયો છે, અને પાપબુદ્ધિ અને પાપો પ્રત્યે તિરસ્કાર છૂટ્યો છે તેથી હવે સંસારી જીવનનો રસ રહ્યો નથી, એટલે ત્યાં જ ચારિત્ર લેવાનો નિર્ણય કરી લઈ ઘરે આવી રાજાએ પોતાના પુત્રને રાજ્યગાદી સોંપી. ધનદત્તે પુત્રને ઘરભાર સોંપ્યો. બંને જણે જિનભક્તિ મહોત્સવ અને મહાદાન દઈ સંસાર ત્યજીને ચારિત્ર લીધું.

પોતાના કે બીજાના જીવનમાં પાપોના ભયંકર નતીજા જોયા કે સાંભળ્યાંનો શો અર્થ ? શો ઉપયોગ, જો હવે પછી પાપથી પાછા ફરવાનો નિર્ધાર ન કરાય ? તો એ જાણવા સાંભળવાથી શો લાભ ? જેમ રાજાએ ધનદત્ત અને સાગર શેઠનાં પૂર્વજીવનના પાપ અને એનો નતીજો અહીં સાંભળ્યો, તેમ-તમે પણ સાંભળ્યો ને ? તો રાજાને એ સાંભળવા પર વૈરાગ્ય થયો, પાપ પર અને પાપબુદ્ધિ પર તિરસ્કાર છૂટ્યો. એ કરાવનાર સંસારવાસ-ઘરવાસ અકારો લાગ્યો, તેમ તમને પણ થયું ખરું ? ગંગદત્તે રત્ન પર બુદ્ધિ બગાડી, ચોર્યું અને શેઠાણીએ પાછું માંગ્યું તો ગંગદત્તે એના સગા પર આળ ચડાવ્યું કે સગાએ કોઈકે ચોર્યું હશે,' તો હવે

લાખના રત્નના આરોપના ફળમાં એમના પર અહીં ક્રોડનો હાર ચોર્યાનું આળ ચડ્યું. આ સાંભળીને તમને બીજા પર આળ ચડાવવાનાં પાપ પ્રત્યે તિરસ્કાર છૂટે ? તો નિયમ કરવો છે કે જિંદગીમાં કોઈના પર આળ ચડાવવું નહિ ? કેમ વિચારમાં પડ્યા ?

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૪,અંક-૩૭,તા.૨૯-૫-૧૯૭૬**

**જીવની મહાનતા આ, કે એક પાપનો ભયંકર નતીજો જોઈસંસાર આખાનું માપ કાઢી લે.**

મહાન આત્માઓ તો એક આળના પાપનો ભયંકર નતીજો જોઈ આખા સંસારનું માપ કાઢી લેતા કે 'તો પછી સંસાર તો કેટલા પાપોથી ભરેલો છે, તો એના ભયંકર પરિણામ કેવા આવે ? ને એ જીવથી શે વેઠ્યા જાય ? માટે પાપની ખાણ સમા સંસારનો જ ત્યાગ કરું.' એમ કરી સંસારનો ત્યાગ કરી દેતા. તો તમને આટલું આળનું પાપ છોડવા ય મન નથી થતું ? તો આખા સંસાર પર વૈરાગ્ય તો શે જાગે ?

આનું કારણ શું ? આ જ કે ધન-માલ-પરિવાર અને વિષયો પર રાગનો સંકલેશ છે તેથી ડર લાગે છે કે ક્યારેક આપણું કાંઈક બચાવવા માટે બીજા પર આરોપ મૂકવાની જરૂર લાગે તો શું થાય ? નિયમ હોય તો તો પછી આરોપ મૂકવાની જરૂર લાગે તો શું થાય ? નિયમ હોય તો તો પછી આરોપ મૂકાય જ નહિ ને ?' તો બોલો આરોપ ન મૂકીએ તેથી આપણું કાંઈક ન બચે એ ભયંકર ? અને એ બચાવવા નિર્દોષ પર ખોટો આરોપ ચડાવીએ એ ભયંકર નહિ ?

**વિષયરાગ ક્યાં કેવા પાપ સુધી લઈ જાય છે ! માટે જ રાગસંકલેશ ભયંકર છે.**

આમ, વિશ્વાસઘાત માયાકપટ એ ભયંકર ખરાબી છે. માણસ કોઈ દુન્યવી વસ્તુના રાગ પર કે માન મેળવવાના રાગ ઉપર આ પાપ કરે છે. પરંતુ એ વસ્તુરાગ યા માનનો રોગ પણ એક મહાખરાબી છે. જે આવા વિશ્વાસઘાત વગેરે પાપ કરાવે છે. શાસ્ત્રમાં આના પર એક નાની કથા આવે છે.

**નંદરાજાની કથા**

વિશાળા નામની નગરીમાં નંદ નામે એક રાજા હતો. એને એની ભાનુમતી નામની રાણી પર એટલો બધો મોહ. કે રાજસભામાં રાણીને પોતાની સાથે બેસાડતો. પરંતુ આ વસ્તુ એના બહુશ્રુત નામના દિવાનને તેમજ એના ગુરુ શારદાનંદનને ગમતી નહિ.



દિવાનના મનને થતું કે 'રાજસભામાં જાહેરમાં રાજા જેવા મોટા માણસ પત્નીને સાથે લઈને બેસે એમાં લોકમાં હલકાઈ દેખાય છે પ્રાય : કોઈ રાજા આવી ઘેલછા ન કરે. ત્યારે આમને કહે 'કોણ ! પરંતુ વૈદ્ય, ગુરુ અને મંત્રી જો શરીર આત્મા અને ભંડાર સંબંધમાં કડવી પણ સાચી હિતશિક્ષા ન આપે તો માણસ એ ત્રણેના વિનાશના પંથે ચાલ્યો જાય છે. માટે મારે રાજાને ભલે કડવું લાગે તો ય સાચી સલાહ આપવી જોઈએ.

**અહિતકારી વૈદ :-**

દિવાન ઠીક જ વિચારી રહ્યો છે. વૈદ્ય શરીર સંબંધમાં દરદીને સાચી સલાહ ન આપે તો દરદી કુપથ્ય ખાનપાનમાં પડી શરીરને વધુ બગાડે. દરદીને એનો નિષેધ કરવામાં કે દરદી કુપથ્ય સેવતો હોય તો એને ઠપકો આપવામાં વૈદ્ય ડરે કે 'કદાચ આ ઘરાક બીજા વૈદ્ય પાસે ચાલ્યો જશે !' તો એ શી રીતે દરદીને કુપથ્યથી રોકી શકે ?

**સ્વાર્થની માયા સામાના હિત-અહિતને જોવા દેતી નથી.**

પૂર્વના વૈદ્યો ખોટું લાગે એની પરવા નહિ કરતા. ત્યારે મોટી બિમારીમાંથી ઊઠ્યા પછી દરદીનાં શરીર એવાં લોખંડી બનતા કે પછીથી છાશવારે ને છાશવારે મંદવાડ નહિ. આજની મોટા ભાગની સ્થિતિ જુઓ, એવી બિમારી વળગ્યા પછી શરીર નાજુક બની જાય છે તે પાછળ અવરનવર તકલીફો ઊભી થયા કરે છે. કારણ ? પથ્યાપથ્ય પર બહુ ભાર નહિ. દવાના જોરે દરદ દાબી દેવાની વાત., દવાઓ ય કેટલીય ? પેટન્ટ દવાઓનો રાફડો છે. કુપથ્યસેવન ચાલુ અને દવાઓ ખાયા કરવાની એ આજની રીતરસમ છે.

**આજે દવાઓની વણઝાર તૈયાર, તો જીવનશક્તિ ઘસાતી :-**

આજે ગેસનું દરદ કેટલાને ? કેમ ? આયુર્વેદ પદ્ધતિએ પથ્ય ખાનપાનની વ્યવસ્થા જાળવવી નથી. એવા મોટા શેઠને ડાક્ટર રોજ વિઝિટ આપે, પણ શું કામ કુપથ્ય ખાનપાન, અનિયમિત ખાનપાન, ભારે.., વધું પડતાં.., અને અનેક ટંકના ખાનપાન અંગે ટકોર કરીને એ અટકાવે ? ના, દવાઓની વણઝાર તૈયાર છે, ઠોક્યા કરો. આમાં જતે દહાડે જીવનશક્તિ નબળી પડતી જાય એમાં નવાઈ શી ?

આ વાત છે, વૈદ્ય જો શરીર સંબંધી સાચી હિતની સલાહ ન આપે તો એ દરદીના શરીરને વિનાશના પંથે લઈ જાય છે. પરંતુ પૈસાની લાલચ ખતરનાક ચીજ છે, ને તે લાલચને એવા દરદીઓ દ્વારા પોષાવાનો અવકાશ રહે છે. માટે જ વૈદ્યનો ધંધો જ્ઞાનીઓ ખરાબ કહે છે, વ્યવહારમાં પણ કહેવાય છે ને કે વૈદ્ય, વકીલ ને વેશ્યા ત્રણે ય કોઈના સગા નહિ. પૈસાની લાલચમાં જે મળ્યે એને

ખંખેરવાની જ વાત. લેશ્યા જ એવી ચાલ્યા કરે.

**માનવ જનમની આ મોટી બરબાદી છે કે વિશિષ્ટ બુદ્ધિનો ઉપયોગ સતત પાપવસ્તુ પાપકામની લેશ્યામાં જ કર્યે જવાય.**

**માટે જ શાસ્ત્રો એવા ધંધાનો જ નિષેધ કરે છે.**

**વાનરનું દૃષ્ટાંત :-**

આચારપ્રદીપ શાસ્ત્રમાં પેલા વાનરનું દૃષ્ટાન્ત આવે છે ને ? વાનર પૂર્વ ભવે વૈદ્ય હતો. ગામમાં સાધુ આવ્યા, વૈદ્યને એમનો સમાગમ થયો, સાધુએ વૈદ્યનો ધંધો કેટકેટલી રીતે મનની લેશ્યા બગાડનારો છે એ એને સમજાવ્યું; કહ્યું આવા ઉત્તમ આર્ય માનવ ભવમાં પૈસાની લાલચ પોષવા ખાતર જ મન કાળું જ કર્યે જવાનું ? વૈદ્યને અસર થઈ ગઈ. ધંધો બંધ કર્યો. પણ પછી થી સત્સમાગમ રહ્યો નહિ, ને પાછી લક્ષ્મીની લાલચ જાગી પડી ને વૈદકીય ધંધો ચાલુ કર્યો. એની મલિન લેશ્યામાં તિર્યંચ-ગતિનું આયુષ્ય બાંધી વાનર થયો.

એ તો વાનર એટલો ભાગ્યશાળી કે જંગલમાં કાંટો લાગીને રોકાયેલા મુનિનું દર્શન મળ્યું, જાતિ સ્મરણ જ્ઞાન થયું, અને પૂર્વ પાપના ભારે પશ્ચાત્તાપ પર ચડી ગયો, દેશાવગાશિક વ્રતનો અભ્યાસ કરતાં કરતાં સિંહના આક્રમણમાં મરીને દેવતા થયો. પરંતુ શું આવી આશા રખાય કે અહીં પૈસા-પ્રતિષ્ઠા માટે મન બગાડી લો પછીથી તિર્યંચના અવતારે મુનિ મળશે. જાતિસ્મરણ જ્ઞાન થશે ને પાપથી પાછા વળી ધર્મ કરીને દેવ થઈશું. આવી આશા રખાય ?

પેલા નંદરાજાના દિવાનને આ વિચાર આવે છે કે વૈદ્ય જો હિતની વાત ન કહે તો દરદી શરીર ગુમાવે, બગાડે. એમ ગુરુ જો આત્મહિત પરલોકહિતની વાત ન કરે તો જીવ ધર્મ ગુમાવે; ધર્મ સંબંધમાં ગુરુ વિના તો કોઈ કહેનાર છે નહિ, ને ગુરુ જ શરમમાં પડી કે ગમે તેમ. પણ ધર્મની વાત ન કરે, તો જીવને બચવાનો આરો ક્યાં ? પણ લોકેષણામાં પડેલા સાધુ શ્રાવકને અર્થકામની આબાદી થાય એ માટે જ પ્રયત્ન કરે છે. મંતર જંતર દોરા-ધાગા-વાસક્ષેપ, બજારભાવતાલ, વગેરેમાં દોરે છે. આમે ય જીવને અર્થકામની લાલસા જુગજુની તો ચાલી જ આવે છે, એમાં આ મળે એટલે એ કેવી ફાલે ફુલે ? એ કરાવનાર સાધુએ શું ભલું કર્યું ?

**મંતર જંતરથી સામાને કોઈ આત્મલાભ ? :-**

**પ્ર.-** સાધુ અર્થ-કામના ઉપાય બતાવે તો જે બાળ જીવો આમ ધર્મમાં ખેંચાતા ન હોય, એ એથી ખેંચાય ને ? વળી સાધુ ઉપર બહુમાનવાળા થાય એ પણ લાભ ખરો ને ?

**ઉ.-** આ લાભ જોવા પહેલાં એ જોવું ભૂલ્યા કે એ બાળ જીવ અર્થલાલસાની



આગમાં સળગી તો રહ્યો હતો, એમાં અર્થનો ઉપાય બતાવતાં એ લાલસાની આગમાં ગ્યાસતેલ હોમવાનું થાય કે નહિ ? બાકી સાધુ પર બહુમાનનું કહ્યું તે સંયમી સાધુ પર બહુમાનનું કહ્યું તે સંયમી સાધુ પર બહુમાન નહિ, પણ પૈસા દેખાડનાર સાધુ પર બહુમાન થાય. પણ એ શું કામનું ? સંયમી સાધુને તો એ બિચારા દેખવાનો. પૈસાના ઉપાય દેખાડનાર સાધુ માટે એને થશે કે આ ખરેખરા જાણકાર અને લોકોપકારી સાધુ છે. બીજા બધા તો ઠીક; બિચારા પોતાનું કરતા રહે. કહેવાય સાધુ, અને કોઈનું ભલું ન કરે, એ સાધુ શાના ? સાધુ તો આ કહો સંયમી સાધુ પર ક્યાં બહુમાન આવ્યું ? ત્યારે, પૈસા બતાવનાર સાધુ ઉપર પણ ભાવ ક્યાં સુધી, કે પૈસા મળતા રહે ત્યાં સુધી. જો એમાં પૈસા મળવાને બદલે પૈસા ગયા તો તો આવી જાઓ, એ પૈસાના ઉપાયમાં બજારના ભાવતાલ મંતરજંતર વગેરે દેખાડનાર સાધુ પરથી ય ભાવ ઉઠી જવાનો. કદાચ ગાળ પણ દે, 'આ સાધુએ મને ઊંધા રવાડે ચડાવી દીધો; પૈસા ગુમારાવ્યા, મને પાયમાલ કર્યો. આવા તો કેટલાયને એ અવળે રસ્તે ચડાવતા હશે આ તે સાધુ છે કે શેતાન ?' શું કર્યું આ ? સાધુ પર બહમાન વધાર્યું ? કે અભાવ કરાવ્યો ? પૈસા મળતા હતા ત્યાં સુધી પણ સાધુના ઉપર બહુમાન નહિ કિન્તુ પૈસાનો ઉપકાર કરનાર એટલે ખરેખર તો પૈસા ઉપર જ બહુમાન.

**ધર્મને બદલે અર્થરાગની પુષ્ટિ કરનારા ઉન્માદ જગાવનારા છે :-**

વાત આ છે,- ગુરુ સામાનું આત્મહિત ન વિચારે તો એને ધર્મ આપી ન શકે. આ તો સાધુએ સામે જઈને પૈસાના ઉપાય દેખાડવાની વાત થઈ કે એ સામાનું હિત બગાડે. પરંતુ શ્રાવક જો બહુ અર્થરાગ, અર્થ માટેના અધમ ઉપાય, વિષયરાગ વગેરેમાં તણાતો હોય, અને એણે માનેલા ગુરુ એને રોકે નહિ, બલ્કે એના ગુણ ગાયા કરે કે 'તમે સારા પુણ્યશાળી છો, પુણ્યપ્રતાપે સારું પામ્યા છો.' તો એના અર્થરાગને પુષ્ટિ આપનાર થાય એથી એનું અહિત કરનારા થાય, એને રાગના ઉન્માદી કરનારા થાય વેશ્યાનું વાક્ચાતુર્ય સામામાં કામરાગનો ઉન્માદ જગાડે ને ?

**દિવાનની ચિંતા :-**

દિવાન આ વિચારી રહ્યો છે કે વૈદ દરદીને હિતનું ન કહે, અહિતથી ન રોકે, તો એના શરીરને બગાડે; અને ગુરુ સામાના આત્મામાં હિતનું ન કહે, અહિતથી ન રોકે તો એના ધર્મને બગાડે, પરલોકને બગાડે, એમ મંત્રી જો રાજા કે મોટા શેઠને હિતનું ન કહે અહિતથી ન રોકે, તો એના ભંડારને બગાડવામાં મતું મારનારો થાય. તો અહીં રાજા રાણીને લઈ રાજસભામાં બેસે છે એ અજુગતું કરી રહેલ છે. એમને બીજું તો કોઈ રોકનાર નથી. પરંતુ હું ય જો ન રોકું તો એમના

અહિતમાં મન્તુ મારનારો થાઉં. તો એમાં હું હિતૈષી મંત્રી શાનો ?'

**રાજાને સમજાવે છે :-**

બસ, આમ વિચારીને દિવાન એક વખત ખુશ મિજાજમાં રહેલ રાજાને કહે છે, 'મહારાજા ! માફ કરજો જરા એક કડવી વાત કરવી છે.'

રાજા કહે બોલો, બોલો, ખુશીથી બોલો.'

દિવાન કહે 'વાત એટલી જ છે કે આપ મહારાણી સાહેબને રાજસભામાં સાથે બેસાડો છો, એ ઉચિત નથી લાગતું.

રાજા કહે, 'પણ શું કરું ? મને એના દર્શન વિના નથી ચાલતું.

હવે અહીં દિવાન શું કહે ? શું એમ કહે કે 'આ તમારી ઘેલછા છે ?' ના, મોટા માણસને એકદમ એવું કહેવાય નહિ. નહિતર એ જો રોષે ભરાય તો ઊલટું મંત્રી પર અભાવવાળો થાય. ને એમાં તો પછી મંત્રીની બીજી ય હિતની વાત ન સાંભળે. ત્યારે શું કરવાનું ? મંત્રી ચતુર છે, એ ઉપાય શોધી કાઢે રાજા કહે છે,-

**મંત્રીનો ઉપાય ચિત્ર :-**

તો મહારાજા ! એમ કરાય તો કેમકે મહારાણીસાહેબનું ચિત્ર અહીં આપની સામેના મોભ પર ગોઠવાય ? એથી વારંવાર દર્શન મળવાથી આપના મનને સંતોષ પણ થાય અને લોકને બોલવાનું ય ન રહે.

રાજાને આ વાત પસંદ પડી ગઈ. મનને એમ થયું કે આ વધું સારું છે. રાણી સાથે બાજુમાં બેસતી ત્યાં તો એને મારે જોવી હોય તો એની તરફ મારે મોં ફેરવવું પડે; અને આ તો બરાબર સામે મોભ પર જ ચિત્ર એટલે એના પર સહજ નજર પડ્યા કરે અને એ દેખાયા જ કરે.' મંત્રીને કહે એ વાત તમે સરસ કરી બસ, એ પ્રમાણે કરો. ચિત્ર તૈયાર કરાવો. જો જો હોં ચિત્રમાં એ આબેહુબ દેખાય; માટે નિષ્ણાંત ચિત્રકાર પાસે ચિત્ર કરાવજો.' મંત્રી સ્વીકારી લે છે ?

રાજાની કેવી પામરદશા છે ! કેટલી બધી મોહમૂઢતા ! કેવી કામરાગની વિવશતા. રાજા મોટા પરાક્રમી નરવીર કહેવાય, પરંતુ કામનો ગુલામ, નારીનો ગુલામ એટલે તો નમિ રાજર્ષિ પળવારમાં વિરાગી બની રાજ્ય છોડી સાધુ બની નીકળી પડ્યા અને ઈન્દ્રે પરીક્ષા કરવા આવીને કહ્યું રાજન્ ! હજી તમે થોભી જાઓ,. અને સીમાડાના રાજાઓને જીતી રાજ્ય વિસ્તાર વધારીને પછી જાઓ, ત્યારે નમિ રાજર્ષિએ એ જવાબ આપ્યો કે,-

**સાચો વિજેતા કોણ ? :-**

**'સંગ્રામમાં જે હજારો સહસ્ર સુભટોને જીતે એના કરતાં જે પોતાના આત્માને જીતે એના કરતાં જે પોતાના આત્માને જીતે એજ ખરો વિજેતા છે.'**



શું કહ્યું ? આત્માને જીતે અર્થાત્ આત્માની વિષયાસક્તિ અને કષાયોની વૃત્તિઓ દબાવે, એટલે કે એ વૃત્તિવાળો પોતાના આત્માને વશમા લે અને એ વૃત્તિઓવાળા પોતાના આત્માને વશમા લે અને એ વૃત્તિઓનો નિર્મૂળ નાશ કરે, એવો આત્મા વિજેતા એ જ ખરો વિજેતા છે; કેમકે આ વિજય મેળવ્યા પછી કર્મના બંધનોએ જકડાવું પડતું નથી, કર્મવશ થવું પડતું નથી, ને કર્મવશ બની ચૌદરાજલોકમાં ૮૪ લાખ યોનિઓમાં ભટકવું પડતું નથી. પુનઃ પુનઃ જનમ-મરણ-વિટંબણાનો અંત આવી મોક્ષ થાય છે. આ કામ હજારો સુભટ પર વિજય મેળવાય એથી થતું નથી.

માનો છો ખરા કે અહીં મોટા લશ્કર કે રાજ્ય પર વિજય મેળવે એ મૃત્યુ અને મૃત્યુ પછીના જનમથી બચે ? એવા વિજયથી મોક્ષ તો પછી, પણ સ્વર્ગાદિ સદ્ગતિ ય પામે ?

**ભૂતકાળમાં એવા બાહ્ય વિજયમાં રાચનારા અનંતા પ્રતિવાસુદેવો અને વાસુદેવો નરકમાં ગયા.**

એ ખબર છે ને ? છતાં પૈસાના કે સત્તાના ય બળવાન કાયાના જોરે બીજાને દબાવી કેટલું અભિમાન રહે છે ? એ જોર કેટલું ટકવાનું ? કાયાના જોર પર મુસ્તાક બનનારને શાંતસુધારસશાસ્ત્ર કહે છે.

**विद्यामन्त्रमहौषधिसेवां सृजतु वशीकृतदेवाम् ।**
**रसतु रसायनमुपंचयकरणं तदपि न मुञ्चति मरणम् ॥**

**કાયાનું જોર મૃત્યુ આગળ રદ :-**

અર્થાત્ 'જીવની કાયાનું ગમે તેવું જોર પણ મૃત્યુ આગળ એવું તદ્દન નાકામિયાબ છે કે દેવોને વશ કરનારી કોઈ વિદ્યા, કોઈ મંત્ર કે કોઈ મોટી ઔષધિને સેવો, તો પણ ભલે એનાથી દેવતા વશ થાય અને મોટા કામો કરી આપે, પરંતુ એનું મૃત્યુ, એનો જોરદાર કાયાથી ય વિયોગ અટકાવી શકે નહિ.' એમ શરીરને જર્જરિત થતું અટકાવી તુષ્ટ-પુષ્ટ કરે એવા રસાયનથી કાયાકલ્પ-કાયાપલટ કરે, છતાં એને મૃત્યુ મૂકે નહિ. જમરાજ એવા રસાયનથી તગડા બનેલા શરીરમાંથી પણ જીવને ક્ષણવારમાં ડિસમિસ કરી નાખે છે, છૂટો પાડી નાખે છે. કાયાનું ગમે તેટલું જોર અહીં શું કામ આપી શક્યું ?

જીવ પર મૃત્યુના આ ઝપાટામાંથી જીવને બચાવી લે અને મૃત્યુને અટકાવી દે એવો કોઈ દેવ તો શું મોટો ઇંદ્ર પણ સમર્થ નથી, કે કોઈ જડીબુટ્ટી યા પ્રયોગ સમર્થ નથી. એનું જ નામ જીવની કાયાના જોરની મૃત્યુ સામે અશરણ નિઃસહાય દશા.

**મૃત્યુરૂપી સિંહની સામે બધા ડોબા જેવા :-**

જંગલમાં ગોવાળ ડોબાં ચરાવતો બેઠો હોય અને ભૂખ્યો સિંહ તરાપ મારે અને એક ડોબા પર તૂટી પડે ત્યાં ગોવાળ અને બીજાં ડોબાં ભાગી જાય. કોઈ ડોબું પેલાને સિંહની ફાળમાંથી બચાવવા ન જાય ને સિંહને ભગાડી શકે નહિ. એમ અહીં ભર્યા કુટુંબમાંથી એકના પર મૃત્યુ તરાપ મારી એને ઊપાડે, ત્યાં બીજા બધા કુટુંબીઓ ડોબાં જેવા; તે કોઈ મૃત્યુને ભગાડી શકે નહિ, ને મરતા જીવને બચાવ શરણ આપી શકે નહિ. મરનારે મોટો દેવ વશ કર્યો હોય તો ય એ દેવતા પણ મૃત્યુરૂપી સિંહની સામે ડોબા જેવો, તે એ પણ મૃત્યુને ભગાડી જીવને મૃત્યુથી બચવા શરણ આપી શકે નહિ. જીવની સમૃદ્ધિ સત્તા અને જોરદાર કાયાની આ છે અશરણ દશા. સુભૂમ ચક્રવર્તીની સેવામાં ૧૬૦૦૦ યક્ષદેવતા હતા, પરંતુ જ્યાં એ સમુદ્રમાં વિમાન પડવાથી મરણવશ થતો હતો ત્યારે એ દેવો એને મૃત્યુથી બચાવી શક્યા નહિ.

અનાદિ અનંતકાળથી જગત પર મૃત્યુનું સામ્રાજ્ય ચાલતું આવ્યું છે. આપણા જીવે, માટે જ અનંતા મૃત્યુ અશરણપણે વેઠ્યા છે, અને અહીં પણ વેઠ્યા વિના છૂટકો નથી. એટલું જ નહિ, હજી આગળ પણ સંસારમાં આવું જ ચાલવાનું. એટલે જોઈએ તો પણ જો સંસાર અનંતકાળ સુધી ન છોડ્યો, ને મોક્ષ ન સાધી લીધો, તો અનંતા મૃત્યુ આવી ભેટવાના.

રુડો માનવ અવતાર આવી મળ્યો છે, મૃત્યુથી હારવાને બદલે મૃત્યુને જીતવાનું સાયન્સ બતાવનાર જૈનશાસન પણ આવી મળ્યું છે, છતાં ભાવી અનંતા મૃત્યુનો ડર ખરો ? જીતવાની એટલે કે રદબાતલ કરવાની તમન્ના ખરી ? કહે છે,-

**(ક્રમશઃ)**







# અહિંસાદિ યમ (ધર્મ)ની પ્રાથમિક કક્ષા

પરમ ઉપકારી ૧૪૪૪ શાસ્ત્રના રચયિતા આચાર્ય ભગવાન શ્રી હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજ યોગદૃષ્ટિ સમુચ્ચય નામના શાસ્ત્રમાં યોગની પહેલી દૃષ્ટિનું વર્ણન કરતાં ફરમાવે છે કે.

**૮ યોગદૃષ્ટિમાં સાથે ૩ સિરિયલ :-**

આ મિત્રા નામની પહેલી યોગ દૃષ્ટિ પામલો આત્મા એક બાજુ યોગનું પહેલું અંગ **યમ** પ્રાપ્ત કરે છે બીજી બાજુ **ખેદ** નામનો ક્રિયાનો દોષ ટાળે છે. અને સાથે તત્ત્વ પ્રત્યે **અદ્વેષ** નામનો ગુણ પ્રાપ્ત કરે છે. યોગની આઠ દૃષ્ટિ સાથે બીજી ત્રણ સિરિયલ ચાલે છે; (૧) આઠ યોગના અંગની સિરિયલ, (૨) આઠ દોષ-ત્યાગની સિરિયલ, (૩) આઠ ગુણ ગ્રહણની સિરિયલ.

સિરિયલ એટલે જેમ જેમ એક એક દૃષ્ટિ ઉપર ચઢતાં જવાય તેમ તેમ (૧) આગળ આગળનું યોગનું અંગ આવતું જાય, (૨) દોષનો ત્યાગ થતો જાય, અને (૩) આગળ આગળનો ગુણ પકડાતો જાય. આ છે આત્માના ઉત્થાનની ક્રમિક પ્રક્રિયા. આપણે આપણા આત્માના ઉત્થાનને સાધવો હોય તો જ્ઞાનીઓએ આ કોર્સ આપી દીધો છે. તમે એક એક યોગનું અંગ, એક એક દોષ ત્યાગ, અને એક એક ગુણ ગ્રહણ કરતા જાવ, તેમ તેમ તેની સાથે એક એક યોગદૃષ્ટિનો વિકાસ થતો જાય. એટલે આપણે અંધારે કુટાવું ન પડે કે કોઈ મોટા જ્ઞાનીની રાહ ન જોવી પડે કે આપણા આત્માનું ઉત્થાન થઈ રહ્યું છે. કે કેમ, ભાઈ કોને ખબર ?'

**આત્મોત્થાનની કક્ષા જોવાનું દર્પણ ?:-**

જ્ઞાનીઓએ બતાવેલી આ પ્રક્રિયા દર્પણ સમાન છે. એમાં જોઈ લેવાનું કે આપણા આત્માનું કેવું પ્રતિબિંબ પડે છે. અર્થાત આત્મામાં કેવા કેવા યોગનાં અંગ પ્રગટ થયાં છે, કેવા કેવા દોષ છૂટ્યા છે, અને કેવા કેવા ગુણનો ઉઘાડ થતો ગયો છે. એ તપાસતાં આપમેળે ખબર પડે કે આત્મા કેટલો ઉત્થાનના માર્ગે છે. કેટલું કેટલું ઉત્થાન કરવાનું છે.

અહીં આપણે યોગના પહેલા અંગનો વિચાર કરવાનો છે. યોગના અંગ આઠ,- યમ-નિયમ-આસન-પ્રાણાયામ-પ્રત્યાહાર-ધારણા-ધ્યાન-સમાધિ એમાં પહેલું યોગનું અંગ 'યમ' કહેવાય છે. 'યમ' એટલે કે સંયમન-નિયમન. શાનું ? તો કે જીવમાં અનાદિના લાગેલા હિંસા-અસત્ય-ચોરી...વગેરે કલુષિત-મલિન ભાવો યાને પાપોનું સંયમન-નિયમન કે કરવા માટે જીવનમાં અહિંસા સત્ય-અસ્તેય-બ્રહ્મચર્ય-

અપરિગ્રહનો ખપ કરવો પડે. એટલે કે યમમાં આ અહિંસાદિ પાંચને જીવનમાં ઉતારવા પડે. અહીં પ્રશ્ન થાય.

**સાધનાની ૪ કક્ષા :-**

**પ્ર.-** હજી તો તમે અહીં પ્રારંભની પહેલી દૃષ્ટિની વાત કરો છો, અને એમાં મોટાસાધુ જેમ અહિંસાદિને જીવનમાં ઉતારે એ પ્રાપ્ત કરવાનું બતાવો છો ! એ ક્યાંથી શક્ય હોય ?

ઉ.- અહીં ગ્રંથકાર મહર્ષિનો સરસ ઉકેલ બતાવે છે. ઉકેલ આ છે કે અહિંસાદિ કોઈ પણ સાધનામાં ચાર કક્ષા હોય છે, જે ઇચ્છા-પ્રવૃત્તિ-સ્થૈર્ય અને સિદ્ધિ કહેવાય છે. આ ચારને ઇચ્છાદિ યોગ તરીકે ઓળખાવવામાં આવે છે. એટલે દા.ત. અહિંસા સાધવી છે, અહિંસાની સાધના કરવી છે તો તમે (૧) પહેલાં, અહિંસાની સાચી શુદ્ધ-ઇચ્છા-અભિલાષા પ્રગટ કરો. એ અહિંસા સાધનાના પહેલી કક્ષાનો યોગ થયો. (૨) પછી અહિંસાને અનુકૂળ પ્રવૃત્તિ કરો. એ બીજી કક્ષાનો અહિંસા સાધનાનો યોગ થયો. (૩) આગળ અહિંસા-સાધનામાં ચલ-વિચલ ન થાવ, પણ દૃઢપણે એને વળગ્યા રહો, એ ત્રીજી કક્ષાનો અહિંસા-સાધના યોગ થયો. અને (૪) સ્થૈર્ય અથવા સ્થિરતાથી આગળ વધતાં વધતાં અહિંસાની આત્મામાં સિદ્ધિ કરો. અર્થાત્ આત્મામાં અહિંસાનો ભાવ એવો સિદ્ધ થઈ જાય કે, ગમે તેવા કપરા પ્રસંગોમાં હિંસાની વૃત્તિ જ ન ઉઠે. એ સિદ્ધિ નામનો ચોથો અહિંસા-સાધના યોગ સધાયો.

આ અહિંસાદિની સિદ્ધિના ગજબના ફળ હોય છે દા.ત. પંતજલિ યોગ દર્શનમાં પણ કહ્યું કે, અહિંસાની સિદ્ધિ થાય એટલે વૈરનો નાશ થાય. ભગવાન તીર્થંકર દેવના જીવનમાં આ જોવા મળે છે. ભગવાને સાધક અવસ્થામાં અહિંસાની ઇચ્છા-પ્રવૃત્તિ-સ્થૈર્યના ક્રમે સાધના જોરદાર કરતાં કરતાં અહિંસાની એવી સિદ્ધિ પ્રાપ્ત કરી છે કે પછી તીર્થંકર બનતાં ધર્મોપદેશ માટે જ્યારે ત્રણ ગઢના સમોસરણ ઉપર બિરાજમાન થાય છે, ત્યાં દેવો અને મનુષ્યો તો આવે જ છે. પરંતુ શહેરના અને જંગલ સુદ્ધાના તિર્યંચો પણ આવે છે, અને સમોસરણમાં ભગવાનની અમૃતથી પણ મીઠી વાણી સાંભળવા ગોઠવાઈ જાય છે. તે પણ એટલે સુધી કે ત્યાં સિંહ વાઘ વરૂ પણ આવેલા હોય છે, છતાં ત્યાં આવેલા ગાય, બળદ, હરણ, સસલા વગેરેને કશો ભય રહેતો નથી. ખુબી તો એ છે કે હરણિયા જેવું નબળું પ્રાણી પોતાનું માથું સિંહની ગરદન ઉપર એવું ઢાળીને આરામથી બેસે છે કે સિંહ કેમ જાણે આ પોતાનું પ્યારું બચ્ચું ન હોય એમ એમાં જરાયે વાંધો ન લેતાં વાત્સલ્યભાવથી વધાવી લે છે ! એવું જ બકરી વાઘની ગરદન ઉપર પોતાનું માથું ઢાળીને આરામથી બેસી ભગવાનની વાણી સાંભળે છે ! ત્યારે ઉંદર વળી બિલાડીના શરીર પર બેસી



કૂદાકૂદ કરે છે !

આ બધું શું છે ? વૈરનો નાશ, ભગવાને જે અહિંસાની સિદ્ધિ કરી છે, તાત્પર્ય, અહિંસા જ આત્માના પ્રદેશે પ્રદેશે આત્મસાત કરી લીધી છે એનો આ પ્રતાપ કે પોતાની નિકટમાં આવેલી પ્રાણીઓ પોતાના દુશ્મન પ્રત્યેનું વૈર ભૂલી જાય; ચાહે એ વૈર આંગતુક હોય કે જન્મસિદ્ધ હોય ! આગંતુક વૈર ત્યાગ પર રાજા ચંડપ્રદ્યોતનો દાખલો છે કે વીર પ્રભુની છાયામાં મૃગાવતી પરની શત્રુતા કેવી ભૂલી જાય છે !

**ચંડપ્રદ્યોતની લંપટતા :-**

રાણી મૃગાવતી ઉપર આસક્ત થઈ એના પતિ ઉપર રાજા ચંડપ્રદ્યોતે આક્રમણ કરી એને ખત્મ કરેલો ! ત્યારે મૃગાવતી નગરના કિલ્લાના દરવાજા બંધ કરાવી અંદરમાં બેઠી છે. દુશ્મનથી ઉગરવાનો રસ્તો શોધતી હતી. ચંડપ્રદ્યોતને આમ તો આ રૂપાળી મૃગાવતીને પોતાની રાણી બનાવવી હતી એટલે કહેવરાયે છે કે હવે ! "તારો પતિ છે નહિ, તેથી મારી પટ્ટરાણી થઈ જા તો હું તારો દાસ જેવો થઈને રહીશ. નહિતર તું છૂટનાર નથી." પરંતુ રાણી વશ થતી નથી. એટલે ચંડપ્રદ્યોત નગરને ઘેરો ઘાલીને પડ્યો છે. મૃગાવતી મહાસતી છે; એને કોઈપણ ભોગે પોતાનું શિયલ ચૂકવું નથી. પેલાને આને લીધા વિના અહીંયાંથી ખસવું નથી.

વિષયોની વાસના કેટલી ભયંકર છે ! રાજા ચંડપ્રદ્યોત ધર્મને સમજનારો માનનારો છતાં વિષયોની લંપટતાએ એણે રાણી મૃગાવતીના ધણીને ખતમ કર્યે રાણીને વિધવા બનાવી ! અને હવે તેને પોતાની રાણી કરવા ચાહે છે. માણસને ભાન નથી કે.

**'જનમ જનમ પોષેલી આ વિષયોની કારમી ભૂખની આગ કોઈ દિવસે નવા નવા વિષયો એમાં હોમવાથી શાંત પડતી જ નથી. બલ્કે વધુ ને વધુ તીવ્ર થાય છે.**

આગમાં લાકડા નાખ્યે જવાથી એ ઓલવાય ? આમ વિષયોનો સદાનો ભુખારવો જીવ નવા નવા જીવન મળ્યા પછી આ એક જ કામ રાખે છે કે કેમ નવા નવા વિષયો મેળવ્યે રાખું ! અને ભોગવ્યે રાખું !

અનંતવારનો ભોગી છતાં ભુખારવા જીવને સવાર પડી ત્યારથી આ વિષયોની જ લત અને લગન હોય ત્યાં કોઈ ત્યાંગ, કોઈ તપ, કોઈ પ્રભુ-ભક્તિ વગેરે શાનું યાદ આવે ? એની વાત પણ શાની ગમે ?

ભલે ને જનમ ઊંચો માનવનો મળ્યો અને ઉચ્ચ ધર્મની સામગ્રી પણ મળી છતાં વિષયની ભૂખે આ ત્યાગ-તપ વગેરે કાંઈ જ કરવા તરફ દૃષ્ટિ જ નથી. વિષયોના ખેલમાં પૂર્વની પુણ્યની કોઠી ખોલી કરી રહ્યો છે. એની એને કોઈ ચિંતા

નથી. પછી એ પુણ્ય કોઠી ભરવાનો વિચાર કે ઉમળકો હોય જ શાનો ?

રાજા ચંડપ્રદ્યોતનો વિષયલંપટતામાં આ લગન લાગી છે કે 'ગમે તેમ કરી અપ્સરાસમી મૃગાવતીને કબ્જે કરું ને પટ્ટરાણી બનાવું, તેથી એના પતિને યુદ્ધમાં ખત્મ કર્યા પછી મૃગાવતીના નગર કિલ્લાની બહાર ઘેરો ઘાલી પડ્યો છે.

**મૃગાવતીની બચવાની યુક્તિ :-**

રાણી મૃગાવતી મહા શીલવંતી છે. એણે જોયું કે 'આ તો ઘેરો ઘાલી પડ્યો છે. તો આમ ને આમ મારાથી કેટલું બચાશે ? માટે યુક્તિ કરી કાળ પસાર કરું એમાં કદાચ ચંડપ્રદ્યોતને બુદ્ધિ સારી સૂઝી જાય તો મારા શીલની રક્ષા થઈ જાય'. એમ વિચારી એણે એને કહેવરાવ્યું કે જુઓ હમણાં તો તમે જાણો છો.કે પતિના મૃત્યુ પર પત્નીને કેવોક શોક હોય ! ચાર માસ ઠહેરી જાઓ. વળી પુત્ર નાનો છે, અને કિલ્લો તૂટફૂટ થયેલ છે. તેથી એ સમરાઈ જાય એટલે પુત્રને માટે ભવિષ્યની નિરાંત થઈ જાય. એ પછી હું વિચાર કરીશ.'

રાજા ચંડપ્રદ્યોત સમજે છે કે આનું કહેવું બરાબર છે. ચાર મહિનામાં ખાટું-મોળું થતું નથી. પછી તો હું જ આ સમારી આપું, જેથી કિલ્લા નિમિત્તે આગળ લંબાણ થાય નહિ.' બસ આમ વિચારી એણે વિશાળ લશ્કરના માણસને ત્યાંથી માંડી પોતાના રાજ્ય સુધી એવા હારબંધ ઊભા રાખ્યા કે કિલ્લા માટે પોતાના રાજ્યમાંથી ઈંટો આ એકેક માણસ આગલ આગળના હારબંધ ઊભેલા માણસને પસાર કરે ને એમ કરતાં કરતાં ઠેઠ અહીં સુધી સતત ઈંટો આવતી જાય. ને મોટા ઢગલા થઈ જાય.' એ રીતે ઈંટો મંગાવીને એણે થોડા જ વખતમાં અહીં કિલ્લો અખંડ મજબુત કરાવી આપ્યો.

**કામ કારમી વાસના કેવું કઠણ કાર્યને સરળ બનાવી દે છે ! તો સાચી ધર્મભાવના એ ન કરી શકે ?**

હવે મૃગાવતી એ મજબુત કિલ્લાને પાકો બંધ કરીને નગરીની અંદર બેઠી છે. ચંડપ્રદ્યોતને વહેમ તો પડ્યો કે આ રાણીએ હોશિયારી કરી લાગે છે. હું ઠગાયો, ખેર પણ અહીંથી ખસું તો એની હોશિયારી કામ કરે ને ? પડ્યો છું અહીં, એની ચાર મહિનાની મુદત વીતી જવા દે. પછી એ ક્યાં જવાની છે ? અંદરમાં અનાજ વિના એ કેટલી ટકશે ?'

**દુન્યવી સુખનો રસ, કેટલો ભયંકર છે**

એ ન્યાય નીતિ શીલ સદાચાર કશું જોવા દેતો નથી. જીવનમાં બસ એક જ ધૂન કેમ આ સુખ મેળવું ને ભોગવું !' એમાં પછી એને ભલે દુર પણ મોત અને મોત વખતે અહીંનો સર્વનાશ દેખાતો હોય, પણ ધૂન છે ને એને ? તે મન મનાવી લે છે કે મોત તો સૌને આવે છે. તે મારે આવશે. મંગળ કરી લઉં. આ



માનસિક દશામાં એને પોતાનો આત્મા અને આત્માનું આમાં કેવું વટાઈ રહ્યું છે, એ શાનુ ંયાદ આવે ? જો આત્મા યાદ આવતો હોય તો તો આ વિષયલંપટતામાં રાગાદિના સંકલેશથી પોતાનું કેટલું ય નિકંદન થઈ રહેલું દેખાય. પણ એ કશું નજર સામે નહિ, એટલે પરમાત્માને પણ શાનો યાદ કરે ? આત્મહિતની પ્રવૃત્તિ ય શી હોય ? કદાચ કરે તો ઉપર ઉપરથી દિલથી નહિ; કેમકે દિલ તો દુન્યવી સુખમાં ચોટી ગયું છે.

વિષયસુખોની આંધળી લગન ભૂંડી. ચાર મહિના તો જોતજોતામાં વીતી ગયા; અને રાણી મૃગાવતી જુએ છે કે 'ચંડપ્રદ્યોત તો નિરાંતે ડેરાતંબુ તાણીને પડ્યો છે. અને સદ્‌બુદ્ધિ આવી નથી હવે મારે બચવું શી રીતે ?' આ ચિંતામાં એને મહાવિમાણસણ થઈ કે,

**મૃગાવતીની ઉત્તમ વિચારણા :-**

હવે પ્રજાના અનાજ વગેરે માટે નગરના દરવાજા અને બહારથી માલની આવક ખુલ્લી કરવી પડશે. એમાં આ વિષયાંધ બનેલા રાજા ચંડપ્રદ્યોત પોતાના લશ્કરથી નગરમાં ઘૂસી ખુવારી કરે પણ ખોટું અને હું એ ખુવારી અટકાવવા એના કબ્જામાં જાઉં તો એ મારું શીલભંગ કરવા માટે બળાત્કાર કરવા આવે એ પણ ખોટું તેમજ હું કાંઈ શીલભંગ તો થવા દઉં નહિ, એ સમજાવ્યો ન સમજે તો અંતે મારે શીલના નાશ પહેલાં પ્રાણનો નાશ કરવો પડે, ને એમાં આ ઉત્તમ જીવમાં જ રહેલી સર્વ પાપત્યાગની અને અનેકાનેક તપ સંયમના સુકૃતોની મહામોંઘેરી તકનો જીવન જતા નાશ થઈ જાય; એ પણ ખોટું.'

પ્રજાનો નાશ તો થવા દેવો નથી, તેમ પોતાના શીલનો નાશ પણ થવા દેવો નથી. તો પ્રાણનો નાશ કરી દેતાં માનવ જીવનમાં જીવીને જે ઉત્તમ અહિંસા તપ-સંયમના ઉત્તમોત્તમ સુકૃતોની તક છે એ પ્રાણનાશ કરવામાં સરાસર ગુમાવી દેવાનું થાય છે એ એના મનને બહુ ખટકે છે. આ આર્ય માનવજીવન કેટકેટલી અનંત પુણ્યરાશિએ મળે ? અને એમાં જો સુકૃતો સધાયા વિના ભવ પૂરો થઈ જાય તો એકલાં પાપ પોટલાં લઈને જવાનું થાય. એના જેવી કમનસીબી બીજી કઈ ?

**તમને તમારા ઉત્તમ મનુષ્યભવની કિંમત છે ?**

**મારો આ મનુષ્યભવ પાપત્યાગ અને સુકૃત સાધના માટે જ છે એવું ઘડીએ ને પલકે યાદ આવ્યા કરે છે ?**

જો આ યાદ જ ન આવતું હોય તો એ તરફનો પુરુષાર્થ કરવાની તો વાત જ ક્યાં રહે ? એની તાલાવેલી જ શાની થાય ? કહો તો ખરા કે હૃદય શું કહે છે ? આ ભવ શાના માટે ? શું સાધવા માટે ? શું પૈસાટકા-ખાનપાન-રંગવિલાસ અને વાહ વાહ માટે ? એટલે એ જ સિદ્ધ કરવાનું ને એથી જીવન સફળ ?

જનાવર આ સિદ્ધ ન કરી શકે ? આર્ય માનવ તરીકેની આમાં વડાઈ ? તો પૂર્વ પુરુષો શાલિભદ્ર-સનત્કુમાર ચક્રવર્તી જેવા ગાંડા હશે તે એમણે આ બધું છોડી દઈ અહિંસા-સંયમ-તપનાં ઉચ્ચ સુકૃતો સાધવા નીકળી પડ્યા ?

**પ્ર.**- તો પછી અમને કેમ સાચું સૂઝતું નથી ?

**ઉ.**- કારણ એક આ કે તમારે દુનિયાની સામે જોવું છે કે એ શું કરે છે, ને પૂર્વ પુરુષો સામે જોવું નથી. સ્વયં અક્કલ પણ વાપરવી નથી કે "આ સવાર પડી ત્યારથી 'ખાઉં લાઉં ને ભોગવું'ની લતમાં ચડું છું, (૧) એની આમ ગુલામી જ કર્યે ગયે કદી એનો અંત આવવાનો છે ? ને (૨) આ જ લત સતત ચાલુ કરવામાં શાંતિ ક્યાં છે ? તેમ (૩) ચિત્તને કેટલા બધા અઢળક રાગ-દ્વેષના સંકલેશ અને કેટકેટલી પાપબુદ્ધિઓ ને પાપાચરણ કરવા પડે છે ? (૪) એમાં મારા આત્માની કેટલી બધી વિટંબણા ! ને કેવા બેસુમાર કુસંસ્કારો અને કર્મબંધનો આત્મ ઘરે ઘલાવાના ?' આવી કોઈ સ્વયં અક્કલથી વિચારણા નથી, તેમ જ પૂર્વના ઉત્તમ પુરુષો સામે જોવું નથી કે એ અઢળક સંપત્તિ છતાં શું કરી ગયા, પછી માનવભવે સુકૃતની અતિદુર્લભ તક શાની દેખાય ? જનાવરના ભવોમાં જે કર્યું તે જ કરીને બેસી રહેવા સિવાય એથી બીજું ઊંચું શાનું સૂઝે ? સમજી રાખો.-

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૪,અંક-૧૬,તા.૩-૧-૧૯૭૬

**માનવજીવનમાં મહાન સુકૃતોની અતિ દુર્લભ તક છે, પાપત્યાગની શ્રેષ્ઠ કલ્યાણકારી તક છે.**

**મૃગાવતીએ માર્ગ શોધ્યો :-**

રાણી મૃગાવતીને એ ખટકી રહ્યું છે કે શું આ દુષ્ટ બુદ્ધિનાં ચંડપ્રદ્યોતના કબ્જામાં ગયે મારે શીલ રક્ષાર્થે આત્મહત્યા કરવી જ પડે, તો શું આ મહાસુકૃતોની મોંઘેરી તકોવાળું જીવન નષ્ટ કરી નાખવાનું ? તકોનો નિષ્ફળ અંત લાવવાનો ?' આ ચિંતામાં એને એક ભવ્ય સ્ફુરણા થઈ આવી, એના મનને થયું કે 'જો અનંત દયાળુ ત્રિભુવનપતિ શ્રી મહાવીર ભગવાન અહીં પધારે તો હું પ્રભુ પાસે ચારિત્ર લઈ લઉં. પ્રભુની હાજરીમાં ચંડપ્રદ્યોત મને શું અટકાવવાનો હતો ?'

મૃગાવતી કેમ આ ભાવના કરી રહી છે ? હારી થાકીને નહિ કે 'હાય ! મારા પતિ મરી ગયા. સંસાર સુખ ગયા, તો હવે ઘરમાં રહીને શી મઝા છે ? માટે લાવ દીક્ષા જ લઈ લઉં,' ના મૃગાવતીને હિસાબ એ છે કે 'આ ચંડપ્રદ્યોતના મારા શીલ પરના આક્રમણ પરેલાં મારા પ્રાણનાશ કરી શકું છું પરંતુ એમાં તો મહાવ્રતો-સંયમ-તપ-પવિત્ર શાસ્ત્ર-સ્વાધ્યાય....વગેરે ઉત્તમોત્તમ સુકૃતો સાધવાની



અહીં મળેલી મહાદુર્લભતક એળે જાય. તેથી એમ કિંમતી જીવન નષ્ટ કરવા કરતાં ચારિત્ર મળે તો સારું જેથી એ બધી પવિત્ર સાધનાઓ કરીને તકને સફળ કરી લેવાય, ને જીવન અજવાળી જવાય.'

આ હિસાબે ઉપર એ મહાવીર પ્રભુનાં આગમનને અને પોતાનાં ચારિત્ર જીવનને એ ઝંખે છે.

**બોલો, તમારે આવો કોઈ ધર્મ તકને સફળ કરી લેવાનો હિસાબ છે ખરો ?**

વર્તમાનમાં અનેક હાડમારીઓ અને પ્રતિકૂળ સંયોગોમાં પસાર થઈ રહ્યા છો ને ? આવે વખતે આવો કોઈ વિચાર આવે છે ખરો કે આમ હાયવોય ને વલોપાતમાં ધર્મતકોને વેડફી રહ્યો છું. એના કરતાં લાવ, સંસારી જીવનમાં પણ રહેલી પરમાત્મભક્તિ-જાપ-સ્તોત્ર, સામાયિક-પ્રતિક્રમણ-પોષધ, ત્યાગના વ્રતનિયમો અને ઉપશમભાવની ઉત્તમ ભાવનાઓ સાધતા રહેવાની ઉત્તમ તકોને સફળ કાં ન કરું ?'

ખબર છે ને કે આવી બધી ભવ્ય સાધનાઓ સાધતા રહેલાની સુંદર તક મનુષ્ય જીવનમાં જ છે ?

**પ્ર.**- ખબર તો છે, કેમકે નજરે દેખાય છે કે પશુ પંખી કીડા કીડી વગેરેને આ તક નથી. પરંતુ અમારે તકને સાધનાથી સફળ કરી લેવા અનુકૂળ સંયોગ જોઈએ ને ?

**ઉ.**- શું કોઈ જ સાધનાના અનુકૂળ સંયોગ નથી ? સાધનાની તમન્ના જ નથી ? અરે ! ગમે તેવી આવે છે ? કોઈ પણ પરસ્ત્રી સામે નજર પણ ન નાખવી સ્ત્રીના ફોટા પિક્ચર વગેરે તરીકે જોવી નહિ, બ્રહ્મચર્યનું વધારેમાં વધારે પાલન કરવું, આ બને કે નહિ ? જો હૈયામાં બેઠું હોય કે નક્કર શીલ પાળવાની મહાકલ્યાણતક આ આર્ય મનુષ્ય અવતારે જ મળી છે તો અહીં શીલસાધના કેમ ચૂકું ? શીલનો અભ્યાસ અહીં નહિ કરું પવિત્રતા સંસ્કાર અહીં વધારું, તો પછી તો બીજા કયા અવતારે આ કરી શકીશ ?'

શું શીલ અને પવિત્ર મનના સંસ્કારની જરૂર નથી ? તો તો પછી પોષેલી વિષયસંજ્ઞા આગળ પર ભવ કેવો દેખાડશે ? જેવા ભાવ તેવા ભવ, વિષય સંજ્ઞાના નિરંકુશ ખેલના પશુ-પંખીના અવતારે ઊતરી પડ્યા પછી કઈ સ્થિતિ ? કોઈ વિવેક કે શુદ્ધબુદ્ધ ત્યાં ખરી ? અરે ! બહુ મોહ રાખવામાં તો કદાચ એથી ય નીચા કીડા મંકોડા કે એકેન્દ્રિયના ય અવતાર કર્મસત્તા આપી દે છે.

મહાવીર ભગવાન નિર્વાણસમયની તૈયારી વખતે ભગવાને ગૌતમસ્વામીને દેવશર્માને પ્રતિબોધ કરવા મોકલ્યા. ગૌતમ મહારાજે દેવશર્માને જઈને ઉપદેશ આપ્યો કે 'મહાનુભાવ ! આ ભગવાનને જ ભજવા યોગ્ય ઉત્તમ જિંદગી તેં "મોહમાયાની સેવામાં વેડફી નાખી. પણ હજું તક છે. ઊભો થા, મોહમાયાને

મૂકી દે, અને ચારિત્ર લઈ ભગવાનને ભજવામાં લાગી જા.

**પ્ર.**- શું મોહમાયાને રાખીને ભગવાનને ન ભજાય ?

ઉ.- તુલસીદાસ કવિ પણ કહે છે,-

**'જિંહા રામ તિહાં નહિ કામ જિંહા કામ તિહાં નહિ રામ.'**

તુલસીએ આ સમજીને કીધું છે કે વગર સમજ્યે ? પોતાનો જાત અનુભવ છે કે જ્યાં સુધી પત્ની પર અથાગ રાગ હતો ત્યાં સુધી ભગવાન યાદ નહોતા આવતા. ક્યાંક યાદ આવી જાય તો તે ઉપરછલકા, હૈયાને સ્પર્શીને નહિ. જેવું પત્નીની યાદમાં હૈયું ભીનું ભીનું થાય એવું ભગવાનની યાદમાં ભીનું ભીનું નહિ ! પરંતુ જ્યાં તુલસીદાસે પત્નીની ટકોરથી ભગવાન હૈયે વસાવી દીધા, તો હવે પત્ની ભૂલાઈ ગઈ. જિંહા રામ તિહાં નહિ કામ.

જૈનશાસ્ત્રો પણ કહે છે કે શ્રાવક સેવાભાવી સુશીલ પત્નીને પણ પોતાની જાત માટે તો ફાંસલો જ સમજે. તો જ ભગવાનમાં દિલ લાગી શકે...બાકી આ તો બહુ સારી છે, મારી ઉપકારક છે...એમ મનમાં રાખ્યા કરે, તો તો એ પત્ની જ હૈયું પકડી લેવાની.

વર્ષો પૂર્વે એમને એક ભાઈ મળ્યા, કહે કે 'સાહેબ ! વ્યાખ્યાન સાંભળીને તો હૈયામાં કાંઈ ને કાંઈ થઈ જાય છે. સંસાર ઝેર જેવો લાગે છે.'

મેં કહ્યું 'ઉપાધિ તો ખાસ કોઈ નથી.

છોકરા છૈયા છે નહિ. હું તો હુંતી બે જણ છીએ. દુકાન ચાલે છે, સારી આવક છે.'

'વાહ ! તો તો ઉઠો ઊભા થાઓ, ઘરવાળાને સાથે લઈ ચારિત્ર અંગીકાર કરી લો.

શ્રાવક કહે 'એમ તો સાહેબ ! ઘરવાળા તો મારા કરતાં ય વધારે ધર્મિષ્ટ છે, પરંતુ એ સંસારત્યાગ કરી શકે એવું લાગતું નથી.

'તો કાંઈ નહિ, તમે એકલા નીકળો.'

અહીં શ્રાવકે શો બચાવ કર્યો એની કલ્પના કરી શકો છો ? કદાચ કલ્પનામાં નહિ આવે. શ્રાવક કહે 'સાહેબ ! એમ તો હું નીકળી શકું છું, પરંતુ ઘરવાળાનો મારા પર બહુ ઉપકાર છે. હું તો સાવ ધર્મ વિનાનો હતો. એમણે પરણીને આવી મને ધર્મ પમાડ્યો છે. એટલે આવા ઉપકારીને એકદમ કેમ છોડાય ? એકલા કેમ મૂકાય ?'

'અરે પણ ! એ તમને ચારિત્ર લેતાં ના પાડે એમ છે ?'

'એ તો સાહેબ ! કાંઈ ના ન પાડે. પણ આપણાથી આવા ઉપકારીને એકલા અટુલા મૂકવાનું કેમ કરાય ?



બોલો, આને હવે પહોંચાય ?

**પત્ની બહુ સારી તરીકે દિલમાં વસી ગઈ હોય, એ ઉચ્ચ આત્મહિત સાધવા આડે ફાંસલારૂપ છે એવું મનને શાનું લાગે ?**

કહેવાની જરૂર નથી. કે ભાઈ દીક્ષા લેવા જેવી છે, એવી ભાવના કરતા રહ્યા અને અંતે વિસ્ફોટક જેવા દરદથી પીડાઈ મરી ગયા.

અંદરનું માનસ તપાસવાની જરૂર છે કે પત્ની સારી છે, આપણને બહુ અનુકૂળ છે, એવો ભાવ જે આવે છે એની અંદર શું મોહ કામ કરી રહ્યો છે, કે શુદ્ધ ગુણાનુરાગ અને કૃતજ્ઞતા કામ કરી રહ્યા છે ?

**શું ઉચ્ચ આત્મહિત સાધવા આડે પત્ની એ ફાંસલારૂપ લાગે છે ?**

એનાં મીઠાં મુખ વગેરે ગાત્રો રાગનાં ઝેર પાઈ રહ્યા દેખાય છે ? ભગવાનનાં મુખ વગેરે પર એ દિલ ન ઠરવા દેનારા લાગે છે ?

પેલો દેવશમાં, જ્યાં ગૌતમ મહારાજ કહે છે કે 'મોહમાયા બહુ કરી, હવે ઉઠ, સંસારત્યાગ કરી આત્માનું સાધી લે,' ત્યારે કહે છે 'આપની વાત તો સાચી છે કે સંસાર છોડવા જેવો જ છે.'

'તો પછી ઊઠ ઊભો થા.'

'પણ ! પ્રભુ ! મને આ ઘરવાળાં પર બહુ મોહ છે. એમનો મારા પર બહુ ઉપકાર છે એટલે એમને હું છોડી શકું એમ નથી.'

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૪,અંક-૧૭,તા.૧૦-૧-૧૯૭૬**

હવે આને ગૌતમ મહારાજ શું કહે ? અરે ! આપણે શું કહીએ ? કદાચ કહીએ કે 'ભલા આદમી ! તે તું આની સાથે કાયમ ક્યાં બેસી રહેવાનો છું ? મરીને છોડીશ કે નહિ ? કે સગાવહાલાને મરતાં કહેતો જઈશ કે હું આને છોડી શકું નહિ. તેથી મારી ઠાઠડીમાં આને ભેગી બાંધજો. ચેહમાં ભેગી બાળજો. શું આવું કહી મૂકીશ ? યા પત્ની વહેલી મરે તો તું એની ઠાઠડીમાં ભેગો બંધાઈશ ને ચેહમાં ભેગો બળીશ !' આવું કદાચ એને કહેવાય, તો ય પેલાનો જવાબ તૈયાર છે કે 'મોત આગળ તો ક્યાં કોઈનું ય ચાલે છે !'

**દેવશર્માનું અચાનક મોત :-**

દેવશર્માને પ્રતિબોધ લાગ્યો નહિ, એટલે ગૌતમ મહારાજ ભાવી ભાવ સમજી હેઠા ઊતર્યા ને જરાક ચાર ડગલાં આગળ વધે છે ત્યાં એકાએક ઉપર જોરદાર અવાજ થયો સાંભળ્યો. શું થયું એ જોવા હવે ઉપર જવાની એમને જરૂર નથી. ચાર જ્ઞાનના ધણી છે. તેથી અવધિજ્ઞાનથી જોયું તો દેવશર્મા બેઠો ત્યાંથી

ઊભો થતાં એનું માથું ઉપરની બારીને કે બારશાખને જોરથી ટકરાતાં એને એવો સજ્જડ આઘાત લાગ્યો કે તેનું હૃદય જ બંધ પડી ગયું ને એ મર્યો.

ગૌતમસ્વામી જુએ છે કે એ કેવો કમનસીબ ! મૌત તો આવવાનું હોત તો આવત જ, તૂટીની બૂટી નથી, આયુષ્યમાં સાધો કરી વધારો કરી શકાતો નથી.

**'असंखयं जीवियं मा पमायए'**

**જીવિત-આયુષ્ય અસંસ્કાર્ય છે, તૂટતામાં વધારો કરી શકાતો નથી.**

એટલે તૂટવા માંડ્યું હોય ત્યાં જીવ જો એમ વિચારે કે અહીં જો આયુષ્ય લંબાઈ જાય અને જીવી લઉં તો ધરમ કરી લઉં.' તો આ એની ભ્રમણા છે. તૂટતાને સાંધી શકાશે નહિ, માટે અત્યારે જ કે જ્યારે હજી ય જીવતર હાથમાં છે. ત્યાં ધર્મ કરી લે. પ્રમાદ ન કર, ગફલતમાં ન રહે. ધર્મમાં લાગી જા.

ગૌતમસ્વામી જુએ છે કે 'દેવશર્મા બિચારો જરા માટે ચારિત્ર વિના મર્યો. જો ઉપદેશથી બુઝી ચારિત્ર લઈ લીધું હોત તો ક્ષણનું પણ ચારિત્ર પામી જાત અને ચારિત્રમાં મરતાં સદ્‌ગતિ થાત પણ કેવો અભાગિયો કે એમ ને એમ મર્યો ! તો હવે એ ક્યાં ગયો હશે ? જે પત્નીએ એનું હૈયું પકડ્યું હતું. એણે અંતે પોતાને શો લાભ કરાવી દીધો ? લાવ જોઉં, હૈયામાં પત્ની હતી તો એની કઈ ગઈ થઈ ?' એમ વિચારી ગૌતમ મહારાજા અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકી જુએ છે, અને દેવશર્માની ગતિ જોઈને ચોંકી ઉઠે છે !

**કઈ ગતિ દેવશર્માની ?**

જેવા ભાવ તેવા ભવ. દેવશર્માના ભાવ મમતાથી પત્નીને નથી છોડાવતા હતા, તો કર્મસત્તાએ એને એની પત્નીના શરીરમાં કીડા તરીકે અર્થાત્ માથામાં જૂ-લીખ તરીકે ઉપન્ન કર્યો ! કેમ જાણે કર્મસત્તા કહે છે, તારે પત્નીનો સંબંધ બરાબર રાખવો છે ને ? ઠીક, તો અહીં તો તારાથી હજી મનુષ્ય તરીકે પત્નીની સજડોસજડ નહિ બેસાય, બેહુંદુ લાગશે માટે લાવ, ને એના શરીરની સાથે સજડોસજડ બેસાડું, તે માથાને વળગીને રહે એવો એને કીડો બનાવ્યો !

ગણધર ભગવાન ગૌતમસ્વામી આના પરથી શો બોધ લઈને નીકળ્યા હશે કે આગળ જતાં રસ્તામાં મહાવીરપ્રભુનું નિર્વાણ થયેલું સાંભળી પહેલાં જરા શોકમાં તો પડ્યા પણ પછી તરત જ શોકમાંથી પાછા વળી જઈ વૈરાગ્યવૃદ્ધિ અને અનાસક્ત ભાવે ચડતા વીતરાગ સર્વજ્ઞ કેવળજ્ઞાની બન્યા ?

**ગૌતમ મહારાજને શોક શાનો ? :-**

ગૌતમ મહારાજાને ગુરુ પ્રભુનો વિયોગ થયો, એનો શોક થયો તે દેવશર્મા જેવી સ્થિતિ નહોતી. પેલાને તો પત્ની પર કામરાગ હતો; આમને ગુરુ પર ભક્તિ રાગ હતો, 'ગુરુ મારા તારણહાર હતા, અનંત ઉપકારી હતા, વળી એ વીતરાગ



સર્વજ્ઞ અરિહંત હતા, એમની આરાધના કરવાનું મને ઉત્તમ જીવન મળ્યું હતું. મારે ધન્ય અવસર હતો. તે શું પ્રભુ હવે ગયા ? હવે હું કોની આરાધના કરીશ ? કોનો વિનય, કોની સેવા કોની ઉપાસના કરીશ !' આ શોક હતો.

**શોકમાંથી કેવી રીતે વિરાગ ? :-**

પરંતુ દેવશર્માના પ્રસંગમાંથી ગૌતમ મહારાજ બોધ લઈને આવેલ હતા કે 'રાગે સંસારમાં અટકાવી રાખ્યો. મહાવીર પ્રભુ પોતે વીતરાગ ક્યારે થયા ? જ્યારે એમણે રાગને સર્વથા નષ્ટ કર્યો ત્યારે.' આ બોધ લઈને આવેલા ગૌતમસ્વામીએ મારા પ્રભુ મને મૂકીને કેમ જતા રહ્યા ? એ શોકમાં રાગ કામ કરી રહ્યો હતો એને ઓળખી ગયા, અને હવે પોતે વિરાગના ભાવમાં વળી ગયા. જોયું કે આમાં કાયાનો આસક્તિ ભાવ કામ કરી રહ્યો છે 'મને પ્રભુ જોવા ન મળે એનું મને દુઃખ છે. પરંતુ મારી કાયાને પ્રભુની કાયા જોવા ન મળે તેથી શું ? મારે એટલે કે મારા આત્માને પ્રભુના આત્મા સાથે સંબંધ છે. પ્રભુનો આત્મા પરમાત્મા, એ અહીં હોય કે સાત રાજલોક દૂર સિદ્ધ શિલા પર હોય, મારા આત્માને જ્ઞાનથી તો એ પાસે જ છે. એમણે શુદ્ધ પરમાત્માપણું રાખીને મને આદર્શ આપ્યો છે કે તું મારો ઉપાસક છે ? તો આવું પરમાત્મપણું પ્રગટ કર. હું સાચો સેવક તો જ ગણાઉં કે મારા સ્વામી જેવું પરમાત્માપણું પ્રગટ કરું. ખરેખર તો મારો આત્મા મૂળ સ્વરૂપે પરમાત્મા જ છે. એને

કોઈ જ જડ પદાર્થ સાથે નિસ્બત નથી ખુદ પોતાની માનેલી કાયા સાથે ય નિસ્બત નહિ. પ્રભુએ પણ પોતાની કાયા સાથે નિસ્બત-આસક્તિ રાખી નહોતી. તો એનો જ ભક્ત હું, મારે પણ મારી કાયા અને અહંત્વ સુદ્ધા સાથે કશી નિસ્બત નથી એમ ભાવના ભાવતાં ભાવતાં ગૌતમસ્વામી અનાસંગ યોગમાં ચડતા ગયા, વીતરાગ બન્યા અને કેવળજ્ઞાન પામી સર્વજ્ઞ થયા.

જૈનશાસનની આ ખૂબી છે; એ એવી વિચારણા આપે છે કે જે પ્રશસ્ત રાગમાંથી વિરાગ અને વીતરાગ ભાવ તરફ લઈ જાય છે.

**શું ગૌતમ મહારાજે પ્રભુ ઉપરનો રાગ તોડી નાખ્યો ?**

'પ્રભુ મને મૂકીને ચાલ્યા ગયા તો મારે એમની પાછળ કૂટાવાની શી જરૂર છે ?' શું આવું રિસામણું કરીને રાગ પડતો મૂક્યો ?, ના એમાં તો રાગ જઈને પાછો દ્વેષ આવી જાત. એમણે તો પ્રભુ પર રાગ એટલે કોના પર રાગ એનું સંશોધન કર્યું ને એમાં પ્રભુની કાયા પરથી પ્રભુની જેમ અનાસક્તભાવ અને પરમાત્મભાવ કેળવી જો પરમાત્મા બને તો પ્રભુ પરમાત્માને ખરા હૈયે ધર્યા ગણાય, એમ અનાસક્તિયોગ તરફ વળી ગયા; ને પરમાત્માની સાથે અભેદ બનાવવા મથ્યા. એમાં સ્વાત્માને પરમાત્મા બનાવી દીધો.

**રાગ મૂકવાનો ક્રમ :-**

નિશ્ચયની જૂઠી વાતો કરી 'રાગ ખોટો, ભગવાન પરનો ય રાગ ખોટો' એ હિસાબે પ્રભુનું આલંબન મૂકાવે છે ચૂકાવે છે. પહેલાં તો જડના અને સ્વાર્થના રાગ મૂકવા માટે પ્રભુ પર, પ્રભુની કાયા પ્રભુની મૂર્તિ પર ભારોભાર રાગ કરવો પડે. એને તન-મન-ધન સુપરત કરવા જોઈએ. એમ કરતાં કરતાં જડ કાયા-માયાને બદલે વીતરાગના દેહ અને વીતરાગની વાણી સાથે અનહદ રાગ થાય; એટલે પછી એમની વીતરાગ દશા સાથે રાગ બંધાય. એ બંધાય એટલે પછી આગળ વધતાં વીતરાગતા સાથે એકાકારત થાય, ને વીતરાગ પરમાત્મા બનાય. દેવશર્માના દૃષ્ટાન્ત પર આ વાત ચાલી. દેવશર્મા મોહ મૂઢતામાં પત્નીના શરીર પર કીડો થયો.

આપણી વાત એ હતી કે ચંડપ્રદ્યોત મૃગાવતી પર મહામૂઢ બન્યો છે. એને વિચાર નથી કે આ મોહ મૂઢતામાં મૃત્યુ થયું કે કેવી દુર્ગતિમાં એ પટકશે ! એ ભૂલી જાય છે કે જેવા ભાવ તેવો ભવ, ત્યારે હવે રાણી મૃગાવતી જાુએ છે, કે મારે આ જીવન વેડફી નાખવું નથી. એટલે જો દેવાધિદેવ મહાવીર પ્રભુ પાસે ચારિત્ર લઈ લેવાય તો જીવન એકલા સુકૃતોથી હર્યું ભર્યું બને. તો જો પરમાત્મા પધારે તો હું સંસાર છોડી ચારિત્ર લઈ લઉં.

મૃગાવતીની દિલની ભાવના કેવી નિષ્પાપ અને નિષ્કપટ તેમજ સદ્-ભાગ્યવાળી કે થોડા વખતમાં ભગવાન ક્રમશઃ વિચરતા, વિચરતા એના નગરની બહાર પધારી ગયા. આવી નિષ્પાપ નિષ્કપટ ભાવનાના કેટલાય દાખલા મળે છે કે જ્યાં એ ભાવના તરતમાં સફળ થઈ હોય.

**નિષ્પાપ નિષ્કપટ ભાવના તરત ફળ્યાના દાખલા :-**

અનાથી રાજકુમારને ભયંકર દાહજ્વર થયેલો કે કેમે ય મટતો નહોતો, અને પીડા ચાલુ રહેતી. એને પરિવાર વગેરે બધું આ સ્થિતિમાં કાંઈ જ શરણ આપનારું ન લાગ્યું, એટલે એની ધર્મ ઉપર દૃષ્ટિ ગઈ. ધર્મ જ ખરેખર શરણભૂત લાગ્યો અને ભાવના થઈ કે 'જ્યારે ધર્મ જ શરણ કરવા લાયક છે. તો આ બધી આળપંપાળને વળગીને બેસી રહેવુ એ બેકાર છે અજ્ઞાન દશા છે. માટે કવિના શબ્દોમાં,

**'રોગ જાયે જો આજની રાત, તો સંયમ લેઉં પરભાત.'**

આ ભાવના થઈ; એમાં રોગ મટે તો રાજ્યપાટ સુખવિલાસ ભોગવી લઈશ' એવા વિચારનું કોઈ પાપ નથી, તેમજ ભાવનામાં કોઈ કપટ નથી કે રોગ મટવા દે ને ? પછી સંયમ લેવું ન લેવું એ જોયું જાશે.' ભાવના નિષ્પાપ અને નિષ્કપટ છે. તો ઝટ ફળી. એ જ રાતના ઊંઘ આવી ગઈ. અને સવારે જાગીને જાુએ છે તો દાહજ્વર મટી ગયો છે; નખમાં ય રોગ નથી.



નિષ્પાપ નિષ્કપટ ભાવનાનો કેવો પ્રભાવ ! આ કેવો ચમત્કાર ! કે સતત ફળીને રોગ ચાલ્યો ગયો અને અનાથીએ તરત જ પ્રભાતે ઊઠીને સંસારત્યાગ કર્યો હૈયામાં પાપ કે કપટભાવ હતો નહિ. પછી શું કામ મન સંસાર છોડવામાં ડગમગ થાય ?

**નમિ રાજર્ષિને** પણ આવો દાહજ્વર, અને એના પર ઠંડકના વિલેપના કરવા માટે ચંદન ઘસતી રાણીઓના મુખે સાંભળ્યું કે 'પહેલાં ચંદન લસોટતા અનેક કંકણ હતા તે પરસ્પર ઘર્ષણ કરી અવાજ કરતા હતા, પણ એક જ કંકણ હોવાથી કોની જોડે ઘર્ષણ પામે ? તેથી અવાજ બંધ થઈ ગયો.' બસ, આ સાંભળવા પર નમિરાજર્ષિ વિચારમાં ચડ્યા કે,

'એમ તો મારો આત્મા પણ મોહમાયા સાથે છે તેથી અનેક વાળો હોઈ ઘર્ષણ થાય છે, પીડાના અવાજ ઊભા થાય છે. આત્મા જો મોહમાયા ત્યાગીને એક બની જાય તો કોઈ સંઘર્ષ નહિ, કોઈ પીડા નહિ. એમ વિચારી એ ભાવના કરે છે કે જો આ દાહજ્વર મટી જાય તો હું સર્વત્યાગ કરીને ચારિત્ર લઈ લઉં ને એકલો બની જાઉં.'

આ ભાવના નિષ્પાપ છે, વળી નિષ્કપટ છે. એને કેવોક પ્રભાવ-ચમત્કાર કે એ તરત ફળી, ને ઊંઘ આવી ગઈ, જાગીને જોતાં રોગ જરા ય દેખાતો નથી. બસ, ઊઠ્યા તરત, ને ચારિત્ર લઈ લીધું.

**મૃગાવતી ચંડપ્રદ્યોતને વિનવે છે :-**

અહીં મૃગાવતીને ભાવના થઈ જો પ્રભુ પધારે તો ચારિત્ર લઈ લઉં, ને મહાવીર પ્રભુ પધાર્યા સમવસરણ મંડાયું, મૃગાવતીને ખબર પડતાં જ રાજી રાજી થઈ ગઈ, ને બાળપુત્રને લઈ ઊપડી પ્રભુ પાસે. રાજા ચંડપ્રદ્યોત પણ ત્યાં આવી ગયો છે. પ્રભુએ વિષય કષાયની ભયંકરતા દર્શાવી એના ત્યાગનો ઉપદેશ છોડ્યો. મૃગાવતી પર્ષદા વચ્ચે ઊભી થઈ ચંડપ્રદ્યોતને કહે છે, પ્રભુની પાસે મારે ચારિત્ર લેવાની ભાવના છે, તેમ મને સંમતિ આપો, અને લ્યો આ બાળ તમારે શરણે છે, તમને સોંપું છું. હવે ચંડપ્રદ્યોત શું કહે ?

**અહિંસાની સિદ્ધિનો પ્રભાવ :-**

આપણી વાત અહિંસા ઉપર હતી. યોગની પહેલી દૃષ્ટિમાં અહિંસા સત્ય વગેરે પાંચ યમની પ્રાપ્તિ થાય છે. એના પર વિચાર થયો કે હજી તો આ ચડતો સજીવ છે. એને પહેલે પગથિયે શું અહિંસાદિના મહાવ્રત આવી જાય ? અથવા મહાવ્રત વિના શું એ અહિંસા સત્ય વગેરેનું સુંદર પાલન કરતો હોય ? અને એ જો ન કરતો હોય તો શું એનામાં યોગની પહેલી દૃષ્ટિ ન જ આવી શકે ?

આના સમાધાન માટે ગ્રંથકાર મહર્ષિએ શ્રી હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજે

પોતે જ પોતાની ટીકામાં આનું સુંદર સ્પષ્ટીકરણ કર્યું કે,

**અહિંસાદિ કોઈ પણ યોગ કોઈ પણ ધર્મ સાધના ચાર કક્ષાની હોય છે.**

**(૧) ઈચ્છા, (૨) પ્રવૃત્તિ, (૩) સ્થૈર્ય, (૪) સિદ્ધિ** એના પર **પાંચમી કક્ષા વિનિયોગની** આવે છે. વિનિયોગ એટલે બીજામાં એ ધર્મનું સ્થાપન.

આમાં પહેલી યોગદષ્ટિમાં પહેલી કક્ષાની અહિંસા એટલે આ કે અહિંસાની નિર્મળ અભિલાષા હોય. પછી અહિંસાની પ્રવૃત્તિ ઓછી વધતી હોઈ શકે. પરંતુ અનાદિની ઓઘદષ્ટિમાં તીવ્ર પુદ્ગલાનંદમાં અને તીવ્ર વિષયાસક્તિમાં અહિંસા સત્ય વગેરેની જે પરવા જ નહોતી, એની સાચી ઇચ્છા જ નહોતી થતી 'આપણા કામકાજમાં વળી હિંસા-અહિંસા શી જોવાની ? તો તો કાંઈ કામ જ ન કરી શકાય' એમ લાગવાથી અહિંસાદિની અભિલાષા થાય છે. પછી પોતે રાજા હોય અને સંભવ છે બીજા રાજા સાથે લડાઈ લડે એમાં મનુષ્યો અને હાથી ઘોડા વગેરે કપાતા હોય, પણ આને અંદરખાને અહિંસાની ઈચ્છાને લીધે હિંસા તરફ મનને સંકોચ હોય.

**અહિંસા સાધનાની ૪ કક્ષા અને વિનિયોગ :-**

(૧) અહીંયાંની સાચી ઈચ્છાથી શરૂ કરી આગળ આગળ (૨) અહિંસાની પ્રવૃત્તિ કર્યે જવાય, એમાં વિઘ્નો પાર કરી સ્થિરતા રાખ્યે જવાય; એમ કરતાં કરતાં અંતે (૩) અહિંસાની સિદ્ધિ થાય, અર્થાત્ અહિંસાનો સ્વભાવ સિદ્ધ થાય. આનો વિનિયોગ એટલે કે બીજા પર ઉપયોગ એવો થાય કે પાસે આવેલાના પણ દિલમાં વૈર દ્વેષ વગેરે શાંત થઈ અહિંસાનો ભાવ ઊભો થાય.

**બળભદ્ર મુનિનો અહિંસા વિનિયોગ :-**

બળભદ્ર મુનિ અહિંસાની પ્રવૃત્તિમાં કેટલા બધા આગળ વધેલા કે એક ગામમાં ગોચરી અર્થે પેસતાં, કૂવાના થાળ પર બાઈ એમનું કામદેવ જેવું રૂપ જોવામાં ભાન ભૂલી બની દોરડાનો ગાળો ઘડામાં નાખવાને બદલે પાસે બેસાડેલા પોતાના બાળકના ગળામાં નાખી ગાળો ટાઈટ કરવા જતી હતી, તે જોઈ મુનિએ રાડ પાડી કે 'ભલી રે બાઈ ! આ શું કરી રહી છે ? નીચે જો' બાઈએ નીચે જોતાં એને તરત પોતાના ભાનભુલાપણાનો ખ્યાલ આવ્યો.

**માનવદિલને ધારીએ તો કેટલું વિકસાવી શકાય ? :-**

બળભદ્ર મુનિ આના પર વિચાર કરે છે કે 'અરે ! ત્યારે આ મારું રૂપ કેવું ગોઝારું ? કેટલી ય સ્ત્રીઓને મોહ પમાડી કેવા રાગના ઝેર પાતું હશે ? ને કેવા ચિકણાં કર્મ બંધાવતું હશે ? ભવિષ્યમાં એ કર્મા વિપાકમાં બિચારા એ જીવો કેટલા કારમા દુઃખ ભોગનવારા થાય ? એ જીવોની મારાં રૂપથી કેવી કારમી દ્રવ્યકત્લ અને ભાવકત્લ ! તો શા માટે મારે ગામ નગરોમાં ફરવું જ જોઈએ ?' એમ કરી એમણે જંગલમાં રહેવાનું કર્યું. શું આ ? અહિંસાની ભવ્ય પ્રવૃત્તિ 'મારા રૂપનાં



નિમિત્તે બાળ અજ્ઞાન જીવોની હિંસા ન થાઓ' માટે વનવાસ; ત્યાં જ સંયમ તપની સાધના કરવાની અને ત્યાં જ પારણું મળે તો કરી લેવાનું, માનવદિલને કેટલું વિકસાવી શકાય ? ભૂલશો નહિ એક વખતના એ કૃષ્ણવાસુદેવના મોટા ભાઈ છે, ૩ ખંડની સમૃદ્ધિ ઘરે હતી.

મહાત્મા બળભદ્ર મુનિએ અહિંસા એવી સિદ્ધ કરી કે એની અસર એમની પાસે આવતા ક્રૂર જનાવરો પણ પગે પડી તે એમની નિકટમાં વાઘ વરુ જેવા આવે તે પણ નિકટમાં રહે ત્યાં સુધી શાંત સૌમ્ય બની જતા, તે હરણિયા જેવા પણ ત્યાં બેસી નિર્ભય બની જતા. એ એમની અહિંસાનો બીજા જીવો પર વિનિયોગ થયો કહેવાય.

**કુવલયમાલા ચરિત્રમાં** આવે છે,- કુવલયાનંદ રાજકુમાર જંગલમાં મૂકાઈ ગયો છે. એ ત્યાં આગળ ચાલતાં જુએ છે તો વાઘ વરુ જેવા પ્રાણીઓ શાંત રીતે ચાલે છે, ને સાથે સસલાં હરણિયાં વગેરે પણ નિર્ભયતાથી ચાલી રહ્યા છે. કુમાર ભણેલો છે, તેથી વિચારે છે કે જરૂર આટલામાં કોઈ તેવા દયાના સાગર મહાત્મા હોવા જોઈએ, જેમના પ્રભાવે આ ક્રૂર પ્રાણીઓ પણ શાંત પડી ગયા દેખાય છે. લાવ ત્યારે, આગળ જોઉં કોણ મહાત્મા છે ?' એમ કરીને આગળ વધતાં એમને એક ઝાડ નીચે એક મહાત્મા જોયા, ને એમની પાસે એક સિંહ અને એક દેવને બેઠેલા જોયા.

અહિંસા કેવી સિદ્ધ કરી હશે કે એની આ ગજબની અસર પડે ? કહો, અહિંસા સ્વભાવમાં વણાઈ ગઈ; એવી કે પોતાને કોઈ મરણાન્ત કષ્ટ આપે તો પણ દિલમાં હિંસાનો લેશમાત્ર ભાવ ન ઊઠે.

**અહિંસાનું પાકું પાલન કર્યે જતાં મનને પણ એવું તૈયાર કર્યે જવાનું કે મનમાં નિર્મળ અહિંસાનો ભાવ બન્યો રહે.**

એમ કરતાં કરતાં એક દિવસ મનનો સ્વભાવ જ અહિંસાનો બની જાય.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૪,અંક-૧૮,તા.૧૭-૧-૧૯૭૬**

યથાશક્તિ ધર્મ કરો છો ને ? હવે અત્યારે આનાથી વધારે ધર્મ કાંઇ જ થઈ શકે એવું લાગતું નથી ને ? કે હજી તો અત્યારે પણ કરી શકાય એવો ધર્મ છે ? 'ના' કહેશો, અત્યારે તો આનાથી વધારે થઈ શકે એવું નથી, એમ કહેવાના, પરંતુ આ માનવું ભૂલભર્યું છે. અત્યારે પણ હજી થઈ શકે એવું આ છે,-

**યથાશક્તિ ધર્મ કરવા ઉપરાંત કરવાનું આ રહે છે કે જે જે ધર્મ કરી રહ્યા છો એને મનના ભાવમાં ઉતારો.**

આ કામ બાકી છે, ને એ તમારી યથાશક્તિમાં આવી જાય. દેવદર્શન કરો છો, તો એને મનમાં વણતાં જાઓ. મન કહે 'ખરેખર જીવનમાં કરવા જેવું હોય તો દેવદર્શન છે. દેવાધિદેવથી વધીને શું પણ એની હરોળમાં જગતમાં જોવા લાયક કોઈ ચીજ નથી. શા સારુ બીજાને મહત્ત્વ જ આપું. દર્શનીય દેવાધિદેવ.'

એમ દયા-સાધર્મિક ભક્તિ-સુપાત્રદાનનો ધર્મ કરતા હોઈએ તેને અંતરમાં વણીએ; એવો વણીએ કે દિલમાં એનો સ્વભાવ ઊભો થતો જાય, એમ બહારથી ક્ષમા કરતા હોઈએ, સત્ય બોલતા હોઈએ એની પાછળ ક્ષમાનું દિલ જ બનતું જાય, સત્યનું દિલ થાય એવી વિચારસરણી રાખ્યા કરાય. લોકવ્યવહારમાં સારા તરીકે રહેવું છે માટે પરસ્ત્રી તરફ ન જોતા હોઈએ, એના પર દૃષ્ટિ ન માંડતા હોઈએ, પણ એની સાથે સાથે દિલમાં પરસ્ત્રીદર્શનના ત્યાગનો સ્વભાવ ઊભો કરવાની વિચારસરણી રખાય. પરસ્ત્રીદર્શન તરફ સહેજે સહેજે ઘૃણા ઊભી કરાય, નફરત ઊભી કરાય, દિલને એ તદ્દન અજાુગતું જ લાગે. વિષ્ટાનાં દર્શન તરફ કેવો સહજ ઘૃણા ઊભી થઈ ગઈ હોય છે ? કોઈ દિવસે પણ વિષ્ટાનું સ્મરણે ય કરવાનું મન નથી થતું તેમ એ દૂરથી ય દેખાઈ જાય તો પણ તરત દૃષ્ટિ સહેજે એના પરથી ખસી જાય છે. આ મનનો સહજ સ્વભાવ બની ગયો બસ,

**પરસ્ત્રી પ્રત્યે આવું દિલ બનાવી દેવું જોઈએ, જેમ વિષ્ટાદર્શનની સહજ ઘૃણા.**

**સારાંશ, જે જે ધર્મ કરતાં હોઈએ. દિલમાં તે તે ધર્મનો તેનો સ્વભાવ ઊભો કરવા મથવાનું છે.**

**મહાવીર પ્રભુની અહિંસા સાધના :-**

બસ, આ રીતે અહિંસાને મહાત્માઓ દિલના સ્વભાવમાં ઉતારી દેતા, એનું પરિણામ બીજા ક્રૂર પણ જીવો પર એની એવી અસર પડી જતી કે એ એમની નિકટમાં હોય ત્યાં સુધી શાંત બની જતા.

તીર્થંકર ભગવાન સાધનાકાળમાં આવી અહિંસા પાળે છે, ગમે તેવા ઉપદ્રવ કરનારા માટે પણ પોતાનું દિલ કરુણા અને અહિંસાથી છલકતું એટલે જ સાંભળીએ છીએ ને કે ત્રિભુવનપતિ મહાવીર પ્રભુને સંગમ દેવતા છ-છ મહિના સુધી ભારે રંજાડીને હવે જાય છે. એવા રંજાડી કે છ માસ સુધીમાં એક દિવસ પણ આહાર પાણી ન લેવા દે, ઉપરાંતમાં ભારે ત્રાસ-તિરસ્કાર-મારપીટ વગેરે ય ખરા, એ હવે કહીને જાય છે કે હું હવે તમને નહિ રંજાડું, હવે હું હારીને જાઉં, છું,' ત્યારે પ્રભુના દિલમાં કરુણા-અહિંસા કેવી વણાઈ ગયેલી કે પ્રભુને લાગી આવે છે કે અરેરે ! આ બિચારો મારું નિમિત્ત પામી ઘોર પાપ ઉપાર્જી ગયો એને પરભવે કેવાં કારમા દુઃખ આવશે !' આ છલકતી કરુણા પર પ્રભુની આંખમાં આંસુ આવી ગયા !



**તીર્થંકરનો અહિંસા વિનિયોગ :-**

આવી દયા-અહિંસા આત્મસ્વભાવમાં એકરસ એકમેક કરી હોય ત્યાં પછી એની અસર બીજા જીવો પર પડે એમાં શું આશ્ચર્ય છે ? તીર્થંકર ભગવંતોનો એ અતિશય ઊભો થઈ જાય છે કે એમની દેશનાભૂમિ સમવસરણમાં દેશનાં સાંભળવા શહેર અને જંગલના પરસ્પર વિરોધી પ્રાણીઓ પણ આવે છે, અને એ ત્યાં સાથે સાથે પ્રેમ મિત્રાચારીથી બેસી જાય છે ! સિંહ અને હરણિયું, વાઘ ને બકરી, બિલાડી અને ઉંદર, નોળિયો અને સાપ,...એક બીજાની સાથે પ્રેમથી બેસે છે; સિંહ વાઘ બિલાડી વગેરેમાં પોતાના શિકાર પ્રત્યે લેશમાત્ર ક્રૂરતાની દૃષ્ટિ નહિ; તેમ હરણ-બકરી-ઉંદર વગેરેને એ પોતાના ઘાતક પ્રાણીનો લેશમાત્ર ભય નહિ !

**પ્રભુના અહિંસા સ્વભાવનો ચંડપ્રદ્યોત પર પ્રભાવ :-**

પ્રભુની અહિંસાનો આ એક પ્રકારનો વિનિયોગ છે. વિશ્વોપકારક મહાવીર પરમાત્માના આ સિદ્ધ અહિંસા સ્વભાવના અતિષયનો પ્રભાવ ચંડપ્રદ્યોત રાજા પર પડે એમાં શી નવાઈ છે ? જ્યાં રાણી મૃગાવતી એનાં ચરણે પોતાનું બાળક સોંપી દઈ ચારિત્રની રજા માગે છે, ત્યાં ચંડપ્રદ્યોતના દિલમાં જે પોતે સમરાવી આપેલા કિલ્લામાં મૃગાવતી પોલીસી કરીને ભરાઈ બેઠેલી, એનો રોષ હતો તે રોષ અહીં પ્રભુના સાંનિધ્યમો ચાલ્યો ગયો, અને તરત મૃગાવતીએ ત્યાં દીક્ષા લીધી.

વાત આ હતી કે વિષયોની આસક્તિ કેવી ભયંકર હોય કે ચંડપ્રદ્યોતે એક પરસ્ત્રી મૃગાવતીમાં લુબ્ધ થઈ એના પતિરાજાને ખત્મ કર્યો, અને એને મનાવવા તુરતાતુરત એના નગરનો કિલ્લો સમરાવી આપ્યો. તથા એને કબ્જે કરવા ૪-૪ મહિના એના રાજધાનીની બહાર પડ્યો રહ્યો એ તો પ્રબળ ભાગ્યવાન કે પ્રભુ ત્યાં પધાર્યા અને મૃગાવતી પ્રત્યેની એની વિષયાસક્તિ ઉતરી ગઈ; બાકી,

**વિષયોની આસક્તિ કેવી ગોઝારી કે અનંત અનંત કાળ એને પોષી છતાં હજી અણનમ ઊભી છે !**

જીવનને તપાસજો કે શું ચાલી રહ્યું છે ? સવાર પડી ત્યારથી શેની લગન રહ્યા કરે છે ? ઇન્દ્રિયો શરીર અને મનનાં તરભાણાં ભરવાની ? કે આત્માની પુણ્યમૂડી વધારવાની ને પાપના કચરા સાફ કરવાની લગન રહે છે ? આ બધું તો આગળ ઉપર કરશું'' તો ભૂલતા નહિ કે એ કાળ ઠગારાએ કેઈકને ઠગી નાખ્યા, અને ચપટીમાં ઉડાડી દીધા ! ભલેને વધારે જીવવાનું હોય છતાં,

**વિષયોના રંગરાગનો અભખરો દારૂના નશા જેવો છે કેમકે એને પોષવા જતાં વિષયરાગ વધે છે; ને આગળ જતાં વધી ગયેલા એ રાગ જીવને તદ્દન શિથિલ કરી મહાપતનમાં ઉતારી દે છે.**

**અરણિક મુનિ, વિષય-રાગ પોષાયે ગયાથી, પડ્યા :-**

અરણિક મુનિ બાળમુનિ હતા. પિતા સાધુ એના પર જરા મોહથી એમને સાધુપણાની કેટલીક કાર્યવાહી ન કરવા દેતા પોતે જ બજાવી લેતા. વધારામાં સુંવાળા સુંવાળા ખાનપાન વગેરે લાવી આપી એમને રાજી રાજી રાખતા.

બીજા મુનિઓ આ પિતા મુનિને કહેતા કે, "હવે તો બાળમુનિ મોટા થયા છે. તેમ એમને ગોચરી મોકલો."

ત્યારે એ કહેતા કે "હમણાં તો હું સંભાળી લઉં છું. હું નહિ હોઉં ત્યારે એને કરવાનું જ છે ને ?"

"પણ તમે એમને બધુ મનમાન્યું લાવી આપવાનું તો રહેવા દ્યો ? પછી એમાં એ છકી જશે. પ્રકૃતિ સુંવાળી થઈ ગયા પછી એને પોતાને ભારે પડશે."

ત્યારે પિતામુનિ બચાવ કરતા કે "ના, ના, આવું કાંઈ નથી. એમ તો હું ય પહેલાં બધું સુખ ભોગવીને જ આવ્યો છું છતાં અત્યારે સાધુજીવનનું બધું કરું જ છું ને ? બાકી હું એને વારે વારે વૈરાગ્યનો ઉપદેશ આપતો રહું છું.

પણ બિચારા પિતામુનિને ક્યાં ખબર છે કે વૈરાગ્યનો ઉપદેશ ગમે તેટલો હોય, પરંતુ તન મન અને ઇંદ્રિયો ગમતા વિષયોના વારંવારના ભોગવટાથી કેવા સુંવાળા બની જાય છે કે પેલો ઉપદેશ એમજ કાન તળે કાઢી નખાય છે, અને

**તન મનની રીઢ થઈ ગયેલી સુંવાળાશ અવસરે આત્માનું મહાપતન કરાવી દે છે,**

બાળ મુનિને આવું જ બન્યું. જ્યારે પિતામુનિ કાળ કરી સ્વર્ગવાસ પામી ગયા, ત્યારે બે ચાર દિવસ તો બીજા મુનિઓએ એમને ગોચરી લાવી આપી, પણ પોતે કાંઈ ગોચરી જવાનું બોલતા જ નથી, તેથી આચાર્ય મહારાજે જોયું કે "આમાં તો એનું જીવન પ્રમાદી થઈ જશે. તેથી સંયમની આરાધના ચૂકી જશે. માટે એને જરા ચાનક લગાડવી જોઈએ. એમ વિચારીને એમણે મુનિઓને અરણિકમુનિને 'શી ગોચરી લાવવી છે ?' એ પૂછ્યા વિના જ ગોચરીએ ચાલ્યા ગયા.

**અનુભવ વિના અથડામણ :-**

હવે શું કરે અરણિક મુનિ ? થોડા જ ભૂખ્યા રહે ? કારણ કે ગુરુ બાપાજીની મીઠી લીંમડીની છાયામાં એવા ત્યાગ-તપ કર્યા નથી, અને સુંવાળા ખાનપાનમાં મસ્ત બની રહેલા છે; એટલે ભૂખ શે સહન થાય ? મુનિઓ પૂછ્યા વિના ચાલ્યા ગયા છે એટલે સમજી ગયા છે કે હવે હું જો ભિક્ષા લેવા નહિ જાઉં, તો ભૂખ્યા ટીચાવું પડશે. એથી પોતે પાત્રા ઝોળી ઉઠાવીને ચાલ્યા હતા ગોચરીએ. મધ્યાહ્નનો સમય છે, તાપ તપી રહ્યો છે; ને બહાર ગોચરી જવાનો અનુભવ નથી. એ કાળમાં શ્રાવકના બંધાયેલા કુળો નહીં, એટલે ગમે તે ઊંચા કુળોમાં ગોચરી જવાનું પણ એ બધા કાંઈ ઘરની બહાર આવી રસ્તે જતા મુનિને આદરથી બોલાવે નહિ



કે 'પધારો મહારાજ સાહેબ ! ગોચરીનો લાભ આપો.' આ સ્થિતિમાં નવા નવા આ મુનિને ઝટ કોઈના ઘરમાં જતાં ખચકામણ થાય. વળી ક્યાંક કોક બોલાવે તોય ભલું હોય તો તેના ઘરમાં ગોચરી અંગેનો કોઈ દોષ દેખાય, અગર અભક્ષ્ય ચીજ હોય, તેથી પાછા વળવું પડે, યા અતિઅલ્પ ભિક્ષા મળી હોય એટલું લઈને કાંઈ સીધા મકાને પાછા જવાય નહિ. તેથી એમને જ્યાં ત્યાં ઘુમવું પડ્યું એમાં તાપે તપીને, અને ટેવ નહિ તેથી નવાસવા ભ્રમણથી થાકીને એક મકાનના ઝરુખા નીચે છાયામાં આશાયસ લેવા ઊભા રહ્યા.

**શીલ ટકાવવા શું શું છોડવું - આદરવું ? :-**

ત્યાં બન્યું એવું કે સામે એક બંગલી જેવા મકાનમાં એક બાઈ રહે. એનો ધણી પરદેશ ગયેલો, ત્યારે એ કાંઈ સાવધાન નહોતી કે, યુવાની વિકસેલી છે, એના ઉન્માદ તદ્દન અટકાવું.' એને ભય નહોતો કે પતિ પાસે નથી, માટે આ યુવાનીનો ઉન્માદ, કાંક અવળું ન કરાવી બેસે ને શીલ ન ચુકાવી દે !' એ માટે એના ઉન્માદને શાંત શીતલ રાખવા માટે કડક તકેદારી રાખવાની એને પરવા નહોતી. તેથી તેને મનને એ નહોતું કે 'વિગઈઓ અને રસકસવાળા પદાર્થ ન આરોગું. પટિયાં ન પાડું, શૃંગાર ન સજું; ઉદ્ભટવેશ અને રંગ-બેરંગી વસ્ત્રો ન પહેરું, મુલાયમ ગદેલામાં ન લોટું, જે તે વાંચવાનું; જ્યાં ત્યાં નજરો ફેંકવાનું ને રાગીઓની સાથે હળવા-મળવા-વાતો કરવાનું ન કરું પરંતુ પ્રભુભક્તિ પ્રભુના જાપ-સ્મરણ, શીલવંતી સ્ત્રી પુરુષોનાં ચારિત્રવાંચન સાદાં સફેદ વસ્ત્ર પરિધાન, લુખ્ખા જેવા સાદાં ભોજન, અને એમાં ય વ્રત નિયમ તપસ્યા આચરતી રહું' ના, આ કશું કરવું નથી.

યુવાનીનીના ઉન્માદને ડામવા-દાબવા આ તકેદારી છે. બોલો, આજની બેનોને આ તકેદારી જરૂરી ખરી ? જાણો છો ને આજે બેનોના રૂપ-સૌંદર્ય આદિનો શિકાર કરનારા પુરુષો કેટલા ? એવા શિકારીઓની ભરેલી દુનિયા વચ્ચે રહેવામાં શીલને કેટલું જોખમ ? પણ પહેલી વાત આ છે કે,

**અમારી બેનોને સર્વ ઇન્દ્રિયો અને સર્વ ગાત્રોનાં શીલની રક્ષાની પાકી તમન્ના છે ? ને ઉન્માદ દાબવાના એ સર્વ ઉપાય આચરાય છે ?**

ભૂલશો નહિ, કૂતરી -ગધેડી કે કાગડી-ચકલીને આ શીલની કોઈ તમન્ના હોતી નથી. પણ ઊંચા આ જીવનમાં આ પશુતામાં જાતનું તો અધઃપતન છે. પણ સંપર્કમાં આવનાર કેટકેટલો પુરુષોનું અધઃપતન ? નાશવંત રૂપરંગ પર આ પાગલતા ? આ પાગલતાથી બચો, એને નોંતરનાર ઉન્માદથી બચો. ઉન્માદને ઠારનારી રીતસરસમ આદરવા ભારે તકેદારી જોઈશે.

**ઉન્માદી બાઈની દૃષ્ટિએ અરણિક :-**

શીલ માટેની આ તકેદારી પેલી યુવાન બાઈએ રાખેલી નહિ, બલ્કે ઊલટો સમજો ને ? જેને જેનો ત્યાગ કરવાનો કહ્યો એનો એને આદર-આચરણ, અને જે જે આચરવાનું કહ્યું એનું જીવનમાં કશું ઠેકાણું નહિ, એ ઊલટો વ્યવહાર ને ઊલટી રીતરસમ કહેવાય. આ બાઈ આમાં પડેલી ને યુવાનીના ઉન્માદમાં એને પતિ પાસે હતો નહિ. એટલે પછી એ ઉન્માદ એને સખણી કેમ બેસી રહેવા દે ? બિચારી કેમ જાણે કોઈ આયતું ભોગપાત્ર શોધતી હોય એમ બહાર ડાફોળિયાં મારવાની ટેવવાળી બનેલી એમાં આ અત્યાર સુધી પિતામુનિ દ્વારા સુખદ આહારથી પોષાયેલા અને એટલે જ ગોરી ગુલાબી કાયાવાળા બનેલા તેમજ યુવાનીમાં મલપતા અરણિક મુનિ ઘરની સામેના મકાનના ઝરૂખા હેઠળ ઊભેલા દેખાયા. હવે યુવાનીને ઉન્મત્ત કરી મૂકનારી આ બાઈ મુનિની સામે કટાક્ષભરી નજર નાખવા માંડી. મુનિને ત્યાં શું થાય ?

આપણી વાત આ ચાલતી હતી કે 'ભલે ને હજી દીર્ઘ આયુષ્યનો ભરોસો રાખી શરીર-ઇન્દ્રિયોની સુંવાળાશનું કામ ચલાવ્યું અને સારું મનમાન્યું જીવી ગયા. તો એ ગાળામાં તો વિષયસુખમાં મહાલી લીધું એમાં કશો વાંધો નહિ ને ? વાંધો ખરો. વાંધો આ જ કે જીવને પૂર્વ ભવોના વિષય આકર્ષણના સંસ્કાર તો ખચ ભર્યા પડ્યા છે એમાં,

**અહીં જેમ જેમ વિષયોનો સંગ સધાય છે તેમ તેમ એના સંસ્કાર જમા થતા જાય છે. એથી આગલ વાસનાને જાગવા વિશેષ સુલભતા થાય છે.**

એટલે જ દારૂનું વ્યસન, બીડીનું વ્યસન, મિઠાઈની લત, વગેરેમાં જોવા મળે છે કે એમાં આસક્ત થઈ સેવવામાં આગળ વધતાં એ લત સહજ જેવી થાય છે, બીજું બધું તો યાદ કરીને લાવવું પડે, પણ આની યાદ સહેજે સહેજે ઊઠી આવે છે.

અરણિક મુનિને પિતામુનિએ સુખશીલતામાં રાખ્યા છે, અનુકૂળ અનુકૂળ આહારમાં ટેવાવ્યા છે, તેથી એના વધતાં જતાં સંસ્કાર હવે અહીં જુઓ સહેજે વિષય આકર્ષણ જગાવે છે. મુનિની પેલી સામા મકાનની બાઈના કટાક્ષ તરફ નજર ગઈ, એમાં આકર્ષાયા, પોતે ય એના સામે રાગની દૃષ્ટિથી જુએ છે.

**મુનિને તેડવા દાસી :-**

બાઈએ તરત પરખી લીધું કે આ કામ લાગે એવા પણ અહીં આવતાં શરમાય છે, તો લાવ દાસી મોકલી અહીં બોલાવું,' બસ, એમ વિચારીને દાસીને તેડવા મોકલી, -'જો પેલા મહારાજને ભિક્ષા માટે બોલાવી લાવ.'

દાસી આવીને મુનિને કહે 'મહારાજ ! પધારો, મારું આંગણું પાવન કરો, ભિક્ષા લેવા પધારો. આ સામે જ ઘર છે.'



મહારાજને બોલાવ્યા વિના કોઈના ઘરમાં જતાં શરમ હતી, અહીં બોલાવનાર મળ્યા, ગોચરી જોઈતી જ હતી, તે દાસીના આમંત્રણથી આવ્યા. સામે ઘરમાં ઘરમાલિકણ આંખના નખરા સાથે હસતી હસતી આવકારે છે. 'પધારો પધારો બાપજી ! લ્યો, પાત્રું કાઢો, આ મેવા-મિઠાઈ લ્યો,

અરણિક મુનિ પાત્ર કાઢી લેવાનું કરે છે, નજર બાઈના સામે છે, બાઈના હાસ્ય સાથે લાડુ મૂકવા સામે પોતે પણ આછું હાસ્ય કરતાં કહે છે, 'બસ, બસ, હવે ન મૂકો.'

બાઈ હસતી કહે 'મહારાજ ! એમ તે હોય ? આટલામાં શું પેટ ભરાય ? આ જુઓને તમારી નવ યુવાન વય, પેટને સારું ભાડું આપવા તો જોઈએ ને ?...' બાઈ મીઠું મીઠું હસતી જાય છે, આંખના કટાક્ષ મારતી જાય છે; હાથ ઊંચા નીચા કરી હાવભાવ દેખાડતી જાય છે, ને બોલતી જાય છે - પૂરું ખાશો નહિ તો કેમ ચાલશે ? વળી મને તો એમ થાય છે કે તમે બહુ વહેલા જોગ લઈ લીધો. કેવી તમારી આ ખીલેલી ભોગની વય ! ને લટકાળી લષ્ટપુષ્ટ કાયા ! આ વયે તો મજેના રંગરાગ ખેલી લેવાના હોય.'

બાઈ બેશરમ બની છે, બોલવાની શી અસર પડે છે. તે જોતી જાય છે. ને અહીં મુનિ આવું સાંભળવાનો નથી વિરોધ કરતા કે નથી ત્યાંથી ચાલી જતા; એટલે બાઈ સમજે છે કે આમને આ ગમે છે

બિચારા અરણિક મુનિ ! સુંવાળી સુખશીલતામાં મોટા થયા છે, પિતા મુનિએ એણે શક્ય કષ્ટ વેઠવા દીધા નથી ત્યારે સમજી રાખો-

**હોંશે હોંશે સુંવાળાં સુખ-સગવડ ભોગવવામાં મન સુંવાળું બને છે.**

**સુંવાળું બનેલું મન જેમ સુંવાળા ભોજનમાં લપટાય છે એમ સુંવાળા શબ્દમાં સુંવાળા સ્પર્શ વગેરેમાં પણ લપટાઈ જાય એમાં નવાઈ નથી.**

મન ખડતલ દૃઢ-સ્થિરબુદ્ધિવાળું બનાવવું હોય એણે આ ખાસ ધ્યાનમાં રાખવા જેવું છે કે બાહ્ય મનગમતા વિષયોમાં સુંવાળા નહિ બનવું જોઈએ, લંપટ નહિ બનવું જોઈએ, સુંવાળા બની લલચાઈ લહેવાઈ નહિ જવું જોઈએ, એક પણ ઇન્દ્રિયના વિષયમાં લલચાયા-લંપટ બન્યા તો મુઆ પડ્યા સમજો, સુંવાળું બનેલું મન પછી બીજા વિષયમાં લહેવાઈ જતાં વાર નહિ લગાડે.

**કંડરિકમુનિ :-**

પુંડરિક રાજાના ભાઈ કંડરિક મુનિ બિમાર પડ્યે રાજાના ઘરના અનુકૂળ અનુકૂળ પથ્યમાં લપટાયા, તો મન એવું સુંવાળું બન્યું કે પછી ઠેઠ સંયમનો ત્યાગ કરી રાજાશાહી ભોગવિલાસ માટે તૈયાર થઈ ગયા. રાજાએ ઘણું સમજાવેલ, પણ સુંવાળું બની ગયેલું મન એ સમજવા તૈયાર નહોતું.

**અષાઢાભૂતિ મુનિ** શરૂ શરૂમાં નાટકિયાના ઘરના લાડુમાં સુંવાળા બની લંપટ થયેલ. તે હવે આગળ વધ્યા નાટકિયાની બે યુવાન બાળાઓના મીઠા મીઠા બોલ સાંભળવામાં ને એના હાવભાવ-કટાક્ષ જોવામાં સુંવાળા બન્યા; ને અંતે એના ભોગસુખ લેવામાં લલચાઈ ગયા. ગુરુને રજોહરણ આપી દઈ ત્યાં જવા માટે તૈયાર થઈ જાય છે, ત્યારે ગુરુએ બહુ સારા વૈરાગ્યવર્ધક શબ્દોથી એમને બોધ આપ્યો, સમજાવ્યું કે,

**પડતા અષાઢાભૂતિને ગુરુ ઉપદેશ :-**

'મહાનુભાવ ! આ ગલીચ ભોગોમાં કાં તણાઓ ? તમે તો મહાન આત્મા છો, કેટલા બધા ઉંચા વૈરાગ્યથી સંસારત્યાગ કરી મોટા તીર્થંકર ભગવાન જેવાએ અપનાવેલ મહાન ચારિત્રમાર્ગ લીધો છે. એ મહાપુરુષોના પંથે ચાલ્યા પછી આ પામર પશું જેવાથી સેવાતા ગલીચ ભોગોમાં તમારે લલચાવાનું હોય ? તમે તો સમજો જ છો કે જીવને કદી ય ભોગસુખોથી કાયમી તૃપ્તિ થઈ છે ? અનંતી અનંતી વાર એ સુખોમાં મહાલ્યા છતાં નિત્ય નવી સવારે નવી ભોગ ભૂખ ઊભી જ છે. આમાં ક્યાં એનો અંત આવવાનો ?

ત્યારે, ભોગસુખની લંપટતામાં કર્મસત્તા જીવની કેટકેટલી ક્રૂર વિટંબણા કરે છે ! ઠેઠ સાતમી નરક સુધીના કેવા કારમા ત્રાસમાં ને કેટલા બધા દીર્ઘકાળ સુધી એ જીવને રીબાવે છે ? ઊંચો મનુષ્ય અવતાર તો ટૂંકા સમયનો મળ્યો, પણ શું એમાં ટૂંકા સમયમાં ભોગસુખોમાં લંપટ બની એવા અસંખ્ય અનંતકાળની કર્મ રિબામણો નોંતરવાની ?

ત્યારે, અહીં પણ ભોગવિલાસમાં જીવની કેવી ગુલામડી દશા હોય છે ! એકલે હાથે હજાર સુભટોને હંફાવનાર-હરાવનાર લડવૈયો પણ રૂપાળી પત્નીનો તાબેદાર બની જાય છે ! કોના વાંકે ? એકમાત્ર ભોગ સુખની લંપટતાના વાંકે. માનશો નહિ,-

**પ્ર.**- શરીર આપણું, ઈન્દ્રિયો આપણી એને જો રંગરાગ ભોગસુખ મળે છે તો એને સુખમાં મહલાવવા શો વાંધો ?

ઉ.- વાંધો મોટો આ છે કે

**શરીર-ઈન્દ્રિયોને સુખોમાં મહલાવવામાં તો આત્માનું સત્ત્વ હણાય છે, અને આત્માના વિકાર રોગો પોષાય છે, ને વધે છે.**

ખરજવાને ખણી લેવામાં ચામડીને મીઠું મીઠું તો લાગે, પરંતુ માણસ કેમ એ ખણજ મિટાવવા દવા કરવા જાય છે ? સમજે છે કે ભલે મારું શરીર, મારું ખરજવું, ને એને ખણતાં ભલે મને આનંદ આવે, પરંતુ આ ખરજવું ને ખણજ એ રોગ છે. એને ખણી ખણીને પોષવાનો ન હોય, વધારવાનો ન હોય, પરંતુ એ



રોગ દવાથી મૂળમાંથી મિટાડવાનો હોય; જેથી રોગની કાયમી શાંતિ થઈ જાય. પછી ખણજ નહિ, ને ખણવાની જરૂર જ નહી. બસ,

**ભોગસુખોની ખણજ એ ખરજવાથી જાલિમ રોગ છે, વિકારદશા છે, નરકનિગોદ સુધીના ભયંકર દુઃખમાં રિબાવાના છે.**

**વિષયવિકારનો રોગ તત્ત્વસમજ ને ત્યાગ વૃત્તિથી મટે :-**

ખરજવાના દરદની જેમ વિષયવિકારના દરદને તત્ત્વસમજ અને ત્યાગ વૃત્તિથી મિટાડવાના હોય; અને એ રીતે એ મિટે છે એ હકીકત છે. માટે તો મહાત્માઓનાં મન ત્યાગના દીર્ઘ અભ્યાસથી શાંત નિર્વિકાર બની જાય છે. અલબત એ મનને વિષયોનાં નિમિત્તથી આઘું ને આઘું રાખવું જોઈએ. નહિતર જો એકાદ પણ ઈંદ્રિય વિષય સામે આવતાં મન જો એમાં સુંવાળું બની લલચાયું, તો પાછો વિકારના સંસ્કારોનો ભારેલો અગ્નિ પ્રદીપ્ત થતાં વાર નહિ. આ તમે એટલે જ તણાયા છો. પણ 'જાગ્યા ત્યાંથી સવાર' માની પાછા વળી જાઓ, જ્ઞાનધ્યાનમાં મસ્ત રહો, બધા વિકારો વિષયસંપર્ક છૂટતાં શાંત થઈ જશે....'

ગુરુએ અષાઢભૂતિ મુનિને ઘણું ઘણું સમજાવ્યું, પરંતુ મુનિનું સુંવાળું બની ગયેલ મન હવે ચારિત્રમાં સ્થિર થવું મુશ્કેલ બની ગયેલું તે પડ્યા નાટકિયાને ઘરે જઈ બેસી ગયા, એક લાડુના સ્વાદમાં સુંવાળું બનેલું મન ગુરુનાં ઉત્તમ વચનો ઝીલવા માટે કેવું કાયર અને કંગાળ બન્યું ! નાટકણીના ભોગસુખ લેવા સુધી કેટલું સુંવાળું લપસણું બની ગયું !

**રાજા સોદાસ** માંસાહારમાં લુબ્ધ બનેલો, તે એનું સુંવાળું બનેલું મન માનવદયા પાળવા માટે પણ કાયર બની ગયું, ને રોજ માનવબાળની હત્યા કરાવી કરાવી એનું માંસ રંધાવી ખાતો થઈ ગયો, કેવો નિર્ઘૃણ ? કેટલો બધો ધિટ્ઠો ?

દયા-સત્ય-પ્રમાણિકતા-સદાચાર વગેરે સદ્‌ગુણોને અખંડિત જાળવવા ઈચ્છો છો ? તો મન વિષયોમાં સુંવાળું ન બનાવો.

**વિષયોમા સુંવાળું બનેલું મન સદ્‌ગુણો અને ધર્મ સાચવવામાં કાયર-કંગાળ બની જાય છે.**

બોલો, સવારે ઊઠીને સામાયિક-પ્રતિક્રમણ કેમ નથી સૂઝતું ? કહો, મીઠા મીઠા ઊંઘ લેવામાં મન સુંવાળું બની ગયું છે. તેથી સામાયિક પ્રતિક્રમણની વાત આવતાં 'હાય ! આ કેમ બને ?' એમ મન કાયર-કંગાળ-રાકડું બની જાય છે. મન એમ તો પાછું વહેલી સવારે કોઈ દુન્યવી લાભનું સ્વાર્થનું કામ હોય તો મન તૈયાર છે. કારણ ? વિષયોમાં સુંવાળું એટલે લાલચુડું, એમાં લપસતાં લલચાતાં વાર નહિ; ને ધર્મ કરાવવાની વાત આવે ત્યાં લાલચ જ નથી એટલે કાયર, વિષયની લાલચ મળતી હોય, કોઈ સારું માનપાન વાહવાહ મળતી હોય, તો એમાં પાછો

જીવ દોડવા તૈયાર.

**વિષય-ભુખારવું મન લાખ રૂપિયાનો ધર્મ કરીને રાંક જેવા તુચ્છ વિષયો માલ-માન-સન્માન વગેરેને ઈચ્છે છે.**

મહાવીર પ્રભુના જીવ વિશ્વભૂતિ મુનિએ કેવુંક કઠોર સંયમ અને કેવી જંગી ઘોર તપસ્તાયાઓ કરેલી ! લાખ શું, અબજોની કિંમતે ન આંકી શકાય એવો ધર્મ કર્યો ! છતાં અંતે શું ઈચ્છ્યું ? આ તપ-સંયમનો પ્રભાવ હોય, તો હું મહાબળવાન થાઉં, એવો કે મારી સામે મજાલ નહિ કોઈની કે માથું ઊંચું કરી શકે.' શું કર્યું આ ? રાખ જેવા તુચ્છ દુન્યવી બળને ઈચ્છ્યું.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૪,અંક-૧૯,તા.૨૪-૧-૧૯૭૬**

**સુંવાળું મન સંયમ-વૈરાગ્ય ક્ષમાદિ ન સાચવી શકે :-**

શારીરિક બળ એ પણ એક પ્રકારનો વિષય છે. પિતરાઈ ભાઈ વિશાખાનંદિનો ટોણો સાંભળવા મન સશક્ત ન રહ્યું સુંવાળ-આળું બની ગયું. ટોણો મનને અસહ્ય થઈ પડ્યો. બસ, મન શ્રોત્રેન્દ્રિયના વિષય પર એવું સુંવાળું કર્યું કે એ બિચારું એટલું સહી ન શકે, એમ 'મને આ ટોણો મારે છે ? મારી આ મશ્કરી કરે છે ?' એમ અભિમાનકષાયથી મન એવું સુંવાળું કર્યું કે એ અત્યાર સુધી સાચવેલા ક્ષમા નમ્રતા-લઘુતાદિને હવે દ્રઢપણે પકડી રાખી શકે નહિ, એટલે ખલાસ, સુંવાળું મન હવે નિર્મળ સંયમભાવ અને વૈરાગ્યને ટકાવી શકે નહિ. તે નિયાણું કર્યું કે 'વર્ષોના સંયમ અને તપનું ફળ હોય તો મને અજોડ બળ મળો, બધા જ અદ્‌ભુત તપ-સંયમરૂપી આત્મબળને વેચી નાખી તુચ્છ શારીરિક બળની ખરીદી કરી મરીને દેવ થઈ પછી મનુષ્ય અવતારે ત્રિપૃષ્ઠ વાસુદેવ થયા. બળ મળ્યું અજોડ. પણ ફળ શું ? એકલી ભોગસુખોની લંપટતા, વિષયાસક્તિ અને કષાયાવેશ, તથા ભવના અંતે સાતમી નરકમાં પ્રયાણ !

**સુંવાળું મન ભયંકર ભૂંડુ :-**

વિશ્વભૂતિના દ્દષ્ટાન્તથી સમજવા મળે છે, કે મન એક ઠેકાણે સુંવાળું કર્યું તો એ બીજે કેવો લપસાવી દે, અને દુનિયામાં નામ કઢાવી દે એવા બળ અને ભરપૂર ભોગસુખો સાથે સત્તા-ઐશ્વર્યમાં મદાંધ બનાવી કેવા કારમા સાતમી નરકમાં દુઃખ દેખાડે ?

અરણિક મુનિને પેલી સ્ત્રી જે લલચાવી રહી છે કે 'આ તમારી વિકસ્વર યુવાનીમાં તો મજેના ભોગસુખો ભોગવી લેવાના હોય...' અને જાણે દેખાડી રહી



છે કે અહીં આ બધું તૈયાર છે કે એમાં હવે મુનિના ભાવી નરકનાં દુઃખ વિચારવા તૈયારી રહી નહિ. એ શ્રદ્ધાબળથી સમજાતા નરકના દુઃખો તરફ શાનું જાુએ ? સ્ત્રીના હાવભાવ ન જોવા સશક્ત ક્યાંથી હોય ? સુંવાળું મન ભૂંડું.

વિષયાંધ બનેલી પેલી બાઈ જોઈ રહી છે કે પોતાના હાવભાવ અને બોલતરફ સામે ઊભેલા અરણિક મુનિ ખેંચાઈ રહ્યા છે. એટલે સાચવીને હસતી હસતી કહે છે,-'મહારાજ ! મૂકી દો આ જોગના ભેખ, અને અહીં મારી સાથે ભોગસુખોમાં મહાલો. આ બંગલો આપનો, સમૃદ્ધિ આપની, અને હું ય આપની' એમ કહીને હસતી હસતી મુનિનો કપડો ખેંચે છે.

અરણિક મુનિ પિતામુનિના લાડકોડમાં સુંવાળા મનવાળા બનેલા છે, એ હવે સુંવાળું મન અહીં અનુકુળ ઉપસર્ગમાં શે ટકે ?

**ઉપસર્ગમાં ટકવા માટે મન લોખંડી જોઈએ. ખડતલ અને પત્થરનું જોઈએ.**

**સુંવાળું બનેલું મન પછી મહા ભૂંડુ :-**

અરણિક મુનિનું સુંવાળું મન અહીં આયતા મન ગમતા ભોગસુખ સામે આવતા જોઈ લલચાઈ ગયું. સ્ત્રીના અટકચાળાનો વિરોધ કર્યો નહિ અને પડ્યા. સાધુવેશ-રજોહરણ બાજુએ મૂકી ગૃહસ્થ વેશ પહેરી ત્યાં જ રહી ગયા.

સવાલ આ હતો કે 'અહીં આયુષ્ય લાંબું હોય તો પુણ્યે મળેલા વિષયોનો થોડો સ્વાદ કરી લઈએ એમાં શું બગડી જાય ?'

જવાબ અરણિક મુનિના પ્રસંગથી આ મળી જાય છે કે વિષયોના ભોગસુખોનો સ્વાદ લેવા જતાં મન સુંવાળું બનતું જાય છે, ને એ સુંવાળું મન પછી અનેક સ્થાનોમાં ભયંકર ભૂંડું નીવડે છે. મોટા સંયમી સાધુને ય પાડે તો સંસારીની તો કેટલી ય ખાના ખરાબી કરે ?

**હોંશે હોંશે વિષયોનો લેવાતો સ્વાદ અંતે આત્મામાં એના સંસ્કાર નાખ્યે જ જાય છે, વાસના-સંસ્કાર વૃદ્ધિ થતી જાય છે એ પછી તેનો ભાવ નહિ ભજવે ?**

પછી ભલે ને લાંબુ જીવવાના હો, ને તેથી ધર્મ વાયદે રાખ્યો હોય. પરંતુ આ વધી ગયેલ વાસના સંસ્કારો કેડો મૂકશે ? ભવિષ્યમાં જ્યારે ધર્મ લેવા જશો કે લઈ બેસશો ત્યારે આ વધી ગયેલ વાસના સંસ્કાર અને એમાં સુંવાળું કરી મૂકેલું મન શું એનો ભાવ નહિ ભજવે ?

માટે તો શાસ્ત્રે કહ્યું અભુક્તભોગી કરતાં ભુક્ત ભોગીને સંયમ પાળવું કઠિન છે. કેમકે એને પૂર્વસ્મરણો બહુ નડે. એણે વિષયોના સંસ્કાર વધાર્યા છે ને ? સવાર પડે ને ઈન્દ્રિયોને મનગમતા વિષયો તરફ દ્દષ્ટિ કેમ જાય છે ? કેમ ભોગસાધનાને બદલે યોગસાધનાનો પહેલો વિચાર નથી આવતો ? કહો,

**વિષયોના સંસ્કાર મારે છે. માટે ઈન્દ્રિય વિષયોના સંગ ઓછા કર્યા એટલું**

**સારું જીવન, ઉન્નતિની આ ચાવી.**

યોગદૃષ્ટિ શાસ્ત્ર કહે છે કે જીવન જયારે ઓઘદૃષ્ટિમાંથી ઊંચે આવે ત્યારે એને પહેલી યોગદૃષ્ટિ પ્રાપ્ત થાય છે ને ત્યાં હવે એનું મન 'યમ' યાને અહિંસા-સત્ય વગેરે તરફ જાય છે. મનને વિષયોની ઈચ્છા કરતાં વધારે ઈચ્છા અહિંસાદિ તરફ ઢળે છે.

'યોગની પહેલી દૃષ્ટિમાં અષ્ટાંગ યોગમાંનું પહેલું અંગ 'યમ' પ્રાપ્ત થાય, એમ કહ્યું; એનો અર્થ શો ? શું 'યમ' એટલે અહિંસા-સત્ય-અસ્તેય-બ્રહ્મચર્ય-અપરિગ્રહ એ પાંચ અહીં પ્રાપ્ત થઈ જાય ? જો થઈ જાય તો તો શું સર્વવિરતિધર સાધુ યા અંશે એ અહિંસાદિ ધરના દેશવિરતિધર શ્રાવકને જ આ પહેલી યોગદૃષ્ટિ હોય ? 'હા, એમ જ છે' એવું કહેવાય નહિ; કેમકે હજી તો યોગની પહેલી દૃષ્ટિ એટલે તો આત્મામાં બહુ જ ઓછો પ્રકાશ પ્રગટ થયો છે. એટલો જ કે જ્યાંથી હજી તો ધર્મની આછી પાતળી શરુઆત જ થાય છે, ત્યાં એવો ઊંચો અહિંસાદિના પાલન લાવવા શી રીતે ?

યોગદૃષ્ટિ એટલે ક્રમશઃ મોક્ષ સાથે યોજી આપનાર પ્રકાશ, દૃષ્ટિ, વલણ. અનંત અનત કાળથી જીવ ઓઘદૃષ્ટિમાં રહ્યો, કેવળ જડને જ જોનારો હતો, જડ કાયા-માયાને જ જોનારો, શરીરને જ પોતાની જાત સમજનારો; અથવા ક્યારેક દેવતાનાં અહીં આગમન વગેરે દેખી કાયમની અંદરના આત્માને માનનારો બન્યો તો ય ત્યાં મહત્ત્વ કાયાનાં ભોગસુખો અને કાયાને મળતા માન-સન્માનને જ આપ્યું, દૃષ્ટિ એના પર જ રાખી. તાત્પર્ય મનનું વલણ ભોગસુખો લેવા તરફ જ રહ્યું. આનું નામ ઓઘદૃષ્ટિ.

**અભવી કેમ ચારિત્ર લે ? : કેમ એને યોગ-દૃષ્ટિ નહિ ? :-**

શાસ્ત્ર કહે છે અભવ્ય જેવા જીવ પણ ચારિત્ર લે છે, સુખભર્યો સંસાર છોડી સંયમ લઈને અહિંસાદિ મહાવ્રતો પાળે છે. કેમ એ બને ? અભવી તો સામાન્ય નાસ્તિકથી ય ભૂંડો, એ વળી અહીં છતા મળેલા સુખવિલાસ શું કામ છોડે ? પરંતુ કહો કે અંતે ય કોઈ દેવતાનું આગમન, કોઈ જાતિસ્મરણનું પૂર્વ ભવનું યથાર્થ બ્યાન, વગેરે જોઈ, યા સ્વયં જાતિસ્મરણ જ્ઞાન કરી, આત્મા પર એટલી શ્રદ્ધા થાય છે કે 'અહીં જો આત્મા આ વ્રત-નિયમ-ચારિત્ર સાધે તો પરભવે એને મોટા દેવલોકના દિવ્યસુખો અસંખ્યકાળ માટે ભોગવવા મળે છે. એકલી શ્રદ્ધા જ નહિ, પણ પછી એ સંસારવાસ મૂકી ચારિત્ર લે છે, કઠોરપાલન કરે છે. ત્યાગ-તપસ્યા કરે છે. તે એટલી બધી ચોકસાઈથી કે એમાં લેશ પણ ખામી ન આવે, દોષ-અતિચાર ન લાગે એવું ઊંચું નિરતિચાર ચારિત્ર પાળે છે, એવું ઉત્કૃષ્ટ પાલન કે એના પ્રતાપે એ બાર દેવલોકથી ઉપર નવ ગ્રૈવેયકના



વિમાનમાં દેવ-અવતાર પામે છે.

બોલો, આવા અભવી મુનિને આત્મશ્રદ્ધા કેટલી બધી જોરદાર ! છતાં શું વળ્યું એમાં ? શો ભલીવાર ? કશો ય નહિ; એ યોગની પહેલી દૃષ્ટિમાં નહિ. એ અહિંસાદિ પાળે તો ય નહિ ? ના. એનું કારણ આ જ કે કાયાની અંદર પૂરાયેલી આત્માને માન્યો તો ખરો, પરંતુ માન્યા પછી શું ? મહત્ત્વ આત્માના હિતને આપ્યું ? કે કાયાના હિતને ? એને તો આત્માને માન્યા પછી પણ કાયાને દેવતાઈ સુખો મળે એ જ લગની છે. માટે જ કહેવાય કે,-

**આત્માને માનવા છતાં આત્મહિતને બદલે માત્ર કાયાનાં હિતને જ મહત્ત્વ આપે છે એ નાસ્તિક જ છે.**

**આસ્તિક એટલે શું ?**

**માત્ર આત્માનું અસ્તિત્વ માને એ આસ્તિક નહિ પણ આત્માનાં હિતનું અસ્તિત્વને મહત્વ આપે કાયહિતને નહિ, એ આસ્તિક.**

એટલે જ આત્માને માનવા છતાં મહત્ત્વ કાયાનાં હિત યાને ભૌતિક સુખો વિષયસુખો ધન-માલ-પરિવાર વગેરેને જ મહત્ત્વ આપવું છે તો એ નાસ્તિક જ છે.

નાસ્તિક સંસારમાં રખડતો રહે, આસ્તિક ભવના ફેરા કાપી સંસારભ્રમણને મિટાવનારો બને.

ભવમાં કોણ ભટકાવે છે ? કાયાને ફાવતા વિષય સુખો જ ભટકાવે છે. કેમકે એ જ મોક્ષ ભૂલાવે છે. હિંસાદિ દુષ્કૃત્ય આચરાવે છે, ને એ જ ક્રોધાદિ કષાયો સેવરાવે છે. મોક્ષ ભુલાયો એટલે મોક્ષની ઈચ્છા શાની થાય ? મોક્ષની ઈચ્છા વિના મોક્ષ નહિ. અભવી જેવો પણ મોટા ચારિત્ર પાળે, પણ એનો મોક્ષ નહિ. કેમકે **મોક્ષની ઈચ્છા વિના મોક્ષ નહિ.** અભવી જેવો પણ મોટા ચારિત્ર પાળે, પણ એનો મોક્ષ નહિ, કેમકે મોક્ષની ઈચ્છા જ નથી.

**મોક્ષ જ શું, કોઈ પણ ક્ષમા-અહિંસા-સત્ય વગેરે સારી વસ્તુ પામવાની લાયકાત આ છે કે પહેલું તો એનું આકર્ષણ અને પછી એ પામવાની તીવ્ર ઈચ્છા-તમન્ના-લગની જોઈએ.**

ઈચ્છા વિનાની આરાધનામાં ભલીવાર નહિ. જંબુકુમારના પૂર્વ ભવમાં પોતે ભવદેવ, તે મોટા ભાઈ ભવદત્ત મુનિનાં દાક્ષિણ્યથી ચારિત્ર માર્ગે ચડ્યા તો ખરા; પરંતુ અંતરમાં ચારિત્રની ઈચ્છા નહોતી, તેથી બાર વરસ ચારિત્રમાં રહ્યા છતાં અંતરમાં ચારિત્રનો ગુણ ન પામ્યા. પરિણામ એ આવ્યું કે ભાઈ મુનિ કાલ કરી જતાં પૂર્વે પરણી મૂકેલી નાગિલા સાથે સંસાર ભોગવવા પોતાના ગામ એકલા પાછા આવ્યા. એ તો પુણ્યશાળી કે નાગિલા એક સ્ત્રીરત્ન મળ્યું હતું, તે એની કૂનેહપૂર્વકની શિખામણ પર સાચી ચારિત્રની ઈચ્છાવાળા બન્યા, તો હવે ચારિત્રગુણ

લાવે એવી આરાધનામાં પાછા ચડી ગયા.

**નાગિલાની પ્રેરક વાણી, ઓકેલું ચટાય ? :-**

નાગિલાએ શું કહ્યું ? આ તમે શું કરી રહ્યા છો ? બ્રાહ્મણીનો છોકરો કહે છે કે 'મા ! એક ઠેકાણે ખાઈ આવેલી ખીરને થાળીમાં ઓકી રાખું, ને બીજે ઠેકાણે નામનું ખાઈ દક્ષિણા લઈ આવી, પછી ઓકી કાઢેલી ખીર પી જાઉં તો કેમ ?' તમે એને કહો છો ઓકેલું ન ચટાય, તો તમે ચારિત્ર લઈ મને ઓકી કાઢી, તે હવે મને ચાટવા તૈયાર થયા છો ? ઓકેલું ચાટનારી જાતે એક કૂતરાની. તમારે કૂતરાની હરોળમાં ઊભાં રહેવું છે ?

'હે મહાનુભાવ ! મળ-મૂત્રાદિ, ગંદકીના ગાડવા સમી મારી કાયામાં લુબ્ધ બની જે મહાન ચારિત્ર મૂકી દેવું છે, એ ચારિત્રનું મહામૂલ્ય સમજો છો ?

**ચારિત્રનું મહામૂલ્ય :-**

'એ ચારિત્ર તો, આપણા કરતાં કેઈગુણા ભોગ સુખોને તીર્થંકર ભગવાન જેવાએ અને મોટા રાજા મહારાજા-ચક્રવર્તી જેવાએ એને પણ ફગાવી દઈ અપનાવ્યું છે. ખીરના કૂડા તુલ્ય એ ચારિત્રને મૂકી દઈ તમારે ભૂંડની જેમ વિષ્ટાના પોદરા તુલ્ય ભોગસુખોમાં મોં ઘાલવું છે ?

'હે ભાગ્યવાન ! ચારિત્રમાં તો અનંત જીવોને અભયદાન આપવાનો મહાન લાભ મળે છે. જે અગ્નિ પાણી વનસ્પતિ વગેરેના અસંખ્ય અનંત જીવોનો કચ્ચરઘાણ કાઢનારા ઘરવાસને અપનાવવો છે ? આથી રુડો બીજો કયો અવતાર મળવાનો છે કે જેમાં તમે અનંતજીવોને અભયદાન દેવાનું જીવન જીવી શકવાના હતા ?

**ઘરવાસમાં ૧૮ પાપસ્થાનકની લોથ :-**

'અરે પુણ્યશાળી ! જે ઘરવાસમાં અઢારે ય પાપ સ્થાનકનાં સેવન ભર્યા છે, ડગલે ને પગલે જ્યાં પાપ સ્થાનકની લોથ મંડાય છે, એવા ઘરવાસમાંથી ભાઈની દયાએ છુટેલા ને નિષ્પાપ ચારિત્ર જીવનમાં ચડી ગયેલા, તે હવે પાછા આ પાપભર્યા ઘરવાસમાં ગોંધાવું છે ? અઢારે ય પાપસ્થાનક વિનાના આ ચારિત્ર જીવનનાં મહામૂલ્ય તો સમજો કેટલું ઉમદા આરિત્રજીવન ? દુનિયામાં શોધ્યું ન જડે. વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર ભગવાનના ધર્મ સિવાય દુનિયાનો કોઈ ધર્મ પાપ ત્યાગની પ્રતિજ્ઞા પૂર્વકના, આવા અઢાર પાપસ્થાનકથી રહિત, ચારિત્રજીવનને બતાવતો નથી. એટલે પછી એમાં ક્યાં શોધતા ફરો ને ચારિત્ર મળે ?





**ચારિત્ર જીવનમાં બાહ્ય આભ્યન્તર ઉમદા સગાં :-**

'હે નરોત્તમ ! ચારિત્રજીવનમાં તો બહારથી દેવાધિદેવ, સદ્‌ગુરુ અને સાધુ મહારાજો સગાં મળ્યાં છે. તે બધા ય નિઃસ્વાર્થી, કોઈને ય દુન્યવી સ્વાર્થ જ નહિ. વળી ચારિત્રજીવનમાં અંતરથી બ્રહ્મચર્ય-સંયમ ક્ષમા-નિરહંકાર-નિર્લોભતા સમ્યગ્દર્શન વગેરે જે સગાં મળ્યાં છે એ તારણહાર છે, એ છોડી હવે ઘરવાસમાં આવી સ્વારથીયા મતલબિયાને સગાં કરવાં છે ? અંતરથી કામ-ક્રોધ-લોભ-મિથ્યાત્વ વગેરે મારણહારને સગાં કરવાં છે ?

**જે તમને ભવોભવ ભટકાવે, તમારું નિકંદન કાઢી નાખે એવા બાહ્ય-આભ્યન્તર સગાથી માંડ છૂટેલા હવે પાછા એમાં ફસાવું છે ?**

**ચારિત્રજીવનમાં કેવા સુંદર વ્યવસાય ?:-**

હે સુબુદ્ધિ ! એટલે તો વિવેક કરો કે ચારિત્ર જીવનમાં કેટલો ઉત્તમ વ્યવસાય ! જ્યારે ઘરવાસમાં કેવો મૂઢ મૂર્ખતાભર્યો કનિષ્ટ વ્યવસાય ? ચારિત્રજીવનની ચર્યાઓ કેટલી ઉમદા ! જીવનભરમાં સંયમ-બ્રહ્મચર્યનાં પાંચ મહાવ્રતોનાં અખંડ પાલન, રોજ ને રોજ સવાર સાંજ આત્માને પ્રમાદથી લાગેલ નાના મોટા બાહ્ય આભ્યન્તર દોષ દુષ્કૃત્યોનાં પ્રતિક્રમણ, ઉભયકાળ જીવરક્ષાર્થે વસ્ત્રપાત્ર પ્રતિલેખના, પાંચસમિતિ-ત્રણ-ગુપ્તિનું પાલન, આડકતરી રીતે પણ જીવહિંસામાં ભાગી ન થવાય અને આત્મામાં રાગદિ દોષ ન પોષાય એ રીતની ભીક્ષાની ગવેષણા-આસેવના દિવસરાતના ૮ પહોર પાપવિકલ્પોથી બચાવનાર શાસ્ત્ર સ્વાધ્યાય ધ્યાન... એકેકો કેટલા ઉચ્ચ પવિત્ર ઉદ્દેશવાળો સુંદર વ્યવસાય ! ત્યારે ઘરવાસનાં જીવનમાં પહેલું તો અસંખ્યજીવોના સંહાર રોજીંદા કેટલાય આરંભ સમારંભો ચૂલો-ઓલો-પાણિયારું રસોઈ-પાણી વસ્ત્રાદિ ધોવાં ધંધો-ધાપો...બધે જ સૂક્ષ્મ બાદર જીવોની તો અવશ્ય હિંસા; વળી ઘર ચલાવવા પરિગ્રહ મેળવવાની લોથ સાચવવાની લોથ, મોહમય કુટુંબનાં મોહની ઘેલછાભર્યા પાલન પોષણ, અનેક જાતના જડ દષ્ટિના વ્યાવહારિક સંબંધો, કેવળ પૌદ્‌ગલિક દષ્ટિનાં બોલ બાલા-આચરણ, કેટલા કુડ કપટ મદ મોહ લોભ તૃષ્ણા મમતાનાં તાંડવ...ટૂંકમાં અઢાર પાપસ્થાનકનાં ભરચક સેવન...આ છે ઘરવાસનું જીવન.

**સાધુજીવન અને ગૃહસ્થજીવનના વ્યવસાયો વચ્ચે કેવો મોટો આકાશ પાતાળના અંતર !**

હે અનંત જીવોના ભેરુ ભાગ્યવાન ! આ તમે ભૂલા પડી ગયા ? સર્વથા નિષ્પાપ અને ઊંચા પવિત્ર વ્યવસાયવાળા સાધુ જીવનમાંથી પાપકીચડમાં ખદબદતા ને કથિરની કિંમતના ગૃહસ્થજીવનમાં પડવાનો તમારો કેવો ગોઝારો મનસુબો !

આ જગતમાં જે પામવું અતિ મુશ્કેલ એવું અનંત જીવોને અભયદાન દેનારું

અને અઢારે પાપસ્થાનકોથી નહિ ખરડાએલું તથા એકલા પવિત્ર વ્યવસાયોવાળું આ સંયમ જીવન પામ્યા છો; એટલે તો ત્રિભુવનના ત્યાં કરતાં ય કેઈગુણું ઉચ્ચ સુખસાધન પામ્યા છો અને હવે ફગાવી દઈ સ્ત્રીશરીરની ગટરમાં ભૂંડની જેમ મહાલવું છે ?

હે કુળવતી માડીના જાયા ! તમે મને ઓળખી નહી ? હું પોતે જ નાગીલા છું મેં તો તમે ભાઈમુનિ ચાલી ગયા પછી અહોભાગ્ય માન્યું કે વાહ ! કેવા સોભાગી પતિ મળ્યા કે મને બ્રહ્મચર્યનું દાન કર્યું ! મને ય પાપમાં ન પડવા દીધી. અને હું ય એમને પાપમાં પાડત તેમાંથી ય બચાવી લીધી ! ત્યારે હવે મારે ય શા સારુ આત્મહિતની સાધના ન કરી લેવી ?' આમ વિચારી મેં પણ બાર વરસ તપસ્યા કરી આ કાયા ગાળી નાખી. એ જ હું નાગિલા.

**કેવી ઉચ્ચ દૃષ્ટિ ! સાધુ થનાર પતિએ પત્નીને પાપમાં પડતી અને પાડતી એમ બે રીતે બચાવી.**

ભવદેવ મુનિ પત્નિ નાગિલાની વૈરાગ્યવાણી સાંભળી સ્તબ્ધ થઈ ગયા ! મનને થયું કે 'અહો ! હું સાધુ અને આ ઘરવાસમાં રહેલી છતાં કેટલો મોટો ફરક ? આ અફાટ સંસારસાગરમાં મળવું અત્યંત દુર્લભ ચારિત્ર, એ ભાઈના ઉપકારથી મને મળી ગયું છતાં મેં સંસારના દુષ્ટ વિચારો રાખી, ખાધ્યે પીધ્યે દિવાળી કરી ? ને આ સંસારમાં બેઠેલા બાઈએ બાર વરસ તપસ્યા કરીને કાયા ઓગાળી નાખી કેટલો એને વિવેક ? ઉત્તમ કોટીના આ મનુષ્ય જનમમાં શું કમાઈ લેવા જેવું એના વિવેકપૂર્ણ વિચાર એણે કર્યો. ને હું નઘરોળ નપાવટ, તે સાધુજીવન છતાં પશુના જેવા વિચારોમાં રમતો રહ્યો ! એ તો હું ભાગ્યશાળી કે આવી સુબુદ્ધ બાઈ મળી ! નહિતર દુષ્ટ વિચારોને બાઈ અનુકૂળ થઈ હોત તો કેટલું મારું ઘોર અધઃપતન થાત ?..'

આ વિચાર કરતાં કરતાં મુનિની આંખમાં પાણી આવી ગયા. રોતાં રોતાં મુનિ નાગિલાને કહે છે, મેં મોટી ભૂલ કરી છે. તું પત્ની નહિ, પણ મારી ગુરુ છો આજ તેં મને ઊંડા ભવના કૂવામાં પડતો અટકાવ્યો છે. તારી ક્ષમા માગુ છું. તારો અનહદ ઉપકાર માનું છું; ને હવે ગુરુ પાસે જઈ આલોચના પ્રાયશ્ચિત્ત કરી પાપોને તોડવા ત્યાગ-તપસ્યાદિનો ભેખ લઈશ.

નાગિલા પતિમુનિના હૃદયનું પરિવર્તન જોઈ રાજી રાજી થઈ ગઈ.

**પત્ની સાચી ધર્મ પત્ની ક્યારે કહેવાય ? પાપમાંથી ધર્મમાં લાવે તો ? કે ધર્મને બદલે પાપમાં જોડે તો ?**

**પતિને પાપમાં જોડે એ પાપપત્ની કહેવાય કે ધર્મપત્ની ?**

ધર્મપત્ની બનવું હોય એ પતિને સંયમ તરફ લઈ જાય ? કે અસંયમ-વિષય તરફ ? પતિની કમાઈને રંગરાગમાં હોમાવે ? કે સુકૃતમાં ખરચાવે ? પતિને હરવા



ફરવા અને પિક્ચરમાં લઈ જાય કે મંદિર ઉપાશ્રય ? પતિને સંસારી પાપકથલાનો વ્યવહારિયો બનાવે ? કે સામાયિક-પ્રતિક્રમણ જિનપૂજા-તપ-જપ વગેરેમાં જોડી ધર્માત્મા બનાવે ?

આપણા સંબંધમાં આવેલા માટે આપણે વિચારતા નથી કે આપણે એમના ધર્મસગા બની રહ્યા છીએ ? કે પાપસગાં ? કલ્યાણપિતા-કલ્યાણમાતા-કલ્યાણબંધુનું કામ કરી રહ્યા છીએ ? કે કલ્યાણશત્રુનું કામ કરીએ છીએ ?

**પાપસગા નહિ પણ ધર્મસગા બનવું હોય તો આપણી દરેક બોલ અને દરેક ચાલ વખતે લક્ષ રહે કે એની સગા ઉપર કેવી અસર પડશે.**

દા.ત. અહીં જ નાગિલાએ જો આ લક્ષ ન રાખ્યું હોત તો એટલું જ જોવત કે પરણીને તરત છોડી ગયેલ પતિ બિચારા બારે વરસે હવે ઘરે આવે છે. એમને ય બિચારાને ભોગસુખ ક્યાં મળ્યું છે ? એટલે સુખની ઇચ્છા તો થાય ને ? એટલા માટે તો મને પરણેલા. તો મારે એમને સુખ દેવું જોઈએ; અને હું ય પરણીને જ લહાવા લેવા આવી હતી તે હવે પૂરા થશે.'

નાગિલાને પાપસગી નહિ કિન્તુ ધર્મસગી થવાનું લક્ષ ન હોત તો ઘેર આવતા પતિમુનિને ફરી સંયમમાં મુનિપણામાં સ્થિર થવા ઉપદેશ આપત ? કે મુનિપણામાંથી ભ્રષ્ટ થતા પતિને વધાવી લેત ? ઉમર કાંઈ બહુ નહોતી થઈ ગઈ. ૧૭-૧૮મે વરસે લગ્ન થયા હોય તો એના પર ૧૨ વરસ જતાં અત્યારે ૨૮-૩૦ વર્ષની વય થઈ હોય. યુવાની વિકસ્વર થયેલી હોય. તો એ ઉંમરની નાગિલાએ કેમ પતિને વધાવી ન લીધા ? કારણ આ કે એણે જોયું કે 'જો હું એમને વધાવી લઉં તો એમને પડવું તો છે જ, એમાં હું ટેકો આપીને સંયમભ્રષ્ટ થવામાં મહાવ્રત ભાંગનારા થવામાં સગવડ કરી આપનારી બનું એટલે પછી ધર્મપત્ની કલ્યાણમિત્ર નહિ,પણ પાપપત્નિ યાને કલ્યાણશત્રુ બનું, એ આમ કરીને એ ઘોર પાપ કરી નરક જાય. એમાં સધિયારી થાઉં ? અત્યારે મારા બોલ બહુ મહત્ત્વના છે, કેમકે એની પતિમુની પર અસર પડવાની છે.

નાગિલાને આ વિચાર હતો એટલે એને ભોગ-સુખના રાગના પરિણામ તરફ જોતાં ત્રાસ છૂટે છે,-'હાય ! પતિ નરકમાં જાય તો ત્યાં કેવા નરકના ઘોર દુઃખ પામે ?' એ એ વિચાર પર ત્રાસી ઊઠે છે. એ સ્વયં ભૂલા પડ્યા પણ હવે હું મારી વિષયલાલચમાં એમને સંધિયારો આપું તો અત્યંત વિષયાંધ બનેલા એમની આત્મપરિણતિ કેટલી બધી ચિકણા કામરાગના સંક્લેશવાળી બને !' એથી નરકાદિ દુર્ગતિઓમાં ભવોના ભવો જાલિમ દુઃખોથી રિબાયે રિબાયે પણ એ રાગસંક્લેશ એમને છોડે નહિ, તો આવું કરાવનારી પાપપત્ની હું થાઉં ? ના, એમને કુનેહથી સન્મતિ સુઝાડી દઉં.'

અને એણે તરકીબ કરી એમાં એ પાસ થઈ ગઈ. એનો અતિશય રાગસંક્લેશનો પરિણામનો વિચાર બહુ મહત્ત્વનો છે.